# અવંતિનું આધિપત્ય

યાને

## મહાવીર નિર્વાણ પછી છસો પાંચ વર્ષ

★★

-: લેખક :-

ઉ. શ્રી સિદ્ધિમુનિજી

★

: પ્રકાશક :-

પંડિત મફતલાલ ઝવેરચંદ

ખેતરપાળની પોળ અમદાવાદ.

★

મૂલ્ય ૬-૦-૦

# અવંતિનું આધિપત્ય

યાને

## મહાવીર નિર્વાણ પછી છસો પાંચ વર્ષ

—: લેખક :—

ઉ. શ્રી સિદ્ધિમુનિજી

—: પ્રકાશક :—

પંડિત મફતલાલ ઝવેરચંદ

ખેતરપાળની પોળ અમદાવાદ.

વિ. સં. ૨૦૧૦ વીર સંવત ૨૪૮૦ સને ૧૯૫૩

મૂલ્ય ૬-૦-૦

# પ્રાપ્તિસ્થાન

પં. મફતલાલ ઝવેરચંદ
ખેતરપાળની પોળ, અમદાવાદ

❋❋

ગુર્જર ગ્રન્થરત્ન કાર્યાલય
રીચીરોડ, અમદાવાદ

❋❋

સરસ્વતી પુસ્તક ભંડાર
રતનપોળ હાથીખાના, અમદાવાદ

❋❋

મેઘરાજ જૈન પુસ્તક ભંડાર
પાયધુની ગોડીજીની ચાલ, મુંબઇ નં. ૩

❋❋

સોમચંદ ડી. શાહ
પાલીતાણા ( કાઠીયાવાડ )

❋❋❋❋❋❋❋❋

—: મુદ્રક :—
પંડિત મફતલાલ ઝવેરચંદ ગાંધી
નયન પ્રિન્ટીંગ પ્રેસ
ઠે. રીચીરોડના પુલ પાસે
અમદાવાદ

# ગ્રન્થકર્તાનું નિવેદન

**ૐ નમઃ**

**ઐતિહાસિક** સંશોધન બહુધા અધુરાં અને સંદિગ્ધ સાધનો પરથી થતું હોઇ તેથી લેવાતા નિર્ણય પ્રાયઃ પ્રામાણિક હોતા નથી એમ કેટલાકોનું માનવું છે; જ્યારે કેટલાકો માને છે કે, મળી આવતા શિલાલેખો સિક્કાઓ અને ગ્રન્થગત ઉલ્લેખોના આધારે ઐતિહાસિક સંશોધન થઈ જે નિર્ણય લેવાય તે પ્રામાણિક જ હોય છે. પરસ્પર વિરુદ્ધ જતી ઉપરોક્ત બન્ને માન્યતાઓ એ ખાલી માન્યતાઓ જ છે. ખરી વાત એ છે કે, મધ્યસ્થ સંશોધકના હાથે શુદ્ધ સંશોધન થઇ ઐતિહાસિક નિર્ણય લેવાયો હોય તો તે પ્રામાણિક હોય છે; અન્યથા ઇતિહાસના નામે અસત્ય, ભ્રાન્તિ યા સંશય ફેલાવવાનું જ કાર્ય સિદ્ધ થાય છે કે જે ધાર્મિક, નૈતિક, સામાજિક અને રાજકીય વિષયમાં ભારે અનર્થ નીપજાવે છે.

કોઇ એક વિદ્વાન ઇતિહાસનું આલેખન કરવા બેઠો એટલે તે ઇતિહાસલેખક મધ્યસ્થ જ હોય એવો કાંઇ નિયમ નથી. તેનામાં મધ્યસ્થતા ન હોવાનાં અથવા તેની મધ્યસ્થતા નાશ થવાનાં અનેક કારણો છે. ઇતિહાસનો લેખક મિથ્યા પૂર્વગ્રહના કદાગ્રહને લીધે અથવા તેનામાં ગમે તે કારણે જાગેલાં ઇર્ષ્યા દ્વેષાદિને લઈ મધ્યસ્થ ન પણ હોય. આર્થિક લાભ કે યશઃ કીર્તિના લોભે પણ તે ઘણીવાર મધ્યસ્થતા ગુમાવી બેસે છે. એવું પણ બને કે, ધાર્મિક, નૈતિક, વિગેરે ક્ષેત્રમાં પતિત થઇ બહિષ્કૃત થયેલો તે પોતાની મિથ્યા સરસાઇ દર્શાવવા જતાં પણ મધ્યસ્થ રહી શકતો નથી. તેમજ રાષ્ટ્રીય હેતુ સાધવાને પણ તેને મધ્યસ્થતા કોરાણે મુકવાની મનોવૃત્તિ જન્મે છે. આવાં આવાં અનેક કારણોને લઇ મધ્યસ્થતા ન રહી શકતાં ઇતિહાસનો લેખક પ્રામાણિકતા પૂર્વક શુદ્ધ સંશોધન ન કરી શકે અને તેથી તેના સંશોધનથી લેવાતા નિર્ણયમાં પ્રામાણિકતા ન આવે એ સ્વાભાવિક છે.

આમ છતાં '**बहुरत्ना वसुंधरा**' એ કથન પ્રમાણે જગતમાં મધ્યસ્થ પ્રામાણિક લેખકો જરૂર મળી આવે છે કે જેઓ આધ્યાત્મિક સંસ્કારવશાત્ માન–મદ રહિત, નિસ્પૃહ અને સત્યાગ્રહી હોય છે. આવા મધ્યસ્થ ઇતિહાસ લેખકોના હાથમાં જો વ્યવસ્થિત અને શુદ્ધ સાધનો આવે અને તેમને તેની યોગ્ય પરંપરા મળી રહે તો તેઓ જરૂર સાચો ઐતિહાસિક નિર્ણય આપી શકે; પરંતુ તેમાં જો કાંઇ ન્યૂનતા કે ખામી હોય તો તેમને તેવો નિર્ણય આપવામાં કવચિત્ સ્ખલના થવાનો પણ સંભવ છે. સંભવિત આ સ્ખલનાના પ્રસંગે એ ઇતિહાસ લેખકો સહજ મધ્યસ્થ હોવાથી કદિપણ કદાગ્રહવશ થતા નથી. કેમકે, તેમને ઐતિહાસિક સત્ય જણાવવા સિવાય અન્ય કોઇપણ ઉપર નિર્દિષ્ટ મલીન હેતુ સાધવાનો ઇરાદો હોતો નથી. આવા મધ્યસ્થ મહાનુભાવોનાં ઐતિહાસિક આલેખન કે સૂચન સદા ય અનુસરણીય હોય એ સ્વાભાવિક છે; છતાં તેમના આલેખનમાં નોંધાયલી હકીકત જ્યારે કવચિત પરસ્પર વિરુદ્ધ જતી હોય અને તેનો સમન્વય કરવાની મુશ્કેલી નડતી હોય ત્યારે તેને વિકલ્પ તરીકે નોંધવાની અને બલવત્તર જણાતા પક્ષને સંભવિત રૂપે સમર્થન કરવાની આપત્તિ આવી પડે છે, કે જેનું દૃષ્ટાન્ત મારો આ અવન્તિનું આધિપત્ય નામનો પુસ્તક રૂપે જાહેર મુકાતો નિબંધ–લેખ છે.

આટલી પ્રાથમિક સૂચના કર્યા બાદ, હવે આ 'અવન્તિનું આધિપત્ય' લખવાનો પ્રસંગ કેવી રીતે –કયા કારણથી ઉપસ્થિત થયો તથા આ આલેખનમાં અન્ય ઇતિહાસનાં આલેખન કરતાં શી વિશેષતા છે તે વિષે કંઈક સૂચન કરીશ.

અહિં મારે સ્પષ્ટ કરવું જોઈએ કે; હું કાંઇ ઇતિહાસવેત્તા, ઇતિહાસવિશારદ કે તેવી કોઇ પદવી ધરાવનારો ઇતિહાસનો અઠંગ અભ્યાસી નથી. ફક્ત, હું મારી જીંદગીનાં ઘણાં વર્ષોથી મને સ્વાભાવિક હાથ લાગતાં પુસ્તકો અથવા નિબંધ કે લેખોને, ભવિષ્યમાં ઇતિહાસ વિષે કંઇક લખવું પડશે એવી કલ્પનાના અભાવે કોઇ જાતની નોંધ લખી રાખ્યા સિવાય, વાંચનારો એક ઉપલક અભ્યાસી હતો; પરંતુ જ્યારે મને સમજાયું કે, અર્વાચીન ઇતિહાસ લેખકો શ્રીમહાવીર નિર્વાણ પછીના સમયની પ્રાચીન ઘટનાઓનું જે આલેખન કરી ગયા છે અથવા કરી રહ્યા છે તેની સંખ્યાબંધ હકીકતોમાં અસંગત જેવું છે અને તે કાલગણના સંબંધી પ્રાચીન મતભેદના પરિણામ રૂપ છે, ત્યારે મારે એકવાર ફરીથી કેટલુંક ઐતિહાસિક સાહિત્ય જોઇ જવાનો અને તેની નોંધ લેવાનો પ્રસંગ ઉપસ્થિત થયો. ઘણી જ થોડી પણ જરૂરીયાતની એ નોંધ પરથી વિચાર કરતાં મને લાગ્યું કે; વિક્રમ સંવતની શરૂઆત ઘણી જ મોટી બહુમતિથી મ. નિ ૪૭૦ વર્ષે માનવામાં આવે છે તેના પરિણામ રૂપે જ તે સમયના–મહાવીર નિર્વાણથી છસો વર્ષ અને તે પછીનાં પણ કેટલાંક સૈકાંના ઐતિહાસિક આલેખનમાં અસંગતિ જન્મી છે, અને તેને નિવારવાનો ઉપાય વિક્રમસંવતની શરૂઆત મ. નિ. ૪૧૦ થી માનવી એ સિવાય અન્ય કોઇ નથી. જર્મન સંશોધક મી. હૉર્મન જેકોબી વિગેરેને પણ એમ જ સમજવામાં આવ્યું હતું. મી. જેકોબી વિગેરે પોતાની એ સમજના સમર્થનમાં આવશ્યક ચૂર્ણિકાર શ્રી જિનદાસગણિમહત્તર, શ્રી ભદ્રેશ્વરસૂરિજી અને શ્રી હેમચન્દ્રસૂરિજીના અમુક ઉલ્લેખોને ટેકા રૂપે ટાંકે છે; પરંતુ એ મહાપુરુષોના ગ્રન્થગત ઉલ્લેખો અસ્પષ્ટ અને વૈકલ્પિક હોવાથી મને 'મહાવીર નિર્વાણથી ૪૭૦ વર્ષે વિક્રમસંવતની શરૂઆત થઇ' એ અતિ વિસ્તૃત સંપ્રદાયના સંબંધમાં સંશય લાવવાનું ઉચિત ન લાગ્યું. આ પછી '**हिमवंत थेरावलि**' નામનો ગ્રન્થ મારા જોવામાં આવ્યો, કે જેમાં તેના કર્તા યુગપ્રધાન શ્રી હિમવદાચાર્યે ભગવાન મહાવીર પછીના સ્થવિરોની નોંધ લેતાં પ્રસંગોપાત કોણિક–અજાતશત્રુથી લઇ સંપ્રતિ સુધીના મગધ રાજાઓની, શોભનરાયથી લઈ વિદુહરાય સુધીના કલિંગ રાજાઓની અને સંપ્રતિથી લઇ વિક્રમ સુધી અવન્તિ રાજાઓની પણ સાલવારી સહ નોંધ લીધી છે. કેટલીક બાબતોમાં મહત્વભરી ખાસ વિશેષતા ધરાવતી એ નોંધમાં હિમવદાચાર્યે વિક્રમનો રાજ્યારંભ સ્પષ્ટ રીતે મ. નિ ૪૧૦ વર્ષે જણાવ્યો છે, ઉપરોક્ત એ 'હિમવંત થેરાવલી' ગ્રન્થ પર મનન કરતાં મને સમજાયું કે, 'શ્રીમહાવીર નિર્વાણ અને વિક્રમ રાજ્યારંભ વચ્ચે ૪૭૦ વર્ષનું અંતર છે,' એ ચાલુ સંપ્રદાયની માન્યતા કરતાં એ બન્નેની વચ્ચે ૪૧૦ વર્ષના અંતરને જણાવનારી શ્રીહિમવદાચાર્યે નિર્દેષ્ટ સંપ્રદાયની માન્યતા વધારે બલવત્તર અને વાસ્તવિક રીતે ઐતિહાસિક સંગતિને સાધનારી તથા સંશોધકોને ચોક્કસ નિર્ણય પર જવામાં મુશ્કેલી ઊભી કરનારી અનેક ગુંચવણોનો ઉકેલ કરનારી છે. મારી આવી સમજના સમર્થનમાં મેં આ 'અવન્તિનું આધિપત્ય' નામના ગ્રન્થનું સર્જન કર્યું છે.

શ્રીમહાવીર નિર્વાણ અને વિક્રમ રાજ્યારંભ કે વિક્રમસંવત એની વચ્ચે ૪૭૦ વર્ષનું અંતર સૂચવતા સાહિત્યગત ઉલ્લેખોને અનુસરી લખનારા સંશોધકોને સાહિત્યગત અન્ય ઉલ્લેખોથી સિદ્ધ થતી નવમો મહાપદ્મનન્દ અને કલ્પકવંશીય શકટાળ વિગેરેની, મૌર્ય ચંદ્રગુપ્ત અને શ્રી ભદ્રબાહુ સ્વામિની તથા સમ્રાટ્ સંપ્રતિ અને શ્રી આર્ય મહાગિરિની સમાન કાલીનતાનો અસ્વીકાર

## પરમપૂજ્ય ઉપાધ્યાય શ્રી સિદ્ધિમુનિજી



જન્મ: વિ. સં. ૧૯૪૨
મહા સુદિ ૨

દીક્ષા: વિ. સં. ૧૯૫૯
પોષ સુદિ ૬

શ્રી ક્રીસ્ના પ્રિન્ટરી, રતનપોળ, અમદાવાદ.

કરવો પડે છે. યાવત્ , તેમને મ. નિ. ૪૭૦ થી મ. નિ. ૫૩૦ સુધીમાં વિક્રમાદિત્યની સાહિત્યમાં નોંધાયલી વિશિષ્ટ પ્રવૃત્તિઓનો પત્તો ન લાગવાથી સંવત પ્રવર્તક એ રાજાના અસ્તિત્વનો રૂદ્દાં ઇન્કાર કરવો પડે છે. ઉપરાંત, તેમને વિક્રમાદિત્ય અને આન્ધ્ર રાજા શાલિવાહન (હાલ) વચ્ચેનું યુદ્ધ તથા વિક્રમાદિત્યના મૃત્યુ બાદ તેના પુત્ર વિક્રમચરિત્ર (નભઃસેન) સાથે શાલિવાહનની સંધિ વિગેરે સાહિત્યમાં ઉલ્લેખાયલી અનેક હકીકતો પણ બંધબેસ્તી ન કરી શકવાને લઇ કલ્પિત કે ભ્રાન્ત ભાસી છે. પરંતુ મેં મારા સર્જનમાં, મહાવીર નિર્વાણ અને વિક્રમ સંવત એ બેની વચ્ચે ૪૭૦ વર્ષનું અંતર સૂચવતા સાહિત્યગત ઉલ્લેખો સિવાય, એ પ્રાચીન સમય સાથે સંબંધ રાખતા લગભગ ઘણા ખરા સાહિત્યમાં નોંધાયલા મહત્ત્વના ઉલ્લેખોનો સમન્વય સાધવા બનતું લક્ષ્ય આપ્યું છે. 'અવન્તિનું આધિપત્ય' ના વાંચકો મારા આલેખનની એ વિશેષતા સહજ સમજી શકશે એમ મને લાગે છે. બાકી, એ સમન્વય સાધવામાં હું કેટલો સફળ થયો છું એ તો આ પુસ્તકનું અવલોકન કર્યા બાદ, જે મધ્યસ્થ ઇતિહાસજ્ઞ વિદ્વાનો છે, તેઓ જ કહી શકે. એ મધ્યસ્થ ઇતિહાસવેત્તા વિદ્વાનો પાસે હું એવી પણ આશા રાખું છું કે, અલ્પ સાધનો અને અપૂર્ણ સંશોધનથી લખાયેલા મારા આ ગ્રન્થમાં જે કાંઇ ન્યૂનતા હોય કે અનુપયોગથી સ્ખલના થઇ હોય તેને તે મહાશયો સુધારે અને મને પણ સૂચન દ્વારા સુધારવાની તક આપે કે જેથી કોઇપણ વાંચક મારી ભૂલનો ભોગ ન થઇ પડે. બાકી, આ ગ્રન્થમાં અધુરાં સાધનોથી ઉપજાવેલાં અનુમાનોથી અનેક હકીકતો સંભવિત તરીકે લખવામાં આવી છે તે તો વધારે સંશોધનને પાત્ર હોઇ તેને સર્વથા સત્ય માની લેવાની ભૂલ કોઇપણ ન કરે એવી સૂચના પૂર્વક આ સંક્ષિપ્ત નિવેદન કરી વિરમું તે પૂર્વે આ ગ્રન્થમાં અજ્ઞાનથી કે અનુપયોગથી જે કાંઇ સત્ય વિરૂદ્ધ, અનુચિત કે કોઇને અપ્રિય લાગે એવું લખાયું હોય તે માટે હું **'मिथ्या मे दुष्कृतम्'** દઉં છું. ઇતિ **शान्तिः शान्तिः शान्तिः**

જૈન વિદ્યાશાળા—માલીવાડા
વિજાપુર
(ઉ. ગુજરાત)
તા. ૨૦–૧૦–૫૩

ઉ. સિદ્ધિમુનિ

ॐ નમઃ શ્રી પાર્શ્વનાથાય

# પ્રસ્તાવના

## (૧)

પૂ. ઉ. સિદ્ધિમુનિજી મહારાજ ઇતિહાસના સારા અભ્યાસી અને તે વિષયના ચિંતનશીલ છે, તેની ખબર તો મને હું આજથી પાંચ વર્ષ ઉપર મારા સ્નેહી શ્રીમૂળચંદભાઇને ત્યાં માણસા ગયો ત્યારે હું તેમને મળ્યો અને તેમની આસપાસ પથરાયેલ ઇતિહાસનું વિવિધ સાહિત્ય અને તેમનું લેખન જોયું ત્યારેજ પડી.

તેમણે કાલગણના અને અવંતિના આધિપત્ય ઉપર ખૂબ ઊંડો વિચાર કર્યો હતો, તે અંગે વિવિધ ઐતિહાસિક સાહિત્ય અને ધાર્મિક સાહિત્યનું વાંચન કર્યું હતું અને તે બધાના નિષ્કર્ષ રૂપ વર્ષોની મહેનત બાદ એક ગ્રંથ તૈયાર કર્યો હતો. આ ગ્રંથને તેઓશ્રી મુદ્રણ કરવાની ઇચ્છા રાખતા હતા પણ તેના મુદ્રણ પહેલાં મને જોઇ જવાનું કહ્યું. હું આખું પોટલું લાવ્યો ને મેં વાંચવા પ્રયત્ન કર્યો. થોડો વાંચ્યો પણ મારો આ વિષય જ ન હોવાથી હું બહુ સમજી શકયો નહિ.

પૂ. ઉપાધ્યાયજી મહારાજને છેલ્લા થોડા વર્ષથી દાંતની પીડા હતી અને તબીયત સારી રહેતી ન હતી. તેમની ઇચ્છા આનું જલદી મુદ્રણ થાય તેમ હોવાથી આખો ગ્રંથ જેવો લખ્યો હતો તેવો તેમની જ નિશ્રામાં છપાવવામાં આવ્યો છે. એમણે આ ગ્રન્થમાં જે જે વાત કહી છે તે આધાર પૂર્વક કહી છે એટલે આમાં બીજાના સંશોધનની ખાસ આવશ્યકતા પણ બહુ રહેતી ન હતી.

આ ગ્રંથ પાછળ ઉપાધ્યાયજી મહારાજનો પરિશ્રમ, ચિંતન અને સંકલના કેટલી છે તે હું કહું તે કરતાં ગ્રંથ જ સ્વયં વાંચકોને કહેશે.

કોઇપણ વિષયના ગ્રંથ લેખન કરતાં ઇતિહાસ ઉપરનો મૌલિક ગ્રંથ લખવો તે અતિ કઠિન છે તેમાં પણ જે વાત સેંકડો હજારો વર્ષથી દૃઢ થઇ હોય તેથી ભિન્ન વિચારશ્રેણિ રજુ કરનારને તો ઘણુંજ ચિંતન, અભ્યાસ, પરિશ્રમ અને બુદ્ધિનું પરિપકવપણું આવશ્યક રહે છે.

સામાન્યરીતે અભ્યાસક કે વિદ્વાનો બધાયે પરિપાટીમાં આવેલ વસ્તુને સંમત સંગત અને દૃઢ સમજી આગળ ચાલ્યા જતા હોય છે ત્યારે ભિન્ન વિચારશ્રેણિ રજુ કરનાર સમર્થ પુરાવા, દલીલો અને બંધ બેસે તેવા પ્રસંગો રજુ કર્યા સિવાય અક્ષર પણ લખી શકાતો નથી. બીજા વિષયમાં તો માણસ નિરાધાર દલીલો ઉપર પીઠિકા બાંધી ઇમારત રચે પણ ઇતિહાસના વિષયમાં કોઈ નિરાધાર દલીલ ચાલતી નથી. તેમજ આગળ પાછળની અનેક ગુંચોને તેણે ઉકેલવી પડે છે.

## (૨)

વિક્રમ સંવત, શકસંવત અને ઇસ્વીસન્, આ ત્રણ કાળ ગણનાઓ આજે ભારતભરમાં પ્રસિદ્ધ છે. વિક્રમ સંવતની શરૂઆત કારતક સુદિ ૧ થી થાય છે તેને બેસતા વર્ષ તરીકે ભારતભરના માનવીઓ ઉજવેછે. ભિન્નભિન્ન ધર્મો અને ભિન્ન ભિન્ન રીત રીવાજો ભારતમાં હોવા છતાં આ દિવસને સૌ કોઇ માનવી વ્યાપક પર્વ દીવસ તરીકે ઉજવે છે. શક સંવત ચૈત્ર સુદિ ૧ થી શરૂ થાય છે. આ સંવતને અનુ-

લક્ષીને જ્યોતિષ ગ્રન્થો લખાયા છે. તેને કેન્દ્રમાં રાખીને ગ્રહચાર વિગેરેનાં ગણિતોની રચના થઇ છે. આથી જ જુદાં જુદાં શાસ્ત્રીય પંચાંગો તેનીજ મૂખ્યતા રાખી બહાર પડે છે. જુદા જુદા પ્રાંતોમાં તે તે પ્રાંતની અતિપ્રતિષ્ઠિત વ્યક્તિની યાદગિરિ નિમિત્તે જુદા જુદા સંવતો ભલે પ્રવર્તતા હોય પણ દેશ ભરમાં વ્યાપક સંવત તો આ બે જ છે.

ઇસ્વીસન એ પાશ્ચિમાત્ય કાળ ગણના છે. આનો ઉપયોગ ભારતમાં બ્રિટીશરોના રાજ્ય કાળ દરમિયાન થયો છે. છતાં પણ તેનો ઉપયોગ આજે ખુબજ વ્યાપક છે. કેમકે રાજ્ય વ્યવહારમાં, દુનીયાદારીમાં અને તેમના કાળ દરમિયાન પ્રકટ થયેલ પુસ્તકોમાં તે સંવતને જ મુખ્ય રાખવામાં આવ્યો છે. આજે બ્રિટીશરો ગયા છતાં પણ તેમનો સંવત શેષનાગની ખીલીની પેઠે સ્થિર કરી મુક્તા ગયા છે.

કોઇપણ દેશના વર્તમાનના ઘડતર માટે તે દેશનો ઇતિહાસ ખૂબ આવશ્યક હોય છે. કેમકે તેના પુરેપુરા ખ્યાલથી જો ઘડતર આરંભાયું હોય તો તેમાં સફળતા મળે છે. નહિતર કરેલા ભગીરથ પ્રયત્નો પણ નિષ્ફળ જતાં વાર લાગતી નથી. આ ઇતિહાસ કયો રાજા કયારે જન્મ્યો અને કયારે મર્યો તેમાં ઇતિપૂર્ણ થતો નથી પણ પ્રજાના જુદા જુદા સંસ્કારોનું ઉત્થાન અને વિલય કઇ રીતે અને કયા સંજોગોમાં બન્યાં તે જણાવનાર ઇતિહાસ છે. રાજા વિગેરેનાં સૂચનો તો તેના ખ્યાલ માટેનાં ચિન્હો છે. આ ઇતિહાસનું એકમ યા વર્તુળ તે કાળગણના છે. કેમકે તેના સિવાય તેનું ચોક્કસ અંતર જાણી શકાય નહિ. ભારતના પ્રસિદ્ધ સંવતો વિક્રમ સંવત અને શકસંવત કોણે પ્રવર્તાવ્યા અને કયારે પ્રવર્ત્યા તેનો નિર્ણય જૈન ગ્રંથો. જૈન સ્થાપત્યો અને બીજી વિવિધ જૈન સામગ્રીથી સ્પષ્ટ કરી શકાય છે તેવી બીજી કોઈ સામગ્રી ભારત ભરમાં નથી.

જૈન શાસ્ત્રોમાં કાળગણના માટે બે પદ્ધતિઓ મલે છે. એક પદ્ધતિ અવન્તિના–ઉજ્જયિનીના આધિપત્ય કાલથી ગણાતી અને બીજી જૈન યુગપ્રધાનત્વ કાલથી ગણાતી. આ બન્ને પદ્ધતિઓને જણાવનારી ગાથાઓ મહાવીર નિર્વાણના સમયને કેન્દ્રમાં રાખીને શરૂ થાય છે. જે રાત્રિએ ભગવાન મહાવીર નિર્વાણ પામ્યા તે જ રાત્રિએ ઉજ્જયિનીનો રાજા ચંડપ્રદ્યોત મૃત્યુ પામ્યો અને તેના સ્થાને તેના પુત્ર પાલકનો અભિષેક થયો. આ બન્ને હકીકત એકજ સમયે બનેલ હોવાથી ઉજ્જયિનીના અધિપતિ રાજ્યકર્તાઓને લક્ષ્યમાં રાખીને પાલકના રાજ્યારંભથી માંડી ઉજ્જયિનીમાં શક રાજાની ઉત્પત્તિ સુધીમાં મહાવીર નિર્વાણનાં ૬૦૫ વર્ષ થયાં હતાં, તેમ એક કાલગણના પદ્ધતિ જણાવે છે; જ્યારે બીજી કાલ ગણના પદ્ધતિ જૈન યુગપ્રધાનત્વ કાલનેજ સ્પર્શ કરતી ઉજ્જયિનીમાં વિક્રમાદિત્યના રાજ્યારંભનો કે શકરાજાની ઉત્પત્તિનો કાલ જણાવતી નથી, તોપણ તે પરથી તે તે યુગપ્રધાનોના યુગપ્રધાનત્વકાલમાં વિદ્યમાન ઉજ્જયિનીના અમુક અધિપતિઓનો સમયનિર્ણય નક્કી થતાં તે એવા અનુમાન પર લઇ જાય છે કે મહાવીર નિર્વાણથી ૬૦૫ વર્ષે ઉજ્જયિનીમાં શક રાજા ઉત્પન્ન થયો હતો. આમ શક રાજાની ઉત્પત્તિ મહાવીર નિર્વાણથી કેટલા વર્ષે થઇ એમાં મનભેદ નથી મતભેદ ત્યાં પડે છે કે, મહાવીર નિર્વાણથી ૬૦૫ વર્ષે શક સંવતની ઉત્પત્તિ થઇ એમ જે ચાલુ જૈન સંપ્રદાય કહી રહ્યો છે. ગ્રન્થકારે આ મતભેદની સામે બહુ જ આદર પૂર્વક પરંતુ પુરતી દલીલોથી સાબીત કરી બતાવ્યું છે કે, શક સંવતની શરૂઆત મ. નિ. થી ૬૦૫ વર્ષે નહિ, પણ ૫૪૫ વર્ષે થઈ હતી. આ વખતે ઉજ્જયિનીમાં આન્ધ્ર રાજ્ય શરૂ થયું હતું કે જે ત્યાં ૬૦ વર્ષ ચાલી શક રાજાની ઉત્પત્તિ થતાં નષ્ટ પામ્યું હતું ગ્રન્થકારે આવી રીતે શક સંવતને શક રાજાની ઉત્પત્તિથી ૬૦ વર્ષ પૂર્વે લઇ જઇ, વિક્રમ સંવતને પણ ચાલુ માન્યતાએ સ્વીકારેલા સમય કરતાં ૬૦ વર્ષ પૂર્વે લઇ જવાના સંપ્રદાયનું સમર્થન કર્યું છે.

ભગવાન મહાવીરના નિર્વાણ બાદ વિક્રમ સંવત ક્યારે થયો, તેમાં ત્રણ મતભેદ છે. ૧ મહાવીર નિર્વાણથી ૪૭૦ વર્ષ બાદ વિક્રમ સંવત થયો તેમ માને છે. ૨ મહાવીર નિર્વાણથી ૪૮૩ વર્ષે વિક્રમ સંવત થયો તેમ માને છે. ૩ મહાવીર નિર્વાણ બાદ ૪૧૦ વર્ષે વિક્રમ સંવત થયો તેમ માને છે.

મહાવીર નિર્વાણથી ૪૭૦ વર્ષે વિક્રમ સંવત થયો તે માન્યતા ખુબ રુઢ છે. અને આજે આપણે તે માન્યતાને અનુસરી વિ. સં. ૨૦૧૦ અને વીર નિર્વાણ ૨૪૮૦ માનીએ છીએ. ભગવાન મહાવીરના નિર્વાણ બાદ ૪૭૦ વર્ષે વિક્રમ સંવત થયો તેને સુચવનારી કાળ ગણુનાની ગાથાઓ આ પ્રમાણે છે.

**जं रयणिं कालगओ अरिहा तित्थंकरो महावीरो तं रयणिमवंतीवइ अहिसित्तो पालगो राया. ॥१॥**
**सट्ठी पालग रन्नो, पणवन्नसयं तु होइ नंदाणं अट्ठसयं मुरियाणं तीसच्चिय पुसमित्ताणं ॥२॥**
**बलमित्तभाणुमित्ता सट्ठी वरिसाणि चत्त नहवहणे तह गद्दभिल्लरज्जं तेरसवासे सगस्सचउ ॥३॥**

અરિહંત મહાવીર તીર્થંકર જે રાત્રિએ નિર્વાણ પામ્યા તે રાત્રિએ અવન્તિપતિ પાલક રાજાનો અભિષેક થયો. પાલક રાજાનું ૬૦ વર્ષ, નન્દોનું **૧૫૫** વર્ષ, મૌર્યોનું **૧૦૮** વર્ષ, પુષ્પ મિત્રનું **૩૦** વર્ષ, બલમિત્ર ભાનુમિત્રનું ૬૦ વર્ષ, નભોવાહનનું **૪૦** વર્ષ, ગર્દભિલ્લનું ૧૩ વર્ષ અને શકનું ૪ વર્ષ, આમ મહાવીર નિર્વાણ બાદ ૪૭૦ વર્ષે વિક્રમ સંવત થયો.

પૂ. પન્યાસશ્રી કલ્યાણવિજયજી વીર નિર્વાણ સંવત યાને જૈન કાલગણનામાં ૪૭૦ વર્ષની ગણત્રી નીચે પ્રમાણે મુકે છે. આ મુકતાં પહેલાં તેઓ જણાવે છે કેઃ—

આ આપવામાં આવેલી રાજત્વકાલની ગણના કેવળ માલવના અવંતિના આધિપત્યને લઈને નથી પણ જુદા જુદા રાજાઓના અંકોડાને ભેગી કરવાથી થઈ છે.

પાલકનાં ૬૦ વર્ષ, નંદનાં ૧૫૦, મૌર્યનાં ૧૬૦, પુષ્યમિત્રનાં ૩૫ વર્ષ, બલમિત્ર ભાનુમિત્રનાં ૬૦, અને નભસેનનાં ૫ વર્ષ, એમ કુલ મહાવીરનિર્વાણ પછી ૪૭૦ વર્ષે વિક્રમ સંવત થયો. વિક્રમ સંવત પછી ૩૫ વર્ષ નભસેન અને તે પછી ૧૦૦ વર્ષ ગર્દભિલ્લ એમ ૬૦૫ વર્ષે શક સંવત.

૪૭૦ વર્ષનું અંતર બન્નેમાં સરખું બતાવવામાં આવે છે. પણ વર્ષની કાળગણત્રીમાં ફેર બતાવવામાં આવ્યો છે.

પૂ. પંન્યાસ શ્રી કલ્યાણવિજયજીનું માનવું છે કે,

નંદોનાં ૧૫૫, મૌર્યોનાં ૧૦૮ અને પુષ્યમિત્રનાં ૩૦ વર્ષ લખાયેલાં જે કાળ ગણુનાની ગાથામાં મળે છે તે જૂની અશુદ્ધિના પરિણામે છે પણ ખરી રીતે.

'**पणपन्नसयं** तुं **होइ नंदाणं**, તે બદલે **पुण पण्णसयं** તું **होइ नंदाणं** જોઈએ.

**मुरियाणं अठ्ठसयं** ને બદલે **मुरियाणं सट्ठिसयं** જોઈએ. આ બે ભૂલોને કાયમ રાખવાથી જ પછીના રાજાઓના રાજત્વકાળનો ખુબ ગોટાળો થાય છે, તે ટળી જશે તેમ તેમનું માનવું છે.

મહાવીરના નિર્વાણ પછી ૬૦ વર્ષ પાલકવંશ પછી ૧૫૦ વર્ષ નંદવંશ અને તે પછી ૧૬૦ વર્ષ મૌર્યવંશ અહિં સુધી મહાવીર નિર્વાણને ૩૭૦ વર્ષ થયાં, ત્યારબાદ છેલ્લા મૌર્ય બૃહદ્રથને મારી

પુષ્યમિત્ર આવ્યો; આ પુષ્યમિત્રનાં ૩૫ વર્ષ ત્યાર પછી બલમિત્ર અને ભાનુમિત્રનાં ૬૦ વર્ષ ગણવામાં આવે છે પરંતુ તે રાજાઓએ શરૂઆતનાં ૫૨ વર્ષ ભરૂચમાં રાજ્ય કર્યું. તેમના ૪૮ વર્ષ રાજ્યકાળ દરમિયાન ગર્દભિલ્લને ઉઠાડી મુકવામાં આવ્યો અને શકોએ અવંતિનો કબજો લીધો. આ શક ચાર વર્ષ રહ્યા ત્યાર પછી આઠ વર્ષ બલમિત્રનું અવંતિ ઉપર આધિપત્ય રહ્યું. આથી ભરૂચનો ૫૨ વર્ષ રાજત્વકાળ અને આઠ વર્ષ અવંતીનો રાજત્વકાલ થયો એમ કુલ ૬૦ વર્ષ બલમિત્રનો રાજત્વકાલ ગણવામાં આવ્યો છે. આ પછી નભઃસેન અવંતિના રાજ્ય ઉપર આવ્યો તેના પાંચમા વર્ષે અવન્તિ ઉપર શકોનું આક્રમણ થયું. પણ ત્યાંની બહાદુર માલવ પ્રજાએ તે આક્રમણને દુર કર્યું. આ ઉત્સાહના નિમિત્તરૂપ સંવત્સર પ્રવર્ત્યો તે વિક્રમસંવત–માલવ સંવત છે. આ સંવત પ્રવર્ત્યા પછી નભઃસેને બીજાં ૩૫ વર્ષ રાજ્ય કર્યું. અને તે પછી ગર્દભિલ્લ વંશીય રાજ્ય ૧૦૦ વર્ષ રહ્યું. અને ત્યાર પછી ફરી શકોએ અવન્તિ જીતી અને મહાવીર નિર્વાણ બાદ ૬૦૫ વર્ષે શક સંવત પ્રવર્ત્યો.

આમ પૂ. પં. કલ્યાણવિજયજી ગણિ મહાવીર નિર્વાણ બાદ ૪૭૦ વર્ષે વિક્રમ સંવત્સર થયો માને છે પણ તેમાં ઉપર સૂચિત ફેરફાર સ્વીકારે છે. બીજી માન્યતા "મહાવીર નિર્વાણ પછી વિક્રમ ૪૮૩ વર્ષે થયો તે છે" આને માટે બીજા ઉલ્લેખો નથી પણ ૪૭૦ વર્ષનું અંતર મહાવીર નિર્વાણ અને વિક્રમ રાજ્યારંભ વચ્ચે હતું અને

**विक्कमरज्जाणंतर तेरस वासेसु वच्छरपवित्ती–**

"વિક્રમ રાજ્યારંભ પછી તેર વર્ષ બાદ સંવત્સર પ્રવર્ત્યો" તે પરથી તે માન્યતા ઉભી થયેલી છે.

ત્રીજી માન્યતા ભગવાન મહાવીરના નિર્વાણ બાદ ૪૧૦ વર્ષે વિક્રમ સંવતની શરૂઆત થઇ તે છે અને તે માન્યતાના સમર્થનરૂપ આ ગ્રન્થ છે.

આ માન્યતાનું સમર્થન હિમવંત થેરાવલી પ્રગટ થયા પહેલાં પણ કલિકાળ સર્વજ્ઞશ્રી હેમચંદ્રસૂરિજી રચિત પરિશિષ્ટ પર્વના ઉલ્લેખથી[1] અને અન્ય ઉલ્લેખોથી ધ્વનિત થતું હતું, કે જેને આગળ કરીને ડૉ. હર્મનજેકોબીએ અને જૉન ચારપેન્ટિયરે મહાવીર નિર્વાણથી ૪૧૦ વર્ષે વિક્રમ સંવત શરૂ થયો એમ માન્યું છે. જો તેમ ન માનવામાં આવે તો ગાથાઓમાં બતાવેલ રાજાઓની પરંપરા અને યુગપ્રધાન પુરુષોના કાળનો મેળ મળતો નથી, ઐતિહાસિક ઘટનાઓનું સંકલન થતું નથી અને મહાવીર તથા બુદ્ધનું સમકાલીનપણું પણ ઘટતું નથી.

## અવંતિ ઉપર પાલકવંશનું ૬૦ વર્ષ આધિપત્ય

ભગવાન મહાવીરનું નિર્વાણ થયું તે જ રાત્રિએ અવંતિ ઉપર પાલકનો રાજ્યાભિષેક થયો. આ પાલકથી કેવળ પાલકનું નહિ પણ પાલકવંશનું ૬૦ વર્ષ અવંતિ ઉપર આધિપત્ય રહ્યું હતું તેમ સમજવું. પાલકવંશમાં આ ત્રણ રાજાઓએ મળી ૬૦ વર્ષ રાજ્ય કર્યું.

| | | | |
|---|---|---|---|
| પાલક | ૨૦ વર્ષ | મ. નિ. | ૧–૨૦ |
| અવંતિવર્ધન | ૪ વર્ષ | મ. નિ. | ૨૦–૨૪ |
| અવંતિષેણ | ૩૬ વર્ષ | મ. નિ. | ૨૪–૬૦ |

## પાલક પછી ૯૫ વર્ષ નંદોનું અવંતિ ઉપર અધિપત્ય રહ્યું

| | | | |
|---|---|---|---|
| પહેલો નંદ | વર્ષ ૪૦ | મહાવીર નિર્વાણ | ૬૦ થી ૧૦૦ |

१ एवं च श्री महावीरमुक्तेर्वर्षशते गते । पञ्चपञ्चाशदधिके चन्द्रगुप्तोऽभन्नृपः ॥

| | | | |
|---|---|---|---|
| બીજાથી આઠમા નંદ સુધી | વર્ષ ૧૨ | મ. નિ. | ૧૦૦ થી ૧૧૨ |
| નંદ નવમો | વર્ષ ૪૩ | ,, ,, | ૧૧૨ થી ૧૫૫ |

**નંદ પછી ૧૩૮ વર્ષ અવંતિ ઉપર મૌર્યવંશનું આધિપત્ય**

| | | | |
|---|---|---|---|
| ચંદ્રગુપ્ત | ૨૯ વર્ષ | મ. નિ. | ૧૫૫—૧૮૪ |
| બિન્દુસાર | ૨૫ વર્ષ | મ. નિ. | ૧૮૪—૨૦૯ |
| અશોકશ્રી | ૩૫ વર્ષ | મ. નિ. | ૨૦૯—૨૪૪ |
| સંપ્રતિ | ૪૯ વર્ષ | મ. નિ. | ૨૪૪—૨૯૩ |

**અવંતિમાં ૧ વર્ષ અરાજકતા ફેલાઈ મ. નિ. ૨૯૩—૨૯૪**

**બળમિત્ર-ભાનુમિત્રનું અવંતિ ઉપર ૨૨ વર્ષ આધિપત્ય મ. નિ. ૨૯૪—૩૧૬**

**પુષ્યમિત્રોનું અવંતિ ઉપર ૩૦ વર્ષ આધિપત્ય મ. નિ. ૩૧૬—૩૪૬**

**મૌર્યવંશ દ્વિતીયવિભાગ ૬૧ વર્ષ અવંતિ ઉપર આધિપત્ય ૩૪૬-૪૦૭**

| | | | |
|---|---|---|---|
| બલમિત્ર–ભાનુમિત્ર | ૮ વર્ષ | મ. નિ. | ૩૪૬—૩૫૪ |
| નભોવાહન | ૪૦ વર્ષ | મ. નિ. | ૩૫૪—૩૯૪ |
| ગર્દભિલ્લ | ૧૩ વર્ષ | મ. નિ. | ૩૯૪—૪૦૭ |
| શક–શાહિ | ૩ વર્ષ | મ. નિ. | ૪૦૭—૪૧૦ |

**મૌર્યવંશ તૃતીયવિભાગ ૧૩૫ વર્ષ અવંતિ ઉપર આધિપત્ય મ. નિ. ૪૧૦-૫૪૫**

| | | | |
|---|---|---|---|
| વિક્રમાદિત્ય (બલમિત્ર, વિક્રમસેન) | ૬૦ વર્ષ | મ. નિ | ૪૧૦—૪૭૦ |
| વિક્રમચરિત્ર | ૪૦ વર્ષ | મ. નિ. | ૪૭૦—૫૧૦ |
| ભાઇલ્લાદિત્રિક | ૩૫ વર્ષ | મ. નિ. | ૫૧૦—૫૪૫ |

**મૌર્યવંશ તૃતીયવિભાગ પછી આંધ્ર વંશ ૬૦ વર્ષ અવંતિઉપર આધિપત્ય ૫૪૫-૬૦૫**

| | | | |
|---|---|---|---|
| શિવ | ૨૮ વર્ષ | મ. નિ. | ૫૪૫—૫૭૩ |
| યજ્ઞશ્રી | ૨૧ વર્ષ | મ. નિ. | ૫૭૩—૫૯૪ |
| ચત્રપણ | ૧૧ વર્ષ | મ. નિ. | ૫૯૪—૬૦૫ |

આમ પાલકનાં ૬૦ વર્ષ, નંદનાં ૯૫ વર્ષ, મૌર્યવંશનાં ૧૩૮ વર્ષ, ૧ વર્ષ આરાજકતા, બલમિત્ર–ભાનુમિત્રનાં ૨૨ વર્ષ, પુષ્યમિત્રનાં ૩૦, મૌર્યવંશ દ્વિતીય વિભાગનાં ૬૧ અને શકનાં ૩ વર્ષ કુલ ૪૧૦ વર્ષે વિક્રમ સંવત. અને બલમિત્ર–વિક્રમસેન તે વિક્રમાદિત્ય.

ત્યારબાદ ૧૩૫ વર્ષ મૌર્ય તૃતીય વિભાગનાં અને ૬૦ વર્ષ આંધ્રનાં મેળવતાં ૬૦૫ વર્ષે શકનું આધિપત્ય અવંતિ ઉપર આવ્યું.

પૂ. પં. કલ્યાણવિજયજી કાળગણનાની ગાથામાં જેમ અશુદ્ધિ થયાનું માને છે તેમ આ ગ્રંથલેખક માનતા નથી છતાં પ્રત્યાઘાત તરીકે કાળગણનાની ગાથાઓ જે રીતે છે તેમ નહિ પણ નીચે પ્રમાણે કેમ ન હોય એવો પ્રશ્ન કરે છે.

**सट्ठी पालगरन्नो पणउणसयं तु होइ नंदाणं, सट्ठीसयं मुरियाणं तीसच्चिय पुसमित्ताणं ।**

**बलमित्त भाणुमित्ता अट्ठवरिसाणि चत्त नहवहणे, तह गद्दभिल्लरज्जं तेरसवासे सगस्स चउ**

કાળગણનાની ગાથામાં **'पणपन्नसयं'** છે તેને બદલે **पणउणसयं** જોઇએ, **अट्ठसयं'** છે તેને બદલે **सट्ठीसयं** જોઇએ અને **सट्ठीवरिसाणि** છે તેને બદલે **अट्ठवरिसाणि** જોઇએ. કાળગણનાના

સંશોધકો એ તો ચોક્કસ માને છે કઃ-**पणवन्नसयं** અને **अट्ठसयं** તથા **तिसच्चिय**આ ત્રણ શબ્દ લેખકોના દોષથી ભિન્ન રીતે લખાઇ રૂઢ બનતાં કાળગણનામાં ગોટાળો ઉભો થયો છે. આ ગ્રન્થના લેખક તેથી ભિન્ન રીતે અશુદ્ધિ થઇ હોવાનો પ્રત્યાઘાત કરી અંતે અશુદ્ધિની કલ્પનાને અનુચિત જણાવી એ ગાથાઓને છે તેવી જ રીતે સ્વીકારી લેવાનું તથા સંગત કરવાનું કહે છે, અને તેમણે તેવી રીતે તેની સંગતિ સાધી પણ છે. તેઓ કહે છે કે;

૪૧૦ વર્ષનું અંતર માનતાં આ ગાથામાં કોઈ ફેરફાર ન કરવામાં આવે અને તેને અણનમ રાખવામાં આવે તો પણ ૧૫૫ વર્ષ નંદોનું રાજ્ય રહ્યું તેમ નહિ કરતાં મહાવીર નિર્વાણથી ૧૫૫ વર્ષ સુધી નંદોનું રાજ્ય રહ્યું વિગેરે રીતથી તેનો અર્થ કરાય તો પણ તે સંગત થઇ શકે તેમ છે.

મહાવીર નિર્વાણ કાળથી વિક્રમ સંવતના અંતરની વિચારણા કરવામાં મૂખ્ય સાધનો બે છે. એક રાજત્વકાળ ગણના અને બીજી યુગપ્રધાન પરંપરા. જો કે આ બન્ને મહાવીર નિર્વાણ અને વિક્રમસંવત કે શક કાળના અંતર માટે નથી, છતાં આ બન્નેના અંકોડા પરસ્પર અને જૈન સાહિત્યના વિવિધ પ્રસંગોના ઉલ્લેખોની સાથે સરખાવવાથી જ વિક્રમ સંવતનું મહાવીર નિર્વાણ સાથે ૪૭૦ અને ૪૧૦માં કયું અંતર વ્યાજબી છે, તેનો નિર્ણય કરી શકાય તેમ છે,

યુગપ્રધાન પટ્ટાવલી અને કાળ ગણનાની ગાથાઓના ઐતિહાસિક પ્રસંગો અને શાસ્ત્રોના બીજા વિશિષ્ટ ઉલ્લેખોની સંગતિ મહાવીર નિર્વાણથી ૪૧૦ વર્ષે વિક્રમ સંવત પ્રવર્ત્યો એ પ્રકારની કાળગણનાની પદ્ધતિને અખત્યાર કરવામાં આવે તો બરાબર થઇ શકે છે. તે સિવાયની બીજી ૪૭૦ કે ૪૮૩ ની પદ્ધતિઓ તદ્દન નિરર્થક નીવડે છે.

૪૭૦ ની રીતિએ પાલકનાં ૬૦ વર્ષ અને નંદનાં ૧૫૫ વર્ષ એટલે મહાવીર નિર્વાણથી ૨૧૫ વર્ષ પછી મૌર્યવંશની શરૂઆત થાય છે; એટલે ૨૧૫ વર્ષ પછી ચંદ્રગુપ્તનું રાજ્યારોહણ થાય છે. જૈન શાસ્ત્રોમાં ચંદ્રગુપ્ત અને ભદ્રબાહુસ્વામિનું સમકાલીનપણું ઠેરઠેર જણાવ્યું છે, તે ૪૭૦ ની રીત મુજબ રાજત્વકાળ સ્વીકારતાં ઘટી શકતું નથી કેમકે ભદ્રબાહુસ્વામિનું નિર્વાણ યુગપ્રધાન પટ્ટાવલીના આધારે મહાવીર નિર્વાણથી ૧૭૦ વર્ષે આવે છે, જ્યારે રાજત્વકાળની ગાથાઓના આધારે ચંદ્રગુપ્તનો રાજ્યારંભ ૨૧૫ વર્ષ પછી આવે છે તેથી તેનો મેળ ૪૭૦ ની રીત મુજબ કઇ રીતે મળે ?

૪૭૦ ની રીતિએ વીર નિર્વાણ પછી ૨૫૯વર્ષ પછીં અશોકનો રાજ્યારોહણ કાળ અને સંપ્રતિનો ૨૯૪ પછી રાજ્યારોહણ કાળ આવે છે. જ્યારે યુગપ્રધાન પટ્ટાવલીના આધારે આર્ય મહાગિરિ વીરનિર્વાણ બાદ ૨૪૫માં બીજા આધારે ૨૬૧માં નિર્વાણ પામે છે. શાસ્ત્રોમાં સંપ્રતિના બોધદાતા તરીકે આર્યસુહસ્તિનો ઉલ્લેખ ઠેરઠેર આવે છે. આર્યમહાગિરિ અને આર્યસુહસ્તિ વચ્ચે મતભેદ પડે છે તેમાં સંપ્રતિરાજાની ભક્તિ કારણરૂપ છે. એ બધાનો મેળ ૪૭૦ વર્ષની માન્યતાથી જરા પણ બેસતો નથી,

મહાવીર નિર્વાણ ૪૧૦ વર્ષે વિક્રમસંવત આરંભાયાનું માનનારની માન્યતા મુજબની કાળગણનાને અપનાવવામાં આવે તો આ કોઇ અસંગતિ રહેતી નથી. આ માન્યતા મુજબ ચંદ્રગુપ્તનો રાજ્યકાળ મહાવીર નિર્વાણથી ૧૫૫–૧૮૪ આવે છે. આ જ વાત કલિકાળસર્વજ્ઞ હેમચંદ્રસૂરિ·રજુ કરે છે અને જણાવે છે, કે ચંદ્રગુપ્ત મહાવીર નિર્વાણ બાદ ૧૫૫ વર્ષે રાજ્ય ગાદી ઉપર આવ્યો. આ ચંદ્રગુપ્તનું ૧૫૫ વર્ષે રાજગાદી ઉપર આવવાનું કથન ૪૧૦ ની માન્યતાનું સમર્થક છે. અને તેમ થતાં ચંદ્રગુપ્ત અને ભદ્રબાહુસ્વામિનું સમકાલીનપણું ઘટી શકે છે. કેમકે ભદ્રબાહુ સ્વામિનું નિર્વાણ મહાવીર નિર્વાણ થી ૧૭૦ વર્ષે છે. તે જ રીતે ૪૧૦ વર્ષની માન્યતાનુસાર સંપ્રતિનો રાજત્વકાળ ૨૪૪ થી ૨૯૩ છે.

આ સંપ્રતિ આર્ય મહાગિરિ અને આર્યસુહસ્તિસૂરિના સમકાલીન હતા તેમ જૈન શાસ્ત્રોમાં ઠેરઠેર ઘોષણા પૂર્વક કહેવાયેલ છે તેનો પણ બરાબર મેળ આ માન્યતાથી મળી રહે છે; કેમકે આર્ય મહાગિરિ જિન કલ્પ આદર્યા પછી વીર નિર્વાણથી ૨૬૧ સુધી અને આર્યસુહસ્તિ ૨૯૧ સુધી વિદ્યમાન હતા.

કાલ ગણનાની ગાથાઓમાં થયેલ અશુદ્ધિની માન્યતાના કારણે પ્રાચીન ગ્રંથોમાં ઠેરઠેર રજુ થયેલ શાસ્ત્રીય લખાણો અસંગત કરવાનું પગલું ૪૭૦ ની માન્યતાથી થાય છે, જ્યારે ૪૧૦ ની માન્યતાથી શાસ્ત્રના ઉલ્લેખો અને ઐતિહાસિક વિધાનો સંગત થાય છે,

આ ગ્રંથમાં પ્રતિપાદ્ય વિષયો મુખ્યત્વે બે છે એક મહાવીર નિર્વાણથી વિક્રમરાજ્યારંભ ૪૧૦ વર્ષે થયો તે અને બીજો મહાવીર નિર્વાણથી ૬૦૫ વર્ષ સુધી અવંતિ ઉપર કોનું આધિપત્ય રહ્યું તે.

પહેલા વિષયમાં હિમવંત થેરાવલીનો આધાર મુખ્ય રાખી બીજાબીજા અનેક આધારોને લઇ ગ્રંથકારે તે સર્વને છણી ૪૧૦ વર્ષની માન્યતા જ સંગત છે તે સાબિત કર્યું છે અને તે બરાબર છે,

બીજા વિષયમાં ગ્રંથકારે કાળગણનામાં આવેલી ગાથાઓનું વિશદવિવરણ કરી સાબિત કર્યું છે કે રાજધાની આ રાજ્યોની ભલે બીજે હોય પણ અવંતિ ઉપર આધિપત્ય તો તે રાજાઓનુંજ હતું. ભગવાન મહાવીરના નિર્વાણ બાદ અવંતિ ઉપર ૬૦ વર્ષ પાલકનું રાજ્ય હતું. તે વખતે મગધેશ્વર કોણિક અને ઉદાયી હતા. કોણિકે મહાવીર નિર્વાણ બાદ ૩૧ વર્ષ અને ઉદાયિએ ૨૯ વર્ષ રાજ્ય કર્યું. આ પછી પાટલીપુત્રમાં નંદોનું રાજ્ય ૯૫ વર્ષ ચાલ્યું. નંદોની મુખ્ય રાજધાની પાટલીપુત્ર રહી પણ તેમનું વર્ચસ્વ અવંતિ ઉપર હતું. આ રીતે ૬૦૫ વર્ષનો સળંગ ક્રમ ગ્રંથકારે અનેક આધારો આપી અવંતિપરના આધિપત્ય આશ્રયી જણાવ્યો છે, અને તેમાં ખુબ જ ગ્રંથકાર સફળ નીવડયા છે.

આ ગ્રંથકારની નીતિ અને ધર્મસાહિત્યના ગવેષક તરીકેની ખ્યાતિ તો ઘણા વર્ષથી છે અને તેઓ સાથે સાથે વર્ષોથી ઇતિહાસ માટેના પરિશ્રમી છે, છતાં ઇતિહાસનો ગ્રંથ લખવામાં તો મારી જાણ મુજબ કદાચ તેમનો આ પ્રથમ જ પ્રયત્ન હશે.

આ પ્રથમ પ્રયત્નમાં પણ તેમણે ઇતિહાસપ્રેમીઓ આગળ ઘણો સારો સંગ્રહ વિમર્શપૂર્વક મુકયો છે તેનું મૂલ્યાંકન તો તેના વેત્તાઓ જ કરી શકે. હું આ વિષયનો અજ્ઞાન શું કરી શકું?

પ્રસ્તાવના લખતાં પહેલાં તો માત્ર ટુંક નિવેદન જ કરવાનું હતું પણ આવા મોટા ગ્રંથનું વાંચન કર્યા વિના લખવું તે ઠીક ન લાગવાથી મારે આનો અભ્યાસ કરવો પડયો. આ બધી બાબતમાં ગ્રંથકારનો ઉપકાર માનું છું.

ઇતિહાસના લેખકો બહુ ધીર, શાંત, ગવેષક અને પરિશ્રમી હોવા જોઇએ. તે મુજબ આ ગ્રંથના લેખક ખુબ જ શાણા, વિદ્વાન્, ગવેષક અને ધીર પ્રકૃતિના છે. આ અનુભવ બીજા પ્રસંગો કરતાં આ ગ્રંથના મુદ્રણ પ્રસંગે તો જરૂર મને થયો છે.

અંતે ગ્રંથકારે ઉઠાવેલ પરિશ્રમને વાંચકો વિચારી પ્રાચીન કાળની જૈન શાસનની સ્થિતિ નિહાળી તેમાં દૃઢચિત્ત બની અનુમોદના કરે, એજ

**પંડિત મફતલાલ ઝવેરચંદ**
ખેતરપાળની પોળ–**અમદાવાદ.**

# અનુક્રમણિકા


પૃષ્ઠ

નિવેદન ૩

પ્રસ્તાવના ૬

અનુક્રમણિકા ૧૨

અશુદ્ધિ શુદ્ધિ પત્રક ૧૩

મહાવીર નિર્વાણથી વિક્રમાદિત્યનો રાજ્યારંભ ૪૭૦ વર્ષે થયો તેને સમર્થન કરનાર કાળ ગણુનાની ગાથાઓ. ૧

મહાવીર નિર્વાણથી વિક્રમાદિત્યનો રાજ્યારંભ ૪૧૦ વર્ષે થયો. તેને સમર્થન કરનાર હિમવંત થેરાવલી. ૩

મહાવીર નિર્વાણ અને પાલક રાજ્યાભિષેક. ૫

શ્રમણ ભગવાન મહાવીર તથા ચંડપ્રદ્યોતનું સંક્ષિપ્ત અવતરણ. ૫

**પાલકવંશ ૬૦ વર્ષ** ૯

પાલક ૨૦ વર્ષ. મ. નિ. ૦–૨૦ ૧૪

અવંતિવર્ધન ૪ વર્ષ મ. નિ. ૨૦–૨૪ ૧૪

અવંતિષેણ ૩૬ વર્ષ મ. નિ. ૨૪–૬૦ ૧૫

પુરાણમાં આપેલી વંશાવળી ૧૭–૧૮

**પાલકવંશના સમકાલીન મગધેશ્વરો ૧૯–૩૭**

કોણિક ૩૨ વર્ષ મ. નિ. પૂ. ૧ મ.નિ. ૩૧ ૧૯

ઉદાયી ૨૯ વર્ષ મ. નિ.૩૧–૬૦ ૨૦

શિશુનાગવંશનો પરિચય અને મહાભારતના યુદ્ધથી માંડીને શરૂ થતી જુદી જુદી કાળગણનાઓ ૨૧

**નંદવંશ ૯૫ વર્ષ** ૩૮–૬૭

નંદ પહેલાનો પરિચય ૩૮

નંદોના ક્રમ અને તેમના સમુચ્ચય રાજત્વકાલનો ચર્ચાથી નિર્ણય ૩૯

નંદ પહેલો ૪૦ વર્ષ મ. નિ. ૬૦–૧૦૦ ૫૩

નંદ બીજાથી આઠમા સુધી. ૧૨૦વર્ષ મ. નિ. ૧૦૦–૧૧૨ ૫૫

નંદ નવમો ૪૩ વર્ષ મ. નિ. ૧૧૨–૧૫૫ ૫૬

સ્થૂલિ–ભદ્ર સૂરિનો પરિચય ૫૬

વૈશાલિના ચેટક રાજાના પુત્ર શોભનરાયનું કલિંગમાં આધિપત્ય ૫૭

'**ता एव मंगवंशो**' ગાથાનું સ્પષ્ટીકરણ ૬૦

કાળગણનાની બીજી ગાથાનું પરિવર્તન ૬૭

પરિશિષ્ટ ૧

(બૌદ્ધગ્રંથાદિ અનુસારે વંશાવળી વિગેરે) ૬૮

**મૌર્યવંશ પ્રથમ વિભાગ ૧૬૧ વર્ષ ૭૪–૧૬૨**

ચંદ્રગુપ્ત ૨૯ વર્ષ મ.નિ. ૧૫૫–૧૮૪ ૯૧

બિન્દુસાર ૨૫ વર્ષ „ ૧૮૪–૨૦૯ ૧૦૩

અશોકશ્રી ૩૫ વર્ષ „ ૨૦૯–૨૪૪ ૧૦૭

સંપ્રતિ ૪૯ વર્ષ „ ૨૪૪–૨૯૩ ૧૨૯

અરાજકતા ૧ વર્ષ „ ૨૯૩–૨૯૪ ૧૪૭

બલમિત્ર–ભાનુમિત્ર ૨૨ વર્ષ „ ૨૯૪–૩૧૬ ૧૪૮

**પુષ્યમિત્રો ૩૦ વર્ષ મ. નિ. ૩૧૬–૩૪૬–૧૬૩**

**મૌર્યવંશ દ્વિતીય વિભાગ ૬૧ વર્ષ ૧૬૫–૧૯૩**

બાલમિત્ર-ભાનુમિત્ર ૮ વર્ષ મ. નિ. ૩૪૬–૩૫૪ ૧૬૬

નભોવાહન ૪૦ વર્ષ મ. નિ. ૩૫૪–૩૯૪–૧૭૬

ગર્દભિલ્લ ૧૩ વર્ષ મ. નિ. ૩૯૪–૪૦૭–૧૮૩

શક (સાહિ) ૩ વર્ષ મ. નિ. ૪૦૭–૪૧૦ ૧૯૪

**મૌર્યવંશ તૃતીય વિભાગ ૧૩૫ વર્ષ ૧૯૬–૨૪૭**

વિક્રમાદિત્ય ૬૦ વર્ષ મ. નિ. ૪૧૦–૪૭૦ ૧૯૮

વિક્રમચરિત્ર ૪૦ વર્ષ મ. નિ. ૪૭૦–૫૧૦ ૨૪૦

ભાઇલ્લાદિત્રિક ૩૫ વર્ષ મ. નિ. ૫૧૦–૫૪૫ ૨૪૧

**આંધ્રવંશ ૬૦ વર્ષ ૨૪૮–૩૮૦**

શિવ ૨૮ વર્ષ મ.નિ, ૫૪૫–૫૭૩ ૨૬૭

યજ્ઞશ્રી ૨૧ વર્ષ મ.નિ. ૫૭૩–૫૯૪ ૨૭૧

ચત્રપણ ૧૧ વર્ષ મ.નિ. ૫૯૪–૬૦૫ ૨૭૫

**પરિશિષ્ટ ૨ જું** પૃ. ૨૮૧–૩૧૦

# "અવન્તિનું આધિપત્ય"નું શુદ્ધિપત્રક

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧ | ૨૩ | અંચલ૦ | અનંચલ૦ |
| ૨ | ૩૦ | પરથા | પરથી |
| ૩ | ૧૧ | ०णंतरे | ०णंतर |
| ૩ | ૧૯ | सट्ठो | सट्ठी |
| ૪ | ૨૧ | હીસાબે | હિસાબે |
| ૪ | ૨૧ | ૦નિર્વાણુથ | નિર્વાણુથી |
| ૪ | ૩૩ | ×પ્રદાયથી | સંપ્રદાયથી |
| ૫ | ૨૬ | પૂર્વસીમા પ્રદે૦ | પૂર્વાસીમાપ્રદે૦ |
| ૭ | ૧૮ | षेसालिय | वेसालिय |
| ૭ | ૨૦ | સલાત્રિથી | –ત્રિસલાથી |
| ૭ | ૨૮ | ત્યાં બીજા | બીજા |
| ૭ | ૨૮ | રાજગૃહી જતાં | રાજગૃહી ત્યાં જતાં |
| ૯ | ૨૮ | अज्झोबबण्णो | अज्झोववण्णो |
| ૯ | ૨૯ | तोए | तीए |
| ૧૦ | ૪ | ૦ વધંન | ૦વર્ધન |
| ૧૦ | ૧૮ | नाभं | नामं |
| ૧૦ | ૨૪ | बितिओ | बित्तिओ |
| ૧૦ | ૩૨ | अजसा | अजसो |
| ૧૧ | ૯ | જત | જતાં |
| ૧૨ | ૨૩ | ०भिपेक्ष्यति | भिषेक्ष्यति+ |
| ૧૨ | ૨૬ | भविष्यति | भविष्यति |
| ૧૪ | ૮ | એવો | એવા |
| ૧૪ | ૩૧ | કાઇ | કાંઇ |
| ૧૫ | ૩૩ | पणवन्न० | पणवन्न० |
| ૧૮ | ૨૮ | એટલોજ જ | એટલે। જ |
| ૧૯ | ૪ | રાજકતાઓ | રાજકર્તાઓ |
| ૧૯ | ૮ | વષો | વર્ષો |
| ૧૯ | ૧૮ | તાં | તો |
| ૧૯ | ૧૮ | ને | નાં |
| ૨૦ | ૯ | શ્રેણિકની | –શ્રેણિકની |
| ૨૨ | ૧ | વષે | વર્ષે |
| ૨૨ | ૩૨ | षोडशाते | षोडशैते |
| ૨૩ | ૧૮ | પ્રદ્યોતેનાં | પ્રદ્યોતોનાં |
| ૨૫ | ૨૩ | શક સંવત મે | શકસંવતમેં |
| ૨૫ | ૨૯ | दिवंद्विज | दिवं द्विज |
| ૨૫ | ૩૧ | विप्णु | विष्णु |
| ૨૫ | ૩૩ | ને ધવામાં | નોંધવામાં |
| ૨૬ | ૧ | થતાં | હોતાં |
| ૨૬ | ૧૦ | બહત્કર્માં | બૃહત્કર્માં |
| ૨૬ | ૧૪ | બહદ્રથો | બૃહદ્રથો |
| ૨૭ | ૧ | વીશ– | વીસ |
| ૨૭ | ૧૩ | ઘણા | ઘણાં |
| ૨૭ | ૨૦ | ૦વશી | ૦વંશી |
| ૨૮ | ૨૦ | પૂર્વે, | પૂર્વે મહીનેત્રને। રાજ્યારંભ |
| ૨૮ | ૨૫ | ૭૧ વર્ષ | ૭૧ યા ૬૨ વર્ષ |
| ૩૧ | ૨૭ | બૌદ્ધગથો | બૌદ્ધગ્રંથો |
| ૩૩ | ૨૯ | सेवकांश्चके | सेवकांश्चक्रे |
| ૩૫ | ૭ | મૂર્તિની અદલા૦, | મૂર્તિની પ્રતિષ્ઠા કરાવી હતી. એને। ઇરાદો વીતભયપટ્ટણની શ્રીમહાવીરની મૂર્તિની અદલા |
| ૩૫ | ૧૨ | ૦પટણુથી | ૦પટ્ટણુથી |
| ૩૫ | ૨૫ | હેવાનું | હોવાનું |
| ૩૬ | ૧૯ | ઉદયની | ઉદયનની |
| ૩૭ | ૧ | સ્વભાવિક | સ્વાભાવિક |
| ૩૭ | ૧૧ | પામેલા | પામેલે। |
| ૩૭ | ૧૧ | બૌદ્ધસંપ્રદાયને। | બૌદ્ધસંપ્રદાય |
| ૩૭ | ૩૨ | बद्धत्ति ) | बद्धत्ति। |
| ૩૮ | ૩ | પાલકના | પાલકને। |
| ૩૮ | ૩ | ૦વંશના | ૦વંશને। |
| ૩૮ | ૧૦ | આવી હતી" | આવી હતી"૪૩ |
| ૩૮ | ૨૧ | સૌરાષ્ટા૦ | સૌરાષ્ટ્રા૦ ૪૪ |
| ૩૯ | ૩ | જણાવે છે. | જણાવેછે |
| ૩૯ | ૭ | નન્દિવર્થન | નન્દિવર્તન |
| ૩૯ | ૧૩ | ૦--૧૫૫=૧૫૫ | ૬૦થી૨૧૫ એમ ૧૫૫ વર્ષ |

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૩૯ | ૨૧ | ૧ વર્ષે— | ૧ વર્ષે |
| ૩૯ | ૨૬ | દશપુત્રેના | દશપુત્રોના |
| ૪૦ | ૫ | ૪૩ વર્ષ | ૪૩ વર્ષ ૪૮ |
| ૪૦ | ૧૦ | રાજ્યરંભથી ૧૪ | રાજ્યારંભથી ૧૪૮ |
| ૪૦ | ૧૪ | ઉદાથીનાં | ઉદાયીના |
| ૪૦ | ૨૯ | રાજ્યરંભ | રાજ્યારંભ |
| ૪૧ | ૭ | શદ્ધાં | સુદ્ધાં |
| ૪૧ | ૧૧ | વષે | વર્ષે |
| ૪૧ | ૧૧ | વશાલીમાં | વૈશાલીમાં |
| ૪૧ | ૧૨ | વશાલીમાં | વૈશાલીમાં |
| ૪૧ | ૩૧ | **०निकाय** | **निकाय** |
| ૪૨ | ૧૩ | ઇ.સ.પૂ. ૫૧૧ | ઇ.સ.પૂ.૫૫૧ |
| ૪૨ | ૧૫ | ઉપરોક્ત | ઉપરોક્ત, આ લેખની ગણના સિવાયની, |
| ૪૨ | ૧૭ | ૨૮૩કે૨૬૦ | ૨૮૪કે૨૬૧ |
| ૪૩ | ૧૨ | કાણિક | કોણિક |
| ૪૩ | ૧૩ | જતા | જતો |
| ૪૫ | ૧ | ૫૨ | ૫૨થી |
| ૪૫ | ૪ | મળતા | મળતો |
| ૪૫ | ૯ | સળગ | સળંગ |
| ૪૫ | ૧૨ | સળગ | સળંગ |
| ૪૫ | ૧૩ | કયા | કર્યાં |
| ૪૫ | ૧૪ | ૦મા સોથી માટા | ૦માંસૌથી મોટો |
| ૪૫ | ૧૫ | વર્ષ કાણિકનોચપા | વર્ષેકોણિકનોચંપા |
| ૪૫ | ૨૩ | ૦ના સયુક્ત | ૦નાં સંયુક્ત |
| ૪૮ | ૧૬ | કે, પી. જયસ્વાલ | કે. પી. જાયસ્વા૦ |
| ૪૮ | ૨૯ | અસંમત | અસંગત |
| ૫૦ | ૨૪ | જમસ્વાલ | જાયસ્વાલ |
| ૫૧ | ૧૬ | વાચક્રે | વાચક |
| ૫૧ | ૧૯ | શ થી | શબ્દથી |
| ૫૨ | ૧૮ | ને આઠમા | નન્દથી આઠમા |
| ૫૫ | ૨૭ | યુગપ્રધાનના | યુગપ્રધાનપણાના |
| ૫૬ | ૩૦ | મ. નિ. ૯૭ | મ. નિ. ૯૮ |
| ૬૬ | ૨૪ | વં | વંશ |
| ૬૮ | ૨૭ | ૫૯૧–૪૬૦ | ૪૯૧–૪૬૦ |
| ૬૯ | ૧૩ | ૨૬૮ | ૨૧૮ |

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૭૧ | ૧૯ | ૬૦ વર્ષે | ૬૦ થી |
| ૭૧ | ૨૧ | ૬૦ વર્ષે | ૬૦ થી |
| ૭૨ | ૧ | માંડલિકોની ૫× | માંડલિકોની પણ |
| ૭૩ | ૨૬ | (૨૦ વર્ષ) | |
| ૭૯ | ૧૦ | જયસ્વાલજી | જાયસ્વાલજી |
| ૭૯ | ૧૦ | દશરથાદ | દશરથાદિ |
| ૮૫ | ૨૮ | (બૌદ્ધ ૨૮, | (બૌદ્ધ ૨૮) |
| ૮૫ | ૨૯ | ૩૬ વપ | ૩૬ વર્ષ |
| ૯૪ | ૨૦ | **हाहितित्ति** | **होहितित्ति** |
| ૯૭ | ૩ | સરદાર | સરદાર, |
| ૯૭ | ૯ | ।હૃદમાં | હિંદમાં |
| ૧૦૨ | ૮ | સળગ | સળંગ |
| ૧૦૩ | ૨૧ | પુરાણો છે | પુરાણોની |
| ૧૦૭ | ૧૮ | ૩ ઉ રી | ૩૬માં ઉમેરી |
| ૧૦૭ | ૨૯ | સંભાવત | સંભવિત |
| ૧૦૮ | ૫ | રાજ્યાત | રાજ્યાન્ત |
| ૧૦૮ | ૯ | લખતા | લખતાં |
| ૧૦૮ | ૧૫ | ત્યા | ત્યાં |
| ૧૦૮ | ૨૬ | **०राहणपरा** | **०राहणपरो** |
| ૧૧૨ | ૨૨ | બાંબતોમાં | બાબતોમાં |
| ૧૧૩ | ૫ | પશ્ચાત્તાપ | પશ્ચાત્તાપ |
| ૧૧૬ | ૨૮ | પ્રસેનાજિતના | પ્રસેનજિતના |
| ૧૧૭ | ૩ | વર્ષ | વર્ષે |
| ૧૧૭ | ૨૯ | તેણે, | તેણે |
| ૧૧૭ | ૩૦ | જે, તે | જે તે |
| ૧૧૭ | ૩૧ | સમમ | સમય |
| ૧૧૯ | ૧૪ | ખોહાવી | ખોદાવી |
| ૧૨૦ | ૪ | સાધરણ | સાધારણ |
| ૧૨૩ | ૨૦ | ×પિતા | સંપ્રતિનોપિતા |
| ૧૨૪ | ૨૫ | જન્મતાં | જન્મ્યો |
| ૧૨૬ | ૩૦ | સાતવારી | સાલવારી |
| ૧૨૭ | ૨ | વષે | વર્ષે |
| ૧૨૯ | ૧૧ | બ્રાહ્યણની | બ્રાહ્મણની |
| ૧૨૯ | ૨૪ | અશોકે | અશોક |
| ૧૩૭ | ૨૨ | ઘોડેસ્વાર | ઘોડેસ્વાર |
| ૧૩૮ | ૩૧ | '૨૯૩'ના | '૨૬૨'કે'૨૮૨'ના |

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ | પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|---|---|---|---|
| ૧૩૯ | ૧૯ | ०य,××××रा० | यःस चकारा० | ૨૨૧ | ૨૨ | ૩૧ (૩૩૫–૩૭૬) | ૪૧(૩૩૫-૩૭૬) |
| ૧૪૨ | ૨૯ | દૂર અદૂતિર | દૂર અતિદૂર | ૨૨૨ | ૨૬ | મ. નિ. ૮૨૩– | મ. નિ. ૮૨૬– |
| ૧૪૬ | ૨૯ | (૨૦૯) ટીપ્પણુ૦ | ૧૪૭ પૃષ્ઠમાંનીચે | ૨૨૨ | ૨૬ | –૮૮૨ | –૮૬૨ |
| ૧૪૭ | ૨૪ | સકે | શકે | ૨૩૨ | ૨૮ | (૧) | (૨) |
| ૧૪૮ | ૧૩ | જયસ્વાલજી | જાયસ્વાલજી | ૨૩૮ | ૨૨ | કાલક | કાલક |
| ૧૫૨ | ૧૯ | સંબવ છે કે, | સંભવ છે કે, | ૨૪૨ | ૧૧ | × લીધું | લઈ લીધું |
| ૧૫૨ | ૨૬ | શખાણુની | લખાણુની | ૨૪૪ | ૩૫ | ગયુપ્રધાન | યુગપ્રધાન |
| ૧૬૩ | ૧૮ | કત :પુષ્ય ના | કતલ પુષ્યમિત્રના | ૨૪૬ | ૨૮ | દેવાધિ | દેવર્ધિ |
| ૧૬૭ | ૮ | ચર્ચી છે | ચર્ચી | ૨૬૩ | ૧૩ | પ્રેવર્તાવ્યો | પ્રવર્તાવ્યો |
| ૧૭૨ | ૧૪ | મળવા | માળવા | ૨૬૬ | ૨૨ | ચન્દકેતુ | ચન્દ્રકેતુ |
| ૧૭૬ | ૩૧ | અમાત્યય અમે | અમાત્ય અથમે | ૨૭૩ | ૩ | જયદામાં | જયદામા |
| ૧૮૭ | ૧૮ | કાલકમુક આચર્ય | કાલકમુનિઆચાર્ય | ૨૮૨ | ૩૧ | સ્થાપેલા | સ્થાપેલા, |
| ૨૧૬ | ૧૫ | ખજાનો કરતા | ખજાનોખાલીકરતા | ૨૯૨ | ૨૮ | રાજ્યરંભ | રાજ્યારંભ |

# અવંતિનું આધિપત્ય

યાને

## [ શ્રી મહાવીર નિર્વાણ પછીનાં છસો વર્ષ ]

### શ્રી મહાવીરનિર્વાણુથી ૪૧૦ વર્ષે વિક્રમાદિત્યનો રાજ્યારંભ.

શ્રી [1]મહાવીરનું [2]નિર્વાણુ અને શકારિ [3]વિક્રમાદિત્યનો રાજ્યારંભ, એ બે બનાવ વચ્ચેનું કાલાંતર નક્કી કરવામાં તે સમયના [4]અવન્તીના અધિપતિઓ અને તેમના અવન્તી પરના રાજત્વકાલનું જ્ઞાન એ ખાસ ઉપયોગી હોવાથી તેને મેળવવાની અત્યંત આવશ્યકતા છે; પણુ એ જ્ઞાન મેળવવા માટે જેવાં જોઇએ તેવાં પુરતાં સાધનો આજે વિદ્યમાન નથી. આમ છતાં પણુ છૂટાં છવાયાં એવાં કેટલાંક જે સંદિગ્ધ સાધનો મળી આવે છે તે દ્વારા પણુ અવંતીના અધિપતિઓ અને એમના અવન્તી પરના રાજત્વકાલ પર પ્રકાશ ફેંકી જોઇતું જ્ઞાન મેળવી શકાય તેમ છે.

**શ્રીમહાવીરનિર્વાણુથી વિક્રમાદિત્યનો રાજ્યારંભ ૪૭૦ વર્ષે થયો તેને સમર્થન કરનાર કાલ ગણુનાની ગાથાઓ.**

આવાં સાધનોમાં અવન્તીના તે સમયના અધિપતિઓ અને તેમના અવન્તી પરના રાજત્વકાલને જણાવનારી [5]શ્રી મેરૂતુંગાચાર્યે 'સ્થવિરાવલી અથવા વિચારશ્રેણિ'માં ઉલ્લેખેલી

---

(૧) જૈનધર્મે માનેલા ચોવીશ તીર્થંકરોમાંના એક અને અંતિમ તીર્થંકર, જે બૌદ્ધધર્મ સંસ્થાપક શ્રી બુદ્ધના સમકાલીન હતા.

(૨) નિર્વાણુ એટલે પરિનિર્વાણુ, કૈવલ્ય નહિ.

(૩) જેના નામથી હાલ વિક્રમસંવત પ્રવર્તી રહ્યો છે તે ઉજ્જયિનીનો સુપ્રસિદ્ધ રાજા.

(૪) જેની રાજધાની ઉજ્જયિની—અવન્તિ નગરી હતી અને જે પાછળથી 'માલવ' નામે ઓળખાયો છે, તે ભારતનો એક સુરસાલ મધ્યવર્તી દેશ.

(૫) વિક્રમની ચૌદમી સદીમાં વિદ્યમાન, પ્રબન્ધચિન્તામણિ આદિ ગ્રંથોના કર્તા અંચલગચ્છીય જૈનાચાર્ય.

[૬]કાલ ગણનાની ગાથાઓ મુખ્ય ભાગ ભજવે છે. એ સુપ્રસિદ્ધ ગાથાઓ આ પ્રમાણે છેઃ—

“ जं रयणिं कालगओ, अरिहा तित्थंकरो महावीरो ।
तं रयणिमवंतिवइ ( ए ), अहिसित्तो पालगो राया ॥ १ ॥
सट्ठी पालगरन्नो, पणव ( प )न्नसयं तु होइ णंदाणं ।
अट्ठसयं मुरियाणं, तीसच्चिय पूसमित्तस्स (त्ताणं) ॥ २ ॥
बलमित्त–भाणुमित्ता, सट्ठी वरिसाणि चत्त नहवहणे ।
तह गद्दभिल्लरज्जं, तेरसवासे सगस्स चउ ॥ ३ ॥ ”

ચાલુ સંપ્રદાય પ્રમાણે આ ઉપર નોંધાએલી ગાથાઓનો અર્થ આ પ્રમાણે થતો આવ્યો છેઃ—

(૬) આ કાલગણનાની ગાથાઓના કર્તા કોણ છે તથા તે ક્યારે રચાઈ હતી એ વિષે જૈન-સાહિત્યમાંથી કાંઈ પણ જાણવા મળતું નથી. તિથ્થોગ્ગાલી પઈન્નયકારને આ ગાથાઓમાંની છેલ્લી ગાથામાં ઉત્તરાર્ધને પલટવું પડયું છે, એનું કારણ કદાચ તેમને કાલગણના વિષયક અસંગતિ જણાઇ હોય એમ લાગે છે. પણ તે ગાથા પઈન્નયકારના સમયથી પણ પ્રાચીન તો છે જ, કારણકે તે પઈન્નય–પ્રકીર્ણક તરીકે તેમના ગ્રંથમાં સંગ્રહાયેલી છે. વિક્રમની પાંચમી સદીના આચાર્ય સ્થવિર હિમવંતે આ ગાથાઓનો ઉપયોગ કર્યો નથી. તેથી તેમના સમય બાદ આ ગાથાઓની રચના થઈ હશે એમ કલ્પના કરી શકાય નહિ કારણકે, તેમને પોતાની ‘થેરાવલી’માં અવન્તિના રાજવંશથી નહિ પણ મગધના રાજવંશથી થેરાવલીનો પ્રારંભિક સંબંધ રાખવો હતો તેથી તેમનાથી આ ગાથાઓનો ઉપયોગ કરી શકાય તેમ ન હતું. ‘હિમવંત થેરાવલી’ની રચના થઇ તેની પૂર્વે આ ગાથાઓ રચાયેલી હતી, એમ પણ સાધનના અભાવે કહેવું મુશ્કેલ છે. ‘તિથ્થોગાલી પઈન્નય’નો રચના સમય અચોક્કસ હોવાથી તેથી પૂર્વે રચાયેલી આ ગાથાઓનો સમય નિશ્ચિત કરી શકાય તેમ નથી. વિશેષ પર્યાલોચન કરતાં સમજાય છે કે, આ ગાથાઓમાંની ત્રીજી ગાથા ‘**बलमित्त**’ પછીની ગાથા **विक्कमरज्जाणंतर–तेरसवासेसु वच्छरपवत्ती । सुन्नमुणिवेयजुत्तो, विक्कमकालाओ जिणकालो** ’॥ આ હોવી જોઇએ, કે જેનો અભિપ્રાયાર્થઃ ‘શક પછી વિક્રમનું રાજ્ય, તે પછી ૧૩ વર્ષે સંવત પ્રવૃત્તિ અને વિક્રમમૃત્યુથી જિનનિર્વાણ વચ્ચે ૪૭૦ વર્ષનું અંતર’ આવો હતો. આચાર્ય હિમવંતના સમય પૂર્વે એ ચોથી ગાથાનો અર્થ સંદિગ્ધ અને વિવાદગ્રસ્ત થઈ ગયો હોવો જોઇએ. વિક્રમરાજ્યારંભ પછી તેમણે રાજપ્રકરણ છોડી દીધું છે તેમાં પણ આ એક કારણ હોવા સંભવ છે. કેટલીક પ્રકીર્ણક ગાથાઓના પાઠભેદમાં અને શ્રીમેરૂતુંગસૂરિને ‘**विक्कमरज्जानंतर–सतरसवासेहिं वच्छरपवत्ती**’० એ ગાથાનો અર્થ કરવામાં જે રીત અંગીકાર કરવી પડી છે તેમાં પણ એ સંદિગ્ધતા અને વિવાદ-ગ્રસ્તતા જ મૂળ કારણ હશે એમ લાગે છે. અન્યથા ‘નભોવાહન રાજ્યથી ૧૭ વર્ષે વિક્રમાદિત્યનું રાજ્ય’, રાજ્યાનંતર તરત જ સંવત્સર પ્રવૃત્તિ’ આવો અર્થ તે આચાર્ય ન જ કરે. આ સર્વ પરથા ‘**जं रयणिं०**’ આદિ ત્રણ ગાથાઓ અને ‘**विक्कमरज्जानंतर०**’ એ ગાથા વિક્રમના મૃત્યુ પછી અને આચાર્ય હિમવંતના સમય પૂર્વે કયારેક રચાઇ હોવા સંભવ છે. કદાચ વિક્રમની પહેલી બીજી સદીમાં આ ગાથાઓ રચાઈ હશે અને તે ત્રીજી ચોથી સદી પસાર થતાં ન થતાં સંદિગ્ધ થઇ વિવાદગ્રસ્ત બની ગઈ હશે.

"અર્હંન્ મહાવીર તીર્થંકર જે રાત્રિએ નિર્વાણ પામ્યા તે રાત્રિએ અવન્તિપતિ પાલક રાજાનો અભિષેક થયો. પાલકરાજાનું ૬૦ વર્ષ, નન્દોનું ૧૫૫ વર્ષ, મૌર્યોનું ૧૦૮ વર્ષ, પુષ્યમિત્રનું ૩૦ વર્ષ, બલમિત્ર–ભાનુમિત્રનું ૬૦ વર્ષ, નભોવાહનનું ૪૦ વર્ષ, ગર્દભિલ્લનું ૧૩ વર્ષ અને શકનું ૪ વર્ષ રાજ્ય હતું."

ચાલુ સંપ્રદાય કાલગણનાની ગાથાઓના શબ્દાર્થને જ અનુસરે છે અને તે મહાવીરનિર્વાણથી વિક્રમાદિત્યના રાજ્યારંભ સુધીના કાલને ૬૦+૧૫૫+૧૦૮+૩૦+૬૦+૪૦+૧૩+૪=૪૭૦ વર્ષનો માને છે.

આવી માન્યતા હોવાનું કારણ અન્ય ગમે તે હો, પણ અનુમાનથી ખાસ કરીને એ સમજાય છે કે, મહાવીરનિર્વાણકાલ અને વિક્રમકાલ એ બન્નેની વચ્ચે ૪૭૦ વર્ષનું અંતર છે એમ સ્પષ્ટ સૂચવનારી–

"विक्कमरज्जाणंतरे तेरसवासेसु वच्छरपवत्ती।
सुन्नमुणिवेयजुत्तो, विक्कमकालाओ जिणकालो ॥"

આ ગાથા અને એવી જ મતલબની અન્ય ગાથાઓ ચાલુ સંપ્રદાયમાં અતિ પ્રચલિત હતી. 'विक्कमरज्जा०' એ ગાથાનો શબ્દાર્થ આવી રીતે થાય છે. "વિક્રમના રાજ્ય પછી તેર વર્ષે સંવત્સરની પ્રવૃત્તિ થઇ. વિક્રમકાલથી જિનકાલ ૪૭૦ વર્ષ યુક્ત હતો."

ચાલુ સંપ્રદાય 'જિનકાલ' એ શબ્દાર્થનો ભાવ 'જિનનિર્વાણ' માને છે, તેમ 'વિક્રમકાલ' એ શબ્દાર્થનો ભાવ 'વિક્રમમૃત્યુ' કે 'વિક્રમરાજ્યાંત' માનતો નથી પણ 'વિક્રમરાજ્ય', એટલે 'વિક્રમરાજ્યારંભ' માને છે. પરિણામે વિક્રમ રાજ્યારંભથી જ મહાવીરનિર્વાણનું અંતર ૪૭૦ વર્ષ મનાતાં 'सट्ठी पालग' 'बलमित्त' આ બે કાલગણનાની ગાથાઓ પણ મહાવીરનિર્વાણથી વિક્રમરાજ્યારંભ સુધી ૪૭૦ વર્ષના અંતરને કથન કરતી માનવામાં આવી.

મહાવીરનિર્વાણથી વિક્રમરાજ્યારંભ સુધી ૪૭૦ વર્ષના અંતરને માનનારો આ સંપ્રદાય જૈનશ્રમણસંઘમાં સમયના વહેણની સાથે વિશેષ વ્યાપક અને પ્રગતિમાન બન્યો. પરિણામે જૈનસાહિત્યમાં કાલગણનાના પ્રસંગે બહુધા એ સંપ્રદાયની માન્યતાનું જ અનુસરણ થતું રહ્યું. વર્તમાનમાં પણ સૌ કોઈ એ સંપ્રદાયને જ અનુસરતા આપણે જોઇએ છીએ.

## શ્રી મહાવીરનિર્વાણથી વિક્રમાદિત્યનો રાજ્યારંભ ૪૧૦ વર્ષે થયો તેને સમર્થન કરનાર હિમવંત થેરાવલી

આમ છતાં જાણવા મળે છે કે, 'હિમવંત થેરાવલી' નામના ગ્રંથથી સૂચિત એક બહુ જ પ્રામાણિક સમજાતો એવો ઐતિહાસિક સંપ્રદાય પણ મહાવીરનિર્વાણથી નવગી સદીની લગભગ સુધી અસ્તિત્વ ધરાવતો હતો, કે જે મહાવીરનિર્વાણ અને વિક્રમરાજ્યારંભ વચ્ચે ૪૧૦ વર્ષનું અંતર માનતાં ચાલુ સંપ્રદાયની ઉપરોક્ત ૪૭૦ વર્ષના અંતરની

સાથે મતભેદ ધરાવતો હતો. આ મતભેદ 'सट्ठी पालग' અને 'बलमित्त-भानुमित्ता' એ ગાથાઓના અભિપ્રાયને ભિન્ન ભિન્ન રીતે સમજવાથી જન્મ્યો હતો કે અન્ય કોઇ સાધન દ્વારા જન્મ્યો હતો એ સ્પષ્ટ રીતે સમજવું હાલ ઘણુંજ મુશ્કેલ છે, પણ સંભવ છે કે ઉપરોક્ત ગાથાઓના અભિપ્રાયભેદને લઇ એ મતભેદ જન્મ્યો હોય.

કલિકાલસર્વજ્ઞ સમર્થ આચાર્ય શ્રીહેમચંદ્રસૂરીશ્વરજીએ દશમા પર્વ-મહાવીર ચરિત્રમાં અને પરિશિષ્ટ પર્વમાં ઉપરોક્ત એ બન્ને સંપ્રદાયોનો મતભેદ નોંધ્યો છે-પ્રકારાન્તરે સૂચવ્યો[૭] છે, એ મતભેદ અને કાલગણનાની ઉપરોક્ત ગાથાઓમાં જે અશુદ્ધિની અને તેના અંગે આવી પડતી કેટલીક અસંગતિની સંભાવના કલ્પાય છે તે કોઇ પણ રીતે દૂર કરી શકાય એમ છે કે કેમ એ પ્રશ્નને ખાસ લક્ષમાં લઇ 'અવન્તિ પરનું આધિપત્ય' વિષેનો આ નિબંધ લખવા હું પ્રેરાયો છું. 'હિમવંત થેરાવલી'માં આલેખાયેલા મહત્વભર્યા ઐતિહાસિક ઉલ્લેખોને સાથમાં રાખી ઉપરોક્ત કાલગણનાની સુપ્રસિદ્ધ ગાથાઓની અર્થ વિચારણા કરતાં હું મારા આ લેખનો હેતુ યોગ્ય રીતે સાધી શકું કે ન પણ સાધી શકું. કારણકે મારો આ પ્રયાસ પ્રથમિક હોઈ જોઇતાં અન્યાન્ય સાધનોની બહુજ ન્યૂનતાવાળો છે. એક પ્રયાસ તરીકેજ આ પ્રયાસ હું કરી રહ્યો છું, એમ આ લેખના વાંચકો સમજે એવી મારી તેમને અને આ વિષયના વિશેષજ્ઞોને ખાસ ભલામણ

---

(૭) મહાવીર ચરિત્ર આલેખતાં દશમા પર્વમાં શ્રીહેમચન્દ્રસૂરિજી લખે છે કેઃ—

'अस्मन्निर्वाणतो वर्ष-शतान्यभय षोडश। नवषष्टिश्च यास्यन्ति, यदा तत्र पुरे तदा॥
कुमारपालो भूपाल-श्चौलुक्यकुलचन्द्रमाः। भविष्यति महाबाहुः प्रचंडाखंडशासनः॥
त्रि. श. पु. च. पर्व १०. सर्ग १२. श्लो० ४५। ४६।

વીરનિર્વાણથી ૧૬૬૯ વર્ષે કુમારપાલરાજાનો રાજ્યારંભ થયો હતો એમ આ શ્લોકો કહે છે. ચાલુ સંપ્રદાય કુમારપાલનો રાજ્યારંભ વિક્રમ સંવત ૧૧૯૯માં માને છે, એ હીસાબે મહાવીરનિર્વાણ વિક્રમસંવત વચ્ચેનું અંતર ૧૬૬૯-૧૧૯૯=૪૭૦ જ આવે. શ્વેતામ્બરામ્નાયમાં એ માન્યતા સર્વસમ્મત છે કે, વિક્રમસંવત વિક્રમે પોતે પૃથ્વીને અનૃણ કરી પોતાના રાજ્યના આરંભનો અંક મુકી પ્રવર્તાવ્યો હતો. એ પ્રવૃત્તિ એણે પોતાના રાજ્યના તેરમા વર્ષે કરી હતી એમ 'तेरसवासेहिं वच्छरपवत्तो' એ પ્રકીર્ણકગાથાનું ચરણ કહે છે અને તેનું હું આગળ જતાં સમર્થન કરવાનો છું.

ઉપરોક્ત રીતે આચાર્ય ચાલુ સંપ્રદાયના મતને સૂચવતા જણાય છે, ત્યારે પરિશિષ્ટ પર્વમાં—

'एवं च श्रीमहावीरमुक्तेर्वर्षशते गते। पञ्चपञ्चाशदधिके, चन्द्रगुप्तोऽभवन्नृपः॥'
परिशिष्टपर्व सर्ग ८ श्लो० ३३९.

આ શ્લોકથી મૌર્ય ચન્દ્રગુપ્તનો રાજ્યાભિષેક મહાવીરનિર્વાણથી ૧૫૫ વર્ષે લખે છે. ચાલુસંપ્રદાય ચન્દ્રગુપ્તનો રાજ્યારંભ મ. નિ. ૨૧૫ વર્ષે માને છે તેનાથી આ સમય ૬૦ વર્ષ પૂર્વે છે. એટલે ચાલુ સંપ્રદાયમાં વિક્રમરાજ્યારંભ મ.નિ. ૪૭૦ વર્ષે આવે છે તો હેમચન્દ્રસૂરિજીના મતે મ.નિ. ૪૧૦ વર્ષે આવવો જોઇએ કે જેવી રીતે આચાર્ય હિમવંત પોતાની થેરાવલીમાં લખે છે. ચાલુ સંપ્રદાયથી આ ભિન્ન મત છે.

છે. શ્રી શ્રમણુસંઘને તો વિનંતી કરૂં છું કે, તે મારા આ લેખને ચાલુ સંપ્રદાયથી ભિન્ન એવા એક, મહાવીરનિર્વાણુ અને વિક્રમરાજ્યારંભ વચ્ચે ૪૧૦ વર્ષનું અંતર માનવાવાળા સંપ્રદાયની દિશા દર્શાવનાર તરીકે જ સમજે.

# મહાવીર નિર્વાણુ અને પાલક રાજ્યાભિષેક.

( મ. નિ. સં. ૦, વિ. સં. પૂ. ૪૧૦, ઈ. સ. પૂ. ૪૬૭. )

કાલગણુનાની 'जं रयणिं०' એ પ્રથમ ગાથામાં મહાવીરનિર્વાણુ અને પાલકનો અવન્તિપતિ તરીકેનો રાજ્યાભિષેક એ બે ઘટનાઓ એકજ સમયે બની હતી એવો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે, મહાવીરનિર્વાણુ અને વિક્રમરાજ્યારંભ એ બે બનાવો વચ્ચેનું સામયિક અંતર માપવા માટે મહાવીરનિર્વાણુ સમકાલીન એક વિશિષ્ટ ઘટનાને ચોક્કસ બિન્દુ તરીકે રાખી અવન્તિના અધિપતિઓ અને તેમના અવન્તિ પરના રાજત્વકાલના પ્રવાહે વિક્રમરાજ્યારંભ સુધીની એક સીધી સળંગ રેખા દોરવાના હેતુથીજ કર્યો છે. ગાથાના રચયિતાએ આ રેખાનું સામયિક અગ્રબિન્દુ પાલકનો રાજ્યાભિષેક થયો ત્યાં મુક્યું, જ્યારે તેનું પશ્ચાત્ બિન્દુ, મહાવીરનિર્વાણુના સમયે થએલા પાલકના રાજ્યાભિષેકથી 'सट्ठी पालग०' અને 'बलमित्त०' એ ગાથાઓમાં નોંધેલા અવન્તિના અધિપતિઓના રાજત્વકાલ જેટલો સમય વીત્યા બાદ, અર્થાત્ શકવિજેતા વિક્રમનો રાજ્યારંભ થયો ત્યાં રાખ્યું છે. મહાવીરનિર્વાણુથી વિક્રમરાજ્યારંભ સુધી મપાતા અંતરના બધાજ સમયમાં જૈનત્ત્વની દૃષ્ટિએ અને રાજકીય મહત્ત્વની દૃષ્ટિએ અવન્તિનું સ્થાન એક રીતે આગળ પડતું હતું અને મહાવીરનિર્વાણુ સમયે જ ત્યાં પાલકનો રાજ્યાભિષેક થયો હતો એ અનુકૂલતાને ઝડપી લઇ ગાથાકારે પોતે દોરવા ધારેલી રેખાનું અગ્રબિન્દુ ગોઠવવામાં ભારે કૌશલ્ય વાપર્યું છે. આથીજ ખૂબ મહત્વભરી નોંધ લેવાને માટે એક આખી ગાથા 'जं रयणिं' રોકવી પડી છે તે પણ ઉપરોક્ત સ્પષ્ટીકરણથી સહજ સમજાશે.

### શ્રમણુ ભગવાન મહાવીર તથા ચંડપ્રદ્યોતનું સંક્ષિપ્ત અવતરણ

અહિં શ્રીમહાવીર અને તેમના સમયમાં વર્તમાન પરિસ્થિતિ વિષે તથા પાલકના પૂર્વગામી મહારાજા પ્રદ્યોત વિષે અતિ સંક્ષેપથી કાંઇક અવતરણુ આપવું એ પ્રસંગોપાત છે. અને કાંઇક આવશ્યક પણુ છે, તેથી તે આપીએ છીએ.

જૈન સાહિત્યથી જાણુવા મળે છે કે, શ્રીમહાવીર મગધના પૂર્વસીમા પ્રદેશમાં આવેલા (૮)ક્ષત્રિયકુંડગ્રામ નગરમાં સિદ્ધાર્થ રાજાની રાણી ત્રિસલાદેવીના ઉદરે જન્મ્યા હતા.

(૮) કેટલાક અર્વાચીન સંશોધકો વિદેહની વૈશાલીના એક વિભાગ તરીકે ક્ષત્રિયકુણ્ડગ્રામનગરને માને છે, પણુ જૈન ગ્રંથકારો અને સર્વ જૈનપરંપરા લચ્છ-આડ ગામ, કે જે પૂર્વ બિહારમાં આવેલા ગિદોર સ્ટેટમાં કયુલ સ્ટેશનથી પશ્ચિમમાં આઠ કોશપર આવેલું છે, ત્યાં માને છે. કોઇ કોઇ લેખકો

તેઓ ઇક્ષ્વાકુવંશના અને જ્ઞાતકુલના હતા. વૈશાલીના ગણ–મહારાજા ચેટકના તેઓ ભાણેજ હતા. ચેટકરાજાની કન્યાઓ ઉદાયન વિગેરે મોટા મોટા રાજકર્તાઓને પરણી હતી, તેને લઈ તે રાજવીઓ તેમના સગાસંબંધી હતા. ૩૦ વર્ષ ગૃહસ્થાવાસમાં રહી અંતે સર્વસ્વનો ત્યાગ કરી તેમણે શ્રમણધર્મ સ્વીકાર્યો હતો. તેમનું છદ્મસ્થ જીવન ૧૨ વર્ષ અને કેવલી જીવન ૩૦ વર્ષ હતું. ૭૨ વર્ષનું આયુષ્ય ભોગવી કારતક વદી અમાવાસ્યા ( ગુજરાતી આસો વદી અમાવાસ્યા ) ની રાત્રિએ તેઓ મગધ દેશની મધ્યમા પાપા–અપાપાપુરી ( પાવાપુરી ) માં નિર્વાણ પામ્યા હતા.

આ લેખમાં સ્વીકારાયેલી કાલગણનાનુસાર–મહાવીર જન્મ મ. નિ. પૂ. ૭૨ ( વિ. સં. પૂ. ૪૮૨, ઇ. સ. પૂ. ૫૩૯ ), મહાવીર દીક્ષા મ. નિ. પૂ. ૪૨ ( વિ. સં. પૂ. ૪૫૨, ઇ. સ. પૂ. ૫૦૯ ), મહાવીર કેવલજ્ઞાન મ. નિ. પૂ. ૩૦ ( વિ. સં. પૂ. ૪૪૦, ઈ. સ. પૂ. ૪૯૭ ), મહાવીર નિર્વાણ મ. નિ. પૂ. ૦ ( વિ. સં. પૂ. ૪૧૦, ઇ. સ. પૂ. ૪૬૭ ) વર્ષે આવે છે.

શ્રી મહાવીરના શ્રમણ જીવન દરમિયાન વિદેહની વૈશાલીમાં ચેટક, સિંધુ સૌવીરના વીતભયપટ્ટણમાં ઉદાયન, કુણાલની શ્રાવસ્તીમાં જિતશત્રુ, મગધની રાજગૃહીમાં

લચ્છુઆડને સ્થાપના 'ક્ષત્રિયકુંડ' તીર્થ તરીકે હોવાની વાત કરે છે અને તેના સમર્થનમાં અનેક કારણો રજુ કરે છે; પણ મારી સમજ પ્રમાણે તે કારણો–હેતુઓ દૂષિત હોઇ આ વિષેનું તેમનું અનુમાન આભાસ માત્ર છે.

જ્ઞાતખંડવનમાં દીક્ષા અંગીકાર કરી ત્યાંથી વિહાર કરીને મહાવીર ક્રમશઃ કર્મારગ્રામ, કોલ્લાગસન્નિવેશ અને મોરાકસન્નિવેશમાં ગયા હતા. આ સ્થળે અને અન્યત્ર વિચરી ફરી પાછા ભગવાન ચોમાસા પર મોરાક આવ્યા હતા ને ત્યાંથી ચોમાસામાં જ અસ્થિકગ્રામ ગયા હતા. આ બધાં સ્થળ ગંગા નદીના દક્ષિણ પ્રદેશમાં જ આવેલાં હતાં. કર્મારગામથી કોલ્લાગ આવી ત્યાં ભગવાને દીક્ષા સમયના છઠ્ઠનું પારણું કર્યું હતું. આ કોલ્લાગ તે જ હતું કે જ્યાં આવી મહાવીરે રાજગૃહી–નાલંદાના બીજા ચોમાસા બાદ પણ પારણું કર્યું હતું. બન્ને વખતે પારણું કરાવનાર એક જ વ્યક્તિ–બહુલ બ્રાહ્મણ હતો. કર્મારગ્રામ અને નાલંદા વચ્ચેનું અંતર લગભગ ચાલીશેક માઇલ હશે અને તે બન્નેના લગભગ મધ્યમાં કોલ્લાગ સન્નિવેશ પડતો હશે. ભગવાન મહાવીર પ્રાતઃકાલથી મધ્યાહ્ન સુધીમાં વીશ પચીશ માઇલ વિહાર કરે તે માનવામાં અશક્ય જેવું કાંઇપણ નથી. મહાવીર–જ્ઞાતપુત્ર કર્મારગ્રામથી કોલ્લાગ ન જઇ શકે એમ માની લઈ ક્ષત્રિયકુણ્ડગ્રામ નગરને ગંગાનદીના ઉત્તરમાં આવેલી વૈશાલીમાં ધકેલી દેવાની કોઇ જરૂરિયાત નથી. જૈન લેખકોએ વાણિજ્યગ્રામને વૈશાલી સાથે અને નાલંદાને રાજગૃહી સાથે સંબંધિત લખ્યાં છે, પણ તેમણે કોઇ સ્થળે ક્ષત્રિય કુણ્ડગ્રામનગરને વૈશાલી સાથે સંબંધિત લખ્યું નથી. પોતાના ભાણેજ મહાવીરના માટે બનતા મહત્ત્વના પ્રસંગોએ ચેટક મહારાજા દેખાતો નથી; એથી પણ સમજાય છે કે વૈશાલી અને ક્ષત્રિયકુણ્ડગ્રામનગર અત્યન્ત નજીક નહિ પણ જૈન પરંપરા માને છે તેમ ઘણાં જ છેટાં છે. જૈનસૂત્રકારો સિદ્ધાર્થ રાજાનું અને તેના નગર ક્ષત્રિયકુણ્ડગ્રામનું જે વર્ણન કરે છે તે પરથી સમજાય છે કે, એ રાજાનું રાજ્ય સ્વતન્ત્ર ગણરાજ્ય છે અને તેનું નગર પ્રાદેશિક રાજનગર છે. શ્રીમહાવીરને સૂત્રકારો 'विदेहे, विदेहजच्चे' આદિથી અથવા ક્વચિત્

શ્રેણિક, વત્સની કૌશામ્બીમાં શતાનીક–ઉદયન, અંગની ચમ્પામાં દધિવાહન–કરકંડુ અને અવન્તિની અવન્તિ (ઉજ્જયિની)માં ચંડ પ્રદ્યોત, એ રાજા મહારાજાઓ રાજ્ય કરતા હતા.

વૈદિક સાહિત્ય-પુરાણો આમાંના કેટલાક રાજાઓનો રાજવંશ અને રાજત્વકાલ નોંધે છે, પણ જૈનસાહિત્ય અને બૌદ્ધ સાહિત્ય તો ખપ પુરતી પ્રાસંગિક હકીકતોને જ નોંધી સંતોષ માને છે. અને તેથી તે હકીકતો પરથી અનુમાન કરી પુરાણોની નોંધોદ્વારા શક્ય સમર્થનથી તે રાજાઓની કોઈ કોઈ બાબતનો સમય નિર્ણય કરવો પડે તેમ છે. ચંડપ્રદ્યોતના અંગે કેટલીય હકીકતો નોંધનાર જૈન સાહિત્ય શ્રેણિક વિગેરેના સમયની જેમ તેના સમય વિષે પણ કાંઈ બોલતું નથી. ફક્ત તેનું મૃત્યુ મહાવીર નિર્વાણના સમયે થયું હતું એટલી સામાયિક નોંધ તે આપણને આપે છે, એ સદ્ભાગ્ય છે. કારણ કે, સંખ્યાબંધ પુષ્યમિત્રો અને અન્ય વિધર્મીઓના હાથે નષ્ટ થએલા જૈન સાહિત્યમાંથી જે કાંઈ થોડું ઘણું પણ એવું જાણવા મળે છે કે જે ઐતિહાસિક દૃષ્ટિએ અતિ મહત્ત્વનું હોઇ તે માટે એમજ બોલવું રહ્યું.

---

'वेसालियं' આદિથી ઉલ્લેખે છે, તેનું કારણ સૂત્રકારોની નજરમાં મહાવીરનું જાતિગૌરવ તરવરી રહ્યું છે. આપણે જાણીએ છીએ કે, મહાવીરની તીર્થપ્રવૃત્તિમાં મોસાળપક્ષની લાગવગે પણ અમુક ભાગ ભજવ્યો છે. ગુપ્તવંશના સમુદ્રગુપ્તાદિ રાજાઓ ' लिच्छविदौहित्र' लिच्छविय: ' નો ઉલ્લેખ કરી પોતાની મહત્તામાં વધારો કરતા હતા, તેમ સૂત્રકારોએ ज्ञाते, ज्ञातपुत्ते, ज्ञातकुलविनिवट्टे' શબ્દો વડે જ્ઞાત અને જ્ઞાતકુલાદિથી મહાન વર્ણવેલા મહાવીરના વિશિષ્ટ જાતિ વર્ણનથી તેમની મહત્તામાં વધારો કરવા પ્રયત્ન કર્યો છે. જૈન પરંપરા विदेहे, विदेहजच्चे અને वेसालिय એ શબ્દોમાંથી વિદેહ દેશ કે વૈશાલી નગરી સૂચક ભાવ તારવતી નથી. તે એ શબ્દોનો અર્થ વિશિષ્ટ દેહવાન, વિદેહાથી સલાત્રિથી જાત દેહવાન અને વિશાલ માતૃ–કુલ–વચનાદિમાન આવો જ કરે છે. આનો પરંપરાથી કરાતો અર્થ તજી દઇ અન્ય અર્થ કરવાનું કારણ ટીકાકારોને મળ્યું નથી તો પછી કોઇપણ લેખકે પરંપરાને અનુસરતા એમને દોષ દેવો નકામો છે. ટીકાકારોએ ' विदेहे विदेहजच्चे ' આદિ શબ્દોના કરેલા અર્થને અસંગત ઠરાવવા પૂર્વે એ સાબીત થવું જોઇએ કે, ક્ષત્રિયકુણ્ડને અમુક સમયે અમુક કારણે અને અમુક સમુદાયે વૈશાલીના સ્થાન પર તીર્થ તરીકે કાયમ રાખી કે જતું કરી તેને સ્થાપના તીર્થ તરીકે લચ્છુ–આડમાં સ્થાપ્યું હતું, અન્યથા સ્થાપના તીર્થની કલ્પના કરી મૂળ ક્ષત્રિયકુણ્ડ તીર્થને વૈશાલીના એક વિભાગમાં લઈ જવું એમાં તરંગ સિવાય બીજું કાંઈપણ નથી.

કેટલાકો તરફથી એવી કલ્પના કરવામાં આવે છે કે, જૈન સૂત્રકારોએ મહાવીરને શ્વેતવિકાથી ત્યાં બીજા ચોમાસાનું સ્થળ જે રાજગૃહી જતાં સુરભિપુર આગળ ગંગાનદી પાર કરતા આલેખ્યા છે. જો મહાવીરની જન્મભૂમિ ક્ષત્રિયકુણ્ડગ્રામ ગંગાનદીની દક્ષિણમાં હોત તો અસ્થિકગ્રામના પહેલા ચોમાસા બાદ શ્વેતવિકા તરફ જતાં ગંગાનદી પાર કરવી પડે જ અને તેનો ઉલ્લેખ પણ સૂત્રકારોએ કર્યો હોત, પણ તેવો કોઇ ઉલ્લેખ ન હોવાથી મહાવીરની જન્મભૂમિ ગંગાના દક્ષિણ પ્રદેશમાં હોવી ન જોઇએ. આ પણ ભ્રાન્તિ જ છે. એ ભૂલી જવાય છે કે, શ્વેતવિકાથી રાજગૃહી જતાં ગંગા પાર કરવાનો ઉલ્લેખ કોઈ વિશિષ્ટ બનાવના અંગે કરવામાં આવ્યો છે, અન્યથા સૂત્રકારોએ ગંગા કે અન્ય કોઈ નદી પાર કરવાના ઉલ્લેખો નોંધ્યાજ નથી. અસ્થિકગ્રામથી મોરાક આવી શ્વેતવિકા તરફ

ચંડપ્રદ્યોત એ ચેટક મહારાજાનો જમાઈ અને વત્સરાજ ઉદયનનો સસરો થતો હતો. મોટું સૈન્ય ધરાવનારો, અતિપરાક્રમી અને આક્રમણ વૃત્તિવાળો એ રાજા ક્વચિત નીતિની માનસિક શિથિલતાવાળો જૈન સાહિત્યમાં નોંધાયો છે. એનું મુખ્ય નામ 'મહાસેન' હતું. એક વિશાલ રાજ્યનો એ સ્વામી હતો. એનું રાજ્ય સિન્ધુ-સૌવીર, અપરાન્તની પેલીપાર સાગર તટ, વિન્ધ્યાચલ, મગધ, વત્સ અને સૌરસેનનો ઉત્તર સીમાડો, આ સર્વના વચગાળે પથરાઇને પડ્યું હતું. બધી રીતે તે બહુ સમૃદ્ધ હતો. મહાવીર નિર્વાણની રાત્રિએ તેનું મૃત્યુ થતાં અવન્તિના સિંહાસન પર તેના પુત્ર પાલકનો રાજ્યાભિષેક થયો હતો.

---

જતાં ઉપરોક્ત સુરભિપુર આગળ અથવા તેની આજુબાજુ ગંગાનદી પાર કરી જ હોવી જોઇએ. પછી ભલેને તેનો ઉલ્લેખ સૂત્રોમાં આપણને ન પણ મળે. મોરાકથી શ્વેતવિકા જતાં ગંગાનદી પાર કરવામાં આવી નથી એ સંદિગ્ધહેતુ હોઈ તેનાથી ક્ષત્રિયકુણ્ડનું ગંગાના ઉત્તરમાં હોવા વિષે જે અનુમાન કરવું એ અનુમાનાભાસ છે.

એ વાત ખરી છે કે ક્ષત્રિયકુણ્ડગ્રામ નગર એ કોઇ પ્રસિદ્ધ દેશની રાજધાની નથી, તે પ્રાદેશિક રાજધાની છે. આ નગરનું સ્થાન એવી જગાએ આવેલું છે કે, તેને લગતો પ્રદેશ વિદેહ, મગધ કે અંગમાં ક્યાં સમાવિષ્ટ કરવો એ નિશ્ચયથી કહેવું મુશ્કેલ છે. સંભવ છે કે એ પ્રદેશનો પૂર્વભાગ અંગમાં અને પશ્ચિમભાગ મગધમાં સમાતો હશે. નિશ્ચયથી તો જ્ઞાની બહુશ્રુતો કહે તે ખરૂં.

કેટલાક સંશોધકો, સૂત્રકારોએ સિદ્ધાર્થને '**खत्तिय**' અને ત્રિસલાને '**खत्तियाणी**' તરીકે સંબોધ્યાં છે, તે તરફ આપણું ધ્યાન ખેંચી એમ મનાવવા મથે છે કે, મહાવીરના પિતા સિદ્ધાર્થ એ એક સારો મોભો ધરાવનાર કૌટુમ્બિક ક્ષત્રિય જાગીરદાર હતા પણ તેમનો એ પ્રયત્ન વ્યર્થ જ છે. રાજાને માટે '**खत्तिय**' શબ્દ વારંવાર વાપરવાનો હેતુ તેને સામાન્ય ક્ષત્રિય તરીકે જણાવવા નહિ, પરન્તુ તેનામાં રહેલું અતિપ્રાચીન મૌલિક શુદ્ધ ક્ષત્રિયત્વ જણાવવાને માટેછે. હાં, એ વાત ખરી છે, કે સિદ્ધાર્થ એ કોઇ મોટા દેશનોમહારાજા નથી, પણ પ્રાદેશિક રાજા છે. ભલેને, તે જમાનામાં '**खत्तिय**' કુલના અન્ય સામાન્ય જાગીરદાર લોકો પોતાને રાજા તરીકે ઓળખાવતા હશે, પણ સિદ્ધાર્થ રાજાનું રાજત્વ સવિશેષ હતું તે સૂત્રકારોના '**चतुरंगसेना**' સહિતતા વિગેરે વર્ણનથી સમજાય છે. સિદ્ધાર્થરાજા અને તેનો મોટો પુત્ર નંદિવર્ધન રાજા એ મન્ત્રીઆદિ વર્ગથી રીતસર રાજ્યાધિષ્ઠિત થયેલા છે અને તેઓ સ્વતન્ત્ર રીતે રાજ્યવહીવટ ચલાવતા હતા એવું પણ સૂચન સૂત્રકારોના વર્ણનથી થતું હોય એમ સમજાય છે. આવી સ્થિતિમાં ચેટક મહારાજાના અધિકારવાળી જે વૈશાલી નગરી છે, તેનો એક વિભાગ ક્ષત્રિયકુણ્ડગ્રામ નગર ન જ હોઈ શકે એ સ્વાભાવિક છે. ખરેખર, બ્રાહ્મણકુણ્ડગ્રામથી પશ્ચિમમાં કે ઉત્તરમાં આવેલું ક્ષત્રિયકુણ્ડગ્રામ વૈશાલીથી કોઇ પણ સંબંધ વગરનું દૂરનું એક રાજનગર હતું કે જેમ જૈનપરંપરા માને છે.

સિદ્ધાર્થ અથવા તેના પૂર્વજો પહેલાં વૈશાલીમાં રહેતા હોય અને પાછળથી ગિધ્ધોર સ્ટેટના પ્રદેશમાં આવી ત્યાં ક્ષત્રિયકુણ્ડગ્રામ વસાવી તેમણે પોતાનું સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યું હોય, એમ આપણે કલ્પના કરીએ તો '**वेसालिए**' અને '**विदेहे**' આદિ પદોનો અર્થ, જેવી રીતે કેટલાક સંશોધકો કરે છે તેમ કરી શકીએ, પણ ટીકાકારોએ કરેલા અર્થથી એવો ભિન્ન અર્થ કરવામાં કોઇ જાતનો પુરાવો મળવો જોઇએ, કે જે મળતો નથી, તેથી જૈનપરંપરાના શરણે જ જવું શ્રેયસ્કર છે.

# પાલકવંશ ૬૦ વર્ષ. મ. નિ. ૦—૬૦

## [વિ. સં. પૂ. ૪૧૦–૩૫૦, ઈ. સ. પૂ. ૪૬૭–૪૦૭]

કાલગણનાની બીજી ગાથાના પ્રથમ ચરણમાં પાલક રાજાનો રાજત્વકાલ ૬૦ વર્ષ લખ્યો છે. કાલગણનાની ગાથાઓ સૂત્રાત્મક હોવાથી તે અતિ સંક્ષિપ્ત બની છે 'व्याख्यानतो विशेषप्रतिपत्ति०' એ ન્યાયાનુસાર એનો ભાવાર્થ કરવો જોઈએ, પણ તેવું તેનું સીધું વ્યાખ્યાન જણાતું નથી. છતાં જૈન ગ્રંથો–આવશ્યક નિર્યુક્તિ વિગેરેના ઉલ્લેખોથી સમજાય છે કે, પાલક રાજાનાં ૬૦ વર્ષ એ એકલા પાલકનાં નહિ, પણ તેનાં અને તેના પછી આવનારા તેના વંશજોનાં મળીને છે. આ હકીકતને સ્પષ્ટ કરનાર જૈન ગ્રંથોના [૯]ઉલ્લેખોનો ભાવાર્થ આ પ્રમાણે છેઃ—

---

(૯) અજ્ઞાતોપધાનતાના સંબંધમાં આવશ્યક નિર્યુક્તિમાં નીચે આપેલી બે સંગ્રહગાથાઓ છેઃ–

"कोसंबि अजिअसेणो धम्मवसू धम्मघोस धम्मजसो। विगयभया विणयवइ इड्ढिविभूसाइ परिकम्मे ॥ उज्जेणिवंतीवद्धण पालयसुयरट्ठवद्धणे चेव। धारिणीवंतीसेणे मणिप्पभो वच्छगातीरे' ॥

આ બે ગાથાઓની વ્યાખ્યા કરતાં ચૂર્ણિકાર વિગેરેએ પ્રાસંગિક ઇતિહાસ રજુ કર્યો છે. તેમનું વલણ ઇતિહાસ કરતાં આચાર નિરૂપણની બાબતમાં સવિશેષ હોય એ સ્વાભાવિક છે, અને તેથી તેમણે નોંધેલી ઐતિહાસિક બાબતમાં મતભેદ જોવામાં આવે છે. અવન્તિવર્ધન અને રાષ્ટ્રવર્ધન એ બન્ને પાલકના પુત્રો હતા એમ નિર્યુક્તિ અને આવશ્યકચૂર્ણિ જણાવે છે, છતાં શ્રી દર્શનવિજયજી (ત્રિપુટી) કહે છે તેમ, કવચિત્ તેમને ગોપાલકના પુત્રો નોંધ્યા હોય તો તે બનવા જોગ છે. આ વિષયના જૈન ઉલ્લેખોમાંથી આવશ્યકચૂર્ણિનો ઉલ્લેખ આ પ્રમાણે છેઃ—

"कोसंबी नगरी, अजितसेणो राया, धारिणी देवी. धम्मवग्गू आयरिया, ताणं दो सीसा धम्मघोसो य धम्मजसो य, विगतभया महत्तरिका विणयवती सीसिणिका, तीए भत्तं पच्चक्खातं, संघेण महता इड्ढीए निज्जामिता विभासा, धम्मवग्गुसीसा दोवि परिकम्मं करेति ।

इतो य उज्जेणीये पज्जोतसुता दोण्णि–पालओ गोपालओ य, गोपालओ पव्वइतो, पालगो रज्जे ठितो, तस्स दो पुत्ता–रज्ज (रट्ठ જોઇએ. આગળ જતાં એમજ પાઠ જોવામાં આવે છે અન્યત્ર પણ એમજ પાઠ છે) वद्धणो अवंतिवद्धणो य, पालको अवंतिवद्धणं राजाणं रज्जवद्धणं जुवरायाणं ठवेत्ता पव्वइतो, रज्जवद्धणस्स भज्जा धारिणी, तीसे पुत्तो अवंतिसेणो अण्णदा अवंतिवद्धणो राया धारिणीए उज्जाणे वीसत्थाए सव्वंगाई दट्ठूणं अज्झोववण्णो, दूती विसज्जिता, सा णेच्छति, पुणो पेसेति, तोए अहाभावेण भणितं–भातुकस्सवि न लज्जति ? तेण सो मारितो, विभासा, तंमि वियाले सगाणि आभरणाणि गहाय कोसंबिं सत्थो वच्चति तत्थ एगस्स सड्ढगस्स वाणियगस्स अल्लीणा गता, कोसंबीए संजतीण पुच्छित्ता वसहिं, रण्णो जाणसालाए ठिताओ, तत्थ गता, वंदित्ता साविकत्ति पव्वइत्ता पुच्छासुद्धा, तीसे य गब्भो अहुणोववण्णो वड्ढति, मा ण पव्वावेहितित्ति तं ण अक्खातं, पच्छा णाते महत्तरिकाए पुच्छिता, ताए सब्भावो कथितो जह रट्ठवद्धणभज्जाहं, संजतिमज्झे अप्पसारिकं अच्छाविता, विआविता

"પાલકને ગોપાલક નામે ભાઈ હતો, કે જે ચેટકરાજાની પુત્રી અને ચંડપ્રદ્યોતની રાણી શિવાદેવીનો પુત્ર હતો, તેણે પાછળથી ચારિત્ર અંગીકાર કર્યું હતું અને તેથી પાલકનો અવન્તિમાં રાજ્યાભિષેક થયો હતો. આ પાલકને બે પુત્રો હતા:-અવન્તિવર્ધન અને રાષ્ટ્રવર્ધન. પાલકના પછી અવન્તિવર્ધન ગાદી પર આવ્યો ને રાષ્ટ્રવર્ધન યુવરાજપદે સ્થપાયો. રાષ્ટ્રવર્ધનને અવન્તિષેણુ નામે પુત્ર હતો, એની માતા ધારિણી પરની વિષયલાલસાને લઇ અવન્તિવર્ધને નાના ભાઈ રાષ્ટ્રવર્ધનનો વધ કર્યો. ધારિણી નાશી છૂટી ને તે કોઇ સાર્થ સાથે વત્સની કૌશામ્બીમાં પહોંચી ગઈ, ત્યાં તેણે ચારિત્ર અંગિકાર કર્યું. પ્રથમથી આધાનવતી તેને ત્યાં પુત્ર થયો; તે રાજમહેલની નજીકમાં સાવચેતીથી મુકાતાં ત્યાંના અજિતસેન રાજાના હાથમાં ગયો, અને તેની અપુત્રવતી પટરાણીના પુત્ર તરીકે મણિપ્રભના નામે ઉછેરાયો. અજિતસેન પછી એ મણિપ્રભ કૌશામ્બીના રાજસિંહાસને આવ્યો. આ તરફ ભ્રાતાનું મૃત્યુ થયું અને તેની સ્ત્રી ધારિણી હસ્તગત ન થઈ એથી વિરક્ત થએલા અવન્તિવર્ધને ચારિત્ર લીધું. આ પછી રાષ્ટ્રવર્ધનનો પુત્ર અવન્તિષેણુ અવન્તિના રાજપદે આવ્યો. એણે મણિપ્રભના રાજ્યકાળ વખતે કયારેક કૌશામ્બી પર આક્રમણ કર્યું, પરંતુ ધારિણી સાધ્વીના

---

रत्ति, साधुणीणं मा उड्डाहो होहितित्ति, ताहे सा अंतेउरं अतीती. नाममुद्दा आभरणाणि य उक्खणित्ता रण्णो अंगणए ठवेत्ता पच्छण्णे अच्छति, अजितसेणेणं आगासतले गतेणं पभा मणीणं दिट्ठा, गहितो यऽणेणं. अग्गमहिसीए दिण्णो, सोयं अपुत्तो, सा संजतीहिं पुच्छिता भणति-उद्दाणकं जातंति, विकिंचितं, खईयं होहितिंत्ति, ताहे सा अंतेउरं अतीति णीती य, अंतेपुरिकाहिं समं मित्तया जाया, तस्स मणिप्पभोत्ति नामं कतं. सो राया मतो, मणिप्पभो राया जातो, सो य तीए संजतीए धारिणीए णेहं वहति ।

सो य अवंतिवद्धणो पच्छात्तावेण भाताविं मारितो सा देवी न जायत्ति भातुणेहेण य अवंतिसेणस्स रज्जं दातूण पव्वइतो ।

सो य मणिप्पभं कप्पाकं मग्गति सो य ण देति, ताहे सव्वबलेणं कोसंबीं पधावितो ।

ते य दोवि अणकारा परिकंमे समत्ते एको चितेत्ति जया विणयवतीए इड्ढी तथा ममवि होतुत्ति नगरे भत्तं पच्चक्खाति. बितिओ धम्मजसो विभूसं नेच्छंतो कोसंबीए उज्जेणीए अंतरा वत्थ (च्छ) कातीरे पव्वतकंदराए एकत्थ भत्तं पच्चक्खाति । ताहे तेणं अवंतिसेणेणं कोसंबी रोहिता, तत्थ जणो य अप्पए अद्दण्णो न कोति धम्मघोसस्स अल्लियति, सो य पत्थित्तमत्थमलभमाणो कालगतो, वारेहिं निप्फेडो न लब्भतित्ति पागारस्स उवरिएण पड्डितो, सा पव्वइतिका चिंतेति-मा जणक्खयो होतुत्ति रहस्सं भिंदामि, अंतेपुरं अतिगता, मणिप्पभं उस्सारिता भणति-किं भातुएण समं कलहेसि ? सो भणति-कहंति ? ताहे सव्वं परिवाडीए कहेति, जदि न पत्तियसि मातरं पुच्छाधि. पुच्छति तीए णातं-अवस्सं रहस्सभेदो जाओत्ति, कहितं जथावत्तं, रट्ठवद्धणसंतिगाणि य आभरणाणि य नाममुद्दा य दाइया, पत्तीतो भणति-जदि ओसरामि ता मम अजसो, भणति-तंपि बोहेहि, एवं होतुत्ति निग्गता, अवंतिसेणस्स णिवेदितं-पव्वइका दट्ठुमिच्छति, अतिगता, पादे दट्ठूण णाता अंगपडिचारिकाहिं ताउ पादपडिताओ परुण्णाउ, कहितं तव मातत्ति, सोवि पादपडितो

કથનથી મણિપ્રભ સાથે ભ્રાતા તરીકેનો સંબંધ તેના જાણવામાં આવતાં તે શાંત થયો. બન્ને ભાઈઓ પ્રેમપૂર્વક મળ્યા અને અસિતગિરિના રસ્તે અવન્તિ તરફ જવા તેમણે પ્રયાણ કર્યું. આમ અવન્તિ અને વત્સનાં એ બે રાજ્યો એક જ વંશની છત્રછાયામાં આવી ગયાં. અને તેમનો કોઈ કોઈ વાર આવી પડતો અથડામણીનો પ્રસંગ કેટલાક સમયને માટે મટી ગયો."

"અવન્તિરાજને પાટલીપુત્રના ઉદાયી રાજા પ્રતિ અસહનશીલતા હતી તેથી, ઉદાયીએ એક રાજાને રાજ્યભ્રષ્ટ કર્યો હતો અને નાસી જતાં રસ્તામાં મૃત્યુ પામ્યો હતો એવા તેના પુત્રને તેણે મુલાકાત આપી ઉદાયીને સાધવાની બાબતમાં સંમતિ આપી હતી, પરંતુ એ રાજપુત્રે અનેક ઉપાયોમાં નિષ્ફળ જતં છેવટે જૈનસાધુના વેશે એ ધાર્મિકરાજાનું ખુન કર્યું ત્યારે તેના એ કૃત્ય માટે અવન્તિરાજે ભારે અણગમો અને તિરસ્કાર બતાવ્યો હતો."

આવી રીતે જૈનસાહિત્ય પ્રાસંગિક હકીકત તરીકે પાલક પછી અવન્તિવર્ધન, અવ-

---

परुण्णो, तस्सवि सव्वं कहेति एस ते भाता, दोवि बाहिं मिलिता, अवरोप्परं अवदासेतूणं परुण्णा, कंचि कालं कोसंबीए अच्छिता दोवि उज्जेणीं पधाविता मातावि सह महरिकाहिं नीता जाव वच्छगातीरं पत्ताणि, ताहे जे तंमि जणपदंमि साधुणो ते वंदए ओलरंते वि-लग्गंते य दट्ठूणं पुच्छंति, ताहे ताहिवि वंदितो, बितियदिवसे राया पधावितो, ताओ भणंति-भत्तपच्चक्खातओ एत्थ ता अम्हे अच्छामो, ताहे ते दोवि रायाणो ठिता दिवे दिवे महिमं करेंति, कालगता, एवं ते गया रायाणो, एवं तस्स अणिच्छमाणस्सवि जाता, इतरस्स इच्छमाणस्स न जाता पूआ. ॥"

[ આવશ્યક-ચૂર્ણિ ( ઉત્તરાર્ધ ) પૃ. ૧૮૯ થી ૧૯૧ ]

"सो उदायी तत्थ ठितो रज्जं भुंजति, सो य राया ते दंडे अभिक्खणं २ ओलग्गावेति, ते चिंतेंति-किह न होज्जा तो एताए धाडीए मुच्चिज्जामोत्ति, इतो य-एगस्स राया-णगस्स कहिंचि अवराहे रज्जं हितं, सो राया नट्ठो, तस्स पुत्तो भमंतो उज्जेणिए आगतो एकं रायाणकं ओलग्गति, सो य बहुसो परिभवति उदाइस्स, ताहे सो रायसुतो पादे पडिओ विण्णवेति-अहं तस्स पीतिंपियामि नवरि मम बितिज्जओ होज्जासि, तेण पडिस्सुतं, गतो पाडलिपुत्तं. बाहिरिकामज्झिमिकाअब्भंतरिकासु परिसासु ओलग्गितूण छिद्दं अलभमाणो साहुणो अतींति, ते अतीयमाणे णिज्जायमाणे पेच्छति, ताहे एकस्स आयरियस्स मूले पव्वइतो, तेण सव्वा परिसा आराहिता तंमया जाता राया अट्ठमिचाउ-द्दसीसु पोसहं करेति, तत्थ आयरिकावि अतिंति धम्मकहानिमित्तं, अण्णदा वेकालिकं आयरिया भणंति-गेण्हह उवकरणं, राउलं अतीमो, ताहे सो सरच्चि उट्ठितो गहितं उवगरणं, पुव्वसंगोविता य कंकलोहकत्तिका सावि गहिता, पच्छण्णं कता, अतिगता रायकुलं, चिरं धम्मो कहितो आयरिया पासुत्ता, रायावि, तेण उट्ठेत्ता रण्णे सीसे निवे-सिया, तत्थेव अट्ठिके लग्गा, निग्गतो, ठाणइत्ताधि न वारेंति प्रव्वईतओवि, रुधिरेण आयरिका छिक्का, पेच्छंति राया विवाडितो, मा पवयणस्स उड्डाहो होहितित्ति आलोईत-पडिक्कंता अप्पणा सीसं छिंदंति, तेवि कालगता सोवि एवं ॥

[ આવશ્યક—ચૂર્ણિ ( ઉત્તરાર્ધ ) પૃ. ૧૭૯-૧૮૦ ]

ન્તિષેણુ અને મણિપ્રભની નોંધ લે છે. એમનો પ્રત્યેકનો રાજત્વકાલ અને એમના વંશની સમાપ્તિનાં કારણો તથા તેનો સમય એ વિષે આ સાહિત્યમાંથી કાંઈ પણ મળતું નથી. પરંતુ પુરાણો પાલક અને તેની પછીના રાજાઓની નોંધ લેવા ઉપરાંત તેમના રાજત્વ-કાલની અને પાલકવંશના રાજ્યાંતની પણ નોંધ લે છે. જો કે પાલક પછીના રાજાઓનાં નામોમાં અને તેમનાં રાજત્વકાલનાં વર્ષોમાં પુરાણોની અંદર–પરસ્પર તથા પાઠ ભેદને લઇ પ્રત્યેક પુરાણમાં પણ અવ્યવસ્થા જોવામાં આવે છે, છતાં તેની અમુકાંશે ઉપયોગિતા મટતી નથી. સંકલના કરનાર તેમાંથી ય કેટલુંક સત્ય તારવી જૈન સાહિત્યના ઉલ્લેખોનું સમર્થન કરી શકે એમ છે.

જૈન કાલગણના મહાવીરનિર્વાણ સમકાલીન પાલકના રાજ્યાભિષેકથી શરૂ થાય છે, જ્યારે પુરાણો પાલકના પિતા પ્રદ્યોતથી આ વંશની શરૂઆત કરી પાલકને પ્રદ્યોતવંશી કહે છે અવન્તિના વીતિહોત્ર વંશના છેલ્લા રાજા રિપુંજયને મારી તેના મંત્રી પુલિકે (સુનિક, મુનિક, પુનક નામ પણ એ રાજાનું પાઠભેદથી કે અન્ય પુરાણથી મળી આવે છે.) પોતાના બાલક પુત્ર પ્રદ્યોતને અવન્તિની–ઉજ્જયિનીની ગાદી પર બેસાડયો, એમ મત્સ્યાદિ પુરાણો કહે છે.[૧૦] પોતાના સ્વામીને મારી નાખવાના કૃતઘ્ની કૃત્યથી પ્રદ્યોત અને તેના અનુગામીઓને અવગણનાની દૃષ્ટિએ જોતાં કોઇક સ્થળે તેમને 'पौनकाः' તરીકે પણ ઓળખાવ્યા છે. આ પ્રદ્યોતવંશનો રાજત્વકાલ પુરાણોમાં ભિન્ન ભિન્ન રીતે નોંધાયો છે. મત્સ્યપુરાણ આખા પ્રદ્યોતવંશનો રાજત્વકાલ ૧૫૨ વર્ષ લખે છે, પરંતુ તેમાં આપેલી સાલવારીથી તે ૧૩૮ વર્ષ થાય છે. જેમકેઃ–પુલિકપુત્ર (વાયુપુરાણનો પ્રદ્યોત) ૨૩ વર્ષ, પાલક ૨૪ વર્ષ, વિશાખયૂપ ૫૦ વર્ષ, સૂર્યક (વાયુપુરાણનો અજક) ૨૧ વર્ષ અને નન્દિ-વર્ધન ૨૦ વર્ષ. અર્થાત્; આ સાલવારીનો સરવાળો ૨૩+૨૪+૫૦+૨૧+૨૦=૧૩૮ થાય છે.

[૧૧]એક લેખક મત્સ્ય પુરાણના જ આધારે ૧૫૫ વર્ષ અને બીજાં પુરાણોના આધારે ૧૨૫ વર્ષ લખે છે. જ્યારે [૧૨]બીજો લેખક પુરાણોના જ આધારે-પ્રદ્યોત ૧૫ વર્ષ, પાલક

(૧૦) बृहद्रथेष्वतीतेषु, वीतिहोत्रेष्ववन्तिषु ॥ पुलिकः स्वामिनं हत्वा, स्वपुत्रमभिषेक्ष्यति ॥ मिषतां क्षत्रियाणां च, बालकः पुलिकोद्भवः । स वै प्रणतसामन्तो, भविष्यो नयवर्जितः ॥ त्रयोविंशत्समा राजा, भविता स नरोत्तमः । चतुर्विंशत्समा राजा, पालको भविता ततः ॥ विशाखयूपो भविता, नृपः पंचाशतीं समाः । एकविंशत्समा राजा, सूर्यकस्तु भविष्यति ॥ भविष्यति समा विंशत्, तत्सुतो नंदिवर्धनः । *द्विपंचाशत ततो भुक्त्वा, प्रणष्टाः पंच ते नृपाः ॥ ( मत्स्य पु० )

\+ सुनिकः स्वामिनं हत्वा, पुत्रं समभिषेक्ष्यति । मिषतां क्षत्रियाणां हि, प्रद्योतः सुनिको बलात् ॥ ( वायु पु० )

× एकविंशत्समा राज्यं, अजकस्य भविष्यति ॥ ( वायु पु० )

* अष्टात्रिंशच्छतं भाव्याः, प्रद्योताः पंच ते सुताः । (पाठान्तरम् संभवतः)

(૧૧) જ. આ. બી. રી. સો. પુ. ૧ પૃ૦ ૧૦૮ (પ્રાચીન ભારતવર્ષ)

(૧૨) હિં. હી. પૃ૦ ૪૬૪ થી ૪૬૫ ( પ્રાચીન ભારતવર્ષ )

૨૩ વર્ષ, વિશાખયુબ (૫) ૩૫ વર્ષ, જનક ૩૦ વર્ષ અને નન્દિ ૨૦ વર્ષ, એમ નોંધી ૧૨૪ (ગણતરીથી ૧૨૩ થાય છે.) સૌરત્વર્ષ ઉપરોક્ત પાંચ પ્રદ્યોતોનાં લખે છે.

મત્સ્યપુરાણ પ્રદ્યોતનો રાજત્વકાલ ૨૩ વર્ષ લખે છે, પુરાણોના આધારે [૧૩]કોઇ લેખક ૨૪ વર્ષ કે ૧૫ વર્ષ લખે છે; પરંતુ શ્રી મહાવીરના ગૃહસ્થાશ્રમમાં, એટલે શ્રી મહાવીરના નિર્વાણથી ૪૪ વર્ષ પહેલાં, શ્રેણિક અને આ પ્રદ્યોત શ્રીમહાવીરમાં ચક્રવર્તીપણાની સંભાવનાથી તેમની સેવામાં હાજરી આપતા હતા તેઓ શ્રીમહાવીરને વિરક્ત જોતાં બંધ પડયા. [૧૪]આવા પ્રકારના જૈનસાહિત્યગત ઉલ્લેખથી અને પ્રદ્યોત બાલક પણામાં જ તેના પિતાથી અભિષિક્ત કરાયો હતો એવા પ્રકારનું કથન 'बालकः पूलिकोद्भवः' એવા શબ્દોથી મત્સ્યપુરાણ કરતું હોવાથી આ પ્રદ્યોતનો રાજત્વકાલ ૨૩ વર્ષ કરતાં ઘણો જ વધારે હોવા સંભવ છે. અને તે ૪૪ વર્ષ કરતાં ઓછો તો નથી જ પુલિકે પોતે રાજ્યારૂઢ ન થતાં પોતાના બાલક પ્રદ્યોતને રાજ્યારૂઢ કર્યો હતો એમ પુરાણો કહે છે, છતાં [૧૫]કોઇક સ્થળે પુલિકનો ૨૬ વર્ષ રાજત્વકાળ જણાવવામાં આવે છે તે રાજા તરીકેનો નહિ પણ રાજસૂત્રના સર્વ સંચાલક વડીલ તરીકેનો જ હોવા સંભવ છે. પુલિકના જીવંતકાલનાં એ ૨૬ વર્ષ પ્રદ્યોતનાજ રાજત્વકાલનાં ગણતાં અને પ્રદ્યોતનાં રાજત્વકાલનાં જે ૨૩ વર્ષ લખાયાં છે તેમાં તેને ઉમેરતાં પ્રદ્યોતનો રાજત્વકાલ ૨૬+૨૩=૪૯ થાય છે. આ હિસાબે પ્રદ્યોતનો રાજત્વકાલ મહાવીર નિર્વાણ પૂર્વે ૪૯ થી ૦ (વિ સં. પૂ. ૪૫૯–૪૧૦, ઇ. સ. પૂ ૫૧૬–૪૬૭) હતો એમ નક્કી થાય છે.

---

(૧૩) પ્રાચીન હિંદની વંશાવલીમાં શ્રીસીતાનાથ પ્રધાન પ્રદ્યોતનાં રાજવર્ષ ઈ. સ. પૂ. ૫૧૪-૪૯૦ એમ ૨૪ વર્ષ વાયુ અને મત્સ્ય પ્રમાણે આપે છે.

(૧૪) ताहे सेणियपज्जोयादयो कुमारा पडिगता, ण एस चक्किति ।

[ આવશ્યક–ચૂર્ણિ (પૂર્વાર્ધ) પૃ૦ ૨૪૯. ]

મહાવીરનો વિરાગ સ્પષ્ટ જણાયા પછી શ્રેણિકાદિ ચાલ્યા ગયા; તે પછી મહાવીર અને પ્રદ્યોત ૪૪ વર્ષ જીવંત હતા.–વિરક્તવર્તનનો ગૃહસ્થાશ્રમ ૨ વર્ષ, છદ્મસ્થજીવન ૧૨ વર્ષ, કેવલીજીવન ૩૦ વર્ષ એમ ૨+૧૨+૩૦=૪૪ વર્ષે એક જ રાત્રિએ મહાવીર અને પ્રદ્યોત એ બન્ને નિર્વાણ અને મૃત્યુને પામ્યા હતા.

(૧૫) જ. આ. બી. રી. સો. પુ. ૧ પૃ૦ ૧૦૬ (પ્રાચીન ભારતવર્ષમાં આપેલું ટીપ્પણ) પ્રદ્યોતનાં ૨૩ વર્ષ ઓછાં હોવાથી પુલિકના રાજત્વકાલની કલ્પના કરવી પડે છે. મહાવીરના વિરક્ત વર્તનના ગૃહસ્થાશ્રમ વખતે પ્રદ્યોતને કુમાર તરીકે આવશ્યક ટીકામાં નોંધ્યો છે તેથી આવી કલ્પનાને સ્થાન મળે છે. રાજ્ય ન સ્વીકારતાં કે રાજ્યપરથી નિવૃત્ત થયા છતાં પિતાનો રાજત્વકાલ ગણવાની પુરાણોની પદ્ધતિ પુત્રના રાજત્વકાલમાં કાપ મુકે છે. તેના જ પરિણામે પ્રદ્યોતનાં ૨૩ વર્ષ લખાયાં છે. બાકી ખરી રીતે તે રાજત્વકાલ ૪૯ વર્ષ છે. કદાચ એકાદ વર્ષ ઓછુંવત્તુ હોય તો તે જુદી વાત છે.

## પાલક ૨૦ વર્ષ. મ. નિ. ૦—૨૦

( વિ. સં. પૂ. ૪૧૦–૩૯૦, ઈ. સ. પૂ. ૪૬૭–૪૪૭. )

પ્રદ્યોત–ચંડપ્રદ્યોત પછી અવન્તિની ગાદી પર તેનો પુત્ર પાલક આવ્યો. આ વાતમાં જૈનસાહિત્ય અને પુરાણાદિ એક મત છે. આ પાલકનો રાજત્વકાલ શ્રીમેરુતુંગાચાર્યની વિચારશ્રેણિમાં ૬૦ વર્ષ નહિ પણ ૨૦ વર્ષ કહ્યો છે.[૧૬] એ કથનને સચોટ સમર્થન કરનારાં અન્ય કાંઈ સાધન જૈનસાહિત્યમાં જાહેર નથી, પણ પુરાણોથી તેનું સમર્થન અમુકાંશે થઈ શકે તેમ છે. મત્સ્યપુરાણમાં પાલકનો રાજત્વકાલ ૨૪ વર્ષ કહેવામાં આવ્યો છે. પરંતુ તેણે નહિં નોંધેલા એવો અવન્તિવર્ધનનો ૪ વર્ષનો રાજત્વકાલ પણ પાલકના રાજત્વકાલમાં નંખાઇ જવાથી પાલકનાં ૨૦ ના બદલે ૨૪ વર્ષ થઇ ગયાં હોય એમ લાગે છે.

## અવન્તિવર્ધન ૪ વર્ષ મ. નિ. ૨૦–૨૪

( વિ. સં. પૂ. ૩૯૦–૩૮૬, ઈ. સ. પૂ. ૪૪૭–૪૪૩ )

જૈન સાહિત્ય તો સ્પષ્ટ રીતે લખે છે કે, પાલક પછી અવન્તિવર્ધન આવ્યો. વિષયલાલસામાં નિષ્ફળતા અને ભ્રાતૃવધનો પશ્ચાત્તાપ એ બે કારણો તેના રાજ્યારૂઢ થયા પછી બે ચાર વર્ષમાંજ બનેલાં હોવાં જોઇએ અને તેથી તેનો રાજત્વકાલ પણ તેટલા પુરતો જ હોવો જોઈએ. મત્સ્યાદિપુરાણમાં પાલક પછી વિશાખયૂપનું રાજ્ય લખી એનો રાજત્વકાલ ૫૦ વર્ષ કે ૩૫ વર્ષ લખવામાં આવ્યો છે. કેટલાક પાઠમાં વિશાખયૂપ પછી અવન્તિવર્ધનનું નામ લખવામાં આવે છે, પરંતુ મત્સ્યાદિ પુરાણોમાં મુખ્ય રીતે વિશાખયૂપ પછી સૂર્યક (અજક, જનક) નું જ નામ મળે છે, તેથી અવન્તિવર્ધન એ વિશાખયૂપ પહેલાંનો રાજા હોવો જોઇએ, નહિ કે પછીનો. આ અવન્તિવર્ધન પાલકનો પુત્ર છે, પણ મતાંતરે કદાચ ગોપાલનો પુત્ર હોય તો તે ગોપાલદારક–આર્યક તરીકે પણ કહેવાતો હોય. પરંતુ જો અવન્તિવર્ધન ગોપાલનો પુત્ર નજ હોય તો, કથાસરિત્સાગર અને મૃચ્છકટિક પ્રમાણે ગોપાલદારક—આર્યક એ ગોપાલનો પુત્ર હોઈ, તે પાલક પછી ને અવન્તિવર્ધન પહેલાં બહુ જ અલ્પસમય સુધી અવન્તિના સિંહાસને ટક્યો હશે, કે જેથી તેનો રાજત્વકાલ કોઇ લેખામાં જ ન હોવાથી તેને અને તેના રાજત્વકાલને જૈનસાહિત્યે કે મત્સ્યાદિ પુરાણોએ નોંધ્યો જ નથી. પ્રધાનોએ પાલકને પદભ્રષ્ટ કરી, પાલકે કેદખાનામાં પુરેલા તેના ભત્રીજા ગોપાલદારકને બહાર કાઢી તેને અવન્તિ–રાજ્યપર બેસાડયો હશે, પણ મુખ્ય વારસ પાલકપુત્ર–અવન્તિવર્ધનથી તે રાજ્ય પર સ્થિર થયા પહેલાંજ દૂર કરાયો હશે.

---

(૧૬) **श्रीवीरनिर्वाणात् विशालायां पालकराज्यं २० वर्षाणि०** । વિચારશ્રેણિમાં પાલકના રાજ્ય પછી નન્દોનું અને પછીથી આવનાર રાજાઓનું રાજ્ય લખ્યું છે તેમાં જે રાજત્વકાલ નોંધવામાં આવ્યો છે તે સંગત કરી શકાય તેમ નથી, પણ પાલકના સંબંધમાં રાજત્વકાલ કહ્યો છે તેનું અન્ય સાધનથી સમર્થન મળતું હોય તો તે ન માનવાને કાંઈ કારણ નથી.

## અવન્તિષેણુ ૩૬ વર્ષ. મ. નિ. ૨૪–૬૦.

( વિ. સં. પૂ. ૩૮૬—૩૫૦, ઈ. સ. પૂ. ૪૪૩—૪૦૭)

અવન્તિવર્ધનના ભ્રાતા રાષ્ટ્રવર્ધનનો પુત્ર અવન્તિષેણુ અવન્તિવર્ધન પછી અવન્તિની ગાદી પર આવ્યો એમ જૈન સાહિત્ય કહે છે. અવન્તિવર્ધનનો રાજત્વકાલ જેમ જૈનસાહિત્યમાંથી મળતો નથી તેમ અવન્તિષેણુનો પણ રાજત્વકાલ મળતો નથી. તેની ઓળખ વિષે તથા તેણે કરેલી વત્સપરની ચઢાઈ વિષે અને છેવટે તેના ભ્રાતા વત્સરાજ મણિપ્રભ સાથે થએલી સંધિ વિષે જૈનસાહિત્યમાં સ્પષ્ટ ઉલ્લેખ છે, પણ પુરાણાદિમાં તેના નામનો ઉચ્ચાર સુદ્ધાં દેખવામાં આવતો નથી. પુરાણો આ સમયે—એટલે જૈનકાલગણના પ્રમાણે મ. નિ સં. ૨૪ થી ૭૪ સુધીમાં ૫૦ વર્ષ (૪૦ વર્ષ અવન્તિમાં—ઉજ્જયિનીમાં અને ૧૦ વર્ષ અશ્મકમાં-દક્ષિણ અવન્તિની માહિષ્મતી નગરીમાં) રાજ્ય કરતા એક વિશાખયૂપ રાજાનું નામ લખે છે. કલ્કિપુરાણમાં એને ઉદયી સાથે સંધિ કરી અવન્તિમાંથી માહિષ્મતીમાં ગાદી લઈ જનાર કહ્યો છે. જૈન સાહિત્યના ઉલ્લેખો પરથી સમજાય છે કે, આ વિશાખયૂપ અવન્તિષેણુથી ભિન્ન નથી. કેમકે આ સમયે ત્યાં અવન્તિષેણુ હોઈ શકે એમ જૈન ઉલ્લેખોથી અનુમાન થાય છે. હિમવંત થેરાવલી કહે છે કે, મ. નિ. થી ૬૦ વર્ષે પાટલીપુત્રનો રાજા ઉદાયી મૃત્યુ પામ્યો અને તેના પછી નન્દ પહેલો ત્યાંના સિંહાસને આવ્યો.[17] શ્રી હેમચન્દ્રસૂરિજી પણ એ વાતનું સમર્થન કરે છે;[18] ઉપરાંત તેઓશ્રી કહે છે કે, ઉદાયીના વધ કરનારને અવન્તિરાજે તિરસ્કાર કર્યો હતો.[19] જૈનકાલગણનાની ગાથા પણ પાલકનું (પાલક-વંશનું) રાજ્ય અવન્તિમાં ૬૦ વર્ષ કહે છે અને તે પછી ત્યાં નન્દોનું આધિપત્ય લાવે છે.[20] આ સર્વનો અર્થ એક જ છે કે, પાલકવંશ—પુરાણોનો પ્રદ્યોતવંશ મ નિ થી ૬૦ વર્ષે

---

(૧૭) तेणं कालेणं तेणं समएणं केणावि तस्स सत्तुणा तं जिणधम्मम्मि दढं सुसड्ढं नाऊण णिग्गंठवेसं घित्तूण धम्मकहा-सावणमिसेणेगंतेणं तस्सावासं गंतूणेसो उदाइ णिवो मारितो समणे भगवं महावीरे णिव्वुए सट्ठिवासेसु विइक्कंतेसु पढमो णंदनामधिज्जो नाह पुत्तो पगईहिं पाडलिपुतम्मि रज्जे ठाइओ। ( हिमवंत थेरावली-मुद्रित पृ. ३ )

(૧૮) ઉદાયિનૃપનો વધ થયો પછી નન્દનો અભિષેક થયો. આ હકીકત બન્યાનો સમય આપતાં શ્રીહેમચન્દ્રસૂરિ આવી રીતે લખે છેઃ—

" अनन्तरं वर्धमान-स्वामिनिर्वाणवासरात्। गतायां षष्टिवत्सर्या-मेष नन्दोऽभवन्नृपः "
( परिशिष्टपर्व-सर्ग. ६ श्लो० २४३ )

(૧૯) "उदायिमारकः पापः, सोऽगादुज्जयिनीं पुरीम्। आख्यच्चोज्जयिनीभर्तु-र्यथो दायिवधः कृतः॥ अवन्तीशोऽवददपाप, यः कालेनेयताऽपि हि। परिव्रज्यां गृहीत्वापि स्थित्वापि मुनिसन्निधौ॥ अहर्निशं च धर्मोप-देशाञ्छ्रुत्वापि दुष्टधीः। अकार्षीरीदृशं कर्म, स त्वं मे स्याः कथं हितः॥ अद्रष्टव्यमुखोऽसि त्वं, पापापसर सत्वरम्। इति निर्भर्त्स्य तं राजा, नगरान्निरवासयत्॥ " (परिशिष्टपर्व-सर्ग ६ श्लो० २२६ थी २२९.)

(૨૦) "सट्ठी पालगरन्नो, पणपन्नसयं तु होइ णंदाणं" (गाथा नं. २ पूर्वार्ध.)

અવન્તિમાં સમાપ્ત થયો હતો, અને ત્યાં નંદવંશ દાખલ થયો હતો. પુરાણો અવન્તિને જીતનાર અને તેને મગધ સામ્રાજ્યમાં ભેળવનાર તરીકે નન્દિવર્ધનનું નામ આપે છે, પરંતુ તે નન્દિવર્ધન મગધ સામ્રાજ્યની જ—ગમે તે રીતે મહત્વનું પદ ધરાવતી–વ્યક્તિ છે એમાં તો શંકા કે ભિન્નમત છે જ નહિ. પછી તે નન્દ પહેલો હોય કે નન્દનો પિતા રાજગૃહીનો રાજા હોય એ એક વિચારણીય જુદી વાત છે.

કલ્કિપુરાણના જણાવ્યા પ્રમાણે વિશાખયૂપનાં અવન્તિમાં ૪૦ વર્ષ જ હતાં. ઉપરના પેરેગ્રાફમાં કરેલી વિચારણા પ્રમાણે—એટલે મ. નિ. થી ૬૦ વર્ષે પાલકવંશ અવન્તિમાં સમાપ્ત થયો એ નિશ્ચય પ્રમાણેઃ-વિશાખયૂપનાં ૪૦ વર્ષ પુરાણોની સાલવારી પ્રમાણે મ. નિ. ૨૪ થી ૬૪ સુધી નહિ, પણ મ. નિ. ૨૦ થી ૬૦ સુધી આવે અને તે પછીનાં માહિષ્મતીમાંનાં ૧૦ વર્ષ મ. નિ. ૬૪ થી ૭૪ સુધી નહિ પણ મ. નિ. ૬૦ થી ૭૦ સુધી આવે. પરન્તુ પુરાણો પાલકનાં ૨૪ વર્ષ પછી એટલે મ. નિ. થી ૨૪ વર્ષે વિશાખયૂપને લાવે છે, તેથી સ્પષ્ટ સમજાય છે કે, પુરાણોએ મ. નિ. ૨૦ થી ૨૪ સુધીનાં ચાર વર્ષ ગલત કરી એક તરફ પાલકમાં ઉમેર્યાં, જ્યારે બીજી તરફ વિશાખયૂપમાં ઉમેર્યાં છે. અને ૪ વર્ષ રાજ્ય કરનાર કોઈ રાજાને, કે જે જૈનસાહિત્યનો અવન્તિવર્ધન અને કેટલાંક પુરાણોનો આર્યક—ગોપાલદારક છે, તેને ગલત કર્યો છે. એ ગલત કરેલાં અવન્તિવર્ધનનાં ૪ વર્ષ વિશાખયૂપના અવન્તિમાંના અધિકારનાં ૪૦ વર્ષોમાંથી બાદ કરીએ તો વિશાખયૂપનું અવન્તિમાં ૩૬ વર્ષ રાજ્ય હતું એમ સાબીત થાય છે, કે જે તેનો ૩૫ વર્ષ રાજત્વકાલ કહેનારાઓના મતની લગોલગ આવી જાય છે. અને ૩૬ અથવા ૩૫ વર્ષના સરખા રાજત્વકાલવાળા અવન્તિષેણ અને વિશાખયૂપ એ ભિન્ન વ્યક્તિ નથી, એમ સાબીત થાય છે. ગોપાલદારક એ વિશાખયૂપ છે એ મત સિદ્ધ હોય તો, કહેવું જોઈએ કે અવન્તિષેણની કારકીર્દી વિગેરે નામની ભ્રાંતિથી વ્યર્થ જ વિશાખયૂપના નામે લખાયાં છે.

હવે આપણે મણિપ્રભ તરફ વળીએ. અવન્તિષેણ ગાદીએ આવ્યો ત્યારે વત્સની કોશામ્બીમાં તરતના જન્મેલા અવન્તિષેણના બાલક-ભ્રાતાને પુત્ર તરીકે સ્વીકારી મણિપ્રભના નામે ઉછેરનાર અજિતસેન રાજા રાજ્ય કરતો હતો. જૈન સાહિત્યથી આ રાજાનો કાંઇ પરિચય મળતો નથી. કૌશામ્બીના રાજા શતાનીક પછી તેની ગાદી પર તેનો પુત્ર ઉદયન આવ્યો હતો. જૈન સાહિત્યમાં અને પુરાણાદિમાં તેના વિષે કેટલીક હકીકતો જાણવા મળે છે, પણ તેનું રાજ્ય કેટલા સમય સુધી લંબાયું હતું એ સ્પષ્ટ રીતે જાણવા મળતું નથી. આ ઉદયનનો પુત્ર વહીનર હતો એમ મત્સ્ય પુરાણ કહે છે. અને તે વહીનર ઉદયનનો ઉત્તરાધિકારી કોઈ વીરપુરુષ હતો એમ પણ તે પુરાણનું કહેવું છે.[૨૧] આ વહીનર કથાસરિત્સાગરનો નરવાહનબોધિ અને જૈનસાહિત્યનો

(૨૧) "भविष्यति चोदयनात्, वीरो राजा वहीनरः। वहीनरात्मजश्चैव, दण्डपाणिर्भविष्यति। दण्डपाणेर्निरामित्रो, निरामित्रात्तु क्षेमकः।" (मत्स्यपुराण)

અજિતસેન હોવો જોઇએ. એનો ઉત્તરાધિકારી મણિપ્રભ થયો હતો. એક જગાએ એ [22]મેધવિનના નામે પણ લખાયો છે.

પુરાણોમાં આપેલી વંશાવલીમાં પાંચ પ્રદ્યોતોમાંના છેલ્લા બે સૂર્યક [અજક, જનક] અને નન્દિવર્ધન છે. અજિતસેનને મળેલા બાલકની પ્રભા મણિ સરખી હોવાથી તેનું નામ મણિપ્રભ રાખ્યું હતું એ ધ્યાનમાં લેતાં, એની પ્રભાને સૂર્યની પ્રભાની ઉપમાથી સરખાવી કોઈ તેનું નામ સૂર્યપ્રભ બોલે અથવા ઉપમાન—ઉપમેયની એકતા આદિથી સૂર્ય-ક પણ બોલે એ બનવા જોગ છે. વળી તેનો જન્મ ન જણાયો હોવાથી તેને અજ કે અજનક નામથી સંબોધવાની પ્રવૃત્તિ હશે, કે જેનું રૂપાન્તર અપરિચિતતાને લઇ અજક કે જનક થઇ ગયું હોય. અર્થાત્; અજિતસેનના હાથમાં ગયેલો પ્રદ્યોતવંશી બાલક મણિપ્રભ એ પુરાણોમાં આપેલી પ્રદ્યોતવંશાવલીમાંનો વિશાખયૂપ પછી આવેલો ચોથો પ્રદ્યોત રાજા સૂર્યક, અજક કે જનક છે. પુરાણો એનો રાજત્વકાલ ૨૧ કે ૩૦ વર્ષ નોંધે છે. અપેક્ષાએ તે બન્ને નોંધો બરાબર છે. એ ૩૦ વર્ષની નોંધથી સમજાય છે કે, તેનો રાજત્વકાલ મ. નિ. ૩૦ થી ૬૦ સુધી હતો. આ હિસાબે મ. નિ. ૨૩, ૨૪ માં થયેલા તેના જન્મથી ૭, ૬ વર્ષે તે વત્સરાજ બન્યો હતો. આ પછી ૯ વર્ષે તેનો પોતાના ભ્રાતા અવન્તિષેણ સાથે સંબંધ જણાવાથી સંધિ થતાં, તે અવન્તિષેણની સાથે અવન્તિનો પણ રાજા મનાતો થયો અને એ પછીનાં તેના રાજત્વકાલનાં ૨૧ વર્ષ કે ૩૦ વર્ષ સાથે તેનું નામ પ્રદ્યોતવંશાવલીમાં ગણાયું. બાકી ખરી રીતે એ ૨૧ વર્ષ વિશાખયૂપ—અવન્તિષેણના રાજત્વકાલમાંજ સમાઇ જતાં હોવાથી તેને અલગ ન જ ગણવાં જોઈએ.

અવન્તિષેણ વિષેના ઉપર કરેલા વિવેચનથી સમજાશે કે, એ રાજાનો રાજત્વકાલ ઘણો લાંબો હતો. એના અવન્તિના આધિપત્યનો અંત ઉદાયીએ નહિ પણ નંદ પહેલાએ આણ્યો હતો. અવન્તિષેણના આધિપત્યના અંતની સાથે પાલકવંશ કે પ્રદ્યોતવંશની અવ-

---

મત્સ્યપુરાણ વહીનર ( અજિતસેન ) પછી આવનાર સૂર્યક ( મણિપ્રભ—અજઉદયન)ને પૌરવવંશનો ન હોવાને લઇ અર્થાત્ તે પ્રદ્યોતવંશનો હોવાથી, તેને પ્રદ્યોતોની વંશાવલીમાં મુકે છે. અને પૌરવોની વંશાવલી દણ્ડપાણિથી લઇ આગળ લંબાવે છે. એ દણ્ડપાણિ વિગેરે પૌરવવંશના હશે પણ તેઓ કોશાંબીના રાજકર્તાઓ ન હોઈ અન્ય કોઈ સ્થળના, બહુધા હસ્તિનાપુરની કોઇ પૌરવશાખાના હોવા જોઇએ. એ સ્થળ હસ્તિનાપુર કે ઉત્તરહિંદનું અન્ય કોઇ નગર હશે, કે જેનો નિશ્ચય કરવો મુશ્કેલ છે.

(૨૨) જ. ઓ. બી. રી. સો. નામના માસિકમાં (પુ. ૧ લું પૃ૦ ૧૧૪) આ નામ આપ્યું છે અને તે ઉદયન પછી આપવામાં આવ્યું છે. માસિકમાંના નિબંધમાં તેના લેખકે—સુતીર્થ, રૂચ, ચિત્રક્ષ, સુખલલ—સહસ્રનીક, પરણતપ શતાનીક ઉદયન, મેધવિન્ (ઉર્ફે) મણિપ્રભ, દંડપાણી, ક્ષેમક એવી રીતે વંશાવલી આપી છે (પ્રાચીન ભારતવર્ષ ભાગ ૧ પૃ. ૧૦૭). મત્સ્યપુરાણમાં મેધવિન્ ઉર્ફે મણિપ્રભની જગાએ 'વહીનર' નામ છે. જૈન સાહિત્યમાં (ભગવતીસૂત્ર, આવશ્યક નિર્યુક્તિ વિગેરેમાં) સહસ્રાનીક, શતાનીક, ઉદયન, અજિતસેન, મણિપ્રભ એ નામો આવતાં હોઇ એજ ક્રમથી ગોઠવી શકાય તેમ છે. મત્સ્યમાં શતાનીકના પિતાનું નામ વસુદાન લખ્યું છે.

ન્તિમાં સમાપ્તિ થઇ પાલક વંશ ૬૦ વર્ષ ચાલ્યો અને પ્રદ્યોતે ૪૯ વર્ષ રાજ્ય કર્યું તે એ ૬૦ માં ઉમેરીએ તો પ્રદ્યોત વંશનો ૧૦૯ વર્ષ રાજત્વકાલ થાય. મત્સ્યપુરાણ પ્રદ્યોતનાં ૧૩૮ વર્ષ લખે છે; પરંતુ તેમાંથી તેણે પોતે જ શિશુનાગવંશી તરીકે લખેલાં નન્દિવર્ધનનાં ૨૦ વર્ષ અને વિશાખયૂપનાં માહિષ્મતીમાંનાં ૧૦ વર્ષ એમ ૩૦ વર્ષ બાદ કરીએ તો અવન્તિમાં પ્રદ્યોતોનો રાજત્વકાલ ૧૩૮–૩૦=૧૦૮ વર્ષ જ આવે. એ ૧૦૮માં પ્રદ્યોતનાં ૪૯ ને બદલે ૨૩ વર્ષ લખાતાં જે ૨૬ વર્ષ નીકળી ગયાં છે તેની ભરતી–અવન્તિ વર્ધનનાં ૪ વર્ષના સ્થાને પાલકમાં ૪ અને વિશાખયૂપમાં ૪ એમ બે તરફ વધારતાં ૪ વર્ષ વધારે લખાયાં તે; અને વત્સના સૂર્યક–મણિપ્રભનાં ૨૧ વર્ષ, કે જે અવન્તિષેણ–વિશાખયૂપમાં સમાઇ જાય છે, એ પણ વધારે લખાયાં તે; એમ ૨૫ વધારાનાં વર્ષથી કરવી પડે છે તે કરતાં પુલિક (પુનક) ના નામે જે ૨૬ વર્ષ અન્યત્ર લખવામાં આવે છે તે પ્રદ્યોતનાં ૨૩ વર્ષમાં ઉમેરવાં ને ૪૯ વર્ષ કરવાં અને એ રીતે ૧૦૮ વર્ષ રાખવાં એ જ ઠીક છે. બીજી જગાએ જે ૧૨૪ સૌર વર્ષ લખવામાં આવે છે તેમાં પણ આવીજ રીતે ૧૦૮ વર્ષ લાવી શકાય છે, જેમકે; નન્દિવર્ધનનાં ૨૦ અને જનકનાં ૩૦ એમ ૫૦ વર્ષ ૧૨૪માંથી બાદ કરી, તેમાં પ્રદ્યોતનાં ૪૯ ના બદલે ૧૫ વર્ષજ લખાયાં છે તે ૪૯–૧૫=૩૪ ઓછાં લખાયેલાં પ્રદ્યોતનાં વર્ષને ઉમેરવાં એટલે ૧૨૪–૫૦=૭૪+૩૪=૧૦૮ વર્ષ આવી જશે. મત્સ્યપુરાણના આધારે લખાયેલાં ૧૫૫ વર્ષ પણ એવીજ કોઈ ગણતરી કે લેખકોની શરત ચૂકનું પરિણામ હોય એમ લાગે છે. વસ્તુતઃ ચાર અથવા અવન્તિષેણની સાથે જ રહી અવન્તિ પર ૨૧ વર્ષ અધિકાર ભોગવતા મણિપ્રભ–સૂર્યકને પણ ગણીએ તો પાંચ પ્રદ્યોતોનો ૧૦૯ અથવા ૧૦૮ વર્ષ જ રાજત્વકાલ છે. પ્રદ્યોતોની વંશાવલી નીચે પ્રમાણે બને છેઃ—

| | | | | |
|---|---|---|---|---|
| ચંડ પ્રદ્યોત | ૪૯ વર્ષ, | અવન્તિષેણ | ૧૫ | વર્ષ |
| પાલક | ૨૦ વર્ષ | અવન્તિષેણ અને મણિપ્રભ | ૨૧ | ,, |
| અવન્તિવર્ધન | ૪ વર્ષ | | ૧૦૯ | ,, |

(૨૩) શિશુનાગથી ઉદય (ઉદાયી) સુધી વંશાવલી આપી પછી મત્સ્ય પુરાણ લખે છે કેઃ—

"चत्वारिंशत्समा भाव्यो, राजा वै नन्दिवर्धनः। चत्वारिंशत् त्रयश्चैवं, महानंदी भविष्यति। इत्येते भवितारो वै, शैशुनागा नृपा दश।"

મત્સ્યપુરાણ નન્દિવર્ધનને આમ સ્પષ્ટ રીતે શૈશુનાગ લખે છે છતાં તેને સૂર્યક (મણિપ્રભ) ના પુત્ર તરીકે પ્રદ્યોતોમાં ઉલ્લેખ કરે છે એનો અર્થ એટલોજ જ છે કે, તે પ્રદ્યોત નહિ, પણ પાટલીપુત્રના ઉદાયીના મૃત્યુ બાદ પ્રદ્યોતોની અવન્તિને જીતનાર અને તેને મગધસામ્રાજ્યમાં ભેળવનાર હતો. આ વખતે સર્વોપરી સત્તા પાટલિપુત્ર પર આવેલા નન્દ પહેલાની હતી તેથી એ વિજય નન્દ પહેલાના કાળે જાય છે.

# પાલકવંશના સમકાલીન મગધેશ્વરો

# કોણિક (અજાતશત્રુ) અને ઉદાયી.

પાલકોના ૬૦ વર્ષના સમય દરમિયાન અસ્તિત્વ ધરાવતાં રાજ્યોમાં મગધનું સામ્રાજ્ય ઇતિહાસમાં અતિપ્રસિદ્ધ છે. એ સમયમાં ત્યાં રાજકર્તાઓ કોણિક (અજાતશત્રુ) અને ઉદાયી હતા. કોણિકનું રાજ્ય ક્યારે શરૂ થયું અને તેનો અંત ક્યારે થયો તથા એ રાજાનો રાજત્વકાલ કેટલો હતો, એ વિષેનો સ્પષ્ટ ઉલ્લેખ જૈનસાહિત્યમાંથી મેળવવો અતિ મુશ્કેલ છે, પણ હિમવંત થેરાવલી એવી સ્પષ્ટ માહિતી આપે છે કેઃ—"મહાવીર નિર્વાણથી ૩૧ આદિ વર્ષો વીતતાં કોણિક પુત્ર ઉદાયી રાજાએ પાટલીપુત્ર સ્થાપી ત્યાં રહી મગધનું આધિપત્ય ભોગવ્યું."[૨૪] આનો અર્થ એ થાય છે કે; મ. નિ. ૩૧ વર્ષે કોણિકના રાજ્યનો અંત આવ્યો અને ઉદાયીને પિતાના અવસાનથી ચંપામાં અરતિ ઉપજતાં પાટલીપુત્ર વસાવવાનું કામ તેણે આરંભ્યું. પોતાની દેખરેખ નીચે એ કાર્ય, પુરાણો કહે છે[૨૫] તેમ, ૪ વર્ષે પુરૂં થતાં ત્યાં રહી તેણે મગધસામ્રાજ્યનું શાસન કર્યું. આમ થેરાવલીએ કોણિકના રાજ્યનો અંત પ્રકારાન્તરે જણાવ્યો, પણ તેના રાજ્યની શરૂઆત ક્યારે થઈ એ હકીકત તો તે પણ જણાવતી નથી. એટલે તેનો રાજત્વકાલ નક્કી કરવામાં તે આપણને કાંઈ પણ મદદ કરતી નથી. પરંતુ બૌદ્ધગ્રંથોમાં અજાતશત્રુ (કોણિક)નો રાજત્વકાલ ૩૨ વર્ષ જણાવ્યો છે; એ હિસાબે મ. નિ. થી એક વર્ષ પહેલાં એ રાજા મગધના સિંહાસને આવ્યો હતો એમ સિદ્ધ થાય છે. બીજી તરફ પુરાણોમાં કોઈ આ રાજાનો રાજત્વકાલ ૨૭ વર્ષ[૨૬] તો કોઈ ૨૫[૨૭] તો વળી કોઇ ૩૫ વર્ષ[૨૮] પણ નોંધે છે થેરાવલી પ્રમાણે મ. નિ. ૩૧

---

(૨૪) 'सेणियणिवपुत्तो अजायसत्तू कोणियावरणामधिज्जो णियपिउस्स णं सत्तुभूओ पिउं पंजरम्मि णिक्खिवइत्ता चंपेइणामधिज्जं णयरिं ठावइत्ता तत्थ रज्जं कुणइ।" થેરાવલી કોણિક વિષે આવો ઉલ્લેખ કરી ત્યાર બાદ રત્નપ્રભસૂરિનું કાર્ય ઉલ્લેખી ઉદાયી વિષે લખે છે કેઃ— "वीराओ णं इगतीसाइवासेसु विइक्कंतेसु कोणियपुत्तो उदाइणिवो पाडलिपुत्तं णयरं ठाइत्ता(त्ता) तत्थ णं मगहाहिवच्चं पालेमाणे चिट्ठइ"। હિમવંત થેરાવલી મુદ્રિત પૃ. ૩

(૨૫) "स वे पुरवरं राजा, पृथिव्यां कुसुमाह्वयम्। गंगाया दक्षिणे कूले, चतुर्थेऽब्दे करिष्यति"॥

"स वै पुरवरं रम्यं" (पाठान्तरम्) (વાયુપુરાણ. ઉ. ખં, અ, ૩૭ પ. ૧૭૫ ૧૭૯)

(૨૬) 'अजातशत्रुर्भविता, सप्तविंशत समा नृपः।" (मत्स्यपुराण. અધ્યાય ૨૭૨)

"सप्तत्रिंशत् समा नृपः" (मत्स्यपुराणमां पाठान्तरम्)

(૨૭) "अजातशत्रुर्भविता, पंचविंशत्समा नृपः" (વાયુપુરાણ૦)

(૨૮) "अजातशत्रुर्भविता, पंचत्रिंशत्समा नृपः" (બ્રહ્માંડપુરાણ૦)

વર્ષે કોણિકના રાજ્યનો અંત આવ્યો હતો. હવે જો કોણિકના રાજત્વકાલનાં વર્ષ ૨૭ કે ૨૫ હોય તો મહાવીર નિર્વાણ પછી જ કોણિકનો રાજ્યારંભ આવે. જો પુરાણો પ્રમાણે ઉદાયીનાં ૩૩ વર્ષ ગણીએ તો એ હિસાબે-મ. નિ. ૬૦ વર્ષે ઉદાયીના રાજ્યાંત પ્રમાણે -ઉદાયીનો રાજ્યારંભ અને કોણિકનો રાજ્યાંત, ૬૦ માંથી ૩૩ બાદ કરતાં મ નિ. ૨૭ વર્ષે આવે. કોણિકનાં રાજત્વકાલનાં વર્ષ જો ૨૭ કે ૨૫ હોય તો, આ પૌરાણિક રીતે પણ કોણિકનો રાજ્યારંભ મહાવીરના નિર્વાણ સમયે કે તે પછી જ આવે. કોણિકે મહાવીરના નિર્વાણ પહેલાં જ એક રાજવી તરીકે વૈશાલી સાથેનું યુદ્ધ લડી લીધું હતું, યા લડી રહ્યો હતો. એ યુદ્ધ ચાલતું હતું ત્યારે કાલી આદિ માતાઓએ શ્રેણિકની રાણીઓએ મહાવીરને પોતાના પુત્રો યુદ્ધમાંથી પાછા ફરશે કે કેમ, એવો પ્રશ્ન પૂછયો હતો ને મહાવીરના મુખથી તેમનું મૃત્યુ જાણતાં દીક્ષા લીધી હતી,[૨૯] એમ જૈનસાહિત્યથી જાણવા મળે છે, અને તેથી મહાવીરનિર્વાણ સમયે કે તે પછી કોણિકનો રાજ્યારંભ લાવતો ૨૭ કે ૨૫ વર્ષનો તેનો રાજત્વકાલ અસંગત થઇ પડે છે, માટે કોણિકનો રાજ્યારંભ મ. નિ. થી થોડાંક વર્ષ પહેલાં આવે એવી રીતે ૩૫ વર્ષ અથવા પુરાણોમાં સૌથી વધારે શ્રદ્ધેય મત્સ્યપુરાણના પાઠભેદ પ્રમાણે ૩૭ વર્ષ એ રાજાનો રાજત્વકાલ માનવો સંગત છે. આ રીતે બૌદ્ધગ્રંથોનાં ૩૨ વર્ષ કરતાં મત્સ્યપુરાણમાંના પાઠાન્તરનાં ૩૭ વર્ષ, એ ૫ વર્ષ વધારે હોઇ સકારણ હોય એમ લાગે છે. એ કારણને અહિં જણાવવું જોઇએ.

કોણિકની પૂર્વે થઇ ગયેલા મગધના રાજાઓમાંથી શ્રેણિક (ભંભાસાર-બિમ્બિસાર) ને બાદ કરીએ તો તેઓના વિષે જૈનસાહિત્ય કે બૌદ્ધસાહિત્યમાંથી કાંઇ પણ જાણવા મળતું નથી એમ કહીએ તો પણ ચાલે. પુરાણો પણ અવ્યવસ્થિત રાજત્વકાલયુક્ત વંશાવલીની સામાન્ય નોંધ લેવી તે સિવાય વિશેષ જણાવતાં નથી. જૈનસાહિત્ય કોણિકના પિતા શ્રેણિકની સામાન્ય રીતે ઓળખ આપતાં લખે છે કે; શ્રેણિક મગધના કુશાગ્રપુરમાં, અગ્નિના ઉપદ્રવથી પાછળના સમયમાં કુશાગ્રપુરની અતિ નજદીકમાં વસી ગયેલા રાજગૃહમાં રાજ્ય કર્તા પ્રસેનજિતનો પુત્ર હતો અને તે તેના પિતાની પાછળ મગધના રાજસિંહાસને આવ્યો હતો. હૈહયવંશના વૈશાલીના ચેટકરાજાએ એને પોતાના વંશથી ઉતરતા-હલકા[૩૦] વાહીકવંશનો કહી અવગણ્યો હતો અને પોતાની કન્યા આપવા નકાર્યું હતું. પરંતુ પુરાણો

---

(૨૯) पत्थंतरे सेणिकभज्जाओ कालिमातिकाउ पुच्छंति अम्हं पुत्ता संगामातो एहिंन्ति णविति। जथा निरयावलियाए पव्वइताओ। (આવશ્યક હારિભદ્રીય ટીકા. ઉત્તરાર્ધ પૃ ૧૭૬)

(૩૦) શિશુનાગે કાશી અને મગધમાં પોતાનું રાજ્ય જમાવ્યું હતું તેથી એના વંશજોને પુરાણો શૈશુનાગો તરીકે ઓળખાવે છે, પણ તેમના વંશ વિષે ત્યાં કાંઇ લખવામાં આવ્યું હોય એમ જણાતું નથી, જૈન સાહિત્ય પ્રસંગવશાત્ તેમને વાહીકવંશના લખે છે. પ્રાચીનકાળમાં પંજાબ-સિંધને 'વાહીક' તરીકે ઓળખાવવામાં આવતો હતો, તેનું કારણ 'વાહીક' લોકોનો વસવાટ ત્યાં હશે ? અને શિશુનાગે એ પ્રદેશમાંથી કાશીદેશમાં આવી ત્યાંના ઇક્ષ્વાકુઓને જીતી લીધા હશે ?

તેના પિતાનું નામ ક્ષેમજિત કે ક્ષત્રૌજા જણાવી તેનું પોતાનું નામ વિન્ધ્યસેન વિગેરે વિગેરે લખતાં તેને શિશુનાગવંશી તરીકે ઓળખાવે છે.

પુરાણો શ્રેણિકના વંશને શિશુનાગના નામથી જ આગળ ધરે છે તેથી અનુમાન થાય છે કે, વાહીકવંશનો એ શિશુનાગરાજા પરાક્રમી અને લડાયક વૃત્તિનો હોઈ તેણે પ્રથમ કાશી–વારાણસીનું રાજ્ય જીતી લીધું હતું અને ત્યાંનો રાજા બની બેઠો હતો. પરંતુ પછીથી જ્યારે તેને મગધના ગિરિવ્રજે જવાનું થયું ત્યારે તેણે કાશીની ગાદી પર પોતાના પુત્રને સ્થાપ્યો હતો. કહે છે કે, મગધનું શાસન કરવા માટે તેને નિમંત્રણ મળ્યું હતું, અને ગિરિવ્રજ ગયા પછી તે મગધનો શાસક બન્યો હતો. જૈન સાહિત્યથી જાણવા મળે છે કે, મહાવીરનિર્વાણ પૂર્વે ૩૫૦ વર્ષે (વિ. સં. પૂ. ૭૬૦ ઈ. સ. પૂ. ૮૧૭) શ્રી પાર્શ્વનાથનો જન્મ થયો હતો. એમના પિતા અશ્વસેન ઈક્ષ્વાકુવંશના હતા અને એમનું રાજ્ય કાશીદેશની વારાણસીમાં હતું. ઇક્ષ્વાકુઓનું એ રાજ્ય શિશુનાગના હાથમાં ગયું હતું એવો અર્થ પુરાણો પરથી નીકળે છે.

શિશુનાગનો સમય સમજવા માટે પુરાણોએ નોંધેલી રાજત્વકાળવાળી તેની વંશાવલી[31] કામ લાગે ખરી, પણ અનેક અસ્પષ્ટ કારણોથી જન્મેલી અવ્યવસ્થાને લઈ એ વંશાવલી તેના સમયનો નિર્ણય કરવાને બદલે કેવળ ગોટાળો જ ઉભો કરે છે. જૈનસાહિત્ય અને બૌદ્ધસાહિત્યના આધારે એ ગોટાળાને બનતી રીતે દૂર કરી મત્સ્યપુરાણમાં આપેલી શિશુનાગની વંશાવલીને શુદ્ધ કરતાં, આ લેખમાં સ્વીકૃત કાલગણના પ્રમાણે શિશુનાગનો રાજ્યારંભ મ. નિ. પૂ. ૨૦૫ વર્ષે (વિ. સં. પૂ. ૬૧૫, ઇ. સ. પૂ. ૬૭૨) આવે છે.

---

(૩૧) हत्वा तेषां यशः कृत्स्नं, शिशुनागो भविष्यति। वाराणस्यां सुतं स्थाप्य, श्रयिष्यति गिरिव्रजम्। शिशुनाकश्च वर्षाणि, चत्वारिंशद्भविष्यति॥ काकवर्णः सुतस्तस्य, षड्विंशत्प्राप्स्यते महीम्। षड्त्रिंशच्चैव वर्षाणि, क्षेमधर्मा भविष्यति॥ चतुर्विंशत्समाः सोपि क्षेमजित् प्राप्स्यते महीम्। अष्टाविंशति वर्षाणि विन्ध्यसेनो भविष्यति॥ भविष्यति समा राजा, नव कण्वायनो नृपः। भूमिमित्रः सुतस्तस्य, चतुर्दश भविष्यति॥ अजातशत्रुर्भविता, सप्तविंशत् समा नृपः। चतुर्विंशत् समा राजा, वंशकस्तु भविष्यति॥ उदासी भविता तस्मात् त्रयस्त्रिंशत् समा नृपः। चत्वारिंशत् समा भाव्यो, राजा वै नन्दिवर्धनः॥ चत्वारिंशत् त्रयश्चैव, महानन्दी भविष्यति। इत्येते भवितारो वै, दश द्वौ शिशुनाकजाः।*
शतानि त्रीणि पूर्णानि, षष्टिवर्षाधिकानि तु शिशुनाका भविष्यन्ति राजानः क्षत्रबन्धवः। (મત્સ્યપુરાણ–અધ્યાય, ૨૭૨)

* મારા સંશોધન મુજબ ક્ષેમજિત અને ક્ષત્રૌજા (પ્રસેનજિત) એમ ૨૪ અને ૪૦ વર્ષના રાજત્વકાલવાળા બે રાજાઓ માનતાં ૧૨ ના બદલે ૧૩ ની સંખ્યા થાય છે, પણ ૨૪ વર્ષના રાજત્વકાલવાળો વંશક આ મુખ્ય વંશાવલીમાં ન હોવાથી તેને બાદ કરતાં ૧૨ ની જ સંખ્યા રહે છે. મત્સ્યના પાઠાન્તરમાં જે ૧૦ ની સંખ્યા લખી છે તે તો કણ્વાયન અને ભૂમિમિત્રને આ મુખ્ય શાખામાં ન માનવાથી મળી રહે છે. આગળ પર સ્પષ્ટ કરવામાં આવશે કે, કણ્વાયન, ભૂમિમિત્ર, વંશક વિગેરે રાજાઓ મગધની મુખ્યશાખાના નહિ પણ પેટા શાખાના છે.

શ્રીપાર્શ્વનાથનું આયુષ્ય ૧૦૦ વર્ષનું હોઇ તેમનું નિર્વાણ મ નિ. પૂ. ૨૫૦ વર્ષે ( વિ. સં. પૂ. ૬૬૦, ઈ. સ. પૂ. ૭૧૭ ) થયું હતું. આ હિસાબે શ્રીપાર્શ્વ નિર્વાણથી ૨૫૦–૨૦૫=૪૫ વર્ષે શિશુનાગનો રાજ્યારંભ થયો હતો. મત્સ્ય પુ૦ લખે છે કે, "બૃહદ્રથોના સર્વ યશનો નાશ કરી શિશુનાગ થશે. તે પોતાના પુત્રને વારાણસીમાં સ્થાપન કરી ગિરિવ્રજ જશે." જૈનગણતરીથી બિલ્કુલ વિરૂદ્ધ જતી ગણતરીથી મત્સ્યપુરાણ, મહાભારતના યુદ્ધમાં મૃત જરાસંધના પુત્ર સહદેવના દાયાદ સોમાધિથી રિપુંજય સુધીના રાજાઓનો વ્યક્તિગત રાજત્વકાલ નોંધે છે.[૩૨] આ રાજાઓને માગધ બૃહદ્રથો તરીકે તે ઓળખાવે છે, તેથી સૂચિત થાય છે કે, અન્ય સ્થળના પણ બૃહદ્રથો હતા. કાશીમાં રાજ્ય કરતા, શ્રી પાર્શ્વનાથના પિતા અશ્વસેન ઈક્ષ્વાકુ કુલના હતા એમ જૈન સાહિત્ય કહે છે. મહાભારત પરથી જાણવા મળે છે કે, મહાભારતના યુદ્ધ પૂર્વે બૃહદ્રથ નામનો એક પ્રખ્યાત રાજા કાશીપતિ હતો. આ બૃહદ્રથ ઇક્ષ્વાકુ વંશનો ચન્દ્રવંશી રાજા હતો. સંભવ છે કે, એ બૃહદ્રથની મુખ્ય શાખામાં અશ્વસેન રાજા ઉતરી આવ્યો હશે. એ બૃહદ્રથની બીજી શાખા ગિરિવ્રજમાં (મગધમાં) હતી, જેમાં જરાસંધાદિ રાજાઓ થયા છે. આ જરાસંધ બૃહદ્રથથી દશમો રાજા હતો. તેના પુત્ર સહદેવને કામચલાઉ રાજા તરીકે વંશાવલીમાં સ્થાન ન આપતાં મત્સ્યપુરાણે સહદેવના દાયાદ સોમાધિથી આ બૃહદ્રથોની વંશાવલી નોંધી છે. વંશાવલીમાં સોમાધિથી દૃઢસેન સુધીના ૧૬ રાજાઓનો સમુચ્ચય રાજત્વકાલ ૭૨૩ વર્ષ લખ્યો છે. પણ એ ઉલ્લેખ દૃઢસેન પછી તરતજ થવો જોઈએ તેના બદલે મહીનેત્રથી રિપુંજય સુધીના છ રાજાઓનાં નામ

(૩૨) अत उर्ध्वं प्रवक्ष्यामि, मागधा ये बृहद्रथाः । जरासंधस्य ये वंशे, सहदेवान्वये नृपाः ॥
अतीता वर्तमानाश्च, भविष्याश्च तथा पुनः । प्राधान्यतः प्रवक्ष्यामि, गदतो मे निबोधत ॥
संग्रामे भारते वृत्ते, सहदेवे निपातिते । सोमाधिस्तस्य दायादो, राजाऽभूत् स गिरिव्रजे ॥
पंचाशतं तथाष्टौ च, समा राज्यमकारयत् । श्रुतश्रवाश्चतुःषष्टिं, समास्तस्यान्वयेऽभवत् ॥
अयुतायुस्तु षड्विंश-द्राज्यं वर्षाण्यकारयत् । चत्वारिंशत् समास्तस्य, निरामित्रो दिवंगतः ॥
पंचाशतं समाः षट् च, सुक्षत्रः प्राप्तवान् महीम् । त्रयोविंशद्बृहत्कर्मा, राज्यं वर्षाण्यकारयत् ॥
सेनाजित् संप्रयातश्च, भुक्त्वा पंचाशतं महीम् । श्रुतंजयस्तु वर्षाणि, चत्वारिंशद् भविष्यति ॥
महाबलो महाबाहुः महाबुद्धिपराक्रमः । अष्टाविंशति वर्षाणि, महीं प्राप्स्यति वै विभुः ॥
अष्ट पंचाशतं चाब्दान् राज्ये स्थास्यतिवै शुचिः । अष्टाविंशत्समाराजा क्षेमो भोक्ष्यतिवै महीम् ॥
सुव्रतस्तु चतुःषष्टिं, राज्यं प्राप्स्यति वीर्यवान् । पंचत्रिंशति वर्षाणि, सुनेत्रो भोक्ष्यते महीम् ॥
भोक्ष्यते निर्वृतिश्चेमां, अष्टपंचाशतं समाः । अष्टाविंशत्समा राज्यं, त्रिनेत्रो भोक्ष्यते ततः ॥
चत्वारिंशत् तथाऽष्टौ च, दृढसेनो भविष्यति । त्रयस्त्रिंशत्तु वर्षाणि, महीनेत्रो प्रकाशयते ॥
द्वात्रिंशत्तु समा राजा, सुचलस्तु भविष्यति । चत्वारिंशत्समा राजा, सुनेत्रो भोक्ष्यते ततः ॥
सत्यजित्पृथिवीं राजा, त्र्यशीतिं भोक्ष्यते समाः । प्राप्येमां विश्वजिच्चापि, पंचविंशद् भविष्यति ॥
रिपुंजयस्तु वर्षाणि, पंचाशत् प्राप्स्यते महीम् । षोडशैते नृपा ज्ञेया, भवितारो बृहद्रथाः ॥
त्रयोविंशाधिकं तेषां, राज्यं च शतसप्तकम् । द्वात्रिंशच्च नृपा ह्येते, भवितारो बृहद्रथाः ॥
पूर्णं वर्षसहस्रं वै, तेषां राज्यं भविष्यति ।

અને તેમનો પ્રત્યેકનો રાજ્યત્વકાલ જણાવ્યા બાદ થાય છે અને મહીનેત્રાદિ છ રાજાઓનો સમુચ્ચય રાજત્વકાલ નોંધ્યા સિવાય, ૩૨ બૃહદ્રથોની સંખ્યા જણાવવામાં આવે છે કે, જે ખરી રીતે ૧૬+૬ = ૨૨ની હોવી જોઈએ. આ પછી 'તેઓનું રાજ્ય' એવા અસ્પષ્ટ ઉલ્લેખથી ૧૦૦૦ વર્ષ નોંધાય છે કે, જેનો મેળ મત્સ્યે નોંધેલી અન્ય હકીકતથી વિરૂદ્ધ જાય છે.

મહાભારતનું યુદ્ધ થયું એ સમયની લગભગમાં અભિમન્યુના પુત્ર પરીક્ષિતનો જન્મ થયો હતો. મત્સ્યાદિ પુરાણો લખે છે કે, 'પરિક્ષિતનો જન્મ અને મહાપદ્મ=(નન્દરાજા)નો અભિષેક, એ બેની વચ્ચે ૧૦૫૦ વર્ષનું અંતર છે'[33] હવે જે બૃહદ્રથોની વંશાવલીના અંતે ૧૦૦૦ વર્ષ લખાયાં છે તે, જો ભારતના યુદ્ધથી રિપુંજય સુધીના અંતરને જણાવનારાં છે એવો અર્થ કરીએ તો, રિપુંજયનો રાજ્યાંત અને મહાપદ્મનો અભિષેક એ બેની વચ્ચે ૧૦૫૦–૧૦૦૦=૫૦ વર્ષનું જ અંતર આવે. જ્યારે એથી વિરુદ્ધ મત્સ્ય પુરાણની નોંધથી એ અંતર ૨૩૫ વર્ષ (પ્રદ્યોતોનાં ૧૫૨, નંદિવર્ધનનાં ૪૦, મહાનંદિનાં ૪૩, આ પછી મહાપદ્મનો રાજ્યાભિષેક) જાણવા મળે છે. પ્રદ્યોતોનાં ૧૫૨ વર્ષનો અંક[34] અશુદ્ધ માની તેની જગાએ ૧૩૮ વર્ષનો અંક લઇએ અને પ્રદ્યોતોનાં ૧૫૨ વર્ષમાં નંદિવર્ધનનાં ૨૦ વર્ષ ભેળવાતાં હોવાથી તે બાદ કરીએ તો પણ એ અંતર ૨૦૧ વર્ષનું આવે છે, જેમકે:—પ્રદ્યોતોનાં ૧૧૮, નન્દિવર્ધનનાં ૪૦, મહાનન્દિનાં ૪૩, એમ ૧૧૮+૪૦+૪૩=૨૦૧.

આ લેખની માન્યતા પ્રમાણે પણ રિપુંજયનો રાજ્યાંત અને મહાપદ્મનો રાજ્યાભિષેક એ બેની વચ્ચેનું અંતર પ્રદ્યોતેનાં ૧૦૯, પહેલા નન્દનાં ૪૦, બીજાથી આઠમા નન્દનાં ૧૨, એમ ૧૦૯+૪૦+૧૨=૧૬૧ વર્ષ આવે છે, કેમકે આઠમા નન્દ પછી આવેલો તેનો ભ્રાતા–પહેલા નન્દનો પુત્ર–મહાપદ્મ છે, કે જે મહાનન્દ, ધનનંદ વિગેરે નામોથી ઓળખાતો હતો અને ૯ મો નંદ હતો.

આવીરીતે વિરુદ્ધ જતી સ્થિતિમાં માનવું પડે છે કે; મહાભારતના યુદ્ધ લગભગ જન્મેલા પરીક્ષિતથી ૧૦૫૦ વર્ષે અભિષિક્ત મહાપદ્મના રાજ્યારંભથી ૫૦ વર્ષ પૂર્વે એટલે મહાભારતના યુદ્ધથી ૧૦૦૦ વર્ષે રિપુંજયનો રાજ્યાંત થયો હતો એવો અભિપ્રાય 'पूर्ण वर्षसहस्रं वै तेषां राज्यं भविष्यति' એ શ્લોકાર્ધનો નથી, પરન્તુ પ્રદ્યોતોનો રાજ્યાંત થયો હતો એવો છે. એ શ્લોકાર્ધ પહેલાં પ્રદ્યોતોની વંશાવલી નોંધવી જોઇતી હતી તે, ગમે તે કારણે તેની પાછળ નોંધાઇ ગઈ છે.

ઉપરોક્ત રીતે પ્રદ્યોતોના રાજ્યાન્તે મહાભારતના યુદ્ધથી ૧૦૦૦ વર્ષ માનતાં, રિપુંજયના રાજ્યાંતથી મહાપદ્માભિષેક સુધીનું અંતર જે ૨૦૦ કરતાં વધારે વર્ષ પડતું

(૩૩) महापद्माभिषेकात्तु, यावज्जन्म परीक्षितः । एवं (कं?) वर्षसहस्रं तु, ज्ञेयं पंचाशदुत्तरम् ॥

—मत्स्यपुराण अध्याय, २७३

यावत्परीक्षितो जन्म, यावन्नंदाभिसेचनम् । एतद्वर्षसहस्रं तु, ज्ञेयं पंचाशदुत्तरम् ॥

—विष्णुपुराण. अंश ४ अध्याय २४.

(૩૪) द्विपंचाशत्ततो भुक्त्वा, प्रणष्टाः पंच ते नृपाः—मत्स्यपुराण.

अष्टात्रिंशच्छतं भाव्याः, प्रद्योताः पंच ते सुताः—वायुपुराण.

હતું–તે ઘણુંજ ઓછું થઈ જાય છે, એટલે એક ગણતરીએ નન્દિવર્ધન ૨૦ અને મહા-નન્દિ ૪૩ એમ ૬૩ વર્ષ તથા બીજી ગણતરીએ નન્દિવર્ધન ૪૦ અને મહાનન્દિ ૪૩ એમ ૮૩ વર્ષ થાય છે, પરંતુ ૫૦ વર્ષ થવું જોઈએ તે થતું નથી. કારણ કે પુરાણો પ્રદ્યોતોના રાજ્યાંત પછી, પાટલીપુત્રના સિંહાસને નન્દિવર્ધન ૨૦ વર્ષ, મહાનન્દિ ૪૩ વર્ષ અને પછી મહાપદ્મ; અથવા તો નન્દિવર્ધન ૪૦ વર્ષ, મહાનન્દિ ૪૩ વર્ષ અને પછી મહાપદ્મ, એવો અનુક્રમ લખી રહ્યાં છે. એ વાતથી તેઓ અપરિચિત છે કે; નન્દિવર્ધન પ્રદ્યોતોના રાજ્યાંત પૂર્વે ૫ વર્ષે રાજગૃહીની પેટાગાદી પર આવ્યો હતો, અને મહાપદ્મ એ મહા-નન્દિનો પુત્ર નહિ, પરન્તુ પ્રદ્યોતોના રાજ્યાંત સમયે પાટલીપુત્રના સિંહાસને આવેલા પ્રથમનંદનો નવમો પુત્ર હોઈ તે નન્દિવર્ધન પછી રાજગૃહીમાં રાજ્ય કરતા મહાનંદિના રાજ્યારંભ પછી ૧૫ વર્ષે અને પાટલીપુત્રમાં રાજ્ય કરતા પ્રથમનંદના (૪૦ વર્ષ) પુત્રોના—સાત નન્દના (૧૨ વર્ષ) રાજ્યાંત પછી, અર્થાત; પ્રથમનન્દના રાજ્યારંભથી ૪૦+૧૨=૫૨ વર્ષે પાટલીપુત્રમાં અભિષિકત થયો હતો. આ સર્વ હકીકત આગળ પર આ લેખમાં સાબિત કરવામાં આવશે. આ લેખની ગણતરી પ્રમાણે પ્રદ્યોતોનું રાજ્ય મ. નિ ૬૦ વર્ષ ચાલી ૬૧ મા વર્ષમાં સમાપ્ત થયું હતું એ ૬૧ મા વર્ષને ન ગણીએ અને હિમવંત થેરાવલી પ્રમાણે ૧૧૩ ના બદલે ૧૧૨માં મહાપદ્મનો રાજયારંભ ગણીએ તો, મ. નિ. ૬૨ થી ૧૧૨ સુધી બરાબર ૫૦ વર્ષ થતાં પ્રદ્યોતોના રાજ્યાંતથી મહાપદ્મના રાજ્યાભિષેકનું અંતર જે મ. નિ. ૬૧–૧૧૩ સુધી ૫૨ વર્ષ ગણવામાં આવ્યું છે તે બરાબર ૫૦ વર્ષ આવશે.

મહાભારતના યુદ્ધ અને સહદેવના મૃત્યુ પછી ૧૦૦૦ વર્ષ 'તેઓનું રાજ્ય' થશે અને પરીક્ષિતના જન્મથી એટલે મહાભારતના યુદ્ધ લગભગથી ૧૦૫૦ વર્ષે મહાપદ્મનો રાજ્યા-ભિષેક થયો હતો, આ બે કથન વચ્ચે વિરોધ ન આવે–એ બે બનાવો વચ્ચે ૫૦ વર્ષનું અંતર છે તે સાબીત થાય એ હેતુથી 'તેઓનું' એમાં પ્રદ્યોતો પણ હોવાની કલ્પના કરવામાં આવી છે હવે મહાભારતના યુદ્ધથી એ બે બનાવો વચ્ચે કેવી રીતે ૧૦૦૦ અને ૧૦૫૦ વર્ષનો ગાળો છે તેને તપાસવા પુરાણોએ નોંધેલી અને મેં ત્રુટક જૈનઉલ્લેખોથી શુદ્ધ કરેલી વંશાવલી તરફ વળીએ.

મત્સ્યાદિ પુરાણોમાં આપેલી વંશાવલીમાં લખાયેલા રાજાઓનાં નામ, તેમનો ક્રમ અને રાજત્વકાલ વિગેરે એ જેમ સર્વથા વ્યવસ્થિત અને વિશ્વસનીય નથી, તેમ ત્યાં લખાયેલું ભારતના યુદ્ધથી પ્રદ્યોતોના રાજ્યાંત કે મહાપદ્માભિષેક સુધીનું ૧૦૦૦ કે ૧૦૫૦ વર્ષ સુધીનું અંતર પણ સર્વથા વ્યવસ્થિત કે વિશ્વસનીય નથી જ.

જૈન ગણનાનુસાર ભારતયુદ્ધ અને નન્દોના રાજ્યારંભ વચ્ચે લગભગ ૮૪-હજારથી ૮૫ હજાર વર્ષ સુધીનું અંતર મનાયું છે એ હકીકતને બાજુએ મુકીએ તો પણ વૈદિક-સાહિત્ય અને અન્યગ્રંથોના આધારે સંશોધક વિદ્વાનો એ અંતરને ૧૦૦૦ અને ૧૦૫૦ કરતાં વધારે જ માને છે. તેઓના સંશોધન મુજબ ભારતયુદ્ધ અને પ્રદ્યોતોના રાજ્યાંત પછી સ્થપાએલા નન્દરાજ્યથી પ્રવર્તેલો નંદસંવત, એ બે વચ્ચેનું અંતર ૨૬૩૪ વર્ષ, મતાન્તરે ૧૯૮૧ વર્ષ આવે છે. જેમકે :—

કલિસંવત અને યુધિષ્ઠિરસંવત કે મહાભારત સંવત, એ બન્નેને એક માનનારાઓના મત પ્રમાણે કલિસંવતથી શકસંવત ૩૧૭૯ વર્ષે શરૂ થયાનું માનવામાં આવે છે.[૩૫] ચાલુ જૈનસંપ્રદાય પ્રમાણે આ શકસંવત અને નન્દસંવત વચ્ચે ૫૪૫ વર્ષનું અંતર છે, કેમકે શકસંવત મહાવીર નિર્વાણથી ૬૦૫ વર્ષે શરૂ થયો હતો, જ્યારે નન્દસંવતની શરૂઆત મ. નિ. ૬૦ વર્ષે છે એટલે ૬૦૫ માંથી ૬૦ બાદ કરતાં એ બે સંવત વચ્ચેનું અંતર ૫૪૫ વર્ષ આવે. આ ૫૪૫ વર્ષ કલિસંવત અને શકસંવતના અંતરનાં શોધાયેલાં ૩૧૭૯ વર્ષમાંથી બાદ કરતાં કલિસંવત અને નન્દસંવત વચ્ચેનું અંતર ૩૧૭૯-૫૪૫=૨૬૩૪ વર્ષ આવે.

કલિયુગસંવત અને યુધિષ્ઠિરસંવત વચ્ચે ૬૫૩ વર્ષનું અંતર હોઈ, તે બન્ને ભિન્ન છે એવી માન્યતા ધરાવનારા વરાહમિહિરાદિ લેખકો-ભારત યુદ્ધ પછી તરત જ શરૂ થયેલું યુધિષ્ઠિરરાજ્ય અને શકકાલ એ બે વચ્ચે ૨૫૨૬ વર્ષનું અંતર લખે છે.[૩૬] તે હિસાબે, શકસંવત અને તેની પૂર્વે પ્રવર્તેલા નન્દસંવત એ બન્નેના અંતરનાં ૫૪૫ વર્ષ ઉપરોક્ત ૨૫૨૬ માંથી બાદ કરતાં યુધિષ્ઠિર રાજ્ય અને નંદસંવત વચ્ચેનું અંતર ૨૫૨૬-૫૪૫=૧૯૮૧ આવે છે. વિષ્ણુપુરાણ અને ભાગવતથી જાણવામાં આવે છે કે,[૩૭] શ્રીકૃષ્ણના સ્વર્ગગમન પછી તરત જ કલિયુગની શરૂઆત થઈ હતી મહાભારતગ્રંથ પ્રમાણે ભારતના યુદ્ધ પછી ધૃતરાષ્ટ્રની હયાતીમાં ૧૫ વર્ષ અને સ્વતન્ત્ર રીતે ૩૬ વર્ષ એમ ૫૧ વર્ષ યુધિષ્ઠિરે રાજ્ય કર્યા બાદ શ્રીકૃષ્ણનું સ્વર્ગગમન, કલિયુગપ્રારંભ અને પરીક્ષિતનો રાજ્યારંભ થયો હતો. આ મંતવ્ય પ્રમાણે કલિસંવત અને શકકાલ વચ્ચે પહેલાં જે ૩૧૭૯ વર્ષ કહ્યાં છે તેમાં ભારતયુદ્ધથી કલિસંવતના અંતરનાં ૫૧ વર્ષ ઉમેરીએ એટલે ભારતયુદ્ધ અને શકકાલ વચ્ચેનું અંતર ૩૧૭૯+૫૧=૩૨૩૦ આવે છે. આ ૩૨૩૦ માંથી નંદસંવત અને શકકાલ વચ્ચેના અંતરનાં જે ૫૪૫ વર્ષ છે, તે બાદ કરીએ તો ભારતયુદ્ધ અને નન્દસંવત વચ્ચેનું અંતર ૩૨૩૦-૫૪૫=૨૬૮૫ વર્ષ આવે છે.[૩૮]

કેટલાક સંશોધકો ભારતના યુદ્ધને ઉપરોક્ત સમય કરતાં પણ વધારે દૂર પૂર્વમાં લઈ જાય છે.

---

(૩૫) ......"शक संवत मे ३,१७९ जोडनेसे कलियुग संवत् आ जाता है"

(૩૬) आसन्मघासु मुनयः, शासति पृथ्वीं युधिष्ठिरे नृपतौ ।
षड्द्विकपञ्चद्वियुतः, शककालस्तस्य राज्यस्य ॥ ३ ॥
वाराहीसंहिता, सप्तर्षिचार.

(૩૭) यदैव भगवद्विष्णो-रंशो यातो दिवंद्विज । वसुदेवकुलोद्भूत-स्तदैव कलिरागतः
विष्णुपुराण अंश ४, अध्याय २४, श्लो० ५५

विष्णुर्भगवतो भानुःकृष्णाख्योऽसौ दिवं गतः । तदाविशत्कलिर्लोकं, पापे यद्रमतेजनः ॥
भागवत, स्कन्ध १२, अध्याय २, श्लो० २९.

(૩૮) ઉપરોક્ત-ભારત યુદ્ધ અને નન્દ સંવત વચ્ચેનું અંતર નોંધવામાં મેં 'भारतके प्राचीन राजवंश' નામના પુસ્તકનો ઉપયોગ કર્યો છે. સ્પષ્ટતા માટે જુઓ તે પુસ્તકનાં પૃ. ૩ થી ૬.

ઉપર જણાવ્યા મુજબની સ્થિતિ થતાં ભારતના યુદ્ધ અને પ્રદ્યોતોના રાજ્યાંત વચ્ચે ૧૦૦૦ વર્ષનો ગાળો હતો કે કેમ? શિશુનાગ પહેલાંના રાજાઓની વંશાવલી મત્સ્યપુરાણાદિ લખે છે તેવા સ્વરૂપમાં હતી કે કેમ? એમાંથી કેટલાક રાજાઓ અને તેમનો રાજત્વકાલ છોડી દઈ એ વંશાવલી ઉભી થએલી છે કે કેમ? એવા એવા પ્રશ્નો ઉઠે છે, પણ એ પ્રશ્નોને પડતા મુકી જેવી સ્થિતિ છે તેવી સ્થિતિમાંજ એ વંશાવલીનો અહિં વિચાર કરૂં છું, કે જે પરથી સ્પષ્ટ રીતે સમજાય કે શિશુનાગ કયા મગધપતિ બૃહદ્રથ રાજાની પછી આવ્યો હતો અને શિશુનાગ પછી કેટલા વર્ષે નન્દરાજ્ય શરૂ થયું હતું.

મત્સ્યપુરાણે બૃહદ્રથોની વંશાવલીની શરૂઆતમાં પ્રતિજ્ઞા કરી છે કે "મગધના રાજાઓને કહીશ." આ પછી તેણે જરાસંધ અને સહદેવનો ઉલ્લેખ કરી-સોમાધિ ૫૮. શ્રુતશ્રવા ૬૪, અયુતાયુ ૨૬, નિરમિત્ર ૪૦, સુક્ષત્ર ૫૬, બહત્કર્મા ૨૩, સેનાજિત ૫૦, શ્રુતંજય ૪૦, વિભુ ૨૮, શુચિ ૫૮, ક્ષેમ ૨૮, સુવ્રત ૬૪,-સુનેત્ર ૩૫. નિર્વૃતિ ૫૮. ત્રિનેત્ર ૨૮, દ્રઢસેન ૪૮. મહીનેત્ર ૩૩, સુચલ ૩૨, સુનેત્ર ૪૦, સત્યજિત ૮૩, વિશ્વજિત ૨૫ અને રિપુંજય ૫૦ વર્ષ, એમ બાવીશ રાજાઓનો તેમના નામપૂર્વક રાજત્વકાલ લખ્યો છે. ત્યારબાદ 'षोडशैते०' શ્લોકાર્ધથી 'આ સોળ બૃહદ્રથો થશે' એમ લખી 'त्रयोविंशाधिकं०' એ શ્લોકાર્ધથી તેમનો સમુચ્ચય રાજત્વકાલ લખ્યો છે. આ પછી 'द्वात्रिंशच्च०' એ શ્લોકાર્ધથી '૩૨ બૃહદ્રથ-રાજાઓ થશે' એમ લખ્યું છે અને અંતે "'તેઓનું રાજ્ય' પુરા હજાર વર્ષનું હશે" એમ જણાવ્યું છે.

આ આખી વંશાવલીમાં ૨૨ બૃહદ્રથરાજાઓ છે, છતાં ૨૨ના બદલે ૩૨ જણાવ્યા છે, તે લેખકોના હાથે 'द्वाविंशच्च'નું 'द्वात्रिंशच्च' થયાનું પરિણામ છે. અથવા 'द्वाविंशच्च' એવું શ્લોકાર્ધ લેખકોના હાથે ગલત થયું હોય. કે જે સોમાધિથી રિપુંજય સુધીનો સોળ બૃહદ્રથોને ઉદ્દેશી લખાયું હતું, અને 'द्वात्रिंशच्च' એવું શ્લોકાર્ધ બૃહદ્રથથી લઇ રિપુંજય સુધીના ૩૨ રાજાઓનું સૂચન કરતું હોય. જરાસંધની પૂર્વેના ૯ રાજાઓ કાશીના બૃહદ્રથો તરીકે ઓળખાતા હશે. તેમને અને જરાસંધને ૨૨ માં ભેળવતાં ૩૨ બૃહદ્રથો થાય જ. બાકી 'द्वात्रिंशच्च०' આ શ્લોકાર્ધની પૂર્વે જે 'षोडशैते०' શ્લોક મુકવામાં આવ્યો છે તે તો અસ્થાને જ છે. તેનું સ્થાન સોમાધિથી સોળમા રાજા દ્રઢસેનનું સૂચન કરાયું છે ત્યાં, 'चत्वारिंशत् तथाष्टौ च दृढसेनो भविष्यति' એ શ્લોકાર્ધ પછીજ હોવું જોઈએ. આ પણ લેખકોનું જ કર્તવ્ય હશે!

અહિં પ્રશ્ન ઉઠે છે કે, સોમાધિથી લઈ રિપુંજય સુધીના રાજાઓ વંશાવલીના લખવા મુજબ બૃહદ્રથો જ છે. અને જો તેઓ માગધ-મગધના જ હોય તો પછી છેલ્લા રાજા રિપુંજય પછી તેમની સંખ્યા જણાવી તેમનો સમુચ્ચય રાજત્વકાલ નોંધવો જોઇતો હતો. શા માટે દ્રઢસેન સુધીના સોળની સંખ્યા અને તેમનો સમુચ્ચય રાજત્વકાલ નોંધ્યો? આનો જવાબ એ જ હોઈ શકે કે, એ બાવીશે રાજાઓ ભલેને બૃહદ્રથો છે પણ પ્રથમના સોળ મગધના છે, જ્યારે મહીનેત્રથી રિપુંજય સુધીના પાછળના ૭ કોઇ અન્યસ્થળના એટલે અવન્તિના છે.

વીશ–વીતિહોત્ર રાજાઓ પછી તેઓ અવન્તિની ગાદી પર આવેલા જણાય છે. આ જ હકીકત પ્રદ્યોતોની વંશાવલી લખતાં શરૂઆતમાં "बृहद्रथेष्वतीतेषु. वीतिहोत्रेष्वन्तिषु–"અવન્તિમાં બૃહદ્રથો અને (તેની પૂર્વે) વીતિહોત્રો વ્યતીત થતાં, આ રીતે લખવામાં આવી છે. અહિં અવન્તિના રાજકર્તાઓનો પ્રસંગ હોવાથી મહીનેત્રથી રિપુંજય સુધીના રાજાઓ, કેટલાકો માને છે તેમ, વીતિહોત્ર હોત તો આ સ્થળે બૃહદ્રથોનો ઉલ્લેખ વ્યર્થ જ નીવડત અને તેમની સંખ્યા બૃહદ્રથોમાં નાખી ૨૨ કે ૩૨ એમ સરવાળો ન કરતાં પ્રદ્યોતો વિગેરેની જેમ સ્વતન્ત્રજ નોંધત.

અહિં બીજો પ્રશ્ન ઉઠે છે કે, સોમાધિથી દ્રઢસેન સુધીના સોળ બૃહદ્રથોનો સમુચ્ચય રાજત્વકાલ નોંધ્યો છે, તેમ એ સોળમાં મહીનેત્રથી રિપુંજય સુધીના છ રાજાઓને ઉમેરી બાવીશની સંખ્યા નોંધી પણ એ બાવીશનો સમુચ્ચય રાજત્વકાળ કેમ નોંધ્યો નહિ. ખરી વાત એ છે કે ક્રમશઃ એ રાજાઓ આવ્યા હોય તો સમુચ્ચય રાજત્વકાળ નોંધવો જ જોઇએ પણ સમુચ્ચય રાજત્વકાળ એ બાવીશ રાજાઓનો ન નોંધાયેલો હોવાથી અનુમાન થાય છે કે, દ્રઢસેનના રાજ્યાંત પછી મહીનેત્ર અવન્તિ પર નથી આવ્યો, પણ તેથી ઘણા વર્ષ પૂર્વે આવ્યો છે.

પરીક્ષિતના જન્મથી મહાપદ્મનન્દના રાજ્યાભિષેક સુધીનાં ૧૦૫૦ વર્ષ અને સોમાધિથી તેની પાછળ આવનારા અથવા અનુસંધિત થયેલા રાજાઓના રાજ્યાંત સુધીનાં ૧૦૦૦ વર્ષ, આ બે વચ્ચેનું ૫૦ વર્ષનું અંતર ઘટાવવા મેં નિશ્ચિત કર્યું છે કે સોમાધિથી ૧૦૦૦ વર્ષે પ્રદ્યોતોનો રાજ્યાંત હતો. આ લેખની માન્યતા પ્રમાણે એ સમય મ. નિ. ૬૦, વિ. સં. પૂ. ૩૫૦, ઈ. સ. પૂ. ૪૦૭ હતો. પુરાણો પ્રદ્યોતોનું રાજ્ય ૧૩૮ વર્ષ લખે છે પણ તેમાં ૨૦ વર્ષ શૈશુનાગવંશી રાજગૃહીના રાજા નન્દિવર્ધનનાં લખાઈ ગયાં છે, તે બાદ કરીએ તો ૧૧૮ વર્ષ થાય પૂર્વોક્ત ૧૦૦૦ માંથી એ ૧૧૮ વર્ષ બાદ કરીએ તો સોમાધિથી ૮૮૨ વર્ષે–મ. નિ. પૂ. ૫૮ વર્ષે, (વિ. સં. પૂ. ૪૬૮, ઇ. સ. પૂ. ૫૨૫) પ્રદ્યોતનો રાજ્યારંભ આવે. (આ લેખના સંશોધનમાં પ્રદ્યોતોનાં ૧૦૯ વર્ષ મનાયાં હોવાથી પ્રદ્યોતનો રાજ્યારંભ સોમાધિથી ૮૯૧ વર્ષે–મ. નિ. પૂ. ૪૯ વર્ષે, વિ. સં. પૂ ૪૫૯, ઇ. સ. પૂ. ૫૧૬ વર્ષે આવે છે.) આ ૮૮૨ માંથી પ્રદ્યોત પહેલાંના મહીનેત્રથી રિપુંજય સુધીના છ રાજાઓમાંથી છેલ્લા ત્રણ–સત્યજિત ૮૩ વર્ષ, વિશ્વજિત ૨૫ વર્ષ, રિપુંજય ૫૦ વર્ષ–રાજાઓનો સમુચ્ચય રાજત્વકાલ ૮૩+૨૫+૫૦=૧૫૮ વર્ષ બાદ કરીએ તો એ સમય સોમાધિથી ૭૨૪ વર્ષે આવે. એને ચાલુ સંવતોમાં ફેરવતાં મ. નિ. પૂ. ૨૧૬, વિ. સં. પૂ. ૬૨૬, ઈ. સ. પૂ. ૬૮૩ વર્ષે આવે. પ્રદ્યોતોનાં ૯ વર્ષ ઓછાં ગણનારા આ લેખના મતે એ સમય મ. નિ. પૂ. ૨૦૭ વિ. સં. પૂ. ૬૧૭ ઈ. સ. પૂ ૬૭૪ આવે છે.

ઉપરોક્ત ગણના પરથી સમજી શકીશું કે, સોમાધિથી ૭૨૩ વર્ષે દ્રઢસેનનો રાજ્યાંત થયો તે પછી તરત જ એટલે ૭૨૪ વર્ષે મહીનેત્રથી રિપુંજય સુધીના છ રાજાઓમાંથી ચોથો

રાજા સત્યજિત અવન્તિના સિંહાસને આવ્યો હતો. વંશાવલીના લેખકે અવન્તિના રાજકર્ત્તાઓ તરીકે મહીનેત્રાદિ છ રાજાઓ નોંધ્યા છે પણ સામયિક ક્રમમાં દઢસેન નામના સોળમા બૃહદ્રથ પછી સત્તરમો બૃહદ્રથ સત્યજિત જ નોંધી શકાય તેમ છે. દઢસેનથી મગધના બૃહદ્રથોની વંશાવલી બંધ થાય છે તેથી સ્પષ્ટ છે કે, આ પછી થોડાંક વર્ષોમાં શિશુનાગ મગધના ગિરિવ્રજે આવ્યો હતો. આ લેખની ગણના પ્રમાણે દઢસેનના રાજ્યાંતથી ૧૨ વર્ષે શિશુનાગ મગધપતિ થયો હતો. પૌરાણિક ગણના મુજબ દઢસેનના રાજ્યાંતથી ૧વર્ષે અને આ લેખની ગણના મુજબ દઢસેનના રાજ્યાંતથી ૧૦ વર્ષે સત્યંજિત્નો રાજ્યારંભ આવતો હોવાથી સત્યજિત્ના રાજ્યારંભ પછી ૧૧ વર્ષે અથવા ૨ વર્ષે શિશુનાગ મગધાધીશ બન્યો હતો. શિશુનાગ ગિરિવ્રજમાં આવ્યા પહેલાં કાશીમાં રાજકર્તા હતો, તેથી સમજાય છે કે આ પહેલાં કાશીના બહદ્રથોનું રાજ્ય સમાપ્ત થઇ ચૂક્યું હતું. કાશીના રાજ્ય ગુમાવનાર બૃહદ્રથરાજાનું નામ આપણને જાણવા મળતું નથી, પણ શંકા થાય છે કે, સત્યજિત કે જે બાળરાજા હોવાનો સંભવ છે તે તો નહિ હોય. બનવા જોગ છે કે, સત્યજિત ગમે તે સંજોગમાં વીતિહો ની પાછળ અવન્તિના સિંહાસને આવ્યો હોય. જો આમ જ હોય તો, મહીનેત્રાદિ છ રાજાઓ મગધથી અન્યસ્થળના એટલે અવન્તિના રાજાઓ કહ્યા છે, પણ ખરી રીતે સત્યજિત્ આદિ ત્રણ જ રાજાઓ અવન્તિના રાજકર્તાઓ હોઇ શકે અને તેઓની પહેલાંના મહીનેત્રાદિ ત્રણ રાજાઓ કાશીના રાજકર્તાઓ હોય. આ રીતે પણ એ છ રાજાઓ મગધથી અન્યસ્થળના તો છે જ. મગધના-(૧૪) નિર્વૃત્તિ ૫૮ વર્ષ, (૧૫) ત્રિનેત્ર ૨૮ વર્ષ, (૧૬) દઢસેન ૪૮ વર્ષ, આ ત્રણ રાજાઓના સમકાલીન મહીનેત્ર ૩૩ વર્ષ, સુચલ ૩૨ વર્ષ, સુનેત્ર ૪૦ વર્ષ, એ ત્રણ રાજાઓનો સમુચ્ચય રાજત્વકાલ ૧૦૫ વર્ષ છે. એ હિસાબે સત્યજિત્ના રાજ્યારંભથી ૧૦૫ વર્ષ પૂર્વે, અને સત્યજિતના રાજ્યારંભથી ૭૨૪ વર્ષ પૂર્વે, આ લેખની ગણના પ્રમાણે ૭૩૩ વર્ષ પૂર્વે, સોમાધિનો રાજ્યારંભ થયો હતો એટલે સોમાધિથી ૬૧૯ અથવા ૬૨૮ વર્ષે મહીનેત્રનો રાજ્યારંભ આવે. આ સમય મ. નિ. પૂ. ૩૨૧ અથવા ૩૧૨ (વિ. સં. પૂ. ૭૩૧ કે ૭૨૨, ઇ. સ. પૂ. ૭૮૮ કે ૭૭૯) છે. મ. નિ. પૂ. ૨૫૦ વર્ષે નિર્વાણ પામેલા શ્રીપાર્શ્વના નિ૦ થી ૭૧ વર્ષ પૂર્વે મહીનેત્રનો રાજ્યારંભ થયો હતો કે નહિ, તેનો રાજ્યારંભ કાશીમાં થયો હતો કે અવન્તિમાં થયો હતો, અને જો અવન્તિમાં થયો હતો તો વીતિહોત્રોની પાછળ એ કેવા સંજોગોમાં આવ્યો હતો, તથા મહીનેત્ર કાશીની ગાદીએ ન આવ્યો હોય તો બૃહદ્રથરાજા—અશ્વસેનની વંશાવલીમાં કોણ કોણ રાજાઓ થયા અને કોની પાસેથી વાહીકકુલના લોકોએ (શિશુનાગનું કુલ વાહીક છે) કાશીને જીતી લીધી, આ સર્વ એક સંશોધનનો વિષય છે. મારી તો કલ્પના છે કે, શ્રીપાર્શ્વનાથે આ સમયે એટલે સ્વનિર્વાણથી ૭૧ વર્ષ પૂર્વે (મ. નિ. પૂ. ૩૨૧) દીક્ષા લેવાની જાહેરાત કરતાં, તેમના પિતાએ મહીનેત્રને કાશીનું રાજ્ય સોંપ્યું તો નહિ હોય, પણ આનો પુરાવો શોધવો જોઇએ. બાકી, સોમાધિથી દઢસેનના રાજ્યાંત સુધીનો સમુચ્ચય રાજત્વકાલ ૭૨૩ વર્ષ નોંધ્યો છે પરંતુ પ્રત્યેકના રાજત્વકાલનો સરવાળો જે ૭૦૪ થાય છે તે અશુદ્ધિનું પરિણામ છે. મહાનેત્રાદિ છ રાજાઓનો સમુચ્ચય

રાજત્વકાલ ૨૬૩ વર્ષ થાય છે તે તો સમુચ્ચય રાજત્વકાલ ન નોંધેલો હોવાથી, છે તેવી સ્થિતિમાં જ સ્વીકારવો રહ્યો. દૃઢસેનના રાજ્યાંતની સાથે અનુસંધાતો સત્યજિત આદિનો રાજત્વકાલ તો બરાબર જ છે.

અસ્તુ, દૃઢસેનથી ૧૨ વર્ષે ગિરિવ્રજ (મગધ)માં આવેલો શિશુનાગ એ એક પૌરાણિક રાજા છે. મત્સ્યાદિ પુરાણો આ શિશુનાગથી ક્ષેમજિત્ કે ક્ષત્રૌજા સુધીના ૪ રાજાઓનાં નામ અને રાજત્વકાલ નોંધે છે. એ નોંધોમાં પાઠભેદ મળી આવે છે. મત્સ્ય પુ૦ પ્રમાણે શિશુનાગ ૪૦ વર્ષ, કાકવર્ણ ૩૬ વર્ષ, ક્ષેમધર્મા ૩૬ વર્ષ, અને ક્ષેમજિત્ ૨૪ વર્ષ એમ ૪ રાજાઓનો રાજત્વકાલ ૧૩૬ વર્ષ થાય છે. વાયુ પુ૦ આદિએ ક્ષેમજિતના સ્થાને ક્ષત્રૌજા ૪૦ વર્ષ લખ્યો છે. બન્ને સ્થળે એકેક નામ છોડી દીધું છે પણ લાગે છે કે, તે તે નામના બન્ને રાજાઓ અનુક્રમે આવેલા છે, અને તેમાં ક્ષત્રૌજા એ જૈનસાહિત્યનો પ્રસેનજિત્ છે. આ ક્ષત્રૌજા વિન્ધ્યસેનનો પિતા પ્રસેનજિત્ છે કે તે, ક્ષેમજિત્થી અભિન્ન હોઇ, તેના નામે લખાયલાં ૪૦ વર્ષમાં ૨૪ વર્ષનો રાજત્વકાલ ક્ષત્રૌજાનો અને ૧૬ વર્ષ પ્રસેનજિત્નો, એમ બે રાજાઓ છે, આ એક સંશોધનનો વિષય છે. આ પછી મત્સ્યપુ૦ વિન્ધ્યસેનને લાવે છે, કે જે જૈન અને બૌદ્ધસાહિત્યમાં નોંધાયલી શ્રેણિક-બિમ્બિસાર નામની સુપ્રસિદ્ધ વ્યક્તિ છે. એ બન્ને સાહિત્યમાંથી એના વિષે ઘણું ય જાણવા મળે છે, પરંતુ એમાં એના વિષેની હકીકતોની સાલવારી ભાગ્યેજ મેળવી શકાય તેમ છે.

બૌદ્ધગ્રંથ મહાવંશે એનો રાજત્વકાલ ૫૨ વર્ષ નોંધ્યો છે, પરન્તુ જૈનસાહિત્યમાં તો એ વિષેની નોંધ પણ મળતી નથી. બીજી તરફ પુરાણો શ્રેણિક (વિધિસાર-વિન્ધ્યસેન-બિમ્બિસાર)નો રાજત્વકાલ ૨૮ વર્ષ નોંધે છે: પરંતુ તેના સૌથી મોટા પુત્ર અને મહામન્ત્રી અભયકુમારની કાર્યવાહીથી સંકેતાનુસાર વૈશાલીના મહારાજા ચેટકની કન્યા ચિલ્લણાનું તેની બહેન સુજ્યેષ્ઠાના બદલે રાજગૃહીમાં લાવવાનું શકય બન્યું અને એ પટરાણી ચિલ્લણાના ત્રણ પુત્રોમાં સૌથી મોટા પુત્ર કોણિકે પોતાના કાલાદિ દશ ભાઇઓની સાથે મન્ત્રણા કરી વૃદ્ધપિતા શ્રેણિકને બંદીખાનામાં નાંખી દીધો વિગેરે; જૈનસાહિત્યમાં ઉલ્લેખાયેલી ઘટનાઓથી સહજ સમજાય છે કે પુરાણોનાં નોંધેલાં એ ૨૮ વર્ષ ઘણાં જ ઓછાં છે. પુત્રને રાજ્યારૂઢ કર્યા છતાં નિવૃત્ત પિતાની હયાતીનાં વર્ષ પુત્રના રાજત્વકાલમાં ન ગણવાની પુરાણોની ક્વચિત્ ખાસીયતને લઈ શ્રેણિકનાં રાજત્વકાલનાં શરૂનાં ૨૪ વર્ષ તેનાં ન ગણાયાં હોય એમ લાગે છે. એ ૨૪ વર્ષ શ્રેણિકનાં ગણવાં જોઇએ તે તેના પિતા પ્રસેનજિતમાં નંખાઈ ગયાં હશે. ક્ષેમજિત અને ક્ષત્રૌજાના રાજત્વકાલમાં પુરાણો ભિન્ન ભિન્ન મત ટાંકે છે, તેનું કારણ પણ એમાં જ રહેલું છે. ક્ષેમજિત્નાં ૨૪ અને ક્ષત્રૌજાનાં ૪૦ વર્ષ ત્યાં લખાયાં છે, તે ક્ષેમજિતનાં ૨૪, ક્ષત્રૌજા ઉર્ફે પ્રસેનજિતનાં ૧૬+૨૪=૪૦ અને શ્રેણિકનાં ૨૮ એમ લખવાં જોઇએ, અને તેમાં પ્રસેનજિતનાં પાછળનાં ૨૪ એ શ્રેણિકનાં રાજ્યારૂઢ થયા પછીનાં ગણવાં જોઇએ. આ રીતે ગણતાં પ્રસેનજિતનાં એ ૨૪ અને શ્રેણિકનાં ૨૮ એમ શ્રેણિકના રાજ્યનાં સરવાળે ૨૪+૨૮=૫૨ વર્ષ થાય, કે જે બિમ્બિસારની

સાથે વધારે પરિચિત બૌદ્ધસાહિત્યના ઉલ્લેખની—પર વર્ષની—બરોબર છે. શ્રેણિકના આ પર વર્ષના રાજત્વકાલમાં તેના પુત્ર કોણિક—અજાતશત્રુનાં રાજ્યાભિષેક પહેલાંનાં ૫ વર્ષ આવી જાય છે તે, જો તેમાંથી બાદ કરીએ તો પર—૫=૪૭ વર્ષ તેનો રાજત્વકાલ આવે અને બૌદ્ધસાહિત્યમાં અજાતશત્રુનાં ૩૨ વર્ષ લખાયાં છે તેમાં એ ૫ વર્ષ ઉમેરીએ તો તેનાં પુરાણોક્ત ૩૭ વર્ષ થાય. પરંતુ એ રીતે શ્રેણિકનાં પર માંથી ૫ ઓછાં કરતાં, પુરાણોમાં તેનાં જે ૨૮ વર્ષ લખાયાં છે તે ૨૩ વર્ષ લખાવાં જોઇએ અને ૨૩ માં તેના પિતાની હયાતી સમયનાં ૨૪ વર્ષ મેળવી ૪૭ કરવાં જોઈએ.

આ લેખની ગણના પ્રમાણે ઉપરોક્ત લખાણનું તારણ આ પ્રમાણે છેઃ—

મ. નિ પૂ. ૨૦૫ વર્ષે શિશુનાગ ગાદીએ આવ્યો ત્યારથી ૧૫૨ વર્ષે, ક્ષેમજિત્ પછી આવેલા ક્ષત્રૌજા ઉર્ફે પ્રસેનજિત્ અથવા ક્ષેમજિત્ ઉર્ફે ક્ષત્રૌજા પાછળ આવેલા પ્રસેનજિત્ પછી, શ્રેણિક (બિમ્બિસાર) મગધની ગાદીએ આવ્યો. તેણે ત્યાં મ. નિ. પૂ. ૫૩ થી મ. નિ. પૂ. ૬ (વિ. સં. પૂ. ૪૬૩ થી ૪૧૬, ઈ. સ. પૂ. ૫૨૦ થી ૪૭૩) સુધી ૪૭ વર્ષ રાજ્ય કર્યું, એ પ્રતાપી રાજાએ અંગદેશને જીતી લઈ ખાલસા કર્યો અને મગધ સામ્રાજ્યનો પાયો નાંખ્યો, એટલુંજ નહિ, બલ્કે મગધ સામ્રાજ્યને બહુ બલવાન અને કીર્તિમંત બનાવ્યું. રાજ્યના ભાગો આપવાની શરતે કાલાદિ ભાઈઓને હસ્તગત કરી એ વૃદ્ધ રાજાને તેના પુત્રે (અજાતશત્રુએ) કેદ કર્યો અને તેના પર જુલમ પણ ગુજાર્યો. કોણિકને પોતાના કાર્યનો પશ્ચાત્તાપ થયો, પરંતુ એ પશ્ચાત્તાપને કાર્યમાં મુકવાના સમયે જ તેના માનસને નહિ સમજનાર અને કુમરણ થવાનો ભય રાખનાર એવા તે પિતાએ—શ્રેણિકે પોતાની મેળે જ મૃત્યુ વોરી લીધું. મગધ સામ્રાજ્ય અગિઆર ભાગોમાં વ્હેંચાયું, પરંતુ તેમાં સર્વોપરિતા કોણિકનીજ હતી. તેણે પોતાનું પાટનગર રાજગૃહીના બદલે અંગદેશમાં ચંપાને બનાવ્યું. શ્રેણિકને કેદ કર્યા પછી મ. નિ. પૂ. ૬ વર્ષે તે રાજા બન્યો પણ તેપછી વૈશાલી સાથેનું તેણે આદરેલું મહાન યુદ્ધ પૂરૂં થયું [૩૯]ત્યાં સુધી, એટલે કે મ. નિ. પૂ. ૬ થી ૧ (વિ. સં. પૂ. ૪૧૬ થી ૪૧૧, ઈ. સં. પૂ ૪૭૩ થી ૪૬૮) સુધી તેનો ૫ વર્ષનો રાજત્વકાલ અનભિષિક્ત જ રહ્યો હોય એમ લાગે છે. બૌદ્ધ સાહિત્યે તેના નોંધેલા રાજત્વકાલમાં આ અનભિષિક્ત ૫ વર્ષ ન લેતાં ૩૨ વર્ષ લખ્યાં છે. જ્યારે પુરાણોએ એમાં આ ૫ વર્ષ ગણી ૩૭ વર્ષ લખ્યાં છે. આથી પુરાણો પ્રમાણે કોણિકનો આખો રાજત્વકાલ મ. નિ. પૂ. ૬ થી મ. નિ. ૩૧ (વિ. સં. પૂ ૪૧૬ થી ૩૭૯, ઇ. સં.

---

(૩૯) કદાચ ચાલતું પણ હોય, કારણ કે જૈન સાહિત્યમાં એ યુદ્ધ બાર વર્ષ ચાલ્યુ હતું એમ કહેવાયું છે, જેમકેઃ—

"चेडओ विसालिं गतो, रोधकसज्जो ठितो, । एवं बारस वासा जाता रोहिज्जंतस्स."

આવશ્યક ચૂર્ણિ (ઉત્તરાર્ધ) પૃ. ૧૭૨

"बभञ्ज द्वादशाब्यन्ते, वैशालीं कूणिकस्ततः ।"

ત્રિ. શ. પુ. ચ. પર્વ ૧૦, સર્ગ ૧૨, શ્લો. ૩૮૩.

પૂ. ૪૭૩ થી ૪૩૬) સુધી આવે કે જે ૩૭ વર્ષ થાય છે અને બૌદ્ધસાહિત્ય પ્રમાણે રાજ્યાભિષેકથી ગણાતો એ રાજાનો રાજત્વકાલ મ. નિ. પૂ. ૧ થી મ. નિ. ૩૧ (વિ. સં. પૂ. ૪૧૧ થી ૩૭૯, ઇ. સ. પૂ. ૪૬૮ થી ૪૩૬) સુધી આવે, કે જે ૩૨ વર્ષ થાય છે.

કોણિકનું સામ્રાજ્ય વિશાલ હતું; અંગ, ઉત્તર કલિંગને સમાવતો મગધદેશ તેને વારસામાં જ મળ્યો હતો, તેમાં તેણે વિદેહને જોડી દીધો હતો. ઉત્તરકોશલ આદિની સામે તેણે સરસાઇ મેળવી હતી. એની સામ્રાજ્ય લાલસા વિશેષ હોઈ વધતી જ જતી હતી: અને એ લાલસાએ જ, નહિ કે બૌદ્ધગ્રંથ મહાવંશ કહે છે તેમ તેના પુત્ર ઉદયીભદ્રની પિતૃઘાતવૃત્તિએ, તેનો અંત આણ્યો હતો. કોણિક સવિશેષ સામ્રાજ્ય-લાલસુ હોવા છતાં, તેને અને તે સમયના અવન્તિના અધિપતિઓ—પાલક, અવન્તિવર્ધન અવન્તિષેણ, એ રાજાઓને પરસ્પર કાંઇ અથડામણ થઇ હોય એવી ઇતિહાસમાં નોંધ થયેલી જણાતી નથી:

કોણિક વિષે એક નોંધ લેવાની રહી જાય છે તે એ કે. મત્સ્યપુરાણના કોઇ એકાદા પાઠાંતરમાં શ્રેણિક પછી એટલે વિન્ધ્યસેન પછી કન્વાયન અને ભૂમિમિત્ર એ બે રાજાઓનાં નામ લખી તેમનો રાજત્વકાલ અનુક્રમે ૯ અને ૧૪ વર્ષ લખવામાં આવે છે, અને પછી કોણિક અજાતશત્રુનું રાજ્ય લખાય છે; પરંતુ બૌદ્ધ, જૈન અને પૌરાણિક સર્વ ઉલ્લેખોમાં શ્રેણિક પછી તરત જ કોણિકનું રાજ્ય લખ્યું છે. તેથી એ કન્વાયન અને ભૂમિમિત્ર મગધની મુખ્યશાખાના રાજાઓ નથી જ. તેઓ ક્યાંના રાજાઓ હશે એ નક્કી કરવું મુશ્કેલ છે. સંભવ છે કે, શ્રેણિકના કોણિક સિવાય કોઇ અન્ય પુત્રના તેઓ વારસદાર હોઈ રાજગૃહીની ચાલુ રખાયેલી ગાદીના રાજકર્તાઓ અને પુરાણોમાં નોંધેલા વંશક (હર્ષક, દર્ભક, દર્શક, વર્ધકોના અથવા ભાસની સ્વપ્નવાસવદત્તામાં રજુ કરાયેલા પાત્ર રાજા દર્શકના પુરોગામીઓ હશે.

હિમવંત થેરાવલી, શ્રીહેમચન્દ્રસૂરિનું પરિશિષ્ટ પર્વ, વિગેરે જૈનગ્રંથોમાં કોણિક પછી ઉદાયીનું રાજ્ય લખાયું છે. કોણિકે પોતાના પિતા શ્રેણિકને કેદ કર્યો ત્યારે તેનો પુત્ર આ ઉદાયી બે ત્રણ વર્ષનો બાલક હતો, એવો ઉલ્લેખ છે તેથી તે ગાદીએ આવ્યો ત્યારે તેની વય આશરે ૪૦ વર્ષની હશે એમ લાગે છે, કેમકે શ્રેણિકને કેદ કર્યા પછીનાં ૩૭ વર્ષ કોણિકના રાજત્વકાલનાં પૂર્વે નકી કર્યાં છે.

જૈનગ્રંથોની જેમ બૌદ્ધગ્રથો પણ શ્રેણિક પછી કોણિકનું જ રાજ્ય લખે છે.

શ્રેણિક અને કોણિકથી વધારે પરિચિત જૈનગ્રંથો અને બૌદ્ધગ્રંથોથી ભિન્ન મત દર્શાવતાં પુરાણો કોણિક પછી વંશક (દર્શક) નું રાજ્ય લખે છે, પરંતુ તે મગધની મુખ્ય ગાદીનો રાજા નથી, વિગેરે સ્પષ્ટીકરણ હું આગળ કરીશ તેથી જણાશે કે, કોણિકનો ઉત્તરાધિકારી તેનો પુત્ર ઉદાયી જ છે.

જૈનસાહિત્ય સ્પષ્ટ ઉલ્લેખથી, તો ક્વચિત ઉપલક્ષણથી ઉદાયી રાજાનો રાજ્યાંત મ. નિ. ૬૦ વર્ષે જણાવે છે, પણ તે તેના રાજ્યારંભના સમયને જણાવતું નથી; અને તેથી ઉદાયીના રાજત્વકાલને નક્કી કરવાનું મુશ્કેલ બને છે. "મ. નિ. ૩૧ વર્ષે પાટલીપુત્ર વસાવી ત્યાંથી આ રાજાએ શાસન કરવા માંડયું." એવો ઉલ્લેખ કરતી હિમવંત થેરાવલી જ ફક્ત આ મુશ્કેલીને દૂર કરે છે, થેરાવલીના ઉલ્લેખથી અને જૈનસાહિત્યમાં નોંધેલા ઉદાયીના રાજ્યાંતથી સિદ્ધ થાય છે કે, મ. નિ. ૩૧ થી ૬૦ સુધી (વિ. સં. પૂ. ૪૭૯ થી ૪૫૦, ઈ. સ. પૂ. ૪૩૬ થી ૪૦૭ સુધી) ૨૯ વર્ષ ઉદાયીનો રાજત્વકાલ હતો.

પુરાણો ઉદાયી (ઉદાસી) નો રાજત્વકાલ, હિમવંત થેરાવલીથી સિદ્ધ થતાં ૨૯ વર્ષ કરતાં ૪ વર્ષ વધારે, ૩૩ વર્ષ લખે છે. હિમવંત થેરાવલી મ. નિ. ૩૧ વર્ષે પાટલીપુત્ર વસાવ્યાની વાત કરે છે. 'કરવા માંડયું તે કર્યું' એ જૈન સિદ્ધાંત પ્રમાણે પણ અન્ય અપેક્ષાએ પાટલીપુત્ર વસાવ્યાની શરૂઆત કરી, એવો એનો અર્થ થાય છે. પુરાણો કહે છે તેમ, ૪ વર્ષે એટલે મ નિ. ૩૫ વર્ષે એ કાર્ય પુરૂં થયું હશે. ઉપરોક્ત અભિપ્રાયથી ભિન્ન પડતાં પુરાણો, ઉદાયીએ રાજ્ય પર આવ્યા પછી ૪ વર્ષે પાટલીપુત્ર વસાવ્યું એટલે વસાવવાની શરૂઆત કરી, એવી માન્યતાથી પાટલીપુત્ર વસાવવાની શરૂઆત પહેલાંનાં ૪ વર્ષ ઉદાયીના રાજત્વકાલમાં વધારી ૨૯ ના બદલે ૩૩ વર્ષ એ રાજાના રાજત્વકાલનાં જણાવતાં લાગે છે. આ એક વિકલ્પ છે. પરંતુ વધારે સંભવ તરીકે બીજો વિકલ્પ એ છે કે, પુરાણોએ કોણિકના રાજત્વકાલનાં છેલ્લાં ૪ વર્ષ કોણિકમાં કાયમ રાખી ઉદાયીમાં નાખી દીધાં છે એટલે એ ૪ વર્ષ બેવડાઇ ગયાં છે. કોણિકે સામ્રાજ્ય વધારવાની લાલસાએ-જૈનગ્રંથોના કહેવા પ્રમાણે ચક્રવર્તિત્વ થવાની લાલસાએ તેણે એક લાંબી યુદ્ધયાત્રા આરંભી હતી, કે જે યુદ્ધયાત્રામાં અંતે તેનું મૃત્યુ થયું હતું. સંભવ છે કે ,આ યુદ્ધયાત્રા મ. નિ. ૨૭ વર્ષે આરંભાઈ હોય અને તે વખતે તેણે સામ્રાજ્યનું સૂત્ર પોતાના લાયક પુત્ર ઉદાયીના હાથમાં મુકયું હોય. પુરાણોએ, પોતાની ખાસીયત પ્રમાણે, એ પછી કોણિક જીવ્યો ત્યાં સુધીનાં ૪ વર્ષ ઉદાયીના માથે ચઢાવી દીધાં લાગે છે, એટલું જ નહિ પરંતુ કોણિકનો ૩૭ વર્ષ રાજત્વકાલ લખનારાં પુરાણોએ એ ૪ વર્ષ કોણિકના માથે પણ કાયમ રાખ્યાં છે. જૈનસાહિત્ય કોણિકના મૃત્યુ બાદ જ ઉદાયીનો રાજ્યારંભ ગણી એ ૪ વર્ષને કોણિકના ફાળે નાંખે છે. આમ પુરાણોની અને જૈનગ્રંથોની માન્યતા પ્રમાણે ઉદાયીનો રાજત્વકાલ ૨૯ વર્ષ કરતાં ઓછો નથી જ. છતાં બૌદ્ધગ્રંથો એ પરમ ધાર્મિક રાજાને શિરે પિતૃઘાતકપણાનો આરોપ મુકતાં ન અચકાઈ, તેનો રાજત્વકાલ ફકત ૧૬ વર્ષનો જ જણાવે છે.

ઉદાયી અને તેના પછી આવનારા નન્દો સંપૂર્ણતયા જૈનત્વની અસર તળે આવેલા હોઈ, તેમના વિષે બહુ પરિચિત નહિ એવાં પુરાણો અને અવગણનાની દષ્ટિથી જોતા બૌદ્ધગ્રંથો પાટલીપુત્રના સિંહાસને કોઈ પેટાશાખાના રાજાઓને ઘુસાડી દઈ અમુક અંશે

મતભેદ કરે તો તે બનવાજોગ છે. આવી સ્થિતિમાં અલ્પ પણ બનતી સાવચેતીથી પોતાને ઉપયોગી એવી હકીકતો ટાંકતું જૈનસાહિત્ય જ વધારે આધારભૂત હોઈ શકે. મ. નિ. ૬૦ વર્ષે ઉદાયીનું મૃત્યુ અને ગણિકાથી ઉત્પન્ન નાપિતપુત્ર નન્દનો રાજ્યાભિષેક, એ જૈનસાહિત્યની અતિ ચોકસાઇભરી નોંધ છે. એને અનુસરતાં, મ. નિ. ૬૦ માંથી બૌદ્ધગ્રંથોક્ત ઉદાયીનાં ૧૬ વર્ષ અને અજાતશત્રુ (કોણિક)નાં ૩૨ વર્ષ એમ ૪૮ વર્ષ બાદ કરીએ તો અજાતશત્રુનો રાજ્યારંભ મ. નિ. ૧૨ વર્ષે આવે. પરિણામે અજાતશત્રુના રાજત્વકાલમાં મનાતું બુદ્ધ અને મહાવીરનું અસ્તિત્વ જ ઘટી શકે નહિ. આમ બનવું એ ખરેખર હરકોઇ પ્રણાલિકા અને ઇતિહાસનાં અન્ય સાધનોથી વિરૂદ્ધ છે. આ અસંગતતા ટાળવા, અજાતશત્રુના રાજત્વકાલને બુદ્ધ અને મહાવીરના જીવનકાલમાં, વધારે નહિ તો પણ થોડો ઘણો લાવવા અજાતશત્રુ અને ઉદાયીનાં જે બૌદ્ધ પ્રણાલિકા પ્રમાણે ૪૮ વર્ષ નોંધાયાં છે, તેમાં વધારો કરવો જ જોઈએ. અર્થાત્; અજાતશત્રુના ૩૨ ને બદલે પુરાણોમાં ઉલ્લેખિત ૩૭ અને ઉદાયીના ૧૬ ને બદલે હિમવંત થેરાવલીથી સિદ્ધ થતાં ૨૯ વર્ષ સ્વીકારવાં જ જોઈએ, આમ છતાં અસંગત એવાં ઉદાયીનાં ૧૬ વર્ષ લખવાનું કારણ એ છે કે, બૌદ્ધગ્રંથોએ ઉદાયીના રાજત્વકાલની વચ્ચે જ કોઈ અન્ય સ્થળની અનુરૂદ્ધ–મુણ્ડથી લઈ કાલાસોગના પુત્રો સુધીની વંશાવલી પાટલીપુત્રના સિંહાસને ભ્રાન્તિથી ગોઠવી દીધી છે, કે જે આગળ પર સ્પષ્ટ કરવામાં આવશે.

ઉદાયીએ પોતાના પિતા તરફથી મળેલા મગધ સામ્રાજ્યના વારસાને બરાબર સાચવ્યો હતો અને તેનો વિસ્તાર તથા વર્ચસ્વ વધાર્યું હતું. શ્રીહેમચંદ્રસૂરીશ્વરજી કહે છે કે, 'ધર્મહાનિ ન પહોંચે તેવી રીતે ક્ષાત્રતેજનો પ્રભાવ પાડતા તેણે–ઉદાયીએ રાજાઓને ચોથા ઉપાયથી અર્થાત્ દણ્ડથી સેવક બનાવ્યા હતા. તેનાથી અત્યંત દબાયેલા તે રાજાઓ ઉદાયીના અસ્તિત્વપર્યંત પોતાના માટે રાજ્યસુખ માનતા ન હતા,[40] મગધસામ્રાજ્યના પશ્ચિમમાં જ અડોઅડ પથારો નાંખીને વિશાલ અવન્તિ સામ્રાજ્ય પડયું છે. તેને મગધસામ્રાજ્યની આ સરસાઇથી ભય અને અસહનશીલતા ઉત્પન્ન થાય એ સ્વાભાવિક છે; અને એથી ઉદાયીના મારકને તે વખતના અવન્તિરાજે–અવન્તિષેણે શરૂઆતમાં ઉત્તેજન આપ્યું હતું, પરંતુ ઉદાયીએ અવન્તિપર આક્રમણ કરી અવન્તિરાજને નમાવ્યો હોય કે તેને કોઇ સંધિ કરવાની ફરજ પાડી હોય એમ જૈનસાહિત્ય બોલતું નથી.

આમ છતાં 'પાટલીપુત્રના અજ–ઉદયીએ અવન્તિરાજ સાથે યુદ્ધ કરી તેને હરાવી સંધિ કરવાની ફરજ પાડી' એમ પુરાણોના આધારે કેટલાકો લખી રહ્યા છે. " પટનાની

(૪૦) स धर्माबाधया क्षात्र-मपि तेजःप्रभावयन् । आत्मनः सेवकांश्चक्रे, तुर्योपायेन भूपतीन् ॥ राजानोऽत्यन्तमाक्रान्ता-स्ते तु सर्वेऽप्यचिन्तयन् । यावज्जीवत्युदाय्येष, तावद्राज्यसुखं नः न ॥

પરિશિષ્ટ પર્વ. સર્ગ. ૬ શ્લો૦ ૧૮૭, ૧૮૮.

નજદીકમાં નીકળેલી મૂર્તિઓ પરના શ્રીયુત્ જયસ્વાલના વાંચન મુજબ, તેમાં લખેલા 'અજ' અને વર્તિનન્દિ એ, અજાતશત્રુ પછી આવેલા ધર્મક–હર્ષક (દર્શક) ના અનુગામી જે ઉદાયી અને નન્દિવર્ધન છે, તે જ છે, કેમકે ભાગવતમાં ઉદાયીના સ્થાને અજ (અજય) અને નન્દિવર્ધનના સ્થાને અજેય તથા વાયુપુરાણમાં નન્દિવર્ધનના સ્થાને વર્તિવર્ધન નામ લખવામાં આવ્યું છે આમ જ્યારે અજ એ પાટલીપુત્રનો ઉદાયી છે તો પછી અવન્તિરાજ સાથે યુદ્ધાદિ કરનાર અજ ઉદાયીથી ભિન્ન ન હોવો જોઈએ." એવી એ સંશોધકોની માન્યતા હોઈ તેઓ ઉદાયીનું આધિપત્ય અવન્તિપર થયું હતું એમ માની લે તો તે બનવાજોગ છે.

પણ પ્રશ્ન થાય છે કે, જૈન બૌદ્ધ અને પૌરાણિક સાહિત્યમાં ઉદાયી તરીકે ઓળખાતા એ મહાન્ સમ્રાટ્નું અજ–ઉદયી એવું મિશ્ર નામ કેમ લખાયું ? વળી ઉદાયીનું ઉદયી કેમ બની ગયું ? જો ઉદાયીનું એક નામ અજ હતું તો તે નામથી હકીકત ટાંકતાં શી હરકત હતી ? આ પ્રશ્નોના જવાબ મળી શકે તેમ નથી. તેમ બીજી તરફ પુરાણો વિશાખયૂપ પછી અજક, અજનક, સૂર્યક એવા એવા નામવાળા રાજાને લાવે છે. અને એ ઉદાયી તો નથી જ એમ તેના રાજત્વકાલ વિગેરેથી લાગે છે, તો આ અજક એ અજ–ઉદયન કહેવાતો હોય પણ અપરિચિતપણાને લઇ પુરાણોએ તેને અજ–ઉદયી લખ્યો હશે, એમ લાગે છે. અજ–ઉદયન તરીકે ઓળખાવવાનું કારણ એ છે કે, તેનો જન્મ કે જનક જણાયો ન હતો અને તે વત્સરાજ ઉદયન પછી આવેલા અજિતસેનનો અનૌરસ પુત્ર હોઇ ઉદયન વંશી મનાતો હતો. ગોપાલના પુત્ર આર્યક–અજકની સાથે અથવા ભાગવત પુરાણ પ્રમાણે કદાચ ઓળખાવાતા ઉદાયીના એક નામ 'અજય' ની સાથે નામના ઐક્યની ભ્રાન્તિ ન થાય અથવા તો અન્ય ગમે તે કારણે–અજને–જૈનસાહિત્યના મણિપ્રભને ઉદયનની વિશેષણતાથી ઓળખાવ્યો છે; ઓળખાયો હોવા સંભવ છે. આ મણિપ્રભને અને અવન્તિરાજને અથડામણ–યુદ્ધ થયું હતું. અને અંતે સંધિ થઇ હતી. એ વાત તો હું પાલકો વિષે લખતાં જણાવીજ ગયો છું. એ અથડામણને પાટલીપુત્રના ઉદાયી જોડે સંબંધ નથી, કેમકે અજ–ઉદયી તરીકે લખાતો ઉદાયી નથી પણ અજ–ઉદયન મણિપ્રભ છે. બાકી ઉદાયીના માંડલિક રાજગૃહીના રાજા નંદિવર્ધને યુદ્ધ દ્વારા વત્સ અને અવન્તિને નમાવી ખાલસા કર્યાં છે, એમાં વત્સના આક્રમણ પ્રસંગે ઉદાયી સમ્રાટ હોવાનો સંભવ છે; તેથી વત્સરાજ, કે જે અવન્તિરાજ પણ હતો. તેની સાથેની નન્દિવર્ધનની જીત, સંધિ, વિગેરે ઉદાયીના ભ્રમાત્મક અજ–ઉદયી નામ પર ચઢાવવામાં આવ્યાં હોય તો તે પણ બનવા સંભવ છે. બાકી અવન્તિમાંથી પાલકવંશ દૂર થયો એતો ઉદાયી પછી આવેલા નન્દ પહેલાના સમયમાં જ બન્યું હતું.

પ્રદ્યોતથી પહેલાંના બૃહદ્રથ કે વીતિહોત્ર રાજાઓ કયો ધર્મ માનતા હતા. એ જાણવાનું સાધન જૈનસાહિત્યમાંથી મળતું નથી, પણ પ્રદ્યોતનો પિતા શ્રાવક–જૈન

હતો,[૪૧] એમ શ્રી હેમચંદ્રસૂરિજી લખે છે. તે શ્રી પાર્શ્વનાથની પરંપરાનો ઉપાસક હોવો જોઈએ. પિતા તરફથી પ્રદ્યોતને જૈનત્વનો વારસો મળ્યો હતો, પણ તેણે પોતાના પ્રાથમિક જીવનમાં એ વારસાને બરાબર અમલમાં મુકયો હોય એમ જણાતું નથી. મહાવીરના કેવલી-જીવનના વિહારની ચોકકસ માહિતી કોઈપણ રીતે મેળવી શકીએ તેમ નથી. તેથી અવન્તિમાં ચંડપ્રદ્યોત અને શ્રી મહાવીરનો મેલાપ આપણે કલ્પી શકીએ નહિ. છતાં એ તો નકકી છે કે, આ રાજા શ્રીમહાવીરના શિષ્ય સ્વયંબુદ્ધ કપિલર્ષિના સમાગમમાં આવ્યો હતો. અને તે અવન્તિમાં જ. એણે ઋષિ પાસે શ્રીમહાવીરની મૂર્તિની અદલાબદલીમાં તે મૂર્તિને મુકવાનો હતો. પ્રદ્યોતના આ આચરણથી અને ઉદાયન સાથેના દશપુરમાંના શ્રાવક તરીકે દેખાડવાના તેના વ્યવહારથી તેનામાં વિષય લોલુપતાનું જેવું પ્રદર્શન થાય છે, તેવું ધાર્મિકતાનું પ્રદર્શન થતું નથી. પરંતુ વત્સના શતાનીક રાજાની રાણી મૃગાવતીની પ્રતિ તેની દુર્ભાવનાના અનિષ્ટ પ્રસંગે તેને કૌશામ્બીમાં શ્રીમહાવીરનો સમાગમ થયો ત્યારે તેણે મહાવીરનો ઉપદેશ સાંભળ્યો હતો. અને નમ્ર બન્યો હતો. તે વીતભયપટ્ટણથી દેવાધિદેવ શ્રીમહાવીરની પ્રતિમા લાવ્યો હતો. એ પ્રતિમા તેણે વિદિશાના ભાયલ સ્વામિ નામના વ્યાપારીને પૂજવા સોંપી હતી. સમય વીતતાં પ્રદ્યોતે એ વાણીયાના નામથી 'દેવકીય'પુર વસાવી આ તીર્થના નિર્વાહને માટે ઘણાં ગામ આપ્યાં હતાં. તેની રાણી ચેટકરાજાની પુત્રી અને ગોપાલની માતા-શિવાદેવી, દેવાધિદેવ જીવિતસ્વામિ મહાવીરની પ્રતિમા સાથે વીતભયથી લવાયેલી સ્વર્ણગુલિકા અને પટરાણી અંગારવતી, વિગેરેથી આ રાજાનું અંતઃપુર જૈનવાતાવરણમય હતું. શિવાદેવી, અંગારવતી આદિ તેની રાણીઓએ તેની સમ્મતિ પૂર્વક ચારિત્ર અંગીકાર કર્યું હતું. તેના વંશજોમાં ગોપાલ, પાલક, અવન્તિવર્ધન, રાષ્ટ્રવર્ધનની સ્ત્રી ધારિણી વિગેરેએ પણ ચારિત્ર જીવનમાં પ્રવેશ કર્યો હતો. અવન્તિષેણ સાધ્વી માતાના ખુલાસાથી નાના ભાઈ મણિપ્રભ સાથે યુદ્ધ કરતાં નિવર્ત્યો હતો. આ સર્વપરથી સમજાય છે કે ચંડપ્રદ્યોત અને તેના વંશજ પાલક વિગેરે અવન્તિપતિઓ જૈન હતા. પુરાણો તેમના માટે હલકા અભિપ્રાય દર્શાવે છે અને બૌદ્ધ સાહિત્ય તેમને જેવું જોઇએ તેવું સીધું સ્પર્શતું નથી તથા તેમનો કુલધર્મ જૈન છે, એ સર્વ તેમના વૈદિક કે બૌદ્ધ ન હોવાનું ને જૈન હેવાનું સમર્થન કરી રહ્યું છે. આ પાલકોના ઉપદેશ ગુરૂઓ અને દીક્ષાગુરૂઓ વિષેનો પરિચય આપણને જૈન સાહિત્ય આપતું નથી પણ તેઓ મહાવીરના શાસનના પ્રચારકો જ હશે એમાં તો શંકા જ નથી.

પાલકોના સમય દરમિયાન મગધમાં રાજકર્તાઓ કોણિક ને ઉદાયી હતા. કોણિક—અજાતશત્રુના પિતામહ પ્રસેનજિત શ્રી પાર્શ્વનાથના શાસનના શ્રમણોપાસક હતા,[૪૨] પરંતુ

(૪૧) प्रद्योतः स्माह...श्रावकौ पितरौ मम ॥ ત્રિ. શ. પુ. ચ. પર્વ ૧૦. સર્ગ ૧૧ શ્લો૦ ૫૯૭

"ताहे सो सोचितुमारद्धो-मम मातापिता संजताणि આ. ચૂ. પૃ. ૪૦૧।

(૪૨) श्रीमत्पार्श्वजिनाधीश-शासनांभोजषट्पदः । सम्यग्दर्शनपुण्यात्मा सोऽणुव्रतधरोऽभवत् ।

ત્રિ. શ. પુ. ચ. પર્વ ૧૦ સર્ગ ૬ શ્લો૦ ૬

તેમનો પુત્ર શ્રેણિક જૈનત્વ તરફ શ્રદ્ધાશીલ ન હોય એવો ચિલ્લણાના પરિચય પહેલાં તેને આલેખવામાં આવ્યો છે. મહાવંશમાં લખ્યું છે કે, એ રાજા બુદ્ધનો મિત્ર હતો. શરૂઆતમાં બુદ્ધ તરફ તેની શ્રદ્ધા અમુકાંશે વળી હોય એમ બૌદ્ધગ્રંથોથી સમજાય છે. પણ અનાથીમુનિના પ્રસંગમાં અને ચિલ્લણાના સહવાસમાં આવતાં તે મહાવીરનો ભક્ત અને ચુસ્ત જૈન બન્યો હતો. જૈનગ્રંથોએ તેને પરમાર્હત તરીકે આલેખ્યો છે. તેના અંતઃપુરની સંખ્યાબંધ રાણીઓએ અને તેમના કુમારોએ શ્રીમહાવીરનો ઉપદેશ સાંભળી જૈનદીક્ષા અંગીકાર કરી છે. તેની રાજધાનીમાં મહાવીરે ૧૪ ચાતુર્માસ ગાળ્યાં હતાં. એ રાજાએ કલિંગમાં શ્રીઋષભદેવનું ચૈત્ય અને સાધુઓને વસવા યોગ્ય એવી ગુફાઓ કરાવી હતી, એમ હિમવંત થેરાવલી લખે છે. એના પુત્ર કોણિકે પણ કલિંગમાં ૫ ગુફાઓ કરાવી હતી, એમ થેરાવલીનું કથન છે. કોણિકે [૪૩]ભલેને, બુદ્ધની મુલાકાત લીધી હોય, પણ એ થેરાવલી આદિ જૈન સાહિત્યથી જાણવા મળે છે કે, એ રાજા જૈનધર્મનો ઉત્કૃષ્ટ શ્રાવક હતો. શ્રી મહાવીરના અને સુધર્મા સ્વામીના ચંપામાં આગમન સમયે તેણે જે સત્કાર કર્યો છે તે જૈનસાહિત્યમાં એક નિદર્શનરૂપ છે, તેના અંતિમ જીવનમાં અભિમાનભરી રાજ્યલાલસાને લઇ તે યુદ્ધયાત્રામાં પડયો હતો, પણ તેથી તેનું જૈનત્વ મટયું હોય એવો કોઈ પુરાવો નથી. તેના પછી આવનાર મહારાજા ઉદાયી તો પરમ જૈન હતો, એમ જૈનગ્રંથો લખે છે. એનું મરણ પણ તેની ધાર્મિક ચુસ્તતાના ઓઠા નીચે જ તેના વિરોધીએ નીપજાવ્યું હતું.

આ સમયે મગધના રાજાઓની જેમ વત્સ–કૌશામ્બીના રાજાઓ ઉદયન અને તેના વારસો પણ જૈન હતા. ઉદયની માતા મૃગાવતી અને તેની ફોઈ જયન્તિ વિગેરેએ શ્રી મહાવીર પાસે દીક્ષા અંગીકાર કરી હતી. મહાવીર જ્યારે જ્યારે કૌશામ્બીમાં પધાર્યા છે, ત્યારે ત્યારે ઉદયન રાજાએ અતીવ સત્કાર સાથે તેમને સાંભળ્યા છે. તેની રાણી ચંડપ્રદ્યોતની પુત્રી વાસવદત્તા, એ સુસુમારપુરના ધુંધુમારરાજાની જૈનધર્મ ચુસ્ત અંગારવતીની પુત્રી હોઇ, તેણે પોતાની માતાના ધાર્મિક સંસ્કાર નિજ જીવનમાં ઉતાર્યા હતા. ઉદયન પછી ગાદીએ આવનાર અજિતસેનની દાનશાલામાં સાધ્વીઓને વસતિ અપાયાનો ઉલ્લેખ છે, એ તેના જૈનત્વનો જ સૂચક છે. અજિતસેનનું અંતઃપુર સાધ્વીઓના સતત પરિચયમાં હતું. અજિતસેન પછી આવનાર મણિપ્રભ તો તેની માતા–સાધ્વીના પરિચયમાં આવ્યો જ

(૪૩)......"कुमरकुमारीणामधिज्ज–पव्वयजुअले तेणं सेणियवरणिवेण सिरिरिसहेसजिणाहिवस्साइव मणोहरो जिणपासाओ णिम्माइओ होथ्था। तम्मि य णं सुवण्णमयी रिसहेसपडिमा सिरिसोहम्मगणहरेहिं पइट्ठिआ आसी । पुणो वि तेणं कालेणं तेणं समएणं तेणेव सेणियवरणिवेण णिग्गंठाणं णिग्गंठीण य वासाधासट्ठं तम्मि य पव्वयजुअलम्मि अणेगे लेणा उक्किणाइयाः ।"

"सेणिग्रणिवपुत्तो अजायसत्तू कोणियावरणामधिज्जो...से वि य णं णियपिउव्व जिणधम्माराहणट्ठो उक्किट्ठो समणोवासओ आसी तेण वि तित्थभूए कलिंगद्दे तम्मि य कुमर–कुमारीगिरिजुयले णियणामंकिया पंचलेणा इक्किणाइया ।

હિમવંત થેરાવલી. મુદ્રિત. પૃ. ૩

હોય એ સ્વભાવિક છે. મ. નિ. ૧૮ વર્ષે ચેટકરાજાનો પુત્ર શોભનરાય કલિંગના કનકપુરની ગાદીએ તેના સસરાના સ્થાને આવ્યો હતો. તે પરમ જૈન હતો. આ સમયે અન્ય પણ અનેક દેશોના રાજાઓ જૈનધર્મને પાળતા કે આદર આપતા જણાયા છે. સિદ્ધાર્થપુત્ર શ્રમણ મહાવીરે પોતાનાં કેવલી જીવનનાં ૩૦ વર્ષ દરમીયાન આર્યદેશોમાં વિહાર કર્યો હતો અને તેમણે પાખંડોથી ઘેરાયેલા તથા વિશેષ ઘેરાતા પ્રાચીન જૈનત્વનો પ્રકાશ ખુલ્લો કરી, જે સ્યાદ્વાદનો અને અહિંસા–સંયમ–તપનો સંદેશ આર્યજનતાને સંભળાવ્યો હતો, તેનું વાતાવરણ તેમનાં નિર્વાણ પછીનાં ૬૦ વર્ષોમાં પણ સર્વત્ર ગુંજી રહ્યું હતું.

અવન્તિ સામ્રાજ્ય, મગધસામ્રાજ્ય અને વત્સ તથા કલિંગનું રાજ્ય એના રાજકર્તાઓ જૈન હોઈ, ત્યાં રાજ્યધર્મ જૈન બન્યો હતો. પ્રાચીન જૈનત્વને ઉપજીવી ઐચ્છિક રૂપાન્તરને પામેલા આજીવિક સંપ્રદાય તથા બૌદ્ધ સંપ્રદાયનો મર્યાદિત પ્રદેશ અને જનતામાં પ્રવર્તી રહેલો હતો. જૈન, આજીવિક અને બૌદ્ધાદિ ધર્મોની પડખે વહેતો વૈદિક ધર્મ પોતાનું વહેણ કાયમ રાખવા મથી રહ્યો હતો. જૈનધર્મ એ સર્વના પ્રતિ સહિષ્ણુ અને આપેક્ષિકદૃષ્ટિથી સુહૃદ્‌વૃત્તિવાળો હતો. એનો પ્રભાવ એની લોકોત્તરમહત્તામાં જ હતો. જૈનશાસનના એકમાત્ર નેતા સ્વામી સુધર્મા અને જંબૂ તથા તેમના આજ્ઞાવર્તી શ્રમણશ્રમણીઓ આ વખતે ભારતજનતાને જૈનધર્મની આચાર વિચાર વિષયક લોકોત્તર મહત્તાથી પરિચીત કરી કલ્યાણના માર્ગે દોરતાં હતાં.

પટ્ટાવલીઓના આધારે જાણવા મળે છે કે, શ્રી મહાવીર નિર્વાણ પામ્યા ત્યારે શ્રી ગૌતમસ્વામીને કેવલજ્ઞાન થયું હતું. તેઓ ૧૨ વર્ષ કેવલી જીવન જીવી મુક્ત થયા હતા. મહાવીરનો શ્રમણસંઘ શ્રીગૌતમને નહિ, પણ સુધર્માસ્વામીને સુપ્રત થયો હતો. તેઓ મ. નિ ૧૨ વર્ષે કેવલી અને ૨૦ વર્ષે મુકત થયા હતા તેમના પટ્ટે જંબૂસ્વામી આવ્યા કે જેઓ મ નિ. ૨૦ વર્ષે કેવલી અને મ. નિ. ૬૪ મતાંતરે ૭૦ વર્ષે મુકત થયા. ઉદાયીના રાજ્યનો અંત અને નન્દના રાજ્યનો પ્રારંભ થયો, ત્યારે શ્રી જંબૂસ્વામી આર્યાવર્તમાં વિચરી રહ્યા હતા. અત્યારે તેમના કેવલી જીવનનું ૪૧ મું વર્ષ વર્તી રહ્યું હતું. અસંખ્ય નગરો, સ્થાપત્યો, ગ્રંથો, લેખો વિગેરેને નાશ કરનારી કુદરતે શ્રીમહાવીરના સ્થાને આવનારા તેમના સર્વશ્રેષ્ઠ પ્રતિનિધિઓના જીવન વિષે બહુ જ અલ્પ, ક્વચિત નહિ જેવી જ નોંધ રહેવા દીધી છે, તેથી પ્રાચીન સમયના યુગપ્રધાનોમાંના ઉપરોક્ત સુધર્માસ્વામી, જંબૂસ્વામી વિગેરેની ધાર્મિક જાહેર પ્રવૃતિઓ વિષે આપણને બહુ જ ઓછું જાણવા મળે છે.

---

(૪૩) समुद्रवसनेशेभ्य, आसमुद्रमपि श्रियः। उपायहस्तैराकृष्य, ततः सोऽकृतनन्दसात्॥
પરિશિષ્ટ પર્વ. સર્ગ, ૭ શ્લો૦ ૮૧

(૪૪) सो रायाभिसेगेण अभिसित्तो, राया जातो, ते दंडभडभोइया दासोत्ति न तहा विणयं करेंति......केवि मारिया, केवि बद्धा ) पच्छा विणयं उवट्ठिता ॥
આવશ્યક ચૂર્ણિ. ( ઉત્તરાર્ધ ) પૃ. ૧૮૦

# નન્દવંશ ૯૫ વર્ષ, મ. નિ. ૬૦–૧૫૫

(વિ. સં.પૂ. ૩૫૦–૨૫૫. ઈ.સ.પૂ. ૪૦૭–૩૧૨)

જૈનકાલગણનાની બીજી ગાથાના પ્રથમ ચરણમાં પાલકના–પાલકવંશના રાજત્વકાલ કહ્યા બાદ 'पणव (प) न्नसयं तु होइ नंदाणं' એ દ્વિતીય ચરણથી નન્દોનો રાજત્વકાલ કહ્યો છે. પાલકો અવન્તિમાં રહી રાજ્ય કરતા હતા. અને નન્દોએ પાટલીપુત્રમાં રહી રાજ્ય કર્યું છે. એ ઇતિહાસ પ્રસિદ્ધ હકીકત છે. આમ પાટનગરની અપેક્ષાએ પાલકો અને નન્દો ભિન્ન ભિન્ન સ્થળના છે, પણ આધિપત્યની અપેક્ષાએ તેઓ એકજ સ્થળના–અવન્તિના છે, અને તેથી પાલકવંશ પછી નન્દવંશનું અવતરણ કાલગણનાની ગાથામાં કરાયું છે તે કોઇ સ્વચ્છંદી અનુસંધાન માત્ર નથી. "સમુદ્રપર્યન્તના રાજાઓની લક્ષ્મી પ્રથમનન્દને આધીન કરવામાં આવી હતી." એમ શ્રી હેમચન્દ્રસૂરિજી લખે છે એ પરથી પ્રથમ નન્દનું આધિપત્ય બંગાલ ઉપસાગર અને અરબી સમુદ્રપર્યંત વિસ્તર્યું હતું એવો અભિપ્રાય નીકળે છે. પુરાણો પણ કહે છે કે, મગધના રાજા નન્દિવર્ધને પાલકોનું રાજ્ય ખાલસા કર્યું હતું અને તેને મગધસામ્રાજ્યમાં જોડી દીધું હતું. નન્દસામ્રાજ્યનો બળજબરીથી કબજો મેળવનાર મૌર્યચંદ્રગુપ્તે પોતાના પશ્ચિમ પ્રાંતોના સુબા પુષ્યગુપ્ત મારફતે સૌરાષ્ટ્રમાં ગિરનારની તળેટી આગળ અશોકના શિલાલેખ અને જીર્ણદુર્ગની વચ્ચે સુદર્શન નામનું તળાવ રચ્યું હતું, કે જેનો ઉલ્લેખ અશોકની લેખશિલા ઉપર કોતરાયેલા રૂદ્રદામનના લેખમાં કરવામાં આવ્યો છે. આથી સાબીત થાય છે કે, નન્દરાજાઓ અને તેમની પછીના મૌર્યરાજાઓ ભારતના પશ્ચિમ પ્રાંતોમાં ઠેઠ અરબી સમુદ્ર સુધી આધિપત્ય ભોગવતા હતા. પાલકોનું અવન્તિ સામ્રાજ્ય એ પશ્ચિમપ્રાંતોનોજ મોટો ભાગ હતો તેમના અનુગામી. મગધના નન્દવંશી ને મૌર્યવંશી સમ્રાટોનું ત્યાં આધિપત્ય હોય જ. રૂદ્રદામનના લેખથી તથા ઉપર ટાંકેલા અન્ય ઉલ્લેખોથી સમર્થન થાય છે કે, એ પશ્ચિમીય પ્રાંતોમાં સૌરાષ્ટાદિનો વધારો કરવામાં આવ્યો હતો. આ કાર્ય પ્રથમનન્દે જ કર્યું હતું.

આમ અવન્તિપર નન્દોનું આધિપત્ય સાબીત થતાં, કાલગણના નન્દોના રાજત્વકાલની જે નોંધ લે છે તે, તેની આખી નોંધના લક્ષ્ય મુજબ અવન્તિના અધિપતિઓ તરીકેની જ છે, એ પણ સાબીત થાય છે. હિમવંત થેરાવલી આદિ પ્રમાણે મ.નિ. ૬૦ વર્ષે પાટલીપુત્રમાં ઉદાયી પછી નન્દપહેલાના રાજ્યની શરૂઆત અને કાલગણના પ્રમાણે એ જ વર્ષે અવન્તિમાં પાલકવંશ પછી નન્દવંશનું–નન્દપહેલાનું આધિપત્ય, આ બન્ને હકીકતો આપણને જણાવે છે કે, નન્દપહેલાએ ગાદી પર આવ્યા પછી થોડા મહિનાઓમાં જ અવન્તિને જીતી લીધેલો હોવો જોઇએ, જોકે એ જીતમાં આગળ પડતો ભાગ સામ્રાજ્યના માંડલિક અને સેનાની નન્દિવર્ધને લીધો હશે.

પ્રધાનોએ ગોઠવેલી પંચ દિવ્ય પદ્ધતિથી અપુત્ર–ઉદાયીના પાટલીપુત્રના સિંહાસને નન્દ પહેલો આવ્યો ત્યારે શરૂઆતમાં કાંઇક વિરોધ થયો હતો, પણ એ વિરોધ તેના

પુણ્યબળે ગમે તે સાધનોથી તત્કાળ જ નાશ પામ્યો હતો. અને અવન્તિપર વિજય મેળવી શકે એવું સર્વ પ્રકારનું બળ બહુ અલ્પસમયમાંજ તેના તાબે થઇ ગયું હતું. એમ જૈન સાહિત્ય જણાવે છે. તો પછી એ નન્દ પહેલાએ પોતાના રાજ્યના પહેલા વર્ષમાં જ અવન્તિપર વિજય મેળવી તેને ખાલસા કર્યું હોય તો તે ન માનવાનું કાંઇ કારણ નથી.

પુરાણો અવન્તિને જીતનાર અને મગધ સામ્રાજ્યમાં તેને જોડનાર તરીકે નન્દિવર્ધનને માને છે. જૈનસાહિત્ય નન્દવંશના પ્રથમ પુરૂષને પ્રથમ નન્દ તરીકે જ ઓળખાવે છે. તેના કોઈ વિશેષ નામનો અહિં ઉલ્લેખ નથી. એ પ્રથમનન્દનું નામ નન્દિવર્ધન હોઈ પુરાણનું નન્દિવર્ધન બની ગયું હોય તેવો કોઇ ત્યાં પુરાવો નથી. બાકી નવનન્દથી અલગ કોઈ નન્દિવર્ધન નામની વ્યકિત પાટલીપુત્રના સમ્રાટ્ તરીકે આવી હતી, એમ જૈન સાહિત્યથી તો જાણવા મળતું નથી. પુરાણો અને બૌદ્ધગ્રંથો જૈનસાહિત્યના ઉલ્લેખોથી વિરૂદ્ધ જઇ કોણિક અને ઉદાયી ઉપરાંત અન્ય કેટલાક રાજાઓને પાટલીપુત્રના સિંહાસનપર બેસાડી દે છે. તથા ચાલુ જૈનસંપ્રદાય નન્દોનો રાજત્વકાલ, મ.નિ, ૧૫૫ સુધી એટલે મ.નિ. ૬૦ થી ૧૫૫ એમ ૯૫ વર્ષ નહિ પરંતુ મ. નિ. ૦–૧૫૫=૧૫૫ વર્ષ માને છે, તેથી આ સ્થળે ઘણો જ ગુંચવાડો ઉભો થાય છે. એ ગુંચવાડાનો અનુભવ મી વીન્સેન્ટ સ્મીથને પણ થયો છે. [45]એ ગુંચવાડાને દૂર કરવા બૌદ્ધગ્રંથોમાં અને પુરાણોમાં આવેલી અજાતશત્રુથી લઇ નવનન્દસુધીની વંશાવલીઓ બરાબર તપાસવી જોઇએ. અને એમાં જે કાંઈ સમજફેર થઈ હોય તેને શુદ્ધ કરવી જોઇએ, એટલું જ નહિ પરંતુ ચાલુ જૈન સંપ્રદાય નન્દોનો ૧૫૫ વર્ષ રાજત્વકાલ માને છે, તે કેવી રીતે ૯૫ વર્ષજ છે એ પણ સ્પષ્ટતા કરી દેવી જોઇએ.

બૌદ્ધ સાહિત્યમાં બુદ્ધના પરિનિર્વાણ પૂર્વે ૮ વર્ષે, આ લેખમાં સાબીત કરેલી ગણના પ્રમાણે મ.નિ. પૂ. ૧ વર્ષે—અજાતશત્રુ (કોણિક)નો રાજ્યાભિષેક થયો હતો એમ જણાવ્યું છે. એ પછી એ સાહિત્ય લખે છે કે, અજાતશત્રુએ ૩૨ વર્ષ અને તેના પછી આવનાર તેના પુત્ર ઉદયીભદ્દે–ઉદયભદ્રે (ઉદાયીએ) ૧૬ વર્ષ રાજ્ય કર્યું. આમ તેણે બે રાજાઓનો ૪૮ વર્ષ રાજત્વકાલ લખી ઉદયભદ્ પછી આવનાર રાજાઓનાં નામ અનુરૂદ્ધ અને મુણ્ડ જણાવી તેમનો ભેગો ૮ વર્ષ રાજત્વકાલ લખ્યો છે. આ પછી ત્યાં અનુક્રમે આવનાર રાજાઓમાં નાગદાસકનાં ૨૪ વર્ષ, સુસુનાગનાં ૧૮ વર્ષ, કાલસોકનાં ૨૮ વર્ષ અને કાલાસોકના દશપુત્રોના ૨૨ વર્ષ નોંધી એ વંશાવલીને નવનન્દોના ૨૨ વર્ષના રાજત્વકાલના પ્રારંભ સુધી લઈ જવામાં આવી છે, બૌદ્ધસાહિત્યમાં અનુરૂદ્ધ–મુણ્ડથી લઇ કાલાસોકના દશપુત્રો સુધીના રાજાઓને ઉદાયીના અનુગામી તરીકે જ બેસાડયા છે,[46] પણ જૈન સાહિત્ય અને પુરાણો તેમનાં નામ વિગેરે વિષે ઈશારો સુદ્ધાં કરતાં નથી.

---

(૪૫) હિન્દુસ્તાનનો પ્રાચીન ઇતિહાસ (ગુ. વ. સો. ભા.) પૂર્વાર્ધ. પૃ. ૫૪, ૫૫ આ બિંદુએથી શરૂ થતો પેરેગ્રાફ.

(૪૬) મહાવંશ પરિચ્છેદ–૪ અને ૫.

પુરાણો ઉપરોક્ત બિમ્બિસાર (શ્રેણિક) પછીની વંશાવલી જુદીજ રીતે આલેખે છે. ત્યાં ઉદાસી (ઉદાયી–ઉદયભદ્ર–અજય) પહેલાં–ક્વચિત્ અજાતશત્રુથી પણ પહેલાં એક વંશક (હર્ષક–દર્શક–દર્ભક–ધર્ભક) નામના રાજાનું નામ લખી તેનો ૨૪, ૨૫ કે ૩૫ વર્ષ રાજત્વકાલ જણાવી પછી ઉદાસીનાં ૩૩ વર્ષ લખે છે. આ ઉદાસી બાદ તેઓ નન્દિવર્ધનનાં ૪૦ કે ૪૨ વર્ષ[૪૭] તથા તે પછી મહાનન્દીનાં ૪૩ વર્ષ લખી આ વંશાવલીને ૧૦૦ વર્ષના રાજત્વકાલવાળા મહાપદ્માદિ નવનન્દના આરંભ સુધી લઈ જાય છે.[૪૯]

જૈન સાહિત્ય અજાતશત્રુના (કોણિકના) રાજ્યારંભ અને સામ્રાજ્યારંભના સમયથી અનુક્રમે ૬૯ અને ૬૧ વર્ષે ઉદાયીના રાજ્યનો અંત અને નવનન્દોના રાજ્યારંભને મૂકે છે, તેથી ઉદાયી અને નવનન્દોના રાજ્યારંભ વચ્ચે બીલકુલ અંતર પડતું નથી. જ્યારે બૌદ્ધ સાહિત્ય અજાતશત્રુના રાજ્યારંભથી ૧૪ વર્ષ જેટલે દૂર નવનન્દોના રાજ્યારંભને લઇ જતાં ઉદાયીના રાજ્યનો અંત અને નવનન્દોના રાજ્યારંભ વચ્ચે ૧૦૦ વર્ષનું અંતર પાડી રહ્યું છે,[૪૯] અને અજાતશત્રુનાં ૩૬ કે ૨૬, વંશકના ૨૪, ૨૫ કે ૩૫ અને ઉદાસીનાં ૩૩ વર્ષ માનનારાં પુરાણો અજાતશત્રુના રાજ્યારંભથી નવનન્દોના રાજ્યારંભને, બૌદ્ધ સાહિત્યથી પણ વધારે દૂરતર, ૧૯૭થી૧૯૦ વર્ષ સુધી દૂર લઈ જતાં ઉદાયીનાં રાજ્યાંત અને નવનન્દોના રાજ્યારંભ વચ્ચે ૪૦+૪૩=૮૩ કે ૮૫ વર્ષનું અંતર પાડે છે.[૫૦]

ઉદાયીના રાજ્યાંત અને નવનન્દોના રાજ્યારંભ વચ્ચે ઉપરોક્ત રીતે, જૈન સાહિત્ય સાથે અસંગત લાંબા આવી પડતા અંતર પરથી સમજાય છે કે, બૌદ્ધ ગ્રંથોક્ત વંશાવલીના અનુરૂદ્ધ મુણ્ડ વિગેરે પાટલીપુત્રના ઉદાયી અને નન્દ સમ્રાટોના અધિપત્ય

(૪૭) મત્સ્ય પુરાણમાં 'चत्वारिंशत् समा भाव्यो' એવો પાઠ છે, વાયુપુરાણમાં 'द्वाचत्वारिंशत् समा भाव्यो' પાઠ છે. વાયુના પાઠમાં શ્લોકમાં નવ અક્ષર છે તેથી 'द्वा' વધારે હોઇ અસલ 'चत्वारिंशत् હોવું જોઈએ એમ લાગે છે. પણ અનુષ્ટુપમાં નવ અક્ષર હોઇ શકે છે તેથી વાયુપુરાણનો પાઠ જ ઠીક છે. ૪૦ વર્ષ રાજત્વકાલ એ પ્રથમનન્દનો છે, નહિ કે નન્દિવર્ધનનો.

(૪૮) જુઓ ટીપ્પણ–૩૧.

(૪૯) અજાતશત્રુનાં ૩૨ વર્ષ અને ઉદાયીનાં ૧૬ વર્ષ એમ ૪૮ વર્ષ થયાં એટલે અજાતશત્રુના રાજ્યારંભથી ઉદાયીનો રાજ્યાંત ૪૮ વર્ષે અને નવનન્દોનો રાજ્યાંત ૧૪૮ વર્ષે થયો હતો. આ હિસાબે ઉદાયીના રાજ્યાંતથી નવ નન્દોનો રાજ્યાંત ૧૪૮–૪૮–૧૦૦ વર્ષે આવ્યો.

(૫૦) અજાતશત્રુના રાજ્યારંભથી ઉદાયીનો રાજ્યાંત ઓછામાં ઓછો અજાતશત્રુ ૨૭, વંશક ૨૪, ઉદાયી ૩૩, એમ ૮૪ અને વધારેમાં વધારે અજાતશત્રુ ૩૭, વંશક ૩૫, ઉદાયી ૩૩, એમ ૧૦૫ વર્ષ આવે છે, અને અજાતશત્રુના રાજ્યારંભથી નવનન્દોનો રાજ્યરંભ ઓછામાં ઓછો અજાતશત્રુ ૨૭, વંશક ૨૪, ઉદાયી ૩૩, નન્દિવર્ધન ૪૦, મહાનન્દિ ૪૩, એમ ૧૬૭ તથા વધારેમાં વધારે અજાતશત્રુ ૩૭, વંશક ૩૫, ઉદાયી ૩૩, નન્દિવર્ધન ૪૨, મહાનન્દિ ૪૩, એમ ૧૯૦ વર્ષ આવે છે. આ હિસાબે ઉદાયીના રાજ્યાંતથી નવનન્દોનો રાજ્યારંભ નન્દિવર્ધનની ૪૦ વર્ષની ગણતરીએ ૧૬૭–૮૪=૮૩ અથવા નન્દવર્ધનની ૪૨ વર્ષની ગણતરીએ ૧૯૦–૧૦૫=૮૫ વર્ષ આવે.

નીચેની કોઈક અન્ય સ્થળની પેટા શાખામાં માંડલિક રાજાઓ હોવા જોઈએ, અને એ શાખા નન્દોના રાજ્યાંતથી ૨૨ વર્ષ પહેલાં સમાપ્ત થતાં તે સ્થળમાં પાટલીપુત્રના નન્દવંશની સીધી સત્તા સ્થપાઇ હોવી જોઇએ. જૈન પરંપરા નન્દોનો રાજત્વકાલ ૧૫૫ વર્ષ, હિમવંત થેરાવલી આદિ ૯૪ કે ૯૫ વર્ષ અને પરાણો ૧૦૦ વર્ષ લખે છે, ત્યારે ઇતિહાસમાં વિવિધ ઘટનાઓ અંગે વિવિધ રીતે પ્રસિદ્ધ એવા આ નન્દવંશનો રાજત્વકાલ બૌદ્ધ ગ્રંથોમાં ફક્ત ૨૨ વર્ષનો જ લખવામાં આવે છે. નો ક્વચિત ત્યાં નન્દ શબ્દનો ઉલ્લેખ શુદ્ધાં કરવામાં આવ્યો નથી. આથી એ સૂચિત થાય છે કે, બૌદ્ધ ગ્રંથોએ સ્થળનો ગોટાળો કરી [૫૧] પાટલીપુત્ર સિવાય કોઈ અન્ય સ્થળની પેટા શાખાની જ વંશાવલીને નોંધી છે. મહાવંશનો નાગદાસક અને પુરાણોનો નન્દિવર્ધન જો ભિન્ન જ વ્યક્તિ હોય તો એ પેટાશાખા વૈશાલીમાં રાજ્ય કરતી હોવી જોઇએ. ઉદાયીના રાજત્વકાલના ૧૬ વર્ષે એ શાખા સ્થપાઈ હશે કે કેમ એ એક પ્રશ્ન છે. વૈશાલીમાં આ પેટાશાખા હોવાનું અનુમાન કરવાનું કારણ એ છે કે, વૈશાલીમાં બીજી બૌદ્ધ સમિતિ ભરાઈ હતી તેનો સમય નોંધતાં મહાવંશ લખે છે કે; 'આ સમિતિ કાલાસોકના રાજ્યમાં ૧૦ વર્ષ વીતતાં ભરાઈ હતી અને હમણાં બુદ્ધ પરિનિર્વાણને ૧૦૦ વર્ષ થયાં છે.' મહાવંશની આ નોંધ આપણને એવા અનુમાન પર લઈ જાય છે કે, કાલાસોક જેમાં છે એ બૌદ્ધ ગ્રંથોક્ત વંશાવલીના રાજાઓને વૈશાલી સાથેજ ઘનિષ્ટ સંબંધ છે, નહિ કે કોઈ અન્ય સ્થળની સાથે.

ઉપરોક્ત રીતે બૌદ્ધ ગ્રંથોમાં નોંધેલી અનુરૂદ્ધ મુણ્ડાદિ રાજાઓની વંશાવલી પાટલીપુત્રના રાજાઓની નહિ પરંતુ તેના તાબાના અન્યસ્થળના રાજાઓની છે, તેવી જ રીતે પુરાણોમાં નોંધાયલા વંશક, નન્દિવર્ધન પણ કોઈ અન્યસ્થળની વંશાવલીના રાજાઓ છે. તેઓ શિશુનાગવંશી છે એ પુરાણોના કથનને માન્ય કરીએ, પરંતુ તેમના માટે પાટલીપુત્રના સમ્રાટો તરીકેનું પુરાણોનું કથન બરાબર નથી. એ રાજાઓ પાટલીપુત્રના સમ્રાટો નહિ પરંતુ એ સમ્રાટોના તાબાના લગભગ સ્વતન્ત્ર જેવા માંડલિકો જ હોવા સંભવ છે. બૌદ્ધ સાહિત્ય જે વંશાવલી નોંધે છે તેમાં એ વંશક વિગેરે રાજાઓનાં નામ નોંધતું નથી અને તે બરાબર છે, કેમકે તે પાટલીપુત્ર સિવાય કોઈ અન્ય સ્થળની છે; પરંતુ જૈન સાહિત્ય પાટલીપુત્રના સમ્રાટોની નોંધમાં એ રાજાઓને સ્થાન આપતું નથી. તેથી સાબીત થાય છે કે, પુરાણોએ એ રાજાઓને વ્યર્થજ પાટલીપુત્રના સિંહાસને બેસાડયા છે.

બૌદ્ધગ્રંથોએ નન્દોનાં ૨૨ વર્ષજ લખી નવનન્દમાંથી પૂર્વના કેટલાક નન્દોને પડતા મુકયા છે પરંતુ પુરાણોએ જૈન સાહિત્યમાં નોંધેલા ૯૪ કે ૯૫ વર્ષની લગભગ નન્દોનો ૧૦૦ વર્ષનો રાજત્વકાલ લખી તેમના રાજત્વકાલનો અંક લગભગ સાચવ્યો છે. જો કે

(૫૧) "मुण्डकी सत्ता-अंगुत्तरनिकाय, ५-५० से—जहां उसे पाटलीपुत्रमें राज्य करता लिखा है, सिद्ध है" ભારતીય ઇ. રૂપરેખા, જિ. ૧, ૪૯૮–૪૯૯.

પુરાણોએ પ્રથમ અને નવમ નન્દને મહાપદ્મ નામના પ્રથમ નન્દ તરીકે એક જ ગણી, તે નન્દનો રાજત્વકાલ અનહદ નોંધી દઈ ગોટાળો ઉભો કર્યો છે, છતાં કોઈ નન્દને પડતો મુકયો નથી એ વાત ખરી છે. પરન્તુ તેમણે અજાતશત્રુના રાજ્યારંભથી નન્દ રાજ્યાંત–ચંદ્રગુપ્ત મૌર્ય રાજ્યારંભ–ને જૈનગ્રંથો કરતાં ૧૧૧ થી ૧૩૪ વર્ષ[૫૨] અને બૌદ્ધગ્રંથો કરતાં ૯૭ થી ૧૨૦ વર્ષ[૫૩] વધારે દૂર લઇ જઇ ભારે ગુંચવાડો ઊભો કરે એવી ઐતિહાસિક અસંગતિ વ્હોરી લીધી છે.

પૌરાણિક ગણતરી પ્રમાણે અજાતશત્રુના રાજ્યારંભથી ચંદ્રગુપ્તનો રાજ્યારંભ ઓછામાં ઓછો ૨૬૭ વર્ષે અને વધારેમાં વધારે ૨૯૦ વર્ષે આવે છે. આ લેખની ગણના પ્રમાણે અજાતશત્રુનો રાજ્યારંભ વિ સં. પૂ. ૪૧૧ એટલે ઇ. સ પૂ. ૪૬૮ વર્ષે, ચાલુ જૈન સંપ્રદાય પ્રમાણે વિ. સં. પૂ. ૪૭૧ એટલે ઇ. સ. પૂ. ૫૨૮ ( બુદ્ધપરિનિર્વાણ ઇ. સ. પૂ. ૫૨૦ વર્ષે થયું હતું એવી માન્યતાનુસાર ઇ. સ. પૂ. ૫૨૦ થી ૮ વર્ષ પહેલાં) વર્ષે અને બૌદ્ધગ્રંથોના આધારે કરાયેલા સંશોધકોના ઉલ્લેખો પ્રમાણે–વિ સં. પૂ. ૪૯૪ એટલે ઈ સ. પૂ. ૫૧૧ (બુદ્ધ પરિનિર્વાણ ઇ. સ. પૂ ૫૪૩ વર્ષે થયુ હતું એવી માન્યતાનુસાર ઈ. સ. પૂ. ૫૪૩ થી ૮ વર્ષ પહેલાં) વર્ષે ગણાયો છે. અજાતશત્રુના રાજ્યારંભને ભિન્ન ભિન્ન સમયે આંકતી ઉપરોક્ત ત્રણ માન્યતા પ્રમાણે–અજાતશત્રુના રાજ્યારંભથી ચંદ્રગુપ્તનો રાજ્યારંભ પુરાણાનુસાર ૨૬૭ કે ૨૯૦ વર્ષે ગણતાં એ સમય અનુક્રમે ઇ. સ. પૂ. ૨૦૧ કે ૧૭૮, ૨૬૧ કે ૨૩૮ અને ૨૮૩ કે ૨૬૦ વર્ષે આવે. ચંદ્રગુપ્તના રાજ્યારંભના માટે આવી પડતો આમાંનો કોઈપણ સમય અસંગત છે, કેમકે કોઈપણ મતે ચંદ્રગુપ્તનો રાજ્યારંભ ઈ. સ. પૂ. ૩૧૨થી મોડો મનાયો નથી.

ઉપરોક્ત રીતે જૈનગ્રંથોમાં અને બૌદ્ધગ્રંથોમાં વંશક, નન્દિવર્ધન અને મહાનન્દિ એ પુરાણોક્ત રાજાઓનો અનુલ્લેખ તથા પૌરાણિક ગણનામાં વધુ પડતાં વર્ષોથી આવી પડતી ઐતિહાસિક અસંગતિ, આ બે મુખ્ય બાબતો પુરવાર કરે છે કે, પુરાણો વિગેરેમાં કહેલા વંશક, નન્દિવર્ધન અને મહાનન્દિ રાજાઓ, ત્યાં આપેલાં તેમનાં નામ અને હકીકતો પરથી રાજાઓ તો છે જ પરંતુ તેઓ સર્વે મગધ સામ્રાજ્યના સમ્રાટો નથી. વંશક

(૫૨) અજાતશત્રુના રાજ્યારંભથી મહાનન્દિના રાજ્યાન્ત સુધીનાં ૧૬૭ વર્ષ અને મહાપદ્માદિ નવનન્દોનાં ૧૦૦ વર્ષ, એમ ૧૬૭+૧૦૦=૨૬૭ વર્ષ થાય તેમાંથી જૈનગણના પ્રમાણે અજાતશત્રુથી નવનન્દ સુધીનાં ૧૫૬ વર્ષ બાદ કરતાં ૨૬૭–૧૫૬=૧૧૧ વર્ષ આવે તે જૈનગણના કરતાં વધારે છે. તેવી જ રીતે અજાતશત્રુના રાજ્યારંભથી મહાનન્દિના રાજ્યાંત સુધીનાં વધારેમાં વધારે ૧૯૦ વર્ષ મનાયાં છે. એ હિસાબે તેમાં નવનન્દોનાં ૧૦૦ વર્ષ ઉમેરતાં ૨૯૦ વર્ષ થાય તે જૈન ગણતરીએ માનેલાં ૧૫૬ કરતાં, ૨૯૦–૧૫૬=૧૩૪ વર્ષ વધારે છે.

(૫૩) બૌદ્ધગણના પ્રમાણે અજાતશત્રુના રાજ્યારંભથી નવનન્દનો રાજ્યાંત ૧૭૦ વર્ષે છે તેના કરતાં પૌરાણિક ગણનાનાં, અજાતશત્રુના રાજ્યારંભથી નવનન્દના રાજ્યાન્ત સુધીનાં ૧૬૭+૧૦૦=૨૬૭ અને ૧૯૦+૧૦૦=૨૯૦ વર્ષ એ, એમાંથી ૧૭૦ વર્ષ બાદ કરતાં ૯૭ વર્ષ અને ૧૨૦ વર્ષ વધારે છે.

અને નન્દિવર્ધનને તો ત્યાં મગધના રાજાઓ તરીકે ઓળખાયેલા હોવાથી તેઓ કોણિક આદિ સમ્રાટો જેટલાજ લાગવગવાળા અને લગભગ પાટલીપુત્રની સમકક્ષા ધરાવનાર એવા સ્થળના સ્વામીઓ હોવા જોઇએ. આવું સ્થળ ઘણો સમય પાટનગરના પદને ભોગવી ચુકેલા પાટલીપુત્રથી અને તેની પહેલાંના પાટનગર ચંપાથી જૂનું રાજગૃહી છે. જૈન સાહિત્ય કહે છે કે, "શ્રેણિકના કોણિક અને કાલાદિ દશ પુત્રોએ મગધ સામ્રાજ્યને વહેંચી લેવા નક્કી કર્યું હતું તેમાં ચંપાનો ભાગ કોણિકના તાબે ગયો અને બીજા દશભાગો કાલાદિના તાબામાં ગયા. એ દશભાગોમાં એકભાગ રાજગૃહીનો પણ હોય જ, અને તે કાલાદિમાંથી કોઇ એકાદના તાબામાં ગયો હતો.[૫૪] કોણિકે આદરેલા વૈશાલીના યુદ્ધમાં એ કાલાદિએ પ્રાણ પણ સમર્પણ કર્યા છે તો પછી તેના વંશજો કોણિકને સમ્રાટ તરીકે સન્માની નિરંતર મગધ સામ્રાજ્યના સંવર્ધક રહે અને કોણિક, ઉદાયી વિગેરે તેમને સ્વ-સમાન માની સન્માને એ સ્વાભાવિક છે. અને તેથી રાજગૃહીના ચાલુ રહેલી શાખાના, કોણિકના નિકટના પિતરાઇ રાજાઓ પુરાણોની દૃષ્ટિથી મગધના રાજાઓ ગણાઈ તેઓ કોણિકની વંશાવલીમાં પેસી ગયા છે. ભાસે સ્વપ્નવાસવદત્તા નાટકમાં વંશક-દર્શકને રાજગૃહે જતા જણાવ્યો છે. એથી પણ સાબીત થાય છે કે, વંશક રાજગૃહીનો રાજા છે, નહિ કે સામ્રાજ્યના પાટનગર ચંપાનો.[૫૫] મત્સ્ય પુરાણ નન્દિવર્ધનને શિશુનાગની વંશાવલીમાં ઉદાયી પછી અને પ્રદ્યોતોની વંશાવલીમાં પાંચ પ્રદ્યોતોમાં સૂર્યક પછી મુકે છે. એ પરથી સમજાય છે કે, તે અચોક્કસ છે; બીજી તરફ નન્દિવર્ધન રાજગૃહીનો રાજા હોવાનો કોઈ ઉલ્લેખ નથી;

---

(૫૪) "अण्णदा कोणिओ कालादिहिं कुमारेहिं समं मंतेति । सेणियं बंधित्ता एक्कारसभागे रज्जं करेमुत्ति" આવશ્યક ચૂર્ણિ (ઉત્તરાર્ધ) પૃ. ૧૭૧.

કોણિકે કરેલી આ શરત પ્રમાણે મગધની વહેંચણી થઈ જ હતી, જેમકેઃ--तएणं कूणिए राया अन्नया कयाइ कालादीए दस कुमारे सद्दावेति सद्दावेत्ता रज्जं च जाव जणवयं च एक्कादस भाए विरिंचति विरिंचित्ता सयमेव रज्जसिरिं करेमाणे विहरति. (निरयावली. વર્ગ ૧ અધ્યાય ૧) પરંતુ શરૂઆતમાં કોણિક રાજગૃહીમાં હતો અને રાજગૃહી મુખ્ય સ્થળ હતું તેથી કદાચ કોણિકના ભાગમાં તે સ્થળ આવ્યું હોય, નહિ કે કાલાદિમાંથી કોઇના ભાગમાં, અને જો એમ જ હોય તો કોણિક જ્યારે ચંપામાં ગયો ત્યારે તેણે એ રાજગૃહીનું પાટનગર મત્સ્યપુરાણના પાઠમાં, જે કણ્વાયન નામનો રાજા લખાયો છે, તેને આપ્યું હોય, સંભવ છે કે આ કણ્વાયન તેના કોઈ વડીલ ભ્રાતા હોય. આમ છતાં આ વિષયમાં રાજગૃહીની ગાદી ચાલુ રખાઈ હતી એ સિવાય અન્ય હકીકત અનિશ્ચયાત્મક છે; કેમકે, કોણિકે વૈશાલીના યુદ્ધમાં કાલાદિને બોલાવ્યા હતા અને તેઓના પાસે ચતુરંગ મહાન સેના હતી એમ જૈન સાહિત્ય લખે છે, પરંતુ ત્યાં કણ્વાયનનું નામ કે તેના સંબંધી અન્ય કોઇ હકીકત મળતી નથી. આ પરથી મેં અનુમાન કર્યું છે કે કાલાદિના મૃત્યુ બાદ તેમાંથી જેના ભાગમાં રાજગૃહી ગઇ હશે તેની પાછળ મ.નિ-પૂર્વે ૧ વર્ષ કણ્વાયન આવ્યો હશે.

(૫૫) વંશક (દર્શક આદિ નામથી પણ લખાતો) ગાદીએ આવ્યો ત્યારે મગધસામ્રાજ્યનું પાટનગર 'ચંપા' હતી. પાટલીપુત્ર પાટનગર તો તેપછી જ વસાવ્યું હતું.

વળી તે પુરાણોક્ત મહાપદ્મ આદિ નવ નન્દોમાંનો પણ નથી, કે જેથી તેને ઉદાયી બાદ પાટલીપુત્રના સમ્રાટ્ તરીકે મુકાય. આવી સ્થિતિમાં અવન્તિને જીતી તેને મગધસામ્રાજ્યમાં જોડનાર એ રાજાને રાજગૃહીની ઉપર કહ્યા પ્રમાણે મહત્વભરી વંશકવાળી શાખામાંજ ગણવાની ફરજ પડે છે.

હવે તપાસવાનો રહ્યો પુરાણોમાંનો નંદિવર્ધન પછી આવનાર મહાનન્દિ. પુરાણોએ લગભગ એક મતે આ રાજાનો રાજત્વકાલ ૪૩ વર્ષ કહ્યો છે અને તેને મહાપદ્મ નન્દના પિતા તરીકે ઓળખાવ્યો છે. [૫૬] પુરાણોની કાલ ગણનાના અંકને વધારનાર આ રાજાની ઓળખ આપવી મુશ્કેલ છે. એ જો મહાપદ્મનંદનો–'મહાપદ્મ 'એ નામ નવમનંદનું હોવા છતાં પુરાણોએ પ્રથમ નન્દ અને નવમનન્દને એકજ ગણી પ્રથમનન્દના સ્થાને તે નામને મુકયું હોવાથી –પ્રથમ નન્દનો પિતા છે તો તે નન્દિવર્ધનથી ભિન્ન ન હોઇ વ્યર્થજ ગોઠવાયો છે. તેના નામે ૪૩ વર્ષ ચઢયાં છે તે પણ નવમા નન્દનાં અહિં ગોઠવાયાં લાગે છે. નન્દિવર્ધન રાજા અને નવમા નન્દનાં ૪૩ વર્ષ એ બેથી–માથું કોઇનું અને કોઇનું ધડ એમ–કલ્પિત ઉભો થએલો આ રાજા જણાય છે. સંભવ છે કે નન્દિવર્ધન મહાનન્દિના નામે પણ ઓળખાતો હોય અને પ્રથમ નન્દરાજા કે, જે જૈનસાહિત્યમાં નાપિત અને ગણિકાથી ઉત્પન્ન થએલો હતો [૫૭] તે, ગમે તે કારણે નન્દિવર્ધનના પુત્ર તરીકે જ જાહેરમાં આવ્યો હોય. ઉદાયી પછી પ્રથમ નન્દ પાટલીપુત્રની ગાદીએ આવ્યો એમાં પુણ્યબળ સિવાય અન્ય સાધનો પણ કામ કરી રહ્યાં હશે. એ સાધનોમાંનું એક, તેનો તેની માતા ગણિકાની કારવાઈથી સધાયેલો નન્દિવર્ધન–મહાનન્દી સાથેનો સંબંધ પણ હોય તો ના નહિ. ગમે તેમ પણ નન્દિવર્ધન નામનો અને તેનાથી અભિન્ન કે ભિન્ન મહાનન્દી નામનો સમ્રાટ્ પાટલીપુત્રના સિંહાસને આવ્યો હતો, એમ સાબીત થવું અશક્ય છે.

---

(૫૬) "महानन्दिसुतश्चापि, शूद्रायाःकालसंवृतः। उत्पत्स्यते महापद्मः, सर्वक्षत्रान्तकृन्नृपः। १३९।"

બ્રહ્માંડપુરાણ—મ० ભા० उपोन्या० ૩०, અ० ૭૪, પ० ૧૮૫।

महानंदिनस्ततश्शूद्रागर्भोद्भवोऽतिलुब्धोऽतिबलो महापद्मनामा नंदः परशुराम इवाऽपरो ऽखिलक्षत्रान्तकारी भविष्यति —વિષ્ણુપુરાણ०

(૫૭) इतश्च तत्रैव पुरे, दिवाकीर्तेरभूत्सुतः। एकस्य गणिकाकुक्षिजन्मा नन्दोऽभिधानतः॥
પરિશિષ્ટ પર્વ સર્ગ ૬ શ્લો० ૨૩૧

"इतो ण्हावियदासो......આવશ્યક ચૂર્ણિ ( ઉત્તરાર્ધ ) પૃ. ૧૮०

આચાર્ય શ્રી હેમચન્દ્રસૂરિ નાપિતકુમાર, નાપિતસુ, એવી રીતે નન્દને સંબોધે છે ત્યારે આવશ્યક ચૂર્ણિકાર નાપિતદાસ તરીકે તેને લખે છે. ચૂર્ણિકારને એમ લખવાનું કારણ, નન્દ એ નાપિતની પરિણીત સ્રીથી ઉત્પન્ન થયેલો ન હતો, એવી તેમની માન્યતા હશે.

વૈશાલીની પેટાશાખા હોવાના અનુમાન પર નન્દિવર્ધન અને નાગદાસક ભિન્ન વ્યક્તિ હોય તો, એ ધોરણે ઉપરની હકીકત વ્યાજબી મનાય, પરંતુ જેમ નન્દોના પહેલાં અને પછી રાજગૃહીની પેટાશાખા હોવાનો ઉલ્લેખ મળે છે તેમ વૈશાલીની પેટાશાખા હોવાનો ઉલ્લેખ મળતો નથી અને ઉપરોક્ત અનુમાન અબાધિત ન પણ હોય તેથી, નન્દિવર્ધન અને નાગદાસક બન્ને ભિન્ન જ વ્યક્તિઓ છે. એમ ચોક્કસ કહી શકાય નહિ, તેમ બન્ને એક જ છે એમ પણ નિઃસંશય કહી શકાય તેમ નથી. આમ છતાં એ બન્ને રાજાઓ એક જ વ્યક્તિ હોય તો, પુરાણોક્ત વંશાવલીના વંશક અને નન્દિવર્ધન તથા બૌદ્ધગ્રંથોક્ત વંશાવલીના અનુરૂદ્ધમુણ્ડાદિ એ સર્વ રાજગૃહીની પેટાશાખામાં સમાઇ અજાતશત્રુના રાજ્યારંભથી એટલે કે મ. નિ. પૂ. ૬ થી મ. નિ. ૧૪૭ સુધી એક વ્યવસ્થિત સળંગ રેખા દોરાઇ ઘણો ખરો ગુંચવાડો મટી જાય એ નિઃસંશય છે. એ રીતે મત્સ્યપુરાણની કોઈક પ્રતિના કણ્વાયન અને ભૂમિમિત્રને પણ વ્યવસ્થિત રીતે ગોઠવી શકાય તેમ છે.

રાજગૃહીની એ પેટાશાખા આવી રીતે સળંગ રેખા રૂપ બની રહે છે.

બિમ્બિસાર–શ્રેણિકને કેદ કર્યા પછી રાજગૃહીના ભાગ પર કાલાદિ કુમારોમાંથી કોઈ–કોણિક શિવાયના દશ ભાઇઓમા સૌથી મોટો હોવાથી બહુધા કાલ ગાદીએ આવ્યો. વૈશાલીના યુદ્ધમાં તેનું મૃત્યુ થયા પછી, જ્યારે મ. નિ. પૂ. ૧ વર્ષે કોણિકનો ચંપામાં રાજ્યાભિષેક થયો ત્યારે તેના પાછળ કણ્વાયન આવ્યો. પુરાણો અને બૌદ્ધગ્રંથોના આધારે આ કણ્વાયન અને તેની પછી અનુક્રમે આવનાર રાજાઓનો રાજત્વકાલ આ પ્રમાણે છેઃ–કણ્વાયન ૯ વર્ષ (મ. નિ. પૂ. ૧. મ. નિ. ૮), ભૂમિમિત્ર ૧૪ વર્ષ (મ. નિ. ૮–૨૨), વંશક ૨૫ વર્ષ (મ. નિ. ૨૨–૪૭), અનુરૂદ્ધ–મુણ્ડ ૮ વર્ષ (મ. નિ. ૪૭–૫૫), નન્દિવર્ધન (નાગદાસક) ૨૪ વર્ષ (મ. નિ. ૫૫-૭૯), સુસુનાગ ૧૮ વર્ષ (મ. નિ. ૭૯–૯૭), કાલાસોક ૨૮ વર્ષ (મ. નિ. ૯૭–૧૨૫) અને કાલાસોકના દશ પુત્રો ૨૨ વર્ષ (મ. નિ. ૧૨૫–૧૪૭), અજાતશત્રુના રાજ્યાભિષેકથી આ સર્વ રાજાઓનાં સંયુક્ત વર્ષ ૯+૧૪+૨૫+૮+૨૪+૧૮+૨૮+૨૨=૧૪૮ વર્ષ થાય છે. બૌદ્ધગ્રંથો કાલાસોકના પુત્રો પછી ૨૨ વર્ષ (મ. નિ. ૧૪૭–૧૬૯) નન્દોનાં લખે છે. આનો અર્થ એ થવો જોઇએ કે; ઘણા સમયથી પાટલીપુત્રમાં સામ્રાજ્ય ભોગવતા બૌદ્ધગ્રંથોના ધનનંદે, કે જે હિમવંત થેરાવલીનો આઠમો નન્દ અને અન્ય જૈનગ્રંથોનો નવમો નંદ છે, [૫૮] તેણે રાજગૃહી પર પોતાનો સીધો અધિકાર સ્થાપી દીધો હશે અથવા

(૫૮) પ્રથમનન્દનુ 'નન્દ' એ વિશેષ નામ હતુ. તેના પાછળના રાજાઓના માટે એ નામ સામાન્ય થઇ પડયું હતું, કેમકે તેઓ એ નામના વંશથી જ વધારે ઓળખાતા હતા, પરન્તુ તેઓનાં વિશેષ નામ પણ હોવાં જોઇએ એમ નવમા નન્દના 'મહાપદ્મ' વિશેષ નામથી સમજાય છે. શ્રી હેમચંદ્રસૂરિજી અથવા ઘણા ય અન્ય જૈન લેખકો એ નામ લખતા નથી, જ્યારે કેટલાક લેખકો એ નામ આપતા જણાયા છે. જેમકેઃ—

"नवमओ नंदवंसप्पसूतो महापदुमो,"—આવશ્યક ચૂર્ણિ (ઉત્તરાર્ધ) પૃ. ૧૮૩

તો પોતાના પુત્રને ત્યાં માંડલિક નીમ્યો હશે, પરંતુ જ્યારે ચંદ્રગુપ્ત મૌર્યે પાટલીપુત્ર લઈ લીધું અને પાછળથી પોતાના સસરા એવા છેલ્લા નંદરાજાને સમાધાન સાથે વિદાય કર્યો ત્યારે, એટલે કે મ. નિ. ૧૫૫ વર્ષે, એ છેલ્લા નન્દે રાજગૃહીમાં આવી ત્યાં ૧૪ વર્ષ ચંદ્રગુપ્તના આધિપત્ય નીચે સત્તા ભોગવી હોય એ બનવા જોગ છે. આ પછીથી શુંગોના હાથમાં મગધસામ્રાજ્ય ગયું ત્યાં સુધીમાં પાટલીપુત્રના આધિપત્ય નીચે મૌર્યરાજાઓ રાજગૃહીમાં સત્તા ભોગવતા હતા એમ જૈનગ્રંથોથો અને ખારવેલના હાથીગુફાવાળા લેખથી જાણવા મળે છે.[૫૯] બૌદ્ધગ્રંથોએ પાટલીપુત્રમાં નન્દ રાજ્યાન્ત અને ચન્દ્રગુપ્ત રાજ્યારંભ, મ. નિ. ૧૫૫ વર્ષે એટલે અજાતશત્રુના રાજ્યારંભથી ૧૫૬ વર્ષે ગણવો જોઈએ તેમ ન ગણતાં, રાજગૃહીમાંના છેલ્લા નંદનાં ૧૪ વર્ષ એ ગણનામાં નાંખી મ. નિ. ૧૬૯ વર્ષે અને અજાતશત્રુના રાજ્યારંભથી ૧૭૦ વર્ષે ગણ્યો એ ભૂલના પરિણામે જ બુદ્ધ પારિનિર્વાણથી ૧૬૨ વર્ષે ચન્દ્રગુપ્તનું રાજ્ય અને ૨૧૮ વર્ષે અશોકનું રાજ્ય તેમણે લખી દીધું છે.[૬૦]

---

(૫૯) મહાવીર નિર્વાણથી ૨૧૪ વર્ષે અવ્યક્તવાદી નિહ્નવ ઉત્પન્ન થયો. આ સમય દરમિયાન રાજગૃહીમાં મૌર્યવંશી બલભદ્ર રાજા રાજ્ય કરતો હતો એમ આવશ્યક નિર્યુક્તિ અને ચૂર્ણિમાં કહેલ છે, જેમકેઃ—

"चोद्दा दो वाससया, तइया सिद्धि-गयस्स वीरस्स। तो अवत्तियदिट्ठि, सेयवियाए समूप्पन्ना ॥ सेयवियपोलसाढे, जोगे तद्दिवसहिययसूलेय। सोहम्मि नलिणिगुम्मे, रायगिहे मुरियबलभद्दो ।
આવશ્યક—નિર્યુક્તિ

"समणस्स भगवतो दो वास सताणि चोद्दसुत्तराणि सिद्धिं गतस्स०-ताहे विहरंता रायगिहं नगरं गता, तत्थ मुरियवंसप्पसूतो बलभद्दो नाम राया"
આવશ્યક ચૂર્ણિ (પૂર્વાર્ધ) પૃ. ૪૨૧

ખારવેલના શિલાલેખનું સ્વતન્ત્ર વાંચન જણાવી શ્રીયુત પં. કલ્યાણવિજયજી લખે છે કે, "राज्याभिषेकके आठवे वर्षमें मौर्यराजा धर्मगुप्तको मरवा कर पुष्यमित्र राजगृहमें आतंक मचा रहा है..." (પન્યાસશ્રીનું આ વાંચન બરાબર છે કે નહિ તેની ચર્ચા અહિં કરવાની નથી. ફક્ત આ વખતે રાજગૃહીમાં મૌર્યરાજા હતો અને તેનું ખૂન થયું હતું એ હકીકત અહિં જણાવવાની છે. આ વિષે વિશેષ હકીકત હું આગળ જતાં જણાવીશ.)
વીરનિર્વાણસંવત ઔર જૈન કાલગણના ટીપ્પણ ૩૨ પૃ. ૫૦

(૬૦) કાલાસોગના રાજ્યના દશમા વર્ષે બુદ્ધ પરિનિર્વાણથી ૧૦૦ વર્ષ લખ્યાં છે. કાલાસોગનું રાજ્ય ૨૮ વર્ષ લખ્યું છે એટલે બુદ્ધપરિનિર્વાણથી ૧૧૮ વર્ષે કાલાસોગનો રાજ્યાંત થયો તે પછી ૨૨ વર્ષ તેના પુત્રોએ અને ત્યારબાદ ૨૨ વર્ષ નન્દોએ રાજ્ય કર્યું એટલે બુદ્ધપરિનિર્વાણથી ૧૬૨ વર્ષે ચન્દ્રગુપ્તનું રાજ્ય શરૂ થયું. કાલાસોગના રાજ્યના દશમા વર્ષે બુદ્ધ પરિનિર્વાણને ૧૦૦ વર્ષ થયાં હતાં તથા બુદ્ધ પરિનિર્વાણથી ૨૧૮ વર્ષે અશોક આવ્યો હતો તેનો ઉલ્લેખ આવી રીતે છેઃ—

"अतीते दसमे वस्से, कालासोकस्स राजिनो संबुद्धपरिनिब्बाणा, एवं वस्ससतं अहु ॥८॥"
—મહાવંશ પરિચ્છેદ. ૪.

બાકી, ખરી રીતે બુદ્ધ પરિનિર્વાણથી ૧૪૮ વર્ષે ચન્દ્રગુપ્તનું અને ૨૦૪ વર્ષે અશોકનું રાજ્ય લખાવું જોઇએ, કે જેથી તે સમય મ. નિ. ૧૫૫ અને ૨૧૧ વર્ષે આવે અને એકાદ વર્ષના ફેરફાર સિવાય જૈનગ્રંથોની સાથે મળતો થાય.

મુખ્ય રાજનગર મટીને અજાતશત્રુના સમયથી ગૌણ રાજનગર બનેલી રાજગૃહીની શાખાને ઉપરોક્ત રીતે ગોઠવતાં કોઇ કોઈ બાબતમાં પૌરાણિક અસંગતિ જેવું લાગે છે અને પુરાણોના આધારે કરેલા સંશોધકોના ઉલ્લેખો સાથે મતભેદ પડે છે વળી પુરાણો અને તેને અનુસરતા સાહિત્યની યાદીઓ અભિપ્રાયભેદથી કે લેખકોના દોષથી જૈનગ્રંથો કે બૌદ્ધગ્રંથોની સાથે જ નહિ પરન્તુ પરસ્પર પણ મતભેદ ધરાવે છે. એવી સ્થિતિમાં ઘણા ખરા જૈન અને કોઇક જૈન-બૌદ્ધ એવા શિશુનાગવંશ, નંદવંશ, અને મૌર્યવંશના રાજાઓનો ઇતિહાસ, ભલેને, વધારે વિગતવાર હોય તો પણ એકલાં પુરાણો પર જ વિશેષ મદાર રાખી આલેખીએ અને જૈનગ્રંથો પર સવિશેષ લક્ષ્ય ન રાખીએ તો તે અવ્યવસ્થિત ને ભ્રાન્ત જ રહેવાનો. ખરી વાત તો એ છે કે, એ રાજાઓની હકીકતોને આલેખતાં સાધનો ઘણુંજ ઓછાં, અવિગતવાર અને મતભેદથી ઘેરાયેલાં છે કે જેથી તેમનો સાચો અને સંપૂર્ણ ઇતિહાસ સર્જાવી જ ન શકાય એ સાધનોથી ફક્ત અમુક હકીકતોને જ ચોક્કસ કરી શકાય એમ છે. બાકી ઘણી ખરી બાબતો તો કલ્પના કે સંભાવનાનો જ આશ્રય લે છે. આથી પૌરાણિક અસંગતિ કે સંશોધકોનો મતભેદ કોઇ રીતે દૂર કરી શકાય એમ છે કે નહિ એજ જોવાનું રહે છે.

શ્રેણિકની કાલી વિગેરે રાણીઓ પરમ જૈન હોઈ તેમના કાલ વિગેરે કુમારો વિષેની કોઈપણ માહિતી પુરાણો કે બૌદ્ધગ્રંથોને નથી. કણ્વાયન અને ભૂમિમિત્રનાં નામ અને રાજત્વકાલ પણ કોઈક જ પુરાણે નોંધ્યો છે. સર્વ પુરાણો વંશકને સંભારે છે તેનું કારણ તો એ છે કે, તેને પરીક્ષિતના વંશજ મનાતા ઉદયનની સાથે સંબંધ છે. કહે છે કે, વંશકની બેનને ઉદયન સાથે પરણાવી હતી અને એ વંશક કોશામ્બીમાં ઉદયનના સંપર્કમાં આવ્યો હતો.[61] કવિ ભાસ આ રાજાને વંશક નામે ન ઓળખતાં દર્શકના નામથી જ

---

"जिननिव्वाणतो पच्छा, पुरे तस्साभिसेकतो। साट्ठारसं वस्ससतं-द्वयं पव विजानियं॥२१॥"

—મહાવંશ પરિચ્છેદ. ૫.

ગણતરી પ્રમાણે અહિં જિન નિર્વાણ એ બુદ્ધ પરિનિર્વાણ જ ઘટી શકે છે. જેમકે; બુદ્ધપરિનિર્વાણથી ૧૬૨ વર્ષે ચન્દ્રગુપ્ત આવ્યો. તેનું રાજ્ય ૨૪ વર્ષ. તે પછી બિન્દુસારનું રાજ્ય ૨૮ વર્ષ, તે પછી અશોકનાં અનભિષિક્ત ૪ વર્ષ એમ ૨૪+૨૮+૪=૫૬ વર્ષ ૧૬૨માં ઉમેરતાં અશોકનો અભિષેક ૨૧૮ વર્ષે આવે છે ને તે બુદ્ધપરિનિર્વાણથી, નહિ કે નિર્વાણથી.

(૬૧) "भासके 'स्वप्नवासवदत्ता' नामक नाटकमें इस राजाका वर्णन है। उससे प्रगट होता है कि दर्शक मगधका राजा था और इसकी बहिन पद्मावतीका विवाह कौशाम्बीके राजा उदयनसे हुआ था। इसी दर्शकने सहायता कर उदयनके गए हुवे राज्यको पीछा उसे दिलवा दिया" ભારતકે પ્રાચીન રાજવંશ-દ્વિતીય ભાગ. પૃ. ૨૭

ઓળખે છે. [૬૨] દર્શકનો રાજ્યારંભ મ. નિ. ૨૨ વર્ષે છે. ત્યાં સુધી ઉદયનનું હોવું અસંભવિત છે. પુરાણો પ્રમાણે આ સમયે વત્સની કૌશામ્બીમાં નરવાહનદત્ત-વહીનર અને જૈન સાહિત્ય પ્રમાણે અજિતસેનનું રાજ્ય હતું. આથી સંભવ છે કે, વંશક-દર્શકને પોતાના રાજ્યારંભ પૂર્વે કૌશામ્બીમાં જવાનો પ્રસંગ બન્યો હશે. શ્રીયુત. ધ ચં મુનશીજી લખે છે કેઃ-"બૌદ્ધ અનુશ્રુતિ પ્રમાણે દર્શકનાં નામ દર્શક. શશુનાગ. નાગદાસક, કાકવર્ણી, વગેરે મળે છે." પરંતુ પુરાણો પ્રમાણે ઉદાયીની પૂર્વે અને કવચિત અજાતશત્રુની પૂર્વે લખાતો એ રાજા. બૌદ્ધ મહાવંશના ઉલ્લેખાનુસાર ઉદાયી અને તે પછી આવનાર અનુરૂદ્ધમુણ્ડનો અનુગામી જે નાગદાસક છે તે નામનો હોય એ અસંગત છે. પુરાણો પ્રમાણે અજાતશત્રુના રાજ્યાંતથી ૩૩ વર્ષે નન્દિવર્ધન અને બૌદ્ધગ્રંથો પ્રમાણે અજાતશત્રુના રાજ્યાંતથી ૨૪ વર્ષે નાગદાસક આવ્યાની યાદી છે, તેથી નન્દિવર્ધન અને નાગદાસક એ બન્ને એક હોઈ શકે, પરંતુ નંદિવર્ધનના પૂર્વગામી ઉદાયીની પહેલાંનો વંશક ને બૌદ્ધગ્રંથોનો નાગદાસક એ બન્ને કોઈ પણ રીતે એક હોઈ શકે નહિ. દર્શકનું નામ કાકવર્ણી હોય એ તો વળી સર્વથા અસંગત છે. કેમકે; કાકવર્ણી એ કાલાસોક છે અને તે નાગદાસક પછી આવનાર શિશુનાગનો અનુગામી છે. આ કાલાસોક અજાતશત્રુના રાજ્યાંતથી ૬૬ વર્ષે ગાદી પર આવ્યો હતો, કે જેના રાજ્યના દશમા વર્ષે એટલે બુ. નિર્વાણથી ૧૦૦ વર્ષે બૌદ્ધોએ વૈશાલીમાં બીજી પરિષદ્ ભરી હતી. [૬૩] શ્રીયુત. કે. પી. જયસ્વાલ દર્શકનો રાજત્વકાલ ૩૫ વર્ષ માને છે. મત્સ્યપુરાણમાં તેનાં ૨૪ વર્ષ લખ્યાં છે. આ લેખમાં વાયુપુરાણ પ્રમાણે ૨૫ વર્ષ લખ્યાં છે, કે જે મત્સ્યપુરાણની લગભગ છે. આ દર્શક કાલાદિનો વંશજ હતો કે અજાતશત્રુનો પુત્ર હતો, એ જાણવામાં આવ્યું નથી. બૌદ્ધગ્રંથો અનરૂદ્ધ-મુણ્ડમાં મુણ્ડને અજાતશત્રુનો પૌત્ર લખે છે એ, અજાતશત્રુનો પુત્ર દર્શક અને તેનો પુત્ર મુણ્ડ એવી રીતે પૌત્ર થાય કે કોઈ અન્ય રીતે, એની સમજ પડતી નથી.

વંશક-દર્શક પછી રાજગૃહીની શાખા પર મેં અનુરૂદ્ધ-મુણ્ડને લખ્યા છે. અજાતશત્રુના રાજ્યારંભથી ૪૮ વર્ષે એમનો રાજ્યારંભ આવે છે. આ સમયે રાજગૃહીમાં દર્શકનો રાજ્યાંત છે. તેથી તેની પાછળ એ રાજાઓ આવ્યાનું મેં જણાવ્યું છે. બૌદ્ધગ્રંથોએ

(૬૨) "काञ्चुकीयः-भो श्रूयताम् । एषा खलु गुरुभिरभिहितनामधेयाऽस्माकं महाराजदर्शकस्य भगिनी पद्मावती । सैषा नो महाराजमातरं महादेवीमाश्रमस्थामभिगम्यानुज्ञाता तत्रभवत्या राजगृहमेव यास्यति ।"

—સ્વપ્નવાસવદત્તા. અંક. ૧. પૃ. ૧૪

(૬૩) બૌદ્ધ ઉલ્લેખો તરફ નજર રાખીને શ્રીયુત મુનશીના કથનને હું અસંમત લખી રહ્યો છું, પરન્તુ શિશુનાગ અને કાકવર્ણના વંશજ તરીકે દર્શક (વંશક)એ શૈશુનાગ અને કાકવર્ણી હોઈ શકે છે. નાગોના-શૈશુનાગોના આજ્ઞાંકિત તરીકે એ રાજાને નાગદાસક કહેવામાં પણ કોઈ વિરોધ નથી. આ જ રીતે નન્દિવર્ધનનું નામ નાગદાસક પણ હોઈ શકે, પરંતુ એ સામાન્ય નામ જ ગણાય.

આમાંના મુણ્ડ રાજાની કેટલીક નબળાઈઓ આલેખી છે, એ પરથી અનુમાન થાય છે કે "પાટલીપુત્રના સમ્રાટ્ ઉદાયીએ કોઈક રાજાને તેના અપરાધને લઈ રાજ્યભ્રષ્ટ કર્યો હતો એ રાજા નાશી જતાં મૃત્યુ પામ્યો, પણ તેના પુત્રે અવન્તિરાજની સાથે વિષ્ટિ કરી કોઈ ઉપાયે ન ફાવતાં છેવટે સાધુવેશે ઉદાયીનો વધ કર્યો" એમ જૈન સાહિત્યમાં કહેવાયું છે તે રાજ્યભ્રંશ કરાયેલો રાજા આ મુણ્ડ હોવો જોઇએ અને ઉદાયીએ આ રાજાને ખસેડયા બાદ તેની જગાએ મગધ સામ્રાજ્યને વફાદાર, શૈશુનાગના દાસક અને પ્રબળ લશ્કરી માનસવાળા એવા નન્દિવર્ધન (નાગદાસક) ને રાજગૃહીમાં નીમ્યો હોવો જોઇએ, કે જે નન્દિવર્ધને ઉદાયીના વધનો બદલો લેવા પોતાના રાજ્યથી ૫ વર્ષે એટલે મ. નિ. ૬૦ વર્ષે અવન્તિ પર આક્રમણ કરી, તેને જીતી લઇ મગધ સામ્રાજ્યમાં જોડી દીધો. મ. નિ. ૫૫ વર્ષે રાજગૃહીની ગાદીએ આવેલા આ નન્દિવર્ધન રાજાથી રાજત્વકાલ ગણતાં પુરાણો નન્દોનાં ૧૦૦ વર્ષ (મ. નિ. ૫૫–૧૫૫, વિ. સં. પૂ. ૩૫૫–૨૫૫, ઇ. સ. પૂ ૪૧૨–૩૧૨) રાજત્વકાલ લખે એ સ્વાભાવિક છે; કેમકે, તેમણે નન્દિવર્ધનનાં પ્રારંભનાં ૫ વર્ષ નન્દોમાં નાખી દીધાં છે. પુરાણો નંદિવર્ધનનો રાજત્વકાલ ૪૦ કે ૪૨ વર્ષ લખે છે. બીજી તરફ બૌદ્ધ ગ્રંથ મહાવંશ નાગદાસક અને તેની પછી નોંધાયેલા સુસુનાગ એ બન્નેનો રાજત્વકાલ અનુક્રમે ૨૪ અને ૧૮ વર્ષ એમ ૪૨ વર્ષ લખે છે. પુરાણોની દૃષ્ટિમાં નન્દિવર્ધન અને પાટલીપુત્ર રમી રહેલાં હોઈ, તેમણે સુસુનાગાદિ નામો છોડી દઇ કાલાસોકની જગાએ છેલ્લો નન્દ ધનનન્દ, કે જેનું નામ મહાનન્દ પણ કદાચ હોય, તેના જેટલા રાજત્વકાલવાળો મહાનન્દી નામનો રાજા નોંધી દીધો છે. પુરાણોએ સુસુનાગાદિ રાજાઓ છોડી દેતાં સુસુનાગનાં ૧૮ વર્ષ નન્દિવર્ધનના—નાગદાસકના ૨૪ વર્ષમાં જ નાખી દીધાં હોય એમ લાગે છે. પ્રદ્યોતોની વંશાવલીમાં મત્સ્યપુરાણે નન્દિવર્ધનનાં ૨૦ વર્ષ લખ્યાં છે, એ અવન્તિના વિજય પછીનાં છે. તેમાં મ. નિ. ૫૫ થી ૬૦ સુધીનાં ૫ વર્ષ ઉમેરીએ તો નન્દિવર્ધનનાં કુલ ૨૫ વર્ષ થાય, જે બૌદ્ધ ગ્રંથના ૨૪ અંકની લગભગ નજીકમાં છે. આથી પણ ખાત્રી થાય છે કે, એ રાજાનો રાજત્વકાલ ૪૦ કે ૪૨ વર્ષનો નથી પણ ૨૪ વર્ષનો હોઈ, પુરાણોએ તેના પછીના સુસુનાગ રાજાનાં ૧૮ વર્ષ વ્યર્થ ઉમેરી દઇ ૪૨ વર્ષ કર્યાં છે.[૬૪] બાકી, ૪૦ વર્ષ રાજત્વકાલ તો પાટલીપુત્રના પ્રથમ નન્દનો—પુરાણોના મહાપદ્મ નન્દનો છે. કેટલાક સંશોધકો નન્દિવર્ધનને પ્રથમ નન્દ ગણે છે, અને પુરાણોમાં પ્રથમ નન્દ તરીકે લખાયલા મહાપદ્મ નન્દને કાલાસોક ગણે

(૬૪) પુરાણોમાં નન્દિવર્ધનનાં ૪૨ વર્ષ લખ્યાં છે એ બરાબર જ છે એમ જો સ્વીકારી લઇએ તો સંભવ છે કે, બૌદ્ધોએ નાગદાસક પછી સુસુનાગ લખ્યો છે તે સુસુનાગ કોઈ સ્વતન્ત્ર રાજા નહિ પણ નન્દિવર્ધન—નાગદાસકની શિશુનાગથી ઓળખ આપી છે અને એ શિશુનાગનું સુસુનાગ થઇ ગયેલું છે. અને જો આમ જ હોય તો સુસુનાગના નામે લખાયેલાં ૧૮ વર્ષ નાગદાસકમાં નાખવાં જોઇએ અને એ રીતે નાગદાસકનાં–પુરાણોના નન્દિવર્ધનનાં ૪૨ વર્ષ જ થાય, પરંતુ આવો સમન્વય કરવા માટે સ્પષ્ટ ઉલ્લેખનો કોઇ પુરાવો ક્યાંયથી ય મળતો નથી.

છે; પરંતુ એ, પુરાણો અને બૌદ્ધ ગ્રંથોના રાજાઓને પાટલીપુત્રના માની, તેમનો સમન્વય કરવાની માન્યતાનું પરિણામ છે. હકીકતોમાંથી ઉપજાવેલી કલ્પનાઓ સિવાય અન્ય વાસ્તવિક પુરાવાઓ ન હોવાથી એ માન્યતામાં કાંઈ વજુદ નથી. અને તેથી જ એ સંશોધકો ભિન્ન ભિન્ન મત રજુ કરતા જણાયા છે. [૬૫]

નન્દિવર્ધન પછી સુસુનાગ અને તેના પછી કાલાસોક આવે છે. તેનો રાજત્વકાલ ૨૮ વર્ષ જેટલો લાંબો છે. [૬૬] જ્યારે બૌદ્ધોએ વૈશાલીમાં બીજી પરિષદ્ ભરી ત્યારે પાટલીપુત્રમાં પ્રથમ નન્દના પુત્રોમાંનો કોઈ સમ્રાટ્ હતો, પરંતુ એ દશકામાં સામ્રાજ્યની ગાદી પર આવેલા પ્રથમ નન્દના—મહાપદ્મ પહેલાંના પુત્રો બરાબર સ્થિર જણાતા નથી, તેથી કે અન્ય ગમે તે કારણે બૌદ્ધ ગ્રંથોએ તેના નામને પડતું મુકી રાજગૃહીની ગાદીના કાલાસોકના નામને આગળ કર્યું છે, અને તેના રાજત્વકાલનું દશમું વર્ષ વ્યતીત થવાનું તે સમયે જણાવ્યું છે. પરંતુ આ પછી સહાલી, તુલકુચિ, મહામણ્ડલ, પ્રસેનજિત, વિગેરે કાલાસોકના દશ પુત્રો રાજગૃહી પર આવે છે ત્યારે, તેમના ૨૨ વર્ષના રાજત્વકાલમાં અવ્યવસ્થા પ્રવર્તી હોય કે અંતે વારસનો અભાવ હોય અથવા તો છેલ્લા નંદની મનોવૃત્તિનું કાંઈ કારણ હોય તેથી અલ્પ સમયમાં જ બદલાતા એ રાજાઓના વંશનો અંત આવી તેના સ્થાને છેલ્લા નન્દનું સીધું કે તેના પુત્ર મારફતે શાસન શરૂ થાય છે. આ પછી તો સામ્રાજ્ય ગુમાવતાં એ છેલ્લો નંદ પોતે જ નજીવી સત્તા ભોગવતો મ. નિ. ૧૫૫ થી ૧૬૯ સુધી ૧૪ વર્ષ રાજગૃહીનો રાજા ગણાયો હશે. અને છેવટે તેનું મૃત્યુ થવાથી ત્યાં ચંદ્રગુપ્ત તરફથી મૌર્ય રાજા નીમાયો હશે; કે જે મૌર્યરાજાનો વંશજ કે પરંપરાગત રાજા બલભદ્ર મ. નિ. ની ત્રીજી

---

(૬૫) "પુરાણોમાં જે મહાપદ્મનું વર્ણન છે તે અને બૌદ્ધગ્રંથનો કાલાસોક બન્ને એક જ વ્યક્તિ હોવાનું પ્રધાન માને છે. પંડિત જયચંદ વિદ્યાલંકાર 'ભારતીય ઇતિહાસકી રૂપરેખા' ગ્રંથમાં નન્દિવર્ધન (નન્દ) અને શૈશુનાગ સમસ્યા લેખમાં આ પ્રમાણે જણાવે છે, 'નન્દિવર્ધને' અવન્તિનો પરાજય કરેલો એ હકીકત નિશ્ચિત છે. ખારવેલના લેખ પ્રમાણે નન્દ દ્વારા કલિંગ દેશ પર વિજય પ્રાપ્ત થયેલો એ પણ સ્પષ્ટ છે. પાટલીપુત્રમાં નન્દરાજા દ્વારા બ્રાહ્મણોની મળેલી સભામાં વ્યાકરણકાર પાણિની હાજર હતા એ પ્રસિદ્ધ છે. આ બધી ઐતિહાસિક હકીકત તારવવામાં પંડિત જયસ્વાલે નિર્દેશેલો નન્દિવર્ધન—કાલાસોક બન્ને એક જ વ્યક્તિ હોવાનું નિશ્ચિત રૂપે માનવાનું કારણ મળે છે" ભારતીયવિદ્યા—'ગુજરાતમાં બૌદ્ધ ધર્મનો પ્રચાર' લે૦ શ્રીયુત ધનપ્રસાદ ચંદાલાલ મુનશી. વર્ષ-૩ પૃ. ૬૧

(૬૬) આ કાલાસોક પુરાણોમાં નોંધેલા નંદિવર્ધન પછી આવેલો મહાનન્દિ છે. નન્દવંશના નવમા રાજા મહાપદ્મ કે જે મહાનન્દ તરીકે ઓળખાતો હોવાનો સંભવ છે અને જેનો રાજત્વકાલ ૪૩ વર્ષ હતો તેની સાથે આ રાજા મહાનન્દિને સેળભેળ કરી એ મહાપદ્મ-મહાનન્દનાં ૪૩ વર્ષ છે તે પુરાણોએ આ રાજાના—મહાનન્દિના નામે ચઢાવ્યાં હોય એમ લાગે છે. નંદિ અને મહાનંદિ (કાલાસોક) રાજગૃહીના રાજાઓ હતા અને નંદ તથા મહાનન્દ (મહાપદ્મ-ધનનન્દ) એ પાટલીપુત્રના રાજાઓ હતા, એવો સ્પષ્ટ વિવેક ન કરી શકાવાથી સંશોધકોએ ઘણી જ ભ્રાન્તિ ઉપજાવી છે.

સદીના બીજા દશકામાં વિદ્યમાન હતો, એમ જૈન સાહિત્યથી જાણુવા મળે છે.[૬૭] આવી રીતે માંડલિકોની પરંપરા એક સરખી રીતે રાજગૃહીમાં લાંબો કાળ ચાલુ રહી છે, પરંતુ તેનો અતિ સ્પષ્ટ ઉલ્લેખ ન થવાથી અને પુરાણો તથા બૌદ્ધગ્રંથો એ પરંપરાના રાજાઓને પાટલીપુત્રના સમ્રાટો માનતા હોવાથી ગુંચવાડો અને મતભેદો પેદા થયા છે, તે ઉપરના વિસ્તૃત વિવેચન પરથી દૂર થશે એમ કહું તો તે વધારે પડતું નહિ હશે.

ગમે તેમ પણુ ઉદાયી અને નન્દો જૈન હતા. અને તેમના વિષે લખવામાં જૈન લેખકો જ પ્રામાણિક હોઈ શકે. મ. નિ. ૬૦ વર્ષે ઉદાયી પછી નન્દો આવ્યા અને તેઓ અવન્તિનું આધિપત્ય ભોગવતા હતા એ હું જૈનસાહિત્યના આધારે કહી ગયો છું. તેઓ પોતાના રાજકુંવરોને અવન્તિમાં રાખતા અને તેમની મારફત અવન્તિ અને તેના તાબાના મુલકો પર વહીવટ ચાલતો એમ કહેવાય છે, તે સંભવિત છે. કેમકે; તે પછી અવન્તિમાં જૂના રાજવંશનું અસ્તિત્વ રહ્યું નથી અને મૌર્યોના વખતમાં તેમના યુવરાજોને અવન્તિની —ઉજ્જયિનીની ભુક્તિ હતી, એવા ઉલ્લેખો મળી આવે છે.[૬૮] એ વાત ખરી છે કે, અવન્તિના નંદ-પ્રતિનિધિઓ વિષે આપણુને કાંઇ જાણુવા મળતું નથી; તેમ તેના અધિપતિ પાટલીપુત્રના નંદ સમ્રાટો વિષે પણુ ઐતિહાસિક દષ્ટિએ બહુ ઓછું જાણુવા મળે છે.

જૈન કાલગણુનાની ગાથામાં 'णंदाणं' શબ્દ વપરાયો છે. ક્વચિત્ 'णंदस्स' એવું પાઠાન્તર મળે છે, પરંતુ તેનો અર્થ સમૂહવાચક જ થઈ શકે. કેમકે; ત્યાં નોંધાયલો રાજત્વકાલ, કે જે આ લેખની ગણુનાએ ચાલુ સંપ્રદાયની ૧૫૫ વર્ષની ગણુના કરતાં ઘણો જ ઓછો છે તો પણુ તે, જે સંજોગોમાં પ્રથમ નન્દ ગાદીએ આવ્યો છે તેવી સ્થિતિમાં તેના એકલાનો ઘટી શકે નહિ 'નન્દ' શબ્દથી નવની સંખ્યા એવો પણુ અર્થ સાહિત્યમાં

---

(૬૭) જુઓ ટીપ્પણુ, ૫૯.

(૬૮) તેના (અશોકના) પિતાની જીવલેણુ માંદગીની ખબરથી ~~તે પાટનગર તરફ રવાના થયો,~~ તે સમયે તે ઉજ્જૈનમાં રહેતો હતો."

" માળવા, ગુજરાત તથા કાઠીયાવાડનો બનેલો પશ્ચિમ પ્રાંત એક રાજકુમારની હકુમત નીચે હતો અને તેનો મુકામ પ્રાચીન ઉજ્જયિની નગરીમાં હતો."

હિંદુસ્તાનનો પ્રાચીન ઇતિહાસ-પૂર્વાર્ધ. (ગુ. વ. સો. ભા.) પૃ. ૨૦૭ અને ૨૧૮

ધવલીના શિલાલેખમાં અશોકની આજ્ઞાના પ્રસંગે આવી રીતે ઉલ્લેખ છે; "પણુ ઉજ્જયિનીમાંથી રાજકુમાર આ વર્ગના (અમલદારો)ને મોકલશે અને ત્રણુ વર્ષને ઓળંગશે નહિં."

અશોકચરિત (ગુ. વ. સો. ભાષા. ભ. ભા. મહેતા.) પૃ. ૩૦૪.

અશોકે કુણાલના અંધ થવાથી પરિતાપ પૂર્વક ઉજ્જયિની અન્ય કુમારને સોંપી એવો ઉલ્લેખ કલ્પચૂર્ણિમાં કરાયો છે. જેમકે:—"परितप्पित्ता उज्जेणी अण्णस्स कुमारस्स दिन्ना"चूर्णि.

"उज्जेणी से कुमारभोत्ती दिन्ना"—નિશીથ ચૂર્ણિ.

સ્વીકાર્યો છે, તેથી પણ એક કરતાં વધારે એટલે નવ નન્દો થયા છે, એમ 'णंदाणं' શબ્દ પરથી સમજવાનું છે. આને સમર્થન કરનારા ઉલ્લેખો હિમવંત થેરાવલી, એ થેરાવલી સિવાયનું અન્ય જૈન સાહિત્ય, પુરાણો અને બૌદ્ધગ્રંથ મહાવંશ, વિગેરેમાંથી મળી આવે છે.

થેરાવલી અને અન્ય જૈન સાહિત્ય નવમ નન્દ સિવાયના નન્દોને કોઈ વિશેષ નામથી નહિ, પરંતુ 'પ્રથમ નન્દ.' 'દ્વિતીય નન્દ,' એમ સંખ્યાવાચક વિશેષણથી જ એક બીજાને ભિન્ન તરીકે ઓળખાવે છે. તેમના પ્રત્યેકના રાજત્વકાલ વિષે પણ ત્યાં ઉલ્લેખ થએલો જણાતો નથી. ફક્ત 'दुसमाकाल—समणसंघथयं' ની ધર્મઘોષસૂરિકૃત અવચૂરિમાં "નવનન્દોએ પાટલીપુત્રમાં અનુક્રમે ૧૧, ૧૦, ૧૩, ૨૫, ૨૫, ૬, ૬, ૪ અને ૫૫ વર્ષ રાજ્ય કર્યું હતું" એમ જણાવી, ચાલુ સંપ્રદાયમાં મનાતાં નન્દોનાં ૧૫૫ વર્ષની સાથે મેળ સાધ્યો છે, પરંતુ એ માટે શો આધાર હતો એ ત્યાં જણાવ્યું નથી તથા તેમાંની કેટલીક અન્ય હકીકતોનો મેળ મળતો નથી, વિગેરે કારણોથી એ અવચૂરિમાં નોંધેલા નન્દોના રાજત્વકાલ પર આધાર રાખી શકાય તેમ નથી. બૌદ્ધગ્રંથ મહાવંશ નન્દોનાં ફક્ત ૨૨ વર્ષ જ લખે છે. [૬૯] ત્યાં પ્રત્યેક નન્દનો રાજત્વકાલ જાણવાની આશા રાખવી વ્યર્થ છે. પુરાણો નન્દોના રાજત્વકાલનાં ૧૦૦ વર્ષ લખે છે, પરંતુ તેમાં ૮૮ વર્ષ મહાપદ્મના નામે ચઢાવી દે છે.[૭૦] તેથી કાંઈક ગુંચવાડો ઉભો થાય છે. થેરાવલી આદિમાં નન્દોનાં વર્ષ ૯૪ કે ૯૫ કહ્યાં છે, તે કરતાં પુરાણોમાં આશરે ૫ વર્ષ વધારે છે. એ ૫ વર્ષ નન્દિવર્ધનનાં નંખાયાં છે એવા સંભવથી પુરાણો પ્રમાણે પણ નન્દોનાં ૯૫ વર્ષ થાય, તેમાંથી બીજા ને આઠમા નન્દ સુધીનાં ૧૨ વર્ષ, અને મહાનન્દીનાં જે તેને નન્દોથી અલગ માની ૪૩ વર્ષ લખાયાં છે તે ખરી રીતે તેનાં નહિ પરંતુ છેલ્લા-નવમા નન્દનાં ગણતાં એ ૪૩ વર્ષ, એમ ૫૫ વર્ષ બાદ કરીએ તો પ્રથમ નન્દનાં ૪૦ વર્ષ થાય. આવી રીતે પ્રથમ નન્દનાં ૪૦ વર્ષ, તેના સાતપુત્રોનાં એટલે બીજાથી આઠમા નન્દ સુધીનાં ૧૨ વર્ષ

---

(૬૯) "नवनंदा ततो आसुं, कमेनेव नराधिपा ते वि द्वावीस वस्सानि, रज्जं समनु सासिसुं ॥ १५ ॥ "

મહાવંશ પરિચ્છેદ. ૫

(૭૦) "महानन्दिसुतश्चापि, शूद्रायाः कालसंवृतः। उत्पत्स्यते महापद्मः, सर्वक्षत्रान्तकृन्नृपः॥१३९॥
ततःप्रभृति राजानो, भविष्याःशूद्रयोनयः। एकराट् स महापद्म, एकच्छत्रो भविष्यति ॥१४०॥
अष्टाशीतिं तु वर्षाणि, पृथिवीं पालयिष्यति। सर्वक्षत्रं समुध्धृत्य भाविनोऽर्थस्य वै बलात् ॥१४१॥
तत्पश्चात्तत्सुता ह्यष्टौ समा द्वादश ते नृपाः। महापद्मस्य पर्याये भविष्यन्ति नृपाः क्रमात् ॥१४२॥
उद्धरिष्यति तान् सर्वान्, कौटिल्यो वै द्विजर्षभः। भुक्त्वा महीं वर्षशतं, नरेन्द्रः स भविष्यति॥१४३॥

બ્રહ્માંડપુરાણ મ૦ ભા૦ ઉપોત્ઘા૦ ૩ અ૦ ૭૪૫–૧૮૫

મત્સ્યપુરાણ પણ 'कालसंवृतः' ના સ્થાને 'कलिकांशजः' 'तत्पश्चात्तत्सुताः' ના સ્થાને 'सुकल्पादिसुताः' વિગેરે શબ્દાન્તરવાળા એવા જ અર્થ ધરાવતા શ્લોકોને નોંધે છે.

અને નવમા મહાપદ્મ કે ધનનંદ કે ગમે તે નામવાળાનાં ૪૩ વર્ષ એમ નન્દોનાં ૯૫ વર્ષ ગણવાં. બીજાથી આઠમા સુધીના નન્દોનાં ૧૨ વર્ષમાં પ્રત્યેકનો રાજત્વકાલ કેટકેટલો હતો એ કહેવું મુશ્કેલ છે, તે અલ્પ જ હોવો જોઇએ એટલું જ માત્ર કહી શકાય. ઉપર પ્રમાણે પુરાણોનો સમુચ્ચય નન્દકાલ ૧૦૦ વર્ષ, કેવી રીતે ૯૫ વર્ષ છે તેને ઘટાવ્યા છતાં પણ ત્યાં અસ્પષ્ટતા હોવાથી પ્રત્યેક નન્દનો રાજત્વકાલ અનિશ્ચિત રહે છે. તેથી જ હું કહી ગયો છું કે, એ વાતમાં પુરાણોથી કાંઇક ગુંચવાડો ઊભો થાય છે. હું આવી સ્થિતિમાં જ પ્રત્યેકના રાજત્વકાલને લખી નન્દોની વંશાવલીની નોંધ લઇશ.

## નન્દ પહેલો ૪૦ વર્ષ. મ. નિ. ૬૦—૧૦૦

### (વિ. સં. પૂ. ૩૫૦–૩૧૦, ઇ. સ. પૂ. ૪૦૭–૩૬૭)

આ રાજા નાપિત (હજામ) અને ગણિકાથી ઉત્પન્ન થયો હતો[૭૧] અને ભાગ્યબળથી પાટલીપુત્રના સિંહાસને આવ્યો હતો એ વાતનો ઇશારો હું કરી ગયો છું. પંચદિવ્યથી પ્રમાણિત મનાતાં પ્રધાનોએ તેને પાટલીપુત્રના સિંહાસને બેસાડયો, પણ સામંતોએ તેને પ્રમાણિત ન માન્યો ત્યારે તેણે પોતાની પુણ્યશક્તિનો પરિચય કરાવ્યો. તેણે કલ્પક

(૭૧) શ્રી હેમચન્દ્રસૂરિજીનું આ સ્પષ્ટ કથન છે. પ્રથમ નન્દને ' મહાપદ્મ ' નામથી લખતાં મત્સ્યાદિ પુરાણો તેને શૂદ્રાથી ઉત્પન્ન થયેલો માને છે. દંતકથાઓના આધારે લખાયલાં કથનો પર આધાર રાખી મી. સ્મીથ ' અર્લિ હિસ્ટરી ઑફ ઇન્ડિયા ' ' હિંદુસ્તાનનો પ્રાચીન ઇતિહાસ ' એ નામના પુસ્તકમાં આવી રીતે લખે છેઃ—

" તે સમયે ( અલેગ્ઝાન્ડર જ્યારે પંજાબમાં હતો ત્યારે ) રાજ્ય કરતો રાજા તેની દુષ્ટતા તથા હલકી ઉત્પત્તિને લઇ લોકોમાં બહુ અપ્રિય થઇ પડયો હતો. એમ કહેવાય છે કે તે એક હજામનો પુત્ર હતો. એની પહેલાંના કાયદેસર રાજાની રાણીનો તે હજામ યાર હતો. તેણે તે રાજાનો વધ કરવાની વ્યવસ્થા કરી અને તેના પુત્રોના પાલક હોવાના બહાના નીચે તેમને પોતાની સત્તાની નીચે તેણે આણ્યા; અને આખા રાજકુટુંબનો ઉચ્છેદ કર્યો. તેમના ઉચ્છેદ પછી તેને એક પુત્ર થયો. અલેગ્ઝાન્ડરની ચઢાઇ વખતે એ પુત્ર રાજ્ય કરતો હતો. પોતાની જાત કરતાં તે તેના પિતાની જાતને વધારે લાયક હતો અને તેથી પ્રજાના તિરસ્કાર અને ધિક્કારને પાત્ર તે બની રહયો હતો.

હિંદુસ્તાનનો પ્રાચીન ઇતિહાસ–પૂર્વાર્ધ ( ગુ.વ.સો૦ ) પૃ. ૫૬.

દંતકથાઓથી રૂપાન્તર પામેલી હકીકતને સંશોધકો રજુ કરી રહ્યા છે. પણ મને લાગે છે કે મૂળ હકીકત શ્રીહેમચન્દ્રસૂરિજી આદિ જૈન લેખકો જણાવે છે તેવીજ હોવી જોઈએ. કોઇ ગણિકાનો હજામ યાર હશે અને તેને તે ગણિકાથી પુત્ર થયો હશે. નન્દિવર્ધન રાજાએ આ ગણિકાને પોતાની રાણી બનાવી હશે. નાપિત–ગણિકાનો એ પુત્ર પુણ્યબળે પાટલીપુત્રની ગાદી ઉપર આવ્યો હતો. એ વાત ખરી છે કે આ સમયે પાટલીપુત્રના રાજા ઉદાયીનું ખૂન થયું હતું, પરંતુ તે ખૂનનો કરનાર આ નાપિતપુત્ર નહિ પણ કોઇ અન્યજ હતો. દંતકથાઓએ રાજાના ખૂનને બદલે રાજાનો અને રાજકુટુંબનો ઉચ્છેદ કરવાની વાત બનાવી કાઢી નાપિતપુત્ર નંદને નિંદવાનો માર્ગ પકડયો. તેની

નામનો બ્રાહ્મણમન્ત્રી નીમી તેની મન્ત્રણાથી મગધનું સામ્રાજ્ય બહુ જ વ્યવસ્થિત અને પ્રબળ બનાવ્યું હતું. આ કલ્પકમન્ત્રી બાલ્યાવસ્થાથી જ ચુસ્ત જૈન હતો. પુરાણો નન્દ પહેલાને મહાપદ્મના નામથી ઓળખે છે અને તેને અતિ બલવાન કહેતાંની સાથે જ અતિલોભી, શૂદ્રાજાત તથા ક્ષત્રિયોનો અંત કરનાર જણાવે છે, એટલું જ નહિ, પરંતુ અધાર્મિક સુદ્ધાં કહી નાંખે છે. તે વૈદિક ન હોવાથી પુરાણો પોતાની ઢબ પ્રમાણે એમ જ નવાજે એ સ્વાભાવિક છે. બૌદ્ધોથી અપરિચિત એવો એ બૌદ્ધ પણ નથી. આ ઉપરથી ધ્વનિત થાય છે કે તે જૈન હતો.

મત્સ્યપુરાણ અને બ્રહ્માંડપુરાણમાં મહાપદ્મ નન્દનાં ૮૮ વર્ષ લખ્યાં છે એ વધારે પડતાં દેખાય છે. આ લેખમાં તેનાં વર્ષ ૪૦ લખ્યાં છે. વાયુપુરાણ ૮૮ના બદલે ૨૮ લખે છે, [૭૨] અને વધારે પડતાં વર્ષોથી આવી પડતી આપત્તિ દૂર કરે છે. વાયુપુરાણ પ્રમાણે મહાપદ્મનો એટલે ખરી રીતે જેનું વિશેષ નામ 'મહાપદ્મ' નહિ પણ 'નન્દ' છે, તે પ્રથમ નન્દનો ૨૮ વર્ષ રાજત્વકાલ માનતાં નન્દોની વંશાવલી—નન્દ પહેલો ૨૮ વર્ષ, તેના પુત્રો-બીજાથી આઠમા નન્દ સુધીના ૭-નાં ૧૨ વર્ષ અને ૮ મા તેના પુત્ર નવમા નન્દનાં ૫૫ વર્ષ, આવી રીતે ગોઠવાય. ધર્મઘોષસૂરિજીની અવચૂરિમાં છેલ્લા નન્દનાં ૫૫ વર્ષ જણાવ્યાં છે. [૭૩] હિમવંત થેરાવલી શ્રી યશોભદ્રસૂરિના સમયમાં ( મ. નિ. ૯૮-૧૪૮ ) અતિ લોભી એવા એક નન્દનું રાજ્ય લખી તેનો લાંબો સમય હોય એવું ભાન કરાવે છે, [૭૪]

ઉત્પત્તિ માટે જે ક્ષત્રિયોના મનમાં ધિક્કાર હતો તેમને તેણે સજા કરી હશે. પુરાણોએ આ કાર્યને મોટું રૂપ આપી સર્વ ક્ષત્રિયોના વધ કરનાર તરીકે તેને પરશુરામ સાથે સરખાવ્યો છે, કેમકે તે વૈદિક નહિ પણ જૈન હતો. નવમો નન્દ મહાપદ્મ (મહાનન્દ-ધનનંદ) કે જે હિમવંત થેરાવલીના કથન મુજબ અત્યન્ત લોભી હતો, તેનું નામ પ્રથમ નન્દના સ્થાને ગોઠવી આ પ્રથમ નન્દને પુરાણોએ 'અતિલુબ્ધ'-અતિલોભી લખી નાખ્યો છે, અને અંતે તેના સામર્થ્યને સ્વીકાર કરતાં કલિનો દોષ કાઢી 'ભાવિ' પર નીસાસા નાખ્યા છે. અલેક્ઝાન્ડરની ચઢાઈ વખતે આ પ્રથમ નન્દ મગધનો સમ્રાટ્ નહિ, પરંતુ નવમો નન્દ મહાપદ્મ હતો. મહાપદ્મ નન્દને પોતાના પિતા નંદની-પ્રથમ નન્દની હલકી ઉત્પત્તિનો વારસો હોય તે પણ ઉચ્ચત્વના અભિમાનીઓથી નિંદાતો હશે અને લોભના દોષને લઈ દુષ્ટ મનાતો હશે, પરંતુ પ્રથમ નન્દ તો ઘણી ઘણી રીતે મહાન અને શ્રેષ્ઠ જૈન મહારાજા હતો.

(૭૨) "वायुपुराणेऽपि अ०९९ श्लो० ३२८ महापद्मनन्दस्य ८८ स्थाने २८ वर्षाणि दत्तानि".
—પટ્ટાવલી સમુચ્ચય-પરિશિષ્ટ પૃ. ૧૯૮ સં. શ્રી દર્શનવિજયજી

"મહાપદ્મ ૨૮ વર્ષ"-ક્રૉનોલૉજી ઑફ એ ઇન્ડિયા પે. ૨૨૮

(૭૩) "पुणो पाडलीपुरे ११, १०, १३, २५, २५, ६, ६, ४, ५५ नवनन्द एवं वर्ष १५५ रज्जे"
પટ્ટાવલી સમુચ્ચય-દુસમાકાલ સમણસંઘ થયં ( સં. શ્રી દર્શનવિજયજી )

(૭૪) जसभद्दो मुणिपवरो, तप्पयसोहंकरो परो जाओ। अट्ठमणंदो मगहे रज्जं कुणइ तया अइलोही ॥ ६॥
—હિમવદાચાર્યનિર્મિતા સ્થવિરાવલી પૃ. ૧ (મુદ્રિત)

એ પરથી પણ એમ લાગે છે કે પ્રથમનન્દનાં ૪૦ ના બદલે ૨૮ વર્ષ કેમ ન હોય? પરંતુ ૨૮ વર્ષના સ્વીકારમાં મહાનન્દીના નામે ૪૩ વર્ષનો આંક ચઢયો છે તે, છેલ્લા નન્દના રાજત્વકાલની ભ્રાન્તિનું નહિ પણ કોઇ ભૂલભરેલી યાદીનું પરિણામ માનવું પડે. આ રીતે પ્રથમ નન્દનો ૨૮ વર્ષ રાજત્વકાલ, ભલેને, એક મતાન્તર હો,[૭૫] પણ તેથી કોઇક એમ લખે છે કે ૨૮ વર્ષ રાજત્વકાલવાળો કાલાસોક અને પ્રથમનન્દ એ એકજ છે તો તે બરાબર નથી, કેમકે કાલાસોક વહેલામાં વહેલો મ. નિ. ૭૩ માં આવે કોઇ પણ રીતે તેથી પહેલાં આવે નહિ, જ્યારે પ્રથમ નન્દનો રાજ્યારંભ મ. નિ. ૬૦ વર્ષે છે એમ નિર્ણય થઇ ચૂકયો છે. આ વાત પાછળ આપવામાં આવનારા પરિશિષ્ટથી પણ સ્પષ્ટ થશે.

## નન્દ બીજાથી આઠમા સુધી ૧૨ વર્ષ. મ. નિ. ૧૦૦–૧૧૨

### (વિ. સં. પૂ. ૩૧૦–૨૯૮, ઇ. સ. પૂ. ૩૬૭–૩૫૫.)

આ સાત નન્દો વિષે જૈન સાહિત્યમાંથી કાંઇ પણ જાણવા મળતું નથી. બૌદ્ધસાહિત્ય પણ તેમના વિષે ચૂપ છે. પુરાણો તેમનાં સુકલ્પાદિ[૭૬] નામો જણાવે છે. એમના સમયમાં બૌદ્ધોની બીજી સંગીતિ (સંસદ્) ભરાઇ હતી. તેનો સમય કાલાસોકના રાજ્યનાં દશ વર્ષ વીત્યા પછી એટલે બુ. નિ. ૧૦૦માં અને મ. નિ. ૧૦૭ વર્ષે હતો. સાત નન્દોમાં પ્રત્યેકનો રાજત્વકાલ નિશ્ચયથી જાણવામાં આવતો ન હોવાથી આ વખતે પાટલીપુત્રમાં કયો નન્દ સમ્રાટ્ હતો એ કહી શકાય નહિ. એ સભા વૈશાલીમાં ભરાઇ હતી એમ પહેલાં કહેવાઈ ગયું છે, અને એ સભાના સમયની ગણતરી કાલાસોકના રાજત્વકાલથી કરાઈ હોવાથી નન્દિવર્ધનથી નાગદાસક ભિન્ન હોય તો, વૈશાલીના રાજવંશને પણ મગધ સામ્રાજ્યના એક પેટાશાખાના વંશ તરીકે હોવાનું જણાવી કાલાસોક ત્યાંનો જ એક માંડલિક હતો એમ ધ્વનિત કર્યું છે."[૭૭] એમ કહેવાય છે કે નન્દોના સમયે વૈદિકોની પણ એક સભા

(૭૫) મેં આ મતાન્તરને મહત્ત્વ આપ્યું નથી, કારણ કે પ્રદ્યોત રાજ્યાંત અને મહાપદ્મ (પ્રથમનન્દનો ૮ માંથી નાનો પુત્ર) એ બેની વચ્ચે ૫૦ વર્ષનું અંતર, પુરાણોના ઉલ્લેખથી સાબીત કરવામાં આવ્યું છે, તે પ્રથમ નન્દનાં ૨૮ વર્ષ માનતાં ઘટી શકે નહિ-પ્રથમ નન્દનાં ૨૮, તેના સાત પુત્રોનાં ૧૨, એમ, ૨૮+૧૨=૪૦ વર્ષનું જ રહે. તેથી લાગે છે કે વાયુપુરાણની મહાપદ્મનાં (પ્રથમનન્દનાં) ૨૮ વર્ષની નોંધ અશુદ્ધિ કે ભ્રાન્તિનું પરિણામ હોય. પટ્ટાવલી સંગ્માંના 'દુસમાકાલ સમણ સંઘ થય'નો ઉલ્લેખ પણ વિશ્વસનીય છે કે કેમ એ પ્રશ્ન છે. હિમવંત થેરાવલીમાંની ગાથામા '**तया**'–તે વખતે–નો અર્થ યશોભદ્રસૂરિજીના યુગપ્રધાનના પાછળના લાંબા સમયમાં એવા અભિપ્રાયનો પણ હોય.

(૭૬) 'ક્રોનોલોજી ઓફ એ ઇન્ડિયા'માં 'સુમાલ્યાદિ' નામો લખી તેમનાં ૧૨ ના બદલે ૧૬ વર્ષ લખ્યાં છે.

(૭૭) પુરાણો અને બૌદ્ધ ગ્રંથોનો સમન્વય કરવાની દૃષ્ટિએ આ મતનું પણ મહત્વ ન હોઇ આ લેખમાં તેને સ્થાન આપ્યું નથી–ફક્ત સૂચન માત્ર કર્યું છે.

પાટલીપુત્રમાં ભરાઈ હતી, કે જેમાં પ્રસિદ્ધ વૈયાકરણ પાણિની હાજર હતા. આ સભા પણ આ જ સમયની લગભગ પહેલાં કે પછી ભરાઈ હશે. કોણે કોનું અનુકરણ કર્યું હશે એ કહી શકાય નહિ. સામાન્યત સંભવ છે કે એકે બીજાનું અનુકરણ કર્યું હશે. અલ્પ સમયમાં પલટાતા જૈન રાજવંશના સમયે બૌદ્ધો અને વૈદિકોએ મળેલી તકનો ઉપયોગ કરી સંગઠન સાધવા પૂર્વક સ્વપ્રભાવને વિસ્તારવાનો કાંઈક પ્રયત્ન કર્યો હોય એ બનવા જોગ છે.

## નન્દ નવમો ૪૩ વર્ષ. મ. નિ. ૧૧૨-૧૫૫

### વિ. સં- પૂ. ૨૯૮-૨૫૫, ઇ. સ. પૂ. ૩૫૫-૩૧૨

જૈન શાસનના મુખ્ય પ્રતિનિધિ યુગપ્રધાન શ્રી સ્થૂલિભદ્રના પ્રસંગને લઇ આ નવમો નન્દ જૈન સાહિત્યમાં જાણીતો છે. ચાણાક્ય નામના જૈન શ્રાવકના પ્રસંગે પણ એને જૈન સાહિત્યમાં જ્યાં ત્યાં સ્થાન આપ્યું અપાવ્યું છે, છતાં એના રાજત્વકાલની શરૂઆત ક્યારે થઇ એનો ઉલ્લેખ જૈન સાહિત્યમાં ભાગ્યે જ મળે છે. એનો મન્ત્રી શકટાલ હતો, કે જે પ્રથમ નન્દના મન્ત્રી કલ્પકના વંશનો હતો. બધા ય નન્દોના સમયમાં એ વંશનું જ મન્ત્રીપદ હોઇ, એ વંશ જૈનત્વને અને મગધ સામ્રાજ્યને સર્વદા વફાદાર હતો. નન્દોના અંગરક્ષકો પણ એ વંશમાંથી જ નીમાતા હોવાનો સંભવ છે, કારણકે નવમા નન્દનો રક્ષક શકટાલનો લઘુ પુત્ર શ્રીયક હતો. એ પદને ચલિત કરવા કવિ, વાદી અને વૈયાકરણ એવા વરરૂચિએ પ્રયાસ કર્યો હતો, પરંતુ તેમાં તેને શકટાલનું મૃત્યુ નીપજાવવા કરતાં વિશેષ સફળતા નહિ મળી હતી એમ જૈન સાહિત્ય કહે છે. કેમકે શકટાલ પછી શ્રીયકને જ એ મન્ત્રીપદ આપવામાં આવ્યું હતું. આ પછી એ મન્ત્રીપદ પર ક્યાં સુધી કાયમ રહ્યો એની કોઇ નોંધ નથી. વરરૂચિનું પ્રતિવૈર લીધા બાદ એ તરત જ દીક્ષિત બન્યો કે નવમા નન્દના રાજ્યના અંત પછી, એ કહેવું અશક્ય છે.

જૈન સાહિત્ય પ્રમાણે સ્થૂલિભદ્રનો દીક્ષા સમય મ. નિ. ૧૪૬ વર્ષે છે. આથી બહુ જ થોડા સમય પહેલાં શકટાલનું મૃત્યુ થયું હતું અને તે નવમા નન્દની નારાજીથી કુટુમ્બ પર આવી પડનારા સંકટના ભયને લીધે જ સ્વયં વહોરી લીધું હતું. આમ નવમા નન્દના સમયમાં જ બનેલી એ શકટાલનું મૃત્યુ વિગેરે ઘટનાઓ છે, પરન્તુ હિમવંત થેરાવલી આ સમયે આઠમો નન્દ હોવાનો ઉલ્લેખ કરે છે, એ એક સ્પષ્ટ મતભેદ છે.

હિમવંત થેરાવલીના પ્રારંભમાં આપેલી ગાથાઓમાં એક ગાથાનો ભાવાર્થ આ પ્રમાણે છે; "શ્રી શય્યંભવના પદને સારી રીતે શોભાવનાર શ્રી યશોભદ્રસૂરિ થયા ત્યારે અતિ લોભી આઠમો નન્દ મગધમાં રાજ્ય કરતો હતો." શ્રી યશોભદ્રસૂરિ મ. નિ. ૯૭ થી ૧૪૮ સુધી યુગપ્રધાન પદ પર હતા એમાં જૈન સાહિત્ય એક મત છે. આગળ જતાં એ થેરાવલી ઉલ્લેખે છે કે;-

"વૈશાલીના ચેટકરાજાનો પુત્ર શોભનરાય વૈશાલીના યુદ્ધ બાદ કલિંગમાં ચાલ્યો ગયો હતો, અને તે ત્યાં અપુત્રીયા પોતાના સસરાના રાજ્ય પર આવ્યો હતો. આ શોભનરાયની પાંચમી પેઢીએ ચંડરાય મ. નિ. ૧૪૯ વર્ષે કલિંગના કનકપુરના સિંહાસને આવ્યો. આઠમા નન્દે પોતાના મંત્રી વિરોચનની પ્રેરણાથી કલિંગપર ઉપરોક્ત રાજાના સમયે ચઢાઈ કરી અને તેણે કુમારગિરિ પર પૂર્વે શ્રેણિક રાજાએ બંધાવેલા ઋષભદેવના ચૈત્યને અસ્તવ્યસ્ત કરી તેમાંની ઋષભદેવની સ્વર્ણપ્રતિમાને તે પાટલીપુત્ર લઇ ગયો. આ પછી મ. નિ. ૧૫૪ વર્ષ વીતતાં ચાણાક્ય મંત્રીની દોરવણીથી મૌર્યપુત્ર ચન્દ્રગુપ્તે નવમા નન્દને પાટલીપુત્રમાંથી ખસેડયો અને તે પોતે મગધાધિપ બન્યો." ૭૮ થેરાવલીના આ ઉલ્લેખથી સ્પષ્ટ થાય છે કે, મ નિ. ૧૪૯ અને નવમો નન્દ પાટલીપુત્ર પર આવ્યો તે સાલ એટલે નવમા નન્દે જેટલાં વર્ષ રાજ્ય કર્યું હોય તેટલા પ્રમાણમાં મ. નિ. ૧૫૫થી પૂર્વની સાલ, એ બન્નેના વચગાળે આઠમો નન્દ રાજ્ય કરતો હતો, પણ નવમો નન્દ નહિ પ્રથમ નન્દનાં ૪૦, બીજાથી સાત સુધીના નન્દોનાં ૧૦, આઠમા નન્દનાં ૪૩ અને નવમા નન્દનું ૧ વર્ષ રાજ્ય ચાલ્યું હતું. ૭૯ એવો અભિપ્રાય થેરાવલીના ઉપરોક્ત ઉલ્લેખોનો કદાચ હોય તો ના નહિ. શકટાલના મૃત્યુમાં નિમિત્ત

(૭૮) "अह वेसालीणयराहिवो चेडओ णिवो सिरिमहावीरतित्थयरस्सुक्किट्ठो समणोवासओ आसी। से णं णियभाइणिज्जेणं चंपाहिवेणं कूणिगेणं संगामे अहिणिक्खित्तो अणसणं किच्चा सग्गं पत्तो। तस्सेगो सोहणरायणामधिज्जो पुत्तो तओ उच्चलिओ णियससुरस्स कलिंगाहिवस्स सुलोयणणामधिज्जस्स सरणं गओ। सुलोयणो वि णिपुत्तो तं सोहणरायं कलिंगरज्जे ठावइत्ता परलोआतिही जाओ। तेणं कालेणं तेणं समएणं वीराओ अट्ठारसवासेसु विइक्कंतेसु से सोहणराओ कलिंगविसए कणगपुरम्मि रज्जे अभिसित्तो। सेवि य णं जिणधम्मरओ तत्थ तित्थभूए कुमरगिरिम्मि कयजत्तो उक्किट्ठो समणोवासगो होत्था। तस्स वंसे पंचमो चंडरायणामधिज्जो णिवो वीराओ णं इगसयाहिय–अउणपन्नासेसु वासेसु विइक्कंतेसु कलिंगरज्जे ठिओ। तया णं पाडलिपुत्ताहिवो अट्ठमो णंदणिवो मिच्छत्तंधो अईवलोहाक्कंतो कलिंगदेसं पाडिऊण पुव्विं तित्थरूवकुमरगिरिम्मि सेणियणिवकारियजिणपासायं भंजित्ता सोवण्णिय–उसभजिणपडिमं घित्तूण पाडलिपुत्तं पत्तो।"

હિમવદાચાર્યનિર્મિતા સ્થવિરાવલી પૃ. ૫ (મુદ્રિત)

(૭૯) હિમવંત થેરાવલી નન્દોનો રાજત્વકાલ શ્રીહેમચન્દ્રસૂરિજીની જેમ ૯૫ વર્ષ નહિ, પણ ૯૪ વર્ષ માને છે. મેં છેલ્લા નવમા નન્દનો રાજત્વકાલ ૧ વર્ષ અને બીજાથી સાતમા સુધીના નન્દોનો રાજત્વકાલ ૧૦ વર્ષ રાખ્યો છે. આ રીતે નન્દોના ૯૪ વર્ષના હિસાબે મ. નિ. ૧૫૪ માંથી આઠમા નન્દના ૪૩ અને નવમા નન્દનું ૧ એમ ૪૪ વર્ષ બાદ કરવાથી આઠમા નન્દનો—મહાપદ્મનન્દનો રાજ્યારંભ મ નિ. ૧૧૦ વર્ષે આવતાં, જે પ્રદ્યોત રાજ્યાંત અને મહાપદ્મ રાજ્યાભિષેક વચ્ચે ૫૨ વર્ષ આવતાં પૂર્વે ૨ વર્ષ ઓછાં કરવાની ખેંચતાણ કરવી પડે છે તે ન કરવી પડે અને પ્રદ્યોત રાજ્યાંત અને મહાપદ્મ રાજ્યાભિષેક વચ્ચે બરાબર ૫૦ વર્ષનું અંતર આવે.

વરરુચિ બન્યો હતો અને એ વરરુચિના મૃત્યુમાં નિમિત્ત શકટાલ પછી મન્ત્રીપદે આવેલો તેનો પુત્ર શ્રીયક બન્યો હતો એમ જૈન સાહિત્ય કહે છે, પરંતુ નન્દે કલિંગ પર ચઢાઈ કરી તેમાં પ્રેરક તેનો મન્ત્રી વિરોચન હતો એમ થેરાવલી કહેતી હોવાથી તેના અભિપ્રાય પ્રમાણે, વરરુચિ વિષેનું વૈરનિર્યાતન કર્યા બાદ શ્રીયકે દીક્ષા લીધી હશે અને તેના સ્થાને મન્ત્રીપદે વિરોચન નીમાયો હશે એમ લાગે છે. થેરાવલી આઠમા નન્દને અતિ લોભિષ્ઠ અને મિથ્યાત્વથી અંધ બનેલો લખે છે. કલિંગના જૈન ચૈત્યનો નાશ કરી તેમાંની સ્વર્ણપ્રતિમાને તે પાટલીપુત્ર લાવ્યો એમ કલિંગના જૈન મહારાજા ખારવેલના હાથીગુફાવાળા શિલાલેખથી [૮૦]બહુશે સમર્થન થતી હકીકત. તેને તેવો હોવાનો પુરાવો આપે છે. કટ્ટર વૈદિક વિરોચન મન્ત્રીના સંસર્ગને લઈ તે જૈન મટી ગયો હોય તો ના નહિ.

જૈન સાહિત્યમાં પ્રસિદ્ધ છે કે, પ્રથમ નન્દના જૂના મન્ત્રીએ ખોટી રીતે ભંભેરણી કરી નવા મન્ત્રી કલ્પકને તેના સો પુત્રો સહિત કૂવામાં કેદ કરાવવાનો પ્રસંગ ઉભો કર્યો હતો. કૂવામાં કેદ પુરાયલા કલ્પકને બહુ જ અલ્પ આહાર પહોંચાડવામાં આવતો હોવાથી તેના સો પુત્રો મૃત્યુ પામ્યા હતા. એક કલ્પક જ પોતે જીવતો રહ્યો હતો. દરમીયાન રાજદ્વારી સંકટ આવી પડવાથી કલ્પકને બહાર કાઢયો. કલ્પકે સંકટ નિવાર્યું. નંદે જૂના મન્ત્રીનો નિગ્રહ કર્યો. [૮૧]

ઉપરોક્ત પ્રસિદ્ધ હકીકતને રૂપાન્તર આપી 'કથાસરિત્સાગર' નામના ગ્રંથે એને નવમો નન્દ, વરરુચિ અને શકટાલના નામે ચઢાવી દીધી છે, એટલું જ નહિ પરંતુ મૃત્યુ પામેલા નન્દને પરપુર (પરકાય) પ્રવેશની વિદ્યાથી યોગાનન્દ નામે જીવતો રાખ્યો છે. આ યોગાનન્દે વરરુચિને મારી નાખવા કરેલો હુકમ, શકટાલે છુપાવવાથી તેનું કરેલું રક્ષણ, નન્દનો પુત્ર હિરણ્યગુપ્ત પાગલ બન્યો તેનું કારણ જાણવા નન્દને પડેલી તેની જરૂરિયાત, શકટાલથી હાજર કરાયલા વરરુચિએ દર્શાવેલું કારણ અને માતા તથા સ્ત્રીનું થઈ ગયેલું મૃત્યુ સમજાતાં વરરુચિનું વનમાં ચાલ્યા જવુ, વિગેરે હકીકતો [૮૨] જૈનમન્ત્રી ગુણાઢય કવિની રચેલી બૃહત્કથાના સત્યને છાવરી દેવા એ કથાના કર્તા સોમદેવભટ્ટે ઉપજાવી કાઢી છે. વરરુચિ

(૮૦) "द्वादशे च वर्षे........ भिः वित्रासयति उत्तरापथराजान्......मगधानाञ्च विपुलम्भयं जनयन् हस्तिनः सुगाङ्गेयं प्राययति [।] मागधञ्च राजानं बृहस्पतिमित्रं पादावभिवादयते [।] नन्दराजनीतञ्च कालिङ्गजिनसन्निवेशं......गृहरत्नानां प्रतिहारैराङ्ग-मागधवसूनि च नाययति" પંક્તિ ૧૧, ૧૨.

ખારવેલ પ્રશસ્તિ-શ્રી કે. પી. જાયસ્વાલનું વાંચન (સં. છાયા)

(૮૧) આવશ્યક ચૂર્ણિ (ઉત્તરભાગ) પૃ. ૧૮૨ થી ૧૮૩ (સારાંશ) હેમ૦ રચિત-પરિશિષ્ટ પર્વ. સર્ગ. ૭ શ્લોક ૮૫ થી ૧૩૭ (સારાંશ)

(૮૨) સો.મ૦ રચિત-કથાસરિત્સાગર, કથાપીઠલમ્બક, તરંગ ૪ શ્લોક ૯૭ થી ૧૩૭ અને તરંગ ૫ શ્લો૦ ૧ થી ૧૦૫ (સારાંશ)

વનમાં જાય આવાં આવાં જાહેર અને બીજાં કેટલાંક છુપાં કારણોથી નન્દ સામ્રાજ્યના પાયા નબળા પડી રહ્યા હતા, પરંતુ એ બધાં કારણોમાં મુખ્ય કારણ એ જ હોવા સંભવ છે કે, અત્યાર પહેલાં રાજ્યના એકધારા સંચાલનના માટે કલ્પકવંશના મન્ત્રીઓનું જેવું બિનદખલ સર્વોપરી સ્થાન હતું તેવું નહિ રહ્યું હતું. શકટાલ પુત્ર શ્રીયકે વરરુચિના પ્રતિનું વૈરનિર્યાતન કર્યું પરંતુ એના અંગેની અંદરે અંદરની રાજખટપટ રાજ્યને નબળું પાડવામાં મદદગાર બને એ સ્વાભાવિક છે. અંતસુધી નન્દરાજાને વફાદાર અને જૈન હોવાને કારણે રામાયણમાં રાવણની જેમ 'મુદ્રારાક્ષસ' નાટકમાં રાક્ષસ તરીકે આલેખાયલા શ્રીયકે મગધ સામ્રાજ્યને નબળું પડતું અટકાવી તેને મજબૂત બનાવવા પૂરતા પ્રયત્ન અવશ્યમેવ કર્યા જ હશે, પરંતુ તે વ્યર્થજ ગયા. એક તરફ આ સ્થિતિ હતી ત્યારે બીજી તરફ ચાણાક્ય નામના જૈન બ્રાહ્મણની બુદ્ધિ નંદસામ્રાજ્યની ઇમારતને જમીનદોસ્ત કરવા પુરતો પ્રયત્ન કરી રહી હતી. મ. નિ ૧૪૦ની આસપાસનાં વર્ષોથી સેવાયલું પોતાનું નન્દ–સામ્રાજ્યને ઉખેડી નાખવાનું સ્વપ્ન પાર પાડવાને, નન્દ તરફથી અપમાનિત થઇ ગયેલો હોવાથી ઝેરીલો બનેલો એ ચાણાક્ય પોતાને મળતી એકે એક તકનો ઉપયોગ કરવાને ચૂક્યો નહિ.[૮૩] એણે ઊભો કરેલો રાજા ચન્દ્રગુપ્ત મૌર્ય પાટલીપુત્ર પર કરેલા સીધા હલ્લામાં ન ફાવ્યો, પરંતુ આખરે ચાણાક્યે અર્ધરાજ્ય આપવાની શરતે હિમાલયના પહાડી પ્રદેશના રાજા પર્વ-તકની મદદ મેળવી મગધના એ પાટનગરને ભાગ્યું. નન્દે જીવિતદાન માગ્યું, ચાણાક્યે તેને જોઈતા ધન સાથે જવા દીધો.[૮૪] નન્દની કન્યા ચન્દ્રગુપ્તને સ્વયંવરવા પિતાની સમ્મતિ મેળવી શકી. એ કન્યાના ચંદ્રગુપ્તથી અધિષ્ઠિત રથ પર ચઢવાના સમયે રથચક્રના નવ આરા ભાગી જતાં, 'મૌર્યવંશ નવ પેઢી સુધી જરની જેમ ઉત્તરોત્તર હાનિવૃદ્ધિથી રાજ્ય કરશે.' એમ ચાણાક્યની ભવિષ્યવાણી થઇ.[૮૫] શ્રીહેમચંદ્રસૂરિજી વિગેરેના કહેવા મુજબ મ. નિ. થી ૧૫૫ અને હિમવંતથેરાવલીના કથન પ્રમાણે મ. નિ. ૧૫૪ વીતતાં ચંદ્રગુપ્ત મગધ સામ્રાજ્યનો સ્વામી બન્યો.[૮૬] પાલક રાજાઓ પછી મ. નિ. ૬૧ થી ૧૫૫ એટલે ૯૫

---

ભારત કે પ્રાચીન રાજવંશ (દ્વિતીય ભાગ) પૃ ૪૬ થી ૫૧ (ભાવાર્થ)

(૮૩) સોમ૦ રચિત–કથાસરિત્સાગર. કથાપીઠલમ્બક, તરંગ ૫. શ્લો ૧૦૫થી૧૨૫ (સારાંશ)

(૮૪) આવશ્યક ચૂર્ણિ (ઉત્તરભાગ) પૃ. ૧૮૩, ૧૮૪, ૧૮૫ અને પરિશિષ્ટ પર્વ. સર્ગ ૮. શ્લો૦ ૩ થી ૧૦૮ ના આધારે. ભારતકે પ્રાચીન રાજવંશ (દ્વિતીય ભાગ) પૃ. ૫૧ (ભાવાર્થ)

(૮૫) આવશ્યકચૂર્ણિ (પૂર્વભાગ) "तेण चिंतियं–णंदो पाडलिपुत्ते देति—तिदंडी भणति, मा वारेहि णव पुरिसजुगाणि, तुज्झं वंसो होहितित्ति" પૃ. ૫૬૩ થી ૫૬૫ અને આચાર્ય શ્રી હેમ૦ રચિત પરિશિષ્ટ પર્વ. સર્ગ ૮, શ્લો૦ ૨૧૫ થી ૩૨૬ પરથી.

शकुनेनामुना वत्स, वृद्धिमेवाधिकाधिकाम् । गामी पुरुषयुगाणि नव यावत् तवान्वयः
પરિશિષ્ટ પર્વ. સર્ગ ૮. શ્લોક ૩૨૬

(૮૬) एवं च श्रीमहावीरमुक्तेर्वर्षशते गते । पञ्चपञ्चाशदधिके, चन्द्रगुप्तोऽभवन्नृपः
પરિશિષ્ટ પર્વ. સર્ગ ૮. શ્લો ૩૩૯

વર્ષ સુધી અવન્તિનું આધિપત્ય નન્દોના હાથમાં હતું તે હવે મૌર્યોના હાથમાં ચાલ્યું ગયું. હિમવંત થેરાવલીના મતે એ કાળ મ. નિ. ૬૧ થી ૧૫૪ સુધી એટલે ૯૪ વર્ષ છે. પરંતુ માસપક્ષાદિથી સૂક્ષ્મ રીતે નહિ નોંધાયલા આ લેખમાં એવો મતભેદ નજીવો જ ગણવો રહે છે. આની સાથે મોટો મતભેદ તો ચાલુ જૈન સંપ્રદાયનો છે, કે જે નન્દોનાં રાજત્વ-કાલનાં ૧૫૫ વર્ષ ગણી નંદરાજ્યાંત મ. નિ. ૨૧૫ વર્ષે મુકે છે.

શરૂઆતમાં ટાંકેલી કાલગણનાની બીજી ગાથાના બીજા ચરણ 'पणवन्नसयं तु होई णंदाणं' નો વાચ્યાર્થ ૧૫૫ વર્ષ નન્દોનું રાજ્ય હતું એવો થાય છે અને ચાલુ સંપ્રદાય એજ પ્રમાણે માને છે. કલિકાલસર્વજ્ઞ આચાર્ય શ્રી હેમચંદ્રસૂરિ એમ ન માનતાં, મ. નિ. ૧૫૫ વર્ષ સુધીનન્દોનું રાજ્ય હતું એમ માને છે. આચાર્યશ્રીની એવી માન્યતા ઉપરોક્ત ચરણના અભિપ્રાયભેદથી થતા અર્થ પર આધાર રાખતી હશે કે તેમની સમીપમાં બીજાં કોઈ સાધનો હશે એનો આપણને પત્તો નથી; પરંતુ જાણવા મળે છે કે, એ આચાર્યશ્રીની પહેલાં થઈ ગયેલા શ્રીભદ્રેશ્વરસૂરિજીએ પણ પોતાની 'કહાવલી'માં 'મહાવીરના મુક્તિ સમયથી ૧૫૫ વર્ષે નન્દવંશનો વ્યુચ્છેદ જતાં ચંદ્રગુપ્ત રાજા થયો."[૮૭] એમ લખ્યું છે, એ પરથી સિદ્ધ થાય છે કે, મ. નિ. ૧૫૫ વર્ષ સુધી નન્દોનું રાજ્ય રહ્યું હતું એવી માન્યતાવાળી કોઈ પરંપરા હતી. એ પરંપરા અતિપ્રાચીન હોવી જોઈએ. હિમવંત થેરાવલી મ. નિ. ૧૫૪ વર્ષ સુધી નન્દોનું રાજ્ય લખે છે, તે આ પરંપરાનું જ વધારે ચોકસાઈ ભર્યું પ્રમાણ છે, એમ કહીએ તો તે ખોટું નથી.

મ. નિ. ૧૫૫ કે ૧૫૪ના અરસામાં નન્દવંશ પાટલીપુત્રમાંથી સર્વથા ઉખડી ગયો હતો એમ 'तित्थोग्गाली पइन्नय'ની એક ગાથા પરથી પણ સૂચન થાય છે. તે ગાથા આ પ્રમાણે છેઃ—

[૮૮]तं (ता) एवमंगवंसो, नंदवंसो य मरुयवंसो य ॥
सयराहेण पणट्ठा, समयं सज्झाणवंसेण ॥

---

तयणंतरं वीराओ इगसयाहियचउवन्नवासेसु विइक्कंतेसु चाणिगाणुणीयो मोरियपुत्तो चंदगुत्तो णवमं णंदणिवं पाडलीपुत्ताओ णिक्कासीय सयं मगहाहिवो जाओ।

હિમવદાચાર્યનિર્મિતા સ્થવિરાવલી પૃ. ૩ (મુદ્રિત)

(૮૭) "एवं च महावीरमुत्तिसमयाओ पंचावणवरिससयेणुच्छिण्णे नन्दवंसे चन्दगुत्तो राया जाओत्ति"—ભદ્રેશ્વરસૂરિની 'કહાવલી'

(૮૮) રાજેન્દ્રકોશ ભાગ ૫, પૃ. ૧૩૭૨માં આ ગાથાનું પ્રથમ ચરણ 'तं एवमंगवंसो' લખ્યું છે, જ્યારે અમદાવાદ ડહેલાના પુસ્તકભંડારની લખેલી પ્રતમાં 'ता एवमगवंसो' એવી રીતે પાઠ છે. રાજેન્દ્રકોશમાં ગાથાનો અંક '૯૬' નોંધ્યો છે. શ્રીયુત પં. કલ્યાણવિજયજીએ 'वीरनिर्वाणसंवत् और जैन कालगणना' પુસ્તકમાં પૃ. ૧૭૩માં 'एतेण कारणेण य०' આ ગાથાનો અંક ૮૦૨ લખ્યો

આ ગાથાનો અર્થ કરવા પહેલાં, તે કયા સમયને લાગુ પડે છે અને કેવા પ્રસંગથી એ ગાથાનું અવતરણ થાય છે, તે અહિં સંક્ષેપથી સ્પષ્ટ કરી દઉં, કે જેથી એ ગાથાના કરાતા અર્થની વાસ્તવિકતા વિષે વિચાર કરવાની સગવડ મળે.

યુગપ્રધાન પટ્ટાવલીઓના આધારે ⁸⁹ મ. નિ ૬૪ વર્ષે (મતાન્તરે ૭૦ વર્ષે) શ્રી જંબુસ્વામી મુક્ત થયા. તે પછી તેમના પટ્ટે આર્યપ્રભવસ્વામી આવ્યા. તેઓ મ. નિ. ૭૫ વર્ષે સ્વર્ગસ્થ થતાં તેમના પટ્ટે આર્ય શય્યંભવ યુગપ્રધાન થયા. મ. નિ. ૯૮ વર્ષે એમના સ્વર્ગસ્થ થયા બાદ આર્યયશોભદ્ર એમના પટ્ટધર યુગપ્રધાન થયા. ૫૦ વર્ષ જેટલા દીર્ઘકાલ પર્યંત યુગપ્રધાનપદ ભોગવી એ શ્રુતકેવલી મ. નિ. ૧૪૮ વર્ષે નવમા નન્દના (હિમવંત થેરાવલીના મતે આઠમા નન્દના) રાજ્યકાલે સ્વર્ગસ્થ થતાં તેમના પટ્ટે આર્ય સંભૂતિ અને આર્યભદ્રબાહુ એ બે શ્રુતધરો આવ્યા. શ્રીયશોભદ્ર પછી આર્યસંભૂતિવિજય યુગપ્રધાનપદે હતા. તેઓ મ. નિ. ૧૫૬ વર્ષે સ્વર્ગસ્થ થતાં આર્યભદ્રબાહુ યુગપ્રધાનપદે આવ્યા. સંપૂર્ણ અંગસૂત્રોના ધારક આ શ્રી ભદ્રબાહુ મ. નિ. ૧૭૦ વર્ષે સ્વર્ગસ્થ થયા હતા. તિત્થોગ્ગાલી એમના યુગની શરૂઆતમાં જૈન શ્રમણસંઘની મુશ્કેલીનો ખ્યાલ આપતાં લખે છે કેઃ—

---

છે. રાજેન્દ્રકોશમાં આ '**पतेण कारणेण य०**' ગાથા પછી **अणवट्ठप्पो य तवो०**' એ ગાથા લખી પછી **तं पवमंगवंसो०** ગાથા આપી છે એ પરથી તેનો ગાથા–અંક ૮૦૪ આવે, પરંતુ શ્રીયુત પંન્યાસજીએ તેમના ઉપરોક્ત પુસ્તકમાં પૃ. ૩૦ ટી. ૨૭માં આ ગાથાનો અંક ૭૦૫ (તિત્થોગાલી પૃ. ૨૩) લખ્યો છે. '**पतेण कारणेण य०**' એ ગાથા અને '**तं पवमंगवंसो**' એ ગાથા એ બેની વચ્ચે એક નહિ, પણ બે ગાથા હોઇ '**तं पवमंगवंसो०**' આ ગાથાનો અંક ૮૦૫ આવે તેને બદલે પન્યાસજીએ કયા કારણથી ૭૦૫ અંક એ ગાથાનો લખ્યો હશે? રાજેન્દ્રકોશમાં અને પંન્યાસજીના ટીપ્પણમાં નોંધાયેલી ગાથાઓમાં જે અંક મુકયા છે તેમાં આંકનો ફેરફાર છે, પરંતુ '**सत्तमतो थिरबाहु**' એ ગાથા પછીની ગાથાથી અંક મુકતાં '**पतेण कारणेण य०**' ગાથાનો અંક ૮૮ મો આવે એમાં એ બન્ને ગ્રંથોમાં સરખાઇ છે, તો પછી તેની પાછળ આવતારી બીજી ગાથામાં શ્રીયુત પંન્યાસજીના ટીપ્પણમાં જણાવ્યા મુજબ, ૮૦૪ ને બદલે ૭૦૫ અંક કેવી રીતે પડયો, એ 'તિત્થોગાલી પઇન્નય'ની મૂળ પ્રતો સિવાય નિર્ણય કરી શકાય નહિ, સિવાય કે ખાત્રીપૂર્વક નિરીક્ષણ કરી શ્રીયુત પંન્યાસજી તેનો કંઇ ખુલાસો કરે.

(८९) **सिरि वीराउ (१) सुहम्मो, वीसं**[२०] **चउचत्तवास**[४४] **(२) जंबुस्स ।**
**(३) पभवेगारस**[११] **(४) सिज्जं-भवस्स तेवीस**[२३] **वासाणि ॥**
**पन्नास**[५०] **(५) जसोभद्दे, (६) संभूइस्सट्ठ**[८] **(७) भद्दबाहुस्स ।**
**चउद्दसय**[१४] **(८) थूलभद्दे, पणयालेवं**[४५] **दुपन्नरस**[२१५] **॥**

યુગપ્રધાનપટ્ટાવલી

શ્રીમહાવીરથી ૨૦+૪૪+૧૧+૨૩+૫૦+૮+૧૪=૧૭૦ વર્ષે શ્રી ભદ્રબાહુના યુગપ્રધાનત્વનો અંત.

"શ્રી ભદ્રબાહુના સમયે મધ્યદેશમાં એક ભયંકર અનાવૃષ્ટિનો દુર્ભિક્ષ પ્રવર્તતો હતો. કેંક સાધુ સાધ્વીઓએ અનશન કર્યાં હતાં. અને કેંક મધ્યદેશના મગધ વિગેરેમાંથી વિહાર કરી સમુદ્રકિનારાના નજીકના પ્રદેશોમાં ચાલ્યા ગયા હતા શ્રીભદ્રબાહુએ આ વખતે બાર વર્ષનો યોગ આદર્યો હતો."

તિથ્થોગ્ગાલીમાં ભદ્રબાહુના યોગપ્રવેશનો અને યોગસમાપ્તિનો ચોક્કસ સમય જણાવ્યો નથી. તે અનુક્રમે મ. નિ. ૧૫૮ અને ૧૬૬ વર્ષે હોઈ શકે એમ આગળ પર જણાવીશું. આ પછી અંગશ્રુતના વિચ્છેદની અને તેના અનુસંધાન વિગેરેની હકીકત જણાવતાં પઈન્નયકાર કહે છે કેઃ—"બારવર્ષ જેટલો દીર્ઘ સમયી એ દુર્ભિક્ષ વીત્યા બાદ જીવતા રહેલા શેષ સાધુઓ એકબીજાને મળ્યા ત્યારે સમજાયું કે, અંગશ્રુતનું ઓછાવત્તા પ્રમાણમાં દરેકને વિસ્મરણ થઇ ગયું છે, જ્યારે બારમા અંગ તરીકે દૃષ્ટિવાદનું–ચૌદપૂર્વનું શ્રુત તો કોઇનામાં રહ્યું નથી. પરંપરાગત ચાલ્યા આવતા અંગશ્રુતની આ દશા જોઈ શ્રીશ્રમણ–સંઘ પાટલીપુત્રમાં એકઠો થયો. તેણે એકબીજાના અવગત પાઠોનું અનુસંધાન કરી અગીઆર અંગને સંપૂર્ણ રીતે વ્યવસ્થિત કર્યાં, પરંતુ પૂર્વોનું શ્રુત ધરાવનાર કોઇ ન હોવાથી તેને ચૌદપૂર્વોના જ્ઞાતા શ્રીભદ્રબાહુની આવશ્યકતા જણાઈ. આ વખતે ભદ્રબાહુ નેપાલના તલપ્રદેશમાં યોગના અંગભૂત મહાપ્રાણ નામના ધ્યાનની સાધનામાં રોકાયા હતા. શ્રીશ્રમણસંઘે તેમને નિમંત્રણ કર્યું. તેઓએ પ્રથમ તો વાચના આપવાના સંબંધમાં આનાકાની કરી, પણ અંતે શ્રમણસંઘના ખાસ આગ્રહને તાબે થવાની પોતાની ફરજ સમજી શ્રીસ્થૂલભદ્રાદિને સામયિક વાચના દેવાની તેમણે શ્રમણસંઘને કબુલાત આપી. પાંચસો સાધુએ એમની પાસે જઈ રહ્યા. શ્રીભદ્રબાહુએ સામયિક શરતી વાચના આપવા માંડી. એવી રીતે વાચના લેતાં શ્રીસ્થૂલભદ્ર સિવાય અન્ય સર્વ શ્રમણો આળસી ગયા અંતર્મુહૂર્તમાં ચૌદપૂર્વોનું પરાવર્તન કરી શકાય એવી અજબ શક્તિને સમર્પતું શ્રીભદ્રબાહુએ આદરેલું મહાપ્રાણ ધ્યાન જ્યારે સંપૂર્ણ થયું ત્યારે તેમણે શ્રી સ્થૂલભદ્રને શીઘ્રતાથી વાચના દેવી શરૂ કરી. પરંતુ લગભગ દશપૂર્વોનું શ્રુત મળ્યા પછી શ્રી સ્થૂલભદ્રે જ્યારે યક્ષાદિ ભાગની સાધ્વીઓના વંદન પ્રસંગે સિંહના રૂપની વિકુર્વણા કરી ત્યારે એમને આગળ વાચના આપવી બંધ કરી. શ્રી ભદ્રબાહુને લાગ્યું કે, શાજકુલ સરીખા કુલમાં ઉત્પન્ન થનાર અને અપૂર્વ બ્રહ્મચર્યની શક્તિ ધરાવનાર તથા પોતાને મળતા નન્દના માનદ મન્ત્રીપદને તુચ્છ ગણી તેને ફેંકી દેનાર એવી વ્યક્તિ પણ જો પૂર્વોના આગળ પડતા શ્રુતને ન જીરવી શકે તો પછી અન્ય સામાન્ય જનને માટે તો કહેવું જ શું ? આમ છતાં સ્થૂલભદ્રે થઈ ગયેલી પોતાની ભૂલની માફી માગી તથા શ્રી શ્રમણ સંઘે સ્થૂલભદ્રજીને અવશિષ્ટ ચાર પૂર્વની વાચના આપવાનો શ્રી ભદ્રબાહુ સ્વામીને આગ્રહ કર્યો ત્યારે તેમણે અન્ય કોઇને અનુજ્ઞા ન આપવાની શરતે શ્રીસ્થૂલભદ્રને ચાર પૂર્વોની

વાચના આપી." ૯૦

ભગવાન મહાવીરના શાસનમાં અત્યાર સુધી અખંડ પ્રવર્તતો બાર અંગનો પરંપરા પ્રવાહરૂપ વંશ ઉપરોક્ત રીતે વ્યુચ્છેદ પામ્યો, એ હકીકતને મોખરે રાખી ગૌણતરીકે અન્યવંશોના વ્યુચ્છેદને પણ જણાવતા પઇન્નયકાર ઉપરોક્ત 'तं एव०' ગાથાને નોંધે છે. એનો ભાવાર્થ આ પ્રમાણે છે:—

"તે એવી રીતે અંગવંશ, નન્દવંશ અને મરુકવંશ એ સદ્ધ્યાનવંશની સાથે શીઘ્રતાથી પ્રણાશ પામ્યા."

'तं एव०' ગાથા નોંધતાંની પૂર્વે પઇન્નયકારે શ્રીભદ્રબાહુના મુખમાં 'દશ (પૂર્વની) અનુજ્ઞા કરું છું. ચાર (પૂર્વ) પ્રણષ્ટ થતાં જાણી લે.' 'એ કારણથી આઠમા પુરુષ યુગ (મહાવીરથી આઠમા પુરુષ સ્થૂલભદ્ર) ના વારે એકવારનાં ચાર પૂર્વો પ્રણષ્ટ થયાં જાણી લે.' એ પ્રમાણે વચન પુનરુક્તિથી મુકયાં છે. વચ્ચે પ્રસંગોપાત એક ગાથામાં ચૌદ પૂર્વધરના સમયે પારાંચિત અને અનવસ્થિત તપના વ્યુચ્છેદની વાત પણ કરવામાં આવી છે. આ પછી 'तं एव०' ગાથાથી નન્દ, મરુક અને સદ્ધ્યાન એ ત્રણ વંશના વ્યુચ્છેદને કહેવા સાથે અંગવંશના વ્યુચ્છેદને પણ જણાવ્યો છે.

એક લાંબાકાળ સુધી જૈનધર્મની પ્રભાવના કરનાર નન્દોનો રાજવંશ, રાજકુલ સરીખો–દૃઢ જૈનધર્મી મરુક–કલ્પક બ્રાહ્મણનો મન્ત્રીવંશ અને જેના યોગે અંતર્મુહૂર્તમાં ચૌદપૂર્વો ગણી શકાય એવો મહાપ્રાણ નામના ધ્યાનના ધારકોનો સદ્ધ્યાનવંશ, એ ત્રણે જૈનત્વની દૃષ્ટિએ મહત્ત્વના વંશો હતા. આ સર્વથી મહત્ત્વનો વંશ સર્વ અંગશ્રુતના શ્રુતકેવલીઓનો અંગવંશ હતો. અંગ અને અંગી, ધ્યાન અને ધ્યાની એના અભેદ સંબંધથી અંગ અને ધ્યાનને પણ પુરુષપરંપરા રૂપ વંશ તરીકે ગણી તેના નાશનો

(૯૦) રાજેન્દ્રકોશ ભા ૫, પૃ. ૧૩૭૧થી૧૩૭૩ સુધીમાં આ આપેલા ટુંક સારાંશને જણાવતી તિત્થોગાલીની ગાથાઓ નોંધી છે. એ ગાથાઓમાં શતસંખ્યાનો અંક પડતો મુકાયો છે. એમાં કાંઈક અશુદ્ધિ અને ગલતપાઠનું ચિન્હ (......) પણ મુકાયું છે. પ્રથમ ગાથામાં શય્યંભવ, યશોભદ્ર અને સંભૂતિવિજયનું સૂચન કર્યું છે અને તે ગાથાનો અંક '૫' મુકયો છે આ પછી ભદ્રબાહુની વક્તવ્યતા 'सत्तमओ थिरबाहु०'એ '૬' અંકવાળી ગાથાથી શરૂ કરે છે અને તે ૯૩મી ગાથામાં પૂર્ણ થાય છે. આ પછી 'एतेण०' એ ગાથાથી ચાર પૂર્વના વિચ્છેદનું અને अणवट्ठप्पो०' એ ગાથાથી બે પ્રાયશ્ચિત્તના વિચ્છેદનું કથન કરી ૯૬મી ગાથામાં–तं एवमंगवंसो०' ગાથામાં જુદી જ પદ્ધતિથી–પરંપરા પ્રવાહ પ્રણષ્ટ થયો એવી રીતથી ચાર પૂર્વોના વિચ્છેદની વાતનું સૂચન કર્યું છે. આ પછી પ્રથમ દશપૂર્વધર અને અંતિમ દશપૂર્વધરનું સૂચન કરતી તથા દશપૂર્વના વ્યુચ્છેદકાલને જણાવતી બે બે ગાથાઓ ટાંકી એ ગાથાઓનો અંક ૧૦૦ સુધી લઇ જવાયો છે. આ ગાથાઓમાં ૩૬ થી ૬૩ સુધીની ગાથાઓ ભાગ-૪, પૃ. ૨૪૧૫ માં 'थूलभद्द' શબ્દમાં નોંધાઇ ગયેલી હોવાથી અહિં પડતી મુકી છે.

ઉપરોક્ત ગાથામાં ઉલ્લેખ કર્યો છે, અને સાથે સાથે નન્દ અને મરુક–કલ્પક બ્રાહ્મણ-વંશના થોડાં વર્ષો પૂર્વે થયેલા નાશની ત્યાં પ્રાસંગિક નોંધ લખી છે. એ ચારે વંશો ક્યારે નાશ પામ્યા તેનો સમય નક્કી કરવામાં તિત્થોગ્ગાલીના ચોક્કસ વર્ષ જણાવનારા સ્પષ્ટાક્ષરો નથી પણ 'तं एवं॰' ગાથાથી ધ્વનિત થાય છે કે, શ્રી ભદ્રબાહુ સ્વર્ગસ્થ થયા તે પહેલાંનાં વર્ષોમાં એ ચાર વંશો નાશ પામ્યા હતા, અથવા ભદ્રબાહુ સ્વર્ગસ્થ થયા ત્યારે નાશ પામ્યા હતા, પરંતુ તે પછી કાલાંતરે તો નહિ જ.

શ્રીભદ્રબાહુ મ. નિ. ૧૭૦ વર્ષે સ્વર્ગસ્થ થયા હતા એમાં જૈન સાહિત્ય એકમત છે. એટલે ઉપરોક્ત ચાર વંશના નાશનો સમય મ. નિ. ૧૭૦ વર્ષે ભદ્રબાહુ સ્વર્ગસ્થ થયા ત્યારે અથવા મ. નિ. ૧૭૦ વર્ષ પહેલાંનો હતો એમ નક્કી થાય છે. શ્રીભદ્રબાહુએ સ્થૂલભદ્રને આઠ વર્ષમાં આઠ પૂર્વ ભણાવ્યાં હતાં એમ શ્રી હેમચંદ્રસૂરિ વિગેરેનું કહેવું છે. મહાપ્રાણ ધ્યાનના કારણે અલ્પવાચના અપાતી હોવાથી આઠ વર્ષ જેટલો સમય લાગ્યો હોય એ સંભવિત છે. આ પછી નવમા પૂર્વની અને બે વસ્તુ ઓછા દશમા પૂર્વની વાચના દેવામાં શીઘ્રતાને લઈ ઓછો સમય લાગ્યો હશે તથા વાચના આપવાનું બંધ કર્યા પછી પણ શ્રીભદ્રબાહુ થોડો સમય જીવિત રહ્યા હશે, તો પણ તે સમય આશરે બે વર્ષ જેટલો હશે જ. એમ આઠ અને બે વર્ષ મળી એકંદરે દશ વર્ષ, શ્રીભદ્રબાહુ ૧૭૦ વર્ષે સ્વર્ગસ્થ થયા તેમાંથી બાદ કરતાં મ. નિ. ૧૬૦ વર્ષે દુર્ભિક્ષનો અંત અને વાચનાપ્રદાનની શરૂઆતનો સમય આવે છે. આ પછી આઠ વર્ષે મહાપ્રાણ સદ્ધ્યાનની સમાપ્તિ થઈ હતી એમ કહેવાયું છે, એટલે તે સમય મ. નિ. ૧૬૮ વર્ષે આવ્યો અને એ ધ્યાન બાર વર્ષનું હતું, એટલે ૧૬૮માંથી બાર વર્ષ બાદ કરતાં આશરે ૧૫૬ વર્ષે એ ધ્યાનની શરૂઆત થઈ હશે, કે જ્યારે તેમને યુગપ્રધાનપદ પર આવ્યાને ઝાઝો સમય વીત્યો નહિ હશે. વળી દુર્ભિક્ષના અંતનો સમય મ. નિ. ૧૬૦ વર્ષે સાબીત થાય છે તેથી એ બાર દુકાળીનો આદિ સમય મ. નિ. ૧૪૮ વર્ષે હોવો જોઈએ. આ બનાવોની સાલવારી આ પ્રમાણે બને;—

મ. નિ. ૧૪૮ વર્ષે દુર્ભિક્ષપ્રારંભ, સંભૂતિવિજય યુગપ્રધાનપદે.

મ. નિ. ૧૫૫ વર્ષે નન્દવંશ ને કલ્પકવંશનો અંત(હેમચંદ્રાદિમતે)

મ. નિ. ૧૫૬ વર્ષે ભદ્રબાહુ યુગપ્રધાનપદે, મહાપ્રાણ સદ્ધ્યાનારંભ.

મ. નિ. ૧૬૦ વર્ષે દુર્ભિક્ષાંત, ભદ્રબાહુથી વાચનાપ્રારંભ.

મ. નિ. ૧૬૮ વર્ષે મહાપ્રાણ સદ્ધ્યાનાંત, શીઘ્રતાથી વાચના.

મ. નિ. ૧૬૯ વર્ષે (આશરે) અનુજ્ઞા ન કરવાની શરતે વાચના.

મ. નિ. ૧૭૦ વર્ષે ભદ્રબાહુસ્વર્ગવાસ, અંગવંશનાશ અને સદ્ધ્યાનવંશનાશ (સર્વમતે) તથા નન્દવંશનાશ અને કલ્પકવંશનાશ (તિત્થોગ્ગાલીમતે)

ઉપર આપેલી સાલવારીમાં શ્રીહેમચંદ્રાદિના કથનાનુસાર નન્દવંશ અને મરુકવંશના નાશનો સમય ૧૫૫ નોંધ્યો છે અને મહાપ્રાણ-સદ્ધ્યાનના ધારકના વંશનો નાશ ૧૭૦ નોંધ્યો છે. આ બન્નેની વચ્ચે ૧૫૦૮ રીતે ૧૫ વર્ષનું અંતર છે છતાં તિત્થોગ્ગાલીની 'तं एवं०' ગાથામાં એ ચારે વંશનો નાશ સમકાલીન નોંધ્યો છે, તેથી તે મ. નિ. ૧૭૦ વર્ષે આવી પડતા નન્દવંશના અને કલ્પક વંશના નાશનો ઉલ્લેખ હેમચંદ્રાદિ આચાર્યોના ઉલ્લેખોથી વિરુદ્ધ જાય છે. સંભવ છે કે, એ ચારે વંશનો નાશ समयं-સાથે ન થયો હોય તો પણ ભદ્રબાહુના યુગની અપેક્ષાએ સામાન્ય દૃષ્ટિએ समयं કહેવાયો હોય અથવા તો બૌદ્ધગ્રંથોમાં નન્દોનાં ૨૨ વર્ષ લખાયાં છે, તેમાંનાં ૧૪ વર્ષ રાજગૃહીમાં માંડલિક રાજા તરીકે નન્દોનાં-છેલ્લા નન્દનાં હોવાં જોઈએ, એમ હું પૂર્વે કહી ગયો છું,[૯૧] તે પ્રમાણે ૧૫૫+૧૪=૧૬૯ વર્ષે નન્દવંશનો સર્વથા નાશ તિત્થોગ્ગાલીની ગાથાએ ગણ્યો હોય. શ્રીયક પછી કોઈક કલ્પકવંશી પુરુષ રાજગૃહીમાં નન્દનું મન્ત્રીપણું કરતો હોય તો પણ ના નહિ. નન્દવંશ સમાપ્ત થતાં શ્રીયક પછીના એ કોઈ કલ્પકવંશીએ દીક્ષા લીધી હોય ને તેનો વંશ પણ ત્યારે સમાપ્ત થયો હોય એ બનવા જોગ છે.

રાજેન્દ્રકોશમાં 'तित्थोग्गालिय'ની નોંધાયલી ગાથાઓમાં એક ગાથા આ પ્રમાણે છેઃ—

पुव्वाणं अणुओगो, संघयणं पढमं च संठणणं ॥
सुहुममहापाणाणि य, वोच्छिन्ना थूलभद्दम्मि ॥

આ ગાથાનો ભાવાર્થ એ છે કે; શ્રીસ્થૂલભદ્રથી એટલે તેઓ યુગપ્રધાનપદ પર આવ્યા ત્યારથી પૂર્વોનો-સંપૂર્ણ અંગશ્રુતનો અનુયોગ, પ્રથમ સંઘયણ અને પ્રથમ સંસ્થાન તથા સૂક્ષ્મ મહાપ્રાણ (ધ્યાન) એ ચારનો વ્યુચ્છેદ થયો. આ ગાથામાં 'तं एवं०' ગાથામાંની બે બાબતો-અંગનાશ અને ધ્યાનનાશ; એનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સંપૂર્ણ અંગશ્રુત અને મહાપ્રાણધ્યાન એ બહુ જ મહત્વનાં હતાં, અને તેથી તેનો નાશ એ ધ્યાન ખેંચનારો હોઈ તિત્થોગ્ગાલીએ 'पुव्वाणं०' અને 'तं एवं०' એ બે ગાથાઓ સંગ્રહી છે. આમ છતાં 'तं एवं०' ગાથાનું પ્રથમ ચરણ 'ता एवं सगवंसो०' એવી રીતે લખી આ ગાથાને રાજવંશોની સમાપ્તિ સૂચક કહી એક લેખક એનો અર્થ ભિન્ન જ રીતે કરે છે. તેઓ આ ગાથામાં અંગવંશના નાશની વાત કરવામાં આવી છે તેને, સર્વથા અસંગત શકવંશના નાશના નામે ચઢાવી દે છે. તથા 'मरुय'નો અર્થ મૌર્ય કરે છે.[૯૨] અધુરા વ્યાખ્યાનને લીધે કે અન્ય ગમે તે કારણે હું આ લેખક

(૯૧) પૃ. ૪૫

(૯૨) ચાર પૂર્વોનો નાશ અને તેની સાથે સદ્ધ્યાનનો નાશ, એ કથનના પ્રકરણ સાથે શકોના નાશનો કોઈ પ્રસંગ જ નથી. તો પછી 'तं एवमंगवंसो' એ ચરણમાંના 'म' ના સ્થાને 'स' ની કલ્પના જ કરવી નકામી છે, લખેલી કોઈ પ્રતમાં 'मं' ન હોતાં 'म' હોય તો પ્રકરણ વશાત્ તેને અશુદ્ધ માનવું જોઈએ. મને નથી લાગતુ કે 'अंगवंश' એવો શબ્દ માનવામાં કોઈ આપત્તિ આવી પડતી હોય. રાજ્યશાસન કરનારાઓના માટે પરંપરાથી ઉત્પત્તિપ્રવાહમાં જેમ વંશ શબ્દ વપરાય છે અથવા તો સંતાનમાં

મહાશયના કથનને સમજી શકતો નથી. પ્રકરણવશાત્ એ ગાથામાં અંગશ્રુતનો નાશ, એ યુગમાં થયેલો નન્દવંશનો તથા કલ્પકવંશનો નાશ અને અંગશ્રુતના નાશની સાથે થયેલો સદ્ધ્યાનનો નાશ એ ચાર બાબતોનો જ ઉલ્લેખ કરાયો છે. એમ મારી સમજ હોઇ, મ. નિ. ૧૫૫ વર્ષે નંદ રાજ્યનો અંત આવ્યો હતો એ વાતને तं पव० ગાથાથી હું સમર્થન કરી રહ્યો છું.

તિથ્થોગ્ગાલીએ શ્રીભદ્રબાહુના યુગની આદિની લગભગથી તેના અંત સુધીમાં બનેલા બનાવોને જણાવનારો જે ગાથા સંગ્રહ કર્યો છે તેમાં નન્દવંશાદિના નાશને જણાવનારી 'तं पव०' એ ગાથાને સંગ્રહી છે. એ સંગ્રહિત ગાથાઓમાં 'जं रयणिं०' વિગેરે કાલગણનાની ગાથાઓ પણ છે એમાં 'बलमित्त०' એ ત્રીજી ગાથાનો ઉત્તરાર્ધ શ્રી મેરુતુંગાચાર્યે નોંધેલી કાલગણનાની ત્રીજી ગાથાના ઉત્તરાર્ધથી શાબ્દિક અને આર્થિક ફેરફારવાળો છે, પરંતુ તે પૂર્વેની અઢી ગાથા શાબ્દિક ફેરફારવાળી છે, પણ તેમાં આર્થિક ફેરફાર નથી. 'पणवन्न सयं तु होइ णंदाणं' એના સ્થાને તિથ્થોગ્ગાલીમાં पणपण्णसयं वियाणि णंदाणं' એવો પાઠ છે. આ ચરણનો અર્થ 'નંદોનું રાજ્ય ૧૫૫ વર્ષ સુધી હતું" એવો કરવાને એ જ તિથ્થોગ્ગાલીની 'तं पव०' ગાથા સ્પષ્ટરીતે સૂચન કરી રહી છે. એ વખતે એવો જ સંપ્રદાય હશે અને તે વધારે વ્યાપક પણ હશે, એમ અનુમાન થાય છે. નન્દોએ ૧૫૫ વર્ષ રાજ્ય કર્યું એવો સીધો અર્થ કરનાર સંપ્રદાય આ પછીથી જ જન્મી કાલાન્તરે વધારે વ્યાપક બન્યો હશે એમ લાગે છે. અહિં સુધી ઉલ્લેખેલાં સાધનો ઉપરાંત અન્ય પણ એવાં કેટલાંક સાધનો છે કે જેથી નન્દોનું રાજ્ય મ. નિ. ૧૫૫ સુધી હતું, નહિ કે મ. નિ. ૨૧૫ સુધી, એમ સમજી શકાય. એ અન્ય સાધનોનો ઉલ્લેખ અમુક અવસરે આગળ પર કરવામાં આવશે.

આ વિષયમાં એમ પણ કલ્પના કરી શકાય કે, કાલગણનાની બીજી અને ત્રીજી ગાથા શરૂઆતમાં નીચે પ્રમાણે રચાયલી હોવી જોઈએઃ—

---

વંશ શબ્દ વપરાય છે, તેમ અંગોના અનુયોગ કરનારાઓના માટે વંશ શબ્દ યોજવામાં કાંઇ બાધ નથી. અત્યારસુધી સંપૂર્ણ અંગશ્રુતનો અનુયોગ પરંપરાગત ચાલુ હતો તે, પૂર્વોનો અમુક ભાગ વિચ્છેદ જવાથી અને પૂર્વો એ અંગશ્રુતમાં જ હોવાથી, બંધ પડતાં એમ કહેવાય કે અંગધારકોનો વંશ નષ્ટ થયો, અને આ અંગધારકોના વંશના નાશને અભેદ વિવક્ષાથી અંગવંશના નાશ તરીકે જો લખવામાં આવે તો તેમાં કાંઇ બાધ નથી

'मुरिय' શબ્દનો અર્થ મૌર્ય થાય પણ 'मरुय' શબ્દનો અર્થ મૌર્ય થઇ શકે જ નહિ આ શબ્દનો અર્થ રાજેન્દ્રકોશમાં આવી રીતે કર્યો છેઃ—

**मरुय-मरुक. विप्रे. जीत० आ०चू० आ०म० नि०चू० पा०॥ मरुग-मरुक. ब्राह्मणे बृ-१, उ०२ प्रक० धिग्वर्णे दश० ९ अ० ४ उ०॥**

અહિં પ્રકરણવશાત્ નોંધાયલો વિપ્રવંશ, એ કલ્પકવંશ જ હોઇ શકે 'तंपव' ગાથામાં એના નાશની જ નોધ છે. મૌર્ય વંશના નાશનો અહિં કોઇ પ્રસંગ જ નથી.

"सट्ठी पालगरन्नो, पणउण सयं तु होइ णंदाणं ।
सट्ठीसयं मुरियाणं, तीसच्चिय पूसमित्ताणं ॥
बलमित्त भाणुमित्ता-ण अट्ठवरिसाणि चत्त नहवहणे
तह गद्दभिल्लरज्जं, तेरसवासे सगस्स चउ ॥"

(આ ગાથાનો ભાવાર્થ એવો છે કે, પાલકરાજાનું ૬૦, નન્દોનું ૯૫, મૌર્યોનું ૧૬૦, પુષ્યમિત્રોનું ૩૦, બલમિત્ર-ભાનુમિત્રનું ૮, નભોવાહનનું ૪૦, ગર્દભિલ્લનું ૧૩ અને શકનું ૪ વર્ષ રાજ્ય હતું.)

આ ગાથાઓ આવી રીતે રચાયલી હોવા છતાં પાછળથી લેખક દોષે કે અન્ય ગમે તે કારણે એમાં અશુદ્ધિ પ્રવેશ પામી, જેવા રૂપમાં અત્યારે તે ગાથાઓ મળી આવે છે તેવા રૂપમાં બની ગઇ. પરિણામે એ ગાથાઓનો સીધો આવી પડતો અર્થ સ્વીકારનાર ચાલુ સંપ્રદાયને પ્રાચીન સંપ્રદાય, કે જેને હિમવદાદિ આચાર્ય અનુસર્યા છે, તેની સાથે મતભેદ પડી ગયો, અને કેટલીક અસંગતિ વ્હોરી લેવી પડી.

હિમવંત થેરાવલી વિગેરેના આધારે ઉપરોક્ત રીતે કાલગણનાની ગાથાઓમાં શુદ્ધતા અશુદ્ધતાની કલ્પના કરીએ તો તેમાં અયુક્ત જેવું નથી, પરંતુ કલ્પેલો શુદ્ધ પાઠ કોઇપણ સ્થળે લખેલો-પાઠાન્તર તરીકે પણ જોવામાં ન આવે ત્યાં સુધી, તે મનસ્વી જ કલ્પના છે. પહેલાં શુદ્ધપાઠ જુદી રીતે હતો, પણ પાછળથી તે અશુદ્ધ બની જુદી રીતે થયો એવી વાત કરનારની વિરુદ્ધમાં, સર્વત્ર મળી આવતો એક સરખો પાઠ પોતે જ વિરોધ ઉઠાવી રહ્યો છે; અને તેથી એ ગાથાના અસંગત જણાતા પાઠ માટે બે જ વાત રહે છે. કાંતો એ પાઠ મૂળથી જ અસંગત રચાયો છે; અથવા તો એ અસંગત જણાતા પાઠનો અર્થ ચાલુ સંપ્રદાય જે અભિપ્રાયથી કરે છે તેથી ભિન્ન અભિપ્રાયે થતો હોઇ સંગત જ છે. એ પ્રાચીન પાઠને અસંગત જ માનવા કરતાં ગમે તે રીતે તેને સંગત કરવો. એ જ ઉચિત છે. નન્દોના રાજ્યાંત સમય વિષે ઈતિહાસના ગ્રંથોમાં મતભેદ હતો. એને માટે ચોક્કસ સમય જણાવવો હોય ને સાથે તેમનો રાજત્વકાલ પણ સૂચવવો હોય તો, સંક્ષિપ્તરુચિ સૂત્રકાર '૧૫૫ સુધી' એવા સાભિપ્રાયવાળું સંક્ષિપ્તસૂત્ર 'पणवन्न सयं' જ લખે, કે જેથી બંને અર્થ સરે. અસ્તુ, નન્દોએ મ. નિ. ૬૦ થી ૧૫૫ સુધી ૯૫ વર્ષ મગધ સામ્રાજ્ય ભોગવ્યું, તે દરમીયાન અવન્તિના અધિપતિઓ એક સરખી રીતે તેઓ જ હતા. હવે મગધસામ્રાજ્ય નન્દવંશના હાથમાંથી મૌર્યવંશના હાથમાં જતાં અવન્તિના અધિપતિઓ પણ મૌર્યો જ થયા, આથી હવે કાલગણનાની ગાથાઓ તેમના જ અવન્તિના આધિપત્ય કાલને નોંધે છે, કે જે નોંધ આજકાલના સંશોધકોમાં બહુ જ અસંગત અને વિવાદાસ્પદ થઇ પડી છે. અવન્તિના અધિપતિ એ મૌર્યોના વંશ વિષે હવે આપણે લખીએ.

## પરિશિષ્ટ ૧

પુરાણો અને બૌદ્ધગ્રંથોની વંશાવલીમાંના વંશક, અને ઉદાયી પછીથી લઈ નવમ નન્દ પૂર્વેના નન્દિવર્ધન અને નાગદાસક આદિ રાજાઓને રાજગૃહીના રાજાઓ તરીકે આલેખી જૈન, બૌદ્ધ અને પૌરાણિક ઉલ્લેખોનો સમન્વય સાધવા પ્રયત્ન થઇ જ ચૂકયો છે. આ પરિશિષ્ટમાં એ રાજાઓને પાટલીપુત્રના સમ્રાટો તરીકે જ માની સમન્વય સાધતાં કેવી સ્થિતિ ઉભી થાય છે તેનો ખ્યાલ આપવા પ્રયત્ન કરીશ.

વિ. સં. પૂ. ૪૧૦, ઇ. સ. પૂ ૪૬૭ વર્ષે મહાવીરનું નિર્વાણ થયું હતું. તે પછી ૭ વર્ષે એટલે મ. નિ. ૭ (વિ. સં. પૂ. ૪૦૩, ઇ. સ. પૂ ૪૬૦) વર્ષે બુદ્ધનું પરિનિર્વાણ (મૃત્યુ) અને તે પૂર્વે ૧૫ કે ૧૭ વર્ષે એટલે મ. નિ. પૂ ૧૫ કે ૧૭ (વિ. સં પૂ.૪૨૫ કે ૪૨૭, ઇ. સ. પૂ. ૪૮૨ કે ૪૮૪) વર્ષે બુદ્ધનું નિર્વાણ (કૈવલ્ય) થયું હતું, એમ આ લેખની માન્યતા છે. સીલોન, બર્મા, સિયામ અને આસામના રાજગુરુઓ આ લેખમાંના નિર્વાણના સમયે પરિનિર્વાણને માની નિર્વાણના સમયને ૨૨ કે ૨૪ વર્ષ તેથી પૂર્વે લઇ જાય છે. બૌદ્ધગ્રંથોના આધારે એ પરિનિર્વાણના સમયનો ઇ. સ. માં. આંક મુકતાં સંશોધકો ભિન્ન ભિન્ન મતે ચઢી ગયા છે. જૈનોના ચાલુ સંપ્રદાય પ્રમાણે કાલગણનામાં ૬૦ વર્ષ વધારે હોતાં મહાવીર-નિર્વાણ ઇ. સ. પૂ. ૫૨૭ આવે અને તેથી ૧૫ કે ૧૭ વર્ષ પૂર્વે બુદ્ધપરિનિર્વાણ માનતાં બુદ્ધપરિનિર્વાણ ઈ. સ. પૂ. ૫૪૨ કે ૫૪૪ આવે પરંતુ આ લેખમાં એ વધારાનાં ૬૦ વર્ષ ગણવામાં આવતાં ન હોવાથી મહાવીરનિર્વાણ ઇ સ. પૂ ૪૬૭ વર્ષે અને તેથી ૧૫ કે ૧૭ વર્ષ પૂર્વે એટલે ઇ. સ. પૂ. ૪૮૨ કે ૪૮૪માં બુદ્ધપરિનિર્વાણ આવે. બૌદ્ધસાહિત્યમાં અજાતશત્રુ (કોણિક)ના રાજ્યાભિષેકના આઠમા વર્ષે બુદ્ધનું પરિનિર્વાણ થયું હતું, એમ કહેવાયું છે. આ હિસાબે અજાતશત્રુનો રાજ્યાભિષેક મહાવીરના નિર્વાણથી પૂર્વે ૨૩ કે ૨૫મા વર્ષમાં એટલે વિ. સં. પૂ. ૪૩૩ કે ૪૩૫, ઇ. સ. પૂ. ૪૯૦ કે ૪૯૨માં આવે. અજાતશત્રુના રાજ્યાભિષેકની સાલ અને બુદ્ધપરિનિર્વાણની સાલ, એ બે બૌદ્ધવંશાવલીના રાજત્વકાલના માપનું કેન્દ્ર છે. એમાં અજાતશત્રુના રાજ્યાભિષેકની સાલથી બૌદ્ધવંશાવલી આ પ્રમાણે છે:—

| પાટલીપુત્રના સમ્રાટો (૧૭૦ વર્ષ) | રાજ્યવર્ષ | ચાલુવર્ષ | ગતવર્ષ | વિ.સં.પૂર્વેગત | ઇ.સ.પૂર્વે |
|---|---|---|---|---|---|
| અજાતશત્રુ | ૩૨ | બુ.સં.પૂ.૮—બુ.સં.૨૪ | મ.નિ પૂ.૨૫—મ.નિ.૭ | ૪૩૫–૪૦૩ | ૫૯૧–૪૬૦ |
| ઉદયભદ્ર | ૧૬ | ૨૪–૪૦ | ૭–૨૩ | ૪૦૩–૩૮૭ | ૪૬૦–૪૪૪ |
| અનુરુદ્ધ–મુણ્ડ | ૮ | ૪૦–૪૮ | ૨૩–૩૧ | ૩૮૭–૩૭૯ | ૪૪૪–૪૩૬ |
| નાગદાસક | ૨૪ | ૪૮–૭૨ | ૩૧–૫૫ | ૩૭૯–૩૫૫ | ૪૩૬–૪૧૨ |
| સુસુનાગ | ૧૮ | ૭૨–૯૦ | ૫૫–૭૩ | ૩૫૫–૩૩૭ | ૪૧૨–૩૯૪ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| કાલાસોક | ૨૮ | ૯૦–૧૧૮ | ૭૩–૧૦૧ | ૩૩૭–૩૦૯ | ૩૯૪–૩૬૬ |
| કાલાસોકપુત્રો | ૨૨ | ૧૧૮–૧૪૦ | ૧૦૧–૧૨૩ | ૩૦૯–૨૮૭ | ૩૬૬–૩૪૪ |
| નવનન્દ | ૨૨ | ૧૪૦–૧૬૨ | ૧૨૩–૧૪૫ | ૨૮૭–૨૬૫ | ૩૪૪–૩૨૨ |
| ચંદ્રગુપ્ત | ૨૪ | ૧૬૨–૧૮૬ | ૧૪૫–૧૬૯ | ૨૬૫–૨૪૧ | ૩૨૨–૨૯૮ |
| બિન્દુસાર | ૨૮ | ૧૮૬–૨૧૪ | ૧૬૯–૧૯૭ | ૨૪૧–૨૧૩ | ૨૯૮–૨૭૦ |
| અશોક (અનભિષિક્ત) | ૪ | ૨૧૪–૨૧૮ | ૧૯૭–૨૦૧ | ૨૧૩–૨૦૯ | ૨૭૦–૨૬૬ |
| અશોક | ૩૭ | ૨૧૮–૨૫૫ | ૨૦૧–૨૩૮ | ૨૦૯–૧૭૨ | ૨૬૬–૨૨૯ |

ઉપરોક્ત વંશાવલીમાં અજાતશત્રુના આઠમા વર્ષમાં બુદ્ધપરિનિર્વાણ મનાયું છે. બુદ્ધપરિનિર્વાણથી ૯૦ વર્ષે કાલાસોકનો રાજ્યારંભ છે. એના રાજ્યનાં ૧૦ વર્ષ વીતતાં બૌદ્ધધર્મની બીજી સમિતિ ભરાયાનો ઉલ્લેખ છે. તે વખતે બરાબર ૧૦૦ વર્ષ વીત્યાં હતાં આમાં ચન્દ્રગુપ્તનો રાજ્યાભિષેક અને અશોકનો રાજ્યાભિષેક બુદ્ધ પરિનિર્વાણથી અનુક્રમે ૧૬૨ અને ૨૧૮ વર્ષમાં આવે છે એ બૌદ્ધ ઉલ્લેખો પ્રમાણે બંધ બેસતા છે. શ્રેણિકના રાજ્યાભિષેકથી અશોકના રાજ્યના અંતનુ અંતર અહિં ૨૫૫ + ૫૨ = ૩૦૭ વર્ષ આવે છે. પણ અશોકનો મૃત્યુ સમય તેના રાજ્યના અંત પછી ૪ વર્ષ વધારે લંબાવીએ અને એ અંતર શ્રેણિકનો રાજ્યાભિષેક અને અશોકનો મૃત્યુસમય એ બે વચ્ચેનું ગણીએ તો ૩૧૧ વર્ષ થાય કે જે બૌદ્ધ ઉલ્લેખની સાથે બંધ બેસે. આમ દક્ષિણના બૌદ્ધોને અનુસરતા બૌદ્ધગ્રંથોની માન્યતાનુ સમર્થન ઉપરોક્ત વંશાવલીમાં રીતસર થાય છે. જે સમયે બુદ્ધનું પરિનિર્વાણ માનવામાં આવે છે તે પરિનિર્વાણનો સમય નહિ, પરંતુ નિર્વાણનો છે. અને પરિનિર્વાણ તો તેથી ૨૪–૨૫ વર્ષ પછી થયું છે.એ પાછળના સમયથી જ ૭ વર્ષ પૂર્વે અજાતશત્રુ ગાદીએ આવ્યો હતો, એમ જો માનવામાં આવે તો તેથી પણ આ વંશાવલીમાં અસંગતિ આવી પડતી નથી, કેમકે તેણે જે સમયે અજાતશત્રુનો રાજ્યાભિષેક થયો તે અચોક્કસ સમયને જ અનુલક્ષી વંશાવલી નોંધી છે. જો કે ચોક્કસ મનાયલા સંવતની ચોક્કસ સાલવાળી હકીકતની સાથે તેનો મેળ ન મળી શકે એ એક જુદી વાત છે. ઉદાહરણ તરીકે:—આ લેખમાં ઇ. સ. પૂર્વે ૪૬૭ વર્ષે મહાવીર નિર્વાણ માની તેથી ૧ વર્ષ પૂર્વે એટલે ઇ. સ. પૂ. ૪૬૮ વર્ષે અજાતશત્રુનો રાજ્યાભિષેક ગણ્યો છે, અને મ. નિ. થી ૬૦ વર્ષે ઉદાયીનો રાજ્યાંત માની તેનો સમય અજાતશત્રુના રાજ્યાભિષેકથી ૬૧ વર્ષે ગણ્યો છે. આ હિસાબે ઉદાયીનો રાજ્યાંત ઈ. સ. પૂ ૪૦૭ (૪૬૭ + ૧ = ૪૬૮–૬૧ = ૪૦૭) વર્ષે આવે. હવે બૌદ્ધવંશાવલીમાં અજાતશત્રુના રાજ્યાભિષેકથી ઉદાયીનો રાજ્યાંત ૪૮ વર્ષે કહ્યો છે તે ઈ. સ. પૂ. ૪૦૭માં લાવવો હોય તો અજાતશત્રુનો રાજ્યાભિષેક ઇ. સ. પૂ ૪૫૫ વર્ષે માનવો જોઇએ અથવા ઉદાયીના રાજ્યાંતથી અજાતશત્રુનો રાજ્યાભિષેક ૪૮ વર્ષ પુર્વે લાવવો હોય તો ઉદાયીનો રાજ્યાંત ઇ. સ. પૂ ૪૨૦માં લઇ જવો જોઇએ, અને આ રીતે જ આ લેખની ગણનાનો બૌદ્ધવંશાવલી સાથે મેળ મળે, પરંતુ આ લેખની ગણના ચોક્કસ સાલવારીથી બંધાયલી હોઇ તે તેમ ન કરી

શકતી હોવાથી તેનો બૌદ્ધવંશાવલી સાથે મેળ મળે જ નહિ. ઉપરોક્ત ગણના જૈનગણનાથી ૨૪ વર્ષ પૂર્વે શરૂ થતી હોવાથી તેને જૈનગણના સાથે મેળવવાનું અશક્ય છે.

હવે આ વંશાવલીની સાથે પુરાણો કયાં સુધી સમન્વિત થાય છે તે જોવું જોઇએ.

પુરાણોના વંશક રાજાનાં ૨૪ વર્ષ છે. અને બૌદ્ધવંશાવલીના નાગદાસકનાં પણ ૨૪ વર્ષ છે. તેથી તે બન્ને ભિન્ન વ્યક્તિ નથી. આ નાગદાસક પછી સુસુનાગ છે તેને નન્દિવર્ધન–નન્દ પહેલો ગણવો. આ પછી આવનારો કાલાસોક એ મહાપદ્મ–બીજા નન્દથી ભિન્ન નથી. પુરાણોમાં મહાપદ્મનાં ૮૮ વર્ષ લખ્યાં છે પણ તે દેખીતી રીતે વધારે હોઇ ભ્રમાત્મક છે. ખરી રીતે તે ૨૮ વર્ષ હોવાં જોઇએ, જે કાલાસોકની સાથે સંગત છે. કાલાસોક પછી તેના પુત્રો બૌદ્ધવંશાવલીમાં લખાયા છે તે મહાપદ્મના પુત્રો—નન્દ ત્રીજાથી આઠ સુધીના છે. કાલાસોકના પુત્રો પછી નવનન્દ એ તો બૌદ્ધ અને પૌરાણિક વંશાવલીમાં એક જ નામે છે. હવે એક રહ્યો મહાનન્દી તે, સુસુનાગ–નન્દિવર્ધન, કાલાસોક–મહાપદ્મ અને ધનનંદ–નવમ નન્દ, આમાંના ગમે તે એકથી ભિન્ન ન હોવો જોઇએ.

આ ઉપરોક્ત પ્રકારથી સમન્વય કરવાની એક રીત છે, જ્યારે બીજી રીત આ પ્રમાણે છે:—

પુરાણોના વંશક રાજાને અમે ત્યાંનો રાજા માની પાટલીપુત્રના સિંહાસને ગણવો જ નહિ અને નાગદાસક એ નન્દિવર્ધન–નન્દ પહેલો ગણવો. નાગદાસકનાં ૨૪ વર્ષના બદલે નન્દિવર્ધનનાં ૪૨ વર્ષ ગણ્યાં છે તેથી પુરાણોએ ૧૮ વર્ષ રાજત્વકાલવાળા સુસુનાગને પડતો મુકી તેનું નામ લખ્યું નથી. નહિતર સુસુનાગ એ બીજો નન્દ હોઈ તે મહાનન્દી હશે. આ પછીનો કાલાસોક એ મહાપદ્મ–નન્દ ત્રીજો અને કાલાસોકના પુત્રો એ મહાપદ્મના પુત્રો–નંદ ચોથાથી આઠ સુધીના નન્દો જ છે આ પછી બન્ને વંશાવલીઓમાં નવનન્દ લખ્યા છે તે નવમો નન્દ બૌદ્ધોનો ધનનન્દ સમજવો.

જૈનગ્રંથો તો નન્દોનાં નામ અને તેમનો રાજત્વકાલ લખતાં જ ન હોવાથી બૌદ્ધવંશાવલીમાં તેમને નામાદિ ભેદથી પુરાણવંશાવલીના રાજાઓની જેમ જ ગણી લેવા. ત્યાં–પુરાણવંશાવલીમાં અનુરૂદ્ધ–મુણ્ડ લખવામાં આવ્યા નથી, તેમનો ૮ વર્ષનો રાજત્વકાલ અને નાગદાસકનાં ૫ વર્ષ, એમ ૧૩ વર્ષ ઉદાયીમાં ગણી લીધાં છે તે ઉદાયીના ૨૯માંથી કાઢી નાંખવાં એટલે બૌદ્ધવંશાવલીની સાથે જૈન ઉલ્લેખોનો પણ સમન્વય થઇ જશે.

ભિન્ન–ભિન્ન સંશોધકોના ઉલ્લેખોને ધ્યાનમાં લઇ આ સમન્વય સાધવા મેં પ્રયત્ન કર્યો છે, પણ તે વ્યર્થજ પ્રયત્ન છે. એવો સમન્વય સાધતાં જાણતાં કે અજાણતાં કેટલીક અસત્ય હકીકતોમાં દોરવાઇ જવું પડે છે. અને કેટલીક સત્ય હકીકતોને છોડી દેવી પડે છે.

અજાતશત્રુના રાજ્યાભિષેકથી આઠમા વર્ષે બુદ્ધપરિનિર્વાણ થયું એમાં બૌદ્ધગ્રંથો એકમત નથી. નવનન્દોનો રાજત્વકાલ ફક્ત ૨૨ વર્ષ લખાયો છે તે કોઇ રીતે વાજબી નથી. ત્યાં બહુવચન વપરાયું હોવાથી અને નવમા ધનનંદને ઉલ્લેખેલો હોવાથી મહાવંશની માન્યતામાં નવ સંખ્યામાં જ નન્દો છે, તેથી કોઈ 'નવો નન્દ' એવી કલ્પના કરે તો તેને સ્થાન નથી. ફક્ત ૨૨ વર્ષ રાજત્વકાલની અવધિવાળા નન્દો ઇતિહાસમાં બહુ જ પ્રસિદ્ધ

છે, તો પછી મહાવંશ પ્રમાણે નન્દોથી ભિન્ન અને ૧૦૦ વર્ષ રાજત્વકાલવાળા, અનુરૂદ્ધ–મુણ્ડથી લઈ કાલાસોકના પુત્રો સુધીના મગધ સામ્રાજ્ય જેવા સામ્રાજ્યના રાજકર્તાઓ શા માટે બૌદ્ધગ્રંથો સિવાય અન્યત્ર પ્રસિદ્ધ નથી? તેનું કારણ, તેઓ પાટલીપુત્ર સિવાય અન્ય સ્થળના–વૈશાલી કે રાજગૃહીના માંડલિક રાજકર્તાઓ હશે, તે સિવાય બીજું સંભવિત નથી. નાગદાસક એ ઉદાયી પછીનો રાજા છે એમ બૌદ્ધગ્રંથો કહે છે, તેને પુરાણો પ્રમાણે ઉદાયીની પહેલાંના વંશક સાથે કેવલ રાજત્વકાલની સમાનતા માત્રથી એક માની શકાય નહિ. પુરાણો એ રાજાનાં ભિન્ન ભિન્ન નામો લખે છે. તેમાં નાગદાસક નામ જોવામાં આવતું નથી. ઘણુંખરું પુરાણો મહાપદ્મથી જ નન્દવંશની શરૂઆત ગણે છે, તો પછી મહાપદ્મની પહેલાંના અને બૌદ્ધગ્રંથોમાંના નવનન્દની પહેલાંના અનુક્રમે નન્દિવર્ધન, મહાનન્દી તથા નાગદાસક, સુસુનાગ, કાલાસોક અને કાલાસોકના પુત્રો, એ રાજાઓને નન્દવંશના ગણવા એ દેખીતી રીતે જ વિરુદ્ધ છે. બૌદ્ધગ્રંથોક્ત રાજવંશાવલી નવનન્દો વિષે ગેરસમજ ધરાવે છે, એમ માનવામાં આવે તો જ કાલાસોકને નન્દ માની મહાપદ્મની સાથે એકતા સાધવાનો પ્રયત્ન થાય. મહાપદ્મની પહેલાંનો નન્દિવર્ધન એ તો પુરાણો પ્રમાણે નન્દ છે જ નહિ તો પછી તેને પહેલા નન્દ તરીકે કહેવો એ નકામું જ છે. કાલાસોકનો રાજત્વકાલ બુ. નિ. ૯૦ વર્ષે શરૂ થાય છે. મ. નિ. થી ૭ વર્ષે બુદ્ધપરિનિર્વાણ થયું હતું એ માન્યતાને ઘડીકભર જતી કરી મ. નિ. પૂ. ૧૭ વર્ષે બુદ્ધપરિનિર્વાણ માનીએ તો કાલાસોકનો રાજ્યારંભ મ. નિ. ૭૩ વર્ષે આવે. જૈનગ્રંથો પ્રમાણે મ. નિ. ૬૦ વર્ષે અવન્તિ પર નન્દોનું આધિપત્ય મનાયું છે. અને પુરાણો પ્રમાણે મહાપદ્મ નામના પહેલા નન્દથી પૂર્વે નન્દિવર્ધન થયો છે, એટલે અવન્તિના એ વિજેતાનો સમય પણ મ. નિ. ૬૦ વર્ષ પૂર્વે જ શરૂ થયેલો હોવો જોઈએ. આવી સ્થિતિમાં મ. નિ. ૭૩ વર્ષે રાજ્યારંભવાળો અને મ. નિ. ૬૦ વર્ષ પૂર્વે રાજ્યારંભવાળો અનુક્રમે કાલાસોક ને નન્દિવર્ધન એ બન્ને એક હતા એમ કહેવું અસંભવિત છે. ભિન્ન ભિન્ન નામવાળા અને રાજત્વકાલવાળા રાજાઓને માત્ર કલ્પનાથી જ એક માની લેવા એમાં ઉપલકીયા હકીકતો ન જ કામ લાગે. એને માટે સ્પષ્ટ પ્રામાણિક ઉલ્લેખ જોઇએ. કોઇ જેવા તેવા સ્થળનો કોઇ એક સામાન્ય રાજા હોય તો જુદી વાત છે.

બૌદ્ધગ્રંથોક્ત રાજવંશાવલીનો જૈન સાહિત્યની સાથે તો નહિ જેવો જ મેળ છે. એ વંશાવલી પ્રમાણે શ્રી મહાવીરના કૈવલ્યથી ૫ કે ૭ વર્ષે શ્રેણિકના રાજ્યનો અંત આવે છે. જૈનગ્રંથોમાં આલેખેલા વિદ્યુન્માલી દેવના પ્રસંગથી અને દુર્ગન્ધાના પ્રથમ દર્શનથી લઇ પટરાણી થવાના પ્રસંગથી અનુક્રમે ૧૪ અને ઓછામાં ઓછાં ૨૦ વર્ષ સુધી શ્રેણિકનું રાજ્ય સંભવે છે, પાટલીપુત્રના સિંહાસને અનુરૂદ્ધમુણ્ડાદિ રાજાઓ થયા નથી, ઉદાયી અપુત્રીયો હતો, તેના પછી નન્દો આવ્યા છે, નન્દોનો રાજ્યારંભ મ. નિ. ૬૦ વર્ષે છે, નન્દોના રાજ્યનો અંત મ. નિ. ૧૫૫ વર્ષે થયો હતો, નન્દોનો રાજત્વકાલ ૯૫ વર્ષ અથવા ચાલુ સંપ્રદાય પ્રમાણે ૧૫૫ વર્ષ છે, વિગેરે વિગેરે જૈનગ્રંથોક્ત અનેક ઉલ્લેખોનો બૌદ્ધવંશાવલીની સાથે મેળ મળતો નથી.

આ ઉપરોક્ત હકીકતથી સ્પષ્ટ સમજાય છે કે, અજાતશત્રુથી આગળ ચાલતી એ

બૌદ્ધગ્રંથોક્ત વંશાવલી કેવલ મગધના સમ્રાટોની નથી તેમ કેવલ માંડલિકોની પણ નથી, તેમાં બન્નેનું મિશ્રણ છે. એમાંના અજાતશત્રુ અને ઉદાયી અનુક્રમે ચંપા ને પાટલીપુત્રના સમ્રાટો છે, નવનન્દ પણ ૯૫ વર્ષ પાટલીપુત્રના સમ્રાટ તરીકે હતા, જ્યારે અનુરુદ્ધ-મુણ્ડ, નાગદાસક, સુસુનાગ, કાલાસોક, કાલાસોકના પુત્રો અને નવમો નન્દ (પોતાના રાજત્વકાલનાં છેલ્લાં ૧૪ વર્ષ) એ બધા વૈશાલીની (નાગદાસક ને નન્દિવર્ધન ભિન્ન હોય તો) અથવા તો રાજગૃહીની (નાગદાસક ને નન્દિવર્ધન એક જ વ્યક્તિ હોય તો) મગધ સામ્રાજ્યની પેટાશાખાના રાજાઓ હોવા જોઇએ, કે જે સંબંધી કથન હું મૂળ લેખમાં કરી ગયો છું.

ગુંચવારો ને મતભેદ ઊભો કરનારી પાટલીપુત્રના સિંહાસને મનાયલી અવ્યવસ્થિત અને અનિશ્ચિત, શૈશુનાગોની વંશાવલીનું કોષ્ટક. ("ભારત કે પ્રાચીન રાજવંશ"ના આધારે; આમાં વિષ્ણુપુરાણ ને ભાગવતમાં આપેલી વંશાવલીઓ રાજત્વકાલ વગરની હોવાથી છોડી દીધી છે.)

| મત્સ્યપુરાણ (૩૬૦વર્ષ) | રાજ્ય વર્ષ | વાયુપુરાણ (૩૬૨વર્ષ) | રાજ્ય વર્ષ | બ્રહ્માંડપુરાણ (૩૬૨ વર્ષ) | રાજ્ય વર્ષ | મહાવંશ | રાજ્ય વર્ષ | અશોકાવદાન | હેમચંદ્રનું પરિશિષ્ટ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| શિશુનાક | ૪૦ | શિશુનાગ | ૪૦ | | | | | | |
| કાકવર્ણ | ૩૬ | કાકવર્ણ | ૩૬ | | | | | | |
| ક્ષેમધર્મા | ૩૬ | ક્ષેમવર્મા | ૨૦ | ક્ષેમધર્મા | ૨૦ | | | | |
| ક્ષેમજિત્ | ૨૪ | ક્ષત્રૌજા | ૪૦ | ક્ષત્રૌજા | ૪૦ | | | | |
| વિન્ધ્યસેન | ૨૮ | બિમ્બિસાર | ૧૮ | વિધિસાર | ૨૮ | બિમ્બિસાર | ૫૨ | બિમ્બિસાર | શ્રેણિક |
| અજાતશત્રુ | ૨૭ | અજાતશત્રુ | ૨૫ | અજાતશત્રુ | ૩૫ | અજાતશત્રુ | ૩૨ | અજાતશત્રુ | કુણિક |
| વંશક | ૨૪ | હર્ષક | ૨૫ | દર્શક | ૩૫ | | | | |
| ઉદાસી | ૩૩ | ઉદાયી | ૩૩ | ઉદાસી | ૨૩ | ઉદયીભદ્ | ૧૬ | ઉદાયી | ઉદાયી |
| નન્દિવર્ધન | ૪૦ | નન્દિવર્ધન | ૪૨ | નન્દિવર્ધન | ૪૨ | અનુરુદ્ધ (મુંડ) | ૮ | મુણ્ડ | મ. નિ. ૬૦ વર્ષે ઉદાયી પછી નન્દવંશ આઠમો. નંદે ૮૪ વર્ષ રાજ્ય કર્યું |
| મહાનન્દી | ૪૩ | મહાનન્દી | ૪૩ | મહાનન્દી | ૪૩ | નાગદાસક | ૨૦ | | |
| | | | | | | શુશુનાગ | ૧૮ | | |
| | | | | | | કાલાસોક | ૨૦ | કાકવર્ણી | |
| | | | | | | નવનન્દ | | સહાલી | |
| | | | | | | | | તલકુચી | |
| | | | | | | | | મહામણ્ડલ | |
| | | | | | | | | પ્રસેનજિત | |
| | | | | | | | | નન્દ | નવનન્દ |

'ભારતકે પ્રાચીન રાજવંશ'માં મત્સ્ય પુરાણના આધારે નન્દોનાં ૧૦૦ વર્ષ લખી, અનન્દ સંવતમાં ચંદે નન્દોનાં ૯૧ વર્ષ ગણ્યાં નથી એ આધારે મી. સ્મીથે નન્દોનાં ૯૧ વર્ષ લખ્યાં છે તેની નોંધ લીધી છે અને મહાવંશના ઇંગ્રેજી અનુવાદ પૃ. ૧૧. ૧૬ ને અનુસરી નવનન્દ (૯ રાજા)નાં ૨૨ વર્ષ હોવાનું ટીપ્પણ કર્યું છે.

આ લેખના સંશોધન મુજબ અજાતશત્રુના રાજ્યાભિષેકથી નવનન્દ–રાજ્યાંત સુધીના ચંપા તથા પાટલીપુત્રના સમ્રાટોની અને રાજગૃહીના રાજાઓની વંશાવલી તથા તેમનો રાજત્વકાલ આ પ્રમાણે છે:—

| ચંપા અને પાટલીપુત્રના મગધ–સમ્રાટો. (૧૫૬ વર્ષ) | રાજ્યવર્ષ. | રાજગૃહીના માંડલિક રાજાઓ. | રાજ્યવર્ષ. (૧૭૦ વર્ષ) |
|---|---|---|---|
| અજાતશત્રુ (કોણિક) | ૩૨ | કણ્વાયન | ૯ |
| | | ભૂમિમિત્ર | ૧૪ |
| | | વંશક (દર્શક) | ૨૫ |
| ઉદાયી (ઉદયભદ્ર) | ૨૯ | અનુરૂદ્ધ–મુણ્ડ | ૮ |
| નન્દ પહેલો (નાપિતપુત્ર) | ૪૦ | નન્દિવર્ધન(નાગદાસક) | ૨૪ } ૪૨ |
| | | સુસુનાગ | ૧૮ } |
| નન્દ બીજાથી આઠમો (નન્દના સાત પુત્રો) | ૧૨ | કાલાસોક(કાકવર્ણી, મહાનન્દી) | ૨૮ |
| નન્દ નવમો (મહાપદ્મ, મહાનન્દ, ધનનન્દ) | ૪૩ | કાલાસોકના દશપુત્રો (સહાલિ આદિ.) | ૨૨ |
| | | નન્દ નવમાનો પ્રતિનિધિ કે પુત્ર | ૮ |
| ચંદ્રગુપ્ત | — | નન્દ નવમો | ૧૪ |
| | | ચંદ્રગુપ્તનો પ્રતિનિધિ | — |

આ લેખના સંશોધન મુજબ અજાતશત્રુની પૂર્વેના ગિરિવ્રજ અને રાજગૃહીના શૈશુનાગો:—

| (૨૦૪ વર્ષ) | રાજ્યવર્ષ | (૨૦ વર્ષ) | રાજ્યવર્ષ |
|---|---|---|---|
| શિશુનાગ | ૪૦ | ક્ષેમજિત્ | ૨૪ |
| કાકવર્ણ | ૩૬ | પ્રસેનજિત (ક્ષત્રૌજા) | ૧૬ |
| ક્ષેમધર્મા | ૩૬ | શ્રેણિક (બિમ્બિસાર) | ૫૨ |

શિશુનાગથી શ્રેણિક સુધીનાં ૨૦૪ અને અજાતશત્રુથી નવમા નન્દ સુધીનાં ૧૫૬, એમ ૨૦૪+૧૫૬=૩૬૦ વર્ષ. (મત્સ્ય પુરાણમાં શૈશુનાગોનાં ૩૬૦ વર્ષ લખ્યાં છે તે આ રીતે આવી શકે.)

# મૌર્યવંશ (પ્રથમ વિભાગ.) ૧૬૧ વર્ષ, મ.નિ. ૧૫૫–૩૧૬.

## (વિ. સં. પૂ. ૨૫૫-૯૪, ઇ. સ. પૂ. ૩૧૨–૧૫૧)

મ. નિ. ૧૫૫ વર્ષે મગધ સામ્રાજ્ય નન્દવંશના હાથમાંથી મૌર્યવંશના હાથમાં જતું રહ્યું એ પૂર્વે સાબીત થઈ ચૂક્યું છે એ પરથી એ પણ સિદ્ધ થાય છે કે, અત્યાર સુધી અવન્તિ પર નન્દોનું આધિપત્ય હતું તે હવે મૌર્યોનું થયું. કાલગણનાની ગાથાઓમાં આ મૌર્યોનો અવન્તિમાં આધિપત્ય કાલ 'अट्ठसयं मुरियाणं' એ પાઠથી ૧૦૮ વર્ષ નોંધ્યો છે કાલગણનાની ગાથાઓ સંક્ષિપ્ત સૂત્રાત્મક હોવાથી ત્યાં મૌર્ય રાજાઓનાં નામ અને તેમનો પ્રત્યેકનો રાજત્ત્વકાલ નોંધાયેલો મળતો નથી, એટલુંજ નહિ, પરન્તુ અન્ય જૈનસાહિત્યમાં ય જ્યાં ચંદ્રગુપ્ત, બિન્દુસાર, અશોક, કુણાલ અને સંપ્રતિ એ મૌર્ય રાજાઓ વિષે કેટલીક હકીકતો નોંધાઈ છે, ત્યાં પણ એ રાજાઓના રાજત્ત્વકાલની નોંધ મળતી નથી, સિવાય કે હિમવંત થેરાવલીએ તેની ચોકસાઈ ભરી નોંધ લીધી છે. આથી હિમવંત થેરાવલી સિવાય અન્ય જૈનસાહિત્યથી કાલગણનાની ગાથાઓમાં લખેલાં મૌર્યોનાં ૧૦૮ વર્ષનો મેળ મેળવવાનો પ્રયત્ન સીધી રીતે થઇ શકે તેમ નથી, પરંતુ એ ૧૦૮ વર્ષ ઓછાં છે એટલું તો તે પરથી પણ સમજી શકાય છે. હિમવંતથેરાવલી તો સ્પષ્ટ રીતે એ કાલને ઓછો સૂચવતી તેને અસંગત બનાવી દે છે. પુરાણો અને બૌદ્ધગ્રંથોના ઉલ્લેખો પરથી પણ એ કાલ ઓછો જ સાબીત થાય છે.

અત્યારે હું આ લખી રહ્યો છું ત્યારે મારા એક સાથી તરફથી મને એકવાર ફરીથી પણ સૂચન થઇ રહ્યું છે કે, જૈન કાલગણનાની બીજી 'सट्ठी० ગાથામાં 'पणवन्नसयं ने 'अट्ठसयं' તથા ત્રીજી 'बलमित्त०' ગાથામાં 'सट्ठी કે सट्ठि' એ પાઠો અશુદ્ધ છે. ત્યાં મૂળ શુદ્ધ પાઠો 'पणऊणसयं तु होइ णंदाणं,' 'सट्ठिसयं मुरियाणं' અને बलमित्त-भाणुमित्ता अट्ठ य वरिसाणि કે बलमित्त-भाणुमित्ताण अट्ठ वरिसाणि' એવા હોવા જોઇએ; અને એ શુદ્ધ પાઠો આવી રીતે હોતાં—નન્દોનાં પાંચ ઓછાં સો એટલે ૯૫ વર્ષ અને મૌર્યોનાં ૧૬૦ વર્ષ (ચંદ્રગુપ્તથી સંપ્રતિના રાજ્યના અંત સુધી ૧૩૮ અને બલમિત્ર–ભાનુમિત્રનાં પુષ્યમિત્રોની પહેલાંનાં ૨૨, એમ બન્ને મળી એકંદર ૧૩૮ + ૨૨ = ૧૬૦) ગણતાં નન્દો અને મૌર્યોની સાલવારી તથા સમુચ્ચય કાલ જૈનસાહિત્યની સાથે તથા અમુક અંશે પુરાણો અને બૌદ્ધગ્રંથોની સાથે સંગત થશે અને વળી મૌર્યોનાં ૧૦૮ વર્ષ ઓછાં પડતાં હોવાથી જે અસંગતતા આવી પડે છે તે પણ મટી જશે.

ઉપરોક્ત સૂચન મારી સમજમાં વ્યર્થ છે. હું પૂર્વે કહી ગયો છું કે, સાહિત્યમાં એવી રીતે અશુદ્ધિ કલ્પવામાં તેનાં સાધક લેખિત કે પરંપરાગત પ્રમાણ જોઈએ. અભિપ્રાયથી ભિન્નાર્થક શબ્દમાં પાઠના ફેરફારની કલ્પના મનસ્વી રીતે જ કરી લેવી એ ઘણું જ અનિષ્ટ છે. ચાલુ જૈન સંપ્રદાયના હાથમાં એ પાઠો 'पणवन्नसयं' વિગેરે રૂપમાં જ આવેલા હોઈ, તેણે મહાવીરનિર્વાણથી વિક્રમરાજ્યારંભ સુધીનાં ૪૭૦ વર્ષનો મેળ મેળવ્યો છે. તિથ્થોગ્ગાલીમાં પણ એ પાઠો એવા જ રૂપમાં મળી આવે છે. કોઇપણ જગાએ પાઠાન્તર તરીકે

પણ પાઠભેદ મળતો નથી તો પછી સર્વત્ર એક સરખા મળતા પાઠોને અશુદ્ધ માની અન્ય શુદ્ધ પાઠો શા આધારે કલ્પી શકાય ? બાકી, મૂળ પાઠનો અર્થ કરવામાં સાંપ્રદાયિક અભિપ્રાયજન્ય મતભેદ પડી જાય એમ તો બની શકે, કે જેમ મેં 'पणवन्नसयं'માં ૧૫૫ વર્ષ નહિ પણ ૧૫૫ વર્ષ સુધી, એવો અર્થ કરી દર્શાવ્યો છે. અને મને લાગે છે કે, કાલગણનાના 'अट्ठसयं'માં પણ એવો કોઈ અભિપ્રાયજન્ય આર્થિક મતભેદ હોવો જોઈએ. એ 'अट्ठसयं' નો સીધો અર્થ ૧૦૮ થાય છે, પરંતુ તેનો અભિપ્રાયાર્થ ૧૦૮ વર્ષ પર નહિ, પણ ૧૬૦ વર્ષ પર છે એવી સાબીતી, પુરાણો અને બૌદ્ધગ્રંથોથી અમુકાંશે સમર્થન કરાતી એવી જૈનસાહિત્યની અને તેમાં ય ખાસ હિમવંત થેરાવલીની અમુક હકીકતો પરથી મળી શકે તેમ છે.

યુગપ્રધાનપટ્ટાવલીના કથન પ્રમાણે:—'મ. નિ. ૧૭૦ થી ૨૧૫ સુધી સ્થૂલભદ્ર, ૨૧૫ થી ૨૪૫ સુધી આર્યમહાગિરિ અને ૨૪૫ થી ૨૯૧ સુધી આર્યસુહસ્તિ એ આચાર્યો અનુક્રમે યુગપ્રધાનપદે હતા.'[૯૩] અને આચાર્ય સુહસ્તિ સ્વર્ગસ્થ થયા ત્યારે અશોકનો પૌત્ર મૌર્ય સમ્રાટ્ સંપ્રતિ વિદ્યમાન હતો એમ કેટલાકોનું કથન છે.[૯૪] આ પરથી નક્કી થાય છે કે, મ. નિ. ૧૫૫ વર્ષે ચંદ્રગુપ્તથી શરૂ થયેલું મૌર્યસામ્રાજ્ય મ. નિ. ૨૯૧ સુધી એટલે ૧૩૬ વર્ષ ચાલી તેથી પણ આગળ લંબાયું હતું. આની સાથે લગભગ મળતું આવતું હિમવંતથેરાવલીનું કથન છે કે:—મ. નિ. ૧૫૪ થી ૧૮૪ સુધી ચંદ્રગુપ્ત, ૧૮૪ થી ૨૦૯ સુધી બિન્દુસાર, ૨૦૯ થી ૨૪૪ સુધી અશોક અને ૨૪૪ થી ૨૯૩ સુધી સંપ્રતિ એ મગધના મહારાજાઓ હતા. એ થેરાવલી એમ પણ કહે છે કે;—ચંદ્રગુપ્તાદિ ત્રણ રાજાઓની રાજધાની પાટલીપુત્રમાં હતી, પણ ચોથા સમ્રાટ્ સંપ્રતિએ બે વર્ષ પાટલીપુત્રમાં રહ્યા બાદ મ. નિ. ૨૪૬ વર્ષે રાજધાનીનું સ્થળ પાટલીપુત્રના બદલે અવંતિ (ઉજ્જયિની) બનાવ્યું હતું. કોણિકે રાજગૃહીથી ચંપામાં રાજધાની ફેરવી હતી, ત્યારે રાજગૃહીમાં જેમ માંડલિક પેટાશાખા શરૂ થઈ હતી તેમ, સંપ્રતિના રાજત્વકાલે ઉજ્જયિનીમાં રાજધાની ફેરવાતાં પાટલીપુત્રમાં પણ મૌર્યપેટાશાખા શરૂ થઈ હતી. થેરાવલીમાં આ શાખાના બે રાજાઓનાં નામ પુણ્યરથ અને વૃદ્ધરથ આપવામાં આવે છે અને ત્યાં તેમનો રાજત્વકાલ અનુક્રમે ૩૪ વર્ષ (મ. નિ. ૨૪૬--૨૮૦) અને ૨૪ વર્ષ (મ. નિ. ૨૮૦–૩૦૪) લખવામાં આવ્યો છે.

---

(૯૩)........थूलभद्दे (८), पणयालेवं (४५) दुपन्नरस (२१५) ॥
अज्जमहागिरि (९) तीसं (३०), अज्जसुहत्थीण (१०) वरिस छायाला (४६)।

ભદ્રબાહુના યુગપ્રધાનાંત સુધીમાં મહાવીરથી ૧૭૦ વર્ષ વિત્યાં હતાં એમ હું ટી૦ ૮૯ માં જણાવી ગયો છું. ભદ્રબાહુ પછી સ્થૂલભદ્રનો યુગપ્રધાનકાલ ૪૫ વર્ષ, એમ ૨૧૫ વર્ષ થયાં, આ પછી મ. નિ. ૨૧૫થી૨૪૫ સુધી નવમા પુરુષયુગ શ્રી આર્ય મહાગિરિ ૩૦ વર્ષ અને મ. નિ. ૨૪૫થી૨૯૧ સુધી દશમા પુરુષયુગ શ્રી આર્યસુહસ્તિ ૪૬ વર્ષ યુગપ્રધાન તરીકે હતા. —યુગપ્રધાનપટ્ટાવલી

(૯૪) શ્રી આર્યસુહસ્તિનો વિરહ તેને (સંપ્રતિને) અસહ્ય નિવડયો.-ડૉ. ત્રિ લ. શાહકૃત જૈન સમ્રાટ સંપ્રતિ પૃ. ૪૧૪.

અહિં ઉજ્જયિનીમાં લાંબા કાળ સુધી સામ્રાજ્યનું શાસન કર્યા પછી મ. નિ. ૨૯૩માં સંપ્રતિ સ્વર્ગસ્થ થયો. તેના મૃત્યુ બાદ એક વર્ષ અરાજકતા વ્યાપી અને અંતે ઉજ્જયિનીના સિંહાસને અશોકના પુત્ર તિષ્યગુપ્તના પુત્રો બલમિત્ર-ભાનુમિત્ર આવ્યા. એમણે મ. નિ. ૨૯૪ થી ૩૫૪ સુધી ૬૦ વર્ષ રાજ્ય કર્યું. આ રાજાઓના સમયમાં શુંગવંશી સેનાની પુષ્યમિત્રે પોતાના રાજા વૃદ્ધરથની હત્યા કરી પોતે પાટલીપુત્રનો સ્વામી બની બેઠો.[95] પાટલીપુત્રની એ વૃદ્ધરથવાળી પેટાશાખા અને તેના અંત વિષે થેરાવલી સિવાય અન્ય જૈન સાહિત્ય કાંઇ પણ બોલતું નથી, પરંતુ કાલગણનાની ગાથાઓ મૌર્યરાજાઓના આધિપત્ય પછી અવન્તિ પર પુષ્યમિત્રોનું આધિપત્ય જણાવી[96] હિમવંત થેરાવલીના કથનને અમુકાંશે સમર્થન કરી રહી છે.

---

(૯૫) "(१५४) इगसयाहियचउवन्नवासेसु विइक्कंतेसु ...—मोरियपुत्तो चंदगुत्तो ...—मगहाहिवो जाओ...वीराओ णं (१८४) इगसयाहियचउरासीइवासेसु विइक्कंतेसु चंदगुत्तो णिवो परलोअं पत्तो" (૧૫૪–૧૮૪ = ૩૦ વર્ષ)

"तस्स पुत्तो बिंदुसारो पाडलिपुत्तम्मि रज्जे ठिओ" "पणवीसवासा (२५) जाव रज्जं पाउणित्ता वीराओ णवाहियदुसयवासेसु (२०९) विइक्कंतेसु धम्माराहणपरो सग्गं पत्तो" (૧૮૪-૨૦૯ = ૨૫ વર્ષ)

"वीराओ णवाहियदुसयवासेसु (२०९) विइक्कंतेसु तस्स पुत्तो असोओ पाडलिपुत्तम्मि रज्जे ठिओ पच्छा कुणालपुत्तं संपइणामधिज्जं रज्जे ठाइत्ता असोअणिवो वीराओ चत्तालीसाहियदोसयवासेसु (२४४) विइक्कंतेसु परलोअं पत्तो" (૨૦૯–૨૪૪ = ૩૫ વર્ષ) "संपइणिवो वि पाडलिपुत्तम्मि णियाणेगसत्तुभयं मुणित्ता तं रायहाणिं तच्चा पुव्विं णियपिउभुत्तिलद्धावंतीणयरम्मि ठिओ सुहंसुहेणं रज्जं कुणइ।"...—"अह वीराओ दोसयतेणउइवासेसु (२९३) विइक्कंतेसु जिणधम्माराहणपरो संपइणिवो सग्गं पत्तो (૨૪૪-૨૯૩=૪૯ વર્ષ)

"पाडलिपुत्तम्मि य णयरे असोअणिवपुत्तो पुण्णरहोवि वीराओ छेयालीसाहिय-दोसयवासेसु (२४६) विइक्कंतेसु सुगयधम्माराहगो रज्जम्मि ठिओ। सेविय णं वीराओ दोसयअसीइवासेसु (२८०) विइक्कंतेसु नियपुत्तं वुड्ढरहं रज्जे ठावइत्ता परलोअं पत्तो" (૨૪૬-૨૮૦ =૩૪ વર્ષ) "तं वि सुगयधम्माणुगं वुड्ढरहं णिवं मारित्ता तस्स सेणाहिवइ-पुप्फमित्तो वीराओ णं तिसयाहियचउवासेसु (३०४) विइक्कंतेसु पाडलिपुत्तरज्जे ठिओ" (૨૮૦–૩૦૪=૨૪ વર્ષ)

હિમવંતથેરાવલી. પૃ. ૪,૫. (મુદ્રિત)

"अहावंतीणयरम्मि संपइणिवस्स णिपुत्तस्स सग्गगमणंतरमसोगणिवपुत्ततिस्सगुत्तस्स बलमित्त-भाणुमित्तणामधिज्जे दुवे पुत्ते वीराओ दोसयचऊणवइवासेसु (२९४) विइक्कंतेसु रज्जं पत्ते। तेणं दुन्नि वि भाया जिणधम्माराहगे वीराओ चऊवन्नाहियतिसयवासेसु (३५४) विइक्कंतेसु सग्गं पत्ते" (૨૯૪-૩૫૪=૬૦ વર્ષ)

હિમવંતથેરાવલી. પૃ. ૭ (મુદ્રિત)

(૯૬) "अट्ठसयं मुरियाणं, तीसं पुण पुसमित्ताणं (स्स)।"

જૈનકાલગણના ગા. ૨. ઉત્તરાર્ધ.

પુષ્યમિત્રે પાટલીપુત્ર લીધું પણ મગધને કબજે કરતાં અને અવન્તિ પર આધિપત્ય જમાવતાં કેટલાંક વર્ષો લાગ્યાં છે. કલિંગના જૈનમહારથી ખારવેલે પોતાના રાજ્યના આઠમા અને બારમા વર્ષે એમ બે વાર મગધ પર આક્રમણ કર્યું હતું અને પુષ્યમિત્રે નીમેલા પાટલીપુત્રના રાજા બૃહસ્પતિમિત્ર, કે જે તેનો સૌથી મોટો પુત્ર હોવા સંભવ છે, તેને પોતાના પગમાં નમાવ્યો હતો, એમ તેનો હાથીગુફાવાળો શિલાલેખ કહી રહ્યો છે, ૯૭ તે પરથી સાબીત થાય છે કે, મ. નિ. ૩૦૪ પછી પણ કેટલાંક વર્ષો સુધી પુષ્યમિત્રને અવન્તિ પર આધિપત્ય જમાવવા તક નહિ મળી હોય. ખારવેલનો રાજ્યાભિષેક મ. નિ. ૩૦૦ વર્ષે થયો હતો,૯૮ એમ થેરાવલી કહે છે તે પ્રમાણે, ખારવેલની રાજગૃહી

---

(૯૭) "अट्ठमे च वसे महता सेना......गोरथगिरिं घातापयिता राजगृहं उपपीडापयति [।] एतिनं च कंमापदान-संनादेन संवित-सेन-वाहनो विपमुंचितु मधुरं अपयातो यवनराज डिमित......।" ખારવેલ પ્રશસ્તિ, પં. ૭, ૮, શ્રી, કે. પી. જાયસ્વાલનું વાંચન.

આનો તાત્પર્યાર્થ એ છે કે, ખારવેલે પોતાના રાજ્યના આઠમા વર્ષ ગોરથગિરિ (બરાબર પર્વત) ના કિલ્લાને તોડી નાખી રાજગૃહીને ઘેરો ઘાલી (તે) તેને પીડા કરી રહ્યો હતો. તેની શૌર્યકથા સાંભળીને યવન રાજા ડિમિત સેના–સામગ્રી સંકેલી મથુરા છોડીને પાછો જતો રહ્યો.

[ अट्ठमे च वसे मोरियं राजानं धमगुतं घातापेति पुशमितो घातापयिता राजगहं उपपीडापयति एतिना च कंमपदान–पनादेन संवीतसेनवाहिनिं विपमुंचिता मधुरं अपायातो येव बहसदिमितं...... । શ્રીયુત. પં. કલ્યાણવિજયજીનું વાંચન.

આ વાંચનનો અર્થ તેઓશ્રી એવી રીતે કરે છે કે:— राज्याभिषेकके आठवें वर्षमें मौर्यराजा धर्मगुप्तको मरवाकर पुष्यमित्र राजगृहमें आतंक मचा रहा है यह बात सुनकर सेनाने घिरी हुई मथुराको छोडकर (खारवेल) बृहस्पतिमित्रको (शिक्षा देनेके लिये राजगृहपर चढ आया. ) ]

"बारसमे च वसे...हस...के. ज. सवसेहि वितासयति उतरापथ-राजानो......... मगधानं च विपुलं भयं जनेतो हथी सुगंगीय [ ' ] पाययति [ । ] मागधं च राजानं बहसतिमितं पादे वंदापयति [।] नंदराजनीतं च कलिंग-जिनं संनिवेशं......गह-रतनान पडिहारे हि अंगमागध-वसुं च नेयाति [।]"

ખારવેલ પ્રશસ્તિ પં. ૧૨, ૧૩. શ્રી કે. પી. જાયસ્વાલજીનું વાંચન.

આનો તાત્પર્યાર્થ આવી રીતે છે:—બારમા વર્ષમાં ખારવેલે ઉત્તરાપથના રાજાઓમાં ત્રાસ પોકરાવ્યો. મગધના લોકોને ભયભીત કરી દેતાં તેણે પોતાના હાથીઓને સુગાંગેય (ચંદ્રગુપ્તનો મહેલ આ નામનો હતો એમ કહેવામાં આવે છે, પણ મને લાગે છે કે, એ શ્રી ઋષભદેવની કલિંગવાળી જિન પ્રતિમા રાખવામાં આવી હતી તે જિનપ્રાસાદ હતો.) પાસે ખડા કરી દીધા. તેણે મગધના રાજા બૃહસ્પતિમિત્ર (પાટલીપુત્રનો રાજકર્તા પુષ્યમિત્રનો પુત્ર)ને પોતાના પગમાં નમાવ્યો તથા નન્દરાજા, જે કલિંગની જિનમૂર્તિ લઇ ગયો હતો તે, તેમજ ગૃહરત્નો અને પ્રતિહારો મારફતે અંગ–મગધનું ધન તે લઇ ગયો. ( રત્નજડિત પ્રતિહાર સહિત જિનપરઘર અને પબાસન લઈ ગયો હશે )

પરની પહેલી ચઢાઇ મ. નિ. ૩૦૮ માં અને બીજી પાટલીપુત્ર પરની ચઢાઇ મ. નિ. ૩૧૨માં આવે છે. આ પરથી મ. નિ. ૩૧૨ સુધી તો અવન્તિમાં બલમિત્ર-ભાનુમિત્રનુંજ આધિપત્ય હતું. કાલગણનાની ગાથાઓ સ્પષ્ટ રીતે ૩૦ વર્ષ પુષ્યમિત્રનું અવન્તિ પર આધિપત્ય લખે છે. ચાલુ સંપ્રદાય નન્દોના રાજત્વકાલમાં ૬૦ વર્ષ વધારે ગણે છે અને મૌર્યોના રાજત્વકાલમાંથી નન્દોના વધારાના કાલને કાપી નંખાય એવી રીતે મ. નિ. ૩૨૩ વર્ષે પુષ્યમિત્રોના રાજ્યારંભને લાવે છે. એની એ રીતની ૬૦ વર્ષ વધારવાની ને ઘટાડવાની ગણત્રી બરાબર હોય કે ન હોય એ જુદી વાત છે, પરંતુ તેથી એટલું તો જાણવા મળે છે કે, પુષ્યમિત્રોનું અવન્તિ પર આધિપત્ય મ. નિ. ૩૧૨ પછી જ થયું હતું અને એ પણ નક્કી થાય છે કે, પુષ્યમિત્રોના અવન્તિ પર આધિપત્ય પહેલાં ત્યાં મૌર્યોનું આધિપત્ય હતું. હું પહેલાં લખી ગયો છું કે, મૌર્યોનું અવન્તિ પર આધિપત્ય ૧૩૬ વર્ષથી વધારે લંબાયું હતું. હવે હું ઉપરની હકીકતો પરથી, જ્યારે તે મ. નિ. ૩૧૨ પછી પણ લંબાયું છે તો કહેવું જોઈએ કે, ૩૧૨–૨૯૧ = ૨૧ વર્ષ તેથી પણ વધારે એટલે ૧૩૬ + ૨૧ = ૧૫૭ વર્ષ જેટલું ચાલી, તેથી પણ થોડાંક વર્ષો આગળ તે લંબાયું હતું. આમ જૈનસાહિત્ય અને ખાસ કરીને હિમવંત થેરાવલીથી અવન્તિ પર મૌર્યોનું આધિપત્ય ૧૫૭ વર્ષ કરતાં પણ વધારે સાબીત થતાં કાલગણનાના 'अट्ठसयं'ના સીધા અર્થ તરીકે નક્કી થતાં ૧૦૮ વર્ષ ઘણાં જ ઓછાં પડે છે. જૈનસાહિત્ય અને હિમવંત થેરાવલીની જેમ પૌરાણિકો અને બૌદ્ધો પણ મૌર્યોના રાજત્વકાલને ૧૦૮ વર્ષ કરતાં વધારે વર્ષ માનતા હોય એમ જણાય છે. પૌરાણિક ગણનાએ ચંદ્રગુપ્તનાં ૨૪ વર્ષ, બિન્દુસારનાં ૨૫ વર્ષ અને અશોકનાં ૩૬ વર્ષ એમ ત્રણ રાજાઓનાં મળી ૮૫ વર્ષ થાય છે.[૯૯] પુરાણો એ પછીના રાજાઓનાં નામ, ક્રમ અને રાજત્વકાલ વિષે એકમત નથી. પરંતુ પુરાણો પરથી મૌર્યકાલ સમુચ્ચય રીતે ૧૩૭ કે ૧૩૮ વર્ષ માનવામાં ઝાઝી હરકત આવતી નથી.[૧૦૦]

---

(૯૮) "तयणंतरं वीराओ णं तिसयवासेसु विइक्कंतेसु वुड्ढरायपुत्तो भिक्खुरायो कलिंगाहिवो संजाओ। ......तीयं णं तस्स सायरतडरायहाणिताए खारवेलाहिवत्ति"

હિમવતથેરાવલી પૃ. ૬ (મુદ્રિત)

(૯૯) चन्द्रगुप्तं नृपं राज्ये, कोटिल्यः स्थापयिष्यति। चतुर्विंशत्समा राजा, चंद्रगुप्तो भविष्यति॥ भविता भद्रसारस्तु, पंचविंशत्समानृपः षट्त्रिंशत्तु समा राजा, भविताऽशोक एव च॥

મત્સ્યપુરાણે બિન્દુસારને લખ્યો નથી. વિષ્ણુપુરાણે મદ્યમાં બિન્દુસાર લખ્યો છે જ્યારે વાયુ અને બ્રહ્માંડે ભદ્રસાર ને નન્દસાર તરીકે બિન્દુસાર લખ્યો છે. આ સિવાય બીજી રીતે પુરાણો મૌર્યવંશની શરૂઆતની વંશાવલીમાં અશોક સુધી એકમત છે.

(૧૦૦) सप्तत्रिंशच्छतं पूर्णं, तेभ्यः शुंगो भविष्यति॥

સમુચ્ચય રીતે સંખ્યા લખવામાં સર્વપુરાણો એક મત છે. પરંતુ મત્સ્ય અને વિષ્ણુએ લખેલા દશ અને વાયુ-બ્રહ્માંડે લખેલા નવ મૌર્યોમાંના પ્રત્યેકનો રાજત્વકાલ મેળવતાં સરવાળો કાઈમાં પણ ૧૩૭ આવતો નથી. વાયુપુરાણની કેટલીક પ્રતો અને બ્રહ્માંડપુરાણમાં આપેલી વંશાવલી પ્રમાણે—

હિમવંત થેરાવલીના ઉલ્લેખો પ્રમાણે પુરાણોમાં નોંધાયલાં એ ૧૩૭ વર્ષ બરાબર નથી, ઓછાં જ છે, છતાં તેની અપેક્ષાએ કાલગણનાની ગાથાઓના સીધા અર્થ પ્રમાણે મનાતાં ચાલુ સંપ્રદાયનાં ૧૦૮ વર્ષ ઘણાં જ ઓછાં છે.

મૌર્ય રાજાઓના સંબંધમાં પુરાણો પ્રથમના ત્રણ રાજાઓના વિષે કાંઇક માહિતી ધરાવે છે, પરંતુ તે પછીના રાજાઓ વિષે તેમનું જ્ઞાન ઘણું જ ઓછું હોવાથી તેઓએ અવ્યવસ્થા કરી નાખી છે. ખરેખર બૌદ્ધગ્રંથોની પણ આજ દશા છે.[૧૦૧] બૌદ્ધગ્રંથો ચંદ્રગુપ્તનાં ૨૪ વર્ષ, બિન્દુસારનાં ૨૮ વર્ષ અને અશોકનાં ૩૭ વર્ષ એમ ત્રણ રાજાઓના કાળે ૮૯ વર્ષ લખી પછી તેઓ સંપદી (સંપ્રતિ)ને લાવે છે.[૧૦૨] હિમવંત થેરાવલી પ્રમાણે આ સંપ્રતિનો રાજત્વકાલ ૪૯ વર્ષ છે તેને જવા દઇ, દિવ્યાવદાનના આધારે શ્રીયુત જયસ્વાલજી કહી રહ્યા છે તેમ અશોક પછીની મગધની પૂર્વ શાખાના દશરથ દિ પાંચ રાજાઓનો રાજત્વકાલ પણ એ ૮૯ વર્ષમાં ભેળવીએ તો પણ ચાલુ સંપ્રદાયની માન્યતા

---

ચંદ્રગુપ્ત ૨૪, બિન્દુસાર ( ભદ્રસાર કે નન્દસાર ) ૨૫, અશોક ૩૬, કુણાલ ૮, બંધુપાલિત ૮, ઇન્દ્રપાલિત ૧૦, દેવવર્મા ૭, શતધનુ ૮, બૃહદ્રથ ૭, એમ ૨૪+૨૫+૩૬+૮+૮+૧૦+૭+૮+૭=૧૩૩ વર્ષ નવ મૌર્યોનાં થાય છે, આમાં અનભિષિક્ત અશોકનાં ૪ વર્ષ નથી ગણ્યાં તે ઉમેરીએ તો ૧૩૭ ની સમુચ્ચય સંખ્યાનો મેળ મળી આવે છે.

(૧૦૧) આ સંબંધી વિચારણા આગળ પર બલમિત્ર-ભાનુમિત્રના આલેખન સમયે કરવામાં આવશે.

(૧૦૨) "राधगुप्त उवाच—एष राज्ञोऽशोकस्य मनोरथो बभूव, कोटिशतं भगवच्छासने दानं दास्यामीति तेन षण्णवतिकोट्यो दत्ता यावत् राज्ञा प्रतिषिद्धाः, तदभिप्रायेण राज्ञा पृथिवी संघे दत्ता यावदमात्यैश्चतस्रः कोट्यो भगवच्छासने दत्त्वा पृथिवीं निष्क्रीय संपदी राज्ये प्रतिष्ठापितः ॥"

—દિવ્યાવદાન ૨૯ ।

"धीमतः सम्मतेनाऽथ, राधगुप्तस्य मन्त्रिणः। ददौ संघाय निखिलां, पृथिवीं पृथिवीपतिः ॥१०॥
गङ्गाम्बुभाररुचिरां चतुरम्बुराशि-वेलाविलासवसनां मलयावतंसाम् ।
दत्वाऽखिलां वसुमतीं स समाससाद, पुण्यं प्रमाणकलनारहितं हिताय ॥११॥
प्रख्यातषण्णवतिकोटिसुवर्णदाने, याते दिवं नरपतावथ तस्य पौत्रः ।
शेषेण मन्त्रिवचसा क्षितिमाजहार, स्पष्टं क्रयी कनककोटिचतुष्टयेन ॥१२॥"

—બોધિસત્વાવદાનકલ્પલતા પ૦૭૪ પૃ૦ ૫૯૭

આનો તાત્પર્યાર્થ એ છે કે, અશોકે બૌદ્ધસંઘને ૧૦૦ કરોડ સુવર્ણદાન દેવાને મનોરથ કર્યો હતો તેમાં ૯૬ કરોડ સુવર્ણ આપ્યા હતા અને ૪ કરોડ સુવર્ણ આપવાના હતા, પરંતુ રાજાએ ( અશોકના યુવરાજ પૌત્ર સંપદીએ મન્ત્રિએની સલાહથી ) તેનો નિષેધ કરતાં રાજાએ ( અશોકે ) અખિલ પૃથ્વી દાન તરીકે બૌદ્ધસંઘને આપી. આ પછી અશોકનું મૃત્યુ થતાં મન્ત્રિઓના કહેવાથી અશોકના પૌત્ર સંપદીએ ૪ કરોડ સ્વર્ણ આપી બૌદ્ધસંઘ પાસેથી પૃથ્વી ખરીદી લીધી અને મન્ત્રિઓએ સંપદીને રાજ્ય પર સ્થાપન કર્યો.

પ્રમાણે ગણાતાં ૧૦૮ વર્ષ કરતાં વધારે થઈ જાય તેમ છે. એ હિસાબે મૌર્યકાલ ૧૧૯ થી ૧૩૩ થાય છે.[૧૦૩] આની અપેક્ષાએ ૧૦૮ વર્ષ ઓછાં જ છે.

ઉપરોક્ત જૈન, પૌરાણિક અને બૌદ્ધોની મૌર્યકાલ સંબંધી ગણના મતભેદયુક્ત છે, પરંતુ તે સર્વ પરથી એટલું તો સમજાય છે કે, જૈનકાલગણનાના 'अट्ठसयं'નો અર્થ ચાલુ સંપ્રદાય જેમ મ. નિ. ૨૧૫ થી ૩૨૩ સુધી ૧૦૮ વર્ષ માને છે તે કોઈની અપેક્ષાએ વધારે ઓછો તો કોઈની અપેક્ષાએ થોડો ઓછો તો છે જ. ચાલુ પરંપરાને પોતાનો એ સ્વીકારાયલો મત કયી રીતે સંગત મનાયો છે એ સમજવું આપણા માટે મુશ્કેલ હોવાથી એના સંબંધમાં કાંઈ પણ ન બોલતાં તે એક અતિ પ્રતિષ્ઠિત સંપ્રદાય છે એમ કહીને જ અટકવું પડે છે, પરંતુ એમાં આવતી અસંગતતાની મુશ્કેલીઓ તો અહિં નોંધવી જ જોઈએ.

ચાલુ પરંપરા મ. નિ. ૧૫૫ થી ૨૧૫ સુધીનાં ૬૦ વર્ષ નન્દોના રાજત્વકાલમાં ગણે છે અને ચંદ્રગુપ્તના-મૌર્યોના રાજ્યારંભને મ. નિ. ૧૫૫ વર્ષે નહિ પરંતુ મ. નિ. ૨૧૫ વર્ષે માને છે. આમ મૌર્યકાલની શરૂઆત મ નિ. ૨૧૫ વર્ષે ગણતાં ત્યારથી અશોકનો રાજ્યાંત હિમવંત થેરાવલી પ્રમાણે ૯૦ વર્ષે, પુરાણો પ્રમાણે ૮૫ વર્ષે (મારા અને બીજા કેટલાકોના મતે અશોકનો રાજ્યત્વકાલ ૩૬ના બદલે ૪૦ ગણીએ તો ૮૯વર્ષે) અને બૌદ્ધગ્રંથો પ્રમાણે ૮૯ વર્ષે; એટલે અનુક્રમે મ. નિ. ૩૦૫, ૩૦૦ (અથવા ૩૦૪) અને ૩૦૪ વર્ષે આવે. અશોકના રાજ્યાંતનો આવી રીતે આવતો સમય જૈનસાહિત્યની સાથે બિલકુલ મેળ ખાતો નથી, તે નીચેની હકીકતથી સમજાશે

જૈનસાહિત્ય આપણને કહે છે કેઃ—"મ. નિ. ૨૪૫ વર્ષે આર્યમહાગિરિએ આર્ય સુહસ્તિને યુગપ્રધાન તરીકે જૈનશાસનના અગ્રપદે સ્થાપી પોતે જિનકલ્પની તુલના કરવા માંડી.[૧૦૪] તેઓ સગવડની ખાતર ભિન્ન વસ્તીમાં ય ઉતરતા પણ બહુધા સાથેજ વિચરતા હતા. એક વખતે તેઓ વિચરતા ઉજ્જયિનીમાં (મતાન્તરે વિદિશામાં) આવ્યા હતા ત્યારે રથયાત્રામાં ફરતા આર્યસુહસ્તિને જોઇ અશોકના અંધપુત્ર કુણાલના પુત્ર સંપ્રતિને ઉહાપોહ થતાં જાતિસ્મરણ જ્ઞાન થયું. જાતિસ્મરણ નામના એ જ્ઞાનથી સંપ્રતિને સ્મરણ

(૧૦૩) ૮૯+૩૦=૧૧૯, ૮૯+૪૪=૧૩૩. દશરથ ૮, શાલિશૂક ૧૩ કે ૧, દેવધર્મા ૭, શતધન્વા ૮, બૃહદ્રથ ૮ કે ૬, વધારેમાં વધારે ૮+૧૩+૭+૮+૮=૪૪, ઓછામાં ઓછો ૮+૧+૭+૮+૬=૩૦.

(૧૦૪) "अज्जथूलभद्दस्स दो सीसा-अज्जमहागिरी अज्जसुहत्थी य, ते महागिरी सुहत्थिस्स उवज्झाया, महागिरी अज्जसुहत्थिस्स गणं दातूण वोच्छिण्णो जिणकप्पो तहवि अप्पडिबद्धा होतुत्ति गच्छपडिबद्धा जिणकप्पपरिकम्मं करेंति"

આવશ્યકચૂર્ણિ (ઉત્તરભાગ) પૃ. ૧૫૫

बुच्छिन्ने जिणकप्पे, काही जिणकप्पतुलणमिह धीरो ।
तं वंदे मुणिवसहं, महागिरिं परमचरणधरं ॥

હિમ૦ સ્થવિરાવલી. પૃ. ૨ (મુદ્રિત)

થયું કે, 'મારા પૂર્વભવની રંક સ્થિતિમાં આ મહાપુરૂષે મને અવ્યક્ત ચારિત્ર આપી આહાર કરાવ્યો, ત્યારે અતિભોજનના પરિણામે હું શુભભાવના પૂર્વક મૃત્યુ પામ્યો અને અહિં રાજકુલમાં જન્મ પામી રાજપદે આવ્યો છું.' આ પછી એ ગવાક્ષથી ઉતરી આચાર્યના પગમાં પડયો. એણે પોતાની ઓળખ હોવા વિષે આચાર્યને પ્રશ્ન કર્યો. આચાર્યે એને શ્રુતજ્ઞાનથી ઓળખ્યો અને ઓળખની ખાત્રી કરાવી ઉપદેશપૂર્વક તેને યોગ્ય ધર્મ આપ્યો. (સંપ્રતિએ રાજમાર્ગમાં નહિ, પણ આર્યસુહસ્તિની વસતિમાં જઈ તેમની સાથે સંપર્ક સાધ્યો હતો એવું પણ મતાન્તર છે.) આ પછી ઔદરિક મૃત્યુ–અતિ આહારજન્ય ઉદર વ્યાધિથી થયેલ પૂર્વભવ સંબંધી મૃત્યુ સ્મરણ કરતા એ રાજાએ સત્રો–ભોજનશાલાઓ સ્થાપી અને એ શાળાઓમાંથી તથા બીજા પણ સાધનોથી મુનિઓને માટે પણ આહારાદિની સુલભતા થાય તેવી વ્યવસ્થા કરી દીધી. આર્યસુહસ્તિના સાધુઓ આ કરાયલી વ્યવસ્થાનો આહારને માટે ઉપયોગ કરવા લાગ્યા તેથી આર્યમહાગિરિજીએ આર્યસુહસ્તિની સાથે અસાંભોગિકતા–આહારાદિનો અવ્યવહાર કર્યો. [૧૦૫] આર્યસુહસ્તિએ પોતાના સાધુઓની

---

(૧૦૫) इतो य अज्जसुहत्थी उज्जेणिं जियसामिं वंदओ आगओ रहाणुज्जाणे य हिंडंतो राउलंगणपदेसे रन्ना आलोयणगतेन दिट्ठो ताहे रन्नो ईहपोहं करेंतस्स जातं जाइसरणं तहा तेण मणुसा भणिता–पडिचरह आयरिए कहिं ठितत्ति. तेहिं पडिचरितुं कहितं सिरिघरे ठिता। ताहे तत्थ गंतुं धम्मो णेण सुओ,[१] पुच्छितं धम्मस्स किं फलं? भणितं अव्यक्तस्य तु सामाइयस्स राजाति फलं. सो संमतो होति सच्चं भणसि–अहं भे कहिंचि दिट्ठेलओ आयरिएहिं उवउज्जितं दिट्ठेलओत्ति, ताहे सो सावओ जाओ पंचणुव्वयधारी तसजीवपडिक्कमओ पभावओ समणसंघस्स।"

---

(૧) કલ્પચૂર્ણિં ઉજ્જયિનીમાં સંપ્રતિના પ્રતિબોધની હકીકત લખે છે અને સંપ્રતિનું ત્યાં ધર્મ-શ્રવણાદિ રાજમાર્ગમાં નહિ, પણ આર્યસુહસ્તિની વસતિ–શ્રીઘરમાં થયાં હતાં એમ જણાવે છે, જ્યારે નિશીથચૂર્ણિ સંપ્રતિનો પ્રતિબોધ વિદિશામાં અને આચાર્ય સાથે વાર્તાલાપ રાજમાર્ગમાં થયો હતો એમ લખે છે. જુઓ નિશીથચૂર્ણિનો પાઠ:—

"अण्णया आयरिया वतीदिसं जियपडिमं वंदिया गता। तत्थ रहाणुज्जाते रण्णो घरं रहोवरि अंचति। संपतिरण्णा ओलोयणगएण अज्जसुहत्थी दिट्ठो। जातीसरणं जातं। आगच्छो पाएसु पडिओ पच्चुट्ठिओ विणओणओ भणति–भगवं अहं ते कहिं दिट्ठो? सुमरह। आयरिया उवउत्ता आमं दिट्ठो. तुमं मम सीसो आसी। पुव्वभवो कहितो। आउट्टो धम्मं पडिवण्णो। अतीव परोप्परं णेहो जातो। निशीथचूर्णि—

આચાર્યશ્રી હેમચન્દ્ર આર્યસુહસ્તિ અને સંપ્રતિનો પ્રથમ સમાગમ અને વાર્તાલાપ ઉજ્જયિનીના રાજમાર્ગમાં જ થયાનું લખે છે. જેમકે:—

"जीवन्तस्वामिप्रतिमारथयात्रां, निरीक्षितुं। आयातावन्यदावन्त्यां, महागिरिसुहस्तिनौ॥"
"स प्राग्जन्मगुरुं ज्ञात्वा, जातिस्मृत्या सुहस्तिनम्। तदैव वन्दितुमगाद्विस्मृतान्यप्रयोजन॥"
પરિશિષ્ટ પર્વ, સર્ગ. ૧૧ શ્લો. ૨૪ અને ૩૩.

નિશીથચૂર્ણિની જેમ આવશ્યકચૂર્ણિ પણ આર્યમહાગિરિજીની અનિશ્રિતોપધાનતાનું વર્ણન કર્યા બાદ આર્યમહાગિરિ અને આર્યસુહસ્તિને પાટલીપુત્રથી વિદિશામાં લઇ જાય છે. પરંતુ તે નિશીથ-ચૂર્ણિએ જણાવેલાં, 'રથયાત્રા પ્રસંગે સંપ્રતિને જાતિસ્મરણાદિ થયાં' વિગેરે આર્યમહાગિરિ અને આર્ય-સુહસ્તિની અસાંભોગિકતાનાં કારણોને દર્શાવતી હકીકત પડતી મુકે છે. કેમકે તેનું લક્ષ્ય અનિશ્રિતોપધાનતા જ છે. તે વિદિશાથી આર્યમહાગિરિને ગજાગ્રપદે લઈ જઇ અનશન કરાવે છે અને સુહસ્તિને ઉજ્જયિની મોકલે છે, જ્યાં ભદ્રા શેઠાણીની યાનશાલા-વસતિમાં રહેતાં અવન્તિસુકુમાલનો પ્રતિબોધાદિ પ્રસંગ બને છે. નિશીથચૂર્ણિ પ્રમાણે વિદિશામાં સંપ્રતિને પ્રતિબોધ થયો તે પછી કલ્પચૂર્ણિના કથનાનુસાર ઉજ્જયિનીમાં રાજપિંડાદિ ગ્રહણના કારણે એ બન્ને આચાર્યો વચ્ચે અસાંભોગિકતા અને નિશીથ-ચૂર્ણિના કથનાનુસાર આર્યસુહસ્તિએ 'मिच्छामि दुक्कडं' કર્યા બાદ ફરીથી સાંભોગિકતા થઇ છતાં શ્રી હેમચન્દ્રસૂરિજી કહે છે તેમ, પડતા કાલના દોષને લઈ આર્યમહાગિરિજીને અસાંભોગિકતા રાખવાનું જ ઠીક લાગતાં બન્ને આચાર્યો આહારાદિ વ્યવહારમાં છૂટા જ થઇ ગયા. અને આ પછી આર્ય મહાગિરિ ગજાગ્રપદે અનશન માટે પધાર્યા. આર્ય સુહસ્તિ પણ ઉજ્જયિનીથી આ વખતે વિહાર કરી ગયા, આ પછી ફરી ઉજ્જયિનીમાં આવ્યા ત્યારે અવન્તિસુકુમાલનો પ્રસંગ બન્યો. વસ્તુસ્થિતિ આવી રીતે હોવાથી આવશ્યક ચૂર્ણિનો સહારો લઇ, કલ્પચૂર્ણિના ઉપર આપેલા પાઠમાં જણાવેલો રાજા સંપ્રતિ નહિ, પણ બિન્દુસાર છે અને અસાંભોગિકતાનો પ્રસંગ બિન્દુસારના રાજ્ય સમયે બન્યો હતો, એવી કલ્પના કરવી એનો કોઇ અર્થ નથી.

અનિશ્રિતોપધાનતાના અંગે, "આર્યસુહસ્તિથી પ્રતિબુદ્ધ શ્રાવક વસુભૂતિએ આર્યસુહસ્તિના પણ પૂજ્ય તરીકે ભક્તિવશાત્ આહારની અશુદ્ધિ ઉપજાવી, પરંતુ મહા ઉપયોગવંતા મહાગિરિજીને સમજવામાં આવતાં તેઓ એ આહાર લીધા સિવાય પાછા ફર્યા અને સુહસ્તિસૂરિને તેમના અભ્યુત્થાનાદિથી કેવી રીતે અનેષણા-આહારની અશુદ્ધિ થઇ તે જણાવવામાં આવ્યું" આવી રીતે આવશ્યકચૂર્ણિકારે નોંધ્યા પછી તે બન્ને આચાર્યો અહિંથી-પાટલીપુત્રથી વિદિશા જાય છે અને ત્યાંથી મહાગિરિજી ગજાગ્રપદે જઇ અનશન કરે છે તથા સુહસ્તિસૂરિજી ઉજ્જયિની જાય છે ત્યાં અવન્તિસુકુમાલનો પ્રસંગ બને છે, એની નોંધ લે છે. આને લગતો ચૂર્ણિનો મૂલપાઠ આ પ્રમાણે છે—

"अणिस्सितोवधाणेत्ति — + + + ते वि अज्जमहागिरी अज्जसुहत्थी विहरंता पाडलिपुत्तं गता, तत्थ सेट्ठी वसुभूती तेसिं अंतिए धम्मं सोच्चा णिसम्म सावओ जातो, सो अण्णदा भणति सुहत्थिं भगवं ! मज्झ दिण्णो संसारनित्थरणोवाओ, मए य सयणस्स कहितं, तं न तथा लग्गति, तुब्भवि ताव अणाभियोगेण गंतूणं कहेधात्ति, ते गता, धम्मं कथेंति. तत्थ य महागिरी पविट्ठो, ते दट्ठुण सहसा उट्ठिता, वसुभूती भणति-तुब्भवि अण्णे आयरिया ? ताहे सुहत्थी तेसिं गुणसंथवं करेंति, जहा जिणकप्पो अतितो तथावि एते एवंविहं परिकम्मं करेंति, एवं तेसिं चिरं कहित्ता अणुव्वताणि य दातूण गता सुहत्थी, तेण वसुभूतिणा जेमित्ता ते भणिता-जदि एरिसओ साधू एज्जा तो से अगतो जधा उज्झितगाणि एवं करेज्जाह, एवं दिण्णे महफलं भविस्सति, बितीयदिवसे महागिरी भिक्खस्स पविट्ठो, तं अपुव्वकरणं दट्ठूणं चिंतेति- दव्वओज, णातं जथा णातो अहंति तहियागहिते भत्ते नियत्तो, भणंति अज्जो ! अणेसणा कता, केणं ? तुमं जं कल्लं अब्भुट्ठितो ॥ दोवि जणा

આહારાદિ વિષયક વૃત્તિને અનુચિત માની માફી માગી, [૧૦૬] પરંતુ આર્યસુહસ્તિ જેવા શ્રુતધર આવી પ્રવૃત્તિને મૂળથીજ સર્વથા અટકાવી શકતા નથી એ જોઈ આર્યમહાગિરિજીએ પડતા સમયનો વાંક માન્યો, અને ત્યાંથી વિહાર કરી તેઓ વિદિશાની યાત્રા કરી ગજા-

"ताए दारत्ति, पण रन्ना ओदरियमृत्युं स्मरता[2] चउसु वि नगरदारेसु महाणसा काराविता, तेसु सो राया कज्जेसु णिंतो अइंतो य भुंजइ. केइ एवं भणंति; वयं पुण एवं भणामो–ताणि सत्राणि[3], तेसु णिंतो अइंतो लोगो भुंजति। पुच्छति राया दिणे दिणे सूवगारे पुच्छति केवइयं सेसं भुत्तं लोगेणं तं च सूवगाराणं आभवति। ताहे राया ते सूवगारे भणति—साधुण देवं०गाहा कंठा ण केवलं सूवगारा भणति एमेव तेल्लि० गाहा कंठा। पणित्ति महल्लावणा. विपणित्ति दारिद्दावणा एवं दाणे पुच्छा य, महागिरिणोत्ति महागिरिणा अज्ज-सुहत्थी पुच्छितो--अज्जो एवरो आहारोवधी जाणेज्जासि मा रन्नो लोगो पवुत्तओ होज्जा, ताहे अज्जसुहत्थिणा अगवेसित्ता चेव भणितं–अम्हं राया सम्मत्तं करोति तेण अणुराया जणो लोइयधम्ममणुयत्तमाणो देति। संभोइत्ति। ताहे अज्ज महागिरिणा अज्जसुहत्थी भणिता–अज्जो! तुमं नाम एरिसो एवं भणसि। तत्ति संभोगपच्छइं कतं।

બૃહત્કલ્પચૂર્ણિ ઉ. ૧

(૧૦૬) આર્યસુહસ્તિએ 'मिच्छामि दुक्कडं' દીધા પછી આર્યમહાગિરીજીએ તેમની સાથે સાંભોગિકતા રાખી હતી એમ નિશીથચૂર્ણિ જણાવે છે, જેમકેઃ—

"ततो अज्ज सुहत्थी पच्चाउट्टो मिच्छामि दुक्कडं करोति। 'ण पुणो गेण्हामो' एवं भणिए संभुत्तो"

નિશીથચૂર્ણિ, ઉ૦૮

આર્યસુહસ્તિની સુવિહિતતા તરફ લક્ષ્ય રાખી મહાગિરિજીએ તેમની સાથે આહારાદિવ્યવહાર એકવાર સાંખ્યો હશે પણ એ ઝઝો વખત ટક્યો હોય તેમ લાગતું નથી, એમ શ્રીહેમચન્દ્રસૂરિજીના કથન પરથી સમજાય છે. જુવોઃ— પરિશિષ્ટપર્વ સર્ગ. ૧૧ શ્લો. ૧૨૦ થી ૧૨૩

---

वइदिसिं गता, तत्थ जितपडिमं वंदित्ता अज्जमहागिरी एलकच्छं गता गयग्गपदकं वंदका॥ (અહિં એલકાક્ષની ઉત્પત્તિ કેવી રીતે થઈ એ કથન કરી ગજાગ્રપદની ઉત્પત્તિ 'जथा दढ्ढीए' થી જાણવા ભલામણ કરી છે) तत्थ महागिरीहिं अज्जेहिं भत्तं पच्चक्खातं, देवत्ते गता, सुहत्थीवि उज्जेणीए पडिमं वंदगा गता (અહિંથી આગળ અવન્તિસુકુમાલની–મહાકાલ ચૈત્ય લૌકિક બન્યું ત્યાં સુધીની હકીકત લખી છે.)

(૨) 'ओदरिया'णाम जीविताहेतु पव्वइया (नि० चू० १ उ०) ओदरिय–द्रमकः द्रमको नाम दरिद्रो भूत्वा यः प्रव्रजति (बृ. १ उ० तट्टीका) ओदरियमृत्यु એટલે પેટના માટે દીક્ષિત થયેલાનું મૃત્યુ એને 'स्मरता'—જાતિસ્મૃતિથી સ્મરીને, આવી રીતે ઔદરિકમૃત્યુનું સ્મરણ સંપ્રતિને જ ઘટી શકે છે. જો આ પ્રસંગ બિન્દુસારને લક્ષ્યીને હોત તો 'पश्यता' કે 'श्रुतेन' જ લખાયું હોત પણ 'स्मरता' ન જ લખાયું હોત.

(૩) કેટલાક લોકો નગરથી બહાર જતાં કે આવતાં રાજા માટે આ રસોડાની વ્યવસ્થા હતી એમ કહે છે. કલ્પચૂર્ણિકાર એને સાર્વજનિક રસોડાં–સત્રો તરીકે જણાવે છે.

ગજાગ્રપદ તીર્થે જઈ ત્યાં અનશન કરી સ્વર્ગે સીધાવ્યા.[૧૦૭] ચૂર્ણિકાર, હેમચંદ્રસૂરિ, વિગેરેની ઉપરોક્ત પ્રકારની નોંધો પરથી સમજાય છે કે; મ. નિ. ૨૪૫ વર્ષે યુગપ્રધાનપદે આવેલા આર્યસુહસ્તિના અને તેમની સાથે વિચરતા યુગપ્રધાનપદથી નિવૃત્ત થઈ જિનકલ્પની તુલના કરતા આર્યમહાગિરિના સમયમાં મૌર્યસમ્રાટ્ સંપ્રતિ સામ્રાજ્યનો ભોક્તા હતો. ચાલુ જૈન સંપ્રદાય પ્રમાણે મૌર્યરાજ્યારંભ મ. નિ. ૨૧૫ વર્ષે માનીએ તો ઉપરોક્ત નોંધોનો કોઈપણ રીતે મેળ મળે જ નહિ. સામાન્ય રીતે આર્યમહાગિરિના યુગપ્રધાનપદનો અંત અને સ્વર્ગવાસ એક જ સમયે એટલે મ. નિ. ૨૪૫ વર્ષે મનાય છે તેમ ન માનતાં, મળતાં અન્ય સાધનોથી તેઓ ૨૪૫ પછી પણ કેટલાંક વર્ષો સુધી હયાત હતા એમ માની તેમનો સ્વર્ગવાસ વધારે મોડામાં મોડો મ. નિ. ૨૬૧ વર્ષે લંબાવીએ[૧૦૮] તો તે સમય સુધી અશોક જ ગાદીએ આવ્યો નથી તો પછી ૩૬ વર્ષ કે ૪૦ વર્ષ રાજ્ય કરનાર અશોક પછી ગાદીએ આવનાર સંપ્રતિની રાજા તરીકે હયાતીની વાત જ ક્યાં કરવાની રહી. ચાલુ જૈન સંપ્રદાય પ્રમાણે અશોકનો

---

(૧૦૭) એલકાક્ષ (દશાર્ણપુર)ની નજીકમાં આવેલા ગજાગ્રપદતીર્થે આર્યમહાગિરિ સ્વર્ગસ્થ થયા એમ આવશ્યકચૂર્ણિકાર અને હેમચન્દ્રાદિ આચાર્યો કહે છે, પરંતુ હિમવંત થેરાવલી કોઇ જુદા જ સ્થળે (કુમરગિરિ પર) મહાગિરિજી સ્વર્ગસ્થ થયા હતા એમ ધ્વનિત કરતી લાગે છે. જેમકે:—

"जिणकप्पियपरिकम्मं, जो कासी जस्स संथवमकासी। *कुमरगिरिम्मि सुहत्थी, तं अज्जमहागिरिं वंदे ॥" હિમ૦ સ્થવિરાવલી, પૃ. ૨ (મુદ્રિત)

થેરાવલીની આ ગાથાનો અર્થ આવી રીતે છે:—જેમણે જિનકલ્પ સંબંધી પરીકર્મ આચર્યું અને સુહસ્તિએ કુમરગિરિ (કલિંગ દેશનું તીર્થ) પર જેમની સ્તુતિ કરી તે આર્યમહાગિરિને વંદું છું.

શ્રીમેરુતુંગાચાર્યની બૃહત્પટ્ટાવલીમાં જણાવ્યું છે કે, આર્યમહાગિરિએ કુમરગિરિ પર અનશન કર્યું હતુ અને સુહસ્તિનો સ્વર્ગવાસ ઉજ્જયિનીમાં થયો હતો. આ પરથી અનુમાન થાય છે કે, હિમવંત થેરાવલીએ નોંધેલી ગાથામાં જે 'સંસ્તવ'ની વાત કરવામાં આવી છે, તે તેમના અંત્યસમયની હોવી જોઈએ. આ સમયના કલિંગના કુમરગિરિ 'શત્રુંજયાવતાર' તીર્થ તરીકે મનાતો હોય તે પ્રદેશમાં તેનું મહાત્મ્ય શ્રી સિદ્ધક્ષેત્ર જેવું મનાતું હતું.

(૧૦૮) [illegible] અને અસાંભોગિકતાના અંગે ચૂર્ણિકારોએ લખેલી હકીકત આપણને સાક્ષાત્ જણાવે છે કે, આર્યમહાગિરિજીએ યુગપ્રધાનપદ ત્યાગ કર્યું (મ. નિ. ૨૪૫) તે પછી પણ તેઓ કેટલાક સમય જીવંત હતા, પરંતુ તેઓ ક્યાં સુધી જીવંત હતા એનો ચોક્કસ સમય મેળવવાનું સાધન નથી. ફક્ત શ્રીયુત પં. કલ્યાણવિજયજી આપણને આવી રીતે જણાવે છે:—

"मेरे पासके एक युगप्रधान यन्त्रमें स्थूलभद्रके अनन्तरके युगप्रधानका पर्यायकाल ४६ वर्षका लिखा हुवा है। इससे यदि यह अनुमान कर लिया जाय कि ये ४६ वर्ष स्थूलभद्रके पीछे उनके शिष्य महागिरिकी जीवितदशाके सूचक हैं तो इसका अर्थ यह होगा कि आर्य महागिरिका स्वर्गवास निर्वाण संवत् २६१ के अन्तमें हुआ था।"

---

* કલ્પસુબોધિકા (મ. વિ. રચિત) વિગેરેમાં 'सिद्धिघरंमि' (શ્રેષ્ઠિના ઘેર) પાઠ નોંધાયો છે. આ સ્પષ્ટ મતાંતર છે.

રાજ્યારંભ મ. નિ. ૨૬૪ વર્ષે અને રાજ્યાંત મ. નિ. ૩૦૦ કે ૩૦૫ વર્ષે આવે છે.[૧૦૯] અને તે પછી તેના પૌત્ર સંપ્રતિના રાજ્યની શરૂઆત થાય છે. મ. નિ. ૨૬૧ વર્ષે સ્વર્ગસ્થ થનાર આર્યમહાગિરિનું જ નહિ, પરંતુ મ. નિ. ૨૯૧ વર્ષે સ્વર્ગસ્થ થનાર આર્યસુહસ્તિનું પણ આ સમયે અસ્તિત્વ નથી, આવી સ્થિતિમાં સંપ્રતિ રાજાને આર્યસુહસ્તિના દર્શનથી જાતિસ્મરણ, તેમના ઉપદેશથી ધર્મપ્રાપ્તિ, ઔદરિક મૃત્યુના સ્મરણથી જાગેલી દાનપ્રવૃત્તિ અને એ દાનપ્રવૃત્તિથી સ્થાપાયલી સત્રશાળાઓ વિગેરેમાંથી લેવાયેલા આહારાદિના કારણે આર્યમહાગિરિજીની આર્યસુહસ્તિ સાથે અસાંભોગિકતા, આ બધી જૈનસાહિત્યની બહુ વિશ્વસનીય-પ્રાચીન અને તેના આધારે લખાયલી પાછલા મધ્ય જમાનાની અર્વાચીન નોંધો અસંગત થઈ પડે છે. આર્ય-સુહસ્તિના ઉપદેશથી સંખ્યાબંધ-નવાં ચૈત્યો બંધાવનાર, પ્રતિમાઓ ભરાવનાર, જીર્ણોદ્ધારો કરાવનાર અને અનાર્ય ભૂમિમાં નકલી સાધુઓને મોકલી તે ભૂમિને સુવિહિત સાધુઓને વિહાર કરવા યોગ્ય બનાવનાર મહારાજા સંપ્રતિ આર્યસુહસ્તિના સમાગમમાં વિશેષ કાલ પર્યન્ત રહેલો હોવો જોઈએ, એ નિઃશંક લાગતી હકીકત આર્યસુહસ્તિના સ્વર્ગવાસ પછી ૯ થી ૧૪ વર્ષ સુધીના સમય બાદ સંપ્રતિનું રાજ્યારોહણ મનાતાં અસત્ય થઈ પડે છે. આ સર્વ આપત્તિઓથી આવી પડતી મુશ્કેલીને ટાળવા સંપ્રતિનો રાજ્યારંભ, મોડામાં મોડા મ. નિ. ૨૬૧ વર્ષે મનાતા આર્યમહાગિરિના સ્વર્ગવાસથી કેટલાંક વર્ષો પહેલાં માનવાની આપણને ફરજ પડે છે; અને તેમાં આપણને 'મૌર્ય સામ્રાજ્ય મ. નિ. ૧૫૫ વર્ષે શરૂ થયું' એવી માન્યતાવાળા એક પ્રાચીન સંપ્રદાયનો ટેકો છે, કે જે સંપ્રદાયને હિમવંતથેરાવલીકાર, ભદ્રેશ્વરસૂરિ, હેમચંદ્રસૂરિ વિગેરે અનુસર્યા છે. મ. નિ. ૧૫૫ વર્ષે મૌર્યરાજ્યની શરૂઆત માનતાં હિમવંતથેરાવલી આદિ ગમે તેની ગણનાએ સંપ્રતિનો રાજ્યારંભ મ. નિ. ૨૪૦થી ૨૪૫ વચ્ચે આવે.[૧૧૦] હિમવંતથેરાવલી સંપ્રતિનો રાજત્વકાલ મ. નિ. ૨૪૪-૨૯૩ એમ ૪૯ વર્ષ લખે છે. બીજી તરફ જૈનસાહિત્ય આર્યસુહસ્તિસૂરિના યુગપ્રધાનત્વની શરૂઆત મ. નિ. ૨૪૫ વર્ષે માની તેનો અંત તેથી ૪૬ વર્ષે એટલે મ. નિ. ૨૯૧ વર્ષે માને છે. આર્યમહાગિરિ પણ જિનકલ્પની તુલના કરતા કેટલોક સમય આર્યસુહસ્તિ સાથે રહ્યા હતા, અને એ સમય ૧૬ વર્ષ જેટલો એટલે મ. નિ. ૨૬૧ સુધી હતો. આવી સ્થિતિમાં આર્યસુહસ્તિ અને આર્યમહાગિરિના સમયમાં સંપ્રતિવિષયક જે ઘટનાઓ જૈનસાહિત્યમાં નોંધાઈ છે, અને મ. નિ. ૨૧૫ વર્ષે મૌર્યરાજ્યારંભ માનતાં જે અસંગત

(૧૦૯) નન્દરાજ્યાંત મ. નિ. ૨૧૫ વર્ષે, તે પછી ચન્દ્રગુપ્ત ૨૪, બિન્દુસાર ૨૫, (બૌદ્ધ૦ ૨૮, એમ ૨૧૫+૨૪+૨૫ (૨૮)=૨૬૪ (૨૬૭) વર્ષે અશોકનો રાજ્યારંભ. અશોકનું રાજ્ય ૩૬ વર્ષ (વધારેમાં વધારે ૪૧), એમ ૨૬૪+૩૬ (૪૧)=૩૦૦ (૩૦૫) વર્ષે અશોકનો રાજ્યાંત આવે.

(૧૧૦) ઉપર જણાવ્યા મુજબ સંપ્રતિનો રાજ્યારંભ જે મ. નિ. ૩૦૦ થી ૩૦૫ વર્ષ વચ્ચે આવતો હતો. તે ચાલુ સંપ્રદાયમાં ૬૦ વર્ષ વધારે ગણાયાં છે તે બાદ કરતાં ૩૦૦ થી ૩૦૫—૬૦=૨૪૦ થી ૨૪૫ આવે.

થતી હતી, તે સર્વ સંગત થઇ જાય છે. પરિણામે 'पणवन्नसयं तु होइ णंदाणं' એમાંના 'पणवन्नसयं'નો અર્થ ૧૫૫ સુધી એમ કર્યા સિવાય છૂટકો જ નથી, એટલુંજ નહિ, પરંતુ જૈનકાલગણનાની ગાથામાં 'अट्ठसयं मुरियाणं' એ ચરણમાંના 'अट्ठसयं' નો સીધો અર્થ ૧૦૮ થાય છે. તેવો ન કરતાં તે શબ્દને સંક્ષિપ્ત સૂત્રાત્મક તરીકે અભિપ્રાય ભેદે ભિન્ન થંક માનવાની ફરજ પડે છે. એમ ન માનતાં સીધા અર્થથી જ કામ લઇએ તો, મ. નિ. ૧૫૫ વર્ષે મૌર્યરાજ્યની શરૂઆત થઇ એ હિસાબે ૧૫૫માં મૌર્યકાલનાં ચાલુ સંપ્રદાય પ્રમાણે મનાતાં ૧૦૮ વર્ષ મેળવતાં મ. નિ. ૨૬૩ વર્ષે મૌર્ય રાજ્યાંત આવે. પરિણામે આર્યસુહસ્તિના સમાગમ પછી ઘણાં વર્ષોમાં ઘડનારાં સંપ્રતિનાં જે બ્હોળાં ધર્મકાર્યો છે તેનો મેળ મળી શકે નહિ. સંપ્રતિના રાજ્યાંત પછી મૌર્યરાજ્ય વિભક્ત થઇ ગયુ અને તે પછી કેટલાંક વર્ષો વીત્યા બાદ તેનો અંત આવ્યો હતો એ માન્યતાના હિસાબે કેટલાકો તરફથી અપાતી, સંપ્રતિનો રાજત્વકાલ મ. નિ. ૨૪૪ વર્ષે શરૂ થયો તે ઘણો જ ઓછો ચાલ્યો હતો અથવા એક સામ્રાજ્ય તરીકે તેનું રાજ્ય હતું જ નહિ એવી આપત્તિ પણ મૌર્યકાલ ૧૦૮ વર્ષ માનવાથી આવી પડે છે. આર્યસુહસ્તિના શિષ્ય ગુણસુંદર, કે જેઓએ મ. નિ. ૨૫૯ વર્ષે દીક્ષા લીધી હતી,[૧૧૧] તેમના શિષ્ય કાલકાચાર્યની વિદ્યમાનતામાં સંપ્રતિ રાજાએ ભરૂચના શકુનિકા વિહારનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. આ કાલકાચાર્યે પોતાના વિદ્યાબલથી ત્યાં ઉપદ્રવ કરતા મિથ્યાદષ્ટિ વ્યંતરોને પચીશ યોજન દૂર કર્યા હતા.[૧૧૨] મૌર્યરાજ્યાંત મ. નિ. ૨૧૩ વર્ષે માનીએ તો મૌર્યરાજ્યાન્તથી પૂર્વે થઇ ગયેલા મૌર્યસમ્રાટ્ સંપ્રતિના હાથે થયેલા જીર્ણોદ્ધારમાં મ. નિ. ૨૫૯ વર્ષે દીક્ષિત ગુણસુંદરસૂરિના વિદ્યાબલી શિષ્ય કાલકાચાર્યની વિદ્યમાનતા ભાગ્યે જ ઘટી શકે. થેરાવલી અને પટ્ટાવલીયો કહે છે તેમ, મ. નિ. ૨૯૩ વર્ષે સંપ્રતિનો સ્વર્ગવાસ માનીએ તો જ એ જીર્ણોદ્ધારના પ્રસંગે તેવી વિદ્યાસિદ્ધ સ્થિતિમાં કાલકાચાર્યનું અસ્તિત્વ હોય. સંભવ છે કે, એ જીર્ણોદ્ધાર આર્યસુહસ્તિના મ. નિ. ૨૯૧ વર્ષે સ્વર્ગસ્થ થયા પછી તરત જ થયેલો હોવો જોઇએ. એમ છતાં તેમની

(૧૧૧) યુગપ્રધાન પટ્ટાવલીમાં એમનો ગૃહસ્થપર્યાય ૨૪ વર્ષ, દીક્ષાપર્યાય ૩૨ વર્ષ, યુગપ્રધાનપદપર્યાય ૪૪ વર્ષ છે. તેઓ ૧૦૦ વર્ષનું આયુષ્ય ભોગવી મ નિ. ૩૩૫ વર્ષે સ્વર્ગસ્થ થયા હતા એ હિસાબે તેમનો જન્મ ૨૩૫ માં આવે તેમાં ગૃહસ્થપર્યાયનાં ૨૪ વર્ષ ઉમેરતાં ૨૩૫ + ૨૪=૨૫૯ વર્ષે દીક્ષા સમય આવે.

(૧૧૨) सम्प्रतिराजा च पुन-र्जीर्णोद्धारं चकार तिर्थेऽस्मिन् ।
मिथ्यादृष्टिव्यन्तर-वृन्दस्तत्रोपससृजे च ॥ ७५ ॥
श्रीगुणसुन्दरशिष्यै-र्निवारितास्ते च कालिकाचार्यैः ।
पञ्चाधिकविंशतियो-जनान्तरा स्वप्रभावेन ॥ ७६ ॥

પ્રભાવકચરિત વિજયસિંહસૂરિરચિત પૃ. ૪૩ (સિં. જૈ. ગ્રં. મુદ્રિત)

આ કાલકાચાર્ય દશપૂર્વધર શ્રી શ્યામાર્યથી ભિન્ન છે, એમ હું આગળ પર સાબીત કરવાનો છું.

હયાતીમાં પણ થયો હોય તો ના નહિ. વૃદ્ધાવસ્થાને લઇ શ્રી સુહસ્તિ તેમાં હાજર ન પણ રહ્યા હોય. ગમે તેમ પણ મ. નિ. ૧૫૫થી મ. નિ. ૨૬૩ સુધીનો ૧૦૮ વર્ષનો મૌર્યકાલ બંધ બેસતો નથી. જૈનસાહિત્યમાં મૌર્યવંશ અને તેના રાજાઓના રાજત્વકાલ વિષે કાંઈપણ ઉલ્લેખ થયેલો જણાતો નથી પરંતુ જૈનકાલગણનાની ગાથાઓ મૌર્યોનાં ૧૦૮, પુષ્યમિત્રોનાં ૩૦, બલમિત્ર-ભાનુમિત્રનાં ૬૦, એમ જે લખી રહી છે તેના સંબંધમાં જૈનસાહિત્યનો એક ગ્રંથ હિમવંતથેરાવલી આપણને કાંઈ ઉકેલ કરી આપે છે કે કેમ? તે હવે તપાસીએ.

હિમવંતથેરાવલી ચંદ્રગુપ્તનો પુત્ર બિન્દુસાર, બિન્દુસારનો પુત્ર અશોક, અશોકનો પૌત્ર સંપ્રતિ અને બલમિત્ર-ભાનુમિત્ર, બલમિત્રનો પુત્ર નભોવાહન, નભોવાહનનો પુત્ર ગર્દભિલ્લ, ગર્દભિલ્લનો પુત્ર વિક્રમાદિત્ય, એવી રીતે એ સર્વ રાજાઓને મૌર્યવંશના લખી તેમનો રાજત્વકાલ અનુક્રમે ૩૦, ૨૫, ૩૫, ૪૯, ૬૦, ૪૦, ૧૩ વર્ષ નોંધી છેલ્લા વિક્રમાદિત્યનો રાજત્વકાલ નોંધતી નથી. તેની ગણનામાં ચંદ્રગુપ્તથી લઈ બલમિત્ર-ભાનુમિત્ર સુધીના રાજાઓનો રાજત્વકાલ મ. નિ. ૧૫૪ થી ૩૫૪ સુધી ૨૦૦ વર્ષ થાય છે. મ. નિ. ૧૫૫ ના બદલે ૧૫૪થી તે મૌર્યવંશની શરૂઆત માને છે. અને સંપ્રતિ તથા બલમિત્ર-ભાનુમિત્ર વચ્ચે ૧ વર્ષ અરાજકતાનું તે લખે છે, આ ૨ વર્ષ ૨૦૦માંથી બાદ કરીએ તો બલમિત્ર-ભાનુમિત્રના રાજ્યાન્ત સુધી મૌર્યકાલ ૧૯૮ વર્ષ થાય. બલમિત્ર-ભાનુમિત્રના ૬૦ વર્ષ રાજત્વકાલ દરમીઆન મગધ-સમ્રાટ્ પુષ્યમિત્રનું ૩૦ વર્ષ ઉજ્જયિની પર આધિપત્ય થયું હતું, એ કાલ તે બલમિત્ર-ભાનુમિત્રના રાજત્વકાલમાં જ રહેવા દે છે; કેમકે તે ઉજ્જયિની પરનું આધિપત્ય નોંધતી નથી, પરંતુ પાટલીપુત્ર અને ઉજ્જયિનીના મૌર્યરાજાઓની સામાન્ય રાજત્વકાલની નોંધ લે છે.

હિમવંતથેરાવલીની જેમ જૈનકાલગણનાની ગાથાઓ પણ મૌર્યરાજ્યારંભથી બલમિત્ર-ભાનુમિત્ર સુધીનો રાજત્વકાલ ૧૯૮ વર્ષ નોંધે છે. જેમકે:-મૌર્યો ૧૦૮ વર્ષ, પુષ્યમિત્રો ૩૦ વર્ષ અને બલમિત્ર-ભાનુમિત્ર ૬૦ વર્ષ. હિમવંત થેરાવલીથી એની પદ્ધતિ નિરાળી છે, કારણ કે એ ગાથાઓને હિમવંતથેરાવલીની જેમ સ્વતંત્ર કે પરતંત્ર કોઇ રાજાના રાજત્વકાલની નોંધ નથી લેવી, પણ ઉજ્જયિનીના અધિપતિઓના રાજત્વકાલની જ નોંધ લેવી છે. ઉપરોક્ત ૧૯૮ વર્ષ દરમીયાન બલમિત્ર-ભાનુમિત્રના રાજ્યાંત પૂર્વે ૩૦ વર્ષ ઉજ્જયિની પર પુષ્યમિત્રોનું આધિપત્ય હતું એમ એ ગાથાઓ કહેતી હોવાથી, ઉજ્જયિનીના આધિપત્ય કાલનાં ૧૯૮ વર્ષમાં ગણાયલાં પુષ્યમિત્રોનાં ૩૦ વર્ષ બાદ કરીએ તો, પુષ્યમિત્રો સિવાયના મૌર્યો અને બલમિત્ર ભાનુમિત્રના નામે ૧૬૮ વર્ષ લખવાનાં રહે, અને મૌર્યોનાં ૧૦૮ વર્ષ, બલમિત્ર-ભાનુમિત્રનાં ૬૦ વર્ષ, એમ ૧૦૮ + ૬૦ = ૧૬૮ વર્ષ ત્યાં લખ્યાં પણ છે; પરન્તુ આ રીતે-૧૦૮ અને ૬૦ વર્ષ તરીકે પાડેલો વિભાગ બરાબર નથી, કારણ કે બલમિત્ર-ભાનુમિત્રના રાજત્વકાલે વચમાં પુષ્યમિત્રોનું ઉજ્જયિનીમાં ૩૦ વર્ષ

આધિપત્ય હોઇ બલમિત્ર-ભાનુમિત્રનાં ૬૦ વર્ષમાંથી એ ૩૦ વર્ષ બાદ કરતાં તેમનું ઉજ્જયિની પરનું આધિપત્ય ૩૦ વર્ષનું જ હતું એટલે ઉપરોક્ત ૧૬૮ વર્ષનો વિભાગ મૌર્યોનાં ૧૩૮ વર્ષ અને બલમિત્ર-ભાનુમિત્રનાં ૩૦ વર્ષ એવી રીતે કરવો જોઇએ પરંતુ તેમ ન કરતાં, જે મૌર્યોનાં ૧૦૮ વર્ષ અને બલમિત્ર-ભાનુમિત્રનાં ૬૦ વર્ષ આવી રીતે કર્યો છે તે બરાબર બંધ બેસતો નથી. છતાં પણ કર્યો તો છે જ તો તેમાં જરૂર કાંઈ લાક્ષણિક કારણ હોવું જોઈએ.

હું જણાવી ગયો છું કે, કલિંગના જૈન મહારાજા ખારવેલે પોતાના રાજ્યના બારમા વર્ષે એટલે હિમવંતથેરાવલી પ્રમાણે મ. નિ. ૩૧૨ માં પાટલીપુત્રમાં પુષ્યમિત્રને (પુષ્યમિત્રે રાજા તરીકે નીમેલો પોતાનો જ્યેષ્ઠ પુત્ર બૃહસ્પતિમિત્ર હતો તેને) પાદાક્રાન્ત કર્યો હતો.[૧૧૩] તેથી પુષ્યમિત્રોનો અવન્તિ (ઉજ્જયિની) પર આધિપત્યારંભ તે પછીથી થોડાંક વર્ષો બાદ થયો હશે. બીજી તરફ કાલગણનાની ગાથાઓ પુષ્યમિત્રોના ૩૦ વર્ષના આધિપત્ય બાદ બલમિત્ર-ભાનુમિત્રનું ઉજ્જયિની પર આધિપત્ય જણાવે છે. એટલે તે પણ મ. નિ. ૩૫૪ પહેલાં થોડાંક વર્ષો રહ્યું હશે એ નક્કી છે.

બલમિત્ર-ભાનુમિત્રના ઉજ્જયિનીના આધિપત્ય વચ્ચે ૩૦ વર્ષ પુષ્યમિત્રોનું આધિપત્ય હતું. તેનો ચોક્કસ સમય મેળવવાનું કોઇ સાધન નથી. મેં એ સમય આશરે મ. નિ. ૩૧૫ થી ૩૪૫ પર્યન્તનો માન્યો છે, એમ છતાં કદાચ તે મ. નિ. ૩૧૭ કે ૩૧૮ થી ૩૪૭ કે ૩૪૮ સુધી પણ હોય તો ના નહિ. પુષ્યમિત્રોના ઉજ્જયિની પરના આધિપત્ય દરમીયાન બલમિત્ર-ભાનુમિત્ર ઉજ્જયિનીમાં માંડલિક તરીકે રાજ્ય કરતા હતા કે તેઓ લાટના ભરૂચમાં ખસી જઇ ત્યાં સ્વતંત્રપણે રાજ્ય કરતા હતા એ પણ નિશ્ચિત સાધનના અભાવે અનિશ્ચિત છે. આ સર્વનો અર્થ એ છે કે, મ. નિ. ૨૯૩ થી ૩૧૫ સુધી ૨૨ વર્ષ બલમિત્ર-ભાનુમિત્રનું ઉજ્જયિની પર આધિપત્ય હતું, તે પછી ૩૧૫ થી ૩૪૫ સુધી ૩૦ વર્ષ પુષ્યમિત્રોનું આધિપત્ય રહ્યા બાદ ફરીથી ૩૪૫ થી ૩૫૩ સુધી ૮ વર્ષ બલમિત્ર-ભાનુમિત્રનું ત્યાં આધિપત્ય હતું. બલમિત્ર-ભાનુમિત્રનો ઉજ્જયિની પરનો ૩૦ વર્ષનો આધિપત્યકાલ અને બીજો ૩૦ વર્ષનો રાજત્વકાલ એમ મ. નિ. ૨૯૩ થી ૩૫૩ સુધી ૬૦ વર્ષનો સામાન્ય રાજત્વકાલ હતો. એ સામાન્ય રાજત્વકાલનું ભાન કરાવવાને કાલગણનાની ગાથાઓએ ૬૦ વર્ષ લખ્યાં પરંતુ ખરી રીતે પુષ્યમિત્રો પછી બલમિત્ર-ભાનુમિત્રનો ઉજ્જયિની પરનો આધિપત્યકાલ ૮ વર્ષ જ છે તો એ ૬૦ વર્ષને ૮ વર્ષના અભિપ્રાય પર જ લેવાં જોઇએ. પહેલાં કહેવામાં આવ્યું છે કે, મૌર્યરાજ્યારંભથી બલમિત્ર-ભાનુમિત્ર સુધીનો ઉજ્જયિનીનો આધિપત્યકાલ ગાથાઓની દૃષ્ટિએ ૧૯૮ વર્ષ છે, તેમાંથી બલમિત્ર-ભાનુમિત્રના આધિપત્ય વગરનાં જે ૩૦ વર્ષ છે તેનાં સમકાલીન પુષ્યમિત્રોનાં ૩૦ વર્ષ અને બલમિત્ર-ભાનુમિત્રના આધિપત્યનાં ૩૦ વર્ષ, એમ ૬૦ વર્ષ બાદ કરતાં મૌર્યોના ફાળે

(૧૧૩) જુઓ ટીપ્પણ નં. ૯૭.

૧૩૮ વર્ષ આવે છે. હવે બલમિત્ર-ભાનુમિત્રનો પુષ્યમિત્રો પછીનો આધિપત્યકાલ ૮ વર્ષ છે અને પૂર્વેનો ૨૨ વર્ષ છે, તે ૨૨ વર્ષ ૧૩૮ માં નાખીએ તો બલમિત્ર-ભાનુમિત્ર મૌર્યો જ હોવાથી મૌર્યોનો ઉજ્જયિની પરનો આધિપત્યકાલ ૧૬૦ વર્ષ થાય, છતાં ઉપરોક્ત ગાથાઓ ૧૦૮ વર્ષ લખે છે તો તેનો અભિપ્રાયાર્થ ૧૬૦ પર જ હોવો જોઇએ. આવી રીતે ૧૦૮ ને ૧૧૮ના અભિપ્રાયાર્થમાં ને ૬૦ ને ૮ના અભિપ્રાયાર્થમાં લેવાની રીત દ્રાવીડી-પ્રાણાયામ જેવી અને અંચ્યુત્યન્ન જેવી લાગે છે, પણ મૌર્ય બલમિત્ર-ભાનુમિત્રના ઉજ્જયિની પર ૨૨ વર્ષ આધિપત્ય પછી ૩૦ વર્ષ પુષ્યમિત્રોનું આધિપત્ય અને તે પછી ફરી બલમિત્ર-ભાનુમિત્રનું ૮ વર્ષ આધિપત્ય થાય છે. આવી સ્થિતિમાં સૂત્રકારની રૂચિ પ્રમાણે સંક્ષિપ્તસૂત્ર 'મૌર્યોનાં ૧૦૮, પુષ્યમિત્રોનાં ૩૦, બલમિત્ર-ભાનુમિત્રનાં ૬૦,' એવા સીધા અર્થવાળું લખાયું લાગે છે. એને સ્પષ્ટ લખવું હોય તો ચંદ્રગુપ્તથી સંપ્રતિ સુધીના ચાર મૌર્યોનાં ૧૩૮, બલમિત્ર-ભાનુમિત્રનાં ૨૨, પુષ્યમિત્રોનાં ૩૦, બલમિત્ર-ભાનુમિત્રનાં ૮ આવી રીતે લખાય અથવા તો મૌર્યોનાં ૧૬૦, પુષ્યમિત્રોનાં ૩૦, મૌર્યોનાં ૮, આવી રીતે લખાય, પરંતુ આવી રીતે લખી તેની સ્પષ્ટતા કરવા જાય તો સંક્ષિપ્તતા રહે નહિ. જો સ્પષ્ટતા ન કરે તો પુષ્યમિત્રોની આગળ પાછળ બે વખત બલમિત્ર-ભાનુમિત્ર અથવા મૌર્યો આવવાથી સંદિગ્ધતા રહે. આથી ૧૦૮ ને ૧૬૦ના અને ૬૦ ને ૮ના અભિપ્રાયાર્થ પર સંક્ષિપ્ત સૂત્ર લખી '**व्याख्यानतो विशेषप्रतिपत्तिर्न हि संदेहादलक्षणम्**' એ ન્યાયને અનુસરવું પડયું છે. સૂત્રકારને સૂત્ર કયી રીતે લખવું એ કોઇના પ્રશ્નની મર્યાદા બહારનું છે.[૧૧૪] અસ્તુ, મૌર્યરાજ્યારંભથી પુષ્યમિત્રોના રાજ્યારંભ સુધીનો સમય જૈનસાહિત્ય

---

(૧૧૪) આ નિયમથી આપણે શ્રીમેરુતુંગસૂરિના "**विक्कमरज्जाणंतर, सतरसवासेहिं वच्छरपवित्ती । सेसं पुण पणतीससयं, विक्कमकालम्मि य पविट्ठं ॥**" આ ગાથા પરના "**सप्तदशवर्षैर्विक्रमराज्यानंतरं वत्सरप्रवृत्तिः । कोऽर्थः ? नभोवाहनराज्यात् १७ वर्षैर्विक्रमादित्यस्य राज्यम् । राज्यानंतरं च तदैव वत्सरप्रवृत्तिः । ततो द्विपंचाशदधिकशत (१५२) मध्यात् १७ वर्षेषु गतेषु शेषं पंचत्रिंशदधिकशतं (१३५) विक्रमकाले प्रविष्टम् ।**" આવા વ્યાખ્યાનને બરાબર માનવામાં કાંઇ હરકત નથી. વિક્રમરાજ્ય પછી સત્તર વર્ષે વત્સર પ્રવર્ત્યો હતો એવો વિશ્વસનીય ઉલ્લેખ ન મળે અને તેનાથી વિરૂદ્ધ ઉલ્લેખો મળતા હોય એવી સ્થિતિમાં 'ક્યાંથી ૧૭ વર્ષે?' એવા ઉઠતા પ્રશ્નને સંગત જવાબ આપવા શ્રી મેરુતુંગસૂરિએ પ્રયત્ન કર્યો છે. તેઓ વ્યાખ્યા કરે છે કે નભોવાહનરાજ્યથી અર્થાત્ નભોવાહનના રાજ્ય પછીથી એટલે કે ગર્દભિલ્લોના રાજ્યારંભથી ૧૭ વર્ષે સંવત—પ્રવૃત્તિ થઈ. 'ગર્દભિલ્લોએ ૧૫૨ વર્ષ રાજ્ય કર્યું' એવા ઉલ્લેખો કે સંપ્રદાયની તેમને જાણ હોવી જોઇએ, કે જેને અનુસરી તેમણે ૧૫૨ માંથી ઉપરોક્ત ૧૭ વર્ષ બાદ કરતાં અવશિષ્ટ ૧૩૫ વર્ષ વિક્રમકાલમાં-વિક્રમ સંવતથી થતી ગણતરીમાં નાખ્યાં. એમણે ગર્દભિલ્લોનો કાલ લખ્યો છે તેમાં શકકાલનાં ૪ વર્ષ પણ ગણી લીધાં છે. શકોનું એ ૪ વર્ષનું અત્યલ્પ અને અવ્યવસ્થિત તથા અસ્થિર એવું રાજ્ય ગણતરીમાં ન લેતાં ગર્દભિલ્લોમાં જ ગણી કાઢયું છે. પુરાણોએ તો—"**सप्त गर्दभिलाश्चापि**" (મત્સ્યપુ૦ અ૦ ૨૭૩), "**सप्त गर्दभिनश्चैव**" (બ્રહ્માંડપુ૦ મ૦ ભા૦ ઉપો૦ પા૦ ૩ અ૦ ૭૪),

પ્રમાણે મ. નિ. ૧૫૫ કે ૧૫૪ થી ૩૧૫ કે ૩૧૬ સુધી ૧૬૦ કે ૧૬૨ વર્ષ છે. આ સમય દરમીયાન ઉજ્જયિનીનું આધિપત્ય જે રાજાઓએ ભોગવ્યું તેમની સાલવારી જૈન-સાહિત્યમાં નોંધાયલી મળી આવતી નથી. ચંદ્રગુપ્તથી સંપ્રતિ સુધી રાજાઓનાં નામ અને તેમના સંબંધમાં કેટલીક હકીકત લખતા આચાર્ય શ્રીહેમચંદ્રસૂરિ જેવાઓએ પણ તેમની સાલવારી નોંધી નથી. બલમિત્ર-ભાનુમિત્રના ઉજ્જયિની પરના આધિપત્યની સ્પષ્ટતા સિવાય એ રાજાઓના રાજત્વકાલની સ્પષ્ટ નોંધ ફક્ત હિમવંતથેરાવલીએ જ લીધી છે. જૈનસાહિત્યગત અન્ય સાધનના અભાવે મારે એ નોંધનો જ ઉપયોગ કરવો પડયો છે. આ નોંધની સાથે બૌદ્ધગ્રંથો અને પુરાણોના ઉલ્લેખોનો મતાન્તર જોવામાં આવે છે, એટલુંજ નહિ, પરન્તુ અશોકના રાજ્યાન્ત પછી તો બીલકુલ મેળ જ નથી. અશોકના રાજત્વકાલ પછી, બૌદ્ધગ્રંથો અને પુરાણો જાણે કે અપરિચિત હોય તેવી રીતે મૌર્યરાજાઓની નોંધ લે છે. અને તેમનો રાજત્વકાલ નોંધે છે. આ સમયના માટે જેટલી ચોકસાઈ હિમવંત થેરાવલીની છે તેટલી ભાગ્યે જ બૌદ્ધગ્રંથો કે પુરાણોની છે. ચંદ્રગુપ્ત, બિન્દુસાર અને અશોક એ ત્રણ સમ્રાટોના સંબંધમાં તો બૌદ્ધગ્રંથો અને પુરાણો જરૂર કાંઈક પરિચિત લાગે છે; અને તેથી તેમની નોંધેલી એ રાજાઓની સાલવારી પર મેં લક્ષ્ય આપી આ લેખમાં યથાસ્થાને ઉપયોગ કે ઉલ્લેખ કરવા વિચાર રાખ્યો છે. આ આખા લેખમાં કોઈપણ રાજાના રાજત્વકાલની કે તેના સમયમાં બનેલી હકીકતની નોંધ લેતાં તેના સમયની બાબતમાં મેં એકાદ વર્ષનું અંતર ધ્યાનમાં લીધું નથી. કોઈ બનાવ વર્ષની આદિમાં બન્યો હોય ને કોઈ બનાવ વર્ષની અંતમાં બન્યો હોય ત્યાં નોંધાયલાં વર્ષોમાં સહજ એકાદ વર્ષનું અંતર પડી જાય અને તેને સ્પષ્ટ સમજવાનાં સાધન અધુરાં મળી આવે ત્યાં નિરુપાયે એકાદ વર્ષને ધ્યાનમાં ન લેવાય એ સ્વાભાવિક છે. વળી આ લેખમાં મ. નિર્વાણથી અમુક વર્ષે એમ લખેલું હોય ત્યાં નિર્વાણનું ગતવર્ષ જ સમજવાનું છે.

---

"**सप्त गर्दभिनश्चापि**" (વાયુપુ૰ ઉત્ત૦ અ૦ ૩૭) આવા ઉલ્લેખો કરી, શકરાજાને ગર્દભિલ્લોમાં ગણી, ગર્દભિલ્લો-ગર્દભિલ્લ, વિક્રમાદિત્ય, ધર્માદિત્ય (વિક્રમચરિત્ર), ભાઇલ્લ, નાઇલ્લ અને નાહડ, એમ ૭ હતા તેના બદલે સાતની સંખ્યા કરી દીધી છે. વિક્રમસંવતની પ્રવૃત્તિમાં જૈનકાલગણનાના ચાલુ સંપ્રદાયના અર્થ મુજબ શ્રીમેરુતુંગસૂરિજી, હિમવંત થેરાવલીકાર વિગેરેએ નોંધેલા સમય કરતાં જરૂર ૬૦ વર્ષ મતભેદ ધરાવે છે, પરંતુ નભોવાહનના રાજ્યથી એટલે રાજ્ય બાદ ૧૭ વર્ષે વિક્રમનું રાજ્ય શરૂ થયું હતું એમાં તેઓના વચ્ચે કોઇ મતભેદ ન હતો. આથી સમજાશે કે શ્રીમેરુતુંગસૂરિએ કરેલી વ્યાખ્યા કેટલી પ્રામાણિક છે. તિત્થોગાલીની પ્રકીર્ણક ગાથા—"**गद्दभसयमेगं पुण**" અર્થાત્ ગર્દભોનાં ૧૦૦ વર્ષ, એમ લખતી ફક્ત વિક્રમાદિત્ય અને ધર્માદિત્યનો જ ૬૦+૪૦=૧૦૦ વર્ષ રાજત્વકાલ નોંધતી હોય એમ લાગે છે. એણે ગર્દભિલ્લ, શક, ભાઇલ્લ, નાઇલ્લ અને નાહડ એ રાજાઓને હીન-ચારિત્ર, અવ્યવસ્થિત અને નબળા ગણી શું ગણતરીમાં જ લેવા યોગ્ય નહિ ધાર્યા હશે ?. અમે તેમ પણ આવી આવી બાબતોમાં વિશેષ વ્યાખ્યાનથી અથવા તો અન્ય સાધનોથી નિર્ણય કરવો જોઇએ.

# ચંદ્રગુપ્ત ૨૯ વર્ષ. મ. નિ. ૧૫૫–૧૮૪

## (વિ. સં. પૂ. ૨૫૫–૨૨૬, ઈ. સ. પૂ. ૩૧૨–૨૮૩)

હિમવંતથેરાવલી ચંદ્રગુપ્તનો રાજત્વકાલ મ. નિ. ૧૫૪ થી ૧૮૪ સુધી એટલે ૩૦ વર્ષ માને છે, પરંતુ અન્ય જૈનસાહિત્યના આધારે ચંદ્રગુપ્ત મૌર્યનો રાજ્યારંભ મ. નિ. ૧૫૫ વર્ષે મનાયો હોવાથી અહિં ૩૦ વર્ષમાંથી એક વર્ષ ઓછું કરી ૨૯ વર્ષ ચંદ્રગુપ્તનાં લખવાં પડે છે. બૌદ્ધગ્રંથો અને પુરાણો તો ચંદ્રગુપ્તનો રાજત્વકાલ ૨૪ વર્ષજ લખે છે. તે હિસાબે એ સમય મ. નિ. ૧૫૫ થી ૧૭૯ સુધીજ ગણાય. મૌર્યરાજ્યારંભ મ. નિ. ૧૫૪ કે ૧૫૫ વર્ષે થયો એ મતભેદનું વધારાનું ૧ વર્ષ છોડી દઇએ તોપણ હિમવંત થેરાવલી ચંદ્રગુપ્તનો રાજત્વકાલ બૌદ્ધગ્રંથો અને પુરાણોથી ૫ વર્ષ વધારે ગણે છે. બૌદ્ધગ્રંથો બિન્દુસારનાં ૨૮ અને અશોકનાં ૩૭ વર્ષ લખે છે, જ્યારે હિમવંત થેરાવલી બિન્દુસારનાં ૨૫ અને અશોકનાં ૩૫ એમ ૩+ ૨ = ૫ વર્ષ ઓછાં લખે છે. પરિણામે ચંદ્રગુપ્તનાં ૫ વર્ષ વધારે પડતાં હતાં તે આ ૫ વર્ષ ઓછાં લખાતાં તેની ગણુનાનો મેળ અશોકના રાજ્યાંતે બૌદ્ધગ્રંથોની સાથે મળી જાય છે. પુરાણો તો હિમવંત થેરાવલીની જેમ બિન્દુસારનાં ૨૫ વર્ષ લખે છે, પરંતુ અશોકનાં ૩૬ વર્ષ લખતાં હોવાથી તેમની અપેક્ષાએ હિમવંત થેરાવલીનું ૧ વર્ષ ઓછું છે તે, પૂર્વોક્ત વધારે જણાતાં ૫ વર્ષોમાંથી બાદ કરીએ તો પણ ૪ વર્ષ વધારે હોતાં તેનો મેળ અશોકના રાજ્યાંતે પુરાણોની સાથે ન જ મળે. અશોકનો રાજ્યાંત હિમવંત થેરાવલીની ગણુના કરતાં પુરાણોની ગણુનામાં ૪ વર્ષ વહેલો આવે. પણ જો અશોકની અનભિષિક્ત દશાનાં ૪ વર્ષ માની તે કાલ અશોકનાં પૂર્વોક્ત ૩૬ વર્ષમાં ઉમેરીએ ને તેનાં ૪૦ વર્ષ ગણીએ તો અશોકનો રાજત્વકાલ હિમવંત થેરાવલી ૩૫ વર્ષ લખે છે તે, પુરાણોથી ૫ વર્ષ ઓછો થયો; અને એ રીતે થેરાવલીમાં ચંદ્રગુપ્તનાં ૫ વર્ષ વધારે હતાં તેનો બદલો અશોકનાં ૫ વર્ષ ઓછાં લખતાં વળી જતાં હિમવંત થેરાવલી અશોકના રાજ્યાંતે પુરાણોની સાથે પણ એક જ સમયે મળતી થઈ જાય છે. આ રીતે ચંદ્રગુપ્તનો રાજ્યારંભ અને અશોકનો રાજ્યાંત એ બન્નેની સાલના સંબંધમાં હિમવંત થેરાવલી, બૌદ્ધગ્રંથો અને પુરાણો બહુધા એકમત કરી શકાય, પણ તેઓ ચન્દ્રગુપ્તનો રાજ્યાંત, બિન્દુસારનો રાજ્યારંભ અને રાજ્યાંત તથા અશોકનો રાજ્યારંભ, એની ચોક્કસ સાલ કયી હતી એ બાબતમાં એકમત નથી. કારણ ખુલ્લું જ છે કે તેઓ ચંદ્રગુપ્ત, બિન્દુસાર અને અશોકનો રાજત્વકાલ લખવામાં મતભેદ ધરાવે છે. જેમકેઃ—

| | હિમવંત થેરાવલી | બૌદ્ધગ્રંથો | પુરાણો |
|---|---|---|---|
| | મ. નિ. વર્ષ. | મ. નિ. વર્ષ. | મ. નિ. વર્ષ. |
| ચન્દ્રગુપ્ત | ૧૫૫–૧૮૪ ૨૯ (૧૫૪–૧૮૪ ૩૦) | ૧૫૫–૧૭૯, ૨૪ | ૧૫૫–૧૭૯, ૨૪ |

| | | | | |
|---|---|---|---|---|
| બિન્દુસાર | ૧૮૪–૨૦૯ | ૨૫ | ૧૭૯–૨૦૭, ૨૮ | ૧૭૯–૨૦૪, ૨૫ |
| અશોક (અનભિષિક્ત) | | (૨) | ૨૦૭–૨૧૧, ૪ | ૨૦૪–૨૦૮, ૪ |
| અશોક | ૨૦૯–૨૪૪ | ૩૫ | ૨૧૧–૨૪૪, ૩૩ | ૨૦૮–૨૪૪, ૩૬ |

ચંદ્રગુપ્તાદિ ત્રણ રાજાઓના રાજત્વકાલ વિષેનો ઉપરોક્ત મતભેદ, ચંદ્રગુપ્તે પાટલીપુત્ર લીધું ને ત્યાં તેનો રાજ્યાભિષેક થયો તે પહેલાં તેણે કોઈક પાર્વતીય પ્રદેશમાં પાંચેક વર્ષ રાજ્ય કર્યું હોય તેને લીધે છે કે અશોકનો રાજ્યારંભ અને રાજ્યાભિષેક એ બન્નેના અંતરની અનિશ્ચિતતાને લઇને છે, એ સંબંધમાં ખાત્રીબંધ પુરાવાના અભાવે કાંઇ પણ કહી શકાય તેમ નથી.

નન્દરાજાથી અપમાનિત થએલા રાજનીતિજ્ઞ અને સમર્થ અર્થશાસ્ત્રી ચાણાક્યે મૌર્ય ચન્દ્રગુપ્તને આગળ કરી વિવિધ પ્રયત્નોથી અને છેવટે હિમવત્કૂટના રાજા પર્વતકની મદદની પ્રાપ્તિથી નન્દના પાટલીપુત્રનો કબ્જો મેળવ્યો. ચાણાક્યે કરેલી શરત પ્રમાણે અર્ધરાજ્યનો ભાગીદાર બનનાર પર્વતક વિષથી પોષાયલી કન્યાના પ્રસંગથી મૃત્યુ પામતાં ચાણાક્યે ચંદ્રગુપ્તને મગધનો સમ્રાટ્ બનાવ્યો, એટલું જ નહિ, પરન્તુ તેણે મગધસામ્રાજ્યને વધારે વ્યવસ્થિત, સમૃદ્ધ અને વિસ્તૃત કરવા સાથે નિર્ભય અને પ્રતાપી પણ બનાવ્યું.[૧૧૫]

શ્રીહેમચંદ્રસૂરિજી ચંદ્રગુપ્તને નન્દરાજાના મયૂરપોષક મહત્તરની પુત્રીના પુત્ર તરીકે ઓળખાવે છે[૧૧૬] અને તેને મૌર્ય તરીકે લખે છે. તેઓશ્રી ચંદ્રગુપ્તના પિતાની બીલકુલ ઓળખ આપતા નથી તેમ તેની માતાનું નામ પણ જણાવતા નથી પરંતુ બૌદ્ધગ્રંથોથી જાણવા મળે છે કે, મોરિય એટલે મૌર્ય એ ક્ષત્રિયો હતા.[૧૧૭] વૈદિકગ્રંથોમાં ચંદ્રગુપ્તની

(૧૧૫) આ પેરેગ્રાફની હકીકત સાથે આવશ્યકચૂર્ણિ (પૂર્વભાગ પૃ. ૫૬૩ થી ૫૬૫), પરિશિષ્ટપર્વ (સર્ગ ૮, શ્લો. ૧૯૪ થી ૩૭૬) વિગેરે જૈન સાહિત્ય અને મત્સ્યપુરાણાદિ, મુદ્રારાક્ષસ (ઉપોદ્ઘાત) વિગેરે વૈદિક સાહિત્ય એક મત છે. કથાસરિત્સાગર (કથાપીઠલમ્બક, તરંગ ૫.) ચન્દ્રગુપ્તનાં રાજ્યપ્રાપ્તિમાં શકટાલને આગળ કરી ચાણાક્યદ્વારા નન્દ (યોગાનન્દ) વધાદિનું વિધાન કરે છે, પણ તે સંપ્રદાયાગ્રહમૂલક હોઇ બૃહત્કથાનું સ્વૈચ્છિક રૂપાન્તર છે અને તેથી અવિશ્વસનીય છે.

(૧૧૬) પરિશિષ્ટપર્વ સર્ગ ૮, શ્લો. ૨૩૦ થી ૨૩૯. આવશ્યકચૂર્ણિમાં પણ એમ જ કહેવામા આવે છે. જેમકે;—

"નંદસ્સ મોરપોસગા, તેસિં ગામં ગતો પરિવ્વાયલિંગેણં, તેસિં મહત્તરધી(ધૂ)તાए ચંદપીયતે દોહલો જાતો × × × अवणीते पुत्तो जातो" આવશ્યક ચૂર્ણિ પૂર્વભાગ પૃ. ૫૬૩

ચૂર્ણિકારે પણ ચન્દ્રગુપ્તના પિતા ને માતાનું નામ આપ્યું નથી.

(૧૧૭) ડૉ. ત્રિભુવનદાસ લ. શાહ પ્રાચીન ભારતવર્ષ–ભાગ બીજો, પૃ ૧૩૯, ટી૦ ૨૦માં આવી રીતે જણાવે છે;–"જૈ. નો. ઈ. પૃ ૧૩૨:—મહાવંશમાં તેને મોરિયા ક્ષત્રિય જાતિનો પુરુષ ગણ્યો છે, દિવ્યાવદાનમાં ચન્દ્રગુપ્તનો પુત્ર બિંદુસાર પોતાને ક્ષત્રિય મૂર્ધાભિષિક્ત ગણાવે છે. તે જ ગ્રંથમાં બિંદુસારપુત્ર અશોક પોતાને ક્ષત્રિય તરીકે ઓળખાવે છે. (જુવો કાવેલ અને નાઇલનું દિવ્યાવદાન પૃ. ૩૭૦)" ડોક્ટર મહાશયે જેનું ભાષાંતર કર્યું છે તે ઇંગ્રેજી મૂળ પણ અહિં આપ્યું છે.

માતાનું નામ મુરા લખવામાં આવે છે અને તેને નન્દરાજાની પટરાણી બનાવવામાં આવે છે,[૧૧૮] પરંતુ આ હકીકત સત્ય હોય તો તે નન્દવંશી ઓળખાય, નહિ કે મૌર્યવંશી.

---

ઉપરોક્ત બાબતમાં શ્રીયુત પં. વિશ્વેશ્વરનાથ રેઉ લખે છે કે:—"बौद्ध ग्रंथोसे पाया जाता है कि बुद्धके वंशमें ही मोर्यवंशी राजा हुए थे। यदि यह ठीक हो तो इनका शाक्यवंशी होना सिद्ध होता है। उक्त ग्रन्थोमें यह भी लिखा है कि चन्द्रगुप्तका पिता हिमालय प्रदेशके एक छोटेसे राज्यका स्वामी था और उक्त प्रदेशमें मोर अधिकतासे होनेके कारण ही वहाँका राज्य मौर्य राज्य कहलाता था। (ભારતકે પ્રાચીન રાજવંશ–દ્વિતીય ભાગ પૃ. ૭૫

(૧૧૮) જુવો, મુદ્રારાક્ષસનો ઉપોદ્ઘાત. અહિં, સર્વાર્થસિદ્ધિ નામના નન્દની બીજી રાણી મુરા હતી, કે જે વૃષલની પુત્રી હતી, તેના પુત્ર મૌર્યનો પુત્ર ચન્દ્રગુપ્ત હતો, એમ કહેવાયું છે. બૃહત્કથાસરિત્સાગરમાં, પૂર્વનન્દનો પુત્ર ચન્દ્રગુપ્ત હતો, એવો સ્પષ્ટ ઉલ્લેખ છે, જેમકે:—

"राज्ञः पत्नी सुनन्दासीज्ज्येष्ठान्या वृषलात्मजा। मुराख्या०" श्लो० २८

"मुरा प्रासूत तनयं, मौर्याख्यं गुणवत्तरम् + + + ॥" श्लो० ३२

"चन्द्रगुप्तोत्तमास्तस्य, मौर्यस्यासञ्शतं सुताः। + + ॥" श्लो० ३६

મુદ્રારાક્ષસ—ઉપોદ્ઘાત

"पूर्वनन्दसुते लक्ष्मीश्चन्द्रगुप्ते निवेशिता।"

કથાસરિત્સાગર–કથાપીઠલમ્બક તરંગ ૫ શ્લો૦ ૧૨૩

વૈદિક સાહિત્યમાં 'મુરા'–ચન્દ્રગુપ્તની મા કે તેના બાપની મા–વૃષલની પુત્રી હતી અને તે નન્દની રાણી હતી એવા ઉલ્લેખને જોઇ મી. સ્મીથ લખે છે કે:—"ચન્દ્રગુપ્ત મૌર્ય એ નંદવંશમાં જ વાધા ભરી રીતે પેદા થયો હતો" (હિંદુસ્તાનનો પ્રાચીન ઇતિહાસ–પૂર્વાર્ધ પૃ. ૫૮), પરંતુ 'भारतके प्राचीन राजवंश' ના લેખક લખે છે કે:—"इन कथाओंके विषयमें विद्वानोंका अनुमान है कि मोर्यवंशीयों के बौद्ध हो जानेके कारण ब्राह्मणधर्मको बहुत कुछ हानि उठानी पडी थी। इसी कारण उन लोगोंने मौर्योंको पतित और शूद्र प्रसिद्ध करनेके लिये उक्त कथाओंकी सृष्टि कर ली होगी।"

ભારતકે પ્રાચીન રાજવંશ–દ્વિતીય વિભાગ પૃ. ૭૬

નન્દરાજાએ પાટલીપુત્ર છોડતી વખતે ચન્દ્રગુપ્તના પર અનુરાગ ધરતી પોતાની પુત્રીને ચન્દ્રગુપ્ત સાથે લગ્નથી બંધાવા સમ્મતિ આપી છે તે પરથી સમજાય છે કે, ચન્દ્રગુપ્ત એ નન્દનો પુત્ર નથી અને જો તે નન્દનો પુત્ર ન હોય તો 'નન્દની વૃષલા રાણી અને તેનાથી જન્મેલો મૌર્ય ને તેથી જન્મેલો ચન્દ્રગુપ્ત' એ કથન ધર્માગ્રહમૂલક જ હોઈ શકે. જો ચન્દ્રગુપ્ત વૃષલ એટલે શૂદ્ર એવા અર્થમાં હોત તો, મુદ્રારાક્ષસ લખે છે તેમ, વારવાર 'વૃષલ' એવા સંબોધનથી ચાણાક્ય જેવો બુદ્ધિમાન વ્યવહારદક્ષ પોતાના હાથે સ્થાપેલા રાજાને સંબોધે જ નહિ. એટલે કહેવું પડે છે કે, તે નાટકકારનો સંપ્રદાયાગ્રહ જ તેને વૃષલ એવું સંબોધન કરાવે છે અથવા તો 'વૃષલ' શબ્દનો અર્થ જેવો સમજવામાં આવે છે તેવો નહિ પણ અન્ય રીતે જ થતો હોવો જોઇએ. ગમે તેમ પણ ચન્દ્રગુપ્તના કુલની વાસ્તવિક ઓળખ કરવામાં મળી આવતાં સાધન પરસ્પર વિરોધી અને અવિશ્વસનીય હોવાથી એ વિષયમાં મૌન જ રહેવું પડે તેમ છે. જૈન સાહિત્યે એ જ કારણથી મૌન સેવ્યું હોય એમ કલ્પના થાય છે.

એકંદર રીતે લેખકો ચન્દ્રગુપ્તના પિતાના નામથી કે મૌર્યોથી બહુ ઓછા જ પરિચિત અથવા તો અપરિચિત જ છે, એમ મને તો લાગે છે. બાકી ચાણુક્ય વિષે તો હેમચંદ્રસૂરિજી લખે છે કે,[૧૧૯] "ગોલ્લદેશમાં ચણકગ્રામે ચાણુક્યનો જન્મ થયો હતો. તેના પિતાનું નામ ચણી અને માતાનું નામ ચણેશ્વરી હતું. તેઓ પરમજૈન બ્રાહ્મણ હતાં. મુનિઓએ સદંત જન્મેલા ચાણુક્ય બાલકને માટે રાજ્યપ્રાપ્તિનું સૂચન કરતાં ચણીએ એ બાલકના દાંત ઘસાવી નાખ્યા, પણ ચણીએ એ દાંત ઘસાવી નાખવાની હકીકત મુનિઓની આગળ નિવેદન કરતાં તેને મુનિઓએ કહ્યું કે, 'આ કૃત્યથી બાલક રાજા નહિ, પણ બિમ્બાન્તરિત રાજા થશે, એટલે કે રાજાને એક પુતળા તરીકે રાખી રાજ્યલોક્તા થશે." આપણે ભારતીય સાહિત્ય પરથી જાણીએ છીએ કે, ચાણુક્ય રાજા નહિ, પણ રાજા તરીકે સ્થપાયલા ચંદ્રગુપ્તને દોરનાર રાજા જેવી જ વ્યક્તિ હતી. એણે જ ચંદ્રગુપ્તના નામે મૌર્યવંશની સ્થાપના કરી હતી અને તેને દૃઢમૂલ બનાવ્યો હતો, એ હું ઉપર કહી જ ગયો છું.

હિમવંત થેરાવલી ચન્દ્રગુપ્તને 'मोरियपुत्तो' મૌર્યપુત્ર કહે છે,[૧૨૦] તે પરથી ચન્દ્રગુપ્તના પિતાનું નામ મૌર્ય હોવાનું સૂચન થાય છે. તેને મગધાધિપ બનવામાં દોર-

---

(૧૧૯) શ્રીહેમચન્દ્રસૂરિજી જ નહિ પણ તેમના સમયથી ચાર સદીઓથી પણ પૂર્વેના ગ્રંથકારો 'चाणक्क'–ચાણુક્ય વિષે આવી જ રીતે લખી ગયા છે. જૈન ગ્રંથકારો ચાણુક્યથી બહુ જ પરિચિત છે. જિનદાસગણિમહત્તર કૃત આવશ્યક ચૂર્ણિનો પાઠ આ પ્રમાણે છેઃ—

"चाणक्के-गोल्लविसए[१] चणियग्गामो, तत्थ चणिओ माहणो सो य सावओ, तस्स घरे साधू ठिता, पुत्तो से जातो सह दाढाहिं, तेण साधूण पाएसु पाडिओ, तेहिं भणितं-राया हाहितित्ति, तेण चिंतियं-मा दोग्गतिं जाइस्सइत्ति दंता घट्ठा, पुणोवि आयरियाणं कहितं, तेहिं भणितं-किं कज्जतु? एत्ताहेवि बिंबंतरितो भविस्सइत्ति, उम्मुक्कबालभावेण चोद्दस विज्जाठाणाणि आगमियाणि, सोवि सावओ[२] संतुट्ठो॰"

આવશ્યકચૂર્ણિ–પૂર્વભાગ. પૃ. ૫૧૩

(૧૨૦) હિમવંત થેરાવલી. (મુદ્રિત) પૃ. ૩

---

(૧) ગોલ્લદેશ ક્યાં આવ્યો એ વિષે અનુમાન કરવામાં અબાધિત સાધનો આજે વિદ્યમાન છે કે કેમ એ તપાસવાનું રહે છે.

(૨) ચાણુક્યના અર્થશાસ્ત્રમાં મનુસ્મૃતિ ઇત્યાદિ વૈદિકને અનુસરતા ગ્રંથોમાં આલેખેલી નીતિથી વિરૂદ્ધ જઈ વિપ્રને પણ શારીરિક સજા કરવામાં આવે એવું વિધાન કરાયેલું હોવાથી ચાણુક્ય વૈદિક મતાનુયાયી નહિ પણ તેથી ભિન્ન મતાનુયાયી છે એમ સાબીત થાય છે. અર્થશાસ્ત્રમાં એવી પણ બાબતો લખેલી છે કે, જેથી ચાણુક્ય વૈદિક નહિ પણ જૈન હતો એમ સાબીત કરી શકાય.

(ચાણુક્ય એ આજકાલ વપરાતું અશુદ્ધ રૂપ છે. મેં પણ બહુધા એ અશુદ્ધ જ રૂપ લખ્યું છે, પણ તેનું શુદ્ધ રૂપ 'ચાણક્ય'જ છે, કે જેવી રીતે પ્રાચીન જૈન ગ્રંથકારો લખે છે)

વણી આપનાર 'ચાણિગં' હતો એ પણ તે જણાવી રહી છે. થેરાવલી આ સિવાય વિશેષ કાંઈ ચન્દ્રગુપ્ત કે ચાણાક્યની ઓળખ આપતી નથી ચન્દ્રગુપ્તનો પિતા મૌર્ય હોવાથી તેનો વંશ મૌર્યનામથી ઓળખાય છે એવું નક્કી કરવા થેરાવલી આપણને મહત્ત્વની મદદ કરી રહી છે, સિવાય કે વધારે પ્રામાણિક અન્ય સાધનો ન મળે. અસ્તુ, આથી પણ વિશેષ સંશોધન બાબતી ઉપરોક્ત હકીકતને આપણે અહિં જ છોડી દઇએ.

ચન્દ્રગુપ્ત મગધાધિપ બન્યો, પછી તેના સામ્રાજ્યની શરૂઆતનાં વર્ષોમાં જે પરિસ્થિતિ હતી તેને રીતસર પહોંચી વળી મૌર્ય વંશનાં ઊંડાં મૂળ નાખવામાં તેને ચાણાક્ય દ્વારા અનેક પ્રકારની રાજનીતિઓનો આશ્રય લેવો પડયો હતો, એમ શ્રીહેમચંદ્રસૂરિ અને અન્ય લેખકોના લખાણથી સમજાય છે. એક બાજુ મધ્યપ્રાંતમાં વર્ષોથી ભયંકર દુષ્કાલ પ્રવર્તી રહ્યો હતો અને બીજી બાજુ મોટા સામ્રાજ્યના રક્ષણને પહોંચી વળાય તેવું વારસામાં મળેલું એક મોટું સૈન્ય નિભાવવાનો સામ્રાજ્યના માથે ભારે બોજો હતો. ચાણાક્યની બુદ્ધિએ જેમ બને તેમ જલદીથી નન્દના અનુજીવીઓ અને સામંતોને સામાદિથી વશ કરી આજુબાજુના પ્રદેશોમાં શાંતિ સ્થાપી દીધી અને પછી અર્થશાસ્ત્રના એ નિષ્ણાતે પ્રાથમિક જરૂરિયાતોને પહોંચી વળવા ખપ પુરતું દ્રવ્ય ભેળું કરી જેમ બને તેમ દુષ્કાલને હળવો બનાવવા એક નહેર ખોદાવવાનું કાર્ય શરૂ કર્યું. કલિંગના જૈન મહારાજા ખારવેલનો હાથીગુફાનો શિલાલેખ આપણને કહી રહ્યો છે કે, એ નહેરનું ઉદ્‌ઘાટન '**नंदराज-तिवससतं**' નન્દરાજાથી એટલે તેના સંવતથી ૧૦૩ વર્ષે, અર્થાત્; આ લેખની ગણતરીએ મ. નિ. ૧૬૩ વર્ષે થયું હતું.[૧૨૧] ચાણાક્યને વિદ્રોહી અને મફત રક્ષણ માગતા મખ્ખીચૂસ સમૃદ્ધોના પ્રતિ સખ્ત અને કવચિત કુટિલ પણ થવું પડયું હોય એ બનવા જ જોગ છે. એ પરમ જૈન હતો, પરંતુ તેની સાથે મગધસામ્રાજ્યની ઉન્નત સ્થિતિનો વિધાયક પણ હતો એ ભૂલવું જોઈએ નહિ. વારસામાં મળેલા લશ્કરને વધારવાની પણ આવશ્યકતા ચાણાક્યે માની હતી અને તેના માટે પણ બ્હોળા દ્રવ્યની ખપ પડે જ. પૂર્વના ખજાનાનો કેટલોક ભાગ ચાણાક્યે ચંદ્રગુપ્તના સસરા નન્દને લઇ જવા દીધો હતો આવી સ્થિતિમાં ચાણાક્ય જેવો અર્થશાસ્ત્રી પોતાની બુદ્ધિનો ફાવતી રીતે ઉપયોગ કરે તો તેમાં નવાઈ નથી. ગમે તેમ પણ ચાણાક્ય અને ચંદ્રગુપ્તથી ભારતવર્ષ ઉન્નતમુખ અને ગૌરવાન્વિત બન્યું હતું અને તેના પડઘા આજે

(૧૨૧) મ. નિ. ૬૦ વર્ષે નન્દરાજ્યની શરૂઆત થઇ હતી. નન્દસંવતની શરૂઆત ત્યારથી ગણતાં તેનો ૧૦૩ સંવત મ. નિ. ૧૬૩ વર્ષે આવે ( ૬૦+૧૦૩=૧૬૩ )

જુઓ ખારવેલનો એ લેખાંશઃ—

"× × × × **पंचमे च दानी वसे नंदराज-ति-वस-सत ओघाटितं तनसुलिय-वाटा पनाडिं नगरं पवेस [ य ] ति [ । ]**" શ્રીખારવેલ પ્રશસ્તિ શ્રીયુત. કે. પી. જાયસ્વાલ વાંચન પં. ૬

( ખારવેલ પોતાના રાજ્યના પાંચમા વર્ષે-નંદરાજાનાં ૧૦૩ વર્ષે ખુલ્લી મુકાયેલી નહેરને તનસુલિય વાટથી ( પોતાના ) નગરમાં લાવ્યો )

પણ પડે છે. અર્વાચીન વિદેશી ઈતિહાસકારો, લેગોસના પુત્ર ટોલેમી વિગેરેનાં અને મેગાસ્થનીસ વિગેરેનાં વ્યવસ્થિત કે અવ્યવસ્થિત લખાણોનું અનુસંધાન કરી તે પરથી ગ્રંથો સર્જાવનારા એરિયન, એપિયન, વિગેરે ગ્રંથકારોના લખાણોના આધારે, એલેગ્ઝાંડરની તથા સેલ્યુકસ નિકેટરની ભારતના વાયવ્ય પ્રદેશ પરની ચઢાઈની વિસ્તૃત હકીકતો લખી ગયા છે; પરંતુ આશ્ચર્યની વાત છે કે, ભારતીય લેખકો વિદેશી ઇતિહાસકારોએ પોતાની કલમ ઉઠાવી ત્યાં સુધી એ વિષે ચુપ જ રહ્યા છે. ગ્રીક અને રોમન પ્રાચીન ઈતિહાસકારોએ ઝાંડ્રેમીસ અથવા અંગ્રેમીસ અને સેન્ડ્રેકોટ્સ જેવા ઉચ્ચારણ થતા શબ્દો વાપર્યા છે. અર્વાચીન વિદેશી ઈતિહાસકારોએ એ શબ્દોને નન્દ અને ચન્દ્રગુપ્તનાં ગ્રીકોને ફાવતાં ઉચ્ચારણ તરીકે માન્યા અને એલેગ્ઝાંડર તથા ચન્દ્રગુપ્તના સમાગમ વિગેરેની હકીકતો લખી નાખી, પરંતુ સ્વતંત્ર વિચારના કેટલાક અર્વાચીન ભારતીય ઇતિહાસકારોને એ ગળે નથી ઉતરતું કે, ચંદ્રગુપ્ત અને એલેગ્ઝાંડરનો ભેટો થયો હતો. આમ છતાં હિમવંત થેરાવલી ભારતીય પ્રાચીન ઉલ્લેખોમાં અપૂર્વ એવી એક વાત નોંધે છે કે, "અતીવ પરાક્રમી એવા ચંદ્રગુપ્તે યવનાધિપ સિલક્ષિસની સાથે મૈત્રી કરી હતી અને પોતાના રાજ્યનો વિસ્તાર કર્યો હતો."[૧૨૨] થેરાવલી ચંદ્રગુપ્તને અતિપરાક્રમી, સિલક્ષિસનો મિત્ર બનેલો ને રાજ્ય વિસ્તૃત કરતો આલેખી સૂચન કરી રહી છે કે, ચંદ્રગુપ્તે પોતાના અતુલ પરાક્રમથી સિલક્ષિસ, કે જે શબ્દ સેલ્યુકસને મળતો જ છે, તેને

(૧૨૨) " + + + **अईवपरक्कमजुओ जुण(व)णाहिवसिलक्किसेणं सद्धिं मित्तीभूओ सयं णियरज्जवित्थरं कुणमाणो विअरइ।"**

હિમ૦ થે૦ (મુદ્રિત) પૃ. ૩, ૪.

એ ઇતિહાસસિદ્ધ હકીકત છે કે, ચાણક્યે નન્દનું રાજ્ય ઉખાડી નાખવા પાર્વતીય પ્રદેશના રાજાની મદદ લીધી હતી, પણ આપણે અનુમાન કરી શકીએ કે એ તેનો અંતિમ પ્રયત્ન હોઈ તે પહેલાં એણે એવા પ્રકારના ઘણા ય પ્રયત્નો કર્યા હશે. વિદેશી ઈતિહાસકારો કહે છે તેમ, વિદેશી આક્રમણકાર અલેકઝાન્ડરના પંજાબ પરના આક્રમણ સમયે ચાણક્ય ચન્દ્રગુપ્તને સાથમાં લઈ પોતાનો ધાર્યો હેતુ સિદ્ધ કરવા પંજાબના પ્રદેશમાં ઘૂમી રહ્યો હોય અને તેણે અલેકઝાંદરની સાથે ચન્દ્રગુપ્તની મુલાકાત ઊભી કરી હોય. ચાણક્યનો હેતુ અલેકઝાંડરની મારફતે મગધ સામ્રાજ્યને સંકટમાં મુકી પોતાનું ધાર્યું સિદ્ધ કરવાનો હોય એ બનવાજોગ છે. ચાણક્યનો એ હેતુ પાર પડયો નથી અને અલેકઝાન્ડર પરિણામે નિષ્ફળ એવી ધમાચકડી કરી ચાલ્યો ગયો છે એવી સ્થિતિમાં મહત્ત્વની જ નોંધ લેતું જૈન-સાહિત્ય ચૂપ જ રહ્યું હોય તો તેમાં કાંઇ નવાઇ નથી. પરંતુ તે પરથી "ચન્દ્રગુપ્તે પંજાબને જોયો હોય એમ પુરવાર કરાયું નથી ' એમ કહી ચન્દ્રગુપ્તના વાયવ્ય ભારતની પેલી પાર સુધીના વિજયને નકારવો એનો કોઇ પુરાવો નથી. મને તો લાગે છે કે, ગોલ્લદેશ પશ્ચિમભારતમાં હોવો જોઇએ અને ચાણક્યે તક્ષશિલામાં વિદ્યાભ્યાસ કરેલો હોવો જોઇએ, અને તેથી ચાણક્ય પંજાબ વિગેરેના પ્રદેશોથી બહુ જ પરિચિત હોઇ પોતાના ઇચ્છિત હેતુને સિદ્ધ કરવા ત્યાં ઘૂમ્યો જ હશે. સેલ્યુકસની સામે ચન્દ્રગુપ્તે

સંધી કરવાની અને ઘણો જ પ્રદેશ પોતાને સોંપી દેવાની ફરજ પાડી હતી. ગ્રીક અને રોમન ઈતિહાસકારો એ જ વાતને વધારે વિગતવારથી લખી ગયા છે. તેઓ લખે છે કે, "એલેગ્ઝાંડરના સરદાર અને એલેગ્ઝાંડરના મૃત્યુ બાદ કાલાંતરે તેના સામ્રાજ્યના ભાગલા પડતાં પશ્ચિમ એશિયાની સત્તા ભોગવતા સીરિયાના રાજા સેલ્યુકસ નિકેટોરે પોતાના પૂર્વ વિજેતા એલેગ્ઝાંડર શહેનશાહનું અનુકરણ કરી એકવાર ફરીથી ભારતના વાયવ્ય પ્રદેશ પર આક્રમણ કર્યું, પણ તેનો ચંદ્રગુપ્તે મજબૂત સામનો કર્યો." મી. સ્મીથ લખે છે કે:—"બન્ને લશ્કરોનો યુદ્ધમાં ભેટો થતાં ચંદ્રગુપ્તનું લશ્કર ચડી આવનાર લશ્કર માટે બહુ ભારે જણાયું અને સેલ્યુકસને પાછા હઠવાની તથા નામોશીભરી સંધી કરવાની ફરજ પડી. હિંદમાં જીત મેળવવાની આશા એને છોડવી પડી, એટલુંજ નહિ, પરંતુ સિંધુની પશ્ચિમે આવેલા પોતાના એરિઆના પ્રાંતનો મોટો ભાગ તેને ચંદ્રગુપ્તને આપી દેવો પડયો. સરખામણીમાં નજીવી જેવી ૫૦૦ હાથીની બક્ષિસના બદલા તરીકે ચંદ્રગુપ્તને પરોપનિસદાઈ, એરિયા તથા એરેકોઝિયા પ્રાંત મળ્યા. હાલમાં કાબુલ, હેરાત તથા કંદહાર નામથી ઓળખાતાં શહેરો અનુક્રમે તે પ્રાંતોનાં પાટનગર હતાં. આપેલા મુલકમાં આખા ગેડ્રોઝિયા પ્રાંતનો અથવા તો કમમાં કમ તેના પૂર્વભાગનો સમાવેશ થતો હતો અને આ સંધિ કરનાર સત્તાધીશ પક્ષોએ લગ્નસંબંધથી એ સંધિને બહાલી આપી. આ બધાનો અર્થ એટલો જ છે કે સેલ્યુકસે પોતાના હિંદી પ્રતિસ્પર્ધી વેરે પોતાની પુત્રી પરણાવી. આ સંધિને ઈ. સ. પૂર્વે ૩૦૩ ની સાલમાં મુકી શકાય."[૧૨૩] મી. સ્મીથના કથન પ્રમાણે ઈ. સ. પૂ. ૩૦૩ એ મ. નિર્વાણનું ૧૬૪ મું વર્ષ અને ચંદ્રગુપ્તના રાજ્યનું ૯ મું વર્ષ છે. વિદેશી ઈતિહાસકારોના લખવા પ્રમાણે અત્યારે એલેગ્ઝાંડરના ભારત પરના આક્રમણને આશરે ૨૪ અને તેના મૃત્યુને ૨૦ વર્ષ વીત્યાં હતાં. એમ લાગે છે કે, પૂર્વે દુર્ભિક્ષના અંગે કરાયલાં રાહત કાર્યોથી અને હમણાં જ મેળવેલા યવનો પરના મહાન્ વિજયથી આ સમયે જ મૌર્યસામ્રાજ્યની શરૂઆતના વર્ષથી ગણાતો મૌર્યસંવત ગતિમાં મુકાયો હશે, કે જે સંવતના અસ્તિત્વનો ઉલ્લેખ ખારવેલ પોતાના હાથી ગુફાવાળા શિલાલેખમાં 'મોરિયકાલ' તરીકે કરે છે. આચાર્ય હિમવંત પોતાની થેરાવલીમાં 'ચંદ્રગુપ્તે પોતાનો મોરિય સંવચ્છર ચલાવ્યો હતો." એમ એકવાર સ્પષ્ટ લખે છે,[૧૨૪] પરંતુ આગળ જતાં "અશોકે કલિંગને જીતી ત્યાં પોતાનો 'ગુત્ત' સંવચ્છર પ્રવર્તાવ્યો" એમ લખે છે.[૧૨૫] એ

(૧૨૩) જુવો 'હિંદુસ્તાનનો પ્રાચીન ઈતિહાસ' (પૂર્વાર્ધ) ( ગુ. વ સો. ) પૃ. ૧૬૪, ૧૬૫

(૧૨૪) "तेणं णियमोरियसंवच्छरो णियरज्जम्मि ठाइओ"

હિમ૦ થેરા૦ પૃ. ૪ ( મુદ્રિત )

(૧૨૫) "तयणंतरं वीराओ दोसयाहिय-अउणचत्तारिवासेसु विइक्कंतेसु मगहाहिवो असोअणिवो कलिंगं जणवयमाक्कम्म खेमरायं णिवं णियाणं मन्नावेइ, तत्थ णं से णियगुत्तसंवच्छरं पवत्तावेइ"

હિમ૦ થેરા૦ ( મુદ્રિત ) પૃ. ૬

'ગુત્ત' નો અભિપ્રાય 'ચંદગુત્ત' જ હોવો જોઈએ. અને ચંદ્રગુપ્તસંવચ્છર એટલે મૌર્ય સંવત્સર જ છે. ખારવેલ પોતાના લેખમાં મૌર્યસંવત્સર લખે છે તેથી અશોકે કલિંગ જીતી ત્યાં સંવત્સર પ્રવર્તાવ્યો હોવાની પણ સાબીતી થાય છે. કદાચ એમ પણ હોય કે અશોકના સમયમાં એ સંવત, મૌર્યસંવત અથવા ચંદ્રગુપ્તસંવત એમ ગમે તે નામથી લખાતો હોય અને થેરાવલીના 'नियगुत्तसंवच्छर' પાઠમાં 'चंद' ના સ્થાને અશુદ્ધ 'निय' બન્યું હોય, અથવા તો निय અને गुत्त વચ્ચે चंद શબ્દ ગમે તે કારણથી ગલિત થયો હોય.

શ્રીહેમચંદ્રસૂરિજી ચંદ્રગુપ્તને તેના રાજત્વકાલની શરૂઆતનાં વર્ષોમાં અજૈન હોય તેવાં વિશેષણ પૂર્વક લખે છે.[૧૨૬] હિમવંત થેરાવલી તો તેને બૌદ્ધ અને નિર્ગ્રંથ શ્રમણોનો વિદ્વેષી જણાવે છે.[૧૨૭] પરંતુ તે બન્નેનું કહેવું છે કે, ચાણાક્યની પ્રેરણાથી તે પછીથી દૃઢ જૈન બન્યો હતો.[૧૨૮] તે બૌદ્ધધર્મનો અનુયાયી ક્યારે અને કયી રીતે બન્યો હતો એ જાણવાનું સાધન નથી, પણ નિર્ગ્રંથોનો દ્વેષી તો કદાચ સુસ્થિતાચાર્યના શિષ્યોના પ્રસંગને લઈ બન્યો હોય. જૈનસાહિત્યમાં આ પ્રસંગ આવી રીતે નોંધાયો છેઃ—"ચંદ્રગુપ્તના રાજ્યારંભે જે દુર્ભિક્ષ ચાલુ હતો તેની વિષમતાને લઈ એક સ્થવિર સુસ્થિતાચાર્યે પહેલાં પોતાના ગણને દેશાન્તરમાં વિહાર કરાવી દીધો હતો તે વખતે બે નાના સાધુઓ આચાર્ય પરની પ્રેમભક્તિને લઈ પાછા ફરી, પાટલીપુત્રમાં જંઘાબલ ક્ષીણ થયું હોવાને લીધે સ્થિત આચાર્યની સેવામાં આવી રહ્યા. આચાર્યે સોપાલંભ તેમને રહેવા દીધા. દુર્ભિક્ષને લઇ અતીવ અલ્પ અથવા તો ક્વચિત નહિ પણ મળતી ભિક્ષાને લીધે તેમને સીદાવું પડતું. તેમને લાગ્યું કે, પોતાના માટે નહિ, પણ આચાર્યની સારવાર માટે જીવવું જરૂરી છે. તેમણે અંજનના તાન્ત્રિક પ્રયોગથી અદશ્યપણે ચંદ્રગુપ્તના ભોજનમાંથી ભાગ પડાવવાનું શરૂ કર્યું. ચંદ્રગુપ્ત શરીરે કૃશ થવા લાગ્યો, તેનું કારણ ભોજનમાં થતી અદશ્ય ઉઠાવગીરી હતી એમ ચાણાક્યના જાણવામાં આવતાં તેણે ચંદ્રગુપ્તની સાથે બેસી સ્થાળમાંથી જમી જતા સાધુઓને ધુમાડા વિગેરેની યુક્તિથી ઉઘાડા પાડયા. આ વખતે

(૧૨૬) "चन्द्रगुप्तं तु मिथ्यादृक्, पाषण्डिमतभावितम् ।
अनुशासितुमारेभे, हितस्तस्य पितेव सः ॥"

પરિશિષ્ટ પર્વ સર્ગ. ૮ શ્લો૦ ૪૧૫

(૧૨૭) "से णं पुव्विं मिच्छत्तरत्तो सोगयाणुओ समणाणं णिग्गंठाणं उवरिं विदोसी आसी

હિમ૦ થેરા૦ પૃ૦ ૩ (મુદ્રિત)

(૧૨૮) "उत्पन्नप्रत्ययः साधून्, गुरून् मेनेऽथ पार्थिवः ।
पाषण्डिषु विरक्तोऽभूत्, विषयेष्विव योगवित् ॥"

પરિશિષ્ટ પર્વ૦ સર્ગ૦ ૮ શ્લો૦ ૪૩૫

"पच्छा णं चाणिगाणुणीओ जिणधम्मम्मि दढसड्ढो"

હિમ૦ થેરા૦ પૃ૦ ૩ (મુદ્રિત)

રાજપરિજન તે સાધુઓ પર કોપાયમાન થયો, પરંતુ ચાણાક્યે તેમને સાધુઓના આપદ્ધર્મનો ખ્યાલ આપી અને તેમના જીવનની અન્ય બાબતોની એટલે ગુરૂસેવા વિગેરેની પ્રશંસા કરી, જૈનધર્મની નિન્દા અટકાવવા પૂર્વક સારીય વાતને ત્યાંના ત્યાં જ સંકેલી લીધી અને ચન્દ્રગુપ્તના ચિત્તનું પણ સાધુઓની મહત્તા દર્શાવી કાંઇક શાન્ત્વન કરી દીધું. આ પછી ચાણાક્યે બનેલા બનાવની વાત આચાર્યને નિવેદન કરી ક્ષુલ્લક સાધુઓના અન્યાય વિષે ટીકા કરી, પણ જ્યારે આચાર્યે 'તમારા જેવા સંઘપુરૂષો પોતાનું પેટ જ ભરી જાણે, ત્યારે કેવલ ભક્તિથી જ પ્રેરાયેલા ક્ષુલ્લકો આવા અયોગ્ય માર્ગ લે તો તેમને શું કહેવું?' આવો પ્રત્યુત્તર કર્યો ત્યારે બુદ્ધિમાન ને ધર્મનિષ્ઠ એ મૌર્યસામ્રાજ્યના સંચાલકે પોતાની બેદરકારી માટે 'મિથ્યાદુષ્કૃત' દીધું. અને આહારની પ્રાપ્તિ સુલભ થાય તેવી ઉચિત વ્યવસ્થા કરી દીધી.[૧૨૯]"

ઉપરોક્ત પ્રસંગનું આલેખન આપવાદિક હેતુના અંગે કરાયલું છે, નહિ કે ચાણાક્યનું જૈનત્વ સિદ્ધ કરી બતાવવા. શાસ્ત્રીય હેતુઓને જ ઉદ્દેશી બહુધા લખતા જૈનાચાર્યો તેમના ઉમદા નિર્દંભ જીવનમાં સત્યને છુપાવવાની કે મિથ્યા સ્વત્વને પોષવાની વૃત્તિ રાખતા નથી. જો એમ ન હોત તો આવા પ્રસંગનું આલેખન જ ન થાત. આપણે તો આ પ્રસંગના આલેખન પરથી એ સમજવાનું છે કે; આ પ્રસંગ બન્યો ત્યાંસુધી ચંદ્રગુપ્ત જૈન ન હતો અને સંભવ છે કે, ચાણાક્યે ચંદ્રગુપ્તને શાંત કર્યો હતો પણ તેના હૃદયના ઊંડાણમાં વિદ્વેષે ઘર કર્યું હશે. ચાણાક્ય જેવા મુસદ્દીથી ચંદ્રગુપ્તનો એ ભાવ છુપો કે તેના લક્ષ્ય બહાર ન જ રહે એ સ્વાભાવિક છે; અને તેથી તે યોગ્ય સમયની રાહ જોઇ રહ્યો હશે. સંભવ છે કે, દુર્ભિક્ષ મટ્યા બાદ જૈનશ્રમણસંઘ પાટલીપુત્રમાં મળ્યો હતો ત્યારે તેણે ચંદ્રગુપ્તને જૈન બનાવવા પ્રયત્ન કરવાની તક સાધી હશે. શ્રીહેમચંદ્રસૂરિકૃત પરિશિષ્ટ પર્વના જણાવ્યા મુજબ ચાણાક્યે જૈન-જૈનેતર દર્શનોના સાધુઓને ધર્મ સંભળાવવા નિમિત્તે ચંદ્રગુપ્તના રાજમહેલે બોલાવ્યા હતા અને તેણે ચંદ્રગુપ્તને પ્રથમ બોલાવેલા જૈનેતર સાધુઓ કરતાં પાછળથી બોલાવેલા જૈન સાધુઓ કેટલા વધારે શાંત અને જિતેંદ્રિય છે એની પ્રત્યક્ષ ખાત્રી કરાવી હતી.[૧૩૦] આ પછી તે જૈન નિર્ગ્રંથોનો સાચો ભક્ત ને પક્કો જૈન થયો હશે.

"ચાણાક્યનો કુલધર્મ જૈન હતો. તેનાં માતપિતા પણ પરમ જૈન હતાં. તે પોતે પણ ચુસ્ત જૈન હતો. તેણે ચંદ્રગુપ્તને આજ્ઞા કરીને નહિ, પરંતુ જૈન શ્રમણોની મહત્તાનું પ્રત્યક્ષ દર્શન કરાવવા પૂર્વક તેને તેમનો ભક્ત બનાવી, ઉપદેશ દ્વારા શ્રદ્ધાળુ જૈન બને એવો સારૂ રસ્તો કરી આપ્યો હતો; અને એ રસ્તે ચંદ્રગુપ્ત શ્રદ્ધાળુ જૈન બન્યો હતો." આવા પ્રકારનાં જૈનાચાર્યોનાં સ્પષ્ટ અને સહજ લખાણો હોતાં છતાં ચાણાક્યની રાજનૈતિક

(૧૨૯) પરિશિષ્ટ પર્વ સર્ગ૦ ૮. શ્લો૦ ૩૭૭ થી ૪૧૪,
(૧૩૦) પરિશિષ્ટ પર્વ સર્ગ૦ ૮. શ્લો૦ ૪૧૬ થી ૪૩૫.

પ્રવૃત્તિ અને તેનું અર્થશાસ્ત્ર, એના જૈનત્વને બાધક માની તેને અજૈન ઠરાવવા પ્રયત્ન થયા જ છે. એ પ્રયત્ન કરનારાઓને મર્યાદિત જૈનત્વનું અને અર્થશાસ્ત્રમાં આલેખેલી કેટલીક વૈદિક વિશેષિતાનું જ્ઞાન મેળવવા અવકાશ મળ્યો હોય એમ લાગતું નથી. ટામસસાહેબ મેગાસ્થનીસના કથનો પરથી ચંદ્રગુપ્તને વૈદિકોના નહિ પરંતુ જૈન શ્રમણોના ધર્મોપદેશોને સ્વીકારનાર કહી તેને જૈન તરીકે કહેનાર જૈન ઉલ્લેખોને પ્રાચીન અને નિઃશંક માને છે.[131] મી. સ્મીથ વિગેરે ઇતિહાસકારો પણ ચંદ્રગુપ્તને જૈન હોવાનું કહી રહ્યા છે. તેઓ જે રીતે ચંદ્રગુપ્તનું સવિશેષ જૈનત્વ આલેખે છે તે, જો કે વાંધા પડતું છે, પરંતુ ચંદ્રગુપ્ત જૈન હતો અને તેને જૈનત્વ તરફ લઈ જનાર ચાણાક્ય પણ જૈન હતો, એ તો અટળ સત્ય છે.

આમ ચંદ્રગુપ્ત શ્રદ્ધાળુ જૈન હોવા વિષે આગ્રહ છતાં, પાછળના દિગમ્બર સાહિત્યમાં ચૌદપૂર્વધર શ્રી ભદ્રબાહુ પાસે ચંદ્રગુપ્તની દીક્ષા થઇ હોવાનો ઉલ્લેખ જે જોવામાં આવે છે તેની સાથે તો કોઇપણ રીતે સમ્મત થઈ શકાય તેમ નથી. પછી ભલેને, મી. સ્મીથ જેવા ઇતિહાસના આલેખક, એ વાતની સત્યતા વિષે પ્રથમ પોતાને વિશ્વાસ ન હોવાનું કહેતાં છતાં પાછળથી એની સત્યતાની છાપ પોતાના મન પર પડેલી જણાવે. કારણ કે, શ્રી ભદ્રબાહુ પાસે ચંદ્રગુપ્તની દીક્ષા વિગેરેની હકીકત શ્વેતાંબર જૈનોના સાહિત્ય સાથે સંગત કે અવિરૂદ્ધ નથી. હિમવંત થેરાવલીકાર[132] અને શ્રી મેરુતુંગસૂરિના[133] કથન પ્રમાણે, શ્રી ભદ્રબાહુનું મગધમાંથી કલિંગમાં જઇ 'શત્રુંજયાવતાર' તરીકે ઓળખાતા કુમરગિરિ પર અનશન કરવું, એ ઘટી શકે છે; પરંતુ ઉજ્જયિનીમાં ચંદ્રગુપ્તને સ્વપ્નદર્શન, તેની જૈન દીક્ષા, તેનો ભદ્રબાહુની સાથે દક્ષિણમાં શ્રવણબેલગોલ તરફ વિહાર અને ત્યાં જઇ તેમણે આદરેલાં અનશન વિગેરે હકીકતો તો કોઇપણ રીતે ઘટી શકે તેમ નથી. જૈનસાધુઓ ઉત્તરભારતના અગ્નિકોણમાં કલિંગ સુધી તો પહેલાંથી જ વિચરતા જણાયા છે, પરંતુ સંપ્રતિના સમય પહેલાં, દિગમ્બર સાહિત્ય કહે છે તેમ, દક્ષિણના શ્રવણબેલ-ગોલ સુધી વિચર્યા હોય એ વાત સર્વથા નહિ માનવા જેવી હોઈ ભ્રાન્તિથી ઉપજેલી જણાય છે. આ સમય પછી ત્રણસો વર્ષ વીત્યા બાદ થયેલા કોઈ અન્ય ભદ્રબાહુની હકીકત

(૧૩૧) જુવો તેમનું 'જૈનિઝમ ઑફ ધી અર્લી લાઇફ ઑફ અશોક' પૃ. ૨૩

(૧૩૨) थेरेणं अज्जभद्दबाहु वि चरमचउद्दसपुव्विणो सगडालपुत्तं अज्जथूलभद्दं णिय-पए ठावइत्ता वीराओ णं सयाहियसत्तरिवासेसु विइक्कंतेसु पक्खेणं भत्तेणं अपाणपणं कुमार गिरिम्मि कलिंगे पडिमं ठिओ सग्गं पत्तो।"

હિમ૦ થેરા૦ પૃ. ૨ (મુદ્રિત)

(સ્થવિર આર્યભદ્રબાહુ પણ અંતિમ ચૌદપૂર્વી શકટાલપુત્ર આર્યસ્થૂલભદ્રને પોતાના પદ પર સ્થાપન કરી, વીર (નિર્વાણ)થી ૧૭૦ વર્ષ વીતતાં પાણી વગરના એક પક્ષના અનશનપૂર્વક પ્રતિમા (ધ્યાન) ધારી બનીને કલિંગદેશના કુમારગિરિ પર સ્વર્ગસ્થ થયા.

(૧૩૩) જુવો શ્રીમેરુતુંગસૂરિની અંચલગચ્છીય બૃહત્પટ્ટાવલી.

ચૌદપૂર્વધર ભદ્રબાહુના નામે ચઢાવી દેવાઈ છે, એનું આ પરિણામ છે. શ્રુતકેવલી ભદ્રબાહુ અને મોર્યચંદ્રગુપ્તને એ હકીકતો સાથે કાંઇ લેવા દેવા નથી.[૧૩૪] મી. સ્મીથ કેટલીક વિચારણા પછી બુદ્ધનું નિર્વાણ ઈ. સ. પૂ. ૫૪૩ અને ચંદ્રગુપ્તનો રાજ્યાંત ઈ. સ. પૂ. ૨૯૮ મુકે છે. આ અંતર બરાબર ૨૪૫ વર્ષ છે. બુદ્ધના સમકાલીન મહાવીર છે અને મહાવીરના નિર્વાણથી શ્રી ભદ્રબાહુના સ્વર્ગવાસનું અંતર યુગપ્રધાન પટ્ટાવલીઓ પ્રમાણે ૧૭૦ વર્ષ છે. હવે જો ભદ્રબાહુ અને ચંદ્રગુપ્ત એ બન્નેને સમકાલીન માનવા હોય તો મી. સ્મીથને બુદ્ધનિર્વાણની સાલ ફેરવવી જ પડે. અર્થાત્; મહાવીર નિર્વાણથી બુદ્ધનિર્વાણને ૧૬ વર્ષ પહેલાં માનીએ તો તે હિસાબે, બુદ્ધનિર્વાણ અને ભદ્રબાહુસ્વર્ગવાસ એ બેની વચ્ચે ૧૭૦ + ૧૬ = ૧૮૬ વર્ષનું અંતર આવે. હવે જો ભદ્રબાહુનો સ્વર્ગવાસ અને ચન્દ્રગુપ્તનો રાજ્યાન્ત એ બન્નેને એક જ સમયે લાવવા હોય તો, બુદ્ધ-નિર્વાણ અને ચન્દ્રગુપ્ત રાજ્યાન્ત એ બન્નેની વચ્ચે જે ૨૪૫ વર્ષનું અંતર આવી પડે છે તેને ઓછું કરવા અને ૧૮૬ના અંતર પર લાવવા ૫૯ વર્ષ જેટલી મોડી સાલ બુદ્ધનિર્વાણની લઇ જવી પડે; અથવા તો ચંદ્રગુપ્તના રાજ્યાન્તને ૫૯ વર્ષ વહેલો લાવવો પડે. તેઓ તેમ કરતા નથી અને ભદ્રબાહુની સાથે ચંદ્રગુપ્તની સમાનકાલીનતાનો સ્વીકાર કરે છે અને વળી એ સ્વીકારમાં આવી પડતી મુશ્કેલીને લીધે 'જૈનોની પ્રણાલીકથાઓનો એક એક જોડે તેમજ ચંદ્રગુપ્તની જણાવેલી આશરા પડતી સાલ સાથે મેળ પાડવો અશક્ય છે.' એમ લખી રહ્યા છે. મહાવીર નિર્વાણથી ૧૭૦ વર્ષે ભદ્રબાહુ સ્વર્ગસ્થ થયા એ એવી રીતે નિશ્ચિત છે કે, મી. સ્મીથ તો કોઇપણ રીતે ભદ્રબાહુ અને ચંદ્રગુપ્તને સમકાલીન માની જ શકે નહિ; કેમકે, તેઓ મહાવીરના સમકાલીન બુદ્ધ ને ચંદ્રગુપ્ત વચ્ચે ૨૪૫ વર્ષનું અંતર માની રહ્યા છે. મી. કાર્પેન્ટીયર વિગેરે, જેઓ ઈ. સ. પૂ. ૪૬૭ વર્ષે મહાવીર નિર્વાણ માને છે, તેઓના મતે ભદ્રબાહુ અને ચંદ્રગુપ્તની સમાનકાલીનતા ઘટી શકે છે. આ લેખની માન્યતા પણ એ જ છે. વિરોધ ફક્ત ત્યાં છે કે, ચંદ્રગુપ્તનો રાજ્યાંત અને ભદ્રબાહુનો સ્વર્ગવાસ એ સમકાલીન નથી. કેમકે, ભદ્રબાહુનો સ્વર્ગવાસ મ. નિ. ૧૭૦ વર્ષે છે, જ્યારે ચંદ્રગુપ્તનો રાજ્યાંત હિમવંત થેરાવલીમાં નોંધેલા રાજત્વકાલ પ્રમાણે મ. નિ. ૧૮૪ વર્ષે અને પુરાણાદિમાં નોંધેલા રાજત્વકાલ પ્રમાણે મ. નિ. ૧૭૯ વર્ષે છે. શ્રી હેમચંદ્રસૂરિજી લખે છે કે, ચંદ્રગુપ્ત સમાધિપૂર્વક સ્વર્ગે સીધાવ્યો હતો. એના રાજત્વકાલ દરમીયાન શ્રી ભદ્રબાહુ અને સ્થૂલભદ્ર એ બે યુગપ્રધાનોનું ક્રમશઃ અસ્તિત્વ હતું; અને તે એ યુગપ્રધાનોના

(૧૩૪) શ્રવણબેલ્ગોલના ચંદ્રગિરિ પર્વત પરના શિલાલેખમાં અને અર્વાચીન દિગમ્બર સાહિત્ય, કે જે વિક્રમની દશમી સદીની લગભગ પછીથી લખાયલું છે, તેમાં એ હકીકતો લખાયેલી હોઇ, તે તેનાં અંતર્ગત કારણોથી અને અન્ય દિગમ્બર સાહિત્યના જ ઉલ્લેખોથી શ્રુતકેવલી ભદ્રબાહુ અને મોર્ય ચન્દ્રગુપ્તની સાથે સર્વથા અસંગત થઇ પડે છે.

સંસર્ગમાં કદાચ આવ્યો હશે,[૧૩૫] પરંતુ એનો જૈન સાહિત્યમાં ઉલ્લેખ થયો હોય એમ લાગતું નથી.

આગળ કહેવામાં આવ્યું છે કે, ચંદ્રગુપ્તે યવન સરદાર સેલ્યુકસને હરાવી તેને સંધિ કરવાની ફરજ પાડી હતી. આ સંધિ થયા બાદ સેલ્યુકસે ચંદ્રગુપ્તની સંમતિથી પોતાનો એલચી મેગાસ્થનીસ પાટલીપુત્રમાં રાખ્યો હતો. એ એલચીએ પાટલીપુત્ર વિષે, ચંદ્રગુપ્તના દરબાર વિષે, રાજતંત્ર વિષે, લશ્કરી બળ વિષે અને અન્યાન્ય બાબતો વિષે તથા ભારતને લગતી કેટલી ય હકીકતો વિષે નોંધપોથી લખી રાખી હતી. એ નોંધપોથી સળગ ને અકબંધ રહેવા પામી નહિ, પરંતુ કહે છે કે, તેના ટુકડાઓ પરથી હકીકતો તારવી કાલાંતરે તરજુમા કરવામાં આવ્યા હતા. એ તરજુમા અને એવાં બીજાં તેની પુરવણી રૂપ સાધનો પરથી તથા ચાણક્યના અર્થશાસ્ત્ર પરથી તે સમયનું અવલોકન અનેક અર્વાચીન ઇતિહાસકારોએ પોતાના ગ્રંથોમાં કર્યું છે. જિજ્ઞાસુઓ બહુ જ વિવેકપૂર્વક તેમાંથી સત્ય તારવી તે સમયના ઇતિહાસથી વધારે પરિચિત થઇ શકશે. અહિં તો હવે આ સમ્રાટની હકીકતને સમેટતાં ટુંકમાં એટલું જ કહેવાનું છે કે, ચદ્રગુપ્ત પોતાના વારસપુત્રના માટે બધી ય રીતે વ્યવસ્થિત, સુખી, શાન્ત અને સમૃદ્ધ એવું વિશાલ મગધસામ્રાજ્ય મુકી ગયો હતો. આ સામ્રાજ્ય પૂર્વ સમુદ્ર અને પશ્ચિમ સમુદ્રની વચ્ચે, હિમાલયથી દક્ષિણે અને વાયવ્યમાં ઠેઠ હિન્દુકુશના પહાડો સુધી વિસ્તરેલું હતું. ચંદ્રગુપ્તે અવન્તિ પર સુબા તરીકે કોને નીમ્યો હતો વિગેરે જાણવાનું સાધન નથી.

---

(૧૩૫) ચન્દ્રગુપ્તના રાજ્યના શરૂઆતનાં ૧૨ વર્ષ સુધી, શ્રીભદ્રબાહુ નેપાળની તળેટીમાં ધ્યાન-નિમગ્ન હતા અને શ્રીસ્થૂલભદ્ર તે સમયે પ્રથમ સમુદ્રકિનારાના પ્રદેશમાં તથા પાછળથી શ્રીભદ્રબાહુ સાથે હતા, તેથી તે સમયે આ બન્ને યુગપ્રધાનોનો સમાગમ ચન્દ્રગુપ્તને થયો હોય એ સંભાવિત નથી. આ પછી શ્રીભદ્રબાહુ મ. નિ. ૧૬૮ થી ૧૭૦ સુધી હયાત હતા, પણ તે દરમ્યાન તેઓ અને શ્રીસ્થૂલભદ્ર બન્ને અવશિષ્ટ પૂર્વોની વાચના લેવા દેવામાં સતત ગુંથાયલા હતા એટલે તેમનાથી સવિશેષ જાહેર પ્રવૃત્તિ ઘણી જ ઓછી થયેલી હોઇ તેઓ ચન્દ્રગુપ્તની મારફતે ધર્મપ્રભાવના કરવા કરાવવામાં ઝાઝો સમય આપી શકયા નહિ જ હોય. શ્રી ભદ્રબાહુના મ. નિ. ૧૭૦ વર્ષે સ્વર્ગસ્થ થયા બાદ શ્રીસ્થૂલભદ્ર ઉત્તરકોશલ વિગેરેમાં વિચરતા જણાયા છે તેથી તેમનો ચન્દ્રગુપ્તની સાથે ઝાઝો પ્રસંગ પડ્યો ન પણ હોય. આવાં કારણોથી ચન્દ્રગુપ્ત શ્ર.ભદ્રબાહુ અને સ્થૂલભદ્રના સંસર્ગમા 'કદાચ' આવ્યો હશે એમ હું સંભાવના તરીકે જ લખી રહ્યો છું. બાકી આ યુગપ્રધાનોના સમયે નન્દોનું રાજ્ય હતું એમ જે કલ્પના કરવામાં આવે છે તે તો આવશ્યકચૂર્ણિ, હિમવંત થેરાવલી, વિગેરેના ઉલ્લેખો જોતાં સર્વથા ભ્રમાત્મક છે. મ. નિ. ૧૪૬ વર્ષે શ્રીસ્થૂલભદ્રે દીક્ષા લીધી ત્યારે નવમો મહાપદ્મનન્દ રાજ્ય કરતો હતો. નન્દ રાજાઓ નવની સંખ્યામાં થયા છે તેથી આ નવમો 'મહાપદ્મ'-મહાપદ્મ છેલ્લો જ નન્દ હતો. અને આ છેલ્લા નન્દને ઉખેડી ચાણક્ય ચન્દ્રગુપ્તને પાટલીપુત્રનો રાજા બનાવે છે એ તો નિઃશંક હકીકત છે. શ્ર.હેમ ચન્દ્રસૂરિ કોઇ દંતકથાઓને ધ્યાનમાં લઇ ચન્દ્રગુપ્તને મ. નિ. ૧૫૫ વર્ષે લાવતા નથી, પણ તેમનાથી ૫૦૦ વર્ષ પૂર્વના ઉલ્લેખોને અનુસરીને જ લાવે છે એ ભૂલવું જોઇએ નહિ.

સંભવ છે કે, તેણે પોતાના પુત્ર બિન્દુસારને નીમ્યો હોય. ચંદ્રગુપ્તથી લઇ મૌર્યરાજસત્તા નાશ પામી ત્યાં સુધી ઉજ્જયિનીનું આધિપત્ય, પુષ્યમિત્રોનાં ૩૦ વર્ષ અને શકોનાં ૪ વર્ષ એમ ૩૪ વર્ષ છોડી દઇ બાકીના સમયમાં, મૌર્યોના હાથમાં જ રહ્યું હતું, એ ફરીથી જણાવવાની ભાગ્યે જ જરૂરીયાત છે.

# બિન્દુસાર. ૨૫ વર્ષ, મ. નિ. ૧૮૪–૨૦૯

## (વિ. સં. પૂ. ૨૨૬–૨૦૧, ઇ. સ. પૂ. ૨૮૩–૨૫૮)

ચંદ્રગુપ્ત પછી તેનો યુવરાજ પુત્ર બિન્દુસાર મગધસામ્રાજ્યનો સમ્રાટ્ બન્યો. "ચંદ્રગુપ્તને કોઇના વિષ પ્રયોગથી વિકાર કે મૃત્યુ ન થાય તે માટે ચાણાકયે તેને પ્રતિદિન વધતા ક્રમે વિષમિશ્રિત અન્નાહાર કરાવવા માંડયો હતો. તેની રાણી દુર્ધરા એ અતિશય રાગથી પ્રેરિત થઈ ચંદ્રગુપ્તની સાથે બેસી વિષાન્નને જમી રહી હતી. આ જોતાં જ ગર્ભવતી તે રાણીના ગર્ભને હાનિ થવાની શંકાએ તે મન્ત્રીશ્વર ત્યાં દોડી જઈ 'આ શું કર્યું ?' એમ બોલી ઉઠયો. રાણી તો વિષાન્નના ખાવા માત્રથી મરણ પામી. પરંતુ ચાણાકયે તરત જ તેના પેટને ચીરી ગર્ભને બચાવી લીધો. આ બચાવેલા બાળકને માથે વિષનું બિન્દુ સંક્રમ્યું હતું તેથી ચાણાકયે તેનું નામ 'બિન્દુસાર' રાખ્યું."[૧૩૬] શ્રીહેમચંદ્રસૂરિજીના આવા પ્રકારના કથન પરથી જાણવા મળે છે કે આ રાજાનું નામ બિન્દુસાર હતું. બૌદ્ધગ્રંથો પણ તેને તે નામથી સંબોધે છે પરંતુ પુરાણો તેને 'ભદ્રસાર,' 'નન્દસાર,' 'વારિસાર' નામથી પણ લખી રહ્યાં છે. લાગે છે કે, પૌરાણિકો આ રાજાથી બહુ પરિચિત નથી. આ રાજાનું નામ 'અમિત્રકેતુ' પણ જણાવવામાં આવે છે.

હિમવંત થેરાવલી બિન્દુસારનો રાજત્વકાલ ૨૫ વર્ષ લખે છે. પુરાણો પણ તેટલાં જ વર્ષ કહે છે. પરંતુ બૌદ્ધગ્રંથોમાં તેનાં ૨૮ વર્ષ લખવામાં આવે છે. ચન્દ્રગુપ્તનો ૩૦ વર્ષ (આ લેખ પ્રમાણે જે ૨૯ વર્ષ છે) રાજત્વકાલ લખનાર થેરાવલી ચંદ્રગુપ્તનાં ૨૪ વર્ષ લખનાર પુરાણો છે અને બૌદ્ધગ્રંથોની સાલવારીથી જુદી જ પડે એ સ્વાભાવિક છે. અને તેથી હિમવંતથેરાવલી પ્રમાણે બિન્દુસારનો રાજ્યારંભ મ. નિ. ૧૮૪ વર્ષે શરૂ થાય છે ત્યારે પુરાણો અને બૌદ્ધગ્રંથો પ્રમાણે મ. નિ. ૧૭૬ વર્ષે શરૂ થાય છે. થેરાવલી અને પુરાણો બિન્દુસારનો રાજત્વકાલ ૨૫ વર્ષ, એટલે સરખો જ, માને છે. તોપણ રાજ્યારંભની સાલમાં મતભેદ હોવાથી બિન્દુસારના રાજ્યાંતમાં પણ મતભેદ પડે છે. વળી પુરાણો અને બૌદ્ધગ્રંથો રાજ્યારંભની સાલ એક જ માને છે, છતાં બિન્દુસારના રાજત્વકાલ વિષે, ૨૫ વર્ષ અને ૨૮ વર્ષ એમ તેમનામાં મતભેદ હોવાથી રાજ્યાંતની સાલમાં તેઓ જુદાં પડી જાય છે. આ ધોરણે બિન્દુસારની સાલવારી પુરાણાનુસાર મ. નિ. ૧૭૯–૨૦૪ (વિ. સં. પૂ. ૨૩૧–૨૦૬,

(૧૩૬) જુઓ પરિશિષ્ટ પર્વ. સર્ગ. ૮ શ્લો. ૪૩૭થી ૪૪૩.

ઈ. સ. પૂ. ૨૮૮-૨૬૩) અને બૌદ્ધગ્રંથાનુસાર મ. નિ. ૧૭૯-૨૦૭ (વિ સં. પૂ. ૨૩૧ ૨૦૩, ઇ. સ. પૂ. ૨૮૮-૨૬૦) સુધી આવે છે. થેરાવલી અનુસાર સાલવારી તો મથાળે ટાંકેલી જ છે.

બિન્દુસારનો રાજ્યાભિષેક થયો ત્યારે ચાણાક્ય હયાત હતો અને તેની મહાબુદ્ધિ એ સમ્રાટ્‌ને તથા મગધસામ્રાજ્યને દોરવણી આપી રહી હતી. પરિણામે તેનું સામ્રાજ્ય સુરક્ષિત, સમૃદ્ધ અને મજબૂત બનતું જ રહ્યું હતું. તેને વારસામાં જૈનધર્મ મળ્યો હતો. શ્રીહેમચંદ્રસૂરિ તેના ધર્મ વિષે કાંઈ બોલતા નથી, પણ હિમવંત થેરાવલી કહે છે કે, તે જૈન ધર્મનો આરાધક પ્રવર શ્રાવક હતો. [137] સર્વ ધર્મોની સાથે સહિષ્ણુતાથી વર્તવું એવી જૈનધર્મની સહજ નીતિનો તે વારસ હોવાથી તેના સામ્રાજ્યમાં તલવાર, પીડન કે દબાણને સ્થાન ન હતું. તે સર્વ ધર્મીને સમાન ભાવે જ મદદગાર બનતો.

એણે સત્રો સ્થાપ્યાં હતાં અને તે ભેદભાવ વિના પુરતી ઉદારતાથી ચાલતાં હતાં. દરરોજ તે ૬૦૦૦૦ બ્રાહ્મણોને જમાડતો હતો; તેથી એવા ઉલ્લેખો થવા પામ્યા છે કે, તે બ્રાહ્મણોનો એટલે વૈદિકોનો અનુયાયી હતો. કોઇએ ભુલવું જોઈએ નહિ કે, એ સમયમાં બ્રાહ્મણો વૈદિક જ ન હતા, પણ બૌદ્ધ અને મુખ્યત્વે કરી જૈન હતા. આ વખતે વૈદિક સંપ્રદાય તો લાગવગહીન બની હ્રાસ પામી ગયો હતો. 'અશોકને પોતાના રાજ્યની શરૂઆતમાં વારસાગત જૈનત્વ મળ્યું હતું.' [138] એમ હિમવંત થેરાવલી કહે છે; તેથી પણ સિદ્ધ થાય છે કે તેનો પિતા બિન્દુસાર જૈનધર્મી હતો. પોતાના પિતાની જેમ અશોકે પણ બ્રહ્મપક્ષી એટલે જ્ઞાની બ્રાહ્મણોને જમાડવાનું ત્રણ વર્ષ સુધી કાયમ રાખ્યું હતું, એમ બૌદ્ધગ્રંથ મહાવંશ કહે છે. [139] અહિં બ્રહ્મપક્ષી એ વિશેષણ છે તે વૈદિક

(૧૩૭) "+ + बिंदुसारो पाडलिपुत्तम्मि रज्जे ठिओ ।
से णं जिणधम्माराहगो पवरसड्ढो जाओ ।"
હિમ૦ થેરા૦ પૃ. ૪ (મુદ્રિત)

(૧૩૮) "× × × असोओ पाटलिपुत्तम्मि रज्जे ठिओ ।
से वि य णं पुव्विं जिणधम्माणुणीओ आसी ।"
હિમ૦ થેરા૦ પૃ. ૪ (મુદ્રિત)

(૧૩૯) "पिता सट्ठिसहस्सानि, ब्राह्मणे ब्रह्मपक्खिके ।
भोजेसि सो पिते येव, तीणि वस्सानि भोजयि ॥"
—મહાવંશ પ૦ ૫, શ્લો૦ ૨૩

અશોકના માટે કરેલા ઉપરોકત ઉલ્લેખ પરથી અને દિવ્યાવદાન, બોધિસત્ત્વાવદાનકલ્પલતા, વિગેરેમાં અશોકે 'સંઘ'-બૌદ્ધસંઘ તરફ કરોડો સોનૈયાનો દાનપ્રવાહ વહેવડાવ્યો હતો એવા કરેલા ઉલ્લેખો પરથી સમજાય છે કે, અશોકની સર્વસામાન્ય દાનપ્રવૃત્તિની જૈનભાવનાને પલટાવવા અને તેને સંઘારામ તરફની દાનપ્રવૃત્તિમાં સંકુચિત બનાવવા સવિશેષ પ્રયત્નો થયા હતા. એ પ્રયત્નો અમુકાંશે સફળ થયા છે, પણ તેના શિલાલેખોથી સમજાય છે કે, તેને વારસામાં મળેલી જૈનધર્મના અમુક સિદ્ધાંતોની ભાવનાની જેમ પૂર્વોક્ત દાનપ્રવૃત્તિની ભાવના પણ સર્વાંશે પલટો પામી ન હતી.

બ્રાહ્મણનું વ્યવચ્છેદક નહિ, પણ બ્રહ્મધારક ગમે તે ધર્મની બ્રાહ્મણ વ્યક્તિનું વ્યવચ્છેદક છે. બિન્દુસારે અને પોતાના રાજ્યનાં પ્રથમનાં વર્ષોમાં અશોકે, જો વૈદિકોનેજ જમાડયા હોત તો, બ્રાહ્મણોને માટે મહાવંશ બ્રહ્મપાક્ષિક એવું વિશેષણ, કે જે વૈદિક, બૌદ્ધ, જૈન, એ સર્વને માટે સાધારણ છે તે વાપરત જ નહિ. જૈન તરીકે આલેખવામાં આગ્રહ રાખવાનું જેને કાંઇ કારણ નથી અને જે અશોકનું જૈન મટી બૌદ્ધ બનવાનું ધર્માન્તર તટસ્થભાવે આલેખી શકે છે એવી હિમવંતથેરાવલી અને ટામસ સાહેબ વિગેરે બિન્દુસારને જૈનધર્માનુયાયી કહે છે તે જ મને તો સત્ય લાગે છે.

જૈનસાહિત્યમાં બિન્દુસારના નામે બહુ અલ્પ જ હકીકત નોંધાયેલી છે. તે કેવો ને કેટલો પરાક્રમી હતો, તેણે યુદ્ધ કરી સામ્રાજ્યમાં વધારો કર્યો હતો કે કેમ, વિગેરે બાબતોનો જવાબ આપણને ત્યાંથી ભાગ્યે જ મળે છે. બૌદ્ધલેખક તારાનાથ પશ્ચિમી સમદ્ર અને પૂર્વીય સમુદ્ર વચ્ચેના દ્વીપકલ્પના અમુક હદ સુધીના ભાગના વિજેતા તરીકે તેને લખે છે. પણ મી. સ્મીથ એ જીતનો સંભવ ચંદ્રગુપ્ત અને બિન્દુસાર બન્નેમાં ય માની સ્પષ્ટ નિર્ણય પર આવતા નથી. જીતાયલો એ પ્રદેશ અશોકને વારસામાં જ મળ્યો હતો એમ તેઓ માની એ જીતને અશોકના પૂર્વગામીઓની હોવાનું તો તેમણે જણાવ્યું જ છે.

બિન્દુસારના રાજત્વકાલનાં શરૂઆતનાં વર્ષોમાં ચાણાક્ય હયાત હતો. અમુક વર્ષો પછી એણે પોતાના માથેથી કામગીરીનો ભાર ઓછો કરવાની ખાતર પોતે જ સુબન્ધુ નામની એક વ્યક્તિને મન્ત્રીપદે નીમ્યો હતો. ચાણાક્યના દાક્ષિણ્યથી પોતાને આ પદ મળ્યું છે એ ઉપકારને ભૂલી જઇ દુર્બુદ્ધિ સુબન્ધુએ સર્વથા સ્વતન્ત્ર રીતે મંત્રી બનવાની ખાતર ચાણાક્યનું વર્ચસ્વ તોડવાનો નિશ્ચય કર્યો. ચાણાક્યે ગર્ભમાં રહેલા બિન્દુસારને બચાવવા તેની મૃત માતાનું પેટ ચીરી બહાર કાઢયો હતો, એ હકીકતનો ભેદનીતિ તરીકે ઉપયોગ કરી આ સુબન્ધુએ બિન્દુસારને એવી રીતે વ્યુદ્ગ્રાહિત કર્યો કે, ચાણાક્ય તેની–બિન્દુસારની માતાનો ઘાતક છે. આ પછી બિન્દુસારની ચાણાક્ય પર અરૂચિ થઇ. સુબન્ધુના કૃત્યને ચાણાક્ય સમજી ગયો. તેની વૃદ્ધાવસ્થાએ અને ધાર્મિકવૃત્તિએ તેને હવે રાજકાર્યમાં વધારે ગુંથાઈ રહેવાની ના પાડી. તે તરત જ રાજ્યકાર્યથી નિવૃત્ત થઇ આત્માર્થ સાધવા ઉદ્યુક્ત થયો. આ પછી બહુ અલ્પ સમયમાં જ સુબન્ધુની ભેદનીતિ બિન્દુસારની ધાવમાતાના મુખથી ખુલ્લી થઇ જતાં બિન્દુસારને પશ્ચાત્તાપ થયો અને તેણે ચાણાક્યને છોડેલી મન્ત્રીધુરા ફરીથી વહન કરવા વિનંતિ કરી, પરંતુ ચાણાક્ય એ વહન કરવા પાછો ન ફર્યો અને અલ્પ સમયમાં આ જગતને છોડી–સમાધિપૂર્વક–મૃત્યુને પામી સ્વર્ગે સીધાવ્યો. કહે છે કે, અનશન પૂર્વક મરવાને માટે–વીરમૃત્યુથી આત્માર્થ સાધવાને માટે તૈયાર થયેલા એ મહાનુભાવને જીવતાં જ બાળી નાખવા, સુબન્ધુએ બિન્દુસારની આગળ ચાણાક્યના સંબંધમાં થયેલી પોતાની ગેરસમજ કબુલી ચાણાક્યની પૂજા કરવાનો પ્રસંગ મેળવ્યો હતો અને સેવા કરવાના બહાના નીચે ત્યાં રહેલાં છાણાંઓમાં અગ્નિનો પ્રક્ષેપ કર્યો હતો. કૃતઘ્ની સુબન્ધુને પણ

એના દુષ્કૃત્યનો પુરેપુરો બદલો મળી ગયો હતો. આત્માર્થે ઉદ્યુક્ત થવા પહેલાં ચાણાક્યે ગોઠવેલા પ્રયોગથી એ સુબન્ધુ મન્ત્રીની પાસેથી સદાનાં સુખ અને શાન્તિ ચાલ્યાં ગયાં હતાં. બિન્દુસારે તેને નિર્વાસિત કર્યો હોય કે સ્વયં નિર્વાસિત થયો હોય, ગમે તેમ પણ તેનું જીવન આ પછીથી મૃત્યુના કરતાં ય ઘણું જ ખરાબ અને રઝળતું રખડતું થઇ ગયું હતું.[140] વિષ્ણુગુપ્ત અથવા કૌટલ્યના નામે ઓળખાતા, ચન્દ્રગુપ્તના રાજવંશના વિધાતા ચાણાક્યની સુબન્ધુ પ્રસંગની હકીકત લખતાં શ્રીહેમચંદ્રસૂરિ તેને શ્રદ્ધાળુ જૈન તરીકે જ આલેખે છે. પછી ભલેને, તેનું એ જૈનત્વ અત્યુચ્ચ આચારની હરોળનું ન હોય, સામ્રાજ્યના મહાન સંચાલક એક મન્ત્રીશ્વર તરીકે અમુક હદમાં મર્યાદિત હોય.

સમ્રાટ્ બિન્દુસારના રાજ્યનો વિસ્તાર અને તેનું બંધારણીય તંત્ર. તેના પિતા ચંદ્રગુપ્તના સમયમાં જે હતું. તેમાં ભાગ્યે જ ફેર પડયો હતો; છતાં એમ લાગે છે કે, તેનો સોરાષ્ટ્ર પરનો કાબૂ કંઈક ઓછો થયો હશે. કારણ કે તેના પુત્ર અશોકના સંબંધમાં લખતાં હિમવંત થેરાવલી સૌરાષ્ટ્ર આદિ દેશોને સ્વાધીન કરવાની વાત કહી રહી છે.[141] નિશીથચૂર્ણિકાર તો સૌરાષ્ટ્ર જીતવાની વાત સંપ્રતિના નામે ચઢાવે છે,[142] જ્યારે કલ્પચૂર્ણિકાર સૌરાષ્ટ્ર જીતવાની એ વાત સ્પષ્ટ લખતા જ નથી. આ સર્વ પરથી માનવાને કારણ મળે છે કે; ચંદ્રગુપ્તે સૌરાષ્ટ્રને જીતી ત્યાં સુબો નીમ્યો હતો, કે જેની મારફત સુદર્શન તળાવ બનાવરાવ્યું હતું પરંતુ બિન્દુસારના સમયમાં તે સુબાગિરિએ સ્વતન્ત્રતા પકડી હશે, જેથી અશોકે તે પ્રદેશને ફરી પોતાને સ્વાધીન કરી ત્યાં પેલો ગિરનારનો સુપ્રસિદ્ધ શિલાલેખ કોતરાવ્યો હતો. આ પછી અશોકનું મૃત્યુ થયા બાદ કે તેના મૃત્યુની નજીકનાં છેલ્લાં વર્ષોમાં સૌરાષ્ટ્રના સુબાએ સ્વતન્ત્રતા ધારણ કરી હશે કે જેથી સંપ્રતિને તેને તાબે કરવા પ્રયત્ન કરવો પડયો હતો. નન્દરાજાઓના સમયથી જ મગધસામ્રાજ્યના પ્રાંતોમાં મહામાત્ર સુબાઓ નીમવામાં આવતા હતા, તેમાં અવન્તિના સુબાનું સ્થાન વધારે ગૌરવવંતુ હતું. નન્દરાજાઓ અવન્તિમાં સુબાપદે રાજવંશીયોને જ નીમતા કે કેમ એ જાણવાનું સાધન નથી, પરંતુ અશોકના સમયમાં ઉજ્જયિનીની 'ભુક્તિ' યુવરાજને જ અપાતી હતી એવા સ્પષ્ટોલ્લેખથી જણાય છે કે, ચંદ્રગુપ્તના સમયથી ઉજ્જયિનીના સૂબાપદે યુવરાજ કે રાજકુમારોને જ નીમવાની પ્રથા હશે. મૌર્યોના સમયમાં ઉજ્જયિનીનું સ્થાન પાટલીપુત્રથી ઝાઝું ઉતરતું ન હતું. બિન્દુસારના રાજત્વકાલનાં છેલ્લાં વર્ષોમાં ત્યાં અશોક સુબા તરીકે હતો, કે જે તેના પછીનો સમ્રાટ્ છે.

---

(૧૪૦) સુબન્ધુ અને ચાણક્યનું અંતિમ જાણવા માટે જુવો પરિશિષ્ટ પર્વ. સ. ૮ શ્લો. ૪૪૬ થી ૪૬૯.

(૧૪૧) " से (असोकः) कलिंग-मरहट्ट-सुरट्ठाइ-जणवयाणि साहीणाणि किच्चा-"
હિમ૦ થેરા૦ પૃ ૪ (મુદ્રિત)

(૧૪૨) "तेण सुरठ्ठविसयो अंधा दमिला य ओयविया "

# અશોકશ્રી ૩૫ વર્ષ, મ. નિ. ૨૦૯–૨૪૪

## ( વિ. સં. પૂ. ૨૦૧–૧૬૬, ઇ. સ. પૂ. ૨૫૮–૨૨૩ )

બિન્દુસાર પછી તેનો પુત્ર અશોકશ્રી મગધસામ્રાજ્યની રાજધાની પાટલીપુત્રના સિંહાસને આવ્યો હતો. સામાન્ય રીતે તે અશોક કે અશોકવર્ધન તરીકે ઓળખાયો છે. બિન્દુસારને ઘણા પુત્રો હતા તેમાંનો એક તે હતો, એમ બૌદ્ધગ્રંથોમાં કહેવાયું છે. જૈનસાહિત્ય એ વિષે કાંઈ બોલતું નથી. છેલ્લાં સો વર્ષોથી બહુ બહુ રીતે ઇતિહાસના પાને ચીતરાતા આ રાજાના સંબંધમાં હિમવંત થેરાવલી સિવાય અન્ય જૈનસાહિત્ય કાંઇપણ બોલતું નથી, સિવાય કે તેનો પુત્ર કુણાલ કેવી રીતે અંધ બન્યો અને એ અંધ કુણાલનો પુત્ર સંપ્રતિ કેવી રીતે મગધસામ્રાજ્યનો ભોક્તા બન્યો.

જૈનસાહિત્ય અશોકનો સમય કે સાલવારી નોંધતું નથી. ફક્ત, હિમવંતથેરાવલી તે વિષે લખી જણાવે છે કે, મ. નિ. ૨૦૯ વર્ષે બિન્દુસારના મૃત્યુ બાદ અશોક ગાદીએ આવ્યો હતો અને તે મ. નિ. ૨૪૪ વર્ષે પરલોક–મૃત્યુ પામ્યો હતો. બૌદ્ધગ્રંથો બિંદુસારનું મૃત્યુ મ. નિ. ૨૦૭ વર્ષે માની, ત્યારથી ૪ વર્ષ તેને અનભિષિક્ત રાજા તરીકે ગણી, તેનો રાજ્યાભિષેક મ. નિ. ૨૧૧ વર્ષે મુકે છે; જ્યારે પુરાણો બિન્દુસારનું મૃત્યુ મ. નિ. ૨૦૪ વર્ષે માની તે પછી અશોકને લાવે છે અને તેનો રાજત્વકાલ ૩૬ વર્ષ લખે છે, એ હિસાબે અશોકનું મૃત્યુ મ. નિ. ૨૪૦ વર્ષે આવે; પરંતુ, જો પુરાણોનો થેરાવલી સાથે સમન્વય કરવો હોય તો, બૌદ્ધગ્રંથોની જેમ, ૪ વર્ષ અશોક અનભિષિક્ત રહ્યો હતો એમ માની એ ૪ વર્ષ પુરાણોક્ત ૩૬ના ઉપરી અશોકનો રાજત્વકાલ ૪૦ વર્ષ માનીએ તો તેનું મૃત્યુ મ. નિ. ૨૪૪ વર્ષે આવે. બૌદ્ધગ્રંથોક્ત અશોકનો ૩૭ વર્ષ રાજત્વકાલ પણ, ૪ વર્ષ અનભિષિક્ત અશોકનાં અને ૩૩ વર્ષ રાજ્યાભિષેક પછીનાં એમ માનતાં, અશોકનું મૃત્યુ મ. નિ. ૨૪૪ વર્ષે આવે જ છે. આમ અશોકના રાજ્યાંતનો સમય એક જ સાલમાં સર્વમતે લાવી શકાય છે, પરંતુ તેના રાજત્વકાલની આદિમાં ન સમજી શકાય તેવો મતભેદ હોવાથી બૌદ્ધગ્રંથો પુરાણોથી ૩ વર્ષ પછી અને હિમવંતથેરાવલી બૌદ્ધગ્રંથોથી ૨ વર્ષ પછી અશોકના રાજત્વકાલની આદિ માને છે, આ સ્પષ્ટ મતભેદ બિન્દુસારની બીમારી દરમીયાન અશોકે રાજવહીવટ કર્યો અને બિન્દુસારના મૃત્યુ પછી વારસાહકની તકરાર ઉભી થઈ, એ બંનેમાંથી ગમે તે એક કારણને લીધે યા તો બંને કારણોને લીધે હતો કે કેમ, એ નિર્ણય કરવો મુશ્કેલ છે. અશોક ઓછો પરિચિત હોવાને લઈને પણ એવો મતભેદ પડવા સંભવ છે. આમ છતાં અશોકનો રાજ્યાભિષેક મ. નિ. ૨૧૧ વર્ષે થયો હતો એ વધારે સંભાવત જ નહિ, પરંતુ સાચી બીના છે. હું પહેલાં લખી ગયો છું કે; બૌદ્ધગણનાએ છેલ્લો નન્દ પાટલીપુત્રથી ખસી ગયો તે પછી ૧૪ વર્ષે તેણે અન્યત્ર રાજ્ય કર્યું તે ૧૪ વર્ષ પોતાની ગણતરીમાં વધારે લઇ, બુદ્ધનિર્વાણથી

૧૬૨ વર્ષે ચંદ્રગુપ્તનો રાજ્યાભિષેક, ૨૧૮ વર્ષે અશોકનો રાજ્યાભિષેક અને શ્રેણિકના રાજ્યાભિષેકથી ૨૬૧ વર્ષે અશોકનો રાજ્યાંત કહ્યો છે, પરંતુ જો એ ભૂલભરેલાં વધારાનાં ૧૪ વર્ષ ન ગણીએ તો, ખરી રીતે બુદ્ધનિર્વાણથી ૧૪૮ વર્ષે ચન્દ્રગુપ્તનો રાજ્યાભિષેક, ૨૦૪ વર્ષે અશોકનો રાજ્યાભિષેક અને શ્રેણિકના રાજ્યાભિષેકથી ૨૯૭ વર્ષે અશોકનો રાજ્યાંત આવે; મહાવીર નિર્વાણથી બુદ્ધનિર્વાણ ૭ વર્ષ પછી અને શ્રેણિક રાજ્યાભિષેક ૫૩ વર્ષ પહેલા છે. એ હિસાબે ચંદ્રગુપ્તનો રાજ્યાભિષેક મ. નિ. ૧૫૫ વર્ષે, અશોકનો રાજ્યાભિષેક મ. નિ. ૨૧૧ વર્ષે અને અશોકનો રાજ્યાંત મ. નિ. ૨૪૪ વર્ષે બંધ બેસતો થઈ જાય છે. હિમવંતથેરાવલી મ. નિ. ૨૦૯ વર્ષે અશોકના રાજ્યની આદિ લખતા અનભિષિક્તકાલ અને અભિષિક્તકાલ એવો વિભાગ પાડતી જ નથી.

અન્ય જૈનસાહિત્ય સંપ્રતિના પ્રસંગ સિવાય અશોક વિષે કાંઈ લખતું નથી, પરંતુ હિમવંતથેરાવલી તેના વિષે આ પ્રમાણે લખે છેઃ—

"અશોક પહેલાં જૈનધર્માનુયાયી હતો પણ રાજ્ય પ્રાપ્તિથી ચાર વર્ષ પછી તે બૌદ્ધશ્રમણોનો પક્ષ કરી પોતાનું 'પ્રિયદર્શી' એવું બીજું નામ સ્થાપી બૌદ્ધધર્મની આરાધનામાં તત્પર થયો. ભારે વિક્રમશાળી એ રાજાએ કલિંગ, મહારાષ્ટ્ર, સૌરાષ્ટ્ર વિગેરે દેશોને જીતી ત્યાં બૌદ્ધધર્મનો પ્રચાર કરવા પૂર્વક અનેક બૌદ્ધ વિહારો બનાવરાવ્યા, યાવત્ પશ્ચિમ પર્વત વિન્ધ્યાચલની તળેટી વિગેરેમાં તેણે બૌદ્ધાદિ શ્રમણ-શ્રમણીઓને ચોમાસામાં રહેવા માટે અનેક લેણ-ગુફાગૃહો કોતરાવ્યાં અને ત્યાં વિવિધ આસનવાળી અનેક બૌદ્ધપ્રતિમાઓ સ્થાપન કરી. ગિરનાર પર્વત વિગેરે ભિન્ન ભિન્ન સ્થાનોમાં સ્તૂપ, શિલા, વિગેરે પર પોતાના નામથી અંકિત એવા આજ્ઞાલેખો તેણે કોતરાવ્યા, સિંહલ, ચીન, બ્રહ્મદેશ, આદિ દ્વીપોમાં બૌદ્ધધર્મનો વિસ્તાર કરવા માટે એ રાજાએ પાટલીપુત્રમાં બૌદ્ધસાધુઓનો ગણમેલાપક-સંઘ [સંગતિ] કરી તેના સમ્મતિ પ્રમાણે અનેક બૌદ્ધસાધુઓને તે તે દેશોમાં મોકલ્યા. જૈનધર્મના શ્રમણ-શ્રમણીઓનું પણ સન્માન કરતો તે તેમના પ્રતિ ક્યારેય દ્વેષ ધારણ કરતો ન હતો."[૧૪૩]

(૧૪૩) "से वि य णं पुव्विं जिणधम्माणुरागीओ आसी। पच्छा रज्जलाहाओ चउवासाणंतरं सुगयसमणपक्खं काऊण णियं दुचं पियदंसीणामधिज्जं ठाइत्ता सुगयपरूवियधम्माराहणपरा जाओ अईवविक्कमाक्कंतमहीयलमंडलो से कलिंग-मरहट्ठ-सुरट्ठाइ-जणवयाणि साहिणाणि किच्चा तत्थणं सुगयधम्मवित्थरं काऊणाणेगे सुगयधम्मवित्थरं काऊणाणेगे सुगयविहारा ठाइया जाव पच्छिमगिरिम्मि विज्झायलाइसु सुगयाइसमण-समणीणं वासावासमट्ठणेगे लेणा उक्किणाइया, अणेगे सुगयपडिमाओ विविहासणट्ठिआ तत्थ ठाइआ। उज्जितसेलाइणाणाठाणेसु णियणामंकिया आणालेहा थूभसिलाइसु उक्किणाइया। सीहल-चीण-बंभाइदीवेसु सुगयधम्मवित्थरट्ठं पाडलिपुत्तम्मि णयरे सुगयसमणाणं गणमेलावगं किच्चा तस्स णं सम्मयाणुसारेणं अणेगे सोगयसमणा तत्थ तेण पेसिया। जिणधम्मिणं णिग्गंठ-णिग्गंठीणं वि सम्माणं कुणमाणो से ताणं पइ कया वि दोसं ण पत्तो।"

હિમ૦ થેરા૦ પૃ. ૪ (મુદ્રિત)

નિ. ૨૧૪ માં અશોકે ધર્મપરિવર્તન કર્યું હતું. શિલાશાસન નં. ૧ નો અર્થ બેસાડવો મી. સ્મીથને અઘરો લાગ્યો છે, 'ભારત કે પ્રાચીન રાજવંશ'ના લેખકને પણ એ શિલાલેખના અમુક પાઠમાં નિશ્ચિતતા નથી, એનું કારણ તેમાં દર્શાવેલો '૨૫૬' સંખ્યાંક અને તેની સહસ્રામની નકલના 'दुवे सपंना लाति (६) सता विवुथा–ति' એ અક્ષરો કઠીણ અને અનિશ્ચિત જણાયા હોય તેમ લાગે છે. મને લાગે છે કે, એ અંક અને અક્ષરોનો અર્થ કેટલાકો–સહસ્રામની નકલ પ્રમાણે "આ શ્રાવણ (સંખ્યામાં) વ્યુષ્ટોએ (સંભળાવ્યું છે). કારણકે, બસો વધતા છપ્પન વ્યક્તિઓ ફેરણીએ નીકળી પડી છે." આવી રીતે કરી રહ્યા છે તેમ નહિ, પરંતુ 'ભારત કે પ્રાચીન રાજવંશ'માં "યહ ઉપદેશ બુદ્ધને ૨૫૬ (વર્ષ પૂર્વે ?) સુનાયા થા" આવી રીતે અનુવાદિત થયો છે તે રીતે જ છે. કારણકે, આ લેખનું ફરમાન બહાર પડયું ત્યારે, બુદ્ધે પોતાની ૩૫ વર્ષની વયે બુદ્ધત્વ પામી ઉપદેશ આપવો શરૂ કર્યો ત્યારથી ૨૫૬ વર્ષ વીત્યાં હતાં, અથવા તો ૨૫૬ મું વર્ષ ચાલતું હતું. નં. ૧ ના આ નાના શિલાશાસનની શરૂઆતમાં અશોક કહે છે કે;– "ઢાઈ વર્ષસે અધિક હુએ કિ મૈં ઉપાસક હુવા હૂં। પરન્તુ એક વર્ષ તક પૂરી ઉન્નતિ નહીં કી। પર એક વર્ષસે અધિક હુઆ કી મૈંને સંઘમેં પ્રવેશ કિયા ઔર અચ્છી ઉન્નતિ કી" આનો અર્થ એ થાય છે કે, અશોક બૌદ્ધ થયા પછી એક વર્ષ સામાન્ય ઉપાસક રહ્યો પણ પછી દોઢ વર્ષ એટલે આ શિલાલેખવાળું ફરમાન કાઢયું ત્યાં સુધીમાં તેણે બૌદ્ધસંઘની પ્રવૃતિમાં સવિશેષ ભાગ લીધો. પોતાના રાજ્યાભિષેકથી ૪ થા વર્ષે બૌદ્ધ થયો અને તે પછી અઢી વર્ષે આ ફરમાન કાઢયું એમ ૩॥+૨॥=૬ વર્ષ રાજ્યાભિષેકથી આ ફરમાન સુધીમાં થયાં. બુદ્ધના ધર્મપ્રચારથી નિર્વાણ સુધીનાં વર્ષ, ૮૦–૩૫=૪૫ છે[૧૪૮] અને નિર્વાણથી અશોકનો રાજ્યાભિષેક ૨૦૪ વર્ષે છે, એ બન્ને મળી ૨૪૯ વર્ષો થયાં એમાં રાજ્યાભિષેકથી ફરમાન સુધીનાં ઉપરોક્ત ૬ વર્ષ મેળવીએ તો ૨૫૫ વર્ષ થાય, અને આ ગતવર્ષ હોતાં ઉપરોક્ત શિલાલેખના ફરમાન વખતે ચાલુ ૨૫૬ મું વર્ષ હતું. બુદ્ધના ધર્મપ્રચારથી નં. ૧ ના શિલાશાસન સુધીનાં ૨૫૬ વર્ષ હોતાં, હિમવંત થેરાવલીની ગણતરીથી અશોક પોતાની રાજ્યપ્રાપ્તિથી ૪ વર્ષ પછી અને બૌદ્ધગણતરીથી તે રાજ્યાભિષેક પછી ૪ થા વર્ષે એટલે મ. નિ. ૨૧૪ માં[૧૪૯] બૌદ્ધ ઉપાસક થયો હતો એમ સિદ્ધ થાય છે. આમ

(૧૪૮) શ્રીબુદ્ધે ધર્મોપદેશ દેવાનું કાર્ય ૩૫ વર્ષની વયે શરૂ કર્યું હતું અને તેઓ ૮૦ વર્ષની વયે પરિનિર્વાણ પામ્યા હતા, તે હિસાબે પ્રથમ ઉપદેશથી પરિનિર્વાણ સુધીનાં ૮૦–૩૫=૪૫ વર્ષ થાય. બુદ્ધનિર્વાણથી અહિં બુદ્ધકૈવલ્ય નહિ પણ બુદ્ધપરિનિર્વાણ સમજવાનું છે.

(૧૪૯) હિમવંત થેરાવલી મ. નિ. થી ૨૦૯ વર્ષ વીત્યા બાદ અશોકનું રાજ્ય લખે છે. એટલે મ. નિ. ૨૧૦માં અશોકનું રાજ્ય અને તે પછી ૪ વર્ષ વીત્યા બાદ એટલે મ નિ. થી ૨૧૩ વર્ષ વીત્યા બાદ અશોકનું બૌદ્ધધર્મમાં પરિવર્તન થયું હતું એમ સમજવું, જ્યારે બૌદ્ધગ્રંથો બુદ્ધપરિનિર્વાણ ૨૦૪માં એટલે મ. નિ. ૨૧૧માં અશોકનું રાજ્ય લખે છે અને તેથી ચોથા વર્ષમાં એટલે મ. નિ. ૨૧૪માં બૌદ્ધ થયાનું લખે છે.

નિ. ૨૧૪ માં અશોકે ધર્મપરિવર્તન કર્યું હતું. શિલાશાસન નં. ૧ નો અર્થ બેસાડવો મી. સ્મીથને અઘરો લાગ્યો છે, 'ભારત કે પ્રાચીન રાજવંશ'ના લેખકને પણ એ શિલાલેખના અમુક પાઠમાં નિશ્ચિતતા નથી, એનું કારણ તેમાં દર્શાવેલો '૨૫૬' સંખ્યાંક અને તેની સહસ્રામની નકલના 'दुवे सपंना लाति (६) सता विवुथा-ति' એ અક્ષરો કઠીણ અને અનિશ્ચિત જણાયા હોય તેમ લાગે છે. મને લાગે છે કે, એ અંક અને અક્ષરોનો અર્થ કેટલાકો–સહસ્રામની નકલ પ્રમાણે "આ શ્રાવણ (સંખ્યામાં) વ્યુષ્ટોએ (સંભળાવ્યું છે). કારણકે, બસો વધતા છપ્પન વ્યક્તિઓ ફેરણીએ નીકળી પડી છે." આવી રીતે કરી રહ્યા છે તેમ નહિ, પરંતુ 'ભારત કે પ્રાચીન રાજવંશ'માં "યહ ઉપદેશ બુદ્ધને ૨૫૬ (વર્ષ પૂર્વે ?) સુનાયા થા" આવી રીતે અનુવાદિત થયો છે તે રીતે જ છે. કારણકે, આ લેખનું ફરમાન બહાર પડયું ત્યારે, બુદ્ધે પોતાની ૩૫ વર્ષની વયે બુદ્ધત્વ પામી ઉપદેશ આપવો શરૂ કર્યો ત્યારથી ૨૫૬ વર્ષ વીત્યાં હતાં, અથવા તો ૨૫૬ મું વર્ષ ચાલતું હતું. નં. ૧ ના આ નાના શિલાશાસનની શરૂઆતમાં અશોક કહે છે કે;– "ઢાઈ વર્ષસે અધિક હુએ કિ મૈં ઉપાસક હુવા હૂં। પરન્તુ એક વર્ષ તક પૂરી ઉન્નતિ નહીં કી। પર એક વર્ષસે અધિક હુઆ કી મૈંને સંઘમેં પ્રવેશ કિયા ઔર અચ્છી ઉન્નતિ કી" આનો અર્થ એ થાય છે કે, અશોક બૌદ્ધ થયાં પછી એક વર્ષ સામાન્ય ઉપાસક રહ્યો પણ પછી દોઢ વર્ષ એટલે આ શિલાલેખવાળું ફરમાન કાઢયું ત્યાં સુધીમાં તેણે બૌદ્ધસંઘની પ્રવૃતિમાં સવિશેષ ભાગ લીધો. પોતાના રાજ્યાભિષેકથી ૪ થા વર્ષે બૌદ્ધ થયો અને તે પછી અઢી વર્ષે આ ફરમાન કાઢયું એમ ૩॥+૨॥=૬ વર્ષ રાજ્યાભિષેકથી આ ફરમાન સુધીમાં થયાં. બુદ્ધના ધર્મપ્રચારથી નિર્વાણ સુધીનાં વર્ષ, ૮૦–૩૫=૪૫ છે[૧૪૮] અને નિર્વાણથી અશોકનો રાજ્યાભિષેક ૨૦૪ વર્ષે છે, એ બન્ને મળી ૨૪૯ વર્ષો થયાં એમાં રાજ્યાભિષેકથી ફરમાન સુધીનાં ઉપરોક્ત ૬ વર્ષ મેળવીએ તો ૨૫૫ વર્ષ થાય, અને આ ગતવર્ષ હોતાં ઉપરોક્ત શિલાલેખના ફરમાન વખતે ચાલુ ૨૫૬ મું વર્ષ હતું. બુદ્ધના ધર્મપ્રચારથી નં. ૧ ના શિલાશાસન સુધીનાં ૨૫૬ વર્ષ હોતાં, હિમવંત થેરાવલીની ગણતરીથી અશોક પોતાની રાજ્યપ્રાપ્તિથી ૪ વર્ષ પછી અને બૌદ્ધગણતરીથી તે રાજ્યાભિષેક પછી ૪ થા વર્ષે એટલે મ. નિ. ૨૧૪ માં[૧૪૯] બૌદ્ધ ઉપાસક થયો હતો એમ સિદ્ધ થાય છે. આમ

(૧૪૮) શ્રીબુદ્ધે ધર્મોપદેશ દેવાનું કાર્ય ૩૫ વર્ષની વયે શરૂ કર્યું હતું અને તેઓ ૮૦ વર્ષની વયે પરિનિર્વાણ પામ્યા હતા, તે હિસાબે પ્રથમ ઉપદેશથી પરિનિર્વાણ સુધીનાં ૮૦–૩૫=૪૫ વર્ષ થાય. બુદ્ધનિર્વાણથી અહિં બુદ્ધકૈવલ્ય નહિ પણ બુદ્ધપરિનિર્વાણ સમજવાનું છે.

(૧૪૯) હિમવંત થેરાવલી મ. નિ. થી ૨૦૯ વર્ષ વત્યા બાદ અશોકનું રાજ્ય લખે છે. એટલે મ. નિ. ૨૧૦માં અશોકનું રાજ્ય અને તે પછી ૪ વર્ષ વીત્યા બાદ એટલે મ નિ. થી ૨૧૩ વર્ષ વીત્યા બાદ અશોકનું બૌદ્ધધર્મમાં પરિવર્તન થયું હતું એમ સમજવું, જ્યારે બૌદ્ધગ્રંથો બુદ્ધપરિનિર્વાણ ૨૦૪માં એટલે મ. નિ. ૨૧૧માં અશોકનું રાજ્ય લખે છે અને તેથી ચોથા વર્ષમાં એટલે મ. નિ. ૨૧૪માં બૌદ્ધ થયાનું લખે છે.

થેરાવલી, બૌદ્ધગ્રંથો અને શિલાલેખથી સિદ્ધ થતી હકીકતને ન માનતાં અશોકનું ધર્મ-પરિવર્તન તેના રાજ્યાભિષેકથી નવ વર્ષે એટલે મ. નિ. ૨૨૦ વર્ષે કેવલ કલ્પનાના આધારે જ લઈ જવું એ સર્વથા અનુચિત છે. આથી સમજાશે કે; સંશોધકો જે, "કલિંગની જીતના સમયે થયેલા નરનાશાદિ વિનાશના પશ્ચાત્તાપે અશોકનું બૌદ્ધધર્મ પ્રતિ આકર્ષણ થઇ રાજ્યાભિષેકથી દશ વર્ષો વીત્યા બાદ તે સંબોધિ કને ગયો; (તેની) શિકાર વિગેરેથી યુક્ત એવી વિહારયાત્રા બંધ થઈ અને ધાર્મિક હેતુઓને પોષણ કરતી ધર્મયાત્રા સ્થાપન થઇ" આવી રીતે અશોકના આઠમા મુખ્ય શિલાલેખના આધારે કહી રહ્યા છે, તે એક ભ્રમણા જ છે. અશોકને કલિંગના વિનાશના કારણે શોક અને પશ્ચાતાપ થયો હતો અને તેણે શસ્ત્રવિજય કરતાં ધર્મવિજય જ કર્તવ્ય તરીકે સ્વીકાર્યો હતો, એ સર્વ વારસાગત જૈનત્વની અને સ્વીકૃત બૌદ્ધત્વની અસરનું પરિણામ હતું. અહિં એ સવાલ થાય કે; પહેલાં જૈન અને પછી બૌદ્ધ એવો એક અશોક જેવો મહારાજા ખુનરેજી ભરેલું યુદ્ધ ખેલી શકે કે? હા. ખેલી શકે. બનતી સર્વ રીતે યુદ્ધના આવી પડતા પ્રસંગો ટાળવા પૂર્વક, ગૃહસ્થોનો અને તેમાં પણ ખાસ કરીને રાજદ્વારી જીવન જીવનારાઓનો જૈન શાસ્ત્ર પ્રણીત સર્વાંગ સુંદર એવો પણ અહિંસાધર્મ ભિન્ન ભિન્ન વિષયોમાં અવનવી મર્યાદામાં હોય છે, એમ જૈન ઇતિહાસ પરથી જાણવા મળે છે, તો પછી બૌદ્ધશાસ્ત્રપ્રણીત અહિંસાના ઉપાસકોના માટે કહેવું જ શું? અશોક કલિંગના યુદ્ધ માટે શોક–પશ્ચાત્તાપ કરે છે તે, આવી પડેલું યુદ્ધ લડયો તે માટે નહિ, પરંતુ વિજય મેળવી કલિંગને પરાધીન કરવા યુદ્ધ લડયો તે માટે. જો એમ ન માનીએ તો, બૌદ્ધગ્રંથોના અને તેના શિલાલેખોના કેટલાક ઉલ્લેખોનો પરસ્પર મેળ જ ન મળી શકે.

બૌદ્ધગ્રંથોમાં[૧૫૦] કહેવાયું છે કે; "બિંદુસારની બીમારીના સમયે અશોક ઉજ્જયિનીમાં હતો, તેના પિતાની બીમારીના સમાચાર મળતાં જ તે પાટલી પુત્ર આવ્યો. આ પછી તેનો રીતસર રાજ્યાભિષેક ૪ થા વર્ષે થયો હતો. દરમીયાન તેણે પોતાના એક લઘુ બંધુ સિવાય સર્વ બંધુઓની કતલ કરી નાંખી. એવી રીતે બીજી પણ કેટલીક નિર્દય સાફસુફી કરી તે રીતસર મગધસામ્રાજ્યનો સમ્રાટ બન્યો." બૌદ્ધરાણી તિષ્યરક્ષિતાની સાથે તેનો લગ્નસંબંધ થયા પછી પણ, જોકે તે બૌદ્ધધર્મ સ્વીકાર કરી ચૂકયો હતો છતાં ય તેનામાં ઉગ્રતા, ક્રૂરતા અને અસહિષ્ણુતા હતી એવા ઉલ્લેખો બૌદ્ધસાહિત્યમાંથી મળી આવે છે. તેના સ્થાપેલા નરકાલયની કહાણી એવા જ તેના સ્વભાવની સાક્ષી પુરે છે. વળી ત્યાં એમ પણ કહેવાયું છે કે, "તેના પુત્ર કુણાલને અંધ બનાવવામાં સામેલ થનારા પાંચસો મન્ત્રીઓને તેણે કતલ કર્યા હતા."

અર્વાચીન કેટલાક ઈતિહાસકારોને[૧૫૧] બૌદ્ધગ્રંથોના અશોકના સંબંધી ઉપરોકત

(૧૫૦) દિવ્યાવદાન વિગેરે.

(૧૫૧) મી. સ્મીથ વિગેરે, જુવો મી. સ્મીથનો ઉલ્લેખ "હિન્દુસ્તાનનો પ્રાચીન ઇતિહાસ" (ગુ. વ. સો.) પૃ. ૨૦૮

ઉલ્લેખો વિશ્વસનીય લાગતા નથી, તેઓ કહે છે કે, "અશોકના શિલાશાસનોમાં તેને એક કરતાં વધારે ભાઈઓ હોવાનો ઉલ્લેખ છે, તેથી તેણે ભાઈઓની કરેલી કતલની નોંધો, પહેલાં બૌદ્ધ નહોતો ત્યારે કેવો અસુંદર હતો અને બૌદ્ધ થયા પછી કેવો સુંદર બન્યો હતો, એવી બૌદ્ધધર્મની સુંદરતા અને સરસાઈ બતાવવાના હેતુથી અતિશયોક્તિ રૂપે જ થયેલી છે." આમ છતાં "અશોકનો રાજ્યાભિષેક થવામાં લગભગ ચાર વર્ષ જેટલો સમય લંબાયો એ એક હેતુથી તેના વારસાહક માટે કોઇ વાંધો પડેલો હોવો જોઇએ." એમ તો એ ઇતિહાસકારો માને છે અને લખે છે કે, "તેનું રાજ્યારોહણ તથા કારકીર્દિ શાંતિથી પસાર થયાં હતાં."

બિન્દુસારના મૃત્યુસમયે અશોકમાં જૈનધર્મનો વારસો કેવો ને કેટલો પરિણત હતો એ જાણવાનું સાધન નથી. શ્રમણાદિના સમાગમમાં આવી તે વિશિષ્ટ શ્રમણોપાસક બન્યો હોય એવો ઉલ્લેખ પણ જોવામાં આવતો નથી. કદાચ વારસાગત જૈનત્વ તેની ક્રૂરતાને માફક ન આવ્યું હોય અને તે જૈનધર્મથી ઉદાસીન બન્યો હોય. આવી જૈનત્વની સામાન્ય સ્થિતિમાં ભાઇઓની કતલ કે એવી કોઈ અન્યપ્રકારની નિર્દયતા તેણે આચરી હોય અને તેનો ઉલ્લેખ બૌદ્ધગ્રંથોએ કર્યો હોય એ બનવા જોગ છે; પરંતુ તેની સાથે એ પણ બનવા જોગ છે કે, તેના રાજ્યાભિષેકની પૂર્વે, કહેવામાં આવે છે તેમ, વારસાહકમાં વાંધો ઉઠયો હોય તો, તે વાંધાને નિર્દયતાથી નિકાલ કરવા તેને અનિવાર્ય ફરજ પડી હોય. તેની ધર્મલિપિમાં જણાવ્યા પ્રમાણે વ્યાપકનીતિનું અને શ્રમણસંસ્થાને અનુકૂલ ધર્મનું પાલન કરવા કરાવવામાં તે રાજા ઉદાર અને નમ્ર હોય; તેમજ બૌદ્ધગ્રંથો અને હિમવંતથેરાવલીના કથન પ્રમાણે તે બૌદ્ધધર્મના પવિત્ર સ્થાનોની મુલાકાત લેનાર. પોતાના રાજ્યાભિષેકના ૧૮ મા વર્ષે એટલે બુ. નિ. ૨૨૨ એટલે મ. નિ. ૨૨૯ મા વર્ષે ત્રીજી બૌદ્ધસંગીતિ ભરનાર અને પછી બૌદ્ધધર્મના પ્રચાર માટે બહુ બહુ પ્રયત્નો કરનાર તથા બૌદ્ધસંઘની કેટલીક બાબતોમાં સંધાન અને સુધારણા કરવાના કાર્યમાં મથનાર હોય, છતાં જ્યારે રાજ્યપ્રાપ્તિમાં તેને અનુચિત જણાતાં કારણો આગળ ધરી વાંધો ઉઠાવાતો હોય કે કુણાલ જેવા સર્વથા યોગ્ય વારસને અંધ બનાવી દેવામાં અને સામ્રાજ્યને અવ્યવસ્થિત કરી મુકવામાં અધમ કાવતરાં રચાતાં હોય ત્યારે તે અનુદાર બની સખ્ત હાથે કામ લેનારો નીવડયો હોય એ બનવા જોગ છે. આવા સમયે વારસાગત જૈનત્વ કે સ્વીકૃત બૌદ્ધત્વથી તેને શિલાલેખોમાં જણાવ્યા જેટલું ઉદાર કે નમ્ર અને શ્રદ્ધાળુ રહેવા ન પરવડયું હોય; અથવા તો એવી ઉદારતા કે નમ્રતામાં શ્રદ્ધા હોતાં છતાં તેમાં તેને લાભને બદલે વિશેષ હાનિ સમજાઈ હોય. મને તો લાગે છે કે, કલિંગની જીત મેળવવામાં પણ એવી જ કોઈ અનિવાર્ય ફરજ તેના માથે આવી પડી હશે, કે જે વિષે આપણે સાવ અજાણ છીએ. બૌદ્ધધર્મ સ્વીકાર કર્યા પછી પાંચેક વર્ષે એટલે મ. નિ. ૨૧૯ વર્ષે એને એ ફરજ બજાવવી પડી હતી એમ તેના તેરમા

શિલાલેખના ચાલુ વંચાયલા પાઠથી સમજાય છે. એ પાઠ "अठवषा (शा) भिसितष (श) देवानं पियषा पियदषिने लाजिने कलिग्ये विजिता०" (આઠ વર્ષથી અભિષિક્ત દેવાનાં પ્રિય પ્રિયદર્શી રાજાએ કલિંગનો વિજય કર્યો) આવી રીતે વંચાયો છે તે પ્રમાણે, રાજ્યા ભિષેકથી આઠ વર્ષે કલિંગ જીતવાની તેને અનિવાર્ય ફરજ આવી પડી હોત તો, તેને જે શોક-પશ્ચાત્તાપ થયો છે તે કદાચ ન જ થાત એમ મને લાગે છે. સંભવ છે કે, તેને ઉગ્ર શોક અને પશ્ચાત્તાપ કરાવનારૂં એ યુદ્ધ તેણે બહુ જ વધાયલી ધાર્મિકવૃત્તિના સમયમાં, એટલે હિમવંતથેરાવલી કહે છે તેમ મ. નિ. ૨૩૯ વર્ષે, અર્થાત; તેના રાજ્યાભિષેકથી ૨૮ વર્ષે લડી લીધેલું હોવું જોઇએ, નહિ કે ૮ વર્ષે.

હિમવંતથેરાવલી સ્પષ્ટતાથી લખે છે કે:-"વૈશાલીનો ચેટકમહારાજા ચંપાના કોણિક રાજાની સાથેના યુદ્ધમાં સ્વર્ગસ્થ થયો ત્યારે તેનો એક શોભનરાય નામનો પુત્ર ત્યાંથી ખસી જઈ પોતાના સસરા કલિંગના મહારાજા સુલોચનના શરણે ગયો. એ સુલોચન અપુત્રીયા તરીકે મૃત્યુ પામતાં શોભનરાયને કલિંગનું રાજ્ય આપતો ગયો. મ. નિ. ૧૮ વર્ષે કલિંગના કનકપુરમાં શોભનરાયનો રાજ્યાભિષેક થયો હતો. આ શોભનરાયની પાંચમી પેઢીએ ચંડરાય આવ્યો હતો, કે જેના પર આઠમા નન્દે ચઢાઈ કરી હતી અને તે કલિંગમાંની સ્વર્ણમય ઋષભદેવની પ્રતિમા પાટલીપુત્રમાં લઈ ગયો હતો, આ ચંડરાય પછી બે પેઢીઓ વીત્યા બાદ એટલે શોભનરાયથી આઠમી પેઢીએ ક્ષેમરાજ આવ્યો, કે જે કલિંગમાંના હાથીગુફાવાળા સુપ્રસિદ્ધ લેખના કોતરાવનાર ખારવેલનો દાદો થતો હતો અને જેનો એ રીતે જ ત્યાં ઉલ્લેખ થયેલો પણ જોવામાં આવે છે. આ ક્ષેમરાજનો રાજ્યાભિષેક મ. નિ. ૨૨૭ વર્ષે થયો હતો. આ ક્ષેમરાજના રાજત્વકાલ દરમીયાન મ. નિ. ૨૩૯ વર્ષે અશોકે કલિંગ પર ચઢાઈ કરી ક્ષેમરાજને પોતાની આજ્ઞા મનાવી ત્યાં પોતાનો ગુપ્ત (ચંદ્રગુપ્ત) સંવત્સર પ્રવર્તાવ્યો હતો." [૧૫૨]

---

(૧૫૨) "अह वेसालीणयराहिवो चेडओ णिवो सिरिमहावीरतित्थयरस्सुक्किट्ठो समणोवासओ आसी । से णं णियभाइणिज्जेणं (?) चंपाहिवेणं कूणिगेणं संगामे अहिणिक्खित्तो अणसणं किच्चा सग्गं पत्तो । सोहणरायणामधिज्जो पुत्तो तओ उच्चलिओ णियससुरस्स कलिंगाहिवस्स सुलोयणणामधिज्जस्स सरणं गओ । सुलोयणो वि णिपुत्तो तं सोहणरायं कलिंगरज्जे ठावइत्ता परलोआतिही जाओ। तेणं कालेणं तेणं समएणं वीराओ अट्ठारसवासेसु विइक्कंतेसु से सोहणराओ कलिंगविसए कणगपुरम्मि रज्जे अभिसित्तो । सेवियणं जिणधम्मरओ तत्थ तित्थभूए कुमरगिरिम्मि कयजत्तो उक्किट्ठो समणोवासगो होत्था । तस्स वंसे पंचमो चंडरायणामधिज्जो णिवो वीराओ णं इगसयाहिय-अउणपन्नासेसु वासेसु विइक्कंतेसु कलिंगरज्जे ठिओ । तया णं पाडलिपुत्ताहिवो अट्ठमो णंदणिवो मिच्छत्तंधो अईवलोहाकंतो कलिंगदेसं पाडिऊण पुव्विं तित्थरूवकुमरगिरिम्मि सेणियणिवकारियजिणपासायं भंजित्ता सोवण्णिय-उसभजिणपडिमं घित्तूण पाडलिपुत्तं पत्तो । तयणंतरं तत्थ कलिंगे

થેરાવલીના ઉલ્લેખના ઉપરોક્ત ભાવાર્થ પરથી એ સ્પષ્ટ છે કે, અશોકે મ. નિ. ૨૩૯ વર્ષે કલિંગના રાજા ક્ષેમરાજને જીતી તેને પોતાની આજ્ઞા મનાવવાની ફરજ પાડી હતી. આ ૨૩૯ ની સાલ લખવામાં કોઈપણ રીતે અશુદ્ધિ થઈ હોય એમ પણ માની શકીએ તેમ નથી, કારણ કે, મ. નિ. ૨૨૭ વર્ષે ક્ષેમરાજના રાજત્વકાલની આદિનો ઉલ્લેખ આ ૨૩૯ના ઉલ્લેખની પહેલાં થયેલો છે. હવે જો અશોકના તેરમા મુખ્ય શિલાલેખ પ્રમાણે તેની કલિંગપરની ચઢાઈ તેના રાજ્યાભિષેકથી ૮ વર્ષે માનીએ તો એ જીત મ. નિ. ૨૧૯ વર્ષે આવે અને કલિંગમાંના ધવલીના શિલાલેખ પ્રમાણે અશોકે તોસલીના નગરમહામાત્રોને કરાયલી સૂચના તે પછીનાં વર્ષોમાં થયેલી હોઇ, તેનું કોતરકામ સંશોધકોના કહેવા મુજબ, સ્તંભલેખોના કોતરકામ પછી થયું હોય તો, તે અશોકના રાજ્યાભિષેકનાં ૨૭ વર્ષ પછી એટલે મ. નિ ૨૩૮ વર્ષ પછી આવે. આમ કલિંગનો વિજય અને ધવલીના શિલાલેખની કોતરણી વચ્ચે ૨૦ વર્ષથી પણ વધારે અન્તર પડે છે, કે જે અંતર ધવલી અને યાવગઢના શિલાલેખોમાંની હકીકતોનો અભ્યાસ કરતાં બે ત્રણ વર્ષનું જ હોવું જોઇએ તેના કરતાં ઘણું જ વધારે હોઇ, અસંગત લાગે છે.

જો હું ભૂલતો ન હોઉં તો, અશોકનાં ધવલી (ધૌલી) અને યાવગઢ (જૌગઢ)માં કોતરાયલાં ફરમાન સ્થાનિક અને અવ્યાપક છે; કારણ કે, અશોકે તેમાં જીતાયલા કલિંગના આજ્ઞાંકિત રાજાને એવી સૂચના આપી છે કે, તેણે તોસલી અને સમાપાના નગરમહામાત્રોને મારા હુકમરૂપે આ રીતે કહેવું. જીતાયલા પણ નહિ જીતાયલાની જેમ અંકુશને નહિ ગણકારતા, કલિંગના વાયવ્ય ને ઉત્તરમાં આવેલા આટવ્ય પ્રદેશના લોકોની સાથે તોસલીના નગરમહામાત્રોએ કેવી રીતે વર્તવું અને નહિ જીતાયલાં પાડોશનાં રાજ્યો સાથે સમાપાના નગરમહામાત્રોએ કેવી રીતે વર્તવું એનો નિર્દેશ ઉપરોક્ત હુકમમાં કરાયલો છે.

હિમવંતથેરાવલી ખારવેલના પૂર્વજ શોભનરાયને વૈશાલીના ચેટકનો પુત્ર લખે

---

जणवए तस्सणं सोहणरायस्स वंसे अट्ठमो खेमरायणामधिज्जो णिवो वीराओणं सत्तवीसाहियदोसयवासेसु विइक्कंतेसु कलिंगरज्जे ठिओ। तयणंतरं वीराओदोसयाहिय-अउणचत्तारि वासेसु विइक्कंतेसु मगहाहिवो असोअणिवो कलिंगजणवयमाक्कम्म खेमरायं णिवं णियाणं मण्णावेइ। तत्थ णं से णियगुत्तसंवच्छरं पवत्तावेइ॥"

હિમ૦ થેરા૦ પૃ ૫, ૬ (મુદ્રિત)

(૧૫૩) ચેટક રાજા 'અપુત્રિયો' હતો એવા સ્પષ્ટાક્ષરો મેં જોયા નથી, પણ જૈન સાહિત્યમાં ચેટક વિષે પ્રસંગોપાત જે લખાયું છે તેમાં તેની સાત પુત્રીઓનો ઉલ્લેખ જોવામાં આવે છે, કોઇ પણ સ્થળે તેના પુત્ર વિષે ઇશારો કરાયો નથી. ચેટકને પરવિવાહ કરવાનો નિયમ હોવાથી તેની પુત્રીઓનાં લગ્ન કરવામાં અને કોણિક સાથેના યુદ્ધમાં તથા અન્ય પણ તેવા કોઇ પ્રસંગમાં તેનો કોઇ પુત્ર દેખાવ દેતો નથી તેથી તેને શોભનરાય નામનો પુત્ર હતો, એ થેરાવલીના ઉલ્લેખને હું શંકાસ્પદ કહી રહ્યો છું.

છે, પરંતુ ચેટક અપુત્રીઓ જ સ્વર્ગસ્થ થયો છે[૧૫૩] તેથી એ ઉલ્લેખ શંકાસ્પદ છે. ખારવેલ પોતાના હાથીગુફાવાળા શિલાલેખમાં પોતાને રાજર્ષિવંશકુલમાંથી નીકળેલો અને 'ચેતિ' વંશની વિવૃદ્ધિ કરનારો ઓળખાવે છે, [૧૫૪]એ પરથી પણ સમજાય છે કે, શોભનરાય ચેટકનો પુત્ર નથી; કેમકે, ચેટક અથવા શોભનરાય આદિમાં કોઈ રાજર્ષિ તરીકે જણાયો નથી. ખરી વાત એ હોવી જોઈએ કે, કુશસ્થળના ચેદીરાજા રાજર્ષિ પ્રસેનજિત, કે જેઓ શ્રીપાર્શ્વનાથના સસરા થતા હતા, તેમનો વંશજ અને કલિંગમાં કરકંડુ પછી આવેલા સુલોચન રાજાનો જમાઇ શોભનરાય હતો, અને તેના વંશમાં ઉતરી આવેલો હોવાથી જ ખારવેલ પોતાના માટે ઉપરોક્ત બે વિશેષણો આલેખે છે. શોભનરાય ચેદીવંશનો ને કુશસ્થળનો હતો એ કથનથી હું જણાવવા માગું છું કે, શોભનરાયના વખતથી કુશસ્થળ, કે જેની પૂર્વસીમા કલિંગની સાથે જોડાયલી હતી, તેનો સમાવેશ કલિંગના રાજ્યમાં થઈ ગયો હતો. પરિણામે ઉત્તરનો આટવ્ય પ્રદેશ પણ કલિંગના રાજ્યમાં ગણાતો હતો. આ આટવ્ય પ્રદેશ મગધસામ્રાજ્યના દક્ષિણ સીમાડામાં આવેલો હોઇ, એ પ્રદેશના લોકો તરફથી વખતો વખત ઉપદ્રવ થવાના કારણે જ અશોકે કલિંગ પર ચઢાઈ કરી હોય તો ના નહિ. [૧૫૫]અશોકે કલિંગની બહાદુર પ્રજાને જીતી તેના

---

(૧૫૪) આ વિષયમાં ખારવેલના શિલાલેખના અક્ષરો આવી રીતે છે:—

"राजसि-वस-कुल विनिश्रितो महाविजयो राजा खारवेलसिरि"

ખારવેલ પ્રશસ્તિ (શ્રીયુત. કે. પી. જાયસ્વાલજીનું વાંચન) પં. ૧૧

"ऐरेन महाराजेन माहामेघवाहन चेतिराजवसवधनेन + + + सिरिखारवेलेन"

ખારવેલ પ્ર[illegible] (શ્રીયુત. કે. પી. જાયસ્વાલજીનું વાંચન) પં૦ ૧

(૧૫૫) અશોકની કલિંગપરની ચઢાઈનું કારણ હું આવી રીતે રજુ કરૂં છું, પરંતુ 'राजसिवसकुलविनिश्रित' એમાંના 'विनिश्रित'નો અર્થ विनिःसृत-નીકળેલો એવો નહિ, પણ વિનિશ્રિત-વિશેષથી આશ્રય પામેલો એવો જ થતો હોય અને 'चेतिराजवसवधनेन' એમાંના 'चेति'ના સ્થાને 'चेत'-ચેટ હોય તો, કલિંગના તીર્થસ્થાનની અને કલિંગના રાજા ખારવેલની આગળ પાછળની મહત્ત્વભરી સાલવારી વંશાવલી, તથા ખાસ ઘટનાઓને આલેખતી હિમવંત થેરાવલી કહે છે તેમ, શોભનરાયને વૈશાલીના ચેટકરાજનો પુત્ર માનવો જોઇએ. જૈન સાહિત્યમાં ચેટકને હૈહયવંશી લખ્યો છે અને હૈહય 'ऐरेन'- ઐલેન-ઇલાનો સંતાનીય હતો. ખારવેલ પણ પોતાને શિલાલેખની શરૂઆતમાં 'ऐरेन' લખે છે, એ લક્ષ્યમાં લેવા જેવું છે. ખારવેલ પછી વક્રરાય અને વક્રરાય પછી વિદુહરાય કલિંગની ગાદીએ આવ્યો આ વિદુહરાયનું મૃત્યુ મ નિ. ૩૯૫ એટલે વિ. સં. પૂ. ૧૫ વર્ષે થયું હતુ. આ પછીના સમયમાં હૈહયવંશ, કે જે 'કલચુરી' તરીકે ઓળખાતો હતો, તેનું રાજ્ય કલિંગ અને કોશલ (મહાકોશલ)માં ચાલતું હતું. વિક્રમની ચોથી સદીમાં તેમના નામથી એક સંવત પણ પ્રવર્ત્યો હતો. વિક્રમની સાતમી સદીમાં હૈહયોનું રાજ્ય મધ્યપ્રાંત અને ગુજરાતના પૂર્વપ્રદેશ સુધી હોવાના ઉલ્લેખો, લેખો અને તામ્રપત્રોમાં થયા છે. મને તો લાગે છે કે, પાછલા સમયમાં વિદુહરાય (ખારવેલનો પૌત્ર) ના વંશજોએ સમય વીતતાં શૈવ બની મદિરાસક્ત થયા બાદ 'કલચુરી' તરીકે પોતાની ઓળખ કરાવરાવી હશે, હૈહયની

રાજા ક્ષેમરાજને તાબે થવાની ફરજ પાડી અને આટવ્યપ્રદેશના વહીવટ માટે તોસલીમાં નગરમહામાત્રો નીમ્યા, પરંતુ એ મહામાત્રોની કામગીરી અશોકને ઠીક નહિ લાગવાથી તેણે કલિંગરાજ ક્ષેમરાજની મારફતે તેમને આટવ્યોની સાથે કેવી રીતે વર્તવું તે સંબંધી હુકમ પાઠવેલો છે. આ હુકમની કોતરણીનો તાત્કાલિક ઉપયોગ હોવાથી અશોકનું એ ફરમાન, ઘણા વર્ષો પહેલાંનું હોઇ પાછળથી શિલાલેખમાં કોતરાવ્યું હોય એમ કહી શકાય નહિ, તેમ કલિંગ જીત્યા બાદ ઘણાં વર્ષે તોસલીના મહામાત્રોને કલિંગરાજની મારફતે કંઇ કહેવરાવવું પડે એ પણ બહુ જ સાવધાન એવા અશોક માટે ન જ બને, એથી મ. નિ. ૨૩૯ વર્ષે કલિંગ જીતાયો અને તે પછી બે ત્રણ વર્ષોની અંદર જ અશોકનું આ ફરમાન અને તેની કોતરણી થયેલી હોવી જોઈએ, નહિં કે મ. નિ. ૨૧૯ વર્ષે કલિંગ જીતાયો અને બાવીશ ત્રેવીશ વર્ષે તોસલી ને સમાપાના મહામાત્રોને અશોકના હુકમથી કહેવાનું ફરમાન અને તેની કોતરણી થઈ.

અશોકના ચૌદ મુખ્ય શિલાલેખોમાં કલિંગવિજયની વાત જેમાં જણાવવામાં આવી છે તે તેરમા શિલાલેખનું ફરમાન અને તેની કોતરણી, અશોકના રાજ્યાભિષેકથી ૨૬–૨૭ વર્ષે થયેલી અશોકના મુખ્ય સાત સ્તંભલેખોની કોતરણી પછીથી થયેલાં છે. જો એ ફરમાન અને કોતરણી સ્તંભલેખોની કોતરણી પહેલાં થયાં હોત તો, અશોક પોતાનાં કાર્યોનો સારાંશ જે સાતમા સ્તંભલેખમાં આપે છે તેમાં એમાંની મહત્ત્વભરી હકીકતોનો ઉલ્લેખ જરૂર થયો હોત, પરંતુ તેમ થયું નથી એથી ઉપરોક્ત અનુમાન પર આવવું પડે છે. સંશોધકો માને છે કે, ચૌદ મુખ્ય શિલાલેખોની કોતરણીમાં ક્રમ સચવાયો નથી. ઉત્સાહ કે ઉતાવળના કારણે તેમ બન્યું હશે એમ કેટલાકોનું માનવું છે, પરંતુ હકીકતની ઓછીવત્તી મહત્તાને લઇને પણ કદાચ તેમ બની શકે. મને તો લાગે છે કે, અશોકના દફતરખાનામાં તેના ફરમાનોની સાલવારીની તો શું પરંતુ માસ–તિથિ આદિની પણ નોંધ રહેતી હશે અને ફરમાનોની કોતરણીનો ક્રમ મુખ્ય શિલાલેખોમાં બરાબર સચવાયો પણ હશે જ.

અશોકના ત્રીજા મુખ્ય શિલાલેખવાળું ફરમાન તેના રાજ્યાભિષેકના બારમા વર્ષે

---

પૂર્વે એક ભરત નામનો રાજર્ષિ થયો હતો, તેથી હૈહયવંશી ખારવેલ પોતાને 'રાજર્ષિવંશ કુલ-વિનિઃસૃત' લખે છે કે સુલોચન પહેલાં થઇ ગયેલા કરકંડુ રાજર્ષિવંશ–કુલનો આશ્રિત થયો હોવાથી તે પોતાને 'રાજર્ષિ વંશકુલ વિનિશ્રિત ' લખે છે, એનો નિશ્ચય આપણે કરી શકતા નથી, છતાં ગમે તે રીતે ખારવેલ હૈહયવંશી ચેટકનો વંશજ ઘટી શકે છે, અને વસ્તુસ્થિતિ જો આમ જ હોય તો પાર્શ્વનાથના સસરા પ્રસેનાજિતના વંશજ તરીકે માની અશોકની કલિંગ પરની ચઢાઇનું કારણ પ્રાદેશિક અથડામણી તરીકે મેં રજુ કર્યું છે તે ન હોઇ, કોઇ અન્ય પણ હોઇ શકે, અને તે કારણ વિજય મેળવી કલિંગને આજ્ઞાંકિત બનાવવો તે જ છે. અશોક ધર્મવિજયને આમળ કરી યુદ્ધવિજયનો પશ્ચાત્તાપ કરતો પોતાને શિલાલેખમાં કોતરાવે છે, એથી પણ યુદ્ધવિજયને માટે તેનું કલિંગનું આક્રમણ હતું એમ સાબીત થાય છે.

કરાયલું છે, તેથી પહેલાં કરાયલાં પહેલા તથા બીજા શિલાલેખવાળાં બે ફરમાનોનો ચોક્કસ સમય નક્કી કરી શકાય તેમ નથી, છતાં તેના ધર્મપરિવર્તન પછી ઉપાસક તરીકે અઢી વર્ષ રહ્યો હતો અને તે અઢી વર્ષમાં પાછળથી એક વર્ષ સંઘમાં જોડાયો હતો તે સમયનાં એ ફરમાન હોઇ, તેના રાજ્યાભિષેકનાં પાંચ વર્ષ વીત્યા બાદ કાઢેલાં હશે, એમ લાગે છે. પહેલા ફરમાનમાં પોતે પોતાના રસોડામાં થતી જીવહિંસાને ઓછી કરી નાંખી સર્વથા તે બંધ કરાવવા તરફ વળી રહ્યો છે એમ જણાવી બળીદાન ને જીવવધ પ્રધાન સમાજોને બંધ કરવા તે ફરમાન કરે છે. આ પછી તે બીજા શિલાલેખવાળા ફરમાનમાં મનુષ્ય અને પશુઓની ચિકિત્સા વિગેરે આલેખે છે. આઠમા શિલાલેખમાં કહ્યા મુજબ, રાજ્યાભિષેકનું દશમું વર્ષ વીત્યા બાદ તેણે વિહારયાત્રા છોડી દઈ સંબોધિ કને જવા વિગેરે રૂપ ધર્મયાત્રા શરૂ કરી [૧૫૬]તેથી પહેલાંનું અને પહેલા ફરમાન પછીનું એ બીજા શિલાલેખવાળું ફરમાન હોવું જોઈએ. એનું ત્રીજું ને ચોથું ફરમાન રાજ્યાભિષેકના બારમા વર્ષ પછીનું છે. આ ફરમાનો દ્વારા હિંસાને અટકાવવાનો તથા વ્યાવહારિક અને ધાર્મિક વડીલો પ્રતિ સવિનય વર્તાવવાનો ક્રમશઃ પ્રયત્ન કરતો તે પાંચમા મુખ્ય શિલાલેખવાળા ફરમાનમાં રાજ્યાભિષેકના તેરમા વર્ષ પછી ધર્મમહામાત્રો નીમવાની વાત કરે છે, બસ, આવી જ રીતે તે પગલે પગલે આગળ વધતો તેરમા મુખ્ય શિલાલેખમાં કહ્યા પ્રમાણે પોતાના ધર્મવિજયની હદ સુધી પહોંચી ચૌદમામાં પોતાના કાર્યોનો ઉપસંહાર કરે છે. કલિંગવિજયની હકીકતવાળું ફરમાન અને તોસલી–સમાપાના નગરમહામાત્રોને હુકમ કરવાવાળાં ફરમાનો ચૌદ મુખ્ય શિલાલેખોમાં એકદમ છેવટે કોરાયલાં હોવાથી તે એના રાજ્યાભિષેકથી ૨૭ વર્ષ પછીનાં છે, અર્થાત્, તે રાજ્યાભિષેકનાં ૨૮ વર્ષ વીત્યા બાદનાં એટલે મ. નિ. ૨૩૯ વર્ષે કલિંગવિજય કર્યા પછીનાં છે. કલિંગના વિજયની હકીકત આમ પાછળથી બનેલી હોવાથી તેનો ઇસારો મુખ્ય સ્તંભલેખોમાં કે અન્ય શિલાલેખોમાં ન હોય એ સ્વાભાવિક જ છે.

એ વાત ખરી છે કે, હિમવંત થેરાવલીએ અશોકની કલિંગ પરની ચઢાઈની જે

(૧૫૬) અશોકે ગિરનાર વિગેરે સ્થળોએ શિલાઓ પર શાસનો કોતરાવ્યાં છે તે તેના મુખ્ય શિલાલેખો ઓળખાવાય છે. તેની સંખ્યા ૧૪ની છે. એ શિલાલેખોમાં ૩, ૪, ૫, ૮ ૧૩ વાળાં શાસનોમાં અનુક્રમે ૧૨, ૧૨, ૧૩,૧૦, ૮ વર્ષથી અભિષિક્ત અશોક હતો એવી નોંધ મળી આવે છે. બાકીનાં તેનાં ૯ શાસનમાં તેના રાજ્યાભિષેકથી વીતેલા સમયની નોંધ નથી. આઠમા શાસનમાં રાજ્યાભિષેકથી વીતેલા સમયની નોંધ છે, પરંતુ તે પોતે સંબોધિ કને ગયો. ધર્મયાત્રા શરૂ કરી, વિગેરે પોતાની પ્રવૃત્તિના સમયને જણાવતી નોંધ છે, નહિ કે જાહેર ફરમાન કાઢયાની, એ જાહેર ફરમાન તો તેણે પાંચમું ફરમાન કે જે, તે તેર વર્ષથી અભિષિક્ત હતો ત્યારે કાઢયું હતું, તેના પછીનાં વર્ષોમાં કાઢેલું હોવું જોઇએ. હકીકત બન્યાનો, ફરમાન કાઢયાનો અને તે ફરમાનોને શિલાલેખો તરીકે કાયમી સ્વરૂપ આપવાનો સમય એક જ હોય એમ મને લાગતું નથી. કાયમી સ્વરૂપ આપતી વખતે ફરમાનોનો સામયિક ક્રમ સચવાયો હશે એમ હું લેખમાં જણાવી ગયો છું.

સાલ મ. નિ. ૨૩૯ વર્ષે એટલે કે અશોકના રાજ્યાભિષેકના ૨૮ વર્ષ વીત્યા પછીની ઉલ્લેખેલી છે તે, પ્રિયદર્શી રાજા અશોક હોતાં તેના તેરમા મુખ્ય શિલાલેખના ચાલુ વાંચન પ્રમાણે મનાતી સાલ–રાજ્યાભિષેકથી ૮ વર્ષ વીત્યા પછીની સાલ–સાથે મળતી આવતી નથી, અને છસોં વર્ષ પછીના થેરાવલી ગ્રંથના કરતાં અશોકે કોતરાવેલા શિલાલેખનો પુરાવો અશોકની કલિંગવિજયની સાલ નક્કી કરવામાં વધારે મજબૂત ગણાય; અને તેથી ઉપર કરેલી ચર્ચા પરથી શંકા ઉઠે છે કે, તેરમા મુખ્ય શિલાલેખમાં કલિંગવિજયની સાલ સૂચવતો પાઠ અશુદ્ધ કે અશુદ્ધ વાંચનવાળો તો નહિ હોય ! 'अठवीसवषाभिषित–स' પાઠના સ્થાને કોતરાતાં કે વંચાતાં 'वीस' એ અક્ષરો તેમાંથી ગલત થયા હોય અને એ રીતે ૨૮ નાં ૮ વર્ષ થઇ ગયાં હોય તો. જો તેરમો મુખ્ય શિલાલેખ ચૌદ મુખ્ય શિલાલેખો કોતરાવ્યાનાં મનાતાં સાત સ્થાનોમાં[૧૫૭] બધે મળી આવતો હોય તો ઉપરોક્ત પાઠ વિષેની શંકા કદાચ ઓછી થાત પરંતુ એ તેરમો શિલાલેખ ફક્ત ત્રણ જગાએ[૧૫૮] જ મળી આવે છે, અને તેમાં ગિરનારની નકલમાં વિવાદાસ્પદ પાઠ ભુંસાયલો છે, તેથી તે શંકા દૂર કરવામાં કામ લાગે તેમ નથી.[૧૫૯] જ્યારે કાલશીની નકલમાં શિલા ફાટવાળી અને ખડબચડી હોવાથી તેની લીસી કરાયલી સપાટી પર તેરમો શિલાલેખ હોઇ ત્યાં ૧૦ થી ૧૪ સુધીના શિલાલેખો અનુક્રમે મોટા થતા અને પૂર્વના શિલાલેખોથી જુદા પડતા અક્ષરોમાં પાછળથી લખાયલા જેવા લાગે છે, એટલે તેમાંનો પાઠ પણ શંકા દૂર કરવામાં વધારે કામ ન યે લાગે. હવે ઉપરોક્ત શંકાને દૂર કરવા ફક્ત એક શાહબાઝગઢીમાંનો તેરમો શિલાલેખ આપણી સામે ઉભો છે. અશોક પોતાના ચૌદમા મુખ્ય શિલાલેખમાં સંભવિત ભૂલનો સ્વીકાર કરે છે તેમ, લિપિકારથી ભુલ થઇ હોય અથવા તો કોઇ પ્રકારે અવ્યવસ્થિત અક્ષરોને લઇ અશુદ્ધ વાંચન થયું હોય ને એ શિલાલેખથી ૨૮ ના બદલે ૮ વર્ષ સંશોધકોની પકડમાં આવી ગયાં હોય તો, એમ શંકા રહે છે. આવી સ્થિતિમાં

(૧૫૭) (૧) પેશાવરની વાયવ્યે ૪૦ માઇલ પર યુસુફઝાઇના મુલકમાં શાહબાઝગઢી આગળ; (૨) પંજાબમાં હઝારા ( ઉર્ષા ) જીલ્લામા માનસેરા આગળ, ( ૩ ) મસુરીથી ૧૫ માઈલ પશ્ચિમે હિમાલયના નીચા ભાગમાં કાલસિ આગળ, (૪) મુંબઈ પાસે થાણા જીલ્લામાં સોપારા આગળ, (૫) કાઠીઆવાડમાં જૂનાગઢ પાસે ગિરનાર આગળ, (૬) ઓરિસાના કટક જીલ્લામાં ભુવનેશ્વરની દક્ષિણે ધૌલી આગળ, (૭) મદ્રાસ ઇલાકાના ગંજામ જીલ્લામાં જોગઢ આગળ.

—હિંદુસ્તાનનો પ્રાચીન ઇતિહાસ–પૂર્વાર્ધ૦ ( ગુ૦ વ૦ સો૦ ) ટી ૧ પૃ. ૨૨૪

(૧૫૮) (૧) શાહબાઝગઢી (૨) કાલસિ (૩) ગિરનાર.

અશોકચરિત ( ગુ. વ. સો૦નું ) ચૌદ મુખ્ય શિલાલેખો પરનું વિવેચન. પૃ. ૨૨૮.

(૧૫૯) ( શાસન ૧૩મું ) [ अठवशाभिषितस देवानं प्रियस प्रियदसिने राञो ] ञो कलिंगा [ विजित ] वज तता पछा अधुना लघेसु कलिंगेसु तीवो घंमवायो०—

ગિરનારના શિલાલેખોમાં ૧૩મું શાસન લખાયલું છે તેમાં [ ] ચોકડીની નીશાનીવાળો પાઠ ભુસાયેલો હોઈ તે પાઠને અન્ય સ્થળના પાઠથી પુરવામાં આવ્યો છે.

ઉપરોક્ત શિલાલેખીય પુરાવા પરથી, [૧૬૦]અન્ય સાધનો વડે પણ સમર્થન થતા થેરાવલીના ઉલ્લેખને હું કોઇ રીતે અવગણી શકું નહિ.

કોઈ કોઇ લેખક[૧૬૧] પ્રસ્તુત શિલાલેખોમાંનાં 'देवानंप्रिय प्रियदर्शी' એ અનુક્રમે સન્માન ને બિરુદ સૂચક વિશેષણો માનતા હોઈ, તેઓ એ શબ્દોથી કેવળ અશોક જ સમજવામાં શંકા ઉઠાવે છે. તેઓ પ્રશ્ન કરે છે કે; સાહિત્યમાં, ખાસ કરીને બૌદ્ધ સાહિત્યમાં, કે જે બૌદ્ધ સાહિત્ય અશોકે ચોરાશી હજાર સ્તૂપો ચોરાશી હજાર ગામોમાં બનાવરાવ્યા હતા એવી વાત કરી રહ્યું છે, તેમાં પણ અશોકની કલિંગપરની ચઢાઈની હકીકત, શિલાલેખો વિગેરે કોતરાવ્યાનું સૂચન અને એ શિલાલેખોમાં વપરાયલી કેટલીક પરિભાષાઓનો બૌદ્ધ પરિભાષા સાથે સંપૂર્ણ રીતે મેળ, એ જોવામાં નથી આવતાં તેનું કારણ શું? સિંહલદ્વીપના

(૧૬૦) ખારવેલના શિલાલેખની પંક્તિ ૧૧માં "......**मंडं च अवराजनिवेसितंपीथुड गदभ-नंगलेन कासयति [ ि] जनस दंभावनं च तेरसवस-सतिक [ ] तु भिदति तमर देहसंघातं [ । ]** આ પાઠમાં **'एकादसमे च वसे'** એવો પાઠ શરૂઆતમાં શિલાની અંદર ગલત થયો છે. આ પાઠનો અર્થ આવી રીતે કરવામાં આવે છે:—(અગીઆરમા વર્ષે દુષ્ટ રાજાઓએ બંધાવેલા મંડપ તથા બજાર મોટા ગધેડાઓને હળમાં જોડી, ખેડાવી નાખ્યાં, જિનનો ખોટો ડોળ દાખવતી, એકસોતેર વર્ષ જૂની સીસાની મૂર્તિઓ તોડી નાંખી.

ઉપરોક્ત લખાણમાં જિનનો-તિર્થંકર અરિહંતનો ડોળ કરતી મૂર્તિ એટલે બુદ્ધની મૂર્તિ હોઇ શકે અને તે અપરાજે-દુષ્ટ રાજાએ-કલિંગ પર ખાનાખરાબી વર્ષાવનાર હોવાથી ખારવેલની દૃષ્ટિએ અશોકે સ્થાપિત કરેલી હશે. એ મૂર્તિને સ્થાપન થયાં **'तेरसवस सतिकं'** થી ૧૧૩ વર્ષ વીત્યાં હતાં એમ કહેવામાં આવે છે, પણ એ કથન સંગત થતું નથી, કારણ કે આઠ વર્ષથી અભિષિક્ત અશોકે કલિંગ જીત્યું હતું એમ કહેનારા સંશોધકોની ગણતરીએ કલિંગના યુદ્ધની અને ખારવેલના રાજ્યના ૧૧ મા વર્ષની વચ્ચે ૧૦૦ વર્ષથી ઓછું અને ૭૬ વર્ષથી વધારે, આશરે ૯૧ વર્ષ જેટલું અંતર મનાયું છે. ખારવેલના રાજ્યના ૧૧ મા વર્ષથી ૧૧૩ વર્ષ પૂર્વે બિન્દુસારનું રાજ્ય હતું એમ સંશોધકો માને છે; અને બિન્દુસારની અપરાજા તરીકે કલિંગમાં કોઇ કારવાઇ હોય એમ સંભવતું જ નથી. આવી સ્થિતિમાં લાગે છે કે, **'तेरसवस-सतिकं'** એ સ્થળે **'तेरस'** વાંચન અશુદ્ધ હોઈ **'सत्तेरस'** યા **'सत्तरिस'**-૭૦ એવી સંખ્યાસૂચક શબ્દનું વાંચન અહિં ખરું હોવું જોઇએ. ખારવેલના રાજ્યના ૧૧ મા વર્ષની અને અશોકે હિમવંત થેરાવલીના કથન મુજબ મ. નિ. ૨૪૦માં કલિંગ વિજય કર્યો તેના પછીના વર્ષની વચ્ચે બરાબર ૭૦ વર્ષ છે. એ સંભવિત છે કે અશોકે કલિંગ જીત્યા બાદ ત્યાં વરસ દોઢ વરસના ગાળામાં જિન-બુદ્ધની સીસાની મૂર્તિ સ્થાપન કરી હશે, કે જેને ખારવેલ ૭૦ વર્ષની હોવાની અને જિન-અર્હંતનો ડોળ કરતી કહી તોડી નાંખે છે.

અશોકે કલિંગની ભૂમિ પર ચઢાઇ કરી ત્યારે ક્ષેમરાજ રાજ્ય કરતો હતો એમ થેરાવલી કહે છે. તેનું સમર્થન ખારવેલની પ્રશસ્તિ અપ્રકાશે કરતી હોય તેમ, ખારવેલ પોતાના દાદા મહારાજા ક્ષેમરાજનો ઉલ્લેખ પ્રશસ્તિમાં '**खेमराजा स वढराजा**'' આવી રીતે કરે છે. હિમવંત થેરાવલી આ સમયની હકીકતો જણાવવામાં કેટલી બધી ચોક્કસ છે!

(૧૬૧) પ્રાચીન ભારતવર્ષના લેખક ડૉ૦ ત્રિભોવનદાસ લહેરચંદ શાહ વિગેરે.

એક ઇતિહાસસંગ્રહમાં[૧૬૨]અશોકના દાદા ચંદ્રગુપ્તને 'पियद्स्सन' ના બિરુદથી ઓળખાવ્યો છે. ત્યાં કોઇવાર અશોકને પણ પ્રિય દર્શન–'पियद्स्सन' લખ્યો છે, એટલે સમજાય છે કે, તે શબ્દ ખરી રીતે 'पियद्सी'–પ્રિયદર્શિન્ છે, અને આવી રીતે ચંદ્રગુપ્ત અને અશોક એ બન્નેને એક જ બિરુદ સાધારણ રીતે વપરાય છે. તો પછી તે અશોકનું વિશેષ નામ છે એમ શા આધારે કહેવાય ? 'દેવાનાં પ્રિય પ્રિયદર્શીરાજા' એ શબ્દો ચંદ્રગુપ્તાદિની સાથે સાધારણ ઉપાધિ આદિ રૂપ છે, નહિ કે એકલા અશોકની વિશેષ ઉપાધિ આદિ રૂપ; તો પછી એ ઉપાધિ આદિથી પોતાનો ઉલ્લેખ કરી શિલાલેખોને કોતરાવતો એ કોણ રાજા હતો એની શોધ કરવાની રહે કે નહિ ? અશોકના ચરિત્રને આલેખતા એક લેખકને પણ આવો પ્રશ્ન ઉઠયો હોય તો ના નહિ; કેમકે તેમને એ પ્રશ્નનું સમાધાન કરવા મસ્કીના ગૌણલેખમાં વંચાયલા 'अशोकस'ને શરણે જવું પડયું છે. જો કે એ લેખમાં કરાયલો વિશેષ નામનો ઉલ્લેખ જોઇને તેમને વિચિત્રતા લાગી છે, અને એનો 'અમોઘવર્ષ'ના દૃષ્ટાન્તથી લુલો બચાવ કરી મન મનાવવું પડયું છે.[૧૬૩] 'પ્રાચીન ભારતવર્ષ'ના લેખક ડૉ. ત્રિભોવનદાસ શાહને આ બચાવ ખુંચતો હોઇ તેઓ અશોકના પૌત્ર સંપ્રતિને જ શિલાલેખનો 'प्रियद्सी राजा' માને છે. પોતાની એ માન્યતાના સમર્થનમાં તેમણે ઘણું જ લખ્યું છે, તેનો દિગદર્શનરૂપ સારાંશ આવી રીતે છેઃ—

"કેટલાક જાણીતા સંશોધકોએ એલેકઝાન્ડર–સેલ્યુકસ નિકેટરના સમયમાં વિદ્યમાન સેંડેકોટસને ચંડાશોક–અશોકના બદલે ચંદ્રગુપ્ત માની લીધો. પરિણામે અશોકના અંગેની કેટલીક હકીકતો ચંદ્રગુપ્તના નામે ચઢાવી દીધી. અને એ રીતે અશોક ચંદ્રગુપ્તથી પાછલા સમયમાં જે સમયે રહેવો જોઇએ તેના કરતાં વધારે પાછલા સમયમાં મનાયો અને તેથી અશોકના પછી થયેલા રાજકર્તા પ્રિયદર્શી સંપ્રતિના સમયની હકીકતો અશોકના સમયની માની લેવાઇ. પરિણામે પ્રિયદર્શી અને તેના લેખો સંપ્રતિના નામે ચઢવા જોઇએ તે અશોકના નામ પર ચડાવી દેવાયા. આ થયેલી મહાન ભૂલને લઈ હાલ અશોકના નામે ઓળખાતા શિલાલેખોનો અર્થ બેસારવામાં ભારે તાણી તૂસીને કામ લેવાની ફરજ પડી છે; એટલું જ નહિ, પરન્તુ સંપ્રતિનું જૈન સાહિત્યમાં બહુજ સુપ્રસિદ્ધ એવું અસ્તિત્વ પણ નહિવત્ કરી દેવાયું છે. પ્રિયદર્શીના લેખોમાં તેનો કોતરાવનાર બૌદ્ધધર્મી અશોક હોય તો તેમાં બૌદ્ધત્વની જ અસર હોવી જોઈએ, પરંતુ તેમ નથી. તેમાં સામાન્ય રીતે બૌદ્ધત્વની અસર છે, પણ વિશેષતઃ જૈનત્વની જ ખાસ અસર છે. અહિંસા, તેને પાળવાના દિવસો વિગેરે શિલાલેખોમાંની વિગતોનો સંબંધ

(૧૬૨) જેનું નામ 'દીપવંશ' છે.

(૧૬૩) અશોકચરિત (ગુ. વ. સો.) રા. રા. દે. રા. ભાંડારકરના ઇંગ્રેજી ગ્રંથના આધારે અનુવાદક શ્રીયુત ભ. ભા. મહેતા. જુવો પૃ. ૪ થી ૬.

જેટલો જૈનત્ત્વની સાથે છે તેટલો બૌદ્ધત્વની સાથે નથી. 'ભાબ્રા'ના શિલાલેખમાં અને બીજા બે સ્તંભલેખોમાં પ્રિયદર્શીની બૌદ્ધધર્મપ્રતિ આદર સત્કાર, આનંદપૂજા અને કંઈક પ્રવૃત્તિ કરવાની બાબતો કોરાઈ છે, પણ કોઈ એક સમ્રાટ્ એવી રીતે પ્રજાના ધર્મોને સંભાળે તેથી એમ ન માની શકાય કે તે અમુક ધર્મનો હતો. ઉપરોક્ત ત્રણ લેખો સિવાય પ્રાયઃ બાકીના બધા ય લેખોમાં જ્યાં ત્યાં જૈનત્ત્વ જ કોતર્યું છે. પ્રિયદર્શીની 'સંબોધપ્રાપ્તિ' અને 'સંઘનો મતભેદ' શિલાલેખોમાં આલેખાયલી આ બે બાબતોનો મેળ સંપ્રતિના જીવનની સાથે, અને આર્ય મહાગિરિ તથા આર્ય સુહસ્તિના આચારની વિચારણાના અંગે મળી શકે છે. શિલાલેખોમાં પ્રિયદર્શીના ધર્મપ્રચારની સાથે જંબુદ્વીપના લોકોને દેવોની સાથે મિશ્ર કરાયાનું ત્યાં લખાયું છે. સંપ્રતિના ધર્મપ્રચાર અને ચૈત્યનિર્માણની સાથે આ મળતી હકીકત છે. કલિંગની જીત પણ અશોકે નહિ, પરન્તુ સંપ્રતિએ રાજ્યાભિષેકનાં આઠ વર્ષ વીતતાં કરી હતી."

ખરે જ, ઉપરોક્ત કોઈ કોઈ લેખકના પ્રશ્નો અને ડૉ. શાહે કરેલું પોતાની માન્યતાનું સમર્થન, એ બહુ જ વિચારણીય છે. બહોળા અભ્યાસ ને સંશોધન બળે ભવિષ્યમાં કદાચ '**प्रियदसि**' એ ભલેને સંપ્રતિ ઠરે, પણ હાલ તો અશોકના નામે ઓળખાતા એ લેખોનો અભ્યાસ કરતાં તેમાંનો પ્રિયદર્શી એ સંપ્રતિ હોવા વિષે શંકા જ રહે છે. કારણ કે જૈનસાહિત્યમાં સંપ્રતિનું જે રીતે જીવન આલેખાયું છે, તેમાંની કેટલીક મહત્ત્વની બાબતોનો ઈશારો સુદ્ધાં આ શિલાલેખોમાં મળતો નથી, તેમ શિલાલેખોમાંની કેટલી ય મહત્વની બાબતોનો જૈનસાહિત્યમાં બિલકુલ ઈશારો સુદ્ધાં નથી. વળી એ શિલાલેખોમાં જે યવનરાજાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેમનો સમય, મહાવીર અને વિક્રમાદિત્ય વચ્ચે ૪૧૦ વર્ષનું અંતર માનનાર આ લેખની ગણતરીએ, સંપ્રતિના રાજત્વકાલથી વહેલો પડે છે,[૧૬૪] એ પરથી પણ શિલાલેખોમાંનો '**प्रियदसि**' એ સંપ્રતિ ન હોય એવા સંભવને પુષ્ટિ મળે છે. આ અને એવાં બીજાં પણ કેટલાંક સાધનોથી 'ચારીચરણ' ન્યાયે[૧૬૫] પણ સંપ્રતિને એ સર્વ શિલાલેખોનો કોતરાવનાર માનવાનું

(૧૬૪) સંપ્રતિનો રાજત્વકાલ મ. નિ. ૨૪૪–૨૯૩ એટલે ઇ. સ. પૂ. ૨૨૩–૧૭૪ છે, જ્યારે સંશોધકોના કથન મુજબ અશોકે ઉલ્લેખેલા અન્તિયોક, તુરમય, અન્તિકોન, મગ, અલિકસુન્દર એ રાજાઓ અનુક્રમે સીરિયાનો રાજા બીજો ઍન્ટિયોકસ થીઑસ (ઇ. સ. પૂ. ૨૬૧–૨૪૬) મીસરનો રાજા બીજો ટૉલેમી ફિલાડેલ્ફસ (ઇ. સ. પૂ. ૨૮૫–૨૪૭), મૅસિડોનિયાનો રાજા ઍન્ટિગોનસ ગોનેટસ (ઇ. સ. પૂ. ૨૭૬–૨૩૯), ઉત્તર આફ્રિકાના સીરીન પ્રદેશનો રાજા મૅગાસ (ઇ. સ. પૂ. ૩૦૦–૨૫૦), એપિરસનો અથવા કોરિંથનો રાજા અલેગ્ઝાન્ડર (ઇ. સ. પૂ. ૨૭૨–૨૫૫ અથવા ૨૫૨–૨૪૪), એ નામના હોઇ, તેમનો સમય ઇ. સ. પૂ. ૨૨૩થી ઘણો જ વહેલો પડે છે. સંશોધકોએ નોંધેલો એ બધા રાજાઓનો સમય સર્વથા નિશ્ચિત નહિ પરંતુ કોઇ કોઇનો આશરે પણ છે છતાં અશોકના સમયની સાથે તે બંધબેસતો કરી શકાય તેમ છે.

(૧૬૫) સાધારણ ઉપદેશની સાથે વિશિષ્ટ ઉપદેશ સ્વીકાર કરાવવાની એક જૈનશાસ્ત્ર પ્રસિદ્ધ રીત.

ધાર્મિક કાર્યો કર્યાં છે અને એ વખતે તે વ્યવહારમાં બૌદ્ધધર્મી જ હતો, પરંતુ માનવાને કારણ છે કે, બૌદ્ધોની દૃષ્ટિએ જેવો એક બૌદ્ધ હોય તેવો તે સદાને માટે ન રહ્યો હોવો જોઈએ. 'ભાબ્રના' શિલાલેખમાં 'ભદંતો'ને સંબોધી તે પોતાના બૌદ્ધત્વની ખાત્રી આપવા જેવું જે વલણ ધરાવે છે તે બતાવે છે કે, તેની ધાર્મિક પ્રવૃત્તિમાં ભદંતોને મતભેદ હોય યા તો તે તેમાં સંપૂર્ણ ન પણ હોય કે શંકાની નજરે જોવાતો હોય. મને નથી લાગતું કે, એ જમાનામાં અશોક જેવા સમ્રાટને માટે નિષ્કારણ એવી ઔપચારિક એકરારની આવશ્યકતા હોય.

"પોતાના જીવનના અંતિમ દિવસોમાં અશોક પોતે કરેલા નિર્ણય મુજબ બૌદ્ધ-સંઘને ચાર કરોડ દ્રવ્ય દેવા ઇચ્છતો હતો, પરંતુ મન્ત્રીઓની સલાહથી તેના પૌત્ર સંપ્રતિએ તેને તેમ કરતાં અટકાવ્યો. લાચાર બનેલા અશોકે મરતાં મરતાં તે દ્રવ્યના બદલામાં સમુદ્રપર્યન્ત મહાપૃથિવી લખી આપી. એ દ્રવ્ય આપી પૃથિવી છોડાવ્યા બાદ જ સંપ્રતિનો રાજ્યાભિષેક થયો." આવા અભિપ્રાયનું વિશેષ વિસ્તારવાળું લખાણ અશોકાવદાનાદિ બૌદ્ધગ્રંથોમાં મળે છે. અશોકના મૃત્યુ બાદ બૌદ્ધસંઘાશ્રમને માટે દ્રવ્ય મેળવવાને લાગતા વળગતા રાધગુપ્ત વિગેરે બૌદ્ધાનુયાયીઓનું કોઇ કાવતરૂં યોજાયું હતું એવો ધ્વનિ ઉપરોક્ત લખાણમાંથી નીકળે છે. આ કાવતરા પર, અને ઘણા કાળ સુધી પોતાની સ્તુતિનું પાત્ર બનેલો અશોક પોતાના ધાર્મિક તંત્રમાંથી સરી જઈ સંઘારામોને કરોડોના દ્રવ્યની મદદ કરતો અટકી ગયો હતો તેની બૌધ્ધાનુયાયીઓ પર થતી ખરાબ અસર પર, પડદો નાખવાની ખાતર જ અશોક જેવા સમ્રાટની લાચારી અને ધર્મઘેલછાનું પ્રદર્શન કરી સંપ્રતિ જેવા મહાનુભાવને લોભાન્ધ ચીતરવાનો પ્રયાસ, ખરેખર, બૌધ્ધ-ગ્રંથોએ કર્યો હોય એમ લાગે છે. સંપ્રતિના પિતા કુણાલ અને માતા શરદ્શ્રી એ જૈન હતાં. સંપ્રતિ પણ, જો કે વિશિષ્ટ પરમાર્હંત પાછળથી–આર્યસુહસ્તિના દર્શનથી થયેલા જાતિસ્મરણ બાદ થયો હતો, પરન્તુ શ્રીહેમચંદ્રસૂરિના કથન મુજબ સામાન્ય પરમાર્હંત તો જન્મથી જ હતો. એને જૈનત્વ વારસાગત મળ્યું હતું. મગધ સામ્રાજ્યનો વારસ જૈન હોય એ બૌધ્ધોને પાલવતું ન હતું, તેથી તેઓ એ વસ્તુને મીટાવવા મથતા હતા અને રાજકુટુંબનાં તથા મન્ત્રિવર્ગનાં માણસોનો ઉપયોગ કરી કાર્ય સાધવા કાવતરાં કરાવવા દોરી સંચાર કરતા હતા. કુણાલને માટે યોજાયેલું કાવતરૂં એવા જ પ્રકારનું હતું. જૈન-સાહિત્ય એ કાવતરા વિષે લખી રહ્યું છે, તેનો ભાવાર્થ આ પ્રમાણે છે:—

"અશોકને કુણાલ નામે પુત્ર થયો. તેને કુમારભુક્તિમાં ઉજ્જયિની આપી ત્યાં સંરક્ષણ પૂર્વક રાખતાં તે આઠ વર્ષથી વધારે વયનો થયો. અશોકે નીમેલા બાલધારકોએ કુણાલની આ વય વિષેની અશોકને માહિતી આપતાં તેણે એક પત્ર દ્વારા '**कुमारो अधीयउ**' કુમાર અધ્યયન કરો એવી સૂચના પોતાના એ પ્રિય યુવરાજ પુત્રને આપી. આ પત્ર લખ્યા બાદ અશોકનું ચિત્ત કોઈ અન્ય કાર્યમાં પરોવાતાં, તે પત્રમાંની હકીકતથી પરિ-

ધાર્મિક કાર્યો કર્યાં છે અને એ વખતે તે વ્યવહારમાં બૌદ્ધધર્મી જ હતો, પરંતુ માનવાને કારણ છે કે, બૌદ્ધોની દૃષ્ટિએ જેવો એક બૌદ્ધ હોય તેવો તે સદાને માટે ન રહ્યો હોવો જોઈએ. 'ભાબ્રના' શિલાલેખમાં 'ભદંતો'ને સંબોધી તે પોતાના બૌદ્ધત્વની ખાત્રી આપવા જેવું જે વલણ ધરાવે છે તે બતાવે છે કે, તેની ધાર્મિક પ્રવૃત્તિમાં ભદંતોને મતભેદ હોય યા તો તે તેમાં સંપૂર્ણ ન પણ હોય કે શંકાની નજરે જોવાતો હોય. મને નથી લાગતું કે, એ જમાનામાં અશોક જેવા સમ્રાટને માટે નિષ્કારણ એવી ઔપચારિક એકરારની આવશ્યકતા હોય.

"પોતાના જીવનના અંતિમ દિવસોમાં અશોક પોતે કરેલા નિર્ણય મુજબ બૌદ્ધસંઘને ચાર કરોડ દ્રવ્ય દેવા ઈચ્છતો હતો, પરંતુ મન્ત્રીઓની સલાહથી તેના પૌત્ર સંપ્રતિએ તેને તેમ કરતાં અટકાવ્યો. લાચાર બનેલા અશોકે મરતાં મરતાં તે દ્રવ્યના બદલામાં સમુદ્રપર્યન્ત મહાપૃથિવી લખી આપી. એ દ્રવ્ય આપી પૃથિવી છોડાવ્યા બાદ જ સંપ્રતિનો રાજ્યાભિષેક થયો." આવા અભિપ્રાયનું વિશેષ વિસ્તારવાળું લખાણ અશોકાવદાનાદિ બૌદ્ધગ્રંથોમાં મળે છે. અશોકના મૃત્યુ બાદ બૌદ્ધસંઘારામને માટે દ્રવ્ય મેળવવાને લાગતા વળગતા રાધગુપ્ત વિગેરે બૌદ્ધાનુયાયીઓનું કોઇ કાવતરૂં યોજાયું હતું એવો ધ્વનિ ઉપરોક્ત લખાણમાંથી નીકળે છે. આ કાવતરા પર, અને ઘણા કાળ સુધી પોતાની સ્તુતિનું પાત્ર બનેલો અશોક પોતાના ધાર્મિક તંત્રમાંથી સરી જઈ સંઘારામોને કરોડોના દ્રવ્યની મદદ કરતો અટકી ગયો હતો તેની બૌધ્ધાનુયાયીઓ પર થતી ખરાબ અસર પર, પડદો નાખવાની ખાતર જ અશોક જેવા સમ્રાટની લાચારી અને ધર્મઘેલછાનું પ્રદર્શન કરી સંપ્રતિ જેવા મહાનુભાવને લોભાન્ધ ચીતરવાનો પ્રયાસ, ખરેખર, બૌધ્ધગ્રંથોએ કર્યો હોય એમ લાગે છે. સંપ્રતિના પિતા કુણાલ અને માતા શરદશ્રી એ જૈન હતાં. સંપ્રતિ પણ, જો કે વિશિષ્ટ પરમાર્હત પાછળથી—આર્યસુહસ્તિના દર્શનથી થયેલા જાતિસ્મરણ બાદ થયો હતો, પરન્તુ શ્રીહેમચંદ્રસૂરિના કથન મુજબ સામાન્ય પરમાર્હત તો જન્મથી જ હતો. એને જૈનત્વ વારસાગત મળ્યું હતું. મગધ સામ્રાજ્યનો વારસ જૈન હોય એ બૌધ્ધોને પાલવતું ન હતું, તેથી તેઓ એ વસ્તુને મીટાવવા મથતા હતા અને રાજકુટુંબનાં તથા મન્ત્રિવર્ગનાં માણસોનો ઉપયોગ કરી કાર્ય સાધવા કાવતરાં કરાવવા દોરી સંચાર કરતા હતા. કુણાલને માટે યોજાયેલું કાવતરૂં એવા જ પ્રકારનું હતું. જૈનસાહિત્ય એ કાવતરા વિષે લખી રહ્યું છે, તેનો ભાવાર્થ આ પ્રમાણે છે:—

"અશોકને કુણાલ નામે પુત્ર થયો. તેને કુમારભુક્તિમાં ઉજ્જયિની આપી ત્યાં સંરક્ષણ પૂર્વક રાખતાં તે આઠ વર્ષથી વધારે વયનો થયો. અશોકે નીમેલા બાલધારકોએ કુણાલની આ વય વિષેની અશોકને માહિતી આપતાં તેણે એક પત્ર દ્વારા '**कुमारो अधीयउ**' કુમાર અધ્યયન કરો એવી સૂચના પોતાના એ પ્રિય યુવરાજ પુત્રને આપી. આ પત્ર લખ્યા બાદ અશોકનું ચિત્ત કોઈ અન્ય કાર્યમાં પરોવાતાં, તે પત્રમાંની હકીકતથી પરિ-

ચિત થયેલી અને પોતાના પુત્રને માટે મગધસામ્રાજ્યને ઇચ્છતી ત્યાં બેઠેલી કુણાલની સાવકી માતાએ પતિની ગફલતનો લાભ લઇ પત્રમાંના 'अधीयउ' શબ્દમાં રહેલા अ પર એક અનુસ્વાર ઉમેરી 'कुमारो अंधीयउ' કુમાર અંધ બનો એમ કરી નાખ્યું. પાછળથી નહિ નિરીક્ષણ કરાયલો એ પત્ર એવો ને એવો જ—દગાનો ભોગ બનેલો જ કુણાલના સંરક્ષક–બાલધારકોને મળ્યો. પત્રમાંની વિરૂપ હકીકતને વાંચી સંભળાવવા તથા તેનો અમલ કરવા અશક્ત એવા બાલધારકોને જોઇ સ્વયં પત્રમાંની હકીકતથી વાકેફ થનારા સુનયન એ કુમારે, 'મૌર્યકુલમાં કોઈપણ વડીલોની આજ્ઞાનો ભંગ ન કરે' એવા વિચારથી પોતાના પિતાની આજ્ઞાનું પાલન કર્યું. તેણે બાલધારકો વિગેરે સૌની સ્તબ્ધતા, આશ્ચર્ય અને કારૂણ્ય વચ્ચે પોતાના હાથે જ અંધાપો વહોરી લીધો. એને ભવિષ્યમાં સમ્રાટ્ બનાવવાની અશોકની બધી ય આશાઓ ધૂળમાં મળી ગઇ. આ પછી અશોકે કુણાલને કુમારભુક્તિમાં એક સમૃદ્ધ ગામ આપી તેને યુવરાજના અધિકારની રૂઇએ આપેલું જે ઉજ્જયિની હતું તે અન્ય રાજકુમારને આપ્યું.[૧૬૬]

હિમવંતથેરાવલી કુણાલને ઉજ્જયિનીમાં રાખવાનું કારણ, 'તેની સાવકી માતાથી કરાતો ઉપદ્રવ' હતું, એમ સ્પષ્ટ જણાવે છે અને તે લખે છે કે, "સાવકી માતાના પ્રયોગથી કુણાલ અંધ બન્યો એ વાત સાંભળતાં અશોક ક્રોધાક્રાંત થયો અને તેણે કાવતરાખોર એ રાણી તથા અન્ય દોષિત અનેક રાજકુમારોને મારી નાંખ્યા."[૧૬૭]

બૌદ્ધગ્રંથો કુણાલને અંધ બનાવવાનો હુકમ કરનાર રાણીનું નામ તિષ્યરક્ષિતા લખે છે, કે જે રાણીને વચનથી બંધાયલા અશોકે અલ્પ સમયને માટે રાજ્યાધિકાર આપ્યો હતો. કુણાલને અંધ બનાવ્યો એ, કુણાલની આંખો પર મોહિત થઇ તેની સાથે વ્યભિચારનો ઈચ્છા સેવનાર તિષ્યરક્ષિતાની અનુચિત યાચનાનો તિરસ્કાર અને તેથી થયેલી નાશીપાશીનું પરિણામ હતું, એમ જણાવતા બૌદ્ધ લેખકો લખે છે કે, "કુણાલને અંધ બનાવવાના કાવતરામાં ભાગ લેનાર પાંચસો મંત્રીઓને અશોકે કતલ કર્યા હતા."

બૌદ્ધલેખકો ભલેને, ઉલટાસુલટી હકીકતો લખે. કુણાલને અંધ બનાવ્યો એ ખરી રીતે તો એક રાજદ્વારી કાવતરૂં જ હતું અને એનો લાભ બૌદ્ધસંઘને લેવાનો હતો પરંતુ "અંધ કુણાલને ત્યાં પુત્ર જન્મતાં અને કુણાલના ગીતગાન પ્રસંગે વચનથી બંધાયલા અશોકે संप्रति' જન્મેલા એ બાલકનો તરત જ રાજ્યાભિષેક અથવા તો યૌવરા-

(૧૬૬) પરિશિષ્ટ પર્વ સર્ગ. ૯ શ્લોક ૧૫થી ૩૪

(૧૬૭) इम्मस्सासोअणिवस्साणेगाणं पुत्ताणं मज्झे कुणालणामधिज्जो पुत्तो रज्जारिहो हुत्था। तं णं विमाउओ अहिखिज्जमाणं णाऊणासोपण णिवेण णियपगिइजुओ से अवंतीणयरीए ठाइओ। परं विमाउपओगेणं तत्थ से अंधीभूओ। तमट्ठं सोच्चा असोअणिवेणं कोहाकंतेणं तं णियभज्जं मारित्ता दोसपराऽवरे वि रायकुमारा मारिया।"

હિમ૦ થેરા૦ પૃ. ૪ (મુદ્રિત)

જ્યાભિષેક કર્યો"[૧૬૮] એટલે કાવત્રાંખોર બૌદ્ધાનુયાયીઓના હાથ હેઠા પડયા અને પછી નવેસરથી કાવતરાંખોરી શરૂ થઇ. એમાં પણ તેમને નિષ્ફળતા મળતાં છેવટે અમુક દ્રવ્યની પ્રાપ્તિથી સંતોષ માનવો પડયો. પ્રપંચથી મેળવેલા એ દ્રવ્યને વાજબી ઠરાવવાના પ્રયાસ તરીકે બૌદ્ધગ્રંથોએ અશોકને સુંદર અને સંપ્રતિને અસુંદર આલેખ્યો છે. બાકી અશોક કુણાલના અંધ બન્યા પછી અને તિષ્યરક્ષિતાનો નાશ કર્યા પછી, મને નથી લાગતું કે, તે એક જેવો બૌદ્ધ જોઇએ તેવો હૃદયથી રહ્યો હોય. અશોક જેવો સમ્રાટ એકવાર ધર્મપરિવર્તન અને નવીન સ્વીકારેલા ધર્મમાં કેટલાંક વર્ષ જોરદાર પ્રવૃત્તિ કર્યા પછી, પોતાની પ્રૌઢ ઉમ્મરે ફરી પાછો ધર્મપરિવર્તન જેવો દેખાવ ન પણ કરે, પણ સંભવ છે કે તે હૃદયથી જૈનત્વને અનુસરતો થઇ ગયો હોવો જોઇએ. આપણે એના શિલાલેખોનો વિચાર આવી દૃષ્ટિથી જ કરીએ તો તે શિલાલેખો સંબંધી ઉઠતા સર્વ પ્રશ્નોનો નિકાલ સહજ આવી જશે.

પ્રિયદર્શીના શિલાલેખોનો બારીકીથી અભ્યાસ કરતાં અને અશોક જ એનો કોતરાવનાર છે એમ માનતાં છતાં ય, અશોક એ અનુક્રમે જૈન, બૌદ્ધ અને સર્વ સાધારણ ધર્મી જેવો લાગે છે. એ રાજા લાગણીપ્રધાન માનસ ધરાવનારો હતો. બૌદ્ધ અને જૈન સાહિત્ય પરથી સમજાય છે કે, તેને પોતાને ન્યાયી જણાતા પોતાના કે અન્યના હકને સાચવવા તે કુશળતાથી વર્તતો અને એમાં આડે આવનારને સર્વથા નાશ થવું પડતું. નિગ્લીવ અને લુંબિનીના સ્તંભલેખમાં ઉલ્લિખિત બૌદ્ધ કાર્યો કરવામાં તેને જેમ આદર છે,[૧૬૯] તેમ આજીવિકોને ગુફાનાં દાન કરવામાં પણ છે[૧૭૦] એ તેના વર્વર (બરાબર) પર્વત

(૧૬૮) જુવો, સંપ્રતિના આલેખનમાં પ્રારંભે.

(૧૬૯) લુંબિની ઉદ્યાનના સ્તંભલેખમાં જણાવવામાં આવ્યું છે કે, "પોતાના રાજ્યાભિષેકને વીસ વર્ષ વીત્યાં ત્યારે અશોક અહિં જાતે આવ્યો અને (તેણે) પૂજા કરી. અહિં શાકયમુનિ બુદ્ધ જન્મ્યા હતા તેથી તેણે અહિં પથ્થરની જબરી દિવાલ ચણાવી અને શિલાસ્તંભ ઊભો કરાવ્યો. અહિં ભગવાન બુદ્ધ જન્મ્યા હતા તેથી લુંબિની ગામને ધાર્મિક કરમાંથી મુક્ત કરવામાં આવ્યું હતું, અને (જમીનમહેસુલ તરીકે માત્ર) એક અષ્ટમાંશ (તેણે) આપવાનો હતો.

વળી નિગ્લીવના સ્તંભલેખમાં તેણે જણાવ્યું છે કે, 'રાજ્યાભિષેકને ચૌદ વર્ષ વીત્યાં ત્યારે તેણે બુદ્ધ કોનાકમન (? કનકમુનિ)ના સ્તૂપને બીજી વેળાએ વધાર્યો. વળી, તેના રાજ્યાભિષેકને (વીસ) વર્ષ વીત્યાં ત્યારે તે જાતે આવ્યો. (તેણે) પૂજા કરી, અને (શિલાસ્તંભ) ઊભો કરાવ્યો."

અશોકચરિત (ગુ. વ. સો. નું) પૃ. ૩૧૨, ૩૧૩.

(૧૭૦) વર્વર (બરાબર) પર્વતના ગુહાલેખોમાં જણાવ્યું છે કે, "પ્રિયદર્શી રાજાએ રાજ્યાભિષેકને બાર વર્ષ વીત્યાં ત્યારે આજીવિકોને 'વડની ગુફા' અને ખલતિક પર્વતમાંની ગુફા, તથા ઓગણીસ વર્ષ વીત્યાં ત્યારે ખલતિક પર્વતમાં (અમુક કર્યું હતું તેનો અહિં ઉલ્લેખ નથી પરંતુ 'ભારતકે પ્રાચીન રાજવંશ' જણાવે છે કે તેણે અહિં આજીવિકોને સુપ્રિય ગુફા આપી હતી. જુઓ તે પુસ્તકના દ્વિતીય ભાગમાં પૃ. ૧૨૮) અશોકચરિત (ગુ. વ. સો.નું) પૃ. ૩૧૭

વિગેરેના ગુહાલેખોથી માલમ પડે છે. તેણે તેના શિલાલેખોમાં કે સ્તંભલેખોમાં જે નીતિ આલેખેલી છે તે જૈનોના માર્ગાનુસારી ધર્મની છે અને એવી સામાન્ય નીતિનો ઉપદેશ કરવાનું સૂચન જૈનસાહિત્યમાં જ 'ચારીચરણ' ન્યાયના નામે કરવામાં આવ્યું છે. તેની હિંસા ન કરવાની જાહેરાતની લિપિ વધારે વ્યાપક હોઈ જૈનત્વના ટાંકણાથી જ કોતરાયલી છે, પછી ભલેને, તે તે વખતે સાચો બૌદ્ધ હોય કે અન્યાન્ય પાષંડોના વિચારથી મિશ્રિત હૃદયવાળો બૌદ્ધ હોય. બૌદ્ધ સાહિત્યના કથનાનુસાર એના રાજ્યાભિષેકના ૧૬ મા યા ૧૮ મા વર્ષે એટલે મ. નિ. ૨૨૭ કે ૨૨૯ વર્ષે પાટલીપુત્રમાં ત્રીજી બૌદ્ધ સંગીતિ (સભા) મળી હતી, તેનો ઉલ્લેખ તેના શિલાલેખોમાં કે સ્તંભલેખોમાં નથી, તેમજ બૌદ્ધસાહિત્યમાં લખેલી બીજી પણ કેટલીક બાબતોનો મેળ એ લેખોની સાથે મળતો નથી, તેથી અશોકને કેવો બૌદ્ધ માનવો એ બૌદ્ધસાહિત્યપરથી નક્કી કરી શકાય નહિ. બિમ્બિસાર (શ્રેણિક) અને અજાતશત્રુ (કોણિક) એ જૈનરાજાઓને શ્રીબુદ્ધની સાથે પડેલા નહિ જેવા પ્રસંગથી પણ તેમને બુદ્ધના અનુયાયી બૌદ્ધ જણાવનારૂં એ સાહિત્ય, ઉપરોક્ત રાજાઓથી વધારે બૌદ્ધસંઘના સમાગમમાં આવનાર અને બુદ્ધનાં નીતિવચનોને આદર કરનાર એવા અશોકને બૌદ્ધસંઘના માટે સર્વસ્વ સમર્પક એવો મહાન બૌદ્ધ ચીતરે તો તેમાં કંઈ નવાઈ નથી. પણ તે પર કેટલો વિશ્વાસ રાખવો એ પ્રશ્ન છે. આજ કાલ મળી આવતાં સાધનો પરથી અશોક એ તેજસ્વી અને સૌમ્ય, ઉગ્ર અને કોમળ, સ્નેહાળ અને સત્યાન્વેષક, આગ્રહી અને ઉદાર, શ્રદ્ધાળુ અને પરીક્ષક એવા એવા પરસ્પર વિરુદ્ધ ગુણોનો ધારક હતો એમ સમજાય છે, પરંતુ તે સંપૂર્ણરીતે કેવો હતો એ તે પરથી સમજી શકાય તેમ નથી. આથી જ અશોકના લેખકો, જેને જેમ ફાવે તેમ કલ્પનાના ઘોડાઓ દોડાવે છે.

હિમવંતથેરાવલીના આધારે મેં તેને તેના રાજ્યથી ચાર વર્ષ વીત્યા બાદ એટલે મ. નિ. ૨૧૪ માં બૌદ્ધધર્મમાં ગયો લખ્યો છે ત્યારે કોઇક તેને તેના રાજ્યાભિષેકથી ૮ કે ૯ વર્ષ વીત્યા બાદ એટલે મ. નિ. ૨૧૯માં અથવા ૨૨૦ વીતતાં બૌદ્ધ થયાનું જણાવે છે. બીજો વળી કોઈક તેને તેના રાજ્યનાં કેટલાંક વર્ષો સુધી બૌદ્ધધર્મની પ્રવૃત્તિ કરતો અને રાજ્યનાં છેલ્લાં ૮ વર્ષોમાં બૌદ્ધધર્મથી ઉદાસીન થયેલો લખે છે, અને તે મશહૂર શિલાલેખો તથા સ્તંભલેખોના કોતરાવનાર તરીકે તેને નહિ પરંતુ તેના પૌત્ર સંપ્રતિને લખી, હિમવંત થેરાવલી કરતાં બીજી રીતે જ તેના રાજત્વકાલની સાલવારી નોંધે છે. આ સાલવારીથી જુદા પડતા મારા એક મિત્ર પણ સંપ્રતિને જ પ્રિયદર્શી માનતાં શિલાલેખો ને સ્તંભલેખોનો કોતરાવનાર સંપ્રતિ જ હોવો જોઇએ એમ મને સૂચન કરી રહ્યા છે. એ મિત્ર શરૂઆતના મૌર્યરાજાઓની સાલવારી આવી રીતે જણાવે છે:—

"મ. નિ. ૧૪૫ વર્ષે ચંદ્રગુપ્તનું પાર્વતીય પ્રદેશમાં રાજ્ય, મ. નિ. ૧૫૫ વર્ષે ચંદ્રગુપ્તનો પાટલીપુત્રમાં રાજ્યાભિષેક, મ. નિ. ૧૬૯ વર્ષે ચંદ્રગુપ્તનો રાજ્યાંત, મ. નિ.

૧૯૪ વર્ષે બિન્દુસારનો રાજ્યાંત, મ. નિ. ૧૯૮ સુધી ૪ વર્ષ અશોક અનભિષિક્ત, મ. નિ. ૧૯૮ વર્ષે અશોકનો રાજ્યાભિષેક, મ. નિ. ૨૩૧ વર્ષે અશોકનો રાજ્યાંત અને અશોકના પૌત્ર સંપ્રતિનો રાજ્યાભિષેક. સંપ્રતિનો જન્મ મ. નિ. ૨૨૩ વર્ષે થયેલો હોઈ; મહારાજા અશોકે તેને તરત જ યુવરાજ પદે સ્થાપી કુમારભુક્તિ તરીકે ઉજ્જયિની આપી અને તેનું બહુ જ સાવચેતી પૂર્વક રક્ષણ કર્યું. જ્યારે તે આઠ વર્ષનો થયો ત્યારે તેણે તેનો પોતાના હાથે રાજ્યાભિષેક કર્યો."

શિલાલેખોમાં અને સ્તંભલેખોમાં રાજ્યાભિષેકથી અમુક વર્ષની જે ગણતરી લખવામાં આવી છે તે અશોકના રાજ્યાભિષેકથી નહિ, પરંતુ સંપ્રતિ એ જ પ્રિયદર્શી હોઈ, તેના જ રાજ્યાભિષેકથી સમજવી એમ એ મિત્રનું કહેવું છે અને તેઓ એવી જ રીતે શિલાલેખોની હકીકતોનો મેળ બેસાડે છે. પરંતુ પહેલાં હું કહી ગયો છું કે, એ સર્વ વિચારણીય અને વધુ સંશોધન માગે છે.

આવી સ્થિતિમાં બે હજાર કરતાં ય વધારે વર્ષોથી પથ્થરની શિલાઓ અને સ્તંભો પર નીતિધર્મનાં ટાંકણાંથી ટંકાએલો, કેટલાક સૈકાઓથી નહિ વંચાયલો, અર્વાચીન સમયમાં કરાયલા પ્રયત્ને સુધરતાં જતાં વિવિધ વાંચનમાંથી પસાર થયેલો અને એ વાંચનના કાલ્પનિક વિધવિધ અર્થાભિપ્રાયથી અવનવો સમજાયલો તથા આજે પણ મતાન્તરના અંધકારમાં અનિશ્ચિત સ્વરૂપવાળો એ "देवानंपिय पियदसि राजा" કોણ અને કેવો હતો, એ હું સ્પષ્ટ ન સમજી શકતો હોઉં, તો પણ તે મહાન ને મહાનુભાવ હતો એ તો નક્કી જ છે. મને લાગે છે કે એ 'पियदसि' અશોક છે, છતાં તે મજબૂત પ્રમાણોથી સંપ્રતિ છે એમ જો સાબીત થઇ શકતું હોય તો તેને વધાવી લેવામાં પણ કોઈ હરકત નથી.

જૈનસાહિત્યથી જાણવા મળે છે કે, ભગવાન મહાવીરના નિર્વાણથી ૨૧૪ વર્ષ સુધી જૈન આચાર વિચાર ધારા સર્વથા અક્ષુણ્ણ, અસ્ખલિત અને સુવ્યવસ્થિત પ્રવર્તી રહી હતી, એમાં જરા ય શંકા કે ફેરફાર કરવાની ઇચ્છાને ય અવકાશ ન હતો. પરંતુ તે સાહિત્ય આર્યમહાગિરિજીના મુખમાં આવા શબ્દો મુકે છે—"ચરમ જિનપતિ શ્રી મહાવીર ભગવંતે કહ્યું છે કે, સ્થૂલભદ્ર પછી મારા શિષ્ય સંતાનમાં સામાચારીની યથાર્થતા ઓછી થઈ જશે."[૧૭૧] આનો ભાવાર્થ એ છે કે, સમર્થ સુવિહિત મહાગિરિજીના યુગપ્રધાનપદે હોતાં આવતા કોઇ વિષમકાલનું ઘડતર થઈ રહ્યું હતું અને તેને અટકાવી શકવાની તાકાત કોઈનામાં ય ન હતી. 'જગતમાંનું સર્વ કાંઈ ક્ષણ માત્ર જ સ્થાયી છે.' એમ જાહેર કરનારો ક્ષણિકવાદી અશ્વમિત્ર એ મહાગિરિજીના જ શિષ્ય કૌંડિન્યનો શિષ્ય હતો, તેમજ 'એક સમયમાં બે ક્રિયાનો ઉપયોગ વર્તી શકે' એમ પ્રરૂપતો દ્વિક્રિયાવાદી ગંગાચાર્ય પણ એ જ યુગપ્રધાનના શિષ્યનો શિષ્ય હતો. મ. નિ. ૨૨૦ અને ૨૨૮ વર્ષે થયેલા આ બન્ને નિહ્નવ મત-

(૧૭૧) પરિશિષ્ટ પર્વ—સર્ગ ૧૧. શ્લો૦ ૧૨૦ થી ૧૨૨

વાદીઓને સમજાવ્યા છતાં ન સમજ્યા ત્યારે તેઓને જૈન સંઘમાંથી બહિષ્કૃત કર્યા હતા.[૧૭૨] આવો બહિષ્કાર કરવામાં આવે ત્યારે તેના પ્રત્યાઘાત તરીકે જે કાંઇ બને તેથી જૈનસંઘની પ્રગતિ મર્યાદિત બની જાય એ સ્વાભાવિક છે, પરંતુ એથી જૈનસંઘને જે મહાન લાભ થયો છે તે એ કે, આજ સુધીમાં શ્રી મહાવીરનું તાત્ત્વિક સ્યાદ્વાદ દર્શન પ્રાયઃ એકધારૂં જ રહેવા પામ્યું છે. આચારની બાબતમાં પણ જ્યાં સુધી બની શકે ત્યાં સુધી મૌલિકતા જ રાખવા આગ્રહ સેવાયો છે. પરિણામે, કાલાદિ દોષથી અપવાદનું અનુસરણ કરાયા છતાં સિદ્ધાન્તમાં અને વ્યવહારમાં આચારની મૌલિકતા આજે પણ અકબંધ રહેલી આપણે જોઈએ છીએ. આચારવિચારગત સ્વચ્છંદતાના નાદે ચઢી બૌદ્ધોએ અને વૈદિકોએ જેમ ધર્મપ્રચારને સાધવા માંડયો હતો તેમ જૈનો કદિ પણ કરી શકે જ નહિ એવું વ્યવસ્થિત અને મજબૂત તેમનું બંધારણ હતું. આ જ કારણે આષાઢાચાર્યના શિષ્યો, અશ્વમિત્ર અને ગંગાચાર્ય જેવાઓ પણ અંતે તો શ્રી જૈનશાસનના જ શરણે આવ્યા હતા એમ જૈનસાહિત્ય કહે છે.[૧૭૩] આમ છતાં આર્યમહાગિરિજીએ શાસન-પ્રભાવનાના કાર્યમાં આગળ વધતા આર્યસુહસ્તિને સમાચાર શિથિલતાની બાબતમાં ઠપકો આપ્યા બાદ અંતે તો તેઓએ ઉદાસીનતા જ દર્શાવી છે. અને તેનું કારણ એ જ હોવા સંભવ છે કે, પ્રતિદિન સંહનનાદિની ઘટતી જતી સ્થિતિમાં સમય એવી જ રીતે મોક્ષમાર્ગનું રક્ષણ માગી રહ્યો હતો. જ્યારે મૌલિકતાને હાનિ પહોંચે એમ લાગતું ત્યારે તો સુવિહિતોએ અપવાદ માર્ગમાં થતા વિકારોને સર્વથા દૂર કરી સ્વચ્છતા જ સરજાવી છે એ જૈનસાહિત્યના અભ્યાસીઓથી અજાણ્યું નથી.

અશોકે સર્વ ધર્મ પ્રતિ સમભાવ દર્શાવ્યો હતો એમ તેના કહેવાતા શિલાલેખોથી સમજાય છે. હિમવંત થેરાવલી પણ કહી રહી છે કે, અશોક જૈનશ્રમણોનો વિદ્વેષી ન હતો. આ પરથી આપણે કહી શકીએ કે, આ સમયે જૈનશ્રમણોને વિહાર, ધર્મપ્રચારાદિમાં અનુકૂલતા જ હશે, પરંતુ કહેવાય છે તેમ રાજ્યાશ્રયને પામેલા બૌદ્ધધર્મના સવિશેષ વાતાવરણમાં, બૌદ્ધશ્રમણોના ધર્મપ્રચાર સાથે સરખાવતાં, જૈનશ્રમણોનો ધર્મપ્રચાર કેટલા પ્રમાણમાં હશે તે સાધનના અભાવે હાલ સમજવું મુશ્કેલ છે. આ પછીના એટલે આર્યસુહસ્તિ અને સંપ્રતિના સમયમાં જૈનધર્મનો પ્રચાર અને પ્રવૃત્તિ ઉચિત પ્રયત્ન દ્વારા કરવામાં બાકી રખાઇ નહોતી એનું સૂચન કરાયું છે અને તે સંપ્રતિના જીવનમાં સવિશેષ આલેખવામાં આવશે. આર્યસુહસ્તિનો લાંબો યુગપ્રધાનત્વકાલ વિશેષ ઝળહળતો હતો એ નિઃશંક હકીકત છે.

---

(૧૭૨) આવશ્યકચૂર્ણિ-પૂર્વભાગ પૃ. ૪૨૨, ૪૨૩ (ચતુર્થ અને પંચમ નિન્હવ વિષે વક્તવ્યતા)

(૧૭૩) આવશ્યકચૂર્ણિ—પૂર્વભાગ પૃ. ૪૨૧ થી ૪૨૩ (ત્રીજા, ચોથા અને પાંચમા નિન્હવની વક્તવ્યતાના અંતે.

# સંપ્રતિ ૪૯ વર્ષ, મ. નિ. ૨૪૪–૨૯૩

## (વિ. સં. પૂ. ૧૬૬–૧૧૭. ઈ. સ. પૂ. ૨૨૩—૧૭૪)

કહે છે કે, સમ્રાટ અશોકને અવન્તિદેશનો અને તેની સુપ્રસિદ્ધ નગરી અવન્તિનો–ઉજ્જયિનીનો સારો પરિચય હતો.[૧૭૪] પોતાની ઉજ્જયિનીની સુબેદારીના સમયે તેણે ત્યાં એક વખત દરબાર ભર્યો હતો. એમ પણ કહેવામાં આવ્યું છે કે, તે વિદિશાના શ્રેષ્ઠીની કન્યાને પરણ્યો હતો.[૧૭૫] અશોકને પોતાના પિતા બિન્દુસારની માંદગીને લીધે એકાએક પાટલીપુત્ર જવું પડયું હતું તે સમયની પૂર્વે, આ શ્રેષ્ઠીપુત્રીથી એક પુત્ર જન્મ્યો હતો, કે જે ઈતિહાસમાં કુણાલનાં નામે ઓળખાયો છે. અશોકના રાજ્યાભિષેક સમયે એ શ્રેષ્ઠી-પુત્રીને જ પટરાણી બનાવવામાં આવી હતી. એનો પિતા જૈન હોવાથી તેને જૈનધર્મના જ સંસ્કાર પડયા હતા અને એ સંસ્કાર કુણાલમાં પણ તેના બાલ્યકાલે ઊતરી આવ્યા હતા.[૧૭૬] ચંપાના બૌદ્ધધર્મી બ્રાહ્મણની કન્યા તિષ્યરક્ષિતાને પણ પાછળથી અશોક પરણ્યો હતો અને તેના રૂપાદિથી તે તેમાં ઘણો જ આસકત થયો હતો, આમ છતાં કુણાલના સામ્રાજ્ય હકને કાળજીપૂર્વક સંભાળવામાં તેણે પૂરતું લક્ષ્ય રાખ્યું હતું. કુણાલ વિષે મળતી હકીકતો મતભેદથી ગ્રસ્ત છે. કેટલાંક પુરાણો અશોકના પછી કુનાલ, કુશાલ કે સુયશાનું નામ આપે છે અને એનો રાજત્વકાલ ૮ વર્ષ લખે છે. કોઈક પુરાણો સુયશા

---

(૧૭૪) "તેના પિતાની જીવલેણ માંદગીની ખબરથી તે પાટનગર તરફ રવાના થયો. તે સમયે તે ઉજ્જૈનમાં રહેતો હતો, એવી લંકાવાસીઓમાં પ્રચલિત લોકકથા માની શકાય એવી છે."

હિન્દુસ્તાનનો પ્રાચીન ઇતિહાસ (ગુ. વ. સો. મી. સ્મીથના પૂ. ભા.) પૃ. ૨૦૭

"એ (સિંહલદ્વીપની) દંતકથામાં એમ કહ્યું છે, કે, અશોકનો પિતા જીવતો હતો તે વખતે અશોક ઉજ્જયિનીનો મહામાત્ર હતો" —અશોકચરિત (ગુ. વ. સો. નું) પૃ. ૧૩

(૧૭૫) "અશોક ઉજ્જયિનીનો મહામાત્ર હતો ત્યારે તેણે 'સેટ્ઠિ' (શેઠ)ની જ્ઞાતિની કોઈ સ્ત્રી સાથે સંબંધ બાંધ્યો હતો. હાલના ભિલ્સાની પાસેના હાલના બેસનગર (પ્રાચીન વિદિશાનગર)માં એ સ્ત્રી રહેતી હતી. —અશોકચરિત (ગુ. વ. સો. નું) પૃ. ૧૩

"અશોકે પોતે જ્યારે ઉજ્જૈનના સૂબાપદે હતો ત્યારે તેણે પ્રથમ લગ્ન કર્યું હતું તે સ્ત્રી વિદિશાનગરીના એક વેપારીની પુત્રી હતી. તેણીએ વિદિશા નગરીમાંનો મોટો વિહાર બંધાવ્યો હતો એમ કહેવાય છે. સાંચી અને ભિલ્સા મુકામે જે અન્ય બાંધકામ બંધાવાયાં છે તેમાં આ વિહાર (?) ઘણું કરીને સૌથી પહેલામાં પહેલો છે." —રા. કુ. મુ. નું અશોક પૃ. ૮ (ઇંગ્રેજી પરથી ભાષાન્તર)

(૧૭૬) અશોકના સમયે વિદિશા પણ એક પ્રસિદ્ધ નગરી હતી અને તે એક જૈન તીર્થ તરીકે જાણીતી હતી. ત્યાંની જીવંત સ્વામીની–શ્રી મહાવીર જીવંત હોતાં બનાવેલી તેમની પ્રતિમાનો ભારે મહિમા હતો, એ જૈન સાહિત્યમાં પ્રસિદ્ધ છે. આવા સંજોગોમાં મેં અનુમાન કર્યું છે કે અશોકની એ રાણીનો પિતા અને વિહાર બંધાવનાર એ રાણી જૈન હોવાં જોઇએ. આ સમયે અશોક પોતે પણ જૈન જ હતો,

પછી દશરથનું નામ લખે છે તો બીજાં પુરાણો કુણાલ કે કુશાલ પછી બન્ધુપાલિતનું નામ લખે છે. ૮ વર્ષ રાજત્વકાલ છે એવા દશરથ કે બંધુપાલિત પછી પુરાણો સંગત (સમ્મતિ) કે ઈન્દ્રપાલિતનું નામ આપે છે અને તેનો રાજત્વકાલ ૯ કે ૧૦ વર્ષ જણાવે છે. આ સર્વ ઉલ્લેખ, અશોક પછીના રાજકર્તા વિષે પુરાણો અપરિચિત હતાં એમ સૂચવે છે. જૈનગ્રંથો, બૌદ્ધગ્રંથો અને મત્સ્યપુરાણ તો અશોક પછી સંપ્રતિ, સપ્તતિ કે સંપદિને જ ઉત્તરાધિકારી તરીકે પાટલીપુત્રના સિંહાસને લાવે છે, કુણાલ અશોકની હયાતીમાં જ અંધ બન્યો હતો અને રાજ્યનો હકદાર મટી ગયો હતો એ હકીકત મેં અશોકના આલેખનમાં જણાવી જ[૧૭૭] દીધી છે. "સામ્રાજ્યનો હકદાર મટી જવાથી યુવરાજને કુમારભુક્તિમાં અપાતી ઉજ્જયિની તેને છોડવી પડી અને તે આ પછી જીવારક તરીકે અપાયલા એક મહર્દ્ધિક ગામમાં (કે જે વિદિશા હોય કે અન્ય હોય ત્યાં) રહેતો હતો. આ ગામમાં રહેતાં તેને પોતાની સ્ત્રી શરત્શ્રીથી એક પુત્ર રત્નનો જન્મ થયો. પોતે સામ્રાજ્યનો વારસ હોત તો પોતાના આ વડીલ પુત્રનો જન્મોત્સવ ભારે ધામધૂમથી કોઈ જુદી જ રીતે ઉજવવાની સુંદર તક મળી હોત, એવો વિચાર આ વખતે કુણાલને સ્ફુરી આવ્યો. તરત જ તે પાટલીપુત્ર ગયો અને એક અજાણ્યા ગવૈયા તરીકે તેણે, તેની ગાનવિદ્યાથી પાટલીપુત્રમાં અતિ પ્રસરેલી કીર્તિથી આકર્ષિત થયેલા અશોકની આગળ જવનિકાના અંતરે રહી અદ્ભુત ગાન કર્યું. એની ગાન્ધર્વકલાથી પ્રસન્ન થયેલા અશોકે તેને યથેચ્છ માગવાનું કહેતાં તેણે 'કાકિણી' ની યાચના કરી. જેમકે:—

'पपुत्तो चंदगुत्तस्स बिन्दुसारस्स नत्तुओ ।
असोगसिरिणो पुत्तो अंधो जायइ कागिणिं ॥

---

તેથી એ રાણીથી જન્મેલા પુત્ર કુણાલને વારસામત ધર્મ જૈન જ મળ્યો હતો. કુણાલને અંધ બનાવવાનું કાવતરું એક બૌદ્ધ રાણીથી થયું છે તેના મૂળમાં પણ ધાર્મિક હેતુ હોવાથી કુણાલના જૈનત્વના અનુમાનનું સમર્થન થાય છે. જૈન સાહિત્યમાં કુણાલના પુત્ર સંપ્રતિને બાલ્યકાળથી 'પરમાર્હત' કહ્યો છે તેથી પણ સમજાય છે કે, કુણાલ–તેનો પિતા જૈન હોવો જોઇએ અને સંપ્રતિને તેના પિતાનો વારસાગત જૈનધર્મ. મળ્યો હશે.

બૌદ્ધ લેખકો ઉપરોકત (અશોકની) રાણીનું નામ અસન્ધિમિત્રા અને તેના પુત્ર કુણાલનું નામ ધર્મવિવર્ધન પણ લખે છે. આ વિષયમાં ડો. ત્રિ લે. શાહ પોતાના પ્રાચીન ભારતવર્ષ ભા. ૨ પૃ. ૨૫૦માં ટીપ્પણુ પર મું આવી રીતે કરે છે "કુણાલનું નામ ધર્મવિવર્ધન હતું. (રા. કુ. મુ. અશોક પૃ. ૮) દિવ્યાવદાનના પ્રકરણ ૨૭માં જણાવેલ છે કે, અશોકે પોતાની રાણી પદ્માવતીના પેટે (જુવો નીચે, ટીપ૦ ૫૩) જે નવીન પુત્ર જન્મ્યો હતો તેનું નામ ધર્મવર્ધન પાડયું હતું. પણ તેના અમાત્યોએ અથવા ખીદમતગારોએ આંખનું સૌન્દર્ય જોયું કે, તે તો હિમાલય પર્વતના "કુણાલ" નામના પક્ષીની સાદશ છે, એટલે અશોકે પણ તેનું નામ મશ્કરીમાં કુણાલ પાડી દીધું (પૃ. ૮. ટી. ૧ રા. કુ. મુ.)" શ્રીયુત ડોકટરની ૫૩ મી ટીપ આ રીતે છે. "તેનું નામ પદ્માવતી હતું (રે. વે. વ. પુ. ૧ પૃ. ૧૪૧ ટી. નં. ૫૬)"

(૧૭૭) જુવો આ લેખનું પૃ. ૭૦.

અશોકને સમજાયું કે, કાકિણી યાચનાર કુણાલ છે કે તરત જ તેણે જવનિકા દૂર કરી દીધી ને તે પોતાના અંધ પુત્રને આંસુ નાખવા પૂર્વક ભેટી પડયો. તેણે પ્રશ્ન કર્યો કે, 'કાકિણી' જેવું અતિતુચ્છ કેમ માગવામાં આવે છે, પણ મન્ત્રીઓના કહેવાથી અશોકને સમજાયું કે રાજકુમારોની ભાષામાં 'કાકિણી'નો અર્થ અત્યલ્પ મૂલ્યનું નાણું નહિ પરંતુ રાજ્ય થાય છે, ત્યારે તે ખિન્ન થઈ બોલ્યો કે, કમનસીબે અંધ બનેલો તું રાજ્યને શું કરીશ? વત્સ! તારી આ અસ્થાને માગણી કેમ? જવાબમાં કુણાલે જણાવ્યું કે, મારે ત્યાં પુત્રનો જન્મ થયો છે. હું તમને પૌત્રજન્મની વધામણી આપું છું. અને તે પૌત્રના માટે રાજ્ય માગું છું. કયારે જન્મ્યો એના ઉત્તરમાં કુણાલે 'સંપ્રતિ'—હાલ જન્મ્યો છે એમ કહ્યું. એ સાંભળી અશોકે તે બાલકનું નામ 'સંપ્રતિ' રાખી તેને પોતાનું રાજ્ય આપ્યું."[૧૭૮] બૃહત્કલ્પ ચૂર્ણિમાં "રાજ્ય આપ્યું;" પરિશિષ્ટ પર્વમાં "દશ દિવસ પછી દૂધપાન કરતા એવા પણ સંપ્રતિને અશોકશ્રીએ પોતાના રાજ્ય પર સ્થાપ્યો;" કલ્પકિરણાવલીમાં "અશોકનો પુત્ર કુણાલ અને તેનો પુત્ર ત્રણ ખંડનો ભોક્તા સંપ્રતિ હતો. એ રાજાને તેના દાદાએ જન્મતાં જ રાજ્ય આપ્યું હતું;" આવા જૈનગ્રંથોના ઉલ્લેખો કહે છે કે, સંપ્રતિને અતિ બાલ્યકાળમાં જ રાજ્ય મળ્યું હતું,[૧૭૯] પરંતુ નિશીથચૂર્ણિ કહે છે કે, "અશોકે સંપ્રતિને કુમારભુક્તિમાં ઉજ્જયિની આપ્યું."[૧૮૦] આ પરથી બૃહત્કલ્પચૂર્ણિ વિગેરેના 'રાજ્ય' શબ્દનો અર્થ યૌવરાજ્ય કરવો કે 'રાજ્ય' જ કરવો એ પ્રશ્ન છે. એનો ઉત્તર બહુશ્રુતો આપે તે ખરો, પણ એ તો નક્કી છે કે, આ પછીનાં કેટલાંક વર્ષ સુધી સંપ્રતિનું પાલન અને રાજ્યનું સંચાલન અશોકે જ કર્યું હતું. અશોકે આ સમયે સંપ્રતિને રાજ્ય આપ્યું હશે પણ તેનો રીતસરનો અભિષેક તો કદાચ અશોકના મૃત્યુ પછી જ થયો હશે. કુણાલનો રાજત્વકાલ અને દશરથનો રાજત્વકાલ આઠ આઠ વર્ષ હતો એમ પુરાણો લખે છે;[૧૮૧] અને એ બન્નેને સંપ્રતિ પહેલાંના રાજકર્તાઓ તરીકે જણાવે છે

---

(૧૭૮) જુવો આ અભિપ્રાયાર્થ માટે પરિશિષ્ટ પર્વ. સર્ગ ૯ શ્લો. ૩૪ થી ૫૨.

(૧૭૯) "किं काहिसि अंधओ रज्जेणं, कुणालो भणति-मम पुत्तोत्थि संपती नाम कुमारो, दिन्नं रज्जं." —બૃહત્કલ્પચૂર્ણિ.

"अमोघवागशोकश्री-स्तं दशाहादनन्तरम्। सम्प्रति स्तन्यपमपि, निजे राज्ये न्यवीविशत्॥" —પરિશિષ્ટ પર્વ. સર્ગ. ૯ શ્લો૦ ૫૨

"तस्य सुतः कुणालस्तन्नंदनस्त्रिखंडभोक्ता सम्प्रतिनामा भूपतिरभूत्, स च जातमात्र एव पितामहदत्तराज्यः।" —કલ્પકિરણાવલી (મ. મ. ધર્મસાગરકૃત કલ્પસૂત્રટીકા)

(૧૮૦) "उज्जेणी से कुमारभोत्ती दिण्णा." —નિશીથચૂર્ણિ

(૧૮૧) મત્સ્ય સિવાયનાં પુરાણો. મત્સ્યપુરાણ તો અશોક પછી સંપ્રતિને જ લાવે છે. જેમકે:

"षट्त्रिंशत्तु समा राजा, भविताऽशोक एव च। सप्तति (संप्रति) र्दश वर्षाणि, तस्य नप्ता भविष्यति॥ राजा दशरथोऽष्टौ तु, तस्य पुत्रो भविष्यति॥" —મત્સ્યપુરાણ અ૦ ૨૭૨

એ ગેરસમજનું મૂળ સંપ્રતિને રાજ્યાર્પણ અને તેનો રાજ્યાભિષેક, એ બે બનાવો વચ્ચેના સમયનો નિકાલ ન કરવામાં જ રહેલું હોય તો ના નહિ. હિમવંતથેરાવલી ઉજ્જયિનીને કુણાલની ભુક્તિ તરીકે જણાવે છે,[૧૮૨] નહિ કે સંપ્રતિની. એનો અર્થ એ થાય છે કે, સંપ્રતિનો રાજ્યાભિષેક ભલેને, પાછળથી થયો હોય, પરંતુ રાજ્યાર્પણ તો જન્મતાં જ થયું હતું. આમ છતાં થેરાવલી મ. નિ. ૨૪૪ વર્ષે થયેલા અશોકના મૃત્યુથી જ રાજત્વકાલ ગણતી હોઈ, તે પૂર્વેનાં વર્ષો અશોકના જ રાજત્વકાલમાં નાંખે છે તો પછી એનો અર્થ એ થાય છે કે, સંપ્રતિના જન્મકાળે અશોકે તેને યૌવરાજ્ય જ આપ્યું હતું. અર્થાત્; હિમવંતથેરાવલી પણ આપણને અનિશ્ચિતતામાં જ રાખી બહુશ્રુતો પાસે જવાબ મેળવવાનું ધ્વનિત કરે છે.

સર્વે ગ્રંથકારો કબુલ કરે છે કે, સંપ્રતિ પાટલીપુત્રના સિંહાસને આવ્યો હતો, પણ જૈનસાહિત્યમાં આપણે સંપ્રતિને અવન્તિમાં રહેલો અને ઉજ્જયિનીમાં કાંઈ કાંઈ પ્રવૃત્તિ કરતો વાંચીએ છીએ. શ્રીહેમચન્દ્રસૂરિજી આનું સમાધાન કરતાં કહે છે કે; 'રાજાઓ પોતાની ભૂમિમાં કોઈક વખત કયાંક તો વળી બીજી કોઈક વખત બીજે કયાંક વસતા હોય છે.'[૧૮૩] પરન્તુ હિમવંતથેરાવલી પરથી સમજાય છે કે, સંપ્રતિએ રાજ્યપ્રાપ્તિ પછીનાં બે વર્ષ પાટલીપુત્રમાં ગાળ્યા બાદ પછીથી તેનું નિવાસ સ્થાન મુખ્ય રીતે ઉજ્જયિની જ રહ્યું હતું. "પોતાના અનેક શત્રુઓના ભયને લીધે જ પાટલીપુત્રની રાજધાની છોડવાની તેને આવશ્યકતા પડી હતી." એમ થેરાવલી આપણને કહી રહી છે. અશોકના મૃત્યુ સમયને આલેખતા દિવ્યાવદાનાદિ ગ્રંથો સંપ્રતિને માટે જે 'લોભાન્ધ' આદિ તુચ્છ વિશેષણો વાપરે છે તેથી પણ સમજાય છે કે, અશોકના મૃત્યુ બાદ બૌદ્ધો તરફથી સંપ્રતિની વિરુદ્ધમાં પહેલાંથી પણ વધારે ષડ્યન્ત્રો રચાતાં હશે. એ ભયથી જ અશોકને પોતાની હયાતી છતાં પણ કુણાલ યુવરાજને ઉજ્જયિની ખસેડવો પડયો હતો, અને છતાં તે ષડ્યંત્રનો ભોગ બની અંધત્વને પામ્યો હતો. નિર્દય અને અનુચિત સાફસૂફી કરવા નહિ ઇચ્છતા આજન્મ પરમાર્હત સંપ્રતિને પોતાને સંભાવિત અનિષ્ટથી બચવાનો અને સુખેથી રાજ્ય ચલાવવાનો માર્ગ રાજધાનીનું સ્થળાંતર સમજાયો હશે અથવા હિતૈષી મન્ત્રીઓએ સમજાવ્યો હશે. સંભવ છે કે, રાજધાની ફેરવવાનાં કારણો પોતાની વિરુદ્ધ રચાતાં ષડ્યંત્રો સિવાય અન્ય-સામ્રાજ્યના કારોબારમાં ભારતના લગભગ કેન્દ્ર-

---

(૧૮૨) "संपइणिवो वि पाडलिपुत्तम्मि णियाणेगसत्तुभयं मुणित्ता तं रायहाणिं तच्चा पुव्वि णियपिउभुत्तिलद्धावंतीणयरीम्मि ठिओ सुहंसुहेणं रज्जं कुणइ ।

હિમ૦ થેરા૦ પૃ. ૪ ( મુદ્રિત )

(૧૮૩) "इतश्च सम्प्रतिनृपो, ययावुज्जयिनीं पुरीम् ।
कदापि क्वापि तिष्ठन्ति, स्वभूमौ हि महीभुजः ॥"

—પરિશિષ્ટપર્વ. સર્ગ ૧૧ શ્લો૦ ૨૩

સ્થળમાં હોવાને લીધે પાટલીપુત્રના કરતાં ઉજ્જયિનીની વિશેષ અનુકૂલતા વિગેરે–પણ હોય. પશ્ચિમના પ્રદેશો પર અધિકાર શરૂ થયો ત્યારથી જ મગધના સમ્રાટોએ ઉજ્જયિનીને મહત્ત્વ આપી ત્યાં મુખ્ય રાજકુમારની–યુવરાજની સુબેદારી રાખવાનું તથા પાછળના સમયમાં મૌર્ય સમ્રાટોએ જાતે પણ વખતોવખત ત્યાં રહી પશ્ચિમ તરફના પ્રાંતો પર નજર રાખવાનું ચાલું રાખ્યું હતું. ગમે તેમ પણ હવે, અજાતશત્રુના સમયમાં ચંપા રાજધાની બનતાં રાજગૃહીમાં પેટાશાખા સ્થપાઇ તેની ગૌણુતા થઈ ગઇ તેમ, ઉજ્જયિની રાજધાની બનતાં પાટલીપુત્રમાં પેટાશાખા સ્થપાઇ તેની ગૌણુતા થઇ ગઈ હિમવંતથેરાવલી કહે છે કે, “ મ. નિ. ૨૪૬ વર્ષે આ પેટાશાખાનો રાજા અશોકનો પુત્ર પુણ્યરથ હતો” ૧૮૪ અંધ થવાના કારણે કુણાલનું યુવરાજપદ નષ્ટ થતાં જે રાજકુમારને યુવરાજપદે સ્થાપી કુમારભુક્તિમાં ઉજ્જયિની આપી હતી તે રાજકુમાર જ આ પુણ્યરથ રાજા હશે, એમ લાગે છે. છેલ્લી સદીના અર્વાચીન લેખકો પાટલીપુત્રની ગાદી આમ પુણ્યરથને નીમી ચાલુ રખાઈ તેને મગધ સામ્રાજ્યના ભાગલા માને છે; પરંતુ જૈનસાહિત્ય પરથી સમજાય છે કે, એ સામ્રાજ્યના ભાગલા નથી, પણ પાટલીપુત્રના પ્રદેશ માટે કાયલો એક નવીન પ્રબંધ છે. આજ સુધી એ પ્રદેશ સમ્રાટની સીધી સત્તા નીચે રહેતો, અવન્તિ અને તેના હાથ નીચેના પ્રદેશોનો વહીવટ યુવરાજની મારફતે થતો અને અન્ય મોટા પ્રાન્તોનો વહીવટ અન્ય રાજકુમારોની મારફતે થતો. ચન્દ્રગુપ્તના સમયથી અથવા તેથી ય પહેલાંના સમયથી જે આવી રીતનો રવૈયો પડી ગયો હતો તેમાં સામ્રાજ્યની રાજધાની બદલાવાથી આ સમયે જરૂર ફેરફાર થયો. અવન્તિ સમ્રાટની સીધી હકુમત નીચે આવ્યો, જ્યારે પાટલીપુત્રનો પ્રદેશ ત્યાંના માંડલિકરાજા મારફતે હકુમતવાળો બન્યો, કે જેવી રીતે રાજગૃહીનો પ્રદેશ ઘણા સમયથી માંડલિક રાજાઓ મારફતે હકુમતવાળો બન્યો હતો. પ્રાંતોના રાજકુમાર મહામાત્રો–સુબાઓ વિશાલ સત્તા ધરાવનારા હોવાથી પ્રાંતોના પ્રજાજનોની અને ગ્રંથકારોની દૃષ્ટિએ એ સમયમાં તેઓ રાજાઓ જ હતા, પરંતુ તેમની અપેક્ષાએ બની શકે ત્યાં સુધી કાયમી અને વારસાગત નીમણુકને લઈ રાજગૃહીના રાજાઓમાં ખાસ વિશેષતા હતી. પાટલીપુત્રની નવીન વ્યવસ્થામાં પણ એવી વિશેષતા હતી એમ થેરાવલીના ઉલ્લેખથી સમજાય છે, પણ તેનો અર્થ એવો ન કરવો જોઇએ કે, રાજગૃહીના કે પાટલીપુત્રના રાજાઓ મગધસામ્રાજ્યથી સ્વતંત્ર હતા. રાજગૃહીની પેટાશાખા વિરોધી બંડખોર તરીકે ઉભી થઈ નથી. એ વિષે પૂર્વે લખાઇ જ ગયું છે. પાટલીપુત્રની પેટાશાખા પણ વિરોધી બંડખોર તરીકે ઉભી ન થતાં સંપ્રતિના હાથે જ ઊભી કરાઈ છે અને તે ઉજ્જયિનીના તાબે જ હતી. જૈનગ્રંથકારો “સંપ્રતિ ઈન્દ્રની જેમ પ્રચંડ શાસનવાળો હતો”

---

(૧૮૪) पाडलिपुत्तम्मि य णयरे असोअणिवपुत्तो पुण्णरहो वि वीराओ छेयालीसा-हिय-दोसयवासेसु विइक्कंतेसु सुगयधम्माराहगो रज्जम्मि ठिओ ॥ ”

હિમ૦ થેરા૦ પૃ. ૫ (મુદ્રિત)

"ત્રણ ખંડનો ભોક્તા હતો" આવી રીતે લખી રહ્યા છે,[૧૮૫] તેથી ઉપરોક્ત વાતનું સમર્થન થાય છે.

હિમવંતથેરાવલી એમ તો કહે છે કે, પુણ્યરથ બૌધ્ધધર્મારાધક હતો. અને એ પણ સંભવ છે કે, અંધત્વના કારણે કુણાલનો સામ્રાજ્ય હક નષ્ટ થતાં તે પુણ્યરથને ફાળે આવતો હોય. આવી સ્થિતિમાં એને સામ્રાજ્યના સિંહાસન પર લાવવા આજુબાજુનું ધાર્મિક વાતાવરણ સક્રિય બન્યું હશે, પરંતુ કુણાલના વાસ્તવિક હકને રાજકુલમાંથી રચાયલા ષડ્યન્ત્રને લક્ષ ગેરવાજબી રીતે ડૂબાવ્યો હોવાથી, જ્યારે અશોકે વચનથી બંધાઈ, આર્ય રાજવંશોની પરંપરા પ્રમાણે બિન હકદાર એવા પણ સંપ્રતિને હકદાર બનાવવાનું માથે લીધું ત્યારે પુણ્યરથ તે કાર્યની સાથે સહમત થયો હશે. વળી પ્રશ્ને વડીલના ગમે તેવા હુકમો વધાવી લેવાની વૃત્તિ મૌર્યરાજકુંવરોમાં કેવું પ્રધાનત્વ ભોગવતી હતી એ, કુણાલના જાતે અંધ બનવાના બનાવથી આપણને અજાણ્યું નથી. પુણ્ય અને પુણ્ય સાથેના સદ્ગુણોનું આકર્ષણ પણ, પુણ્યરથને પોતાનો હક જતો કરવામાં અને પાછળથી થઇ રહેલી ફેરફેરણીમાં પણ સંપ્રતિ પ્રતિ સ્વજનતા સાચવી રાખવામાં કામ કરી રહ્યું હશે, એમ જો કોઇ કહે તો તે પણ બરાબર જ છે. પૂર્વ જન્મમાં ઉપાર્જન કરેલા પુણ્યથી અને પુણ્યસહચારી સદ્ગુણોથી જ સંપ્રતિને રાજ્યપ્રાપ્તિ આદિ થયાં હતાં, એ હકીકત પહેલાં કહેવાઇ જ ગઇ છે.

સામ્રાજ્ય હકને જતો કરનાર મ. નિ. ૨૪૬ વર્ષે પાટલીપુત્રનો રાજા બનનાર પુણ્યરથ અશોકનો પુત્ર હતો એમ હિમવંતથેરાવલી કહે છે; પરંતુ એ નામ તથા તેણે લખેલું "મ. નિ. ૨૮૦ વર્ષે પાટલીપુત્રની ગાદીએ આવનાર તેના બૌધ્ધધર્મી પુત્ર વૃધ્ધરથનું"[૧૮૬] નામ ઇતિહાસમાં કોઇપણ સ્થળે જોવા મળતું નથી, જ્યારે કેટલાંક પુરાણોમાં સંગત કે ઇન્દ્રપાલિત પહેલાં દશરથ કે બન્ધુપાલિત, અને પછી શાલિશૂકનું નામ જોવામાં આવે છે. ઉપરાંત, ખલતિક (ગયાની પાસ) પર્વતપરની ગુફામાં દશરથનું નામ કોતરાયેલું જોવામાં આવે છે.[૧૮૭] આ

(૧૮૫) "क्रमेण साधयामास, भरतार्धं सदक्षिणम्। प्रचण्डशासनश्चाभूत, पाकशासनसन्निभः॥ પરિશિષ્ટ પર્વ સર્ગ. ૯ શ્લો૦ ૫૪

"त्रिखंडभोक्ता संप्रतिनामा भूपतिरभूत्।

—કલ્પકિરણાવલી.

(૧૮૬) "से वि य णं वीराओ दोसयअसीइवासेसु विइक्कंतेसु नियपुत्तं वुड्ढरहं रज्जे ठावइत्ता परलोयं पत्तो। तं वि सुगयधम्माणुगं वुड्ढरहं०"

હિમ૦ થેરા૦ પૃ. ૫ (મુદ્રિત)

(૧૮૭) "અશોકનો પૌત્ર દશરથ તો ખરેખરી જીવંત વ્યક્તિ હતી. કારણ કે તેના દાદાએ બરાબર ટેકરીઓની પાસે આજીવિકોને ગુફાગૃહો કરાવી આપ્યાં હતાં તેમ નાગાર્જુનની ટેકરીઓ આગળ તે લોકોને માટે તેણે તૈયાર કરેલા ગુફાગૃહોની ભીંતો પરના ટુંકા અર્પણ લેખોથી તેની હયાતીની

ઉપરથી અનુમાન થાય છે કે, પુણ્યરથનું બીજું નામ દશરથ અને વૃદ્ધરથનું બીજું નામ શાલિશૂક તો નહિ હોય; પણ લગભગ બધાય સંશોધકો દશરથને અશોકનો પૌત્ર કહે છે અને શાલિશૂકને સુયશાનો (કુણાલનો) પુત્ર કહે છે; [૧૮૮] ત્યારે ઉપરોક્ત અનુમાન પ્રામાણિક હોવા વિષે શંકા થાય છે. મને તો લાગે છે કે, દશરથ અને શાલિશૂક એ, અશોકના રાજત્વકાલે વિદ્યમાન રાજગૃહીનો મૌર્યરાજા બલભદ્ર, કે જેણે મ. નિ. ૨૧૪ વર્ષે અવ્યક્તમતવાદી થયેલા આષાઢાચાર્યના શિષ્યોની સાન ભયદર્શનથી ઠેકાણે આણી હતી, તેના પછી અનુક્રમે આવનાર રાજાઓ છે; અને પુણ્યરથ તથા વૃદ્ધરથ એ, પાટલીપુત્રમાં નવી શરૂ થયેલી પેટાશાખાના રાજાઓ છે. પુરાણો દશરથનો રાજત્વકાલ ૮ વર્ષ અને શાલિશૂકનો રાજત્વકાલ ૧૦ કે ૧૩ વર્ષ લખે છે, પરંતુ દશરથનો એ રાજત્વકાલ ઘણો જ ઓછો છે. લાગે છે કે, મ. નિ. ૨૪૪ વર્ષે સંપ્રતિનો રાજ્યાભિષેક થયો તેથી પૂર્વેનાં આઠ ૮ વર્ષ દશરથના રાજત્વકાલનાં લખી, મ. નિ. ૨૪૪ થી ૨૭૯ સુધીનાં ૩૫ વર્ષ પુરાણોએ પડતાં મુકયાં છે. શાલિશૂકનો રાજત્વકાલ તો મ. નિ. ૨૭૯ થી ૨૮૯ સુધી ૧૦ વર્ષ અથવા તો ખાસ કરીને મ. નિ. ૨૭૯ થી ૨૯૨ સુધી ૧૩ વર્ષ હશે પુણ્યરથ અને વૃદ્ધરથ એ બૌદ્ધધર્મી હતા ત્યારે દશરથ અને શાલિશૂક જૈનધર્મી હશે એમ લાગે છે. [૧૮૯] હિમવંત થેરાવલી પ્રમાણે ‘વૃદ્ધરથનો રાજત્વકાલ મ.

---

જાણ થાય છે. દશરથના લેખોની લિપિ, ભાષા તથા શૈલી ઉપરથી જણાય છે, કે તેનો સમય અશોકની બહુ સમીપનો હોવો જોઇએ. રાજ્યમાં નહિ તો તેના પૂર્વભાગોમાં તો તે તેની પછી સત્તામાં આવ્યો હશે.” —હિન્દુસ્તાનનો પ્રાચીન ઇતિહાસ (ગુ. વ. સો. નું) પૂર્વાર્ધ પૃ. ૨૫૪

પ્રાચીન ભારતવર્ષના લેખક, દશરથને કુણાલના ભ્રાતાનો પુત્ર હોવાની કલ્પના કરે છે અને તેઓ તેનો રાજત્વકાલ ૨૭ વર્ષથી પણ વધારે હોવાની માન્યતા તેના લેખ પરથી જ ધરાવે છે જુવો, તેમનું પુસ્તક ‘પ્રાચીન ભારતવર્ષ’ ભાગ ૨ પૃ. ૨૯૯ થી ૩૦૧ અને પૃ. ૩૯૭

(૧૮૮) પંડિત જાયસ્વાલજી (જુવો J. B. O. R. S. sept 1928 P. 416) આ શાલિશૂક માટે લખે છે કે, ‘તે અશોકના પુત્ર કુણાલ ઉર્ફે સુયશાનો પુત્ર હતો.”

પ્રાચીન ભારતવર્ષ ભાગ ૨ પૃ. ૪૦૨

(૧૮૯) પુરાણો પરથી સમજાય છે કે, દશરથ એ જ બંધુપાલિત છે. પણ એ ‘બંધુપાલિત’ કેવી રીતે હતો તે સમજી શકાય તેમ નથી. શું તે તેના પિતાના બંધુથી પાલિત થયો હશે માટે બંધુપાલિત કહેવાતો હશે? અને જો તે કુણાલથી પાલિત અને કુણાલની માતા વૈશ્યકુમારીથી જન્મેલો હોય તો તેનામાં જૈન સંસ્કાર હોવા સંભવ છે તેથી મેં અનુમાન કર્યું છે કે, તે ‘જૈનધર્મી’ હશે બાકી, શાલિશૂકના માટે ગર્ગસંહિતા જે તિરસ્કારનું વલણ દર્શાવે છે તથા તેના વિષે જે કાંઈ લખે છે તે પરથી તે જૈનધર્મી હશે એમ માનવાને કાંઇ હરકત નથી. આ માટે ડૉ. ત્રિ. લ. શાહ ‘પ્રાચીન ભારતવર્ષ’ ભાગ ૨ માં પૃ. ૪૦૧ પર આવી રીતે ટીપ કરે છેઃ—

“ ( , ) જુવો મૌર્ય. સા. ઇતિહાસ. પૃ. ૬૫૩-૬૭૧ તથા ગર્ગસંહિતા. શ્લોક ૧૬ થી ૨૬ (જેનું ભાષાંતર બુદ્ધિપ્રકાશ પુ. ૭૬, અંક ૩, પૃ. ૮૮: યજ્ઞકર્મનો ધ્વંસ કરનારો, અકર્મનો રસિયો, દુષ્ટ પ્રકૃતિનો, અધર્મી, ભ્રષ્ટ બુદ્ધિનો તે શાલિશૂક રાજા નિમાયો છતો સૌરાષ્ટ્રની પ્રજાને ત્રાસદાયક રીતે રંજાડી જૈનપ્રજાને મુખે મોટાભાઈ સંપ્રતિની ખ્યાતિ બઢાવી જૈનધર્મની ઘોષણા વર્તાવતો. )”

નિ. ૨૮૦ થી ૩૦૪ સુધી એમ ૨૪ વર્ષ[૧૯૦] છે." એ રાજાને એના સેનાપતિ પુષ્યમિત્રે વધ કરી તેણે તેના સ્થાને પોતાના પુત્ર બૃહસ્પતિમિત્રને બેસાડ્યો હતો. [૧૯૧] રાજગૃહીની પેટાશાખા પર શાલિશૂક પછી વૃષસેન આવ્યો હતો, તેણે મ. નિ. ૨૯૨ થી ૩૦૧ સુધી અને તે પછી પુષ્યવર્મા આવ્યો હતો, તેણે મ. નિ. ૩૦૧ થી ૩૦૮ સુધી રાજ્ય કર્યું હતું. આ પુષ્યધર્માને મ. નિ. ૩૦૮ વર્ષે પાટલીપુત્રના શુંગવંશી રાજા પુષ્યમિત્રના પુત્ર બૃહસ્પતિમિત્રે મારી નાંખ્યો હતો, કે જે હકીકતનો ઉલ્લેખ હાથીગુફાવાળા ખારવેલના શિલાલેખમાં થયો છે. આ વિષયની સ્પષ્ટતા આગળ કરવામાં આવશે. [૧૯૨] અહિં તો સંપ્રતિના વિષે જ જે કાંઇ મળી આવે છે તેને જ થોડું ઘણું આલેખીએ.

સમ્રાટ્ સંપ્રતિને મહાન મગધ સામ્રાજ્ય વારસામાં મળ્યું હતું. તેના સામ્રાજ્ય વિષે લખતાં જૈનસાહિત્ય કહે છે કે;–"મૌર્યવંશ સામ્રાજ્યશક્તિની ચડતી પડતીમાં **'यवतुल्य'**–જવના જેવો હતો. બલવાહનાદિ વૈભવમાં ચન્દ્રગુપ્ત (છેલ્લા નન્દથી) અધિક હતો. તેમાં તેથી ય અધિક બિન્દુસાર અને બિન્દુસારથી અધિક અશોક હતો, જ્યારે સંપ્રતિ તેમાં અશોકથી ય અધિક–પૂર્વ મૌર્યરાજાઓથી ઉત્કૃષ્ટ હતો. આ પછી મૌર્યવંશની અનુક્રમે બલવાહનાદિ વૈભવમાં ઉતરતી કલા થઇ. અર્થાત; સંપ્રતિનો બલવાહનાદિ વૈભવ **'यवमध्यतुल्य'** જવના મધ્યની જેમ સર્વ મૌર્યસમ્રાટોમાં વિશાલ હતો." [૧૯૩] સંપ્રતિના બલવાહનાદિ વિષે એવી નોંધ મળે છે કે; "તેના તાબામાં આઠ હજાર રાજાઓ હતા તથા તે પચાસ હજાર હાથી, એક ક્રોડ ઘોડા, સાત ક્રોડ

---

(૧૯૦) પુષ્યરથના મહાવીર નિર્વાણથી ૨૮૦ વર્ષે સ્વર્ગસ્થ થયા બાદ વૃદ્ધરથ રાજ્ય પર આવ્યો હતો એમ લખી હિમ૦ થેરાવલી જણાવે છે કે, 'બૌદ્ધ ધર્માનુયાયી તે રાજાને મારી તેનો સેનાધિપતિ પુષ્યમિત્ર મ. નિર્વાણથી ૩૦૪ વર્ષે પાટલીપુત્રના રાજ્ય પર બેઠો.' જુવો તે મૂળપાઠઃ—

"तं वि सुगयधम्माणुगं वुड्ढरहं णिवं मारिता सेणाहिवइ–पुप्फमित्तो वीराओ णं तिसयाहियचउवासेसु विइक्कंतेसु पाडलिपुत्तरज्जे ठिओ "

હિમ૦ થેરા૦ પૃ. ૫ (મુદ્રિત)

(૧૯૧) હિમ૦ થેરાવલી 'પુષ્યમિત્ર રાજ્યપર બેઠો ' એમ લખે છે, પણ ખારવેલના શિલાલેખથી એ નક્કી છે કે, ખારવેલની મગધપરની તેના રાજ્યના ૮મા અને ૧૨મા વર્ષે એટલે મ. નિ. ૩૦૮ અને મ. નિ. ૩૧૨ માં કરાયલી ચઢાઇ વખતે મગધનો રાજકર્તા–પાટલીપુત્રનો રાજકર્તા બૃહસ્પતિ મિત્ર હતો, પણ પુષ્યમિત્ર નહિ. હિમવંતથેરાવલીના લખાણનો અર્થ એટલો જ સમજવાનો છે કે, પુષ્યમિત્ર રાજ્યનો સર્વરીતે સંચાલક હતો.

(૧૯૨) એનું પ્રસંગોપાત સૂચન હું પૂર્વે પણ કરી ગયો છું.

(૧૯૩) "जवमज्झमुरियवंसे–(टीका)–यथा यवो मध्यभागे पृथुलः, आदावन्ते च हीनः एवं मौर्यवंशोऽपि। तथाहि—चन्द्रगुप्तस्तावद् बहुलवाहनादिविभूत्या विभूषित आसीत्, ततो बिन्दुसारो बृहत्तरस्ततोप्यशोकश्रीर्बृहत्तमस्ततः संप्रतिः सर्वोत्कृष्टः। ततो भूयोऽपि तथैव हानिरवसातव्या, एवं यवमध्यकल्पः संप्रतिनृपतिरासीत्।"

પાયદળ વિગેરેનું લશ્કરી બળ ધરાવતો હતો." આ નોંધમાં અતિશયોક્તિ થઈ હોય તેમ લાગે છે, છતાં અતિશયોક્તિ થઇ છે ને તે કેટલી થઇ છે એનો નિશ્ચય થઇ શકે તેમ નથી. ગ્રીક એલચી મેગેસ્થનીસે લીધેલી કહેવાતી નોંધ પ્રમાણે "ચન્દ્રગુપ્તના લશ્કરમાં નવ હજાર હાથી, ત્રીશ હજાર સવાર અને છ લાખ પાયદળ હતું."[૧૯૪] નન્દના[૧૯૫] કરતાં આ લશ્કર અનુક્રમે લગભગ બમણું, દોઢું અને ત્રણ ગણું મનાયું છે. અને તે સંભવિત છે. પણ ચન્દ્રગુપ્તના કરતાં ઉપરોક્ત નોંધ પ્રમાણે સંપ્રતિનું લશ્કર અનુક્રમે લગભગ સાડાપાંચગણું, સવાત્રણસોગણું અને સોગણું થાય છે. આથી જ એ સંખ્યા વિષે અતિશયોક્તિની શંકા થાય છે, પછી તો જે સત્ય હોય તે ખરું.[૧૯૬] કહે છે કેઃ—"સંપ્રતિએ પોતાના અપ્રતિહત સૈન્યથી શત્રુઓની સેનાઓને જીતી હતી અને આન્ધ્ર, દ્રાવિડ, મહારાષ્ટ્ર અને કુડુક્ક વિગેરે દેશોને પોતાના તાબે બનાવ્યા હતા.[૧૯૭]" કલ્પચૂર્ણિકાર પણ કહે છે કે;—"સંપ્રતિએ ઉજ્જયિની પોતાના તાબે-સીધા અધિકારમાં લઇ ત્યાં રહેતાં છતાં આખો દક્ષિણાપથ તાબે કર્યો-કરાવ્યો."[૧૯૮] નિશીથચૂર્ણિકાર પણ લખે છે કે;— "સંપ્રતિએ સૌરાષ્ટ્રવિષય અને આન્ધ્ર તથા દ્રાવિડ તાબે કર્યા હતા."[૧૯૯] હિમવંત થેરાવલી ઉપરોક્ત ઉલ્લેખોથી જુદી પડતી હોય તેમ જણાવે છે. કેઃ—'કલિંગ, મહારાષ્ટ્ર, સૌરાષ્ટ્ર, આદિ જનપદો અતિ પરાક્રમી એવા અશોકે સ્વાધીન કર્યા હતા." સંભવ છે કે, અશોકે જીતેલા સૌરાષ્ટ્ર આદિ જનપદોએ સંપ્રતિના રાજ્યાભિષેકની લગભગના સમયમાં સ્વતંત્ર થવા માથું ઉંચક્યું હોય અને તેથી સંપ્રતિને તેમને એકવાર ફરીથી દબાવી દઈ તાબે કરવાની ફરજ બજાવવી પડી હોય. આવા એક સમર્થ સમ્રાટને સમયે અને તેનામાં

---

(૧૯૪) હિન્દુસ્તાનનો પ્રાચીન ઇતિહાસ (ગુ. વ. સો.) પૂર્વાર્ધ પૃ. ૧૭૨. આ ઉપરાંત રથનું પણ મોટું સૈન્ય હતું. એ રથો મહાપદ્મનન્દની પાસે ૮૦૦૦ રથ હતા તેની અપેક્ષાએ ઘણા જ વધારે હશે.

(૧૯૫) અલેગ્ઝાન્ડરને જે અમુક રાજાનું લશ્કર હોવા વિષે સાંભળવામાં આવ્યું હતું તે જો નન્દ જ હોય તો, તેનું લશ્કર ૨૦૦૦૦ ઘોડેસ્વાર, ૨૦૦૦૦૦ પાયદળ અને ૩૦૦૦ કે ૪૦૦૦ હાથી ઉપરાંત ૨૦૦૦ રથ પ્રમાણે હતું. મને લાગે છે કે તે રાજા નન્દ મહાપદ્મ જ હતો. એનું લશ્કર સમય વીતતાં વધ્યું હોય તેમ જણાય છે. કારણ કે 'હિન્દુસ્તાનનો પ્રાચીન ઇતિહાસ'માં મહાપદ્મનું લશ્કર ૮૦૦૦૦ ઘોડેસ્વાર, ૨૦૦૦૦૦ પાયદળ ૬૦૦૦ હાથી અને ૮૦૦૦ રથ પ્રમાણનું કહ્યું છે. જુવો હિં. પ્રા. ઇ. પૂર્વાર્ધ પૃ. ૧૭૨.

(૧૯૬) સંપ્રતિના લશ્કરી બળ વિષેના સમર્થન માટે જુઓ, ડૉ. ત્રિ. લ. શાહનું પુસ્તક 'સમ્રાટ્ પ્રિયદર્શી × × × અથવા જૈનસમ્રાટ્ સંપ્રતિ.' પૃ. ૩૮૩, ૩૮૨.

(૧૯૭) 'કુડુક્ક' દેશ, એ ઘણા ભાગે કર્ણાટક હોવા સંભવ છે.

(૧૯૮) "ताहे तेण संपइणा उज्जेणी आइंकाउं दक्खिणावहो सव्वो तत्थ ठिण्णवि भज्जावितो" —કલ્પચૂર્ણિ ।

(૧૯૯) "तेण सुरट्ठविसयो अंधा दमिला य ओयविया" —નિશીથચૂર્ણિ ।

રહેલા જૈનત્ત્વની વિરુદ્ધપક્ષી સ્પર્ધાએ ઇતિહાસમાંથી સાવ ભૂસી નાખવા કે નહિવત્ કરી નાખવા પુષ્કળ પ્રયત્ન કર્યા છે; છતાં આજે પણ જૈનસાહિત્ય તેના ધાર્મિક જીવન વિષે અલ્પ પણ અતિમહત્વનું કૈં કૈં સૂચન કરી રહ્યું છે અને જૈનપરંપરા તેના નામની સાથે સંબંધ ધરાવતાં કેટલાંક સ્થાપત્યાદિને ઓળખાવી રહી છે.[૨૦૦] જૈનાચાર્યોના ગ્રંથોમાં [૨૦૧]નોંધાયલા સંપ્રતિના જીવન વિષેના પ્રસંગોનું સંક્ષિપ્ત તારણ આ પ્રમાણે છે:—

"સંપ્રતિ પૂર્વ જન્મમાં 'રંક' હતો. તેણે કૌશામ્બીમાં જૈન શ્રમણોને ભીક્ષાર્થે જતા જોયા. આ સમયે દુર્ભિક્ષ હોતાં છતાં પણ ભક્તિમંતોએ સાધુઓને સારી રીતે ભીક્ષા આપી. રંકે સાધુઓની પાછળ થઇ આહાર માગ્યો પણ એમાં સાધુઓએ પોતે સ્વતન્ત્ર ન હોવાનું કહેતાં તે સાધુઓની પાછળ પાછળ વસતિએ-ઉપાશ્રયે આવ્યો. સાધુઓએ એ રંકની આહાર સંબંધી યાચના વિષે આચાર્ય સુહસ્તિને માહિતગાર કર્યા. આ રંક-દ્રમક ભવાન્તરમાં પ્રવચનને-શાસનને આધારભૂત થશે એમ આચાર્યે જાણી પ્રિયવચનથી કહ્યું કે, 'દીક્ષા સ્વીકાર કરે તો ભોજન મળે.' ભોજનલાભના માટે જ રંકે દીક્ષા લીધી અને તેને આકંઠ મોદકાદિ ભોજન મળ્યું પણ અતિભોજનના પરિણામે શ્વાસ રૂંધાઈ જતાં તેનું તેજ રાતે મરણ થયું. રંકની એ દીક્ષા અવ્યક્તભાવની હતી, પરંતુ મૃત્યુ સમયે તેનામાં મધ્યસ્થભાવ જાગવાથી અને અવ્યક્તભાવની દીક્ષા હોતાં છતાં તેના પ્રત્યે બતાવાયલા આદરભાવથી તેને દીક્ષા પ્રતિ સાચો આદર અને અનુમોદન થઈ જવાથી, તે મૃત્યુ પામી અશોકના પુત્ર કુણાલના ત્યાં જન્મ પામ્યો. તેના દાદાએ તેનું સંપ્રતિ નામ રાખ્યું અને તેને મગધનું સામ્રાજ્ય આપ્યું. સમ્રાટ્ બનેલા તેણે સૌરાષ્ટ્ર અને દક્ષિણાપથને તાબે કર્યાં. સુખે સામ્રાજ્ય ભોગવતાં તેણે એકદા રથયાત્રામાં ફરતા આર્યસુહસ્તિને જોયા અને તેમને જોતાં જ તેઓ પરિચિત હોય તેમ લાગ્યા. તેને ઉહાપોહ થયો અને અંતે મૂર્ચ્છિત થયો. મૂર્છા વળતાં તેને જાતિસ્મરણ જ્ઞાન થયું. એ જ્ઞાનના બળે તેને પોતાના પૂર્વભવની રંકસ્થિતિનો

(૨૦૦) અમુક પ્રકારની બાંધણી પરથી સંખ્યાબંધ જૈનમન્દિરોને અને પરંપરાગત શ્રુતિ પરથી સંખ્યાબંધ જિનમૂર્તિઓને સંપ્રતિના સર્જન તરીકે આજે જૈનપરંપરા ઓળખાવી રહી છે. મેવાડ, મારવાડ, કાઠિયાવાડ (શત્રુંજય, ગિરનાર આદિ) વિગેરેમાં ઘણાં ય જૈનમંદિરો સંપ્રતિનાં બંધાવેલાં કહેવાય છે. હિં. પ્રા. ઇતિહાસ-પૃ. ૨૫૪ પર ટી. ૧માં લખ્યું છે કે, "અજમેરથી દક્ષિણ તથા નૈઋત્ય વચ્ચેના ખૂણામાં તેટલેજ અંતરે બુંદી-મેવાડ વચ્ચેના એક અગત્યના ઘાટનું રક્ષણ કરતો જહાજપુરનો કિલ્લો તેણે બંધાવ્યો એમ મનાય છે. પંદરમા સૈકામાં રાણા કુંભાએ એને ફરી બંધાવ્યો. પ્રાચીન જૈન મંદિરોની હયાતીથી એ દંતકથાને ટેકો મળે છે" આ ટીપની શરૂઆતમાં લખ્યું છે કે, "નંદોલના મંદિરમાંની એક પ્રાચીન જૈન હસ્તલિખિત પ્રતમાં આપેલી કિંમતી સાલવારીમાં તેનો કાલ વિરાટ સંવત ૨૦૨નો આપેલો છે" : 'વિરાટ સંવત' આ લખાણ કે વાંચન બરાબર હોય તેમ લાગતું નથી 'વીર'ના બદલે વિરાટ અને '૨૯૩'ના બદલે ૨૦૨, એમ થઇ ગયેલું લાગે છે)

(૨૦૧) પરિશિષ્ટ પર્વ (સર્ગ. ૧૧ શ્લો. ૨૩ થી ૧૨૩) આદિ.

અને આર્યસુહસ્તિના સંબંધનો તથા ઔદરિક મૃત્યુનો અનુભવ થયો. તે ગોખથી ઊતરી આચાર્યના પગમાં પડયો. તેણે પોતાની ઓળખ વિષે આચાર્યને પૂછયું. આચાર્યે જ્ઞાન બળે તેને ઓળખ્યો અને તેના પૂર્વભવની સ્થિતિ કહી સંભળાવી. પોતાના જાતિસ્મરણ જ્ઞાનની ખાત્રી થતાં તેણે કૃતજ્ઞતા બતાવવા પૂર્વક કહ્યું કે;–'ભગવન્! તમારી કૃપાથી હું આ સ્થાન–પદને પામ્યો છું. તમે ચારિત્ર ન આપ્યું હોત તો જૈનધર્મથી રહિત એવા મારી શી દશા થાત. તો કૃપા કરી મને આજ્ઞા કરો કે હું શું કરૂં? પૂર્વ જન્મના ઉપકારી તમારો હું દેવાદાર મટી શકું તેમ નથી. પૂર્વ જન્મની જેમ આ ભવમાં પણ તમે મારા ગુરુ છો. તમે મને કર્તવ્યની શિક્ષા આપી અનુગ્રહ કરો.' આર્યસુહસ્તિએ પછી આ ભવ તથા પરભવમાં સુખદાયી એવા જૈનધર્મનો સ્વીકાર કરવા સંપ્રતિને આજ્ઞા કરી. સંપ્રતિએ આચાર્યની પાસે સમ્યકૂત્વપૂર્વક શ્રાવકોનાં વ્રતો અંગીકાર કર્યાં અને પ્રધાન શ્રાવક બન્યો. હવેથી તે ત્રિકાલ જિનપૂજા, સાધર્મિક વાત્સલ્ય, કારુણ્યભાવથી દીન હીન વિગેરેને પૂર્વના કરતાં અત્યધિક દાન આદિ ધર્મકરણી કરવા લાગ્યો. 'ત્રણ ખંડના ભોક્તા પ્રતાપી તે રાજાએ દક્ષિણાર્ધ ભરતને જિનમન્દિરોથી મંડિત[૨૦૨] કર્યું.' તેણે સવા લાખ નવીન જિનમંદિરો બંધાવ્યાં, સવા કરોડ જિન–પ્રતિમાઓ ભરાવી, છત્રીશ હજાર જિનમન્દિરોનો જીર્ણોદ્ધાર કરાવ્યો. [૨૦૩] દરરોજ એક એક મન્દિરનો જીર્ણોદ્ધાર થયાના સમાચાર સાંભળ્યા બાદ તે દંતશુદ્ધિ કરતો હતો. ઉજ્જયિનીના જૈન સંઘે આર્યસુહસ્તિની હાજરીમાં એક મહાન ચૈત્યયાત્રોત્સવ કર્યો હતો તે વખતે આર્યસુહસ્તિ અને સમ્રાટ્ સંપ્રતિ પણ નિરન્તર એ ઉત્સવના અંગે રચેલા મંડપમાં હાજરી આપતા હતા. આ ઉત્સવને અંતે રથયાત્રા

(૨૦૨) आवैताढयं प्रतापाढय, . च. रावकारधीः त्रिखण्डं भरतक्षेत्रं, जिनायतनमण्डितम् । પરિશિષ્ટ પર્વ. સર્ગ, ૧૧ શ્લોક ૬૫

(૨૦૩) "यैरार्यसुहस्तिभिर्दुर्भिक्षे साधुभ्यो भिक्षां याचमानो द्रमको दीक्षितः स मृत्वा श्रेणिकसुतकोणिकसुतोदायिपट्टोदितनवनन्दपट्टोद्भूतचन्द्रगुप्तसुतबिन्दुसारसुतअशोकश्रीसुतकुणालपुत्रः सम्प्रतिनामाऽभूत् स च जातमात्र एव पितामहदत्तराज्यो रथयात्राप्रवृत्तश्रीआर्यसुहस्तिदर्शनाज्जातजातिस्मृतिः सपादलक्ष (१२५०००) जिनालय–सपादकोटि (१२५०००००) नवीनबिम्ब–षट्त्रिंशत्सहस्र (३६०००) जीर्णोद्धार–पञ्चनवतिसहस्र (९५०००) पित्तलमयप्रतिमा–अनेकशतसहस्रसत्रशालादिभिर्विभूषितां त्रिखण्डामपि महीमकरोत् । यत्तु किरणावलीकृता सपादकोटिनवीनजिनभवनेत्युक्तं तच्चिन्त्यम्, अन्तर्वाच्यादौ सपादलक्षेतिदर्शनात् ।"

—મહામહોપાધ્યાય શ્રીવિનયવિજયજીરચિત કલ્પસુબોધિકા પૃ. ૧૬૩ (દે. લા. મુદ્રિત)

(૧) 'અન્તર્વાચ્ય વિગેરે'નો ઉલ્લેખ પ્રમાણ તરીકે કરાતો હોવાથી સમજાશે કે સંપ્રતિની આ જિનમંદિર આદિ નિર્માપણની હકીકત લખવામાં આવી છે તે નિરાધાર નથી.

હિમવંતથેરાવલી પણ કહે છે કે:—"(સંપ્રતિએ) अणेगजिणपडिमोवेयपासायालंकिया पुढवी कारिया"

—હિમ૰ થેરા૰ પૃ. ૫ (મુદ્રિત)

કરવામાં આવી હતી. રથશાલામાંથી નીકળેલો જિનરથ જિનપ્રતિમાથી અલંકૃત કરી શ્રાવકોએ તે પ્રતિમાની ભક્તિનાં સર્વ અંગોથી પૂજા કરી. આ પછી તેઓએ સ્વયં તે રથને વહન કરી વાજતે ગાજતે ગીત-ગાન, રાસ-પ્રેક્ષણીય પૂર્વક નગરીમાં સ્થળે સ્થળે સ્થિર રાખતાં રાખતાં ફેરવ્યો. અને અંતે તેને રાજદ્વારે લઇ ગયા. સંપ્રતિએ આ વખતે વિધિપૂર્વક પ્રભુનું પૂજન કર્યું. આ ઉત્સવના પ્રસંગે સંપ્રતિએ પ્રાન્તીય સામંતોને પણ બોલાવ્યા હતા. એ સામંત રાજાઓને જૈનધર્મમાં શ્રદ્ધાન કરાવવા પૂર્વક તેણે કહ્યું કેઃ-'તમે મને સ્વામી તરીકે દ્રવ્યાદિ પ્રદાન કરો એને હું પ્રિય કર્યું માનતો નથી, પણ તમે સુવિહિત શ્રમણોના ઉપાસક બનો તો મને પ્રિય કર્યું મનાશે.' આવા પ્રકારની આજ્ઞા કરી વિદાય કરેલા તે સામંતોએ પોતપોતાના દેશમાં અહિંસા પ્રવર્તાવી, સાધુઓની ઉપાસના કરવા માંડી, રથયાત્રાદિ કરવા માંડયાં અને ચૈત્યપૂજાદિ આરંભ્યાં. પ્રાન્તદેશોમાં પ્રવર્તેલા-પ્રવર્તાવાયલા શ્રાવકાચારથી તે દેશો પણ સાધુઓના વિહારને યોગ્ય બન્યા. બીજી તરફ સંપ્રતિએ અનાર્ય દેશો પણ સાધુઓના વિહારને યોગ્ય બને તેથી ત્યાં વેશધારી સાધુઓને મોકલી તેમની મારફતે, જૈન સાધુઓને શુદ્ધ આહારાદિ કેવી રીતે દેવાં, એ ત્યાંના અનાર્યોને શિખવવાનું શરૂ કર્યું, અને એ રીતે અનાર્ય દેશો પણ સાધુવિહારને યોગ્ય બની ગયા. 'આ જૈન સમ્રાટે શ્રમણસંઘની પરિષદ્ મેળવી હતી અને તેની આગળ તેણે પોતાના રાજ્યમાં સર્વત્ર સાધુઓને વિહાર કરાવી ધર્મપ્રચાર ને ધર્મપ્રવર્તન કરવાની વિનંતિ કરી હતી.'[૨૦૪] શ્રમણસંઘે એ વિનંતિ પર લક્ષ્ય રાખી સંપ્રતિના તાબાના આર્ય દેશોમાં તથા અનાર્ય દેશોમાં સાધુઓને મોકલી ત્યાં ધર્મપ્રચાર ને ધર્મપ્રવર્તન કર્યું હતું. દીન હીનાદિના માટે તો તેણે પોતાના પૂર્વજન્મની બિભત્સ રંકસ્થિતિ તથા ભૂખાળવા પેટે અતિ આહાર કરવાથી થયેલ ઔદરિક મૃત્યુને સ્મરી, પહેલાંથી જ ઉજ્જયિનીના ચારે દરવાજે મહાસત્રો-ભોજનદાનશાલાઓ ખોલી હતી. એ સત્રશાલાઓમાં બચેલો આહાર, તથા બજારમાં વેચાતા આહારનું મૂલ્ય રાજ્યમાંથી મળી શકશે એવી સંપ્રતિએ આપેલી ખાત્રીથી ઉજ્જયિનીમાં મિષ્ટાન્ન આદિ વેચનારાઓથી અપાતાં આહારાદિ આર્યસુહસ્તિના સાધુઓ લેવા લાગ્યા હતા અને તે તરફ આર્યસુહસ્તિ બેદરકારી બતાવતા હતા તે જોઇ, આર્યમહાગિરિજીએ તેમને ઉપાલંભ આપ્યો. સુહસ્તિસૂરિજીએ માફી માગી પણ સ્થૂલભદ્રથી ઉત્કૃષ્ટતામાં ઊતરતી સામાચારી થશે એ વીર વચનને યાદ કરતાં તેમણે આર્યસુહસ્તિનો નહિ પરંતુ સમયનો જ દોષ માની સમભાવ ધારણ કર્યો, પણ સામાચારી વ્યવહાર તો પોતાના સમુદાયના માટે અલગ જ રાખ્યો, કે જેથી આચારની ભિન્નતાને લઇ બેઉ સમુદાયના સાધુઓમાં દાર્શનિક વ્યામોહ ન થાય."

(૨૦૪) "इइ सोच्चा संपइणिवेणं तत्थ अवंतीणयरीए बहुणिग्गंठ-णिग्गंठीणं परिसा मेलिया, णियरज्जम्मि जिणधम्मप्पभावणवित्थरट्ठा णाणाविहगामणयरेसु समणा पेसिया" હિમ૦ થેરા૦ પૃ૦ ૫ (મુદ્રિત)

જિનમન્દિર અને જિનમૂર્તિઓના પરિવર્તકો તથા વિધ્વંસકોના હાથે જૈનત્વની નિશાની દાખવતું સઘળું ય સ્થાપત્યાદિ નાશ પામ્યા છતાં ય, એ મૂળ રૂપે કે જીર્ણોદ્ધાર રૂપે મેવાડ, મારવાડ અને સોરઠ આદિ પ્રદેશોમાં ક્યાંક ક્યાંક જોવામાં આવે છે. અન્ય મન્દિરો અને મૂર્તિઓથી જુદી પડતી સંપ્રતિના મન્દિરો અને મૂર્તિઓની કહેવાતી ખાસીયત અને તેમાં જણાતી સહજ પ્રાચીનતા આજે પણ આપણને એ રાજાની યાદ દેવડાવે છે. એ વાત ખરી છે કે, સંપ્રતિની પ્રવૃત્તિઓ વિષેના તેના સમયના કે તે પછીના તત્કાલના સમયના અક્ષરો આજે આપણને ઉપલબ્ધ થયા નથી. એ સમયમાં અને એ પછીના પણ લાંબા સમયમાં પોતાનાં કાર્યોની સાથે પોતાના નામની કે એવી કોઇ અન્ય જાહેરાત કરવાની પદ્ધતિ જ ઓછી હતી. 'કોનું ફરમાન છે' એ જણાવવાની ખાસ મહત્વભરી આવશ્યકતાને જ લઇ ન છૂટકે પોતાનાં ફરમાનોમાં અને તેના શિલાલેખોમાં પ્રિયદર્શીને '**देवानंपिय पियदसी राजा**' લખવું પડયું છે. એ આપણે ભૂલવું જોઈએ નહિ કે, તેમાં પણ પોતાના પ્રસિદ્ધ બિરુદથી જ કામ લેવાયું છે, કે જે બિરુદ સામાન્ય નામ જેવું જ છે. એ જમાનાની પ્રણાલી પ્રમાણે, આર્યસુહસ્તિના દર્શનથી પોતાના પૂર્વભવની જાતિનો સ્મર્તા વ્રતધારી મહાશ્રાવક સંપ્રતિ નામરૂપનું બહુ મહત્વ ન માને અને કોઇ પણ ઠેકાણે તેને ન કોતરાવે તો તેમાં કાંઈ નવાઇ નથી. શ્રીમહાવીરની હયાતિમાં ભરાવેલી પ્રતિમાઓમાં તથા સંપ્રતિએ બનાવેલાં જિનમન્દિરો અને મૂર્તિઓમાં સ્થાપત્યગત કોતરાયલા અક્ષરો જોવા ઇચ્છનારાઓ એ સમયનાં રાજગૃહી, વૈશાલી, ચંપા, પાટલીપુત્ર, કૌશામ્બી, વિદિશા, વિગેરે હજારો નગરનગરીઓના સંબંધમાં મૂળ સ્થલાદિ ય નક્કી કરવામાં આજે અજ્ઞાન કે અનિશ્ચિત દશામાં છે; આવી સ્થિતિમાં અતીવ પ્રામાણિક જૈનાચાર્યોના સંપ્રદાયને 'દંતકથાઓ'ના નામે અવિશ્વસનીય માનવા મનાવવાનું કાંઈ કારણ નથી. સંપ્રતિના પછી તરત જ એટલે પુષ્યમિત્રોના સમયથી લઇ વૈદિકોએ બૌદ્ધત્વની જેમ જૈનત્વને ભારતમાંથી ભૂસી નાંખવા વખતોવખત જે જૂલમાટભર્યા અકથ્ય મહાન પ્રયત્નો કર્યા છે તેની સાક્ષી જગન્નાથપુરી, પંઢરપુર, હરદ્વાર, દ્વારિકા, ઉજ્જયિની વિગેરે સંખ્યાબંધ સ્થળોનાં સ્થાપત્યો અને ભારતની સંખ્યાબંધ જાતિઓ આજે પણ આપણને આપી રહી છે. મી. વિન્સેન્ટ સ્મીથને પણ લખવું પડયું છે કેઃ—"વખતોવખત ધર્માંધ રાજાઓ ઝનુનમાં આવી જઈ જંગલી ક્રૂરતાભર્યાં કર્મો કરતા અને જૈન કે બૌદ્ધો સામે ખરેખરાં જુલમભર્યાં પગલાં ભરતા એ વાત ખરી છે. આ ઇતિહાસમાં એવાં કૃત્યોના ચોકૂખા અને પુરવાર થયેલા દાખલા આવશે અને તે શિવાયના અને એ ઇતિહાસની મર્યાદા બહારના બીજા પણ એવા દાખલા નોંધાયલા છે."[૨૦૫] ઉપરાંત મુસ્લીમ ધર્માંધતાએ પણ ભારતની પ્રાચીન નિશાનીઓનો સર્વથા નાશ કરવા તેની રાજસત્તાનો બધો ય ઉપયોગ કરી દીધો છે; એ આગમાં,

(૨૦૫) હિન્દુસ્તાનનો પ્રાચીન ઇતિહાસ (પૂર્વાર્ધ) પૃ. ૨૬૯. (ગુ. વ. સો. નું.)

વૈદિકોની ધર્માંધતામાંથી જે કાંઈ બચી જવા પામ્યું હતું અથવા તો જીર્ણોદ્ધાર કે નવીન સર્જન થયું હતું તે પણ મોટા ભાગે ભસ્મીભૂત થઈ ગયું. આવી સ્થિતિમાં પશ્ચિમભારતના કેટલાક રાજપુત રાજાઓએ શ્રદ્ધા કે માધ્યસ્થ્યથી અને મુસ્લીમ રાજકર્તાઓમાં કોઇ કોઇએ સહિષ્ણુતાથી જૈનત્વ તરફ સહાય કે સહાનુભૂતિ ન દર્શાવી હોત અને જૈનસંઘમાં જૈનત્વને જીવંત રાખવાની મૌલિક સૈદ્ધાંતિક તાકાત ન હોત તો આજે બૌદ્ધ કે વૈદિક સાહિત્યમાં જૈનત્વના પ્રત્યાઘાતી અમુક ઉલ્લેખો સિવાય જૈનત્વ વિષે બીજું કાંઇ પણ અર્વાચીન સંશોધકોને હાથ લાગત નહિ, અને એ પ્રત્યાઘાતી ઉલ્લેખોને કેવા કેવા અર્થાભિપ્રાયમાં તેઓ ઘસડી ગયા હોત? આજે અમુક પ્રમાણમાં જૈનસ્થાપત્ય અને સાહિત્ય વિદ્યમાન છે તો પણ તેના તરફ બેદરકાર રહી અથવા તો તેને જેમ બને તેમ મારી મચડીને વધારેને વધારે અર્વાચીન ઠરાવવા મથતા રહી કેટલા ય મતાગ્રહી લેખકો જૈનત્વનું ઘણું ય બૌદ્ધાદિના નામે ચઢાવે છે, તો પછી સંપ્રતિ જેવા જૈન સમ્રાટ્‌ને 'સંબાતી' 'સંપદી, કે 'સંગત' જેવાં નામોના નીચે નહિવત્ જેવો કરી નાંખે તો તેમાં કાંઇ નવાઈ નથી.

જૈન સાહિત્યમાં કુમારપાળ વિષે ઘણું લખાયલું હાલ મળી આવે છે. તેની ધાર્મિક પ્રવૃત્તિઓ વિશાલ હતી. એ મહારાજા પરાક્રમી ને પરમાર્હત હતો. જૈનસૃષ્ટિમાં તેનું સ્થાન મહત્ત્વભર્યું છે. વિદ્યમાન સાહિત્યમાં હિમવંતથેરાવલી સિવાય અન્યત્ર નહિ વંચાયલો અને કલિંગના શિલાલેખમાં સેંકડો વર્ષ સુધી છુપાયલો જૈન ચક્રવર્તી ખારવેલ આજે આપણને એ લેખમાંથી, કોઈ કોઈ બાબતમાં કુમારપાળથી ય વધારે પોતાની ધાર્મિકતા અને તેના અંગેની પ્રાભાવિક પ્રવૃત્તિઓ વંચાવી રહ્યો છે. કુમારપાળ અને ખારવેલ એ બન્નેમાં ખારવેલનું સ્થાન અમુક દૃષ્ટિએ વધાર મહત્ત્વનું ભાસે છે. આ બન્ને ભૂપાળો કરતાં ય વધારે મહત્ત્વની સંપ્રતિની પ્રવૃત્તિઓનો ખ્યાલ આપતું સાંપ્રદાયિક સાહિત્ય એના પછીથી આજ સુધીમાં થઇ ગયેલા સર્વ રાજા મહારાજાઓમાં એને–સંપ્રતિને અગ્રસ્થાન આપે છે. પછી ભલેને, સાહિત્યમાં તેને વિશેષ સ્થાન અપાયલું આજે ઉપલબ્ધ ન થતું હોય કે તેણે કોતરાવેલો એકાદ પણ શિલાલેખ આજે નજરે ન પડતો હોય, અથવા શ્રી હેમચંદ્રસૂરિજીના ઉલ્લેખાનુસાર ધાર્મિકતામાં જ 'પ્રિય' માનનારો એ સ્વપર પ્રિય સાધનાર પ્રિયદર્શી પેલા મશહૂર શિલાલેખોમાંનો 'देवानंपिय पियदसी राजा' ન પણ હોય.

કાંઈક પુનરુક્તિ કરીને ટુંકામાં કહીએ તો, અશોકશ્રીના–અશોકવર્ધનના પૌત્ર સંપ્રતિનુ સામ્રાજ્ય ભારતના લગભગ બધા ય પ્રદેશોમાં અને ભારત બહારના-હિમાલય પેલી પારના અને ખૈબર આદિ ઘાટોથી વાયવ્યના પ્રદેશોમાં દૂર અદૂતિર પસરેલું હતું. યવની ઉપમાથી ઉપમવાતું મૌર્યસામ્રાજ્ય ચંદ્રગુપ્તના એક છેડાથી વૃદ્ધિ પામતું અત્યારે યવના મધ્યની જેમ સંપૂર્ણ વૈભવના વિસ્તારમાં આવી પહોંચ્યું હતું. મૌર્ય સામ્રાજ્યનો સૂર્ય એના રાજત્વકાલ દરમીયાન મધ્યાહ્નની વેળ શો તપી રહ્યો હતો. ભારે પરાક્રમ અને

પ્રતાપને લઈ તેની આજ્ઞા અનુલ્લંઘનીય હતી. વધારે શાંતિથી સામ્રાજ્ય ભોગવનાર સમ્રાટોમાં સંપ્રતિનું સ્થાન સૌની મોખરે મુકી શકાય તેમ છે. કૌટુમ્બિક સ્નેહ, પ્રજાવત્સલતા સાંપ્રદાયિક સહિષ્ણુતા, નિર્લોભતા, આદિ સદ્‌ગુણોને લઈ તેને તેના ધાર્મિક જીવનમાં રક્ત રેડવાનો પ્રસંગ ભાગ્યે જ આવ્યો હશે એમ લાગે છે. એક સર્વ શ્રેષ્ઠ જૈન મહારાજાને યોગ્ય એવું તેનું સમભાવી જીવન હોઇ, તે સર્વ ધર્મો પ્રતિ ઉદાર અને સહનશીલ હતો. એની સર્વ પ્રકારની પ્રજા સુખી અને આબાદ હતી. રાજા તરીકે પ્રશંસનીય અને ધર્મી તરીકે અતીવ શ્રેષ્ઠ જીવન જીવી તે મ. નિ. ૨૯૩ વર્ષે, એટલે કે તેના ગત ને ચાલુ ભવના પરમગુરુ શ્રી આર્યસુહસ્તિના મ. નિ. ૨૯૧ વર્ષે સ્વર્ગસ્થ થયા બાદ બે વર્ષે, સ્વર્ગસ્થ થયો હતો.[૨૦૬] તે પોતાનું નામ જિનપ્રભુનાં મનહર સ્થાપત્યોથી અમર કરતો ગયો છે. જૈન જગતની અતીવ વ્યવસ્થિત અને પ્રામાણિક યાદીમાંથી તે કદી પણ વિસરાયો નથી ને વિસરાશે પણ નહિ એવું કોઇ પણ બળ તેને ભૂસી નાખવા સમર્થ થયું નથી અને થશે પણ નહિ. પછી ભલેને, તે પોતાની પાછળ કાંઇ સંતાન મુકતો ગયો હોય કે ન પણ ગયો હોય. આજે આપણે તેના સંતાનોની કાંઈ પણ વાત વિષે લગભગ અંધારામાં જ છીએ, સિવાય કે હિમવંત થેરાવલી તેને અપુત્રીયો લખે છે.[૨૦૭]

સંપ્રતિના સામ્રાજ્યની વિશેષતા એ છે કે, નન્દોના ને તે પછી અશોક સુધીના સમયમાં રાજધાની તરીકે ઉજ્જયિનીનું મહત્ત્વ જતું રહ્યું હતું તે એક વાર ફરીથી સંપ્રતિના રાજત્વકાલે મ. નિ. ૨૪૬ વર્ષે સ્થાપન થયું. ઉજ્જયિનીનું આવું મહત્ત્વ ભારતના ઇતિહાસમાં ક્યારે

(૨૦૬) "अह वीराओ दोसयतेणउइ (२९३) वासेसु विइक्कंतेसु जिणधम्माराहणपरो संपइणिवो सग्गं पत्तो" —હિમ૦ થેરા૦ પૃ. ૫ (મુદ્રિત)

આચાર્ય શ્રીજિનસુંદરસૂરિજી 'દીપાલી-કલ્પ'માં સંપ્રતિને મ. નિ. ૩૦૦ વર્ષે રાજા તરીકે થવાની વાત લખે છે જેમકેઃ—

"दिनतो मम मोक्षस्य, गते वर्षशतत्रये। उज्जयिन्यां महापुर्यां, भावी संप्रतिभूपतिः ॥१०७"
—દીપાલી-કલ્પ.

દીપાલી-કલ્પકારનો ઉપરોકત ઉલ્લેખ ચાલુ સંપ્રદાયના મતાન્તરને અનુસરીને છે. નન્દોમાં ૯૫ ને બદલે ૧૫૫ વર્ષ માની ચાલુ સંપ્રદાય મ. નિ. ૨૧૫ વર્ષે મૌર્યોનો આદિ કાલ માને છે, એમાં ચંદ્રગુપ્તાદિ ત્રણ રાજાઓનો રાજત્વકાલ અનુક્રમે ૨૪, ૨૫ અને ૩૬ વર્ષ ઉમેરતાં ૨૧૫+૨૪+૨૫+૩૬ ૩૦૦ ની જ મહાવીરનિર્વાણની સાલ આવે. નન્દોનાં વધારે મનાતાં ૬૦ વર્ષ કાઢી નાખીએ અને અશોકનાં ૪૦ વર્ષ અથવા બિન્દુસારનાં ૨૮ અને અશોકનાં ૩૭ વર્ષ એમ આ લેખમાં સૂચિત પુરાણાદિની ગણતરીથી ગણીએ તો ૨૧૫+૨૪+૨૫+૪૦=૩૦૪-૬૦=૨૪૪ અથવા ૨૧૫+૨૪+૨૮+૩૭=૩૦૪-૬૦=૨૪૪ ની મહાવીર નિર્વાણની સાલ સંપ્રતિના રાજ્યારંભના સમયે આવે.

(૨૦૭) "अह्यावंतोणयरम्मि संपइणिवस्स णिपुत्तस्स सग्गगमणंतरमसोगणिवपुत्ततिस्स गुत्तस्स बलमित्तभाणुमित्तणामधिज्जे दुवे पुत्ते वीराओ दोसयचउणवइवासेसु विइक्कंतेसु रज्जं पत्ते।" —હિમ૦ થેરા૦ પૃ. ૭ (મુદ્રિત)

પણ દેખાયું નથી. સંપ્રતિનો રાજત્વકાલ લાંબો છે. તેણે પ્રજાજીવનને બહુ જ સુખી બનાવવા પ્રયત્ન કર્યો છે. નિરન્તર ઉચ્ચ રહેલું તેનું નાગરિકત્વ આ સમય દરમીયાન અત્યુચ્ચપણાને પામ્યું હતું. ઘણા સમયથી જૈનત્વની ક્રીડાભૂમિ મુખ્યતયા મગધ હતી તે અત્યારે અવન્તિ પણ બનવા પામી હતી. પરિણામે, જૈન ધર્મનાં વહેણ પશ્ચિમભારતમાં પૂર્વના કરતાં વિશેષ વેગથી વહેવા માંડયાં હતાં. મહાવીરના જીવન સમયની પ્રતિમાઓથી અને આર્યમહાગિરિ, આર્યસુહસ્તિ જેવા જીવંત શ્રમણવર્યોથી અવન્તિની ભૂમિની પવિત્રતા આજે મગધની ભૂમિની પવિત્રતા જેટલું જ ભારતની જનતાનું આકર્ષણ કરી રહી હતી. અવન્તિસુકુમાલના પુત્રે પોતાના પિતાના સ્મરણમાં ઉજ્જયિનીના શ્મશાને 'મહાકાલ' પાર્શ્વનાથનું ચૈત્ય બંધાવી ઉપરોક્ત પવિત્રતામાં આ સમયે જ વધારો કર્યો છે એ જૈનસાહિત્યમાં સુપ્રસિદ્ધ છે. પછીથી પણ સેંકડો વર્ષ સુધી રાજધાની તરીકે ઉજ્જયિનીનું મહત્ત્વ રહેવા સર્જાયું હતું એમ મળી આવતો ઇતિહાસ આપણને કહી રહ્યો છે. અસ્તુ, હવે આપણે સંપ્રતિ પછીની એક વર્ષ સુધી વ્યાપેલી અરાજકતા વિષે લખીએ તે પહેલાં ગત સમયમાં થયેલા શ્રી સ્થૂલભદ્રથી લઈ આર્યસુહસ્તિ સુધીના જૈન યુગપ્રધાનોના સંબંધી કેટલીક મહત્ત્વની નોંધ લઈએ.

ચંદ્રગુપ્તના રાજ્યારંભથી ૧૫ વર્ષે એટલે મ. નિ. ૧૭૦ વર્ષે શ્રી ભદ્રબાહુ સ્વર્ગસ્થ થયા કે તેમના સ્થાને શ્રી સ્થૂલભદ્ર યુગપ્રધાન પદ પર આવ્યા. તેઓનો યુગપ્રધાનત્વનો કાલ ૪૫ વર્ષ હતો. એ સમય દરમીયાન ચન્દ્રગુપ્તનો રાજ્યાંત અને ચન્દ્રગુપ્ત પછી આવેલા તેના પુત્ર બિન્દુસારનો પણ રાજ્યાંત થઇ ગયો. અશોકના રાજત્વકાલની શરૂઆતનાં વર્ષોમાં પણ અતિવૃદ્ધ થયેલા એ મહાસંયમશીલ યુગપ્રધાનનું અસ્તિત્વ હતું. એમની યુગપ્રધાન તરીકેની પ્રવૃત્તિ–પ્રભાવના વિષે કાંઇ પણ જાણવા જેવું આજે આપણને મળતું નથી. શ્રી સ્થૂલભદ્ર મ. નિ. ૨૧૫ વર્ષે કેટલાક મહિના અધિક ૯૯ વર્ષની વયે સ્વર્ગસ્થ થયા તેથી પહેલાં એક વર્ષ એટલે મ. નિ. ૨૧૪મા વર્ષે શ્વેતમ્બિકા નગરીમાં આષાઢાચાર્યના શિષ્યોથી 'અવ્યક્તનિહ્નવમતવાદ પ્રવર્ત્યો હતો, કે જેના અવ્યક્તમતવાદીઓને રાજગૃહના મૌર્યવંશીય રાજા બલભદ્રે યુક્તિપૂર્વકના ભય–દબાણથી સમજાવી તેમનો એ અવ્યક્તમત છોડાવ્યો હતો. આ સમય દરમીયાન મગધમાં રાજગૃહીની પેટાશાખા પર મૌર્ય રાજાના અસ્તિત્વથી ડૉ. હૉર્મન યાકોબી એવા વિચાર પર જાય છે કે, મૌર્યસામ્રાજ્યની સ્થાપના જૈનકાલગણનાના આધારે ચાલુ જૈન સંપ્રદાય કહે છે તેમ મ. નિ. ૨૧૫ વર્ષે નહિ, પરંતુ પહેલાં એટલે હેમચંદ્રાદિ કહે છે તેમ મ. નિ. ૧૫૫ વર્ષે થયેલી હોવી જોઇએ. આની સામે એવી દલીલ કરી શકાય તેમ છે કે, મ. નિ. ૨૧૪માં અવ્યક્તમતની ઉત્પત્તિ બાદ અમુક વર્ષે તેને સમજાવ્યો તે દરમીયાન ચન્દ્રગુપ્તે નીમેલો બલભદ્ર રાજગૃહીમાં રાજ્ય કરતો હોય તો ત્યાં મ. નિ ૨૧૫ વર્ષ વીત્યા બાદ મૌર્યવંશ સંભવી શકે છે; પરંતુ મારી માન્યતા પ્રમાણે ચન્દ્રગુપ્તના પાટલીપુત્રમાં રાજ્યાભિષેક બાદ લગભગ ૧૪ વર્ષ સુધી રાજગૃહીમાં છેલ્લો નંદ જ રાજા તરીકે રહ્યો હોઇ

ત્યાં બલભદ્રની નીમણુક થઈ હોય એ સંભવ નથી. અને અવ્યક્ત મતવાદીઓને સમજાવ્યાની બીના તો મ. નિ. ૨૧૫ પછી ૧૪ થી ઘણાં ઓછાં જ વર્ષોમાં બનેલી છે. જો મ. નિ. ૨૧૫ વર્ષે ચન્દ્રગુપ્તનો રાજ્યાભિષેક માનીએ અને ચન્દ્રગુપ્તના હાથે બલભદ્ર નીમાવાનું તથા તેનાથી અવ્યક્તવાદીઓની સમજાવટનો સમય વધારે દૂર લઈ જવાનું અનુમાન પ્રામાણિક હોય તો, ડૉ. યાકોબીનું અનુમાન શિથિલ થઈ જાય છે; પરંતુ હું પહેલાં કહી ગયો છું તેમ, 'મ. નિ ૧૫૫ વર્ષે જ ચંદ્રગુપ્તનો રાજ્યાભિષેક થયો હતો.' એનાં સમર્થક સાધનો છે અને તે, ડૉ. યાકોબીનું અનુમાન કદાચ પ્રામાણિક ન હોય તો પણ, એને સાબીત કરવા પુરતાં મજબૂત જ છે.

શ્રી સ્થૂલભદ્રે પોતાના મુખ્ય શિષ્યો આર્યમહાગિરિ અને આર્યસુહસ્તિ એમને પ્રત્યેકને શિષ્યગણ સોંપી પોતાના પટ્ટધર સ્થાપ્યા હતા. શ્રી સ્થૂલભદ્રાદિનો ગૃહસ્થાદિ–પર્યાય પટ્ટાવલીઓમાં નીચે પ્રમાણે નોંધાયો છેઃ—

| (કોષ્ટક–૧) | ગાર્હસ્થ્યપર્યાય વર્ષ | મ. નિ. | શ્રામણ્ય વર્ષ | મ. નિ. | યુગપ્રધાનત્વ વર્ષ | મ. નિ. વર્ષ | સર્વાયુ વર્ષ. મા. દિ. |
|---|---|---|---|---|---|---|---|
| સ્થૂલભદ્ર | ૩૦ | ૧૧૬–૧૪૬ | ૨૪ | ૧૪૬–૧૭૦ | ૪૫ | ૧૭૦–૨૧૫, | ૯૯—૫—૫ |
| મહાગિરિ | ૩૦ | ૧૪૫–૧૭૫ | ૪૦ | ૧૭૫–૨૧૫ | ૩૦ | ૨૧૫–૨૪૫, | ૧૦૦—૫—૫ |
| સુહસ્તિ | ૩૦ | ૧૯૧–૨૨૧ | ૨૪ | ૨૨૧–૨૪૫ | ૪૬ | ૨૪૫–૨૯૧, | ૧૦૦—૬—૬ |

| | સ્થૂલભદ્ર | મહાગિરિ, | સુહસ્તિ. |
|---|---|---|---|
| સર્વાયુ સાલવારી મ. નિ. | ૧૧૬–૨૧૫ | ૧૪૫–૨૪૫ | ૧૯૧–૨૯૧ |

ઉપરોક્ત નોંધ પ્રમાણે, સુહસ્તિસૂરિની દીક્ષા તેમના મ. નિ. ૧૯૧ વર્ષે જન્મ થયા પછી ૩૦ વર્ષે એટલે ૧૯૧+૩૦=૨૨૧ વર્ષે થઈ હોય તો, ૨૧૫ વર્ષે સ્વર્ગસ્થ થનાર શ્રી સ્થૂલભદ્રે તેમને ગણ સોંપ્યો હતો એ પટ્ટાવલીઓમાં જણાવેલી હકીકત ઘટી શકે નહિ. વળી મહાગિરિજીએ સુહસ્તિસૂરિને ગણભાર સોંપી જિનકલ્પતુલના આચરી આર્યસુહસ્તિ સાથે વિચરવાનું આદર્યું એ હકીકત પણ જો તેમનો મ. નિ. ૨૪૫ વર્ષે સ્વર્ગવાસ હોય તો બંધ બેસે નહિ. ઉપરાંત શ્રી મેરુતુંગાચાર્ય જે કહી રહ્યા છે;–'મગધદેશના કોલ્લાગ ગામના રૂદ્રસોમ બ્રાહ્મણની મનોરમા નામની સ્ત્રીથી ઉત્પન્ન થયેલા બે પુત્રો મહાગિરિ અને સુહસ્તિ હતા, તેઓ વિદ્યાભ્યાસ માટે પાટલીપુત્ર ગયા, ત્યાં શ્રી સ્થૂલભદ્ર પાસે તેમની દીક્ષા થઈ. શ્રી યક્ષા આર્યાએ તેમને ઉછેર્યા હતા."[૨૦૮] તે પણ સર્વ મેળ વગરનું થઇ પડે છે. કેમકે એક જ માતાના બે પુત્ર મહાગિરિ અને સુહસ્તિ વચ્ચે ૪૬ વર્ષ જેટલું અસંગત જન્માંતર પડી જાય છે, અર્થાત; આર્યમહાગિરિ પોતાની ૪૬ વર્ષની વયે પોતાના બહુ બાળ દૂધભાઈ સુહસ્તિને લઇ પાટલીપુત્ર જાય અને ત્યાં પોતે દીક્ષા લઈ

(૨૦૮) શ્રીમેરુતુંગસૂરિ કૃત 'અંચલગચ્છીય બૃહત્પટ્ટાવલી' (ભાષાંતર)

લે, તથા યક્ષા આર્યા શ્રાવિકાઓ મારફતે સુહસ્તિને ઉછેરાવે અને તેમની ૩૦ વર્ષની વય થાય ત્યારે તેઓ દીક્ષા લે ને સ્થૂલભદ્ર તેમને ગણ સોંપે એ સર્વ ઉપરની નોંધ પ્રમાણે અસંગત થઇ પડે છે. આ આવી પડતી અસંગતિ પરથી લાગે છે કે, આર્યમહાગિરિ અને આર્યસુહસ્તિના ગાર્હસ્થ્ય પર્યાય અને શ્રામણ્યપર્યાયની નોંધ લેતી વખતે ગમે તે કારણે લેખકની ભૂલ થઈ હોય કે તેમાં અભિપ્રાય ભેદથી કોઇ મતાંતર હોય, લાગે છે કે એ બે આચાર્યોનો ગૃહસ્થાદિ પર્યાય નીચે પ્રમાણે હોય:—

| કોષ્ટક–૨ | આર્યમહાગિરિ | | આર્ય સુહસ્તિ | |
|---|---|---|---|---|
| | વર્ષ | મ. નિ. | વર્ષ | મ. નિ. |
| ગાર્હસ્થ્યપર્યાય | ૩૦ | ૧૬૧–૧૯૧ | ૧૪ | ૧૯૧–૨૦૫ |
| શ્રામણ્યપર્યાય | ૨૪ | ૧૯૧–૨૧૫ | ૪૦ | ૨૦૫–૨૪૫ |
| યુગપ્રધાનત્વપર્યાય | ૩૦ | ૨૧૫–૨૪૫ | ૪૬ | ૨૪૫–૨૯૧ |
| જિનકલ્પત્વપર્યાય | ૧૬ | ૨૪૫–૨૬૧ | ૦ | ———— |
| સર્વાયુ | ૧૦૦ | ૧૬૧–૨૬૧ | ૧૦૦ | ૧૯૧–૨૯૨ |

ઉપરના પ્રથમ કોષ્ટકમાં મહાગિરિજીના શ્રામણ્યપર્યાયનાં ૪૦ વર્ષ લખ્યાં છે તે, દ્વિતીય કોષ્ટકમાં શ્રામણ્યપર્યાયનાં ૨૪ અને જિનકલ્પપર્યાયનાં ૧૬ એમ ૨૪+૧૬=૪૦ વર્ષ થતાં સરખાં જ છે. જ્યારે આર્યસુહસ્તિનો ગાર્હસ્થ્યપર્યાય પ્રથમ કોષ્ટકમાં ૩૦ વર્ષ છે ત્યારે દ્વિતીય કોષ્ટકમાં ૧૬ વર્ષ ઓછો એટલે ૧૪ વર્ષ છે, અને પ્રથમ કોષ્ટકમાં શ્રામણ્ય પર્યાય ૨૪ વર્ષ છે ત્યારે દ્વિતીય કોષ્ટકમાં ૧૬ વર્ષ વધારે એટલે ૪૦ વર્ષ છે. અર્થાત્; ગાર્હસ્થ્યપર્યાય અને શ્રામણ્યપર્યાયમાં એ બે કોષ્ટકમાં ૧૬ વર્ષ ઓછાં–વધતાંનો ફેરફાર છે. આવો ફેરફાર થવાથી આર્યસુહસ્તિની દીક્ષા મ. નિ. ૨૨૧ વર્ષે નહિ પણ મ. નિ. ૨૦૫ વર્ષે આવતાં મ. નિ. ૨૧૫ વર્ષે તેમને સ્થૂલભદ્રના હસ્તે ગણ સોંપવાની હકીકત બંધ બેસતી આવી જાય છે. આર્યમહાગિરિજીનો જિનકલ્પતુલનાનો કાલ પણ દ્વિતીય કોષ્ટક પ્રમાણે બંધ બેસે છે. કેમકે, મ. નિ. ૨૪૫ વર્ષે યુગપ્રધાનપદ છોડયા પછી ૧૬ વર્ષ સુધી મહાગિરિનું આયુષ્ય લંબાય છે, કે જે કાલ દરમીયાન તેઓ જિનકલ્પતુલના કરતાં સુહસ્તિ સાથે વિચરતા હતા. આર્યમહાગિરિ પોતાની ૩૦ વર્ષની વયે બાલ સુહસ્તિને લઈ પાટલીપુત્ર જાય ને દીક્ષા લે તથા બાલ સુહસ્તિનું યક્ષાથી ઉછેરવાનું કાર્ય થાય એ સર્વનો મેળ પણ દ્વિતીય કોષ્ટક પ્રમાણે મળી જાય છે. આમ સર્વ ઠીકઠાક થઈ જાય છે. પછી તો બહુશ્રુતો જાણે અને કહે તે ખરું.

(૨૦૯) જુવો. ટીપ્પણ ૨૦૬ અને ૨૦૭.

# અરાજકતા ૧ વર્ષ, મ. નિ. ૨૯૩–૨૯૪

## (વિ. સં. પૂ. ૧૧૭–૧૧૬. ઈ. સ. પૂ. ૧૭૪–૧૭૩)

“મ. નિ. ૨૯૩ વર્ષે સમ્રાટ્ સંપ્રતિ સ્વર્ગસ્થ થયો અને મ. નિ. ૨૯૪ વર્ષે અપુત્રીયા સંપ્રતિની પછી અશોકના પુત્ર તિષ્યગુપ્તના પુત્રો બલમિત્ર–ભાનુમિત્રને રાજ્ય પ્રાપ્ત થયું.’[૨૦૯] એમ હિમવંત થેરાવલી કહે છે. આથી સમજાય છે કે, વચગાળાના આશરે એકાદ વર્ષપર્યંત ઉજ્જયિનીના સિંહાસન પર કોઈ અભિષિક્ત રાજા હતો નહિ. અપુત્રીયા હોવાને લીધે સંપ્રતિનો સીધો વારસ કોઈ ન હતો અને તેથી લાગે છે કે, સંપ્રતિ પછીનો વારસાહક વિવાદગ્રસ્ત બન્યો હશે; પરિણામે, તે વખતે આશરે ૧ વર્ષ અરાજકતા રહેવા પામી હશે. આ અરાજકતાનું સમર્થન કરતો સ્પષ્ટ ઉલ્લેખ જૈન–જૈનેતર સાહિત્યમાં જોવામાં આવતો નથી. જૈનકાલગણનાની ગાથાઓથી બલમિત્ર–ભાનુમિત્રનું અસ્તિત્વ સમર્થન થાય છે, પરંતુ હિમવંત થેરાવલી કહે છે તેમ, સંપ્રતિ પછીની ૧ વર્ષ અરાજકતા બાદ તેઓ રાજ્ય પર આવ્યા હતા એમ તે ગાથાઓ પરથી સીધી રીતે સ્પષ્ટ થઇ શકતું નથી. એ ગાથાઓના અભિપ્રાય પરથી બલમિત્ર–ભાનુમિત્ર મ. નિ. ૨૯૩ વર્ષે ઉજ્જયિનીના અધિપતિ બન્યા હતા એમ હું પૂર્વે સાબિત કરી ગયો છું, તેથી પણ એક વર્ષ અરાજકતા રહ્યાની વાતનો ત્યાંથી પુરાવો મળી શકે તેમ નથી. સંભવ છે કે એ અરાજકતાનો કાલ ૧ વર્ષથી ઓછો હોઈ ગણતરીમાં ન લેવાયો હોય. સંપ્રતિનો સ્વર્ગવાસ અને બલમિત્ર–ભાનુમિત્રનો રાજ્યારંભ એ બે બાબતોને મહાવીર નિર્વાણના સંવતથી ચોક્કસ રીતે લખનાર થેરાવલીના ગણતરીમાં તો એ અરાજકતાનો કાલ સહજ જ તરી આવે છે. આમ છતાં થેરાવલી અરાજકતાનો ઉલ્લેખ સ્પષ્ટ રીતે કરતી નથી, તેમ તેનું કારણ પણ જણાવતી નથી, તેથી શંકા થાય છે કે, અરાજકતા ન પણ રહી હોય. મ. નિ. ૨૯૪ના છેલ્લા દિવસોમાં સંપ્રતિનો સ્વર્ગવાસ થયો હોય અને મ. નિ. ૨૯૫ના આદિ દિવસોમાં બલમિત્ર–ભાનુમિત્ર રાજ્ય પર આવ્યા હોય, આવી સ્થિતિમાં મ. નિ. ૨૯૩ અને મ. નિ. ૨૯૪ વ્યતિક્રાંત સાલો-ગત વર્ષો લખાય, પરંતુ તે બન્નેના વચગાળાનું અંતર થોડા દિવસોનું પણ હોઈ શકે. બનવા જોગ છે કે, વારસાહકના વાંધા ભર્યા કારણ સિવાય સામાન્ય અન્ય ગમે તે કારણથી પણ સંપ્રતિએ વારસ તરીકે નીમેલા બલમિત્ર–ભાનુમિત્રનો રાજ્યાભિષેક થોડા દિવસ લંબાયો હોય. એ વચગાળાના દિવસો બલમિત્ર–ભાનુમિત્રના રાજ્યમાં ન ગણવાથી હિમવંત થેરાવલીની અને ગણવાથી કાલગણનાની ગાથાઓની કાલગણનામાં, જે એક સાલનું અંતર લખાય છે, તે પણ સંભવી શકે છે. બાકી આ વિષયનો ખરો નિર્ણય પ્રામાણિક અન્ય સાધનના અભાવે થઇ શકતો નથી. તેથી તે બહુશ્રુતોને જ ભળાવવો રહે છે.

# બલમિત્ર-ભાનુમિત્ર ૨૨ વર્ષ, મ. નિ. ૨૯૪-૩૧૬

## (વિ. સં. પૂ. ૧૧૬-૯૪. ઈ. સ. પૂ. ૧૭૩-૧૫૧)

સંપ્રતિ પછી બલમિત્ર-ભાનુમિત્ર રાજ્ય પર આવ્યા અને તેઓ તેના કાકાના પુત્રો હતા, એમ થેરાવલી લખે છે, પરંતુ અશોકના પુત્રના એ પુત્રોનો વારસાહક કયી રીતે હતો એ બાબતમાં તે વધારે સ્પષ્ટ લખતી નથી. બૌદ્ધગ્રંથોમાં અને પુરાણોમાં અશોક પછીના કેટલાક મૌર્યરાજાઓનાં નામો અને તેમનો રાજત્વકાલ લખવામાં આવે છે, પણ તેમાં આ બલમિત્ર-ભાનુમિત્રનાં નામો જોવામાં આવતાં નથી. ઉપરાંત, બૌદ્ધગ્રંથો ને પુરાણોની યાદીઓમાં એવી તો પરસ્પર વિરુદ્ધતા અને અવ્યવસ્થા દેખાય છે કે, તે પરથી સંપ્રતિ બાદ બલમિત્ર-ભાનુમિત્ર કયી રીતે આવ્યા તેનો ઉકેલ થઈ શકે એમ નથી, એટલું જ નહિ, પરન્તુ તેથી વિશેષ ગુંચવાડો જ થાય છે. સંશોધકોએ એ યાદીઓને સંગ્રહિત કરી છે તે આ પ્રમાણે છે:—

### અશોક પછી મૌર્ય સામ્રાજ્યની શાખાઓ.

| પશ્ચિમ શાખા. | પૂર્વશાખા |
|---|---|
| સંપ્રતિ. | દશરથ |
| બૃહસ્પતિ | શાલિશૂક |
| વૃષસેન | દેવધર્મા |
| પુષ્પધર્મા | શતધન્વા |
| પુષ્યમિત્ર | બૃહદ્રથ. |

(દિવ્યાવદાનના આધારે- પં. જયસ્વાલજી)

(૧) પ્રાચીન ભારતવર્ષ ભા. ૧. પૃ. ૪૦૨ પરથી આ યાદી નોંધી છે.

### અશોકવર્ધન પછીના મૌર્યરાજાઓની વંશાવલી અને એમનાં રાજ્ય વર્ષ.

| વિષ્ણુપુરાણ પ્રમાણે. | વાયુપુરાણ અને બ્રહ્માંડપુરાણ પ્રમાણે. | |
|---|---|---|
| સુયશા કે સુપાર્શ્વ. | (વાયુ. પુ. કુશાલ કે કુનાલ, બ્રહ્માંડ. પુ. કુલાલ) | ૮ |
| દશરથ. | (વાયુ. પુ. બ્રહ્માંડ પુ. બન્ધુપાલિત) | ૮ |
| સંગત | (વાયુ. પુ. ઇન્દ્રપાલિત, બ્રહ્માંડ પુ. સમ્મતિ) | ૧૦ કે ૯ |
| શાલિશૂક | | ૧૩ |
| સોમશર્મા | (વાયુ, પુ. દસવર્મા કે દેવધર્મા) | ૭ |
| શતધન્વા | (વાયુ. પુ. શતધર, બ્રહ્માંડ. પુ. શતધનુ.) | ૮ |
| બૃહદ્રથ | (વાયુ. પુ. બૃહદશ્વ) | ૭ કે ૮ |

અશોક પછીના મૌર્યરાજાઓની યાદી અને શંકિત સાલવારી.

| | ઈ. સ. પૂ. | વર્ષ |
|---|---|---|
| દશરથ ( વાયુપુરાણનો કુશલ ) | ૨૩૨–૨૨૪. | ૮ |
| સંગત ( વાયુપુરાણનો બંધુલિપ્ત ) | ૨૨૪–૨૧૬. | ૮ |
| શાલિશૂક ( વાયુપુરાણનો ઈન્દ્રપાલિત ) | ૨૧૬–૨૦૬. | ૧૦ |
| સોમશર્મન ( વાયુપુરાણનો દશવર્મન કે દેવવર્મન ) | ૨૦૬–૧૯૯. | ૮ |
| શતધન્વન્ ( વાયુપુરાણનો શતધનુષ ) | ૧૯૯–૧૯૧. | ૮ |
| બૃહદ્રથ ( વાયુપુરાણનો વૃહદ્રથ ) | ૧૯૧–૧૮૫. | ૬ |

( હિ. પ્રાચીન ઈતિહાસ, સર વિન્સેન્ટ સ્મીથ ગુ. વ. સો. નું ભાષાંતર )

---

અશોકવર્ધન પછીના રાજાઓ ને તેમની સાલવારી.

| | | ઈ. સ. પૂ | વર્ષ |
|---|---|---|---|
| (૪) કુણાલ | ( સુયશા ) | ૨૩૨–૨૨૪. | ૮ |
| (૫) દશરથ | ( બન્ધુપાલિત ) | ૨૨૪–૨૧૬. | ૮ |
| (૬) સંપ્રતિ | ( ઇન્દ્રપાલિત ) | ૨૧૬–૨૦૭. | ૯ |
| (૭) શાલિશૂક | | ૨૦૭–૨૦૬. | ૧ |
| (૮) દેવવર્મા | | ૨૦૬–૧૯૯. | ૭ |
| (૯) શતધનુષ | | ૧૯૯–૧૯૧. | ૮ |
| (૧૦) બૃહદ્રથ | | ૧૯૧–૧૮૪. | ૭ |

( મૌર્ય સામ્રાજ્યનો ઇતિહાસ. આચાર્ય વિદ્યાભૂષણાલંકાર શ્રી જયચંદ્ર. પુરાણો ના આધારે)

---

સંશોધકોથી ઉપયોગમાં નહિ લેવાયલી 'હિમવંત થેરાવલી' ની અશોક પછીના રાજાઓની યાદી.

ઉજ્જયિનીની ગાદી ( મુખ્ય શાખા અને ભાગલા. )

| | વર્ષ. | મ. નિ. | ઈ. સ. પૂ. | |
|---|---|---|---|---|
| સંપ્રતિ | ૪૭ | ૨૪૬–૨૯૩ | ૨૨૧–૧૭૪ | મુખ્યશાખા |
| બલમિત્ર-ભાનુમિત્ર | ૬૦ | ૨૯૪–૩૫૪ | ૧૭૩–૧૧૩ | સામ્રાજ્યના ભાગલા |

પાટલીપુત્રની ગાદી ( મુખ્ય શાખા અને પેટાશાખા )

| | વર્ષ | મ. નિ. | ઈ. સ. પૂ. | |
|---|---|---|---|---|
| સંપ્રતિ | ૨ | ૨૪૪–૨૪૬ | ૨૨૩–૨૨૧ | મુખ્ય શાખા |
| પુણ્યરથ | ૩૪ | ૨૪૬–૨૮૦ | ૨૨૧–૧૮૭ | પેટા શાખા |
| વૃદ્ધરથ | ૨૪ | ૨૮૦–૩૦૪ | ૧૮૭–૧૬૩ | ,, ,, |
| પુષ્યમિત્ર | ( સ્વતન્ત્ર ) | | | |

બૌદ્ધગ્રંથો, પુરાણો અને હિમવંત થેરાવલીની મૂળ યાદીઓમાં પરસ્પર સ્થળ, ક્રમ, રાજત્વકાલાદિમાં મતાન્તર છે, પણ એ યાદીઓમાં જે નામો આપવામાં આવ્યાં છે તે રાજાઓનું અસ્તિત્વ જરૂર હોવું જ જોઇએ, અન્યથા એ નામો તે યાદીઓમાં દાખલ થાય જ નહિ. હવે જો એ રાજાઓનું અસ્તિત્વ નક્કી છે તો તેમના સ્થળનો સૌથી પ્રથમ વિચાર કરવો જોઇએ. અશોક પાટલીપુત્રનો સમ્રાટ્ હતો એ સર્વસમ્મત હકીકત છે. દિવ્યાવદાનાદિ બૌદ્ધગ્રંથો અને જૈનગ્રંથો લખે છે કે, અશોક પછી સંપદી કે સંપ્રતિ પાટલીપુત્ર પર અભિષિક્ત થયો હતો એ પરથી નક્કી થાય છે કે, અશોક અને સંપ્રતિ એ બે સમ્રાટો વચ્ચે પુરાણો, જે સુયશા (કુણાલ) અને દશરથ એ બે રાજાઓનાં નામો નોંધે છે અથવા તો કોઈ સ્થળે એકલા દશરથનું નામ નોંધે છે, તે નોંધ બરાબર નથી. સુયશા (કુણાલ) ઉજ્જયિનીમાં રહેતાં પાટલીપુત્રનો યુવરાજ હતો, પણ તે કયારે ય કોઈ સ્થળનો રાજા બન્યો નથી. અશોકે અંધ બનેલા એને પાટલીપુત્રનું મહારાજ્ય આપ્યું છે, પણ તે તેના પુત્ર સંપ્રતિના માટે. પુરાણોએ સંપ્રતિનો રાજ્યાભિષેક ન થયો ત્યાં સુધી તેને જ રાજા માની લીધો હોય એ બનવા જોગ છે, પરંતુ તે ખાલી ભ્રમ જ છે. ખલતિક પર્વત ઉપર આજીવિક સાધુઓને કરાયલા ગુફાદાન સંબંધી લેખોથી એ સિદ્ધ છે કે, 'દેવાનાં પ્રિય'ની પછી દશરથનો અભિષેક થયો હતો. આ 'દેવાનાં પ્રિય' જો અશોક છે અને તેના પછી દશરથનો અભિષેક છે તો, અશોક પછી દશરથ રાજા થયો છે, એમ જે કહેવામાં આવે છે તે સત્ય જ છે, પરંતુ જ્યારે અશોક પછી સંપ્રતિનું પાટલીપુત્ર પર આવવું થયું છે એમ બૌદ્ધગ્રંથો ને જૈનગ્રંથો કહે છે ત્યારે, અશોક પછી તરત જ કે થોડાંક વર્ષ પહેલાં આવેલો દશરથ પાટલીપુત્ર સિવાય કોઇ અન્ય સ્થળે અભિષિક્ત થયેલો હોવો જોઇએ એવા અનુમાન પર આવવું પડે છે. સંભવ છે કે, રાજગૃહીની જૂની પેટા શાખા પર તે અભિષિક્ત થયો હશે, અને એ અભિષેકનો સમય મ. નિ. ૨૪૪ વર્ષે અથવા તેથી અમુક વર્ષ પહેલાં હશે.[૨૧૦] આ રીતે સંપ્રતિ અને દશરથના રાજત્વકાલની

---

(૨૧૦) પુરાણો દશરથનો રાજત્વકાલ ૮ વર્ષ લખી તેને સંપ્રતિની પૂર્વે લાવતાં હોવાથી તે મ. નિ. ૨૪૪ વર્ષે સંપ્રતિ પાટલીપુત્રની ગાદી પર આવ્યો તેથી ૮ વર્ષ પૂર્વે એટલે મ. નિ. ૨૩૬ વર્ષે રાજગૃહીની ગાદી પર આવ્યો હોય તો પણ ના નહિ. વળી પુરાણોએ સંપ્રતિના રાજ્યાભિષેક પછી દશરથનો રાજગૃહી અને પાટલીપુત્ર પરનો રાજત્વકાલ ગણ્યો જ નહિ. કારણ કે તેને તે વખતે પાટલીપુત્રમાં સંપ્રતિનો રાજત્વકાલ નોંધવો હતો. તે રાજસ્થળનાં જુદાં જુદાં સ્થાનો ઉલ્લેખતી ન હોવાથી એક સાથે બે રાજાઓને એક જ સ્થળે-પાટલીપુત્રમાં કેવી રીતે નોંધી શકે ? વળી સંપ્રતિના રાજ્યાભિષેક પૂર્વેનાં એટલે અશોકના રાજત્વકાલનાં છેલ્લાં ૮ વર્ષ પુરાણોએ, અશોકે પોતાનું રાજ્ય સંપ્રતિને માટે કુણાલને આપવાનું જ નહિ પરંતુ આપ્યાનું સ્વીકાર કર્યા છતાં અશોકના રાજત્વકાલમાં જ ગણ્યાં છે અને સાથે સાથે તે ૮ વર્ષ કુણાલનાં પણ ગણ્યાં છે. પાટલીપુત્રની ગાદીનાં ૮ વર્ષ આમ બેના નામે ચડયાં છે, એટલું જ નહિ, પરંતુ તે ૮ વર્ષ રાજગૃહીના

સમકાલીનતા ઘટી શકે છે. દિવ્યાવદાનના આધારે શ્રી જાયસ્વાલજી એને પશ્ચિમ શાખા અને પૂર્વશાખા તરીકે લખે છે. પણ ખરી રીતે તે પાટલીપુત્ર અને રાજગૃહીની અનુક્રમે મુખ્ય શાખા અને પેટાશાખા છે. આ પરથી સમજાશે કે, દશરથનો અનુગામી સંપ્રતિ નથી અને તેથી પુરાણો જે સંપ્રતિ પછી શાલિશૂકનું નામ મુકે છે તે બરાબર નથી. શ્રી જાયસ્વાલજી કહે છે તેમ, દશરથ પછી શાલિશૂક આવ્યો હતો. સંપ્રતિના રાજત્વકાલમાં જ એ રાજગૃહીની ગાદી પર આવ્યો હતો અને તેથી તે સંપ્રતિનો અનુગામી હોઈ શકે નહિ. દશરથ અને શાલિશૂક એ, હિમવંત થેરાવલીમાં જણાવેલા પાટલીપુત્ર પર સંપ્રતિના ઉજ્જયિની ગયા બાદ સ્થપાયલા બૌદ્ધ ધર્મી રાજા પુણ્યરથ (મ. નિ. ૨૪૬–૨૮૦) અને વૃદ્ધરથ (મ. નિ. ૨૮૦–૩૦૪)થી ભિન્ન નથી, એમ કેટલોકો અનુમાન કરે છે, પણ તેની પ્રામાણિકતા માટે કોઈ ખાસ પુરાવો નથી. છતાં એ પ્રામાણિક હોય તો એ રાજાઓ પાટલીપુત્રની નવી ઉત્પન્ન થયેલી પેટાશાખાના ગણાય, નહિ કે રાજગૃહીની પેટાશાખાના. આવી સ્થિતિમાં બલભદ્ર પછી અને વૃષસેનાદિ પહેલાં, સંપ્રતિના રાજત્વકાલ દરમીયાન રાજગૃહીની પેટા શાખા પર કોઈ અન્ય રાજાઓ હશે એમ માનવું રહ્યું. હિમવંત થેરાવલી વૃદ્ધરથનાં ૨૪ વર્ષ લખે છે. આશ્ચર્ય છે કે શાલિશૂકનાં ભિન્ન ભિન્ન લેખકોના સંશોધનમાં ૧૩ વર્ષ, ૧ વર્ષ, અને ૧૦ વર્ષ છે. એનો સરવાળો કરતાં ૨૪ વર્ષ આવે છે; સંપ્રતિના રાજ્યાંત પહેલાંનાં ૧૩ વર્ષ, અરાજકતાનું ૧ વર્ષ અને તે પછીનાં ૧૦ વર્ષ એમ ભિન્ન ભિન્ન દૃષ્ટિએ શાલિશૂકનો રાજત્વકાળ પુરાણોમાં લખાયો હશે શું? એવી પણ કલ્પના અહિં કરી શકાય છે! વૃદ્ધરથ એ શાલિશૂક હો કે તેથી ભિન્ન હો, પણ એ તો નક્કી છે કે; પુષ્યમિત્ર સેનાધિપતિએ પોતાના સ્વામી પાટલીપુત્રના રાજા વૃદ્ધરથને, નહિ કે બૃહદ્રથને, મારી પોતે સર્વસત્તાધીશ બની બેઠો હતો. એ બનાવ મ. નિ. ૩૦૪ વર્ષે બન્યો હતો. આથી એ વૃદ્ધરથ કે શાલિશૂક સંપ્રતિના રાજત્વકાલે ગાદી પર આવ્યા હોઇ તેના અનુગામી નથી. ઉજ્જયિનીની મુખ્ય ગાદી સંપ્રતિના મૃત્યુ બાદ મુખ્યત્વ ગુમાવી બેઠી હતી. કેમકે, તેનો અંકુશ મગધ પરથી નીકળી ગયો હોય તેમ લાગે છે. ખરેખર, મગધસામ્રાજ્ય ભાગલાઓમાં વ્હેંચાઈ ગયું હતું. પાટલીપુત્રનો રાજા વૃદ્ધરથ એ સંપ્રતિના મૃત્યુ બાદ સ્વતન્ત્ર થઇ ગયો હતો અને અવન્તિ સાથેનો તેનો સંબંધ સમાપ્ત

દશરથના નામે મુકી તેને પણ પાટલીપુત્રની ગાદી પર તેજ સમય દરમીયાન બેસાડયો છે. એમ એ ૮ વર્ષની ત્રિરાવૃત્તિ થઇ છે. ઉપરાંત સંપ્રતિના રાજત્વકાલનાં છેલ્લાં વર્ષોમાં વિદ્યમાન અને દશરથ પછી રાજગૃહીની ગાદી પર આવનાર ૧૦ કે ૧૩ વર્ષ રાજત્વકાલવાળા શાલિશૂકને સંપ્રતિની પછી લખી તેને પણ પાટલીપુત્રની ગાદીએ નોંધ્યો છે. આ સર્વને પરિણામે પુરાણોમાં અશોક પછીની વંશાવલી અને તેનો રાજત્વકાલ ખોટી રીતે નોંધાઇ સંપ્રતિનો રાજત્વકાલ બહુ જ ટુંકાવાયો છે. ટુંકમાં કહીએ તો, પુરાણોએ ઠેઠ અજાતશત્રુના સમયથી રાજગૃહીની પેટા શાખાને પાટલીપુત્રની મુખ્ય શાખામાં સેળભેળ કરી ભારે ગોટાળો કરી નાખ્યો છે અને તે મગધ સામ્રાજ્યના ઇતિહાસમાં અવ્યવસ્થા ને અસંગતિ જ ઉપજાવતું રહ્યું છે.

થયો હતો. આજ કારણથી શ્રી જાયસ્વાલજી દશરથ અને શાલિશૂકની વચ્ચે સંપ્રતિને ન ઘુસાડતાં અલગ શાખામાં જ રાખે છે હિમવંત થેરાવલી તો સંપ્રતિ પછી વૃદ્ધરથ નહિ, પણ બલમિત્ર આવ્યાની વાત સ્પષ્ટ રીતે જ કરી રહી છે. આ સર્વ પરથી સંપ્રતિ બાદ વૃદ્ધરથ કે શાલિશૂક આવ્યા નથી એ નક્કી થાય છે. શ્રી. જાયસ્વાલજી સંપ્રતિના અનુગામી તરીકે બૃહસ્પતિનું નામ લખે છે; પણ તે બરાબર નથી એમ તેના વિષે વિચાર કરવાથી સમજાશે.

દિવ્યાવદાનના આધારે શ્રી જાયસ્વાલજીથી લખાતો બૃહસ્પતિ એ, બૃહસ્પતિમિત્ર હોવો જોઇએ, કે જે પાટલીપુત્રમાં મ નિ. ૩૧૨ વર્ષે રાજ્ય કરી રહ્યો હતો એમ કલિંગસમ્રાટ ખારવેલના હાથીગુફાવાળા શિલાલેખથી આપણને જાણવા મળે છે. એ શિલાલેખમાં ખારવેલે પાટલીપુત્ર પર ચઢાઇ કરી બૃહસ્પતિમિત્રને પોતાના પગમાં નમાવ્યો એમ લખ્યું છે. સંશોધકોએ આ બૃહસ્પતિમિત્રને પુષ્યમિત્ર ઠરાવ્યો છે. પણ 'બૃહસ્પતિમિત્ર' એવા વિશેષ નામને, પુષ્યનક્ષત્રનો સ્વામી 'બૃહસ્પતિ' છે માટે શિલાલેખમાં લખાયલો બૃહસ્પતિ 'પુષ્ય'ના સ્થાને લખાયો છે એવી કલ્પનામાત્રથી પુષ્યમિત્રના સ્થાને માની લેવું, એ બહુ જ અજુગતું છે શિલાલેખની જાહેરાતના ગદ્ય લખાણમાં 'પુષ્યમિત્ર' જેવું અલ્પાક્ષરી નામ છોડી દઈ તત્કાલ ભાન થાય તેવું બહ્વાક્ષરી 'બૃહસ્પતિમિત્ર' નામ લખાયું છે, તે સાબીત કરે છે કે, બૃહસ્પતિમિત્ર અને પુષ્યમિત્ર એ બે એક નહિ પણ ભિન્ન વ્યક્તિઓ છે. પુષ્યમિત્ર પોતાને નિરન્તર સેનાની તરીકે જણાવી રહ્યો છે, તેથી સમજાય છે કે, ભલેને, તે સર્વ સત્તાધીશ હોય પણ તેણે કયારેય રાજપદ સ્વીકાર્યું નથી, તેમ મ. નિ ૩૦૪ વર્ષે પોતાના સ્વામી વૃદ્ધરથને મારી સર્વસત્તાધીશ બન્યો ત્યારે, સંભવ છે કે, તેણે પોતાના સૌથી મોટા પુત્રને પાટલીપુત્રમાં રાજપદે નિયુક્ત કર્યો હોય અને એ મોટા પુત્રનું નામ બૃહસ્પતિમિત્ર હોય. પુષ્યમિત્રના કુટુમ્બાદિ વિષે ઝાઝી માહિતી મળતી નથી, પરંતુ એક લેખક લખે છે કે, 'તેને બૃહસ્પતિમિત્ર, ધનદેવ, વિગેરે આઠ પુત્રો હતા.[૨૧૧] આ બૃહસ્પતિમિત્ર ખારવેલના શિલાલેખનો બૃહ-

(૨૧૧) પ્રાચીન ભારતવર્ષ ભા. ૩ પૃ. ૬૪ પર લખે છે કેઃ—એક લેખક (ટી. ૫ જ. બી. ઓ. રી. સો. પૃ ૨૪૦ થી ૨૫૦) જણાવે છે કે "તેને આઠ પુત્રો હતા. તેમાં એકનું નામ બૃહસ્પતિમિત્ર હતું. છઠ્ઠો પુરૂષ ધનદેવ તે કોશલરાજા ફલ્ગુદેવની પુત્રી કૌશિકી, જે પુષ્યમિત્રની રાણી હતી તેને પેટે જન્મ્યો હતો." ડો. ત્રિ. લ. શાહથી આ લખાણની સત્યતા વિષે ખાત્રી કરી શકાઇ નથી, પરંતુ ખારવેલનો શિલાલેખ આ સમયે પાટલીપુત્રમાં બૃહસ્પતિમિત્ર હોવાની સાક્ષી પુરે છે.

વળી 'બૃહસ્પતિમિત્ર'ના મળી આવતા સિક્કાઓ અગ્નિમિત્રના સિક્કાઓની પેઠે તેવી જ કોટિના અને રૂપનાં હોઇ, તે મિત્ર (શુંગ) વંશી રાજાઓના કોઇ પણ સિક્કા કરતાં પ્રાચીન છે. એમ સર કનિંગહામના લખાણ (કો. ઈ. એ. પૃ. ૮૧) પરથી માલૂમ પડે છે એથી પણ સાબીત થાય છે કે, પુષ્યમિત્રના ચક્રવર્તી સમા, વિદિશામાં અને પાછળથી પાટલીપુત્રમાં રાજ્ય કરતા પુત્ર અગ્નિમિત્રથી પૂર્વે, જો કે બહુ પૂર્વે નહિ, બૃહસ્પતિમિત્ર શુંગવંશનો રાજા હતો.

સ્પતિમિત્ર અને ધનદેવ એ પુરાણોની યાદીઓનો દેવવર્મન્ કે દેવધર્મન્ હોઇ, તેઓ અનુક્રમે પાટલીપુત્રના સિંહાસન પર તેમના પિતા પુષ્યમિત્રની હયાતી દરમીયાન આવ્યા હોય એ સંભવિત છે. પુરાણોએ, 'પુષ્યમિત્રે વૃદ્ધરથની કતલ કરી હતી' તેના બદલે 'દેવવર્મન્ (સોમશર્મન્ કે દેવધર્મન્)થી ત્રીજા પુરુષ બૃહદ્રથ (વૃજદશ્વ)ની કતલ કરવાનું લખી ગોટાળો કર્યો છે. પરિણામે, તેમની યાદીઓમાં બૃહસ્પતિમિત્ર નામ છોડી દેવાયું અને દેવવર્મન્ આદિ રાજાઓને શુંગવંશીના બદલે મૌર્યવંશી ગણી લેવાયા. આ સર્વ પરથી સમજાશે કે બૃહસ્પતિમિત્ર નામનો શુંગવંશી રાજા થયો છે. તેનો સંબંધ પાટલીપુત્ર સાથે હોઇ, તે મૌર્યવંશી કે સંપ્રતિનો અનુગામી નથી

શ્રી જાયસ્વાલજીએ કલ્પેલી મૌર્યરાજાઓની પશ્ચિમશાખામાં સંપ્રતિ બાદ બૃહસ્પતિ, વૃષસેન પુષ્પધર્મા અને પુષ્યમિત્ર, એ રાજાઓ અનુક્રમે લખાયા છે; પરંતુ હું જણાવી ગયો છું કે, બૃહસ્પતિ એ વૃદ્ધરથ પછી આવનાર શુંગવંશી પાટલીપુત્રનો રાજા છે. તેને ઉજ્જયિની સાથે કાંઇ સંબંધ નથી. શ્રી જાયસ્વાલજી બૃહસ્પતિ પછી વૃષસેનનું નામ લખે છે. પુરાણોની યાદીઓ પરથી કરાયલાં સંશોધકોનાં કોષ્ટકોમાં આ વૃષસેનનું નામ જણાતું નથી. તે કોણ છે તથા તેને ને સંપ્રતિને શો સંબંધ હતો, તે વિષે પણ કાંઈ નિશ્ચયાત્મક કહી શકાય તેમ નથી. કોઈક તેને વૃષભસેન કે વીરસેન નામથી પણ ઓળખાવે છે. સંપ્રતિના રાજત્વકાલ દરમીયાન એક કાબુલનો સુબો સોફગસેન કે સોફાગસેન નામે જણાયો છે, કે જેને સુભગસેન–સુભાગસેન–સોભાગસેન નામથી પણ ઓળખાવાય છે,[૨૧૨] તે પોતે અથવા તેનો પુત્ર તો આ વૃષસેન નહિ હોય શું એવો પ્રશ્ન ઉઠે છે. 'મૌર્ય સામ્રાજ્યનો ઇતિહાસ'નો લેખક વૃષસેનને સંપ્રતિના વારસપુત્ર તરીકે કલ્પે છે અને ઉપરોક્ત વૃષભસેનાદિ બધાં ય નામો વૃષસેનનાં જ જણાવે છે, પરંતુ ઉજ્જયિનીના સિંહાસન પર તે ન આવતાં, હિમવંત થેરાવલીના કથન પ્રમાણે, બલમિત્ર–ભાનુમિત્ર આવ્યા છે તે પરથી લાગે છે કે આ વૃષસેન સંપ્રતિનો પુત્ર ન હોવો જોઇએ. યુગપુરાણના આધારે શ્રીયુત. કેશવલાલ હર્ષદરાય ધ્રુવ શાલિશૂકને સંપ્રતિનો ભ્રાતા માને છે તે સત્ય હોય તો દશરથ, શાલિશૂક એવા ક્રમથી આવનાર વૃષસેન કદાચ સંપ્રતિનો ભત્રીજો હોઈ શકે, પરંતુ દશરથ પછી રાજગૃહીની ગાદીએ ક્રમશઃ આવનાર શાલિશૂક, વૃષસેન અને પુષ્પધર્મા, એ રાજાઓ વંશપરંપરાગત છે એમ માનવાને મજબૂત પ્રમાણ જોઈએ, અન્યથા વૃષસેન કદાચ સોભાગસેન કે તેનો પુત્ર પણ હોય. ટુંકામાં કહીએ તો શાલિશૂક અને આ વૃષસેનની વાસ્તવિક ઓળખ જ કોઈ આપતું નથી.

---

'આ બૃહસ્પતિમિત્રનો સગપણસંબંધ અહિચ્છત્રના રાજાઓ સાથે હતો, કે જેઓ બ્રાહ્મણ હતા' આવા કોસમ–પ્રભોસાના શિલાલેખથી પણ નક્કી થાય છે કે, આ બૃહસ્પતિમિત્ર બ્રાહ્મણજાતિના શુંગોના વંશનો હતો.

(૨૧૨) કાબુલની ખીણમાં રાજ કરતો આ સુભગસેન અશોકની સાથે શું સંબંધ ધરાવતો હતો એ જાણી શકાયું નથી. સંભવ છે કે, તે કદાચ અશોકનો પુત્ર હોય, અને વૃષસેન એ આ સુભગસેનનો પુત્ર હોય.

સર વિ. સ્મીથ શાલિશૂકને વાયુપુરાણનો ઇન્દ્રપાલિત કહે છે. પણ જૈનસાહિત્યમાં સંપ્રતિને અશોકથી પાલન કરાયેલો કહ્યો છે. આર્યો રાજાને દેવ તરીકે સંબોધે છે; અને દેવોનો સ્વામી ઇન્દ્ર કહેવાય છે, તેમ રાજાઓનો સ્વામી અશોક પણ ઇન્દ્ર કહેવાય. આ રીતે અશોકથી એટલે ઇન્દ્રથી પાલિત-ઇન્દ્રપાલિત-એ અન્ય કોઈ શાલિશૂકાદિ નહિ પણ 'મૌર્ય સામ્રાજ્યનો ઈતિહાસ'કાર લખે છે તેમ સંપ્રતિ જ હોઇ શકે અને જો "શાલિશૂક સંપ્રતિનો ભ્રાતા હતો, તે પહેલાં સોરઠનો સુબો હોઈ પાછળથી પાટલીપુત્ર પર આવ્યો હતો" એ શ્રીયુત કે. હ. ધ્રુવની શાલિશૂકની સંપ્રતિના ભ્રાતા તરીકેની કલ્પના બરાબર હોય તો, કુણાલની અન્ધત્વદશામાં જેમ સંપ્રતિ અશોકથી પાલન કરાયો ને અશોકપાલિત-ઇન્દ્રપાલિત કહેવાયો તેમ, શાલિશૂક વડીલબન્ધુ સંપ્રતિથી પાલન કરાયો હોય ને બન્ધુપાલિત કહેવાયો હોય તો તે બનવા જોગ છે. બાકી કેટલાંક પુરાણોની યાદીઓ પ્રમાણે દશરથ કેવી રીતે બન્ધુપાલિત તરીકે ઓળખાયો હતો એ ન સમજાય તેવી બાબત છે. આમ છતાં તેને અમુક રીતે સમજવા મેં પૂર્વે કાંઇક પ્રયાસ કરી જોયો છે, પછી ભલેને, તે કદાચ વ્યર્થ પણ હોય.

ઉપર હું કહી ગયો છું કે, વૃષસેન એ સંપ્રતિના ઉજ્જયિનીના સિંહાસને આવ્યો નથી એનો અર્થ એ થાય છે કે, તે કાં તો પાટલીપુત્ર પર અથવા તો રાજગૃહી પર આવ્યો હોવો જોઈએ. હિ. થે. પ્રમાણે પાટલીપુત્ર પર વૃદ્ધરથ (મ. નિ. ૨૮૦–૩૦૪) અને તે પછી પુષ્યમિત્ર (રાજા તરીકે બૃહસ્પતિ) આવ્યો છે તેથી વધારે સંભવિત એ છે કે, તે રાજગૃહી પર શાલિશૂક પછી આવેલો છે અને ત્યાં તેણે આશરે મ. નિ. ૨૯૨ થી ૩૦૧ સુધી ૯ વર્ષ રાજ્ય કર્યું છે. આમ છતાં આ રાજગૃહીની શાખાને પડતી મેલી, તેની શરૂઆતના દશરથ ને શાલિશૂકને પાટલીપુત્રમાં તથા પાછળના વૃષસેન ને પુષ્પધર્માને ઉજ્જયિનીના સિંહાસને લઈ જવાથી, અશોક પછી તરત જ સંપ્રતિ અને દશરથથી લઈ અનુક્રમે પશ્ચિમશાખા એટલે ઉજ્જયિનીની શાખા તથા પૂર્વશાખા એટલે પાટલીપુત્રની શાખા એમ સર્વથા સ્વતન્ત્ર એવા બે વિભાગ માનતાં શ્રી જાયસ્વાલજી વિગેરેનું સંશોધન ભ્રમાત્મક બની ગયું છે. મૌર્ય સામ્રાજ્યની સ્થાપના ૬૦ વર્ષ મોડી એટલે મ. નિ. ૨૧૫ વર્ષે માનતા કેટલાકોથી સંપ્રતિનો રાજત્વકાલ બહુ જ ટુંકાવાયો છે, જ્યારે પુરાણોની યાદીઓમાં દશરથાદિને પાટલીપુત્રના જ રાજાઓ માની સંપ્રતિના ટુંકાવાયલા સમય જેટલા સમયને વધારવા પ્રયત્ન થયો છતાં તે સમય ઓછો પડવાથી દેવવર્મન્ વિગેરે શુંગરાજાઓને મૌર્યવંશાવલીમાં નાખી દેવાયા અને પુણ્યરથ, વૃદ્ધરથ, બૃહસ્પતિમિત્ર એ સર્વને છોડી દઇ વૃજદશ્વને વૃદ્ધરથના સ્થાને મુકી દેવાયો; પરિણામે સંપ્રતિ અને તેના સમયની કેટલીક ઘટનાઓ ઓછાયા સમી બની ભારે ગોટાળો થઇ ગયો છે. હિમવંત થેરાવલીને સાથમાં રાખી એનું ફરીથી સંશોધન થવું જોઈએ. એ થેરાવલી અને બૌદ્ધગ્રન્થાદિની યાદીઓ પરથી મારું સંશોધન,

અશોક પછી તરત જ મૌર્ય સામ્રાજ્યના સ્વતન્ત્ર વિભાગ થયા હોય એમ માનતું નથી. સંપ્રતિએ પાટલીપુત્રથી ઉજ્જયિનીમાં રાજધાની ફેરવી ત્યારે રાજગૃહીની જૂની પેટા શાખા ચાલુ જ હતી, જ્યાં દશરથ રાજ્ય કરતો હતો. હવે બીજી પાટલીપુત્રમાં પેટાશાખા શરૂ થઈ કે જ્યાં રાજકર્તા તરીકે પુણ્યરથ નીમાયો હતો. રાજગૃહીની અને પાટલીપુત્રની આ શાખાઓ ઉજ્જયિનીના તાબામાં હતી પરંતુ સ્વતન્ત્ર ન હતી. રાજગૃહીમાં દશરથ પછી શાલિશૂક અને પાટલીપુત્રમાં પુણ્યરથ પછી વૃદ્ધરથ આવ્યા તે પણ મગધ સામ્રાજ્યની સંપ્રતિના હાથ નીચે ઉજ્જયિનીમાં રહેલી કેન્દ્રસ્થ સત્તાથી નીમાયલા હોઈ તેને આધીન હતા. મ. નિ. ૨૯૨ વર્ષે શાલિશૂકના મૃત્યુ બાદ રાજગૃહીમાં વૃષસેન આવ્યો તે પણ સંપ્રતિથી નીમાયલો હોઈ કેન્દ્રસ્થ સત્તાને આધીન હતો. પણ મ. નિ. ૨૯૩ વર્ષે સંપ્રતિનું મૃત્યુ થતાં તેના સ્થાને બલમિત્ર–ભાનુમિત્ર આવતાં કેન્દ્રસ્થ સત્તાનો પ્રતાપ નષ્ટ થઈ મગધ સામ્રાજ્ય ભાગલાઓમાં વ્હેંચાઈ ગયું હોય તેમ લાગે છે. આ સમયથી મૌર્ય સામ્રાજ્યની પડતીનાં પગરણ મંડાયાં તે, આપણે જોઈશું કે, છેવટે મ. નિ. ૨૧૬ વર્ષે તેની કેન્દ્રસ્થ સત્તાના સ્થળ ઉજ્જયિનીને પણ પરાધીન બનાવનારાં નીવડયાં.

અશોકે સંપ્રતિને સમ્રાટ્ બનાવ્યો એ હકીકત કોઈ કોઈ અશોકના વંશજોને ખુંચતી હોવા છતાં, વડીલના વિનયની ખાતર અને સંપ્રતિના પુણ્યપ્રતાપને લઈ તેઓએ નભાવી લીધી, પરંતુ સંપ્રતિના મૃત્યુ બાદ આવેલા બલમિત્ર–ભાનુમિત્ર નબળા મનના હોઈ ચાલુ પરિસ્થિતિને કાબુમાં લેવા અસમર્થ નિવડયા. ભારતના વાયવ્ય કોણ પર થઈ રહેલા યવનોના હુમલાઓ, કાશ્મીર વિગેરે દેશો પર નીમેલા રાજવંશીય કે અન્ય સુબાઓની નિરંકુશ રાજાઓ બની જવાની ભાવનાઓ, આન્ધ્રાદિ દેશોના રાજાઓની સ્વતન્ત્ર બની જવાની મહેચ્છાઓ, વિગેરે વિગેરે સામ્રાજ્ય નષ્ટ થવાનાં કારણો તરફ બલમિત્ર–ભાનુમિત્ર, વૃદ્ધરથ અને વૃષસેન એ અનુક્રમે ઉજ્જયિની, પાટલીપુત્ર અને રાજગૃહીના રાજ્યકર્તાઓ કોઈ મન્ત્રણા કરી સામ્રાજ્યને પતનમાંથી બચાવવાનો પ્રયત્ન ન કરતાં કેવળ ઉદાસીન જ રહ્યા છે!

ઉજ્જયિનીના સિંહાસને આવેલા બલમિત્ર–ભાનુમિત્ર પહેલાં કયાં અધિકૃત હતા તે નિશ્ચયથી કહી શકાય તેમ નથી, પણ સંભવ છે કે, સંપ્રતિના રાજત્વકાલે તેમનો પિતા તિષ્યગુપ્ત લાટનો સુબો હશે અને તેની પાછળ આ બલમિત્ર–ભાનુમિત્ર ત્યાંના સુબા તરીકે આવ્યા હશે. એમણે કાલકાચાર્યનું (શ્યામાચાર્યનું) ભરૂચથી નિર્વાસન કર્યું હતું એવો એક જૈન સંપ્રદાય પ્રવર્તે છે એ માન્યતાનું બીજ, પહેલાં તેઓ ભરૂચમાં અધિકાર પર હતા એમાં જ રહેલું છે. પશ્ચિમભારતના પ્રદેશોનો અનુભવ અને તે પરની લાગવગના કારણને લઈને જ કદાચ તેઓ ઉજ્જયિનીના રાજપદને લાયક મનાયા હશે એમ પણ કહી શકાય. સંપ્રતિ અને તેનો કહેવાતો રાજગૃહી પર રાજ્ય કરતો ભ્રાતા શાલિશૂક એ બન્ને અપુત્રીયા તરીકે મૃત્યુ પામતાં સંપ્રતિના એક કાકા (અશોકના પુત્ર) તિષ્યગુપ્તના પુત્રો બલમિત્ર–ભાનુમિત્ર હોતાં તેમનો ઉજ્જયિની પર વારસાહક હોય ને

[213] તેઓ ભરૂચથી આવી અહિં અભિષિક્ત થયા હોય તો પણ ના નહિ. એના રાજત્વ-કાલનો પૂર્વવિભાગ ૨૨ વર્ષનો છે તેમાં તેની કારકીર્દી વિષે કાંઇ પણ જાણવા મળતું નથી, પરંતુ મગધસામ્રાજ્યનું પતન થવામાં કામ કરતી કેટલીક હકીકતો એકઠી કરી શકાય તેમ છે. જેમકેઃ—

બલમિત્ર-ભાનુમિત્ર ઉજ્જયિનીની ગાદીએ આવ્યા ત્યારે, સૌથી પ્રથમ પાટલીપુત્રના વૃદ્ધરથે અને રાજગૃહીના વૃષસેને તેમની સર્વોપરિતાને ન સ્વીકારતાં, મગધ વિગેરે પૌર્વાત્ય દેશો છૂટા પડી ગયા. મગધ સામ્રાજ્યના પૂર્વ અને પશ્ચિમ એમ બે ભાગલા થયાની વાત કરવામાં આવે છે તે વાસ્તવિક આ રીતે જ છે. ઉત્તર ભારત અને સૌરાષ્ટ્ર પણ આ સમય દરમીયાન ઉજ્જયિનીની સત્તાને અવગણી હતી. સામ્રાજ્ય વિભક્ત થતાં તેનું સમર્થ અને મહાન લશ્કરી બળ પણ વિભક્ત થઇ ગયું. આ સર્વનો લાભ લઇ સૌથી પ્રથમ આન્ધ્રરાજા સાતકર્ણીએ મૌર્યોની આધીનતાને ફગાવી દીધી અને તે પોતાનો રાજ્યપ્રદેશ વિસ્તારવાના કામે લાગી ગયો. વિભક્ત અને તેથી નબળા બનેલા મૌર્યરાજાઓ પોતપોતાના હાથમાં રહેલા પ્રદેશોને સાચવી શકે એ જ તેમના માટે બહુ હતું. એમનામાં દક્ષિણાપથના દેશો પર બળ અજમાવવાની સુદ્ધાં તાકાદ ન રહી હતી. આમ છતાં મ. નિ. ૨૯૮ વર્ષે પ્રતિષ્ઠાનપુરના સિંહાસને આવેલો શ્રીમુખનો વંશજ આન્ધ્રરાજા સાતકર્ણી પોતાની મહેચ્છાઓ પુરવા શક્તિમાન થયો નહિં. તેની મહેચ્છાઓનો સામનો કલિંગના જૈન મહારાજા ખારવેલે કર્યો. અશોકે ખારવેલના પિતામહ ક્ષેમરાજને જીતી તેને તાબે કર્યો હતો, પરંતુ સંપ્રતિના મૃત્યુ બાદ અને તેમાં પણ ખારવેલ મ. નિ. ૩૦૦ વર્ષે ગાદી પર આવતાં એ તાબેદારી સમાપ્ત થઇ ચુકી હતી. આ ખારવેલ પોતાના હાથીગુફાવાળા શિલાલેખમાં જણાવે છે કેઃ-("મેં રાજ્યાભિષેકના) બીજા વર્ષે (હિમવંત થેરાવલી પ્રમાણે મ. નિ. ૩૦૨ માં) સાતકર્ણીને ન ગણકારતાં હાથી, ઘોડા, રથ ને પાયદળની એક મોટી સેના પશ્ચિમના પ્રદેશ પર રવાના કરી. કૃષ્ણવેણાના તટ સુધી પહોંચેલી એ સેનાએ ત્યાં રહેલા મુષિકનગરને ભારે ત્રાસ ઉપજાવ્યો," [214] વળી એજ લેખમાં તે ચોથા વર્ષનું કાર્ય ઉલ્લેખે છે કેઃ-"(મેં રાજ્યાભિષેકના) ચોથા વર્ષે (હિ. થે. પ્રમાણે મ. નિ. ૩૦૪ માં) રાષ્ટ્રિક અને ભોજકોને પગમાં નમાવ્યા." [215] આમ ખારવેલ

---

(૨૧૩) બલમિત્ર-ભાનુમિત્ર સંપ્રતિના કાકાના પુત્રો હતા એથી વિશેષ તેમના વારસાહક વિષે જાણવાનું કાંઇ પણ સાધન મળતું નથી.

(૨૧૪) " दुतिये च वसे अचितयिता सातकंणि पछिमदिसं हय गज नर रध बहुलं दंडं पठापयति [ । ] कन्हवेंनां गताय च सेनाय वितासितं मुसिकनगरं [ । ]"

—ખારવેલ પ્રશસ્તિ પં. ૪ (શ્રીયુત-જાયસ્વાલજીનું વાંચન)

(૨૧૫) " तथा चवुथे वसे + + + सव रठिक भोजके पादे वंदापयति । "
—ખારવેલ પ્રશસ્તિ પં. ૫-૬ (શ્રીયુત જાયસ્વાલજીનું વાંચન)

દક્ષિણાપથમાં પોતાનું આધિપત્ય જમાવી રહ્યો હતો અને વિદેશી લેખકોના કથનાનુસાર યવનો ભારતના વાયવ્ય તથા પશ્ચિમમાં સત્તા સ્થાપી આગળ અંદર વધવાનો પ્રયત્ન કરી રહ્યા હતા ત્યારે, મ. નિ. ૩૦૪ વર્ષે પાટલીપુત્રમાં એક વિશ્વાસઘાતનો દ્રોહી પ્રસંગ બન્યો. મૌર્યોના એક મોટા સેનાધિપતિ શુંગવંશી પુષ્યમિત્રે લશ્કરી કવાયત દર્શાવવાના બહાના નીચે પોતાના રાજા વૃદ્ધરથની કતલ કરી નાખી અને તેણે પોતાના પુત્ર બૃહસ્પતિમિત્રને પાટલીપુત્રના સિંહાસને રાજા તરીકે સ્થાપન કરી દીધો. બૌદ્ધગ્રંથ દિવ્યાવદાન કહે છે કે:–"પુષ્પધર્માના પુત્ર મૌર્યવંશી પુષ્યમિત્રે પાટલીપુત્રથી (પટણાથી) સાકલ (શ્યાલકોટ) સુધી સંખ્યાબંધ બૌદ્ધ ધર્મારામોનો–મઠોનો નાશ કર્યો અને હાથ આવ્યા તે સર્વ બૌદ્ધ સાધુઓની કતલ કરાવી"[૨૧૬] પુષ્યમિત્ર મૌર્યવંશી કે પુષ્ય ધર્માનો પુત્ર હતો એ હકીકત જો કે અસંગત છે, પરન્તુ તેણે બૌદ્ધ સંસ્કૃતિને સાફ કરી નાખવા ભારે પ્રયત્ન કર્યો હતો એમાં ઘણું સત્ય રહેલું છે. વ્યવહારચૂર્ણિના એક ઉલ્લેખનો અર્થ,[૨૧૭] "પુષ્યમિત્રે મુંડિવત આચાર્યના ધ્યાનમાં વિઘ્ન કર્યું હતું." આવી રીતે કરી, પં. શ્રીકલ્યાણવિજયજી પુષ્યમિત્રને કલ્કી તરીકે જૈન સાધુઓ પર ઉપદ્રવ કરનાર સૂચવે છે; પરંતુ એ ઉલ્લેખનો અર્થ, મારી સમજ બરાબર હોય તો, "સુખશીલ પરંતુ ગીતાર્થશિષ્ય પુષ્યમિત્રે, મુણ્ડિપક રાજાના પ્રતિબોધક પોતાના ગુરુ પુષ્પભૂતિ આચાર્યને તેમના અગીતાર્થ અન્ય શિષ્યોની ગેરસમજથી આવી પડેલા મરણાંત પ્રસંગને નિવારવા તેમના સૂક્ષ્મ ધ્યાનમાં તેમના અંગુઠાને સ્પર્શી વિઘ્ન કર્યું.' આવી રીતે થતો હોઇ, ત્યાં શુંગવંશીય સેનાધિપતિ પુષ્યમિત્રનો કોઇ પ્રસંગ જ નથી. આમ છતાં ધાર્મિક અસહિષ્ણુતા પરથી સંભવ છે કે, પુષ્યમિત્રે બૌદ્ધત્વની સાથોસાથ જૈનત્વ પર પણ જૂલમ વરસાવ્યો હશે. પંડિત શ્રી જાયસ્વાલજીએ કરેલા વાંચન પ્રમાણે ખારવેલના શિલાલેખથી જાણવા મળે છે કે; "ખારવેલે પોતાના રાજ્યના આઠમા વર્ષમાં (શ્રી હિમવંત થેરાવલી પ્રમાણે મ. નિ. ૩૦૮ માં) મગધ પર હલ્લો લઇ જઈ (રાજગૃહીની નજીકના) ગોરથગિરિના કિલ્લાને તોડી રાજગૃહીને ઘેરો ઘાલ્યો હતો આ હકીકતને સાંભળી યવનરાજ ડિમિત મથુરાને છોડી દઇ પોતાની સેનાની સાથે પાછો હઠી ગયો" શ્રીયુત પં. કલ્યાણવિજયજી ઉપરોક્ત આઠમા વર્ષની હકીકત આલેખતાં એ લેખાંશને આવી રીતના અર્થ પર વાંચે છે:–"રાજ્યાભિષેકના આઠમા વર્ષમાં મૌર્યરાજા ધર્મગુપ્તને મારી નાખી પુષ્યમિત્ર રાજગૃહીમાં આતંક મચાવી રહ્યો છે, આ વાત સાંભળી સેનાથી ઘેરેલી મથુરાને છોડી દઈ (ખારવેલ) બૃહસ્પતિમિત્રને (શિક્ષા કરવા માટે રાજગૃહી પર ચઢી આવ્યો.)"

(૨૧૬) આ માટેનો વિસ્તાર બૌદ્ધગ્રંથ દિવ્યાવદાનના ૨૯ મા અવદાનમાં અપાયેલો છે. દિવ્યાવદાનનો એ મૂલપાઠ અને તેના ભાષાંતર માટે જુવો શ્રીયુત પં. કલ્યાણવિજયજીનું 'વીરનિર્વાણ સંવત ઔર જૈનકાલગણના' પૃ. ૩૪, ૩૫

(૨૧૭) **"मुड्डिवतो आयरितो सुहज्झाणो तस्स पूसमित्तेणं झाणविग्घं कतं।"**

—વ્યવહારસૂત્ર ઉ. ૬નો ચૂર્ણિ.

૨૧૮ કેટલાકો એ લેખાંશના પાછલા ભાગનો અર્થ, "આવા તેના પરાક્રમની વાત સાંભળી પાટલીપુત્ર તરફ ધસી આવતો યવનરાજ ડેમીટ્રીયસ પાછો ફરી મથુરા તરફ ચાલ્યો ગયો." આવી રીતે પણ કરે છે. શિલાલેખના આ અંશનું વાંચન ને અર્થ જો કે સ્પષ્ટ અને ચોક્કસ નથી છતાં એમાં સંદેહ નથી કે, ખારવેલ રાજગૃહી પર ચઢાઈ લઈ ગયો હતો. ખારવેલની મગધ પરની આ પ્રથમ ચઢાઈ પુષ્યમિત્રે આદરેલા ધાર્મિક જૂલમના અંગે થઇ હતી, એમ કેટલાકો માને છે, પરંતુ જ્યાં સુધી ઉપરોક્ત લેખાંશનું વાંચન સંદિગ્ધ છે ત્યાં સુધી ખારવેલની એ ચઢાઈ ધાર્મિક હેતુ સાથે જ સંબંધ રાખતી હતી એમ સમજવું મુશ્કેલ છે. કદાચ ધાર્મિક હેતુથી ખારવેલની એ ચઢાઇ થઇ હોય તોય એ તો સ્પષ્ટ જ છે કે તેનો ધાર્યો હેતુ બર આવ્યો નથી. પુષ્યમિત્રે અને ખાસ કરીને તેના પુત્ર અગ્નિમિત્રે બૌદ્ધાદિ ધર્મો પર જૂલમ વર્તાવ્યો હતો એ એક ખરી જ બીના છે અને તેનો સમય અગ્નિમિત્રના રાજ્યાંત સુધી એટલે મ. નિ. ૩૪૬ સુધી છે; પરંતુ એ ધાર્મિક જૂલમની શરૂઆત પુષ્યમિત્રે પાટલીપુત્ર કબજે કર્યું ત્યારથી એટલે મ. નિ. ૩૦૪ વર્ષે શરૂ થઇ, કે રાજગૃહીથી ખારવેલના પાછા ફર્યા બાદનાં નજીકનાં વર્ષોમાં એટલે મ. નિ. ૩૦૮ થી ૩૧૦ વર્ષના વચગાળે બાકીનું મગધ સર કરી તેથી પશ્ચિમમાં આગળ વધી પૂર્વાવન્તિની વિદિશાનો કબજો લઇ ત્યાં પુષ્યમિત્રે પોતાના પુત્ર અગ્નિમિત્રને અધિકૃત કર્યો ત્યારથી થઇ, અથવા તો ઉત્તર અને પશ્ચિમમાં યવન સરદાર મીનેન્ડર વિગેરેના અને દક્ષિણમાં વરાડના વિજય બાદ મ. નિ. ૩૧૬ વર્ષે અગ્નિમિત્રે ઉજ્જયિની પર આધિપત્ય સ્થાપ્યું ત્યારથી થઇ, એ ચોક્કસ કહી શકાય તેમ નથી. ખારવેલની મગધ પરની બીજી ચઢાઇનો હેતુ પણ ધાર્મિક હોય તેમ લાગતું નથી.

ખારવેલના શિલાલેખમાં તેની બારમા વર્ષની કારકીર્દી વિષે લખાયું છે તે આ પ્રમાણે છેઃ– "ખારવેલે પોતાના રાજ્યના બારમા વર્ષે એટલે મ. નિ. ૩૧૨માં મગધ પર બીજી ચઢાઈ કરી હતી. આ વખતે ઉત્તરાપથના રાજાઓને ત્રાસ ઉપજાવતો હાથીઓની મોટી સેના સાથે તે મગધવાસીઓને ભયભીત કરતો પાટલીપુત્ર પર ઉતરી આવ્યો. તેણે પાટલીપુત્રના રાજા બૃહસ્પતિમિત્રને પોતાના પગમાં નમાવ્યો અને કલિંગજિનની મૂર્તિ–શ્રીરૂષભદેવની પ્રતિમા, જેને આજથી ૧૬૨ વર્ષ પૂર્વે આઠમો કે નવમો નન્દરાજા કલિંગ પર ચઢાઈ લાવી કલિંગના શત્રુંજયાવતાર તીર્થ કહેવાતા કુમરગિરિ પરના (હાલના ઉદયગિરિ પરના) જિનપ્રાસાદમાંથી લઈ ગયો હતો, તે પ્રતિમાને તથા તેના અંગેના રત્નાદિ જડિત ઉપકરણોને અને વળી અંગ મગધના સર્વ ખજાનાને લઈ તે ચક્રવર્તી મહારાજા પાછો પોતાના કલિંગમાં ચાલ્યો ગયો."

---

(૨૧૮) જુવો ટીપ્પણ ૯૭.

(૨૧૯) જુવો ટીપ્પણ ૯૭.

હાથીગુંફાના ઉપરોક્ત લેખાંશમાં ખારવેલની આ પાટલીપુત્ર પરની ચઢાઇને જેવી રીતે આલેખવામાં આવી છે, તે રીત પરથી એ ચઢાઈનો હેતુ મગધની અમુક પ્રજા પર થઈ રહેલા કોઈ સામયિક ધાર્મિક જૂલમને અટકાવવાનો હોય એમ લાગતું નથી. આ ચઢાઈમાં ખારવેલનો સ્પષ્ટ હેતુ એ સમજાય છે કે તેને કલિંગના અપમાનનો, પરાભવનો અને હીણપતનો બદલો લેવાનો હતો. અશોકે તેના દાદા ક્ષેમરાજને જીતી આજ્ઞાંકિત બનાવ્યો હતો. તે પછી સંપ્રતિએ સાધર્મિકપણાથી ક્ષેમરાજ તથા તેના પછી આવનાર વૃદ્ધરાજ સાથે સુંદર મૈત્રી સંબંધ રાખ્યો હશે સંપ્રતિના મૃત્યુબાદ વૃદ્ધરાજ સ્વતન્ત્ર થઈ ગયો હતો, પરંતુ કલિંગ જિનમૂર્તિ અને કલિંગનું લૂંટાયેલું ધન જ્યાં સુધી પાટલીપુત્રમાં પડયું હોય ત્યાં સુધી વૃદ્ધરાજના પ્રતાપીપુત્ર જૈન મહારાજા ખારવેલને સંતોષ ન જ હોય એ સ્વાભાવિક છે. એ અસંતોષે તેને સબળ, સમૃદ્ધ અને આક્રમણકારી બનવા પ્રેર્યો હતો. આના અંગે સામ્રાજ્ય અને ચક્રવર્તીત્વ એ તો એને આગંતુક જ આવી મળ્યાં હતાં. ખારવેલ પાટલીપુત્રમાં પોતાના હાથીઓને સીધા સુગાંગેય નામના જિનપ્રાસાદની પાસે જ લાવી ખડા કરે છે, કે જ્યાં કલિંગ જિનમૂર્તિ છે, એ હકીકત કલિંગની આત્મ–ગૌરવતાના અને ધાર્મિક શ્રદ્ધાળુતાના લક્ષ્યને જ સૂચવનારી છે, નહિ કે ધાર્મિક જૂલમ દૂર કરવાના કે સામ્રાજ્યાદિ વધારવાના કોઈ અન્ય લક્ષ્યને. આ સર્વ પરથી શરૂઆતના શુંગરાજાઓના હાથે, જે બૌદ્ધાદિ પર ધાર્મિક જૂલમ ગુજારવામાં આવ્યો હતો અને તેનું જે કમકમાટી ભર્યું વર્ણન કરવામાં આવ્યું છે, તે સત્ય હોતાં છતાં પણ તેનો સમય ખારવેલની ઉપરોક્ત બન્ને ચઢાઈઓ કરતાં કાંઇક મોડો હોવો જોઇએ. બાકી, એકાદ રાજ્યક્રાન્તિ થાય ત્યારે બધી ય બાબતમાં જે સામાન્ય રીતે જૂલમ પ્રવર્તે છે તેવો જૂલમ, પુષ્યમિત્ર અને તેના પુત્રોના હાથે પ્રવર્ત્યો હોય તો તેમાં કાંઈ અસંભવ જેવું નથી. એક જૂના અને અતિ મજબૂત વિશાલ સામ્રાજ્યનાં વિભક્ત બનેલાં અંગોને ક્રમશઃ પડાવી લઇ તેને પચાવી નાખવાને સેનાની પુષ્પમિત્રે તેની આડે આવતાં બધાં ય તત્ત્વોને જડમૂળથી ઉખેડી નાખવા બનતું બધું ય કર્યું હશે અને એમાં અસહિષ્ણુતા, ધર્મવાદ, આદિ અનેક કારણોને લઈ ધાર્મિક જૂલમને પણ સ્થાન હશે જ, પરંતુ વિશેષ ધાર્મિક જૂલમ તો પુષ્યમિત્રો તરફથી મહાવીરની ચોથી સદીની પ્રથમ વીશી બાદ જ થયો હોવો જોઇએ. જૈનસાહિત્યમાં આ વિષે કાંઈ પણ ઉલ્લેખ મળતો નથી!

અર્વાચીન કોઇ કોઈ સંશોધકો પુષ્યમિત્ર કે અગ્નિમિત્રને કલ્કી અને ખારવેલને ઈન્દ્ર તરીકે હોવાની કલ્પના કરે છે. આ કલ્પના કરવામાં તેઓ પુરાણો અને જૈનસાહિત્યની મદદ લેતા જણાય છે, છતાં ત્યાં આલેખેલો સમય અને કેટલીક ઘટનાઓ પડતી મેલી દે છે; જૈનસાહિત્યમાં કલ્કીને મારી તેના સ્થાને તેના પુત્ર દત્તને સ્થાપનાર સુરવરેન્દ્ર "સૌધર્મ, કુલિશપાણી અને ઐરાવતગામી" [૨૨૦] કહેવાયો છે. ત્યાં એમ પણ કહેવાયુ

(૨૨૦) "+ + तेसिं च पाडिहेरियं कुज्जा सोहमे कुलिसपाणी एरावणगामी सुरवरिंदे"
—મહાનિશીથ, અ૦ ૫

છે કે, "ચતુર્મુખ નામના રાજાએ સાધુઓની પાસે ભીક્ષાનો ષષ્ટાંશ માગતાં સાધુઓએ તે ન આપ્યો એટલે તેણે સાધુઓને ગોવાટકમાં પુરી રાખ્યા. આ વખતે સાધુઓએ કાયોત્સર્ગ કર્યો. આ આરાધનને શક્રે અવધિજ્ઞાનના ઉપયોગથી જાણતાં દક્ષિણલોકાધિપતિ એ ત્રિદશોના-દેવોના માલિક રાજાએ ૮૬ વર્ષની વયવાળા ચતુર્મુખનો નાશ કર્યો ને તેના પુત્ર દત્તને તેના સ્થાને બેસાડયો" [221] ચતુર્મુખને નાશ કરનારની જે સ્થિતિ અહિં વર્ણવાઈ છે તે ખારવેલના માટે બંધબેસતી કરવા જતાં સ્વર્ગાદિનો ઇન્કાર કરવા જેવી આપત્તિ આવી પડે છે. સાધનના અભાવે સત્ય શોધવામાં નિષ્ફળતા મળે ત્યારે શાસ્ત્રીય સિદ્ધ મૌલિક હકીકતને ફાવતા રૂપકમાં ઘટાવી દેવી એ બહુ જ અનુચિત છે. ખરી વાત એ છે કે, મતભેદોથી ગુંચવાયલી અને જોઈએ તેવી રીતે સ્પષ્ટ નહિ લખાયલી આ ચતુર્મુખ વિષેની હકીકતનો બરાબર ઉકેલ થઈ શકતો નથી એટલે સંદિગ્ધ કલ્પનાઓનો આશ્રય લેવો પડે છે, પણ તેનો કાંઇ પ્રામાણિક અર્થ નથી. જૈનસાહિત્યમાં ચતુર્મુખના નાશ કરનારને જેવો અવધિજ્ઞાની વિગેરે વિશેષણોથી ઓળખાવ્યો છે તથા તેને દત્તનો સ્થાપક કહ્યો છે, તેવો ખારવેલ નથી એ કદિ પણ ભૂલવું જોઈએ નહિ. ખારવેલને લગતું કેટલુંક મેં "કલિંગનું શત્રુંજયાવતાર તીર્થ" એ મથાળાથી લખાયલા લેખમાં[222] જણાવ્યું છે ત્યાંથી જિજ્ઞાસુએ જાણી લેવું. અહિં તો એ અપ્રાસંગિક હોઇ, એટલું જ જણાવવાનું છે કે, ખારવેલ ચક્રવર્તી બનતો હોય કે પુષ્યમિત્ર ચક્રવર્તી બનવા પુરુષાર્થ કરી રહ્યો હોય તેની સામે હાલની ઉજ્જયિનીની રાજસત્તા કાંઇ પણ પગલાં લઈ શકે એવી સ્થિતિમાં રહી નથી.

વિદેશીઓના લેખોથી જાણવા મળે છે કે, એન્ટિઓચસ ત્રીજાએ કાબુલ પર હલ્લો કરી મૌર્ય સૂબા સુફાગસેનને હરાવ્યો હતો, પણ તે અફઘાનિસ્તાનમાં ન ટકતાં અથવા તો હિન્દ તરફ આગળ ન વધતાં મૌર્ય સૂબા તરફથી મળેલા હાથી અને પુષ્કળ દ્રવ્ય લઇ પોતાના રાજ્યપ્રદેશ સિરિયામાં ચાલ્યો ગયો. [223] મારી ગણતરી પ્રમાણે આ ઘટનાનો સમય મ. નિ ૨૬૧ ( ઈ. સ. પૂ. ૨૦૬ ) લગભગ છે. આ એન્ટીઓચસ ત્રીજાનો જમાઇ અને યુથેડિમસનો પુત્ર ડિમેટ્રીયસ કે, જે બેક્ટ્રિયા (બલખ) નો રાજા હતો, તે

(૨૨૧) તિત્થોગ્ગાલીપઇન્નય વિગેરે.

(૨૨૨) જૈન સત્યપ્રકાશ વર્ષ ૧૧, અંક ૭, પૃ. ૮૧ પર જુવો એ લેખ.

(૨૨૩) એન્ટિઓચસ [એન્ટિઑકસ] આ હલ્લો ઓચિંતો લઈ ગયો હશે. પોતાની તૈયારી ન હોવાથી અને મગધસામ્રાજ્યની મદદ માટે જોઇતો સમય ન હોવાથી કાબુલના રાજા સુભગસેને તાત્કાલિક દેશને બચાવી લેવા અમુક દંડ ભર્યો હશે. આ હલ્લાને યવનોથી કાબુલ જીતી લેવાના યુદ્ધ તરીકે આપણે ન સમજી શકીએ, કેમકે એન્ટિઓચસ દંડથી જ સંતોષ માની પોતાના દેશ તરફ ચાલ્યો ગયો છે. ધર્મવિજય અને શાંતિમાં માનતા સમ્રાટ્ સંપ્રતિને સામાં પગલાં ભરવાનો સમય મળે તે પહેલાં જ એ ધમાધમ પતી ગઇ હતી.

પોતાના સસરાના હલ્લા બાદ ૧૫ વર્ષે કાબુલ તરફ હલ્લો લઇ જઇ કાબુલને જીતી પંજાબ અને સિન્ધ પર અધિકાર જમાવવા પ્રયત્ન કરી રહ્યો હતો[૨૨૪] ત્યારે તેની ગેરહાજરીમાં યુક્રેટિડસે બળવો જગાવી પોતે બેક્ટ્રિયાનો રાજા બની બેઠો. આવી રીતે ડિમેટ્રીયસ પોતાની મૂળ બેક્ટ્રિયાની ગાદી ગુમાવી બેસતાં તે હવે પોતાના જીતેલા ભારત પ્રદેશમાં જ સાકલમાં (શ્યાલકોટમાં) રાજધાની રાખી શાસન કરવા માંડયો. આ ઘટનાનો સમય મ. નિ. ૨૯૨ (ઇ સ. પૂ. ૧૭૫) લગભગ છે, કે જે સમય સંપ્રતિના રાજ્યાંતની નજીકનો હોઇ મૌર્યસામ્રાજ્યના પ્રતાપની અને લશ્કરી વ્યવસ્થાની તથા એકકેન્દ્રીય મજબૂત ભાવનાની ઊતરતી કળાનો સૂચક છે. યુક્રેટિડસ બહુ ખનો રાજા બની બેસી રહ્યો નહિ, પણ કહે છે કે ડિમેટ્રીયસના એ પ્રતિસ્પર્ધીએ ડિમેટ્રીયસ પાસેથી હિંદનો કેટલોક પ્રદેશ પણ જીતી લીધો, પરંતુ એ વિજેતા સ્વદેશ જતાં તેના પુત્રના હાથેજ મૃત્યુ પામ્યો. આ અરસામાં એટલે મ. નિ. ૩૦૭ (ઈ. સ. પૂ. ૧૬૦)ની લગભગમાં એક મીનેન્ડર નામની ઐતિહાસિક જાણીતી વ્યક્તિ દેખાવ દે છે. મીનેન્ડર એ ડિમેટ્રીયસ અને યુક્રેટિડસ એ બેમાંથી કોના વંશજ તરીકે અને કોના સરદાર તરીકે હતો, આ વિષયમાં સંશોધકો વચ્ચે મતભેદ છે, પરંતુ તે કાબુલના રાજકર્તા તરીકે જાણીતો છે. તેણે મ. નિ. ૩૧૧ કે ૩૧૨ (ઈ. સ. પૂ. ૧૫૫-૧૫૬)ની લગભગ ભારત પર ચઢાઈ કરી અને પંજાબ તથા સિન્ધના પ્રદેશને જીતતો તે મથુરા, રાજપુતાના અને કચ્છ-સોરઠ તરફ આગળ વધ્યો હતો. મીનેન્ડર મથુરા આવી પહોંચ્યો ત્યારે તેનો સામનો કરવા પુષ્યમિત્રને તે તરફ સૈન્ય દોરવાની જરૂરીયાત પડી હતી. કેટલાક કહે છે કે, "મીનેન્ડરે મથુરા નગરી કબજે કરી હતી, સાકેત અને રાજપૂતાનાની મધ્યમિકા નગરી પર ઘેરો ઘાલ્યો હતો અને પાટલીપુત્ર સુદ્ધાં ભયમાં આવી પડયું હતું.[૨૨૫]" આપણે આ વિષેની સ્પષ્ટ વિગત ન મેળવી

(૨૨૪) સંશોધકો આ બીના બન્યાનો સમય મ. નિ. ૨૭૬ કે ૨૭૭ (ઇ. સ. પૂ. ૧૬૧ કે ૧૯૦) મુકે છે; પરંતુ મી. સ્મીથના કથન મુજબ (હિ. પ્રા. ઇ. પૂર્વાર્ધ પૃ. ૩૦૧) આ સાલો અડસટે જ નોંધાયેલી છે. મને લાગે છે કે, ડિમેટ્રીયસની કાબુલ પરની ચઢાઈઓ આ સમયથી શરૂ થઇ હશે, પણ તે સામનો કરી પાછી વાળવામાં આવતી હશે. આમ છતાં સંપ્રતિના મરણ બાદ કે તેના મરણનાં એકાદ બે આગલાં વર્ષોમાં મૌર્યોનો સામનો તૂટી જતાં ડિમેટ્રીયસ કાબુલને જીતી ભારે વેગથી પંજાબ અને સિન્ધ તરફ ધસી આવી તેનો કબજો મેળવવા શક્તિમાન થયો હશે. આ સમયે કાશ્મીરના સુબા અશોકપુત્ર જલોકે એ પરદેશીઓને હાંકી કાઢવા ભારે ભાગ ભજવ્યો હતો એમ કહેવાય છે, પરન્તુ તેણે સ્વતંત્ર થવાની ખુમારીમાં મગધસામ્રાજ્યની-ઉજ્જયિનીની મદદ અને સંપર્કની બેદરકારી રાખી હશે. પરિણામે, એ પરદેશીઓ-બેક્ટ્રિયનો-ડિમેટ્રીયસ સિન્ધ અને પંજાબને હસ્તગત કરવામાં ફાવ્યો હશે. આ ઉપરથી એમ સમજાય છે કે, સંપ્રતિ પોતાના રાજત્વકાલનાં છેલ્લાં વર્ષોમાં ધાર્મિકજીવનમાં ઝળહળતો હશે પણ રાજકીય જીવનમાં તેની ઊતરતી કલા હશે.

(૨૨૫) પતંજલીના મહાભાષ્યમાં આપેલાં ઉદાહરણો અને ગાર્ગીસંહિતાની ભવિષ્યવાણી પરથી એ 'કેટલાકો'નું-હિન્દુસ્તાનનો પ્રાચીન ઇતિહાસ અને ભારતકે પ્રાચીન રાજવંશના કર્તાઓનું-કથન છે.

શકીએ પણ એવા અનુમાન પર તો જરૂર આવી શકીએ છીએ કે, મીનેન્ડરે પશ્ચિમ ભારતનો મોટો ભાગ સર કરી ભારતના મધ્યભાગમાં પ્રવેશવા ભારે હીલચાલ કરી હતી અને પુષ્યમિત્રોની સાથે અતિઘોર યુદ્ધ ખેલ્યા બાદ તેને અંતે તેમાં અસફળતા મળી હતી. આ પછી તે થોડો સમય સાકલમાં રહ્યો અને જીતેલા પ્રદેશોની વ્યવસ્થા કરી, પણ પછી જેમ બને તેમ જલદીથી તેને પોતાના દેશ કાબુલમાં ચાલ્યા જવાની ફરજ પડી, કેમકે, આક્રમણકારીઓથી કાબુલનું રક્ષણ કરવાની આવશ્યકતા ઊભી થઈ હતી મીનેન્ડરના કાબુલ ચાલ્યા ગયા બાદ પશ્ચિમ હિંદમાં-યવનોથી જીતાયલા પ્રદેશો પર શાસન ચલાવનારાઓનાં ભૂમક, રાજુવુલ, જીઓનિસિઅસ વિગેરે નામો મળી આવે છે. એ શાસ્તાઓ અનુક્રમે મધ્યમિકા, મથુરા, તક્ષશિલા વિગેરેના છે. ભૂમક અને રાજુવુલ એ સત્રપો હતા. તેઓ તક્ષશિલાના યવનરાજ જીઓનિસિઅસને તાબે હશે કે મીનેન્ડરને તાબે હશે એ સમજવું મુશ્કેલ છે.

ઉપરોક્ત યવનોના ભારત પરના આક્રમણ દરમીયાન બલમિત્ર-ભાનુમિત્ર કેવી રીતે સક્રિય હતા અથવા તો નિષ્ક્રિય જ બેસી રહ્યા હતા એ વિષેની કાંઇ પણ નોંધ આજે આપણને મળતી નથી. તેમના હાથમાંથી પૂર્વભારત અને દક્ષિણાપથ છૂટાં થઈ ગયાં હતાં અને પશ્ચિમભારતના લગભગ બધા ય પ્રદેશો ઝુંટવાઇ ગયા હતા. હવે તેઓ પશ્ચિમ અવન્તિ અને લાટ આદિ નજીકના પ્રદેશના જ રાજા રહ્યા હતા. પરંતુ આ પછીનાં વર્ષોમાં તેમની સ્વતન્ત્રતા રહેવા પામી નહિ. મ. નિ. ૩૧૯ વર્ષે પુષ્યમિત્રોએ તેમના પર પોતાનું આધિપત્ય સ્થાપી દીધું. બહુ જ સંભવ છે કે, ઉજ્જયિની પર આધિપત્ય સ્થાપવાનું કાર્ય પુષ્યમિત્રના પુત્ર અગ્નિમિત્રના હાથે થયું હશે. થોડાં વર્ષો પહેલાં તે પૂર્વ અવન્તિની વિદિશામાં અધિકૃત થયો હતો. એ મહાન સેનાધિપતિએ તે પછીથી વરાડ અને પશ્ચિમ અવન્તિને આધીન કરી શુંગોના હાથમાં મગધ સામ્રાજ્યને નાખવા મોટો ફાળો આપ્યો છે. તેને સમ્રાટ્ બનવાના કોડ છે, પરંતુ તેના પિતા પુષ્યમિત્રની હયાતીમાં તે રાજા જ રહ્યો છે. સર્વોપરિ સત્તા ધરાવતો પુષ્યમિત્ર પોતાને સેનાની તરીકે ઓળખાવે છે; પરંતુ તે વ્યવહારમાં અત્યારે સમ્રાટ્ જ મનાય છે, અને તેથી ઉજ્જયિનીનો અધિપતિ પણ તેને જ માનવો રહ્યો. અને તેના જ નામથી હવે પછીનું આલેખન કરવું રહ્યું. જૈ૦ કા૦ ગ૦ ગા૦માં પણ એક પાઠ, 'तीसं पुण पुसमित्तस्स' હોઈ, પુષ્યમિત્રના નામે જ ૩૦ વર્ષ અવન્તિનું આધિપત્ય લખ્યું છે. આમ છતાં એ આધિપત્ય ૨૨ વર્ષ જ રહ્યું છે અને તેમાં ય તે રાજા ન બનતાં પોતાના પુત્રોને જ રાજા બનાવે છે તથા તેના પછી ૮ વર્ષ અગ્નિમિત્ર સામ્રાજ્ય પર છે. આ સર્વ ધ્યાનમાં લઇ, કા૦ ગ૦ ગા૦ ના પાઠાન્તર, 'तीसं पुण पुसमित्ताणं'ને અનુસરી અહિં 'પુષ્યમિત્રો' તરીકે મિશ્ર આલેખન કરાશે.

# પુષ્યમિત્રો ૩૦ વર્ષ. મ. નિ. ૩૧૬–૩૪૬

## (વિ. સં. પૂ ૯૪–૬૪. ઇ. સ. પૂ. ૧૫૧–૧૨૧)

પહેલાં એ કહેવાઈ ગયું છે કે, પુષ્યમિત્ર એ મૌર્યોનો શુંગવંશીય સેનાની હતો. મ. નિ. ૩૦૪ વર્ષે એણે જે હિમ્મતથી પોતાના સ્વામી વૃદ્ધરથ રાજાની સૈનિકોની હાજરીમાં જ કતલ કરી તે પરથી લાગે છે કે, તેના તરફ એક મોટા સૈન્યની વફાદારી હશે અને તે ઘણા સમયથી સેનાની પદે હશે. તેણે પોતાના સ્વામીનું ખૂન કરવાનું દુષ્કૃત્ય કર્યું તેની પાછળ રાજ્યલિપ્સા હશે કે વૈદિક ધર્મપ્રચારની ભાવના હશે, યવનોથી ભારતના સંરક્ષણની તમન્ના હશે કે કોઈ અન્ય જ કારણ હશે, આ સંબંધમાં કાંઇ પણ અનુમાન થઈ શકે તેમ નથી. એ અંત સુધી સેનાની જ રહ્યો છે, પરંતુ રાજા કે સમ્રાટ્ તરીકે પોતે પોતાને ઓળખાવતો નથી. તેણે પાટલીપુત્રની ગાદીએ પોતાના મોટા પુત્ર બૃહસ્પતિમિત્રને સ્થાપ્યો હતો. એનો રાજત્વકાલ જણાયો નથી, પરંતુ તે મ. નિ. ૩૧૨ સુધી તો હતો જ. સંભવ છે કે, તે મ. નિ ૩૧૬ વર્ષે મૃત્યુ પામ્યો હોય. બૃહસ્પતિમિત્ર પછી દેવવર્મન્, શતધન્વન્ અને બૃહદ્રથ, એ રાજાઓ આવ્યા અને તેઓનો રાજત્વકાલ અનુક્રમે ૭ વર્ષ, ૮ વર્ષ અને ૭ વર્ષ હતો. આ ત્રણ રાજાઓનો સમુચ્ચય રાજત્વકાલ ૭+૮+૭=૨૨ વર્ષ છે તે બૃહસ્પતિમિત્રના મૃત્યુકાલ ૩૧૬ માં ઉમેરીએ તો ૩૧૬+૨૨=૩૩૮ વર્ષે બૃહદ્રથ (વૃજદશ્વ) નો રાજ્યાંત આવે. આ પછી પાટલીપુત્ર સીધું અગ્નિમિત્રના જ હાથ નીચે ચાલ્યું ગયું હોય તેમ લાગે છે. પુરાણો શતધન્વન્ પછી બૃહદ્રથ અથવા વ્રજદશ્વ રાજાનું નામ લખે છે અને તેની કતલ પુષ્યમિત્રના હાથે થઈ હતી એમ પણ ત્યાં જણાવવામાં આવે છે; પરંતુ ખરી વાત એ છે કે, પુષ્યમિત્રના હાથે કતલ કરાયલો મૌર્ય રાજા વૃદ્ધરથ છે, આ બૃહદ્રથ નહિ. આ બૃહદ્રથ તો પુષ્યમિત્રનો વંશજ–પુષ્યમિત્રના પુત્ર અગ્નિમિત્રનો પુત્ર વસુમિત્ર હોવા સંભવ છે, કે જે પુષ્યમિત્રના હાથે કરાયલા અશ્વમેધ યજ્ઞના અશ્વની રક્ષાર્થે ગયો હતો. સંભવ છે કે, એ યજ્ઞની પૂર્ણાહૂતી બાદ તેને પાટલીપુત્રનો રાજ્યાધિકાર સોંપ્યો હશે અને પુષ્યમિત્રના જીવનકાલમાં જ તે મ. નિ. ૩૩૧ થી ૩૩૮ સુધી ૭ વર્ષ રાજ્ય ભોગવી અગ્નિમિત્રના હાથે કરાયલા અશ્વમેધ યજ્ઞના અશ્વની રક્ષા કરતાં યવનોના હાથે માર્યો ગયો હશે. જો કે, આ બહુ જ ચોક્કસ હકીકત છે એમ કહેવાને પ્રામાણિક જેવા જોઇએ તેવા ઉલ્લેખો મળતા નથી. પુરાણોએ દેવવર્મન્ વિગેરેને મૌર્યવંશના માની, આ બધા સમય દરમીયાન વિદ્યમાન એવા શુંગ સામ્રાજ્યના સ્થાપક, સંરક્ષક અને સંચાલક પુષ્યમિત્રને તેમની પછીના રાજા તરીકે આલેખ્યો છે અને તેનો ૩૬ વર્ષ રાજત્વકાલ લખ્યો છે. શ્રીયુત. કે. હ. ધ્રુવ એ ૩૬ વર્ષના બદલે ૩૭ વર્ષ લખે છે. આ લેખ પ્રમાણે પુષ્યમિત્રનું મૃત્યુ મ. નિ. ૩૪૦ વર્ષે થયું છે અને તેણે મ. નિ. ૩૦૪ વર્ષે પાટલીપુત્ર લીધું હતું, એમ તેનો ૩૬ વર્ષ રાજત્વકાલ પુરાણોમાં ગણાયો છે, તે ઘટાવી શકાય.

એના પુત્ર અગ્નિમિત્રનો રાજત્વકાલ કોઇ ૮ વર્ષ તો કોઈ ૩૦ વર્ષ લખે છે. મ. નિ. ૩૪૦ વર્ષે પુષ્યમિત્રના મૃત્યુ બાદ તે સાર્વભૌમ રાજા થયો. એ ગણતરીએ, તે મ. નિ. ૩૪૦ થી ૩૪૯ સુધી ૯ વર્ષ સુધી સામ્રાજ્યપદે હતો છતાં, તેનાં ૮ વર્ષ લખાયાં છે તે તેણે મ. નિ. ૩૩૮ વર્ષે પુષ્યમિત્રની હયાતીમાં પાટલીપુત્ર કબજે લીધું આ અપેક્ષાએ લખાયાં હોય એમ જણાય છે. મતાંતરે જે તેનાં ૩૦ વર્ષ લખ્યાં છે તે તો તેના વિદિશા પર ભોગવેલા રાજત્વકાલ સાથેનાં છે. એ રાજત્વકાલની શરૂઆત ઉજ્જયિની પર આધિપત્ય જમાવ્યા પછીથી ગણી હોય તેમ લાગે છે. બીજી તરફ જૈન કાલગણનાની ગાથાઓની અંદર પુષ્યમિત્રોનાં ૩૦ વર્ષ લખાયાં છે તે પણ ઉજ્જયિનીના આધિપત્ય અંગે જ છે. એ આધિપત્ય પુષ્યમિત્રનું અને અગ્નિમિત્રનું-પિતા અને પુત્ર બન્નેનું ૨૨ વર્ષ અને ૮ વર્ષ એમ વિભાગથી અથવા એકલા અગ્નિમિત્રનું પણ ગણી શકાય તેમ છે.

'માલવિકાગ્નિમિત્ર' ના જણાવ્યા પ્રમાણે, પુષ્યમિત્રે રાજસૂય યજ્ઞની દીક્ષા લીધી હતી અને વસુમિત્ર, કે જેની ત્યાં અગ્નિમિત્રના યુવરાજપુત્ર તરીકે ઓળખ આપેલી છે, તેને તેણે સુરક્ષિત બનાવી છૂટા મૂકેલા યજ્ઞાશ્વની રક્ષા માટે સરદારી સોંપી હતી. એ અશ્વને યવનોએ અટકમાં લેતાં, વસુમિત્રે તેમની સાથે સિન્ધુ નદી પર એક ખૂનખાર જંગ ખેલી તેમાં વિજય મેળવી તેને છોડાવ્યો અને ઉત્તરાપથના દેશોમાં વિજય કરતો તે વિજયી યુવરાજ પાટલીપુત્ર પાછો ફર્યો. આ વખતે પુષ્યમિત્રે અગ્નિમિત્રને સહકુટુંબ વિદિશાથી બોલાવ્યો હતો. પુષ્યમિત્રની માફક અગ્નિમિત્ર પણ સેનાની હોઇ લશ્કરી મીજાજનો હતો. તે પરાક્રમી હોવા સાથે વિલાસી, ઉધ્ધત, ક્રોધી અને ધર્માન્ધ હોવા સંભવ છે. 'માલવિકાગ્નિમિત્ર' નાટકના કર્તા પણ પુષ્યમિત્રના આમન્ત્રણ પત્રમાં અગ્નિમિત્રને 'ક્રોધ દૂર કરવાના' શબ્દો આલેખે છે. તેના ક્રોધનાં કારણોનો ત્યાં સ્પષ્ટ ઉલ્લેખ નથી, પરંતુ સમજાય છે કે, તે દરેક બાબતમાં તરંગી, લોભી અને જૂલ્મી હશે અને ધાર્યું કરવામાં કોઇનું ન સાંભળતાં યોગ્ય સૂચન કરનારા પોતાના પિતા પુષ્યમિત્ર જેવાથી પણ થરડાઇ બેસનારો હશે. પોતાના ભાઈ ભત્રીજાઓના હાથમાં પાટલીપુત્રનો અધિકાર હોય એ તેને ખુંચતો હોય, આ પણ કારણ તેના થરડાઇ જવામાં હોવા સંભવ છે. આ સર્વ પરથી સિદ્ધ થાય છે કે, પુષ્યમિત્ર પોતે પોતાને સેનાની લખે છે, પરન્તુ કર્તવ્યમાં તે સમ્રાટની જેમ વર્તતો જણાય છે અને તેણે વૈદિક પ્રાચીન રાજાઓની પ્રણાલિકા પ્રમાણે ચક્રવર્તીપણાની સૂચક રાજસૂય યજ્ઞની વૈદિક વિધિ કરી હતી. આ ધોરણે મ. નિ. ૩૧૬ થી ૩૩૮ સુધી ૨૨ વર્ષ પુષ્પમિત્રનો અને મ. નિ. ૩૩૮ થી ૩૪૬ સુધી ૮ વર્ષ અગ્નિમિત્રનો ઉજ્જયિનીમાં આધિપત્યકાલ હતો. કાલગણનાની ગાથાઓમાં મતાન્તરે 'पुसमित्ताणं' એવા દ્વિવચનવાળા શબ્દપ્રયોગથી પુષ્યમિત્ર અને અગ્નિમિત્ર એ બે રાજાઓનો ત્યાં લખેલો રાજત્વકાલ હોતાં તે કાલ ૨૨+૮=૩૦ વર્ષનો ઘટી શકે છે. ખરી રીતે તે ૩૦ વર્ષ અગ્નિમિત્રના આધિપત્યનાં હોતાં તે, તેના લાંબા કાલ સુધી હયાત રહેલા શુંગવંશના સ્થાપક

વડીલ પુષ્યમિત્રના નામે 'पुसमित्तस्य' શબ્દપ્રયોગથી ચઢાવાય તો તે મતમાં પણ અસંગત જેવું કાંઇ નથી.

ટીબેટીયન ઇતિહાસકાર પં. તારાનાથ જૂનાં સાધનોના આધારે બૌદ્ધો પર પુષ્યમિત્રના કરાયલા જૂલમ વિષે જે કથન કરે છે તે, પુષ્યમિત્રના હાથે કે તેના પુત્રોના હાથે થયો હોય તોપણ પુષ્યમિત્રની હયાતીમાં તેની સર્વોપરિ સત્તા નીચે તે જૂલમ થયો હોવાથી વાજબી જ કથન કરે છે. સંભવ છે કે, પુષ્યમિત્રના મરણ બાદ અગ્નિમિત્રના હાથે એ જૂલમની પરંપરા ચાલુ રહી હોય અને એ જૂલમની પરાકાષ્ટામાં છેવટે તેનું વિષમ રીતે મૃત્યુ નીપજ્યું હોય. ઉજ્જયિની પર પુષ્યમિત્રોનું ૩૦ વર્ષ આધિપત્ય કહેવાયું છે તેથી એ પણ સ્પષ્ટ થાય છે કે, અગ્નિમિત્રના મ. નિ. ૩૪૬ વર્ષે મૃત્યુ થયા બાદ પાછલા શુંગોનું આધિપત્ય ત્યાં રહ્યું નથી, બલમિત્ર–ભાનુમિત્રે તેમનું આધિપત્ય ત્યાંથી ફગાવી દીધું છે. ઉપરાંત, મગધ વિગેરેના અન્યાન્ય મૌર્ય રાજાઓ પણ અગ્નિમિત્રના જૂલમથી ત્રાસેલા હોઇ, પાછલા શુંગરાજાઓની વધારે પડતી વિલાસિતા કે અન્ય ગમે તે કારણોથી આવી પડેલી નબળાઈનો લાભ લઈ સ્વતન્ત્ર થયા હોય એમ ભારતના પૂર્વીય પ્રદેશોમાં લાંબા કાળ સુધી મૌર્ય રાજાઓનો વંશ ચાલ્યો હોવાની હકીકતો પરથી માલૂમ પડે છે. ખરી રીતે પાછલા શુંગોની નબળાઇનાં બીજ અગ્નિમિત્રના હાથે જ વવાયાં હતાં એમ લાગે છે.

# મૌર્યવંશ (દ્વિતીય વિભાગ) ૬૧ વર્ષ, મ.નિ. ૩૪૬–૪૦૭

## (વિ. સં. પૂ. ૬૪–૩. ઈ. સ. પૂ. ૧૨૧–૬૦)

પુષ્યમિત્રોના આધિપત્યનો ૩૦ વર્ષ ગાળો પડયા બાદ ઉજ્જયિની પર ફરીથી મૌર્યોનું આધિપત્ય શરૂ થાય છે. પહેલાં ૨૨ વર્ષ આધિપત્ય ભોગવી ચુકેલા બલમિત્ર–ભાનુમિત્ર ફરીથી ત્યાં પોતાનું આધિપત્ય સ્થાપન કરે છે. તેઓના ત્યાં ૮ વર્ષ આધિપત્ય પછી બલમિત્રનો પુત્ર નભોવાહન ૪૦ વર્ષ અને તે પછી તેનો પુત્ર ગર્દભિલ્લ ૧૩ વર્ષ આધિપત્ય ભોગવે છે. જૈન કાલગણનાની ગાથાઓ એ મૌર્યો હતા કે નહિ તે વિષે કાંઇ પણ લખતી નથી. વિરુદ્ધ, તે પરથી એમ સમજાય છે કે, તેઓ જાણે મૌર્યો ન હોય. તેઓના મૌર્યો હોવા વિષે જૈનસાહિત્ય કે જૈનેતર ગ્રંથોથી પણ કાંઇ માહિતી મળતી નથી; ફક્ત હિમવંત થેરાવલી આપણને સ્પષ્ટ કહે છે કે, તેઓ અશોકના વંશજો એટલે મૌર્યો હતા. થેરાવલીના એ કથન પર અવિશ્વાસ કરવાનું કોઈ કારણ નથી. બલમિત્ર–ભાનુમિત્રને શુંગવંશીય, નભોવાહનને નહપાન માની ક્ષહરાટવંશીય અને ગર્દભિલ્લને પણ કોઈ અન્યવંશીય કહેનારાઓની વિવિધ કલ્પનાઓ પાછળ અપાતા પુરાવાઓ અવ્યવસ્થિત હોઈ તે પ્રામાણિક કોટીમાં મુકી શકાય તેવા નથી, તેથી થેરાવલીના કથનને જ સ્વીકારી લેવું એ જ ઉચિત ને ઈષ્ટ છે.

# બલમિત્ર–ભાનુમિત્ર ૮ વર્ષ, મ. નિ. ૩૪૬–૩૫૪.

## (વિ. સં. પૂ. ૬૪–૫૬ ઇ. સ. પૂ. ૧૨૧–૧૧૩)

જૈન કાલગણનાની ગાથાઓ અને હિમવંત થેરાવલી બલમિત્ર–ભાનુમિત્રનો રાજત્વકાલ ૬૦ વર્ષ નોંધે છે તે, પુષ્યમિત્રોના ઉજ્જયિની પર ૩૦ વર્ષ આધિપત્ય પહેલાં અને પછી ભોગવેલાં અનુક્રમે ૨૨ વર્ષ અને ૮ વર્ષ એમ ૨૨+૮=૩૦ વર્ષ, અને તેમના આધિપત્ય દરમીયાન તેમણે ઉજ્જયિનીમાં માંડલિક તરીકે કે મતાંતરે ભરૂચમાં સ્વતન્ત્ર રાજા તરીકે ભોગવેલાં ઉજ્જયિનીના આધિપત્ય વગરનાં, ઉજ્જયિનીના આધિપત્યવાળાં ૨૨ વર્ષ અને ૮ વર્ષ વચ્ચેના સમયનાં ૩૦ વર્ષ, એમ બેઉ મળીને ૩૦+૩૦=૬૦ વર્ષ નોંધાયાં છે. એમના ઉજ્જયિની પર આધિપત્યવાળા અને આધિપત્ય વગરના એમ ૬૦ વર્ષના રાજત્વકાલ દરમીયાન, જો કોઈ પણ ઘટનાનો ઉલ્લેખ થયો હોય તો તે ફક્ત, દશપૂર્વધર યુગપ્રધાન કાલકાચાર્યનું-શ્યામાચાર્યનું તેમની રાજધાની ઉજ્જયિનીમાંથી ચોમાસાની અંદર થયેલા નિર્વાસનનો છે. કાલકાચાર્યનું નિર્વાસન ઉજ્જયિનીથી થયું કે ભરૂચથી થયું એમાં મતભેદ છે. કેટલાક આચાર્યો કહે છે તેમ, જો તે ભરૂચથી થયુ હોય તો, મ. નિ. ૩૧૬ થી ૩૪૬ સુધીમાં જયારે ઉજ્જયિનીમાં પુષ્પમિત્રોનું આધિપત્ય હતું ત્યારે તે રાજાઓ ભરૂચમાં રહેતા હોય અને ત્યાંથી કાલકાચાર્યનું નિર્વાસન થયું હોય એમ માનવું આવી પડે છે.

જૈન કાલગણનાની ગાથાઓ પરથી પ્રવર્તતો ચાલુ સંપ્રદાય બલમિત્ર–ભાનુમિત્રને મ. નિ. ૩૫૩ થી ૪૧૩ સુધીમાં મુકે છે તેથી કાલકાચાર્યનું ઉપરોક્ત નિર્વાસન મ. નિ. ૩૫૩ થી લઇ મ. નિ. ૩૭૬ માં કાલકાચાર્ય સ્વર્ગસ્થ થયા તે સમયના વચગાળામાં કયારેક ઉજ્જયિનીથી થયું હતું એમ તેના મતે મનાય, પરંતુ જો તેમને પુષ્યમિત્ર પછી આવનારા હોવાથી શુંગવંશીય જ માનવામાં આવે તો તેમની રાજધાની કદાચ, પાટલીપુત્ર અથવા ખાસ કરીને, વિદિશા હોય અને તેઓ ત્યાં વસતા હોય, પણ તેમની રાજધાની કે વસવાટ ઉજ્જયિનીમાં હોય નહિ; અને જો તેમ જ હોય તો તેમના હાથે કાલકાચાર્યનું ઉજ્જયિનીથી અથવા તો ભરૂચથી નિર્વાસન થયું હતું એમ જે જૈનસાહિત્યમાં કથન કરાયું છે તે અસંગત થઇ પડે. આથી સાબીત થાય છે કે, બલમિત્ર–ભાનુમિત્રની રાજધાની વિદિશા કે પાટલીપુત્રમાં ન હતી, તેમ તેઓ શુંગવંશીય પણ ન હતા, પરંતુ હિમવંત થેરાવલી કહે છે તેમ મૌર્યવંશીય હતા અને સંપ્રતિ પછી ઉજ્જયિનીની રાજગાદીએ આવ્યા હતા. જૈન સાહિત્ય કહે છે કે, તેમનો મન્ત્રી કણ્વવંશનો હતો અને તે ચુસ્ત વૈદિક હતો. સંભવ છે કે, પોતાના પર પુષ્યમિત્રોની સર્વોપરીતા સ્થપાતાં બલમિત્ર–ભાનુમિત્રને સ્વયં રાજદ્વારી કુનેહથી શુંગોની સાથે લાગવગ ધરાવતા કણ્વવંશના પુરુષને મન્ત્રીપદ પર રાખવાની આવશ્યકતા જણાઇ હોય અથવા તો તેમને તેમ કરવાની

પુષ્યમિત્રોએ ફરજ પાડી હોય. કાલકાચાર્યને કસમયે નિર્વાસિત કરાવવામાં એ દ્વેષીલા વૈદિક મન્ત્રીએ જ મુખ્ય ભાગ ભજવ્યો હતો એમ જૈનસાહિત્ય કહે છે. યુગપ્રધાન, દશપૂર્વધર, પ્રજ્ઞાપના સૂત્રના કર્તા, કાલકાચાર્ય ઉર્ફે શ્યામાચાર્યનું જ ઉજ્જયિનીથી નિર્વાસન થયું હતું અને કણ્વમન્ત્રીની ખટપટને લઇ તેમને નિર્વાસિત કરનાર આ જ બલમિત્ર–ભાનુમિત્ર હતા તથા ઉજ્જયિનીથી ચોમાસાની શરૂઆતના દિવસોમાં જ આન્ધ્ર સાતકર્ણીની રાજધાની પ્રતિષ્ઠાનપુર તરફ વિહાર કરી ત્યાં પહોંચ્યા બાદ પર્યુષણાદિન પંચમીને ચતુર્થીમાં પરિવર્તન કરનારા આ સમયના જ કાલકાચાર્ય (શ્યામાચાર્ય) હતા, વિગેરે હકીકત મેં મારા 'પર્યુષણા પર્વદિન પરિવર્તક આર્ય કાલક' એ મથાળાવાળા લેખમાં[૨૨૬] ચર્ચી છે. છે. અહિં તો તેનો બલમિત્ર–ભાનુમિત્રના સમયમાં તેમના હાથે ઘડાયલી એક ઘટના તરીકે જ ઈસારો કરવામાં આવ્યો છે. સંભવ છે કે, ઉપરોક્ત નિર્વાસનની ઘટના સમયે બલમિત્ર હયાત ન હોઈ, ઉજ્જયિનીનું આધિપત્ય ભોગવતો તેનો ભ્રાતા ભાનુમિત્ર કાચા કાનનો ને અવિચારી હોવાને લઈ તે કણ્વમન્ત્રીની દ્વેષીલી દોરવણીનો ભોગ થઇ પડ્યો હોય. પરંતુ આ વસ્તુ સિદ્ધ કરવાને કોઇ પુરાવો ન હોવાના કારણે તે એક કલ્પના જ છે. આ બલમિત્ર–ભાનુમિત્ર પછી ઉજ્જયિનીનું આધિપત્ય બલમિત્રના પુત્ર નભોવાહનના હાથમાં આવ્યું એ નભોવાહનનો–તેની ઓળખ વિગેરેનો બહુ જ મતાંતર ભર્યો ખ્યાલ આપીએ તે પહેલાં, બલમિત્ર–ભાનુમિત્રના ૬૦ વર્ષના રાજત્વકાલમાં જૈનત્વની શી સ્થિતિ હતી તેનો કાંઇક ઇસારો કરી લઈએ.

યુગપ્રધાન આર્ય મહાગિરિજી સ્વર્ગસ્થ થયા તે પછી તેમનો ગણ–શિષ્ય સમુદાય આર્યસુહસ્તિના ગણ સાથે સાંભોગિકતા–એક મંડલીમાં કરાતો આહારાદિવ્યવહાર–રાખતો હતો કે નહિ તે વિષેનો ઉલ્લેખ પ્રાયઃ જોવામાં આવતો નથી; પરંતુ એ વાત તો નકી છે કે, શ્રી સુહસ્તિના નેતૃત્વ નીચે શ્રી શ્રમણસંઘ એકરૂપ હતો. આર્યમહાગિરિજીના શિષ્યોમાંથી શ્રી બલિસ્સહ વિગેરે, પોતાના ગુરુએ આચરેલી જિનકલ્પતુલનાની પરંપરા ઓછાવત્તા રૂપે સાચવી રહ્યા હશે, એમ હિમવંત થેરાવલી પરથી માલૂમ પડે છે, પરંતુ સમય વીતતાં એ પરંપરા ચાલુ ન રાખવાનું તેમને અને તેમના શિષ્યોને છેવટે ઉચિત લાગ્યું હોય એમ જણાય છે. શ્રીસ્વાતિ અને શ્રીશ્યામાર્યને હિમવંત થેરાવલીમાં સ્થવિરકલ્પી તરીકે ગણાવ્યા છે[૨૨૭] તે પરથી લાગે છે કે, આર્ય બલિસ્સહે જ પાછળથી

(૨૨૬) જુવો, 'જૈન' પત્રનો વિ. સં. ૨૦૦૧ નો પર્યુષણાંક. પુ. ૪૪, અં. ૩૪, પૃ. ૪૩૩.

(૨૨૭) ખારવેલે સાધુ સાધ્વીઓની પરિષદ બોલાવી હતી. તેમાં આવેલા સાધુઓને બે વિભાગથી જણાવ્યા છે. જેમકેઃ–બલિસ્સહ, બોહિલિંગ, દેવાયરિય, ધમ્મસેણ, નક્ખત્તાયરિય આદિ ૨૦૦ સાધુઓને જિનકલ્પની તુલના કરનારા અને અજ્જસુટ્ઠિય-સુપ્પડિબુદ્ધ, ઉમસાઈ, સામજ્જ આદિ ૩૦૦ સાધુઓને સ્થવિરકલ્પી તરીકે વ્યવહાર કરનારા. અહિં થેરાવલીનો એ મૂલપાઠ આવી રીતે છેઃ—**पुव्वि तित्थयर-गणहर-परूवियं पवयणं वि बहुसो विणट्ठपायं णाऊण तेणं भिक्खुराय-**

સ્થવિરકલ્પ પર જ ભાર મુકી જિનકલ્પની તુલના કરવાનું અમુકાંશે અટકાવી દીધું હોય. કોઈ વિશિષ્ટ પુરુષ જિનકલ્પની તુલના કરે તેની પરંપરા ચાલુ રાખવાથી ભવિષ્યમાં

---

णिव्वेणं जिणपवयणसंगहट्ठं च संपइणिवुव्व समणाणं णिग्गंठाणं णिग्गंठीणं य एगा परिसा तत्थ कुमारीपव्वय-तित्थम्मि मेलिया। तत्थणं थेराणं अज्जमहागिरीणमणुपत्ताणं बलिस्सह-बोहिलिंग-देवायरिय-धम्मसेण-नक्खत्तायरियाइ जिणकप्पितुलणत्तं कुणमाणाणं दुन्निसया णिग्गंठाणं समागया। अज्जसुट्ठिय-सुबड्डिबुद्ध (पडिबुद्ध)-उमसाइ÷सामज्जाइणं थेरकप्पियाणं वि तिन्नि सया णिग्गंठाणं समागया + + +।

( આ પછી આર્યા પોઈણી આદિ ૩૦૦ સાધ્વીઓ, ભિખ્ખુરાય-સીચંદ-ચુણ્ણય-સેલગ આદિ ૭૦૦ શ્રાવકો અને ભિક્ષુરાય રાજાની સ્ત્રી પુરણ્મિત્તા આદિ ૭૦૦ શ્રાવિકાઓની એ પરિષદમાં હાજરી હોવાની વાત લખી છે.) હિમ૦ થેરા૦ પૃ. ૬ (મુદ્રિત)

÷નંદીસૂત્રપટ્ટાવલી, કે જે માથુરી-વાચનાનુગત છે, તેમાં '**हारियगुत्तं साइं च**'૦એ ગાથાથી હારિત ગોત્રવાળા સ્વાતિનું નામ બલિસ્સહ પછી આપેલું છે. મુદ્રિત હિમવંત થેરાવલીના પૃ ૮ પર પણ એ જ ગાથા નોંધેલી છે, પરંતુ અહિં સ્વાતિના બદલે ઉમસ્વાતિ લખાય છે તેનું કારણ સમજાતું નથી.

ઉપાધ્યાય શ્રીધર્મસાગરજી તપાગચ્છ પટ્ટાવલીમાં આ સ્વાતિને બલિસ્સહના શિષ્ય અને શ્યામાર્યના ગુરુ તરીકે લખી રહ્યા છે અને તેમનું ગોત્ર હારિત હતું એ નિઃશંક છે, જ્યારે સંસ્કૃત સંક્ષિપ્ત સૂત્રાત્મક 'તત્ત્વાર્થ' અને તેના ભાષ્યના કર્તા ઉમાસ્વાતિ પોતે પોતાના ભાષ્યની પ્રશસ્તિમાં દીક્ષાગુરુ તરીકે ઘોષનન્દિક્ષમણ અને વિદ્યાગુરુ તરીકે 'મૂલ' નામના વાચનાચાર્ય તથા ગોત્ર તરીકે કૌભીષણિ હોવાનું જણાવે છે. આથી સ્વાતિ અને ઉમાસ્વાતિ એ બન્ને ભિન્ન ભિન્ન વ્યક્તિ છે, એમ સાબીત થાય છે. વાલભી પટ્ટાવલીઓમાં આર્યસુહસ્તિ અને શ્યામાર્યની વચ્ચે ગુણસુંદરને યુગપ્રધાન ગણાવ્યા છે. માથુરી પટ્ટાવલીમાં ઉપરોક્ત યુગપ્રધાન ગુણસુંદરના સ્થાને બલિસ્સહ અને સ્વાતિને ગણાવ્યા છે, તેથી સ્પષ્ટ છે કે, બલિસ્સહ અને સ્વાતિનો યુગપ્રધાનત્વકાલ, ગુણસુંદરનો યુગપ્રધાનત્વકાલ જે મ. નિ ૨૯૧થી ૩૩૫ સુધી હતો તે જ છે. ખારવેલે પોતાના રાજ્યના ૧૩મા વર્ષે એટલે મ. નિ. ૩૧૩માં શ્રમણ પરિષદ ભરી હતી તેમાં બલિસ્સહની હાજરી હતી તેથી સમજાય છે કે, તે પછી ક્યારેક સ્વાતિ યુગપ્રધાનપદે આવ્યા હશે અને મ. નિ. ૩૩૫ સુધી-શ્યામાર્ય યુગપ્રધાનપદ પર આવ્યા ત્યાં સુધી રહ્યા હશે. આમ સ્વાતિનો સમય મહાવીરની ચોથી સદીના પૂર્વાર્ધમાં નિશ્ચિત છે, જ્યારે ઉમાસ્વાતિનો સમય ચોક્કસ રીતે કથન કરવો એ બહુ જ મુશ્કેલ છે. સિરિ દુસમાકાલ સમણસંઘથયં (ધર્મઘોષસૂરિ), તપાગચ્છપટ્ટાવલી (ઉ૦ ધર્મસાગરજીગણી), લોકપ્રકાશ (ઉ. વિનયવિજયગણી,) પટ્ટાવલીસારોદ્ધાર (ઉ. રવિવર્ધનગણી), વિગેરે ગ્રંથોમાં યુગપ્રધાન ઉમાસ્વાતિને જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ પછી નોંધ્યા છે. ત્યાં શ્રીજિનભદ્રને મહાવીરની બારમી સદીના પૂર્વાર્ધમાં એટલે મ. નિ. ૧૧૧૫ વર્ષે અને ઉમાસ્વાતિને બારમી સદીના લગભગ અંતે એટલે મ. નિ. ૧૧૯૦ વર્ષે સ્વર્ગસ્થ થયાનું લખાયું છે. આ લેખકો ઉમાસ્વાતિને યુગપ્રધાન તરીકે લખે છે. તેમની સાથે 'વાચક' શબ્દ જોડતા નથી તેથી સમજાય છે કે, વાચક ઉમાસ્વાતિથી આ યુગપ્રધાન ઉમાસ્વાતિ ભિન્ન છે. દિગંબર આચાર્ય પૂજ્યપાદે તત્ત્વાર્થસૂત્ર પર સર્વાર્થસિદ્ધિ નામની ટીકા લખી છે. તેમનો સમય વિક્રમની પાંચમી છઠ્ઠી સદી -મ. નિ. ની ૧૦ મી ૧૧મી સદી માનવામાં આવે છે. એ માન્યતા બરાબર હોય તો

**અતિપરિણામ કે અપરિણામથી શાસનને અસ્ખલિતવહેતું રાખવાની મુશ્કીલતાનો આર્ય બલિસ્સહને અનુભવ થયો હોય એવું એ પરિણામ હતું કે કેમ એ જાણવાનું આજે કોઈ સ્પષ્ટ સાધન નથી.**

આ સમયથી પહેલાં વાચક ઉમાસ્વાતી થયા છે એમ માનવું રહ્યું. ભારતીય વિદ્યા. તૃતીય ભાગમાં શ્રીયુત પં. નાથૂરામજી પ્રેમી તત્ત્વાર્થસૂત્રને 'પહેલો સંસ્કૃત જૈન સૂત્રગ્રંથ' તરીકે કથન કરતાં એનો રચનાકાલ સર્વાર્થસિદ્ધિ નામની ટીકાથી ૧૫૦,૨૦૦ વર્ષ પૂર્વે હોવાનું અનુમાન કરે છે. અર્થાત્; મ. નિ. ની નવમી સદીના અંતની લગભગ સુધીમાં ઉમાસ્વાતિને તેઓ મુકે છે; પરન્તુ મારે કહેવું જોઈએ કે, તત્ત્વાર્થ (સભાષ્ય) એ પહેલો જ સંસ્કૃત જૈન ગ્રંથ છે તો ઉમાસ્વાતિનો સમય શ્રીયુત પ્રેમીજી કહે છે તે કરતાં વધારે પૂર્વે હોવો જોઈએ, કેમકે, મ. નિ. ૮૭૦ વર્ષે આચારાંગાદિ સૂત્રો પર વિવરણ રચનાર, સ્કંદિલાચાર્યના વડીલ ગુરુભ્રાતા મધુમિત્રના ત્રણ પૂર્વના જ્ઞાતા મહાપ્રભાવક વિદ્વાન શિષ્ય —શ્રી ગન્ધહસ્તિએ તત્ત્વાર્થસૂત્ર પર ૮૦૦૦૦ પ્રમાણ 'મહાભાષ્ય' લખ્યું હતું, એમ હિમવંતથેરાવલી લખી રહી છે. માથુરી યુગપ્રધાન પટ્ટાવલી પ્રમાણે મ. નિ ૮૧૦ વર્ષે અને વાલભીયુગપ્રધાન પટ્ટાવલી પ્રમાણે મ. નિ. ૮૨૩ કે ૮૨૬ વર્ષે બ્રહ્મદ્વીપિક સિંહસૂરિનો યુગપ્રધાનત્વકાલ પુરો થઇ, તેમના શિષ્ય સ્કંદિલાચાર્યનો યુગપ્રધાનત્વકાલ શરૂ થયો હતો એમાં કોઇ મતભેદ નથી. જો કે વાલભી યુગપ્રધાન પટ્ટાવલીઓ સિંહસૂરિ પછી ૭૮ વર્ષ જેટલા લાંબા કાલ પર્યંત નાગાર્જુનનું જ યુગપ્રધાનત્વ માની સ્કંદિલ અને તેના પછીના યુગપ્રધાન હિમવંતને પડતા મુકે છે એ એક જુદી વાત છે. આગમ પર વિવરણો સંસ્કૃતમાં લખવાનો સમય આવી પહોંચ્યો તેનાથી બહુ જ પૂર્વે જૈનાચાર્યો પોતાની કૃતિઓ સંસ્કૃતમાં રચતા હતા કે નહિ અને રચતા હતા તો ક્યારથી, એ પ્રશ્નને અધુરાં અનુમાનાભાસોથી હલ કરવા જતાં કોઇ પણ તેમાં ભાગ્યે જ સફળતા મેળવી શકે. આવી સ્થિતિમાં ગન્ધહસ્તિ સિદ્ધસેનથી કેટલા સમય પૂર્વે તત્ત્વાર્થસૂત્રના કર્તા કૌભીષણિ ઉમાસ્વાતિ થયા હતા એ નક્કી કરવું મુશ્કેલ છે. ગન્ધહસ્તિ સિદ્ધસેનથી ચાર સદી પૂર્વે થયેલા સંવત પ્રવર્તક વિક્રમાદિત્યના પ્રબોધક કુમુદચંદ્ર-સિદ્ધસેન દિવાકર, કે જેઓ સંસ્કૃત વાઙ્મયના ધુરંધર વિદ્વાન અને પ્રૌઢ મહાકવિ હતા, તેમનાથી આ ઉમાસ્વાતિ પૂર્વે થયા હતા યા પછી થયા હતા, એ કહી શકાય તેમ નથી. ઉમાસ્વાતિ પોતાના ભાષ્યમાં પ્રશસ્તિ લખતાં પોતાની ઓળખ આપે છે તેમાં તેઓ પોતાને 'ઉચ્ચૈર્નાગરવાચક' તરીકે લખે છે જેમકે:—

> वाचकमुख्यस्य शिवश्रियः प्रकाशयशसः प्रशिष्येण ।
> शिष्येण घोषनन्दिक्षमणस्यैकादशाङ्गविदः ॥
> वाचनया च महावाचकक्षमणमुण्डपादशिष्यस्य ।
> शिष्येण वाचकाचार्यमूलनाम्नः प्रथितकीर्तेः ॥
> न्यग्रोधिकाप्रसूतेन विहरता पुरवरे कुसुमनाम्नि ।
> कौभीषणिना स्वातितनयेन वात्सीसुतेनाऽर्घ्यम् ॥
> अर्हद्वचनं गुरुक्रमेणागतं समुपधार्य ।
> दुःखार्त्तं च दुरागमविहतमतिं लोकमवलोक्य ।
> इदमुच्चैर्नागरवाचकेन सत्त्वानुकम्पया दृब्धं ।
> तत्त्वार्थाधिगमाख्यं स्पष्टमुमास्वातिना शास्त्रम् ॥

વાલભીવાચનાનુસાર આર્યસુહસ્તિ પછી 'ગુણસુંદર' નામના સ્થવિર આચાર્ય યુગપ્રધાનપદે આવ્યા હતા. તેમનો યુગપ્રધાનત્વકાલ મ. નિ. ૨૯૧ થી ૩૩૫ સુધીનો ૩૬ વર્ષ પ્રમાણ હતો. તેઓની અને તેઓના કાર્યોની કાંઇ પણ હકીકત મળતી નથી. ફક્ત તેમનો ગૃહસ્થાદિપર્યાય કેટલો હતો તે જ યુગપ્રધાન પટ્ટાવલીથી જાણવા મળે છે. સંભવ છે કે, તેઓ આર્યસુહસ્તિના બાર શિષ્યોમાં કોઇકના સમુદાયમાંના હશે, પણ આ વિષેના સ્પષ્ટાક્ષરો જોવામાં આવતા નથી.

માથુરીવાચનાનુસાર આર્યસુહસ્તિ પછી મ. નિ. ૨૯૧ થી ૩૩૫ સુધીના ૩૬ વર્ષમાં આર્યમહાગિરિના શિષ્ય–બલિસ્સહ અને સ્વાતિ એ બે યુગપ્રધાન થયા હોવાનું જાણવા મળે છે. શ્રી સ્વાતિજીએ સનિર્યુક્તિક તત્ત્વાર્થ સૂત્ર રચ્યું હતું, એવો ઉલ્લેખ હિમવંત થેરાવલીમાં "उमसाइहिं य थेरेहिं तत्तत्थसुत्तं सणिज्जुइयं पकूवियं." આવા શબ્દોમાં મળે છે. ઉપાધ્યાય શ્રી ધર્મસાગરજી ગણિ "તત્ત્વાર્થ વિગેરે ગ્રંથો તેમના કરેલા જ સંભવે છે." એમ તપાગચ્છ પટ્ટાવલીમાં સંભાવના કરે છે. સંભાવના તરીકે એ ઉલ્લેખ કેમ? ભિન્ન ભિન્ન ગૌત્ર તરીકે ઓળખાવાતા સ્વાતિ અને ઉમાસ્વાતિ શું ભિન્ન છે? એકે નિર્યુક્તિસમેત તત્ત્વાર્થ પ્રાકૃતમાં લખ્યું અને બીજાએ સભાષ્ય તત્ત્વાર્થસૂત્ર સંસ્કૃતમાં પ્રાકૃત પરથી અનુવાદિત કર્યું એમ હોવા સંભવ છે શું? સ્વાતિ અને ઉમાસ્વાતિ એક જ

---

આ ઉપરથી સમજાય છે કે, ઉમાસ્વાતિ સુસ્થિત–સુપ્રતિબદ્ધથી નીકળેલા કોટિકગણની 'ઉચ્ચાનાગરી' શાખામાં ક્યારેક થયા હતા, પરન્તુ તેમનો સમય નક્કી કરી શકાય તેમ નથી. તત્ત્વાર્થભાષ્યમાં ઉપકરણના બાહ્ય અને અભ્યંતર એમ બે ભેદ પાડયા છે તે આગમમાં ન દેખતાં શ્રીગણિ–સિદ્ધસેન એ વિષે લખતાં "आचार्यस्यैव कुतोऽपि सम्प्रदायः" એમ જણાવાય છે તેથી એમ અનુમાન થાય છે કે, ઉચ્ચાનાગરી શાખામાં ઉમાસ્વાતી થયેલા હોવા છતાં વાચનાથી તેમનો ગુરુક્રમ ભિન્ન હતો. શ્રીયુત. નાથૂરામ પ્રેમીજી કહે છે તેમ, એ ગુરુક્રમ 'યાપનીય' હતો કે કેમ એ એક પ્રશ્ન છે. અને તેથી 'યાપનીય' હોવા તરીકે પણ તેમના સમયનો નિર્ણય કરવામાં મુશ્કેલી છે. આ સર્વ ચર્ચા પરથી એટલું જ સાબીત થાય છે કે, ઉમાસ્વાતિ હારિત સ્વાતિની પછી અને ગન્ધહસ્તિ–સિદ્ધસેનની પૂર્વે એટલે મ. નિ. ની ચોથી સદીની પછી અને નવમી સદીની પૂર્વે ક્યારેક થયા હતા. હિમવંત થેરાવલીના અંતે આર્યસ્કંદિલ માટે જે કાંઇ સંસ્કૃતમાં લખાયું છે તે પાછળથી ઉમેરવામાં આવ્યું હોય તેમ જણાય છે. આ ઉમેરો કોણે ને ક્યારે કર્યો એ જાણવાનું સાધન નથી. મને લાગે છે કે, આ ઉમેરો કરતી વખતે સ્કંદિલના વિષે બહુ પરિચિત એવા તે અનુસંધાનકર્તા કોઇપણ ઉમાસ્વાતિ વિષે અજ્ઞાત હોય કે પ્રાકૃત 'तत्तत्थसुत्तं सणिज्जुइयं' અને 'तत्त्वार्थसूत्रं सभाष्यं' એક માનતા હોય અથવા અન્ય ભ્રમે તે કારણે તેમણે હિમવંત થેરાવલીના 'साइ' ની પહેલા 'उम' શબ્દ મુકી દીધો હોય. એમ પણ બનવા સંભવ છે કે, પ્રાકૃત અને સંસ્કૃત તત્ત્વાર્થસૂત્રને એક સમજનારા કોઇ પ્રતિ લખનારાના હાથે એ 'उम' શબ્દ પ્રક્ષિપ્ત થઇ ગયો હોય. આથી વિશેષ અને સત્ય નિર્ણય તો બહુશ્રુતો આપે તે ખરો.

હોઇ તત્ત્વાર્થ, પ્રશમરતિ આદિ ગ્રંથો શું સ્વાતિના જ છે? સ્વાતિ જેવા પૂર્વધરને સૂત્રાત્મક સંક્ષેપમાં લખવાની કળા હસ્તગત કેમ ન હોઈ શકે? આ જ સમયમાં શ્રી પતંજલિએ સંક્ષિપ્ત સંસ્કૃત સૂત્રાત્મક યોગશાસ્ત્ર રચ્યું હતું તો પછી શ્રી સ્વાતિજી જેવા પૂર્વધર જૈનાચાર્ય પણ સંસ્કૃતમાં તેવું કાંઇ જૈન સૂત્રાત્મક લખે તો તેમાં શું અસંભાવ્ય છે? આવા આવા અનેક ઊઠતા પ્રશ્નોથી સર્વથા નિશ્ચય ન થવાને લઇ શ્રી ધર્મસાગરજી ઉપાધ્યાય સ્વાતિને તત્ત્વાર્થસૂત્રાદિના કર્તા તરીકે હોવાના વિષયમાં સંભાવના કરતા જણાય છે.[૨૨૮] આ અરસામાં જ આર્યબલિસ્સહે વિદ્યાપ્રવાદપૂર્વથી અંગવિદ્યાદિશાસ્ત્ર અને મ. નિ. ૩૨૦ વર્ષે ઇન્દ્રની આગળ નિગોદનું વ્યાખ્યાન કરનાર શ્રી શ્યામાચાર્યે 'પ્રજ્ઞાપના' સૂત્ર રચ્યું હતું. હિમવંત થેરાવલી કહે છે કે, જૈન મહારાજા ખારવેલે વિનંતી કરી શ્રી શ્રમણસંઘની પરિષદ્ મેળવી હતી, તેમાં થયેલી સૂચનાનુસાર ઉપરોક્ત તત્ત્વાર્થસૂત્ર, અંગવિદ્યાદિ અને પ્રજ્ઞાપનાની નવ્ય રચનાઓ કરવામાં આવી હતી. દુષ્કાલમાં અવ્યવસ્થિત થયેલા દૃષ્ટિવાદનું પણ આ શ્રમણસંઘની પરિષદમાં પરસ્પરાનુસંધાનથી સંયોજન ને સંશોધન કરવામાં આવ્યું હતું. થેરાવલી કહે છે કે, જૈનપ્રવચનને તાડપત્રાદિ પર લખાવવાનું કાર્ય પણ આ સમયે થયું હતું.

ખારવેલે કલિંગમાં મેળવેલી ઉપરોકત શ્રમણ સંઘની પરિષદમાં જિનકલ્પની તુલના કરનારા આર્ય મહાગિરિજીની પરંપરાના શ્રમણો પધાર્યા હતા, તેમ આર્યસુહસ્તિના શિષ્યો આર્યસુસ્થિત અને આર્યસુપ્રતિબદ્ધ વિગેરે પણ પધાર્યા હતા. શ્રીદેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણ આ સુસ્થિત-સુપ્રતિબદ્ધની પરંપરાના છે. વર્તમાન શ્રમણસમુદાય પણ પ્રાયઃ તેમની જ પરંપરાનો છે. શ્રી. મેરુતુંગસૂરિ કહે છે કે, " સુસ્થિત-સુપ્રતિબદ્ધ ખારવેલના ધર્મગુરુ હતા. બહુધા તેઓ કલિંગમાં જ વિચરતા હતા. તેમનો સ્વર્ગવાસ મ. નિ. ૩૨૭ માં થયો હતો. ખારવેલે તેમના દહન કર્યાના સ્થળે મહામહોત્સવપૂર્વક બે સ્તૂપો કરાવ્યા હતા, કે જે સ્થળ કુમરગિરિ પર આવેલું હતું. [૨૨૯] તપાગચ્છપટ્ટાવલીમાં (સં. પં. કલ્યા-

(૨૨૮) ઉ. શ્રી ધર્મસાગરજીગણિ સભાષ્ય તત્ત્વાર્થસૂત્રના કર્તા ઉમાસ્વાતિને, બહુ પાછળના સમયમાં મ. નિ. ૧૧૯૦માં થયેલા બીજા ઉદયના ૧૧મા યુગપ્રધાન ઉમાસ્વાતિ તરીકે નહિ માનતા હશે અને બીજા કોઇ ઉમાસ્વાતિનું અસ્તિત્વ તેમને ન જણાતાં તેમણે હારિત-સ્વાતિને જ ઉમાસ્વાતિ તરીકે લેખી તત્ત્વાર્થ વિગેરે ગ્રંથો તેમના જ હોવાની સંભાવના કરી છે.

ઉમાસ્વાતિના પિતાનું નામ સ્વાતિ અને માતાનું નામ ઉમા હોવાથી તેમનું ઉમાસ્વાતિ નામ રાખવામાં આવેલું હતું. ભાષ્યની પ્રશસ્તિમાં માતાનું નામ 'વાત્સી' લખાએલું છે તે પરથી લાગે છે કે, 'ઉમા' એ વાત્સગોત્રની હોવાથી વાત્સી પણ કહેવાતી હશે. તેઓ પોતે પોતાને 'કૌભીષણિ' લખતા હોવાથી તેમના પિતા સ્વાતિનું ગોત્ર 'કૌભીષણ' અથવા તો 'કુભીષણ' હશે.

(૨૨૯) શ્રીમેરુતુંગસૂરિની અંચલગચ્છ પટ્ટાવલી પરથી અહિં એમ પણ કહેવાયું છે કે, તેઓ રાજન્યકુળના હતા અને તેમણે કુમર પર્વત પર સૂરિમંત્રનો કોટિ વાર જાપ કર્યો હતો. એમણે અન-

ણુવિજયજી) સુસ્થિત-સુપ્રતિબદ્ધનો સ્વર્ગવાસ મ. નિ. ૩૩૯ વર્ષે લખે છે એની સાથે ઉપરોક્ત મ. નિ. ૩૨૭ માં તેમના લખેલો સ્વર્ગવાસ એ સ્પષ્ટ મતભેદ છે. આ મતભેદનું સમાધાન કરવાનાં સાધન હું જાણતો નથી.

શ્રીગુણસુંદર પછી અને શ્રીસ્વાતિ પછી યુગપ્રધાન તરીકે આવનાર શ્રી શ્યામાર્ય છે. વાલભી અને માથુરી બન્ને વાચના તેમને યુગપ્રધાન તરીકે નોંધે છે. કહે છે કે, તેઓ શ્રીસ્વાતિના શિષ્ય હતા. તેમનો યુગપ્રધાનત્વકાલ મ. નિ. ૩૩૫ થી ૩૭૬ સુધી ૪૧ વર્ષ પ્રમાણ છે. ઉજ્જયિનીથી ચોમાસામાં પ્રતિષ્ઠાનપુર ચાલ્યા જનાર આ આચાર્યે મ. નિ. ૨૯૮ થી ૩૫૪ સુધી ૫૬ વર્ષ રાજ્ય કરનાર પ્રતિષ્ઠાનપુરના આન્ધ્ર રાજા સાતકર્ણીના આગ્રહથી પંચમીનું વાર્ષિકપર્વ-પર્યુષણાપર્વ ચતુર્થીએ કર્યું હતું, કે જે એમનામાં રહેલા સર્વશ્રેષ્ઠત્વ, સર્વમાન્યત્વ અને વિશિષ્ટશ્રુતધારિત્વને લઇ સદાને માટે પ્રામાણિક બન્યું

સંપ્રતિના રાજ્યની શરૂઆત થઇ તે પહેલાં જૈન શ્રમણો મગધ, અંગ, બંગ, કલિંગ, કાશી-કોશલ, વિદેહ, શૂરસેન અને અવન્તિના પૂર્વ પ્રદેશમાં વિશેષતઃ વિચરતા હશે એમ લાગે છે, પરંતુ સંપ્રતિના રાજત્વકાલમાં જૈન શ્રમણોના વિહારનું વહેણ ભારતના નૈઋત્ય પ્રદેશમાં એટલે હાલના મળવા, મેવાડ, રાજપૂતાના, ગુજરાત, કાઠિયાવાડ તરફ પણ વિશેષ વળ્યું હોય એમ સ્પષ્ટ સમજાય છે. બલમિત્ર-ભાનુમિત્રના રાજત્વકાલમાં તો એ વહેણ ઉપરોક્ત પ્રદેશમાં વેગથી વહેતું થઇ ત્યાં જૈન શ્રમણોની અવનવી શાખાઓ ફૂટવા લાગી હતી. કલિંગમાં અને પશ્ચિમ અવન્તિમાં ઊભરાતા જૈન શ્રમણો આ સમયે દક્ષિણાપથમાં પણ આગળ વધુ આગળ વિહરી રહ્યા હતા. આ સર્વનું કારણ શોધતાં અનુમાન થાય છે કે, પુષ્યમિત્ર-અગ્નિમિત્રના રાજઅમલે મગધ આદિ પૂર્વીય પ્રદેશો જૈન શ્રમણોના વિહારના માટે ઓછાવત્તા પ્રમાણમાં કંટકમય બની ગયા હતા. ખારવેલના મૃત્યુ બાદ વિશેષ નિરંકુશ બનેલા અગ્નિમિત્રના ઉત્પાતો બૌદ્ધોની જેમ જૈનોના માટે પણ ભયંકર બન્યા હશે એ બહુ જ સંભવિત છે. ભારતના વાયવ્ય પ્રદેશમાં-ગાંધાર, કામ્બોજ આદિમાં ઘણા લાંબા સમયથી જૈનત્વ વ્યાપેલું હતું. અશોકના સમયમાં ત્યાં બૌદ્ધત્વે પ્રવેશ કર્યો હતો. સંશોધકો આ બન્નેનો વિવેક ન કરી શકવાથી જૈનત્વની લગભગ બધી ય બાબતો બૌદ્ધત્વના નામે ચઢાવતા રહ્યા છે. એનું પૃથક્કરણ થવાની આવશ્યકતા છે. આ વિષયમાં કોઈ એકાદ બે વ્યક્તિ મંથન કરે તેની ત્રુટીઓ તરફ લક્ષ ન રાખતાં, વધારે અચૂક સંશોધન સંશોધકોના વિશાલ વર્ગ તરફથી હવે પછી થવા પામે એ ઇચ્છનીય છે. બલમિત્ર-ભાનુમિત્રના સમયમાં જેમ શૂરસેન જૈનત્વથી વ્યાપ્ત હતો. તેમ ગાંધાર અને કામ્બોજ પણ જૈનત્વથી વ્યાપેલા જ હોય એમાં કાંઇ શક નથી

---

જ્ઞાન પણ આ પર્વત ઉપર કર્યું હતું. ઉ. વિનયવિજયજીગણી કલ્પસુબોધિકામાં લખે છે કે, તેમનો જન્મ કાકંદીમાં થયો હતો. કહેવામાં આવે છે કે, તેમણે કાકંદીમાં જ સૂરિમંત્ર જાપ કર્યો હતો. સૂરિમંત્ર જાપના સ્થળ વિષે શ્રીમેરુતુંગસૂરિની સાથે આ સ્પષ્ટ મતાંતર છે.

શુંગવંશનો સ્થાપક પુષ્યમિત્ર અને તેનો પુત્ર અગ્નિમિત્ર એ બન્ને લશ્કરી રુઆબના અને ધાર્મિક અસરથી ઝનુની રંગે રંગાયલા હોઇ, તેમણે સામ્રાજ્યની સર્વ પ્રજા પ્રતિ સમભાવદૃષ્ટિએ આબાદી કરવા તરફ ઝાઝું લક્ષ્ય રાખ્યું નહિ. પરિણામે, તેમની હયાતી દરમીયાન વિજયોત્સવ અને ધાર્મિકોત્સવ ઉજવાયા, પણ તેમની હયાતી બાદ એકદમ નબળાઈએ પ્રવેશ કર્યો. તેમણે વ્યાકરણના ભાષ્યકર્તા તરીકે પતંજલીને જોયા જાણ્યા, પણ યોગશાસ્ત્રના કર્તા તરીકે પાછળથી પલટાયલા પતંજલીને જોયા જાણ્યા નહિ. પાછલા અમુક શુંગરાજાઓએ યોગી પતંજલીને જોયા જાણ્યા પણ તેઓ એવા તો અનીતિમાન, વિલાસી અને અવિનીત બની ગયા હતા કે તે ઋષિની અસર તેમના પર થઈ હોય એમ જણાતું નથી. મૌર્ય રાજકર્તાઓ નીતિમાન, વિનીત અને દયાળુ હતા પણ પરસ્પર સ્વાર્થવશતાને લઈ વિભક્ત થતાં નબળા પડયા હતા, જ્યારે શુંગરાજાઓ વારસાગત અનીતિ, ઉદ્ધતાઇ અને નિર્દયતાને લઇ નબળા પડી ગયા લાગે છે. કોઇ બળવાન આક્રમણકારી સત્તાએ હાથ ન ઉગામ્યો હોવાથી અગ્નિમિત્ર પછીના શુંગરાજાઓનો અમલ મધ્યદેશના અમુક પ્રદેશોમાં લગભગ ૭૬ વર્ષ સુધી અથવા તો ઓછામાં ઓછો ૬૮ વર્ષ સુધી ચાલ્યો હતો, એમ પુરાણોના આધારે જાણવા મળે છે. શુંગરાજાઓના મન્ત્રીઓ કણ્વવંશીય બ્રાહ્મણો હતા. આ કણ્વવંશી મન્ત્રીઓ આજકાલના વિલાસી 'બાપુઓ' સમા એ શુંગરાજાઓને રાજી રાખતા હશે, રમાડતા હશે અને અંધાધુંધી ઉપજાવી તેને દૂર કરવાની પોતાની શક્તિનો પરિચય બતાવી નચાવતા હશે એમ એ રાજાઓની પુરાણોક્ત હલકી ટેવો પરથી લાગે છે. આ સર્વનું પરિણામ એ આવ્યું કે, શુંગવંશના છેલ્લા રાજા દેવભૂતિને તેની રાજધાની વિદિશામાં જ તેના કણ્વ મન્ત્રી વાસુદેવે છળકપટથી મારી નંખાવ્યો અને પોતે વિદિશાનો રાજા બની બેઠો. શુંગભૃત્ય તરીકે ઓળખાતા આ કણ્વવંશમાં વાસુદેવ સુદ્ધાં ચાર રાજાઓ થયા અને તેઓએ ૪૪ કે ૪૫ વર્ષ રાજ્ય કર્યું. આ વંશના છેલ્લા રાજા સુશર્માને મારી નાખી આન્ધ્ર રાજા શાલિવાહનના મન્ત્રી શૂદ્રકે વિદિશાનો કબજો લીધો. શુંગભૃત્યોનું રાજ્ય હવે આન્ધ્રભૃત્યોના હાથમાં ચાલ્યું ગયું.

પુરાણોના આધારે શુંગવંશ વધારેમાં વધારે ૧૨૦ વર્ષ અને શુંગભૃત્યવંશ ૪૪ કે ૪૫ વર્ષ ચાલ્યો મનાય છે. મ. નિ. ૩૦૪ વર્ષે શુંગવંશની શરૂઆત થઈ એ હિસાબે ૩૦૪+૧૨૦=૪૨૪ વર્ષે શુંગવંશની સમાપ્તિ અને ૪૨૪+૪૪=૪૬૮ અથવા ૪૨૪+૪૫=૪૬૯ વર્ષે શુંગભૃત્યવંશની સમાપ્તિ આવે. પરંતુ આ સમય કાંઇક વહેલો લાગે છે. શાલિવાહને-હાલ રાજાએ શકારિ વિક્રમાદિત્યની સાથે મ. નિ. ૪૭૦ વર્ષે નર્મદા નદીના તટ પર ભરૂચ આગળ યુદ્ધ કર્યું હતું. આ પછી વિક્રમાદિત્ય મૃત્યુ પામ્યો અને તેના પુત્ર વિક્રમચરિત્રે-નભઃસેને તાપી નદીની દક્ષિણનો પ્રદેશ છોડી દઇ હાલની સાથે સંધિ કરી. વિક્રમાદિત્ય સાથેના યુદ્ધમાં શાલિવાહનપક્ષે શૂદ્રકે એક મહાન યોદ્ધા તરીકે ખાસ ભાગ ભજવ્યો છે. આ સર્વનો વિચાર કરતાં લાગે છે કે, આ યુદ્ધ પછી જ એટલે મ. નિ. ૪૭૦ વર્ષ પછી જ શૂદ્રકે વિદિશાના શુંગભૃત્યવંશને સમાપ્ત કર્યો હોય અને તેથી પુરા-

ઓની ગણતરીમાં જે શુંગરાજાઓનાં ૧૧૨ કે ૧૨૦ વર્ષ લખવામાં આવે છે તે તેથી વધારે હોઈ શુંગભૃત્યોનો સમાપ્તિ કાલ મ. નિ. ૪૭૦ થી ઓછામાં ઓછો બે ચાર વર્ષ આગળ લંબાયો હોવો જોઇએ. આમ છતાં વિક્રમાદિત્ય સાથેના યુદ્ધ પહેલાં જ શૂદ્રકે વિદિશા લઈ લીધી હોય તો તે એક જુદી વાત છે અને વધારે પ્રામાણિક પણ છે.

કેટલાક સંશોધકો પુરાણોના આધારે કણ્વરાજા સુશર્માને મારનારનું નામ 'સિમુક', શિશુક કે 'સિપ્રક' એવું સમજતાં ગુંચવાડામાં પડી જાય છે; કેમકે તેઓની માન્યતામાં, સિમુક આન્ધ્રવંશનો સ્થાપક હોઇ, આ સમયથી બહુ જ પૂર્વે થઈ ગયેલો મનાયો હોવાથી તેનું આ સમયે અસ્તિત્વ ઘટી શકતું નથી. ભિન્ન ભિન્ન ગ્રંથોના ઉલ્લેખોના સમન્વયથી વિદિશા–વર્ધમાન-શોભાવતીનો રાજકર્તા, આન્ધ્રભૃત્યોનો મૂળપુરુષ, શાલિવાહનના અર્ધા રાજ્યને મેળવનાર તેનો મન્ત્રી શૂદ્રક હતો એમ કેટલાકોએ સંભાવના કરી, પણ અંતે તેઓએ શાલિવાહનના આ વિદ્વાન ને પરાક્રમી મન્ત્રી શૂદ્રકને એક કલ્પિત જ પાત્ર માની લીધું. પરિણામે, સુશર્માને મારનાર આન્ધ્રરાજાનું નામ 'સિમુક', શિશુક કે 'સિપ્રક' નહિ, પણ શૂદ્રક હશે એમ નકી કરી શકાયું નહિ. એ શૂદ્રકના વિષે આ લેખમાં આગળ પર લખવામાં આવશે તે પરથી સ્પષ્ટ થશે કે શુંગભૃત્ય સુશર્માનો નાશ કરનાર આ આન્ધ્રભૃત્ય શૂદ્રક જ છે.

હવે અહિં અમુક સંશોધકોએ પુરાણોના આધારે તારવેલી શુંગરાજાઓના અને શુંગભૃત્ય રાજાઓના વિષેની નોંધ લઇએ, કે જે પરથી તેમનાં નામ અને રાજત્વ-કાલાદિ વિષે કાંઇક ખ્યાલ આવે અને સાથે સાથે એમના અનુક્રમાદિ વિગેરેની અચોક્કસતાનું પણ ભાન થાય.

| ભિન્ન ભિન્ન પુરાણોથી શુંગવંશના રાજાઓની વંશાવલી અને રાજ્યવર્ષ | | | | | | | | વાયુપુરાણુનાસંશોધનઆદકરેલીતારવણી | | અનેક પુરાણોના આધારે | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| વિષ્ણુ પુરાણુ | વાયુપુરાણુ ૧૧૨ વર્ષ | રાજ્યવર્ષ | મત્સ્ય પુરાણુ ૧૧૨ વર્ષ | રાજ્યવર્ષ | બ્રહ્માણ્ડ પુરાણુ ૧૧૨ વર્ષ | રાજ્યવર્ષ | ભાગવત પુરાણુ ૧૦૦ વર્ષ | શુંગરાજાઓ ૧૧૧ વર્ષ | રાજ્યવર્ષ | શુંગરાજાઓ ૧૨૦ વર્ષ | રા૦ વા૦ મત્સ્ય પુ. વિષ્ણું પુ. |
| પુષ્યમિત્ર | પુષ્યમિત્ર | ૬૦ | પુષ્યમિત્ર | ૩૬ | પુષ્યમિત્ર | ૩૬ | | પુષ્યમિત્ર | ૩૭ | પુષ્યમિત્ર | ૩૬ (૬૦) |
| અગ્નિ મિત્ર | પુષ્યમિત્ર નોપુત્ર | ૮ | | | અગ્નિ મિત્ર | ૮ | | અગ્નિમિત્ર | ૩૦ | અગ્નિમિત્ર | ૮ |
| સુજ્યેષ્ઠ | સુજ્યેષ્ઠ | ૭ | સુજ્યેષ્ઠ | ૭ | સુજ્યેષ્ઠ | ૭ | | સુજ્યેષ્ઠ | ૧૭ | સુજ્યેષ્ઠ | ૭ |
| વસુમિત્ર | વસુમિત્ર | ૮ | વસુમિત્ર | ૧૦ | વસુમિત્ર | ૧૦ | | વસુમિત્ર | ૭ | વસુમિત્ર | ૧૦ |
| આર્દ્રક | અન્દ્રક (ઉદ્રક) | ૨ (૧૦) | અન્તક | ૨ | ભદ્ર | ૨ | ભદ્રક | | | અંધ્રક | ૨ |
| પુલિન્દક | પુલિન્દક | ૩ | પુલિન્દક | ૩ | પુલિન્દક | ૩ | પુલિન્દ | પુલિંદક | ૩ | પુલિંદક | ૩ |
| ઘોષવસુ | ઘોષવસુ | ૩ | મેઘ (?) | ૩ | ઘોષવસુ | ૩ | ઘોષ | ઘોષ | ૩ | ઘોષ | ૩ |
| વજ્રમિત્ર | વજ્રમિત્ર (વિક્રમિવ) | ૧૪ (૯ | વજ્રમિત્ર | ૯ | વજ્રમિત્ર | ૧૪ | | વસુમિત્ર | ૭ | વજ્રમિત્ર | ૯ (૭) |
| ભાગવત | ભાગવત | ૩૨ | ભાગ | ૩૨ | ભાગવત | ૩૨ | | ઓદ્રક | ૭ | ભાગવત | ૩૨ |
| દેવભૂતિ | ક્ષેમભૂમિ | ૧૦ | દેવભૂમિ | ૧૦ | દેવભૂમિ | ૧૦ | | દેવભૂતિ | ૧૦ | દેવભૂત | ૧૦ |
| | | ૧૪૭ | | ૧૧૨ | | ૧૨૫ | | | | | |

| પુરાણોના આધાર પર કણ્વવંશી રાજાઓના વંશાવલી અને એમનાં રાજ્યવર્ષ (ઉપરોક્ત પુરાણો પ્રમાણે) | | | | | | | બુદ્ધિ પ્રકાશ પુ. ૭૬ પૃ. ૮૮ શ્રીયુત કેશવ લાલ હ. ધ્રુવ. | કાણ્વાયન અમાત્યો ૪૪ વર્ષ | રાજ્ય વર્ષ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| વિષ્ણુ પુરાણુ ૪૫ વર્ષ | વાયુપુરાણુ ૪૫ વર્ષ | રાજ્ય વર્ષ | મત્સ્યપુરાણુ ૪૪ વર્ષ | રાજ્ય વર્ષ | બ્રહ્માંડપુરાણુ ૪૫ વર્ષ | ભાગવત ૩૪૫ વર્ષ | મી. વિન્સેન્ટ સ્મીથ શુંગ રાજાઓનો રાજત્વકાલ ૧૧૨ | અનેક પુરાણોનાઆધારે | |
| વાસુદેવ | વાસુદેવ | ૯ | વાસુદેવ | ૯ | વાસુદેવ | વાસુદેવ | વર્ષ લખે છે. મારા મતે— | વાસુદેવ | ૯ |
| ભૂમિમિત્ર | ભૂમિમિત્ર | ૧૪ | ભૂમિમિત્ર | ૧૪ | ભૂમિમિત્ર | ભૂમિમિત્ર | પુષ્ય મિત્ર ૩૪ અગ્નિમિત્ર ૮ | ભૂમિમિત્ર | ૧૩ |
| નારાયણુ | નારાયણુ | ૧૨ | નારાયણુ | ૧૨ | નારાયણુ | નારાયણુ | બાકીના શુંગો ૭૮ | નારાયણુ | ૧૧ |
| સુશર્મા | સુશર્મા | ૧૦ | સુશર્મા | ૧૦ | સુશર્મા | સુશર્મા | શુંગરાજત્વકાલ૧૨૦ | સુશર્મન | ૧૦ |

ભારત કે પ્રાચીનરાજવંશ. કર્તા સા. પં. વિશ્વેશ્વરનાથ રેઉ એમ. આર. એ. એસ.

ડા. લિ. ક. એ નામે પુસ્તકમાં પૃ. ૭૦ મી. પાર્જીટર.

# નભોવાહન ૪૦ વર્ષ, મ. નિ. ૩૫૪–૩૯૪

## (વિ. સં. પૂ. ૫૬–૧૬, ઈ. સ. પૂ. ૧૧૩–૭૩)

ચાલુ જૈન સંપ્રદાય, જૈન કાલગણનાની ગાથાઓના આધારે કરાતી તેની પોતાની ગણતરી પ્રમાણે મહાવીરનિર્વાણ અને વિક્રમરાજ્યારંભ એ બે વચ્ચેનું અંતર આ લેખની ગણતરીથી ૬૦ વર્ષ વધારે માનતો હોવાથી અને આ લેખમાં સંપ્રતિ પછીની અરાજકતાનું જે ૧ વર્ષ મનાયું છે તેને તે ન માનતો હોવાથી, તેની ગણનામાં આ આલેખાતા નભોવાહનનો અવંતિ પરનો આધિપત્યકાલ ૫૯ વર્ષ મોડો એટલે મ. નિ. ૪૧૩ થી ૪૫૩ સુધી આવે છે; જ્યારે આ લેખમાં એ સમ્રાટનો આધિપત્યકાલ મ. નિ. ૩૫૪ થી ૩૯૪ સુધી મનાયો છે. કાલગણનાની ગાથાઓમાં આ નભોવાહનને 'નહવહણ' તરીકે લખ્યો છે. હિમવંત થેરાવલીમાં 'ણભોવાહણ' તરીકે લખાતા તેને બલમિત્ર–ભાનુમિત્રમાંના બલમિત્રનો પુત્ર કહ્યો છે. [૨૩૦] આ સિવાય અન્ય જૈનસાહિત્યમાં તેના વિષે કાંઈ પણ ઓળખ વિગેરે હકીકત આપવામાં આવી નથી. તેનો લાંબો રાજત્વકાલ બહુધા શાન્તિથી પસાર થયો હોય એમ લાગે છે, સિવાય કે, ક્ષહરાટ ભૂમકે અથવા તેના અનુગામી ક્ષહરાટ નહપાણે લાટપ્રદેશમાંની તેની રાજસત્તાને હાનિ પહોંચાડી હોય કે તેનો નાશ કર્યો હોય.

સંશોધકોએ પ્રાચીન સમયના ઇતિહાસના સંશોધન પરથી આ નભોવાહનના નામ સાથે ઘણો જ ભ્રમ ઉપજાવ્યો છે કોઈ તેને ક્ષહરાટ 'નહપાણ' માને છે, તો કોઇ તેને વિક્રમાદિત્યનો પુત્ર 'નહસેણ'–નભઃસેન માને છે; પરંતુ ખરી વાત એ છે કે, તે નથી નહપાણ કે નથી નહસેણ. આ રાજાના પહેલાં ઉજ્જયિનીના અધિપતિ બલમિત્ર–ભાનુમિત્ર હતા એ નકી જ છે, તો બલમિત્ર–ભાનુમિત્ર પછી જે કોઈ ગાદીએ આવનાર હોય તે કાં તો તેનો કોઇ રાજ્ય પર હક ધરાવતો સીધો કે આડકતરો વારસ હોય અથવા તો તે અવંતિનું સામ્રાજ્ય પડાવી લેનાર આક્રમક હોય. નહપાણ કે નહસેણ એ બેમાંથી એકે એટલે બલમિત્ર–ભાનુમિત્રનો સંબંધી વારસ કે આક્રમક નથી જણાયો.

સિક્કાઓ અને ઉત્કીર્ણ લેખો પરથી એ નકી છે કે, ક્ષહરાટ નહપાણ ઐતિહાસિક વ્યક્તિ હોઈ તે અનુક્રમે સત્રપ, મહાસત્રપ અને અંતે રાજા બન્યો છે. [૨૩૧] "નહપાણની

(૨૩૦) तेणं दुन्नि वि (બલમિત્ર–ભાનુમિત્ર) भाया जिणधम्माराहगे वीराओ चउवन्नाहियतिसय (३५४) वासेसु विइक्कंतेसु सग्गं पत्ते। तयणंतरं बलमित्तस्स पुत्तो णभोवाहणो अवंतीरज्जे ठिओ। सेवि य णं जिणधम्माणुगो वीराओ तिसयचउणवइ (३९४) वासेसु विइक्कंतेसु सग्गं पत्तो।

(૨૩૧) નહપાણના જમાઈ 'ઉસભદાત'ના કાર્લે અને નાશિકના લેખોમાં ઉસભદાતે પોતાને "राञो खहरातस खतपस नहपानस जामातरा दिनिकपुतेन उसभदातेन" આવી રીતે ઓળખાવ્યો છે આમાં નહપાણની ક્ષત્રપ તરીકે જ નોંધ લીધી છે, પણ નહપાણના અમાત્યપદ અને

જાતિ ક્ષહરાટ હતી" [૨૩૨] એમ લેખોમાં ઉત્કીર્ણ થયું હોવાથી તે વિદેશી હોઇ, ભારતના મૌર્યવંશીય અથવા તો મતાન્તરે મનાતા કોઇ અન્યવંશીય બલમિત્ર–ભાનુમિત્રનો સંબંધી વારસદાર ન હોઇ શકે, એ સ્પષ્ટ જ છે. નહપાણ ક્ષહરાટે, સંશોધકો કહે છે તેમ, સૌરાષ્ટ્ર સમેત દક્ષિણ રાજપૂતાનાથી લઈ યાવત્ નાશિક અને પુના જીલ્લા સુધીનો પ્રદેશ કબજે કર્યો હોય; [૨૩૩] પરંતુ તેણે બલમિત્ર-ભાનુમિત્ર પર આક્રમણ કરી અવન્તિનો–ઉજ્જયિનીનો કબજો કર્યો હોય એવો કોઈ પુરાવો નથી.

આમ, નહપાણ એ બલમિત્ર–ભાનુમિત્રનો સંબંધી વારસ કે અવન્તિ પર આક્રમક ન હોય તો; 'નહપાણ ક્ષહરાટનું નામ નહવહણ રખાયું હતું,' એ જાણવાનું કાંઇ પણ પ્રામાણિક સાધન ન હોય એવી સ્થિતિમાં, નહવહણનો–નભોવાહનનો ઉજ્જયિની પરનો ૪૦ વર્ષનો આધિપત્યકાલ નહપાણના નામે શા આધારે ચડાવી શકાય ? વળી નહપાણને અને ગર્દભિલ્લને કાંઈ પણ સંબંધ હોવાનો, અથવા તો ગર્દભિલ્લે નહપાણના કબજામાંથી અવન્તિ કેવી રીતે ખુંચાવી અને તે તેનો માલીક બન્યો એનો, કાંઇ પણ ઇતિહાસ આજે ઉપલબ્ધ નથી તો પછી શા આધારે કહી શકાય કે ગર્દભિલ્લનો પુરોગામી ક્ષહરાટ નહપાણ હતો. વિશેષમાં ક્ષહરાટ નહપાણની રાજધાનીનું સ્થળ પણ અનિશ્ચિત છે. કોઈ તેની રાજધાની મધ્યમિકામાં તો કોઈ મન્દસોરમાં કહે છે; કોઇ તેને જુન્નેરમાં રહી રાજ્ય કરતો જણાવે છે તો વળી કોઈ તેની રાજધાનીનું સ્થળ ઉજ્જયિની માને છે. સંશોધકોનાં આવાં કથનો અને માન્યતાઓનો આધાર તેમણે ઉપજાવેલાં મનસ્વી અનુમાનો જ

---

જુન્નરના લેખમાં "रञो महाखतपस सामिनहपाणस अमात्यस वछसगोतस अयमस" આવી રીતે ઉત્કીર્ણ કરતાં નહપાણને મહાક્ષત્રપ જણાવ્યો છે. નહપાણના પોતાના સિક્કાઓમાં તે પોતાને બ્રાહ્મી લિપિમાં "राञो क्षहरातस नहपानस અને ખરોષ્ઠી લિપિમાં "रञो छहरतस नहपनस" આવી રીતે લખતાં રાજા તરીકે જણાવે છે.

(૨૩૨) જુવો, ટીપ્પણ ૨૩૧.

(૨૩૩) મી. સ્મીથ આદિ સંશોધકોના કથનાનુસાર નહપાણના રાજ્યવિસ્તારને આમ સંભવ તરીકે સ્વીકારવાનું કારણ એ છે કેઃ—ઉષવદાત એ નહપાણનો જમાઇ અને સેનાધિપતિ હતો. તે દરેક લેખમાં નહપાણના સંબંધી તરીકે જ પોતાની ઓળખ આપે છે. આ શક–સરદારની દાનપ્રવૃત્તિ નિર્દિષ્ટ પ્રદેશનાં નગરોમાં હોવાથી એ વિસ્તૃત પ્રદેશમાં નહપાણની રાજ્યસત્તા હોવાનું અનુમાન થાય છે. ઉસવદાતે પોતાના નાસિકના લેખમાં પોતાની દાનપ્રવૃત્તિનાં જે સ્થળો પ્રભાસ, ભરુકચ્છ, દશપુર, ગોવર્ધન, સોપારક, પુષ્કર અને નદીઓ વિગેરે ઉલ્લેખેલાં છે, તેમાં દશપુર (હાલનું મન્દસોર) પણ હોવાથી નહપાણની રાજ્યસત્તા અવંતીના વાયવ્ય સીમાડાની લગભગ હતી એમ સાબીત થાય છે, પણ તેથી તેની રાજ્યસત્તા આખા અવંતિ પર સ્થપાઇ તેનું રાજનગર ઉજ્જયિની હતું એમ અનુમાન કરી શકાય નહિ. ચિતોડગઢની બહુ નજીકમાં આવેલી મધ્યમિકામાં નહપાણ જો રાજ્ય કરતો હોય તો તેની રાજ્યસત્તા દશપુર–મન્દસોર સુધી વિસ્તરેલી હોય તે બનવાજોગ છે, પણ તેથી અવંતિના પાટનગર ઉજ્જયિની સુધી તેણે રાજ્યસત્તા વિસ્તારી હતી એમ માની શકાય નહિ.

છે. ક્ષહરાટ નહપાણ ક્ષહરાટ ભૂમકનો કાંઈક સંબંધી છે, એમ અનુમાન કરવામાં આવે છે; પરંતુ એ સંબંધ પિતા-પુત્ર તરીકેનો છે કે કોઈ અન્ય પ્રકારનો છે એનો નિશ્ચય મળી આવતા કોઈ પણ ઉત્કીર્ણ લેખથી કે અન્ય સાધનોથી થઈ શકતો નથી, [૨૩૪] તો પછી નહપાણ ભૂમકની રાજધાની મનાતી મધ્યમિકામાં રહી રાજ્ય કરતો હતો, એમ નિશ્ચયપૂર્વક કેવી રીતે કહી શકાય ? એમ કહેવાને કોઇ અન્ય ખાસ પ્રામાણિક પુરાવો જોઈએ. એવી જ રીતે તેની રાજધાની મન્દસોર હોવાનો પણ કોઇ તેવો મજબૂત પુરાવો નથી. "ગોતમીપુત્ર યજ્ઞશ્રી સાતકર્ણી અરિષ્ટકર્ણે શકોને હણ્યા અને ક્ષહરાટોનું નિકંદન કાઢ્યું તથા નહપાણના સિક્કાઓ પર પોતાનું મ્હોરૂં માર્યું." લેખ અને સિક્કાઓ પરથી તારવાતી આવા પ્રકારની અર્ધસત્ય માહિતી પરથી એ નક્કી થાય છે કે અરિષ્ટકર્ણે નાશિક અને પુના જિલ્લાનો પ્રદેશ શકો પાસેથી પાછો મેળવ્યો તે પહેલાં, ત્યાં આન્ધ્રસત્તા નષ્ટ થઇ તેના સ્થાને નહપાણ ક્ષહરાટની રાજસત્તા પ્રવર્તતી હતી; પરંતુ તેથી એમ ન કહી શકાય કે, નહપાણની રાજધાની જુન્નેર હતી. તેના અયમ પ્રધાને આ સ્થળે લેખ કોતરાવ્યો હતો, એ પરથી પણ એટલું જ કહી શકાય કે, ત્યાં તેની રાજસત્તા હતી, નહિ કે રાજધાની. શક ઉસભદાત (ઋષભદત્ત) કે જે નહપાણનો જમાઈ કે ભનેવી અથવા તો કોઈકના મતે સાળો મનાય છે, [૨૩૫] તેણે આ પ્રદેશમાં પોતાનો રાજવંશ ચલાવ્યો હતો. જુન્નેર કદાચ તેની રાજધાની હોય, અને એ પરથી નહપાણની પણ રાજધાની જુન્નેર હતી, એમ ભ્રમાત્મક અનુમાન ઉપજાવી કઢાયું હોય એ બનવા જોગ છે. કોઈ જગાએ સિક્કાઓ કે લેખાદિ મળી આવે તે પરથી તે પ્રદેશમાં, એ સિક્કાઓમાં કે લેખાદમાં કોતરાયલા નામવાળા રાજકર્તાની રાજધાનીનું કોઈ નગર કલ્પી શકાય કે કેમ, એ એક પ્રશ્ન છે. તેમાં પણ વ્યાપારાદિ વ્યવહારની

---

(૨૩૪) આ અનુમાન કરવામાં આવે છે તેનું કારણ એ છે કે, ભૂમક અને નહપાણ એ બન્ને ક્ષહરાટથી ઓળખાતી એક જ જાતિના છે, વળી તે બન્નેના સિક્કાઓને સરખાવવાથી નહપાણ ભૂમકનો ઉત્તરાધિકારી હોય એમ માલૂમ પડે છે. આવી રીતે ભૂમકનો ઉત્તરાધિકારી હોતાં, નહપાણ કદાચ, ભૂમક સાથે પિતા-પુત્રાદિ સંબંધ ન ધરાવતો હોય તો પણ તે ભૂમકની રાજધાની 'મજ્ઝિમિકા'-મધ્યમિકા પર આવી ત્યાં રહી રાજ્ય કરતો હોય એ બની શકે તેમ છે. આમ છતાં મી. સ્મીથ જેવા કેટલાક સંશોધકો ભૂમક પછી નહપાણ તરત જ આવ્યો હતો કે નહિ તે વિષે નિશ્ચયથી કાંઇ કહી શકતા નથી, જ્યારે આચાર્યશ્રી ઈન્દ્રસૂરિજી જેવા ઇતિહાસજ્ઞ તો ભૂમકને બહુ જ પાછળના સમયમાં લઇ જઇ શકસમ્રાટ્ રુદ્રદામાના પિતામહ ચષ્ટનના પિતામહ તરીકે હોવાની માન્યતા ધરાવે છે. પ્રાચીન ભારતવર્ષના કર્તા ડૉ. ત્રિભોવનદાસ લહેરચંદ શાહ મી. રેપ્સનના ઇંગ્રેજી લખાણના આધારે ઉસવદાસ અને દક્ષમિત્રના દાનપત્રમાં ભૂમકનું નામ લખાયલું માનતાં ભૂમકને નહપાણના એકદમ નજીકના સગા-પિતા તરીકે માને છે અને તેઓ નહપાણને નભોવાહન માની ઉજ્જયિનીમાં લઈ જાય છે. આ વિષયમાં મારી માન્યતા એ છે કે, નહપાણ ભૂમકનો ક્રમે તે રીતે ઉત્તરાધિકારી હોઈ તેની રાજધાની ઉજ્જયિની નહિ, પરંતુ મધ્યમિકામાં હશે. મારી આવી માન્યતા આ લેખમાં થોડુંક આગળ જતાં આ ચર્ચાના અંતે દર્શાવી છે.

(૨૩૫) નાશિક અને કાર્લેના લેખોમાં તો સ્પષ્ટ રીતે આ ઉસભદાતે પોતાને નહપાણના જમાતા -જમાઇ તરીકે જ આલેખ્યો છે.

દૃષ્ટિએ સિક્કાઓની હેરફેર કોઇ કોઇ વખતે વિચિત્ર રીતે પણ થાય છે, એ ભૂલવું જોઇએ નહિ. ખાસ કરીને, સિક્કાનું નાણું સધ્ધર હાલતમાં હોય ત્યારે તો કહેવું જ શું. કેટલાકો નહપાણના સિક્કાઓમાં, ઉજ્જયિનીના સિક્કાઓ પર હોવાનું મનાતું, 'સીમ્બોલ'[૨૩૬] ચિહ્ન હોવાથી તેને ઉજ્જયિનીનો રાજકર્તા માને છે; પરંતુ ઉજ્જયિનીમાં રાજ્ય નહિ કરતા એવા કોઈ કોઇ આન્ધ્રરાજાઓના સિક્કાઓ પર પણ 'સીમ્બોલ' જોવામાં આવે છે, એટલે તે ચિહ્ન પરથી આ ક્ષહરાટ રાજા નહપાણ ઉજ્જયિનીનો રાજકર્તા હતો; એમ નિશ્ચયપૂર્વક કહી શકાય નહિ. જો કે સામાન્યતઃ ઉપર કરેલી, 'તેની રાજધાની ક્યાં હતી' એ વિષેની ચર્ચા પરથી તેની રાજધાનીનું સ્થળ ચોક્કસ રીતે કહી શકાય તેમ નથી, છતાં સંભવ તરીકે તેની રાજધાની ઉજ્જયિની નહિ, પરંતુ જુન્નેર હોય તેમ લાગે છે. ભૂમકની હયાતી દરમીયાન નહપાણ જુન્નેરમાં રહી એ પ્રદેશોનું શાસન કરતો હશે; પરંતુ ભૂમકના મૃત્યુ બાદ તેણે જુન્નેરમાં ઋષભદત્ત શકની સુબાગિરિ રાખી પોતે મધ્યમિકામાં રહી વિશાલ ક્ષહરાટ રાજ્યનું શાસન કરતો હોય તો પણ ના નહિ. સિક્કાઓમાં અને લેખોમાં ભૂમક અને નહપાણના માટે અનુક્રમે સત્રપ ભૂમક અને સત્રપ મહાસત્રપ રાજા નહપાણ, એમ આપણને વાંચવા મળે છે તે પરથી સ્પષ્ટ થાય છે કે, ભૂમકે રાજાનો ઇલ્કાબ ધારણ કર્યો નથી, જ્યારે નહપાણે રાજાનો ઇલ્કાબ ધારણ કર્યો છે. મ. નિ. ૩૬૮ ની લગભગમાં ભૂમકનું મૃત્યુ થયા પછી તે મહાસત્રપ બન્યો હશે અને જ્યારે પાર્થિયનોથી તક્ષશિલાનું યવનરાજ્ય-એકિદ્રયન રાજાનું રાજ્ય જીતી લેવાતાં પાર્થિયન રાજાની સત્તા તળે ગાન્ધારમાં 'મોઅસ-મોગ-મોઝીઝ અધિકૃત થયો હતો (મ. નિ. ૩૭૩), ત્યારે ઉપરી યવન સત્તાનો સંબંધ છૂટી જતાં તેણે સ્વતન્ત્ર થઈ રાજાનો ઇલ્કાબ ધારણ કર્યો હશે એમ લાગે છે. ખરી રીતે કહીએ તો, તેના રાજ્યારંભની અને રાજ્યાન્તની ચોક્કસ સાલ તો શું, પરંતુ આશરા પડતી ય સાલ નક્કી કરવી મુશ્કેલ છે.

આજે મળી આવતાં સાહિત્યગત સાધનો પરથી જાણવા મળે છે કે, મ. નિ. ની ચોથી સદીનાં છેલ્લાં દશકોમાં અને પાંચમી સદીના પહેલા દશકામાં અનુક્રમે આનર્તમાં ગર્દભિલ્લ અને ભરૂચમાં બલમિત્ર નામના રાજાઓ રાજ્ય કરતા હતા.[૨૩૭] હકીકતોમાં સમયની અપેક્ષાએ ૬૦ વર્ષ આગળ ચાલનાર ચાલુ જૈન સંપ્રદાય ઉપરોક્ત એ સમયને મ. નિ. ની પાંચમી સદીના મધ્યની આજુબાજુના દશકોમાં મુકે છે એ એક મતાન્તર છે તેને ન સ્પર્શતાં, મેં ગર્દભિલ્લ અને બલમિત્રનો માંડલિક રાજત્વનો સમય દર્શાવ્યો છે. આ લેખના સ્વીકૃત મત પ્રમાણે ગર્દભિલ્લ, આર્યખપુટાચાર્ય, બલમિત્ર, સરસ્વતીસાધ્વીના ભ્રાતા કાલકાચાર્ય, વિગેરે મ. નિ. ની ચોથી અને પાંચમી સદીના મધ્યની આજુબાજુના સમયની જ વ્યક્તિઓ છે. ગર્દભિલ્લ ઉજ્જયિનીની ગાદીએ આવ્યો તે પહેલાંની તેની સ્થિતિ

---

(૨૩૬) સંશોધકો o-|-o આવા ચિહ્નને 'સિમ્બોલ' તરીકે લખે છે.

(૨૩૭) ગર્દભિલ્લ રાજાના આલેખનમાં આ હકીકતની વિશેષ સ્પષ્ટતા કરવામાં આવશે.

વિષે જૈન સાહિત્યમાંથી કંઇ પણ જાણવા મળતું નથી; બલમિત્ર વિષે જાણવા મળે છે કે, તે ભરૂચનો રાજા હતો અને કાલકાચાર્યનો ભાણેજ હતો.[૨૩૮] આ બલમિત્ર રાજાની હયાતીમાં આર્યખપુટાચાર્ય ભરૂચમાં વિચર્યા હતા.[૨૩૯] આર્યકાલકે પોતાની બહેન સરસ્વતી સાધ્વીને ગર્દભિલ્લના કબજામાંથી છોડાવવા આ રાજાની મદદ માગતાં તેણે પોતાની અશક્તિ બતાવી હતી; પરંતુ જ્યારે કાલકાચાર્ય સાહી-શકોની મદદ લઈને આવ્યા ત્યારે તે ગર્દભિલ્લ સામેના યુદ્ધમાં શકોની સાથે જોડાયો હતો. કહે છે કે, એ જોડાણનું કારણ ગર્દભિલ્લે પહેલાં કરેલું તેનું અપમાન હતું.[૨૪૦]

ઉપર હું જણાવી ગયો છું કે, ઉજ્જયિનીના રાજ્ય પર આવ્યા પહેલાંની ગર્દભિલ્લની સ્થિતિ વિષે જૈન સાહિત્યમાંથી કાંઈપણ જાણવા મળતું નથી; પરંતુ જૈનેતર સાહિત્ય અને પરંપરાઓથી તેના વિષે મળતી હકીકતો તેને આનર્તનો-આનંદપુરનો રાજકર્તા જણાવે છે. આ હકીકતોને ન માનવાનું કાંઈ કારણ નથી. ભૂમક અને નહપાણ એ ક્ષહરાટોનું રાજ્ય પશ્ચિમ ભારતમાં જામ્યું હતું ત્યારે ગર્દભિલ્લ સ્વતન્ત્ર રહી શક્યો હશે કે કેમ, એ નકી થઇ શકે તેમ નથી. કદાચ, એ પરાધીન બન્યો હોય તો પણ પોતે ઉજ્જયિનીનો અધિપતિ બન્યો તે પહેલાં, તેણે ગર્દભી વિદ્યાથી બળવાન બની ક્ષહરાટોના તાબામાંથી છૂટી જઈ સ્વતન્ત્રતા મેળવી હશે એમ લાગે છે. તેનો પુત્ર વિક્રમાદિત્ય (બલમિત્ર) હતો

(૨૩૮) "विन्ध्योदधिकृताघाट-लाटदेशललाटिका।
पुरं श्रीभृगुकच्छाख्यमस्ति रेवार्पविभ्रितम् ॥ १४३"
"तत्रास्ति बलमित्राख्यो राजा बलभिदा समः।
कालिकाचार्यजामेयः स्थेयः श्रेयधियां निधिः ॥ १४५"
"तथा श्रीकालकाचार्यस्वस्रीयः श्री-यशोनिधिः।
भृगुकच्छपुरं पाति, बलमित्राभिधो नृपः ॥ ३०८ ॥"
—પ્રભાવકચરિતમાં પાદલિપ્તચરિત પૃ. ૩૩, ૩૮ (સિં. જૈ. ગ્રંથમાલા)

(૨૩૯) "भवाध्वनीनभव्यानां, सन्ति विश्रामभूमयः।
तत्रार्यखपुटा नाम सूरयो विद्ययोदिताः ॥ १४६ ॥"
—પ્રભાવકચરિતમાં પાદલિપ્ત ચરિત પૃ. ૩૩ (સિં. જૈ. ગ્રંથમાલા)

પ્રભાવકચરિત-વિજયસિંહસૂરિચરિતમાં આર્ય ખપુટાચાર્યનો સમય વીર નિર્વાણથી ૪૮૪ વર્ષે લખ્યો છે, તે મ. નિ. ૪૭૦ વર્ષે વિક્રમ-રાજ્યારંભ માનનારા ચાલુ સંપ્રદાયને અનુસરી તેમના સ્વર્ગવાસનો છે. આ લેખમાં સ્વીકારાયેલા સંપ્રદાય પ્રમાણે તે સમય મ નિ ૪૨૪ વર્ષે આવે છે.

આર્ય ખપુટાચાર્યનો સમય જણાવતી પ્રભાવકચરિતની ગાથા આ પ્રમાણે છે:—

"श्रीवीरमुक्तितः शत-चतुष्टये चतुरशीतिसंयुक्ते।
वर्षाणां समजायत, श्रीमानाचार्य खपटगुरुः ॥ ७९ ॥"
પ્રભાવકચરિતમાં વિજયસિંહસૂરિચરિત પૃ. ૪૩ (સિં. જૈ. ગ્રંથમાલા)

(૨૪૦) આ વિષેની સ્પષ્ટતા ગર્દભિલ્લના અને વિક્રમાદિત્યના આલેખનમાં કરવામાં આવશે.

અને તે વિક્રમાદિત્યનો જન્મ ખંભાતમાં થયો હતો, એ કહેવાતી હકીકત પરથી લાગે છે કે, તેનો રાજ્યપ્રદેશ ખંભાતના પ્રદેશ સુધી વિસ્તરેલો હશે. ભરૂચનો પ્રદેશ પણ ક્ષહરાટો પાસેથી મુક્ત કરાયો હોવો જોઈએ, એ હકીકત તો ત્યાં તેનો પુત્ર બલમિત્ર શાસન કરી રહ્યો હતો એ પરથી નકી છે. ગર્દભિલ્લ અને બલમિત્ર કે જે કાલકાચાર્યનો ભાણેજ થાય છે, તેમના વંશાદિનું જ્ઞાન મેળવવું મુશ્કેલ છે, છતાં તેઓ મૌર્યવંશીય છે એમ અનુમાન થાય છે. તેઓ ક્ષહરાટો કે શકો નથી તેમ, શુંગરાજાઓનો અમલ લાટ અને આનર્ત સુધી પસર્યો ન હોવાથી તેઓ શુંગવંશીય પણ હોવા સંભવ નથી. છેલ્લાં બસો વર્ષોમાં આનર્ત અને ભરૂચના પ્રદેશ પર મૌર્ય સિવાય બીજી કોઇ સત્તાનો રાજઅમલ પ્રવર્ત્યો નથી તેથી અર્થાપત્તિએ એમ સમજાય છે કે, આ ગર્દભિલ્લ અને બલમિત્ર રાજાઓ મૌર્યો–અશોકના વંશજો હોવા જોઈએ. અર્થાત્; ઉજ્જયિનીનો નભોવાહન, અને આ ગર્દભિલ્લ તથા બલમિત્ર એ એકજ વંશપરંપરાની વ્યક્તિઓ હતી. તેઓનો પરસ્પર સગપણ સંબંધ કેવી રીતે હતો તે વિષે ગર્દભિલ્લના અને વિક્રમાદિત્યના આલેખનમાં વિશેષ ચર્ચા કરીશું. અહીં તો એટલુંજ કહેવાનું છે કે, એ ત્રણમાંથી કોઇપણ વ્યક્તિ વિદેશી નથી અને મૌર્યવંશી નભોવાહન વિદેશી ન હોવાથી તે અને વિદેશી ક્ષહરાટ નહપાણ એ બન્ને એક નથી.

ઉપર જણાવ્યા પ્રમાણે, જેમ ક્ષહરાટ નહપાણ એ નહવહણ–નભોવાહન નથી, તેમ નહસેણ–નભઃસેન એ પણ નહવહણ–નભોવાહન નથી. નભોવાહન એ બલમિત્ર–ભાનુમિત્રમાંના બલમિત્રનો પુત્ર છે, જ્યારે નહસેણ–નભઃસેન એ શકારિ વિક્રમાદિત્યનો (બલમિત્રનો) પુત્ર છે. બલમિત્ર–ભાનુમિત્ર એ વિક્રમાદિત્યની પહેલાં થઈ ગયેલા રાજાઓ છે અને તેઓનું રાજ્ય ઉજ્જયિનીમાં હતું. કદાચ, તેઓ શુંગ રાજા પુષ્યમિત્રના સમયમાં ભરૂચમાં રહી રાજ્ય કરતા હોય તો પણ તેમાંના બલમિત્રે પોતાનું ચાલુ નામ બદલી 'વિક્રમાદિત્ય' એવું નામ રાખ્યું હોય, એનો કોઈ પુરાવો નથી તો પછી શકારિ વિક્રમાદિત્યના પુત્ર એ નભઃસેનને શા આધારે બલમિત્ર–ભાનુમિત્રમાંના બલમિત્રનો પુત્ર ઠરાવી શકાય ? વળી નહવહણ–નભોવાહન અને નહસેણ–નભઃસેન એ સ્પષ્ટ જુદાંજ જણાતાં નામો એકજ વ્યક્તિનાં છે, એમ કહેવામાં કોઇ જાતનો ય આધાર નથી. જૈનસાહિત્ય–આવશ્યકનિર્યુક્તિ વિગેરેમાં "પ્રતિષ્ઠાનપુરના શાલિવાહને (હાલે) ભરૂચના દ્રવ્યથી સમૃદ્ધ રાજા નહવાણ કે નરવાહણ પર વારંવાર આક્રમણ કરી, અંતે પ્રપંચપૂર્વક તેનું ભરૂચ લઇ લીધું." [૨૪૧]

(૨૪૧) આવશ્યકનિર્યુક્તિ–ટીકા પૃ......, આ. ચૂ. પૃ. ૨૦૦ (ઉત્તરભાગ), કલ્પચૂર્ણિ પૃ. ૧૮. આ ગ્રંથોમાં યોગસંગ્રહ–દ્રવ્યપણિધિ અધિકારમાં "પ્રતિષ્ઠાનપુરના બલસમૃદ્ધ સાલવાહણે, તેના મન્ત્રીના માયા–પ્રપંચથી કોશસમૃદ્ધ ભરૂચના રાજા નહવાહણ કે નરવાહનનો કોશ નષ્ટ થતાં, ભરૂચને લઇ લીધું" એ દષ્ટાંત આપ્યું છે. પ્રભાવકચરિતના પાદલિપ્ત ચરિતમાં આ સમયે બલમિત્રનું શાસન હતું એમ "**तथा श्रीकालका० श्लो २०८**"થી પણ જાણવા મળે છે. આનો સમન્વય કરીએ તો એ અર્થ થાય છે કે, નહવાહણ બલમિત્રનો ભરૂચ પર નીમાયેલો રાજા-માંડલિક હતો. કેટલાકો, 'નહપાણ'

આવી હકીકત જણાવવામાં આવી છે. ભરૂચને આ નહવાણ કે નરવાહણ કાણ હતો, એની ત્યાં ઓળખ આપવામાં આવી નથી; પરંતુ "શાલિવાહન સાથેના યુદ્ધમાં કે તે પછી અલ્પ જ સમયમાં વિક્રમાદિત્યનું મૃત્યુ થયું ત્યારબાદ તેના પુત્ર નભઃસેન સાથે શાલિવાહને અમુક પ્રકારની સંધિ કરી હતી." એવો જૈન સાહિત્યમાં અન્યત્ર ઉલ્લેખ મળે છે,[૨૪૨] તે પરથી નહસેણને-નભઃસેનને નહવાણ કે નરવાહણ નામથી ઓળખાવી શકીએ; પરંતુ નહવાણ કે નરવાહણ એ નામ નહવહણ-નભોવાહનની જગાએ જ વપરાયલું છે, એમ તો ત્યારે જ સિદ્ધ થાય કે, જ્યારે બલમિત્ર-ભાનુમિત્રમાંનો બલમિત્ર અને શકારિ વિક્રમાદિત્ય એ બન્ને એક જ વ્યક્તિ છે એમ સિદ્ધ થાય. ખરેખર એ અશક્ય છે. આ સર્વ વિક્રમાદિત્યના આલેખનમાં વધારે સ્પષ્ટ રીતે બતાવવામાં આવશે.

આમ ઉપરોક્ત રીતે ક્ષહરાટ નહપાણ અને શકારિ વિક્રમાદિત્યનો પુત્ર નહસેણ-નભઃસેન, એ બન્નેથી ભિન્ન સિદ્ધ થતો ઉજ્જયિનીનો અધિપતિ નહવહણ-નભોવાહન તેના ૪૦ વર્ષના રાજત્વકાલ દરમીયાન, શરૂઆતનાં અને કદાચ છેલ્લાં વર્ષોમાં અવન્તિ તથા લાટ આદિ પ્રદેશોનો અને વચગાળાના વર્ષોમાં અવન્તિનો અધિપતિ રહ્યો હતો. એના રાજ્યની ઉત્તરમાં પ્રથમ યવનો અને પછી પાર્થિયનો, પશ્ચિમમાં ક્ષહરાટો, દક્ષિણમાં આન્ધ્રો અને પૂર્વમાં વિદિશાના શુંગો રાજ્ય કરતા હતા. એના સમયમાં પ્રાયઃ સર્વત્ર ધાર્મિક શાન્તિ હતી, જૈનત્વને બહુ જ આદર હતો અને તેનો બહુ બહુ પ્રચાર થઈ રહ્યો હતો. શુંગો સિવાય અવન્તિના રાજ્યની આજુબાજુના સર્વ રાજકર્તાઓમાં ઘણા ખરા જૈન જ હતા.

---

ક્ષહરાટે નહવાહણ કે નરવાહન એવું હિન્દી નામ ધારણ કર્યું હશે અને તે કાલકાચાર્યના ભાણેજ બલમિત્રનો માંડલિક હશે એમ કલ્પે છે, પણ આ વિષયમાં કોઈ જાતનો પુરાવો નથી. બલમિત્રનો પુત્ર ધનંજય ભરૂચમાં રાજા હતો, જેને સિદ્ધસેન દિવાકરે સિદ્ધ-સેનાથી તેના શત્રુઓએ કરેલા હુમલામાંથી બચાવ્યો હતો અને જેણે પાછળથી ચારિત્ર અંગીકાર કર્યું હતું, એમ પ્રભાવકચરિત-વૃદ્ધવાદિસૂરિ ચરિતમાં "**एवं प्रभावनां तत्र, कृत्वा भृगुपुरं ययुः। तत्र श्रीबलमित्रस्य, पुत्रो राजा धनंजयः॥ १६४॥**

**सिद्धसेन इति श्रेष्ठा, तस्यासीत् सान्वयाऽभिधा।**

**राजा तु तत्र वैराग्यात् तत्पार्श्वे व्रतमग्रहीत्॥ १६८॥**"

૧૬૪ થી ૧૬૮ સુધીના નોંધેલા શ્લોકોથી સમજાય છે. આ પરથી નક્કી થાય છે કે, બલમિત્રે પ્રથમ પોતાના પુત્ર ધનંજયને ભરૂચનો માંડલિક નીમ્યો હતો, પણ તેણે જ્યારે ચારિત્ર અંગીકાર કર્યું ત્યારે તેને ભરૂચ પર બીજો માંડલિક નીમવાની આવશ્યકતા ઊભી થતાં નહવહણને નીમ્યો હતો. એ નહવહણ ખરી રીતે તેનો પુત્ર નભઃસેન જ હોવો જોઈએ, પણ 'નહપાણ' નહિ. સિદ્ધસેને જે શત્રુઓથી ધનંજયને બચાવ્યો હતો તે શત્રુઓ, નહપાણના અમલમાંથી સરી ગયેલા ભરૂચને મેળવવા પ્રયત્ન કરનારા અથવા સાતકર્ણિઓથી ઉત્તર તરફ ધકેલાઇ ગયેલા ક્ષહરાટ-શકો હશે એમ લાગે છે. વધારે સંભવિત એ છે કે, એ શત્રુઓ સાતકર્ણિઓ-સાતવાહનો જ હોય.

(૨૪૨) જુઓ શુભશીલગણિનું વિક્રમચરિત્ર સર્ગ. ૧૧ શ્લોક૦ ૯૬૩ થી ૧૦૧૧.

પર્યુષણાપર્વ પંચમીથી ચોથમાં પરિવર્તક યુગપ્રધાન શ્રી શ્યામાચાર્ય (કાલકાચાર્ય) મ. નિ. ૩૭૬ વર્ષે સ્વર્ગસ્થ થયા બાદ શ્રી શાંડિલ્ય યુગપ્રધાનપદે આવ્યા હતા. તેમનો યુગપ્રધાનત્વકાલ મ. નિ. ૩૭૬ થી ૪૧૪ સુધી ૩૮ વર્ષ હતો. નન્દિસૂત્રની સ્થવિરાવલીમાં તેમને આર્ય જીતધર એટલે આર્ય સૂત્ર કે પરંપરાના ધારણ કરનારા કહ્યા છે. ઉપાધ્યાય શ્રી ધર્મસાગરજીગણી સ્વકૃત પટ્ટાવલીમાં તેમને જીતમર્યાદા કરનારા કહે છે. સંભવ છે કે, તેમણે પરંપરાગત આચારની કોઈ ચોક્કસ મર્યાદા નક્કી કરી હોય. આવી સામાન્ય હકીકતની નોંધ સિવાય જૈન સાહિત્યમાંથી તેમના વિષે વિશેષ જાણવા મળતું નથી.

## ગર્દભિલ્લ ૧૩ વર્ષ, મ. નિ. ૩૯૪–૪૦૭

### (વિ. સં. પૂ. ૧૬–૩, ઇ. સ. પૂ. ૭૩–૬૦

જૈન કાલગણનાની ગાથાઓમાં 'નહવહણ' પછી 'ગદ્દભિલ્લ'નું રાજ્ય લખ્યું છે આ ગર્દભિલ્લ કયી રીતે નભોવાહનનો વારસ હતો, એ ત્યાં લખાયું નથી; પરંતુ હિમવંતથેરાવલીમાં સ્પષ્ટ લખાયું છે કે, "તે પછી (નભોવાહન પછી) તેનો પુત્ર ગર્દભીવિદ્યાવાળો ગર્દભિલ્લ રાજા ઉજ્જયિનીમાં રાજ્ય પામ્યો." [૨૪૩] સંશોધકોએ નભોવાહનને ક્ષહરાટ નહપાણ માની તેને અપુત્રીયો કલ્પ્યો છે અને નભોવાહન તથા ગર્દભિલ્લ એ બેની વચ્ચે કોઈ વંશાદિ સંબંધ ન જણાયાથી ગર્દભિલ્લના સંબંધમાં તેઓએ અનેક પ્રકારની અવનવી કલ્પનાઓનો આશ્રય લીધો છે. જૈન સાહિત્ય કહે છે કે, "આ રાજાનું નામ 'દપ્પણ' -દર્પણ હતું; પરંતુ તેણે ગર્દભીવિદ્યા સાધી હતી તેથી તે ગર્દભિલ્લના નામે પ્રસિદ્ધિને પામ્યો હતો" એનું ગંધર્વસેન એવું પણ નામ લોકસાહિત્યની કથાઓમાં પ્રસિદ્ધિને પામેલું છે. આ ગંધર્વસેન નામ શું મૂળમાં સાચું હશે કે ગર્દભસેનમાંથી સુધરીને ગંધર્વસેન થયું હશે? એ નામનો 'અધરૂપ' એવો પણ અપભ્રંશ થયો છે. વળી ગર્દભિલ્લનું ધ્રુરૂપ એવું પણ નામ મળે છે. આ 'ધ્રુરૂપ' પણ તેનું વાસ્તવિક નામ છે કે દર્પણનું થઈ ગયેલું રૂપાન્તર છે? કદાચ, 'ધ્રુરૂપ' એ 'અધરૂપ'માંથી સંસ્કારિત કર્યું હોય તો પણ ના નહિ. પુરાણોમાં આ ગર્દભિલ્લના વંશજો ગર્દભિલ્લોથી જ ઓળખાયા છે, એથી સમજાય છે કે, ગર્દભિલ્લથી ગર્દભિલ્લવંશ ચાલ્યો હોઇ 'ગર્દભિલ્લ' એ નામ પુરાણોને પણ સુપરિચિત હતું.

સર્વને સુપરિચિત એવા ગર્દભિલ્લ નામવાળો આ આલેખાતો રાજા ઉજ્જયિનીની ગાદી પર આવ્યો તે પહેલાં તે કયાં રહેતો હતો, કેવી સ્થિતિમાં હતો અને કયા વંશનો હતો, આ વિષે જેવા જોઇએ તેવા સંતોષજનક અને મતાન્તર વગરના ઉલ્લેખો ન મળી શકતા હોવાથી, તે રાજાનું જેમ ગર્દભિલ્લ એવું નામ નક્કી કરાય છે, તેમ ઉજ્જયિનીના

(૨૪૩) " तओ तस्स (નભોવાહનનો) पुत्तो गद्दहीविज्जोवेओ गद्दहिलो णिवो अवंतीणयरे रज्जं पत्तो " હિમ. થેરા૦ પૃ. ૭ (મુદ્રિત)

અધિપતિ બન્યા પહેલાંની તેની કાંઇપણ હકીકત મજબૂત પુરાવા પૂર્વક નક્કી કરી શકાતી નથી. કોઈ તેને આનર્તના આનંદપુરનો રાજા કહે છે તો કોઇ તેને ખંભાત કે લાટના ભરૂચનો રાજા જણાવે છે. "તે ધારના રાજા તામલિપ્તર્ષિની કન્યા મદનરેખાને પરણ્યો હતો અને શકારિ વિક્રમાદિત્ય એ આ મદનરેખાનો પુત્ર હતો." એમ પણ કેટલાકો કહે છે. શ્રીશુભશીલગણિ વિક્રમચરિત્રમાં લખે છે કે;—"ગર્દભિલ્લ રાજાને ધીમતી અને શ્રીમતી નામની બે રાણીઓ હતી. તેમાં ધીમતીથી ભર્તૃહરી અને શ્રીમતીથી સૂર્યસ્વપ્નસૂચિત વિક્રમાદિત્ય, એમ બે પુત્ર થયા હતા." "ઉજ્જયિનીની નજીક રહેલા લક્ષ્મીપુરના બ્રાહ્મણની વિધવા પુત્રી ભર્તૃહરીને આંગળીએ લઈ ગર્દભિલ્લની સાથે પુનર્વિવાહથી જોડાઈ હતી" એવો મતાન્તર પણ શ્રીશુભશીલગણિ નોંધે છે. ( વિક્રમચરિત્ર. સ. ૧ શ્લો૦ ૧૪ થી ૩૧. ) ગર્દભિલ્લના વંશ વિષેની વાત પણ અનુમાન પર સ્વાર થઈ 'તુંવાર' થી 'તુખાર' સુધી પહોંચી જાય છે. કોઇએક તેને હૂણવંશનો કહી દે છે. પુરાણો, દંતકથાઓ અથવા તો એવા કોઇ આધાર પરથી કહેવાતી ભિન્ન ભિન્ન હકીકતો જોતાં ગર્દભિલ્લના સ્થાન, કુટુમ્બ અને વંશ વિષે નિશ્ચયાત્મક કાંઈ પણ સમજવું મુશ્કેલ છે. આમ છતાં એ હકીકતો પરથી એવું અનુમાન થાય છે કે, ગર્દભિલ્લ આનર્તનો રાજા હોઇ તેના મુખ્ય શહેર આણંદપુરમાં રહી રાજ્ય કરતો હતો. કેટલાકો કહે છે કે, તેના પુત્ર વિક્રમાદિત્યનો જન્મ ખંભાતમાં થયો હતો. આ પરથી ખંભાત આણંદપુરના તાબામાં જ હોઈ ગર્દભિલ્લ ખંભાતનો પણ રાજા કહેવાતો હશે. તેણે પાછળથી ભરૂચ પણ તાબે કરી ત્યાં પોતાના પુત્ર વિક્રમાદિત્યને શાસન કરવા નીમ્યો હોય એમ લાગે છે. "ઉજ્જયિનીમાં ગર્દભિલ્લના આધિપત્ય સમયે ભરૂચમાં બલમિત્ર રાજાનું અસ્તિત્વ હતું." એવો જૈન ગ્રંથોમાં ઉલ્લેખ છે. ત્યાં એમ પણ કહેવામાં આવ્યું છે કે, "ભરૂચનો આ બલમિત્ર રાજા ગર્દભિલ્લથી અપમાન પામેલો હતો." જૈન સાહિત્યમાં સૂચવેલો ગર્દભિલ્લથી અપમાનિત બલમિત્ર એ, ગર્દભિલ્લે ભરૂચ પર શાસન કરવા પોતાનો પુત્ર વિક્રમાદિત્ય ( બલમિત્ર ) નીમ્યો હતો તે સિવાય અન્ય કોઇ હોવા સંભવ નથી. કારણ કે, જૈન ગ્રંથોમાં બલમિત્રને ધારાવસના રાજાની પુત્રીનો પુત્ર કહ્યો છે, તેમ લોકસાહિત્યના આધારે વિક્રમાદિત્ય પણ ધારાવાસનું સંક્ષિપ્ત રૂપ જે ધાર, તેના રાજાની પુત્રીનો પુત્ર કહેવાય છે. આનો અર્થ એ થાય છે કે, ગર્દભિલ્લ રાજાને ધારાવાસના–ધારના રાજાની પુત્રી કે, જે કાલકાચાર્ય અને સરસ્વતીસાધ્વીની બહેન થતી હતી, તે પરણાવી હતી તથા ગર્દભિલ્લની એ રાણીથી જન્મેલો પુત્ર, બલમિત્ર અને વિક્રમાદિત્ય એ બે નામને ધારણ કરનારો હોઇ, કાલકાચાર્ય અને સરસ્વતી સાધ્વીનો ભાણેજ થતો હતો. બાકી, ઘણા ય પ્રસંગોમાં ઇતિહાસ સમયના પ્રવાહમાં પડી અવ્યવસ્થિત થઇ જતાં લેખકોથી દંતકથાના આધારે પાત્રોનાં નામ નોંધવામાં પણ અવ્યવસ્થા થઈ હોય એમ જાણવા મળે છે, તેથી ધારાવાસનો રાજા અને તેની પુત્રી વિગેરેનાં નામોમાં મતાન્તર જોવામાં આવે એ બનવાજોગ છે એવી જ રીતે ગર્દભિલ્લના કુટુમ્બ વિગેરેના સંબંધમાં પણ બહુ બહુ રીતે હેરફેરવાળા ઉલ્લેખો મળી આવતા હોવાથી સર્વથા નિશ્ચયાત્મક કાંઇ પણ કહી શકાય તેમ નથી.

ઉપર જણાવ્યા પ્રમાણે, ગર્દભિલ્લનાં અને તેના કુટુમ્બનાં સુસંસ્કૃત નામો પરથી અને તેના વતન તથા લગ્નાદિસંબંધ પરથી લાગે છે કે, તે ભારતીય કોઇ જાતિના રાજવંશનો પુરુષ છે, નહિ કે વિદેશી કોઇ જાતિના રાજવંશનો. હિ૦ થે૦ તો સ્પષ્ટ શબ્દોમાં લખે છે કે, "ગર્દભિલ્લ મૌર્યવંશીય નભોવાહનનો પુત્ર હતો." આ નભોવાહન અશોકના પુત્ર તિષ્યગુપ્તના પુત્ર બલમિત્રનો પુત્ર હતો એમ પણ એ થેરાવલી કહી રહી છે તેથી તેના મતે સિદ્ધ થાય છે કે, ગર્દભિલ્લ અશોકનો વંશજ અને મૌર્યજાતિનો હતો. થેરાવલીની આ હકીકતને બીજે ક્યાંયથી સમર્થન મળતું નથી અને કોઈક વખતે લેખકો પૂર્વ રાજાના કૌટુમ્બિક અનુગામી રાજાને, તે પૂર્વના રાજાનો પુત્ર છે કે નહિ એવી સંશયિત સ્થિતિમાં, તેના પુત્ર તરીકે જ લખતા જણાયા છે. આ હકીકત ધ્યાનમાં લઈ થેરાવલીના સ્પષ્ટ કથનને બાજુએ રાખતાં, કદાચ, ગર્દભિલ્લ નભોવાહનનો પુત્ર ન હોય અને તે તેનો કૌટુમ્બિક સંબંધી હોય તો ના નહિ. અશોકથી અથવા તેથી પણ પહેલાંથી ચાલી આવતી રીત મુજબ, સંપ્રતિના રાજત્વકાલમાં મૌર્ય રાજકુમારો ક્વચિત વારસાબંધ તો ક્વચિત નીમાયલા તરીકે જ્યાં ત્યાં સુબાગિરિ કરતા હતા અને તેઓ ત્યાં ત્યાંના પ્રદેશમાં સામાન્ય રીતે રાજા તરીકે ઓળખાતા હતા. એ સૂબાઓ સંપ્રતિના રાજ્ય પછી કોઇ વહેલા તો કોઈ મોડા સાચા જ રાજા બની બેઠા હતા. આનર્તદેશમાં નીમાયેલો કોઇ રાજકુમાર સૂબો પણ સ્વતન્ત્ર થઈ એવી જ રીતે ત્યાંનો રાજા બન્યો હોય અને તેનો વંશજ આ આલેખાતો ગર્દભિલ્લ હોય. કેટલાકો ગર્દભિલ્લને તુવાર કે તુઆર વંશનો કહે છે. કૌશામ્બીના શિલાલેખમાં તીવરનું નામ ઉત્કીર્ણ થયું છે અને એને અશોકનો પુત્ર માનવામાં આવે છે. આ તીવરનું તો તુવાર કે તુઆર નહિ થયું હોય અને ગર્દભિલ્લ એ તીવરનો વંશજ નહિ હોય શું ? વળી ગર્દભિલ્લવંશના શરૂઆતના રાજાઓ ગંધર્વસેન, વિક્રમસેન, નભઃસેન, એમ સેનાન્ત છે, તેથી કલ્પના થાય છે કે, સંપ્રતિના રાજ્યાન્ત સમયની લગભગ રાજગૃહીમાં અશોકનો વંશજ વૃષસેન ગાદીએ આવ્યો છે, એ વૃષસેનનો વંશજ આ ગર્દભિલ્લ નહિ હોય શું? અશોકનો પુત્ર તીવર અને તીવરનો પુત્ર સોભાગસેન તથા સોભાગસેનનો પુત્ર વૃષસેન હોય અને એનો વંશજ ગર્દભિલ્લ હોય, આવી પણ કલ્પના ગર્દભિલ્લની પૂર્વ વંશાવલી વિષે કરી શકાય તેમ છે. પરંતુ ઉપરોક્ત કલ્પનાઓને કોઇ જાતનો મજબૂત આધાર મળ્યા સિવાય નભોવાહનને અપુત્રીઓ માની તેનો વારસદાર તેનો કોઈ કૌટુમ્બિક કલ્પવો એના કરતાં 'ગર્દભિલ્લ નભોવાહનનો પુત્ર હતો' એવા હિમવંત થેરાવલીના સ્પષ્ટ કથનને સ્વીકારવું એ જ વધારે વાજબી છે, પછી ભલેને, તે કથનને બીજી તરફથી સમર્થન ન પણ મળતું હોય. આ ગર્દભિલ્લના સંબંધમાં ખરી વાત એ જ હોવી ઘટે છે કે, નભોવાહને ઉજ્જયિનીની ગાદી પર આવ્યા પછી લાટ અને આનર્ત આદિ પ્રદેશના સૂબા તરીકે પોતાના વડીલ પુત્ર ગર્દભિલ્લને નીમ્યો હશે; પરંતુ ક્ષહરાટ નહપાણના ભરૂચ પર લશ્કરી દબાણ થયા બાદ ગર્દભિલ્લ પુરેપુરો સ્વતન્ત્ર ન રહી શક્યો હોય, અથવા તો આનર્તના પ્રદેશને જ સાચવી રાખી ત્યાં રહેતો હોય કે જ્યાં સમય

વીતતાં ગર્દભી વિદ્યાથી બલવાન બની તેણે ભરૂચ પર ફરીથી પોતાનો અધિકાર જમાવી ત્યાં પોતાનો પુત્ર વિક્રમાદિત્ય, કે જેનું તે વખતે બલમિત્ર નામ હતું, તેને શાસન કરવા નીમ્યો હોય. આ પછી મ. નિ. ૩૯૪ વર્ષે નભોવાહનનું મૃત્યુ થતાં ગર્દભિલ્લ પોતાના પિતાની પાછળ ઉજ્જયિનીની ગાદી પર આવ્યો ત્યારે પણ બલમિત્ર ભરૂચમાં શાસન કરતો હતો. આ સમય દરમિયાન, જ્યારે ગર્દભિલ્લે સરસ્વતી સાધ્વી પર અત્યાચાર આરંભ્યો, ત્યારે નીતિપરાયણ આખુ જીવન ગાળનાર આ બલમિત્રે નીતિનો પક્ષ લઈ અને તેમાંય, ખાસ કરીને, પોતાની માશી અને સાધ્વીના સંયમજીવનની ધાર્મિક મહત્તાને લઈ તેણે પોતાના પિતા રાજા ગર્દભિલ્લનો વિરોધ કર્યો હોવો જોઈએ, કે જેના પરિણામે તેને અપમાનિત થવાનો પ્રસંગ આવ્યો હશે અને અંતે પોતાના મામા કાલકાચાર્યે સાધ્વીને છોડાવવા લાવેલા શાહિ–શકોની સાથે જોડાઇ પિતાની પણ સામે થવાની તેને અનિવાર્ય ફરજ આવી પડી હશે. જો કે એમાંય તેણે વધારે પડતો ભાગ ભજવવાનું ઉચિત માન્યું નથી. કેમકે, છેવટે તો તે મૌર્યોની અનુલ્લંઘ્ય મર્યાદાનો જ વારસ હતો.

હવે આપણે જૈન સાહિત્યમાં ગર્દભિલ્લની જે અતિ પ્રસિદ્ધિ થવા પામેલી છે તેના કારણનો લખાયલો ઇતિહાસ તપાસીએ.

આ આલેખાતો ઉજ્જયિનીનો અધિપતિ ગર્દભિલ્લ ગર્દભીવિદ્યાથી બલિષ્ટ હતો. કહે છે કે, 'કોઈ એક યોગી તરફથી તેને તે વિદ્યા મળી હતી.' જૈન સાહિત્યમાં સુપ્રસિદ્ધ અને અતીવ નિંદનીય એવા, તેના જીવનમાં બનેલા સાધ્વી પર અત્યાચારના એક પ્રસંગ સિવાય બીજો કોઈ નોંધાયલો નિંદનીય પ્રસંગ જાણવા મળતો નથી તેથી તે અનીતિમાં કેવો ને કેટલો રાચ્યો માચ્યો હશે એ આપણે કહી શકીએ નહિ. જો કે "ઉજ્જયિનીના અનિલસુત યવરાજનો યુવરાજ પુત્ર ગર્દભ કરીને હતો અને તે પોતાની બહેન 'અડોલિયા' સાથે કામરાગાન્ધથી છુપી રીતે અનાચાર સેવતો હતો."[૨૪૪] એવા પ્રકારના ઉલ્લેખો જૈન સાહિત્યમાં મળી આવે છે અને એ ગર્દભ જ આ આલેખાતો સરસ્વતીસાધ્વીના પ્રસંગવાળો ગર્દભિલ્લ હશે એમ કોઈ તરફથી સંભાવના કરવામાં આવે છે; પરંતુ એ સંભાવના બરાબર–સંગત લાગતી નથી. કારણ કે, જૈન સાહિત્યમાં લખાતાં 'ગદ્દહ' અને 'ગદ્દભિલ્લ' એ નામોના અક્ષરોમાં ફેરફાર છે. કદાચ, આ ફેરફારને આપણે નજીવો ગણીએ, પરંતુ બીજો પણ ફેરફાર ભિન્ન ભિન્ન પ્રસંગે નોંધાયલા એ ગર્દભ અને ગર્દભિલ્લ રાજાઓના સંબંધમાં રહેલો આપણે વાંચીએ છીએ. જેમ કેઃ–આ ગર્દભની પૂર્વે રાજકર્તા તેનો પિતા યવ અને તેની પૂર્વે રાજકર્તા તેનો પિતામહ અનિલ હતો, જ્યારે અહીં આલેખાતા ગર્દભિલ્લની પૂર્વે રાજકર્તા નહવહણ–નભોવાહન અને તેની પૂર્વે રાજકર્તા બલમિત્ર–ભાનુમિત્ર હતા. આમ છતાં કોઈક મહાશય અનિલનો અર્થ નભોવાહન કરી "તેનો (નભોવાહનનો) એક પુત્ર રાજા યવ અને બીજો પુત્ર યુવરાજ ગર્દભ હતો. યવરાજે લેખામાં ન ગણાય એટલો નજીવો રાજત્વકાલ

(૨૪૪) બૃહત્કલ્પભાષ્ય અને ચૂર્ણિ તથા શ્રીમુનિસુંદરસૂરિના ઉપદેશરત્નાકર વિગેરે ગ્રંથો.

ભોગવી દીક્ષા લીધી હોવાથી યુવરાજ ગર્દભને રાજ્ય મળ્યું. અન્યત્ર કહેવામાં આવ્યું છે તેમ યવરાજની નહિ, પરંતુ અનિલની-નભોવાહનની પુત્રી અડોલિયા હોઈ, આ ગર્દભ રાજા તેની સાથે અનાચારમાં પડયો." આવા અભિપ્રાયવાળો યવરાજર્ષિ સંબંધી પાઠ કલ્પી, ગર્દભ અને ગર્દભિલ્લ એક હોવાની સંગતિ ઉપજાવે તો તે એક જુદી વાત છે; પરંતુ તેવી પાઠકલ્પના માટે જો શાસ્ત્રીય મજબૂત આધાર ન હોય તો તે ઉચિત ન જ ગણાય. આ ઉપરાંત, "ગર્દભિલ્લ (ગંધર્વસેન) વિધવા બ્રાહ્મણીના પિતાને દ્રવ્યથી લોભાવી એ વિધવા બ્રાહ્મણીને પરણ્યો." એવી રીતે ગર્દભિલ્લની હલકી નીતિ દર્શાવવામાં આવે છે; પરંતુ તેમાં કેટલું વજુદ છે એ, દર્શાવાતી હકીકતમાં મતાન્તર હોવાથી કહી શકીએ નહિ. બાકી એ તો નકી છે કે, ગર્દભિલ્લે અનીતિનું એક એવું અપકૃત્ય કરી નાખ્યું છે કે જેથી તેનું નામ જૈન સાહિત્યમાં કાળા અક્ષરે લખાયલું આજે પણ આપણને જ્યાં ત્યાં વાંચવા મળે છે. કામાન્ધતાથી કરેલા એ અપકૃત્ય પછી તેણે આદરેલો હઠાગ્રહ સ્પષ્ટ રીતે તેની અવિચારિતા અને નિર્વિવેકિતા સાબીત કરે છે. આ અપકૃત્યનો અને તેથી આવેલા પરિણામનો ઇતિહાસ જૈન સાહિત્યમાં આવી રીતે લખાયેલો છેઃ—

"ધારાવાસ નગરના 'વયરસિંહ' રાજાની સુરસુંદરી રાણીથી ઉત્પન્ન થયેલા 'કાલક' નામના રાજકુમારે શ્રીગુણાકરસૂરિનો ધર્મોપદેશ સાંભળી વૈરાગ્ય જાગતાં માત-પિતાની રજાપૂર્વક એ જૈનાચાર્યની પાસે દીક્ષા અંગીકાર કરી.[૨૪૫] દીક્ષિત થનાર આ કાલકને અતીવ રૂપ-લાવણ્યવતી સરસ્વતી નામે બ્હેન હતી, તેણે પણ ચારિત્ર-દીક્ષા લીધી હતી. કાલાન્તરે, આ કાલકસૂરિ આચાર્યપદ પામી કાલકાચાર્ય થયા. આચાર્ય થયા બાદ તેઓ વિહાર કરતા કયારેક ઉજ્જયિનીમાં પધાર્યા હતા. ભવિતવ્યતાવશાત્ સરસ્વતી સાધ્વીનું પણ આગમન આ સમયે ઉજ્જયિનીમાં થયું. એક વખતે ફરવા નીકળેલા ગર્દભિલ્લની દૃષ્ટિ, બહિર્ભૂમિએ ગયેલા સાધ્વીસમુદાયની મધ્યે રહેલી સરસ્વતી સાધ્વી પર પડી અને તે તેને જોતાં જ કામાન્ધ બન્યો. તેણે એ રૂપવતી યુવતીને બળાત્કારથી પકડાવી પોતાના અન્તઃપુરમાં પુરી રાખી. આ બનાવની તત્કાલ ખબર પડતાં કાલકાચાર્યે અને જૈનસંઘે સાધ્વીજીને મુક્ત કરવા બનતા બધા ઉપાયોથી ગર્દભિલ્લ રાજાને સમજાવ્યો; પરંતુ તેણે કીર્તિની કે નીતિની અથવા તો અન્ય કોઈ વાતની દરકાર કરી નહિ. પરિણામે, આચાર્યે અને જૈનસંઘે કરેલા પ્રયત્નનું કાંઈ પણ ફળ આવ્યું નહિ અને આર્ય સંસ્કૃતિની લાચારી અટકાવવા ભારતની નિર્બળતા દેખાવા લાગી ત્યારે કાલકાચાર્ય, કે જેમણે પહેલાં

(૨૪૫) પ્રભાવકચરિત-કાલકસૂરિચરિતમાં કાલકસૂરિના પિતાનું 'વૈરિસિંહ' નામ લખાયું છે. જિનપ્રભસૂરિના શિષ્ય જિનદેવ (ખરતરગચ્છીય) પણ કાલકકથામાં વૈરિસિંહ લખે છે, પરંતુ એક કાલકકથામાં વૈરિસિંહને બદલે વજ્રસિંહ લખાયલું છે અને તેમના ગુરુનું નામ પ્રભાવકચરિતકારના લખ્યા પ્રમાણે ગુણાકરસૂરિ નહિ પરંતુ ગુણસુંદરસૂરિ લખવામાં આવે છે.

આજીવિકોની પાસે જ્યોતિષ નિમિત્તનું જ્ઞાન મેળવ્યું હતું,[૨૪૬] તેમણે પોતાનો વિહાર સિન્ધના રસ્તે થઇ પારસકૂલ સુધી લંબાવ્યો. સિન્ધુનદીની પેલી પારના એ પ્રદેશમાં 'સાહિ' રાજાઓ રાજ્ય કરતા હતા. એમનો અધિરાજ 'સાહાણુસાહિ' તરીકે બોલાતો હતો. કાલકાચાર્યે સાહિ રાજાઓમાંથી એક સાહિનો આશ્રય લીધો અને તેને પોતાના જ્યોતિષ નિમિત્તબલથી સાનુકૂલ કર્યો. એવામાં સાહાણુસાહિએ પોતાના તાબાના ૯૬ સાહિઓને ફરમાન કર્યું કે, હું તમને જે કટાર મોકલું છું તેનાથી તમે તમારું મસ્તક છેદી નાખો. પ્રત્યેક સાહિ પર જુદું જુદું ફરમાન મોકલાયું હતું. કાલકાચાર્ય જે સાહિના ત્યાં રહ્યા હતા તેના પરના ફરમાન પર ૯૬ નો આંક હતો, તેથી તેને સમજાયું કે સર્વોપરી સરકારનો ૯૬ સાહિઓનાં મસ્તક છેદવાનો હુકમ છે. એણે આ મરણાન્ત આપત્તિની હકીકતથી કાલકાચાર્યને વાકેફ કર્યો. સઘળી પરિસ્થિતિનો ખ્યાલ કરી સાહિ રાજાઓને મોતથી બચાવવા અને જે કાર્ય માટે પોતે અહીં સુધી આવ્યા હતા તે સિદ્ધ કરવા કાલકાચાર્યે તે સાહિને સલાહ આપી કે, તમે સર્વ આત્મઘાત ન કરતાં મારી સાથે 'હિંદુગદેશ'–હિંદમાં ચાલો. આ સલાહને અનુસરી તે સાહિ અને તેનાથી સૂચન કરાયલા બીજા ૯૫ સાહિઓ શ્રીકાલકાચાર્યની સાથે સિન્ધુને પાર કરી સૌરાષ્ટ્રમાં આવ્યા. આ સમયે ચોમાસુ બેસી જવાથી એ સાહિઓએ ઉજ્જયિની તરફ આગળ ન વધતાં, સૌરાષ્ટ્રનો કબજો લઇ તેને તેમણે ૯૬ વિભાગમાં વહેંચી લીધો અને કાલકાચાર્ય જે સાહિના આશ્રયે રહ્યા હતા તેને સૌનો અધિપતિ નીમ્યો. ચોમાસા દરમીયાન તેઓ ત્યાં જ સ્થિરતા કરીને રહ્યા. કાલકાચાર્યે તેમને પોતાની વિદ્યાશક્તિ વડે સુવર્ણાદિથી સવિશેષ શક્તિમાન બનાવ્યા. જ્યારે ચોમાસુ વીતી ગયું ત્યારે કાલકાચાર્યે સૌરાષ્ટ્રમાં સ્થિત આ સર્વ સાહિઓને અને લાટના રાજાઓ તથા બીજા પણ કેટલાક રાજાઓને સાથમાં લઇ ઉજ્જયિની

(૨૪૬) શ્રી કાલકસૂરિના નિમિત્તજ્ઞાનના અભ્યાસ સંબંધમાં આવી રીતે લખવામાં આવે છેઃ—

" लोगणुओगो अज्जकालगा । अज्जंतेवासिणा पच्चिउं पढिउं सो न नाओ मुहुत्तो जत्थ पव्वाविओ थिरो होज्जा तेण निव्वेएण आजीवगाण सगासे निमित्तं पढियं "।

—પંચકલ્પચૂર્ણિ

(લોકાનુયોગમાં આર્ય કાલક–આર્યોના અંતેવાસીપણે આટલું બધું અધ્યયન કર્યા છતાં મુહૂર્ત ન જાણી શકયા કે જેમાં દીક્ષિત કરાયેલો સ્થિર થાય. આ નિર્વેદથી (તેમણે) આજીવકોની પાસે નિમિત્તનો અભ્યાસ કર્યો.)

પંચકલ્પચૂર્ણિના । આ કથનથી સિદ્ધ થાય છે કે, શ્રી કાલકસૂરિએ આજીવિકો પાસે નિમિત્ત (જ્યોતિષનિમિત્ત) ભણ્યું હતું અને તેઓ નિશીથચૂર્ણિકારના કથન મુજબ ઉજ્જયિનીમાં સરસ્વતી સાધ્વીની ઘટના બની તે પહેલાં '**जोतिसणिमित्तबलिया**'–જ્યોતિષનિમિત્તશાસ્ત્રમાં સમર્થ જ્ઞાની બન્યા હતા. અવિનીત શિષ્યોના પરિહારનો બનાવ પણ ઉપરોક્ત ઘટના બન્યાની પહેલાં આ જ કાલકસૂરિના હાથે બનવા પામ્યો હતો એમ ઉભય ચૂર્ણિઓના કથન પરથી સાબીત થાય છે.

તરફ પ્રયાણ કર્યું.૨૪૭ તેમણે જલદીથી અવન્તિના પ્રદેશમાં પ્રવેશી ઓચિંતો ઉજ્જયિની નગરીને ઘેરો ઘાલ્યો. આ પછી કાલકાચાર્યે બતાવેલી યુક્તિ પ્રમાણે વર્તી સાહિઓએ ગર્દભિલ્લની ગર્દભીવિદ્યાને વ્યર્થ કરવા પૂર્વક તેને હરાવ્યો અને આચાર્યના કહેવાથી તેને જીવતો જવા દીધો. ઉજ્જયિનીની ગાદી પર મુખ્ય સાહિનું આધિપત્ય સ્થપાયું, અને અન્ય સાહિઓમાં પ્રાદેશિક વિભાગોની વહેંચણી થઇ. હવે અવન્તિ પર ગર્દભિલ્લના સ્થાને શકરાજાનો અમલ શરૂ થયો

---

(૨૪૭) "**ताहे लाडारायाणो जे गद्दभिल्लेण अवमाणिता ते मेल्लेउं अण्णे य ततो उज्जेणी रोहिता**"-નિશીથ. ઉ૦ ૧૦ । સૂ.૧૪। ભા. ગા. ૨૮૪૮ । ઉ. ગા. ૨૫૩ । (અધિકરણાધિકાર)

"**ताहे जे गद्दभिल्लेणावमाणिया लाडरायाणो अण्णे य ते मिलिउं सव्वेहिं वि रोहिया उज्जेणी ।**"
—કથાવલી ૨, ૨૮૫ ।

આ બન્ને ગ્રંથોનો અભિપ્રાય એ છે કે, ત્યાર બાદ ગર્દભિલ્લે જે લાટ રાજાઓનું અપમાન કર્યું હતું તેમને અને બીજાઓને મેળવી તે પછી ઉજ્જયિનીનો રોધ કર્યો (કથાવલીકારના કથનમાં અપમાનિત રાજાઓમાં લાટ સિવાયના અન્ય રાજાઓને પણ ગણ્યા છે.)

પ્રભાવકચરિત—કાલકસૂરિચરિતમાં લાટના રાજાઓને જીતી તે શકો માલવાના સીમાડે પહોંચ્યા એમ લખ્યું છે. જુવો, તેનો પાઠઃ—

"**पञ्चाललाटराष्ट्रेश-भूपान् जित्वाऽथ सर्वतः ।**
**शका मालवसन्धिं ते, प्रापुराक्रान्तविद्विषः ॥ ६७ ॥**
પ્રભાવકચરિત—કાલકસૂરિચરિત. પૃ૦ ૨૪. (સિં. જૈ. ગ્રંથમાલા)

(આનો અર્થ એ થઇ શકે કે, શકોએ લાટના રાજાઓને જીતી તેમને મદદે લીધા હતા.)

આમ ઉપરના ઉલ્લેખોમાં લાટના રાજાઓને સાથે લેવાની હકીકત છે, પણ એ રાજાઓનાં નામ ત્યાં આપવામાં આવ્યાં નથી. જ્યારે કાલકકથા બલમિત્ર–ભાનુમિત્ર નામના લાટના રાજાઓને સાથમાં લીધાની વાત કરે છે. જેમકેઃ—

"**ढक्कानिनादेन कृतप्रयाणा, नृपा प्रचेलुर्गुरुलाटदेशम् ।**
**तद्देशनाथौ बलमित्रभानु-मित्रौ गृहीत्वाऽगुरवन्तिसीमाम् ॥**"
—કાલકકથા

કથાવલીકાર પણ—

"**साहिप्पमुहराणएहिं चाहिसित्तो उज्जेणीए कालगसूरिभाणेज्जो बलमित्तो नाम राया, तक्कणिट्ठभाया भाणुमित्तो नामाहिसित्तो जुवराया ।**"

આવી રીતે આગળ જતાં લખી એ લાટરાજાઓ બલમિત્ર–ભાનુમિત્ર હોય એવું સૂચન કરી રહ્યા છે.

કાલકકથા અને કથાવલીના કર્તાઓ બલમિત્ર–ભાનુમિત્રને ગર્દભિલ્લોચ્છેદક કાલકાચાર્યના ભાણેજ અને ઉજ્જયિનીથી અથવા ભરૂચથી તેમને–કાલકાચાર્યને નિર્વાસન કરનાર તરીકે સમજી આમ લખી રહ્યા છે, પરંતુ વસ્તુસ્થિતિ આથી જુદી જ છે.

'ગર્દભિલ્લને જીવતો જવા દીધો' એવી હકીકતના બદલે 'તેનું યુદ્ધમાં મૃત્યુ થયું હતું.' એવી હકીકત પણ સાહિત્યમાં મળી આવે છે. 'જીવતો જવા દીધા પછી તે શૂળના રોગે મૃત્યુ પામ્યો અથવા તો તેને વાઘ ખાઈ ગયો,' એમ પણ કેટલાક લેખકો લખે છે. 'એ જાવા કે જર્મનીમાં ચાલ્યો ગયો હતો.' એવી પણ વાત કોઈ કોઇ તરફથી કરવામાં આવે છે. આમાં જે સત્ય હોય તે ખરું. બાકી ઉજ્જયિનીનું રાજ્ય ગર્દભિલ્લના હાથમાંથી કાલકાચાર્યે પારસકૂલમાંથી લાવેલા શકોના હાથમાં ગયું તે ગર્દભિલ્લની

---

ગર્દભિલ્લરાજા ઉજ્જયિનીમાં રાજ્ય કરતો હતો ત્યારે લાટમાં જે રાજા હતો તેનું નામ બલમિત્ર હતું અને તે ગર્દભિલ્લોચ્છેદક કાલકસૂરિનો ભાણેજ હતો એ વાત ખરી છે, પરંતુ તે પૂર્વે થઈ ગયેલા બલમિત્ર-ભાનુમિત્રથી ભિન્ન છે. પ્રભાવક ચરિતના પાદલિપ્તસૂરિ ચરિતમાં અને વૃદ્ધવાદિ ચરિતમાં એના નામનો ત્રણ વાર ઉલ્લેખ થયેલો છે; જેમકેઃ—

(૧) આર્ય ખપુટાચાર્ય ભરૂચમાં હતા ત્યારે જૈન નહિ એવો (પ્રબન્ધકોશના કથન મુજબ બૌદ્ધભક્ત) બલમિત્ર રાજા ત્યાં રાજ્ય કરતો હતો અને તે કાલકાચાર્યનો ભાણેજ હતો.

(૨) પ્રતિષ્ઠાનપુરના રાજા સાલવાહણે ભરૂચ પર હલ્લા કરવા માંડયા હતા ત્યારે ત્યાં બલમિત્રરાજાની સત્તા હતી કે જે બલમિત્ર કાલકાચાર્યનો ભાણેજ હતો.

(૩) શ્રી સિદ્ધસેન દિવાકરે શત્રુઓથી ભરૂચના રાજા ધનંજયને બચાવ્યો હતો. એ ધનંજય બલમિત્રનો પુત્ર હતો. (અહિં ધનંજયનો પ્રસંગ હોવાથી બલમિત્રની કાલકાચાર્યના ભાણેજ તરીકે ઓળખાણ આપી નથી.)

આમ ત્રણ વાર તેના નામનો ઉલ્લેખ કરતાં 'બલમિત્ર' નામ આપ્યું છે પણ તેની સાથે ભાનુમિત્રના નામનું જોડાણ કર્યું નથી. આ પરથી સ્પષ્ટ થાય છે કે, કાલકાચાર્યનો ભાણેજ બલમિત્ર છે, નહિ કે બલમિત્ર—ભાનુમિત્ર.

નિશીથચૂર્ણિકાર પણ "કેટલાક આચાર્યોના મતે બલમિત્ર—ભાનુમિત્ર કાલકાચાર્યના ભાણેજ હોઇ તેઓ પોતાના 'મામા' એટલે તેમનો મહાન આદર કરતા હતા" એમ લખતાં પોતાનો મત ન હોવાનું સૂચન કરી રહ્યા છે. જેમકે—

कालगायरिओ विहरंतो उज्जेणिं गतो, तत्थ वासावासंतरं ठितो, तत्थ णगरीए बलमित्तो राया तस्स कणिट्ठो भाया भाणुमित्तो जुवराया, तेसिं भगिणी भाणुसिरी नामा, तस्स पुत्तो बलभाणु नाम, सो य पगितिभद्दविणीययाए साहु पज्जुवासति, आयरिएहिं से धम्म कहितो पडिबुद्धो पव्वावितो य तेहिं य बलमित्त-भाणुमित्तेहिं (रुट्ठेहिं) कालगज्जो पज्जोसविते णिव्विसतो कतो। केति आयरिया भणंति-जहा बलमित्त-भाणुमित्ता कालगायरियाणं भागिनेज्जा भवंति. माउलेत्ति काउं महंतं आयरं करेंति अब्भुट्ठाणादियं तओ पुरोहियस्स अपत्तियं, भणति य एस सुद्दपासंडी वंता (?) वितोहरो रण्णो आगतो पुणो पुणो उल्लावंतो आयरिएण णिप्पट्ठसिराकरणो कतो, ताहे सो पुरोहितो आयरियस्स पदुट्ठो रायाणं अणुलोमेहिं विप्परिणाहिंति, एते सतो महाणुभावा, एते जेण पहेणं गच्छंति तेण पहेणं जति रण्णो णागच्छति ताणि वा अक्कमति तो असीवं भवति। तम्हा

સરસ્વતીસાધ્વીના પ્રસંગવાળી અનીતિને લઈને ગયુ, એ હકીકત તો સર્વથા સાચી જ છે. એવી જ રીતે એ હકીકત પણ સાચી જ છે કે, કાલકાચાર્યે લાવેલા શકો ભારતમાં આવ્યા પછી વિદેશી ન રહ્યા હતા. તેઓએ સર્વ રીતે આર્ય સંસ્કૃતિને અપનાવી લીધી હતી. સંભવિત છે કે, કાલકાચાર્યે તેઓમાંના, કદાચ, સર્વને નહિ, પરંતુ મોટા ભાગને જૈન બનાવ્યા હશે.

---

विसज्जेहि. ताहे विसज्जिता। अण्णे भणंति-रन्ना उवाएण विसज्जिता, कहं? सव्वंमि नगरे किल रण्णा अणेसणा पवत्तिता ताहे से णिग्गता। ताहे णिग्गता। एवमाइयाण कारणाण अण्णतमेन णिग्गता

—નિશીથ સૂ. ૪૨, ૪૩. ઉ૦ ૧૦

પોતાના ભાણેજ બલભાનુને કાલકાચાર્યે દીક્ષા આપી તેથી ક્રોધાયમાન થયેલા બલમિત્ર–ભાનુમિત્રે કાલકાચાર્યને દેશનિકાલ કર્યા એમ લખતા ચૂર્ણિકારના મતે કાલકાચાર્ય મામા ન થતા હોવાથી તેમની શરમ રાખવા જેવો બલમિત્ર–ભાનુમિત્રને પ્રસંગ જ ન હતો, પરંતુ એવો સગપણ સંબંધ માનનારા આચાર્યોના મતે કાલકાચાર્ય બલમિત્ર–ભાનુમિત્રના મામા થતા હોવાથી સ્નેહ શરમ નડતાં અશિવાદિ કારણોથી વિદાય કરવાનું કે વિદાય થવાનું કહેવામાં આવે છે.

નિશીથચૂર્ણિકાર જે પરંપરાને અનુસરતા હતા તે પરંપરાના આચાર્યો માનતા હતા કે; મ. નિ. ૩૫૩ થી ૪૧૩ સુધી અવન્તિના રાજકર્તાઓ બલમિત્ર–ભાનુમિત્ર હતા કે જેમણે નિગોદવ્યાખ્યાતા દશપૂર્વધર યુગપ્રધાન કાલકાચાર્ય (શ્યામાર્ય)ને ઉજ્જયિનીથી નિર્વાસન કર્યું હતું અને જેઓ તે કાલકાચાર્યના સગપણથી સંબંધી એટલે ભાણેજ ન થતા હતા, વળી તેઓ એમ પણ માનતા હતા કે, મ. નિ. ૪૬૬ વર્ષે ગર્દભિલ્લના રાજ્યનો અંત આવ્યો ત્યારે ભરૂચમાં (લાટમાં) બલમિત્ર રાજાનું રાજ્ય હતું કે જેણે પોતાના મામા જ્યોતિષનિમિત્તના બલી કાલકાચાર્યને સરસ્વતી સાધ્વીને છોડાવવા માટે આદરેલા પ્રયત્નમાં સહાય કરી હતી. આમ છતાં જ્યારે કેટલાક આચાર્યો એમ માનવા લાગ્યા કે બલમિત્ર–ભાનુમિત્ર કાલકાચાર્યના ભાણેજ એટલે કે બલમિત્ર–ભાનુમિત્રના મામા કાલકાચાર્ય હતા, ત્યારે બલમિત્ર–ભાનુમિત્ર અને બલમિત્ર એ ભિન્ન ભિન્ન હોતાં છતાં કાલકાચાર્યના ભાણેજ તરીકે તેમની એકતા મનાઇ ગઇ, એટલું જ નહિ, પરન્તુ મામા તરીકે યુગપ્રધાન શ્યામાર્ય (કાલકાચાર્ય) અને જ્યોતિષનિમિત્તના બલી કાલકાચાર્ય એક થઇ જતાં એ બન્નેની સાથે સંબંધ રાખતી ભિન્ન ભિન્ન સમયે બનેલી ઉજ્જયિનીથી નિર્વાસન અને ગર્દભિલ્લોચ્છેદન એ બે ઘટનાઓ એક જ કાલકાચાર્યના નામે ચઢાવા લાગી. "ઉજ્જયિનીથી નિર્વાસિત થઈ પ્રતિષ્ઠાનપુર ગયેલા કાલકાચાર્યે ત્યાંના રાજા શ્રાવક સાતવાહનની પર્વારાધન સબંધી અનુકૂલતાને લઇ પર્યુષણાપર્વનું પંચમીના બદલે ચોથમાં પરિવર્તન કર્યું અને તે યુગપ્રધાને કારણથી પરિવર્તન કર્યું તેથી સંઘને સમ્મત થયું." નિશીથ ચૂર્ણિકારના આવા પ્રકારના કથનમાં "**जुगप्पहाणेहिं कारणेण चउत्थी पवत्तिया**" એવા ૨૫૯ અક્ષરો છે તે પર ધ્યાન ન આપતાં, કોણ જાણે શા કારણથી આ બનાવ "**जोइसनिमित्तबलिया**"ના નામે ચઢાવવામાં આવે છે. યુગપ્રધાન તરીકે કાલકાચાર્ય (શ્યામાર્ય)નું નામ યુગપ્રધાન પટ્ટાવલીઓમાં લખાયું છે, પણ ગર્દભિલ્લોચ્છેદક કાલકાચાર્ય એક મહાન આચાર્ય હતા છતાં તેમનું નામ યુગપ્રધાન તરીકે ત્યાં લખાયું નથી, એ કેમ ભૂલી જવાય છે!

ઉપર લખવામાં આવ્યો છે તે, શ્રીકાલકાચાર્યના સમયમાં બનેલો એક જૈન-સંયમ જીવન પરનો અતીવ અસહ્ય અત્યાચારનો પ્રસંગ હતો. જૈનસંઘથી જ નહિ, પરંતુ ભારતીય પ્રજાથી પણ એ પ્રસંગને આંખમીંચામણાં કરી નભાવી કે દરગુજર કરી શકાય નહિ. પરંતુ સૌ કોઈ લાચાર! આવી પરિસ્થિતિમાં, તે સમયના ભારતીય કોઇપણ રાજાની સ્હે-શરમથી કે બલ-પરાક્રમથી ન દબાય એવા ગર્દભિલ્લથી લૂંટાતી જૈનશાસનની લાજ સાચવવા અને સાધ્વી-સંઘના સંયમજીવનની રક્ષાનો એક મજબૂત દાખલો પુરો પાડવા, ન છૂટકે, શ્રીકાલકાચાર્યે આવી પડેલી આપત્તિના વિષમ પ્રસંગે આપવાદિક માર્ગનો આશ્રય લઈ પોતાની અનિવાર્ય ફરજ બજાવી હતી, કે જેમાં તેઓ સફળ થયા હતા. તેમના આ કાર્ય માટે ભારતની જનતા તેમનો જેટલો આદર કરે કે ધન્યવાદ બોલે તેટલો ઓછો જ છે. સાધ્વીને છોડાવ્યા બાદ કાલકાચાર્યે પોતાની તથા એ ભગિની સાધ્વીની યથાયોગ્ય શાસ્ત્રાનુસાર શુદ્ધિ કરી કરાવી અને તેઓ સ્વ પર કલ્યાણ સાધતાં પોતાના પુણ્યજીવનને વીતાવતા વિચરતા રહ્યા. હિમવંત થેરાવલી લખે છે કે, "કાલકાચાર્ય સાધ્વીને મુક્ત કર્યા પછી અનુક્રમે ભરૂચ ગયા હતા."[૨૪૮] ભરૂચમાં આ વખતે બલમિત્ર -ભાવિ વિક્રમાદિત્ય રાજા રાજ્ય કરતો હતો; પરંતુ એ બલમિત્ર રાજાએ ભરૂચમાં આવેલા કાલકાચાર્યનું પોતાના રાજનગરમાંથી નિર્વાસન-નીકાળી દેવાનું કાર્ય કર્યું હોય, એમ થેરાવલી લખતી નથી. એ નિર્વાસનની હકીકત સાથે બલમિત્ર-ભાનુમિત્ર અને શ્યામાચાર્યનો સંબંધ છે, નહિ કે આ બલમિત્ર અને કાલકાચાર્યનો.[૨૪૯]

જૈન સાહિત્યમાં કથન કરાયું છે કે, શ્રીકાલકાચાર્યના શિષ્યો અવિનીતતાથી વર્તતા હતા, તેથી તેમણે એ શિષ્યોને જણાવ્યા સિવાય ઉજ્જયિનીમાં છોડી દઈ પોતે એકલા સુવર્ણભૂમિમાં ચાલ્યા ગયા હતા, જ્યાં તેમના પ્રશિષ્ય 'સાગરખમણ' હતા. આચાર્યે એ સાગરખમણને શ્રુતમદની અકર્તવ્યતાનું ભાન એક દૃષ્ટાન્તના પ્રદર્શન પૂર્વક કરાવ્યું હતું. શિષ્યોને છોડી ચાલ્યા જવામાં તેમની તેમને વિનીત બનાવવાની યુક્તિ હતી. તેમની એ યુક્તિ સફળ પણ થઈ હતી. શિષ્યોને છોડી ગયા બાદ, જ્યારે તે શિષ્યોએ આચાર્ય કયાં ગયા તેની ખબર કાઢવા માંડી ત્યારે, 'આચાર્ય ક્યારે ને કયાં ગયા એની પણ ખબર શિષ્યોને ન હોય એ તેમની કેવી રીતની બેદરકારી!' વિગેરે રૂપ ઉપાલંભ તેમને મળતાં, કહે છે કે, કાલકાચાર્યના પૂર્વે

---

આ સર્વ પરથી સમજાશે કે, કાલકાચાર્યના ગર્દભિલ્લોચ્છેદનના કાર્યમાં મદદગાર લાટનો રાજા તેમનો ભાણેજ બલમિત્ર હતો, નહિ કે બલમિત્ર-ભાનુમિત્ર. આ બલમિત્રે પોતાનાથી પૂર્વે થઈ ગયેલા બલમિત્ર-ભાનુમિત્રમાંના બલમિત્રથી પોતાને વ્યવચ્છેદ કરવા બલ-વિક્રમ+મિત્ર-આદિત્ય = વિક્રમાદિત્ય નામ ધારણ કર્યું હતું. લેખકોએ તો બલમિત્ર-ભાનુમિત્રને જોડકા તરીકે અને બલમિત્રને એકલા નામ તરીકે રાખી ભિન્નત્વ બતાવવાનો રસ્તો લીધો છે.

(૨૪૮) "कालिगज्जो वि णियभइणिं सरस्सइं आलोयणापुव्वं पुणो दिक्खिउण तओ विहारं कुणमाणो कमेण भरुअच्चे णयरे समागओ ।" હિમ૦ થેરા૦ પૃ ૮. (મુદ્રિત)

(૨૪૯) જુઓ ટીપ્પણ ૨૪૭

અવિનીતતાથી વર્તતા શિષ્યો વિનીતતાથી વર્તવા લાગ્યા હતા. 'કાલકસંહિતા' વિગેરે હાલ અનુપલબ્ધ કેટલાક ગ્રન્થો આ જ કાલકસૂરિએ બનાવ્યા હતા, એમ કહેવામાં આવે છે. સંભવ છે કે, કાલકાચાર્ય સુવર્ણભૂમિમાં ગયા હતા તે પછી થોડા જ સમયમાં આજીવિકો પાસે જ્યોતિષ નિમિત્ત ભણ્યા હશે અને ત્યારબાદ અમુક સમયે સરસ્વતી સાધ્વીવાળો પ્રસંગ બન્યો હશે. એમની ગ્રન્થરચનાનો સમય સાધ્વીને ગર્દભિલ્લના કબજામાંથી મુક્ત કર્યા પછીનો અથવા તો કદાચ, તેની આજુબાજુનો પણ હોઈ શકે.

આ કાલકાચાર્યની હયાતી મ. નિ. ની ચોથી સદીના ચોથા ચરણમાં અને પાંચમી સદીના પૂર્વાર્ધમાં હતી. એમણે મ. નિ. ૪૦૭ માં સરસ્વતી સાધ્વીને છોડાવી હતી. 'પંચવસ્તુક' નામે ગ્રન્થમાં સરસ્વતીને છોડાવવાનો સમય મ. નિ. ૪૫૩ લખવામાં આવ્યો છે અને ચાલુ જૈન સંપ્રદાય પ્રમાણે એ સમય મ. નિ. ૪૬૬ આવે છે. આ બન્નેની સાથે સાધ્વીને છોડાવવાના ઉપરોક્ત મ. નિ. ૪૦૭ ના સમયનો મેળ મળતો નથી. ખરેખર, એ મેળ ન જ મળે. કારણ કે, આ લેખની ગણતરીમાં વિક્રમાદિત્યનો રાજ્યારંભ, ચાલુ જૈન સંપ્રદાય માને છે તેમ મ. નિ. ૪૭૦ વર્ષે નહિ; પરંતુ મ. નિ. ૪૧૦ વર્ષે મનાયો છે; અને તેથી ચાલુ જૈન સંપ્રદાયની સાથે, હિમવંત આદિ આચાર્યો જે સંપ્રદાયને અનુસર્યા છે તે સંપ્રદાયનો કાલગણનામાં ૬૦ વર્ષ ફરક રહેવાનો જ. આ હેતુથી જ અહિં સરસ્વતી સાધ્વીને છોડાવવાનો સમય મ. નિ. ૪૬૬ ના બદલે મ. નિ. ૪૦૬ નો જ લખવાનો હોય. કારણ કે, આ લેખની ગણતરી એ હિમવંત આચાર્યોને સમ્મત સંપ્રદાયને અનુસરનારી છે. મેં મ. નિ. ૪૦૬ ના બદલે મ. નિ. ૪૦૭ માં સાધ્વીને છોડાવવાનું ઉપર લખ્યું છે, તે તો હિમવંતથેરાવલી સંપ્રતિના રાજ્યાન્ત પછી અરાજકતાનું ૧ વર્ષ નોંધે છે તેને ગણતરીમાં લેવાના કારણે લખ્યું છે. બાકી, પંચવસ્તુમાં જે મ. નિ. ૪૫૩ માં સરસ્વતી સાધ્વીને છોડાવવાનું લખવામાં આવ્યું છે, તે તો કયી રીતે ઘટી શકે છે, એ સમજાવી શકતો નથી. ચાલુ જૈન સંપ્રદાયના કથન પ્રમાણે મ. નિ. ૪૫૩ માં શ્રીકાલકાચાર્યની આચાર્યપદવી થઇ હોય એમ તો શું નહિ હોય? અને પંચવસ્તુકારે ભ્રાન્તિથી આચાર્યપદવીના સમયને, સાધ્વીને છોડાવવાનો સમય શું માની લીધો હશે? જો એમ જ હોય તો આ લેખના ધોરણે એમ સિદ્ધ થાય છે કે, મ. નિ. ૩૯૩ માં શ્રીકાલકાચાર્યની આચાર્ય પદવી થઇ હતી. આ વિષયમાં વિશેષ ખુલાસો બહુશ્રુતો પાસે કરવાનો રહ્યો. તેઓ જે કહે તે જ સત્ય.

શકો સાથેના યુદ્ધ પછી ગર્દભિલ્લ અને તેના પુત્રોની હકીકત વિષે ભિન્નભિન્ન મત પ્રવર્તે છે; પરંતુ બહુમતિએ એટલું સિદ્ધ છે કે, ગર્દભિલ્લને વિક્રમાદિત્ય નામે પુત્ર હતો અને તે પિતાના રાજ્યભ્રષ્ટ કે મૃત્યુ થયા પછી તરત જ કે થોડો સમય વીત્યા બાદ આન્ધ્ર રાજ્યમાં ચાલ્યો ગયો હતો. પોતાના બાપુકા રાજ્યને પાછું મેળવવા તે તકની રાહ જોતો જોઇતાં સાધનોનો સંચય કરવા પુરુષાર્થ સેવી રહ્યો હતો, કે જેથી પોતે ઉજ્જયિનીના અધિપતિ બનેલા શકો સામે સંપૂર્ણ સફળ થઇ શકે. એના ભાગ્યયોગે એને સફળ બનાવ્યો પણ છે, કે જે એના આલેખનમાં આલેખવામાં આવશે. પરંતુ આ પહેલાં શક રાજા વિષે સંક્ષેપમાં કાંઇક લખીએ.

# શક (સાહિ) ૩ વર્ષ, મ. નિ. ૪૦૭-૪૧૦

## (વિ. સં. પૂ. ૩—૦. ઈ. સ. પૂ. ૬૦–૫૭)

જૈન સાહિત્યમાં જ્યાં ત્યાં ગર્દભિલ્લ પછી ઉજ્જયિનીમાં શકોનું રાજ્ય-શકરાજાનું આધિપત્ય હોવાનો ઉલ્લેખ મળી આવે છે; પરંતુ શ્રીભદ્રેશ્વરસૂરિજી પોતાના 'કહાવલી' ગ્રન્થમાં જુદી જ રીતે-આવા પ્રકારનું લખે છે:—"સાહિ પ્રમુખ રાણાઓએ ઉજ્જયિની પર કાલકાચાર્યના ભાણેજ બલમિત્રને રાજા તરીકે અને તેના લઘુ ભ્રાતા ભાનુમિત્રને યુવરાજ તરીકે અભિષેક કર્યો.[૨૫૦] કોણ જાણે શા આધારે કહાવલીકાર આવો મતાન્તર લખી રહ્યા છે! બલમિત્ર-ભાનુમિત્ર એ બે ભાઈઓમાંનો તિષ્યગુપ્તનો પુત્ર બલમિત્ર અને કાલકાચાર્યને સાધ્વીને મુક્ત કરાવવાના પ્રસંગમાં મદદગાર તેમનો ભાણેજ બલમિત્ર, એ બન્ને ભિન્ન છે અને તેમની હયાતીનો સમય પણ ભિન્ન છે; વળી કાલકાચાર્યના ભાણેજ બલમિત્રે ઉજ્જયિનીના અધિપતિ બનેલા શકરાજાને હરાવી ઉજ્જયિની પર આધિપત્ય મેળવ્યું અને તે સમયથી ૫૬ વર્ષ પૂર્વે થઇ ગયેલા ઉજ્જયિનીના અધિપતિ બલમિત્ર-ભાનુમિત્રમાંના અન્ય બલમિત્રના નામની સાથે પોતાના નામની એકતા થઇ જઇ ભ્રાન્તિ ન થાય માટે તેણે 'વિક્રમાદિત્ય' નામ ધારણ કર્યું હતું. બસ, આ વસ્તુસ્થિતિનો ઉકેલ ન થવાથી 'કહાવલી'કારનું ઉપરોક્ત મતાન્તરવાળું કથન અલ્પમતિમાં આવી પડ્યું છે. મને લાગે છે કે, એ કથન ભ્રાન્ત છે, અને તેથી તેના પર આધાર રાખી શકાય નહિ.

શ્રીકાલકાચાર્યનો પારસકૂલમાં આશ્રયદાતા શક સાહિ ગર્દભિલ્લના પરાજય બાદ ઉજ્જયિનીનો અધિપતિ થયો હતો. હિમવંત થેરાવલી કહે છે કે, એ સાહિનું નામ સામંત હતું, પરંતુ મને લાગે છે કે, 'સામંત' એ સાહિનું વિશેષ નામ ન હોતાં 'સાહિ' શબ્દનું જ ભારતીય રૂપાન્તર છે. હિ. થે. પ્રમાણે આ શક રાજાનું રાજ્ય ઉજ્જયિનીમાં ૩ વર્ષ રહ્યું હતું; પરંતુ કાલગણનાની ગાથાઓમાં તેનું રાજ્ય ૩ વર્ષના બદલે ૪ વર્ષ લખાયું છે. હિ. થેરાવલી સંપ્રતિના રાજ્યાન્ત પછીની અરાજકતાનું ૧ વર્ષ પોતાની ગણતરીમાં વધારે માનતી હોઇ, તેના મતે બલમિત્ર-ભાનુમિત્ર, નભોવાહન, ગર્દભિલ્લ અને શક, એ રાજાઓનો રાજ્યારંભ અને શક સિવાયના એ રાજાઓનો રાજ્યાન્ત એક વર્ષ આગળ ધકેલાતો હતો; અને તેથી હિ. થે. ની તથા કા. ગ. ગા. ની, અરાજકતા તથા વિક્રમાદિત્ય વચ્ચેના રાજાઓના રાજ્યારંભ તથા રાજ્યાન્ત સંબંધી નોંધમાં, જે ૬૦ વર્ષના બદલે ૫૯ વર્ષનું અંતર પડતું હતું, તે હવે હિ. થે. ના મતે શકનાં ૪ વર્ષના બદલે ૩ વર્ષ મનાતાં અટકી જઈ, વિક્રમરાજ્યારંભે પૂર્વની જેમ બરાબર ૬૦ વર્ષનું જ પડશે.

(૨૫૦) જુઓ ટીપ્પણ ૨૪૭માં કથાવલીનો ઉલ્લેખ.

ઉજ્જયિનીના અધિપતિ શકરાજાના રાજત્વકાલમાં પ્રજાના હિત તરફ પુરતું લક્ષ્ય અપાતું હતું, એવો અભિપ્રાય વ્યવહારચૂર્ણિના એક ઉલ્લેખ પરથી નીકળે છે. એ ઉલ્લેખ આવા પ્રકારનો છે :—

"આર્યકાલક શકોને લાવ્યા હતા. તેમાંનો શક રાજા રાજધાની ઉજ્જયિનીમાં રાજ્ય કરતો હતો. તે રાજાને, 'જાતિએ અમારા સરખો છે.' એમ માનતા તેના સોબતીઓ બરાબર સેવતા ન હતા. આથી રાજાએ તેમને આજીવિકા દેવાનું બંધ કરતાં તેઓ ચોરી વિગેરે કરવા લાગ્યા હતા. આ વાત જાણીને ઘણા લોકોએ રાજાને વિનવ્યું. શક રાજાએ તેઓને દેશનિકાલ કરતાં તેઓ બીજા રાજાની સેવામાં હાજર થયા."[૨૫૧]

વ્યવહારચૂર્ણિના ઉપરોક્ત ઉલ્લેખ પરથી સ્પષ્ટ સમજાય છે કે, ઉજ્જયિની પર સ્થાપન થયેલ શક રાજા પ્રજાની બહુમતિને સાંભળતો હતો અને તેમની રંજાડને દૂર કરવા તાબડતોબ પગલાં લેતો હતો, એટલું જ નહિ, પરંતુ પ્રજાના કલ્યાણ ખાતર પોતાના જાતીલાઓ તરફ પણ આંખમીંચામણાં કરનારો કે મીઠી નજરથી દાબડદીમ કરનારો ન હતો. અલબત્ત, આથી શકસત્તાની તાકાદને હાની પહોંચી હશે, પરંતુ એ રાજાએ અનિષ્ટતત્ત્વોથી એ તાકાદને સાચવી રાખવાનું ઉચિત માન્યું નહિ હોય. એણે પ્રજા તરફની પોતાની ફરજને જ મહત્ત્વ આપી આગળ કરી છે. આથી સમજાશે કે, આ શક રાજા ઉજ્જયિનીના આધિપત્ય પર ઝાઝું ટકયો નથી તેનું કારણ, જૈનેતર સાહિત્યમાં કહેવાયું છે તેમ તેની દુષ્ટતા આદિ નથી; પરંતુ વિક્રમાદિત્યની બાપુકું રાજ્ય લેવાની ભાવના જ માત્ર છે.

કાલકાચાર્યે લાવેલા શકોની જાતિ, મૂળવતન, વસાહતો, સામંતસાહી, વિગેરેથી લઈ યાવત્ ઉજ્જયિનીમાં તેમની રાજસત્તાનો નાશ, એ સર્વનો વિસ્તૃત ઇતિહાસ અહીં આપવો મુશ્કેલ છે. એનો જેવો જોઇએ તેવો પ્રામાણિક ઇતિહાસ મળતો નથી. આમ છતાં સંશોધકોએ આજ સુધી ભારે પરિશ્રમ કરી આ શકો વિષે જે કાંઈ લખ્યું છે તેમાંથી મેં પણ દિગ્દર્શન તરીકે કેટલીક નોંધ, 'જૈન સત્યપ્રકાશ' નામના માસિકમાં વર્ષ ૧૧, અંક ૭ પૃ. ૧૯૯ થી ૨૧૧-માં 'આર્યકાલકના સહાયક શક સાહિઓ' એ મથાળાવાળા લેખમાં લીધી છે. જિજ્ઞાસુઓને એ લેખ વાંચી જવા ભલામણ કરૂં છું.

શક રાજાએ ૩ વર્ષ ઉજ્જયિની પર આધિપત્ય ભોગવ્યું, એ સમય દરમીયાન ગર્દભિલ્લનો પુત્ર બલમિત્ર-વિક્રમાદિત્ય હાથ જોડી બેસી ન રહ્યો હતો. તેણે બધી તૈયારી કરી લીધી અને પછી આન્ધ્ર રાજા મેઘસ્વાતિની-દ્વીપિ (સાતકર્ણિ પુલોમાવી-મેઘસ્વામી)

(૨૫૧) "उज्जेणीए गाहा। यदा अज्जकालएण सगा आणीता सो सगराया उज्जेणीए रायहाणीए तस्संगणिज्जगा 'अम्हं जातीए सरिसो' त्ति काउं गव्वेणं तं रायं ण सुट्ठु सेवंति। राया तेसिं वित्तिं ण देति। अवित्तीया तेण्णं आढत्तं काउं त णाउं बहुजणेण विण्णविएण ते णिव्विसता कता, ते अण्णं रायं ओलग्गणट्ठा उवगता।

— વ્યવહારચૂર્ણિ ઉ૦ ૧૦

ની મદદ મેળવી તે એક મોટા લશ્કર સાથે માલવાની ભૂમિ પર ચઢી આવ્યો અને તેણે ઉજ્જયિનીમાંની શક રાજસત્તાને ઉખેડી નાખી તથા પોતે ઉજ્જયિનીનો-અવંતિનો અધિપતિ બન્યો. આમ ત્રીજીવાર અવંતિ પર મૌર્યવંશનું-તેના પેટાવંશ રૂપ ગર્દભિલ્લોનું આધિપત્ય સ્થપાયું. હવે આપણે તેમના એ આધિપત્યને આલેખીએ.

---

## મૌર્યવંશ (તૃતીય વિભાગ) ૧૩૫ વર્ષ, મ. નિ. ૪૧૦—૫૪૫

### (વિ. સં. ૦—૧૩૫, ઈ. સ. પૂ. ૫૭—ઇ. સ. ૭૮)

મૌર્યવંશીય નભોવાહનના પુત્ર રાજા ગર્દભિલ્લની પછી અવન્તિમાં–ઉજ્જયિનીમાં એકવાર ફરીથી એટલે ત્રીજીવાર મૌર્યોનું આધિપત્ય સ્થપાયું હતું, એવું સૂચન પૂર્વે થઈ ગયું છે. આ મૌર્યો-મૌર્ય રાજાઓ ગર્દભિલ્લના વંશજ હોવાથી ગર્દભિલ્લ તરીકે જ ઓળખાય છે. તેમની સંખ્યા ૫ ની છે. જેમકેઃ—(૧) વિક્રમાદિત્ય (બલમિત્ર કે વિક્રમસેન (૨) ધર્માદિત્ય (વિક્રમચરિત્ર કે નભઃસેન), (૩) ભાઈલ્લ, (૪) નાઈલ્લ, (૫) નાહડ ગર્દભિલ્લના આ પાંચ વંશજોની સાથે તેનું પોતાનું નામ ઊમેરીએ તો બધા મળીને ૬ ગર્દભિલ્લ રાજાઓ થાય, પરંતુ પુરાણો ગર્દભિલ્લ અને વિક્રમાદિત્યના વચગાળે ઉજ્જયિની પર આવેલા શકરાજાને પણ ગર્દભિલ્લોની અંદર ગણી તેમની સંખ્યા ૭ ની નોંધે છે. ત્યાં એમનો સમુચ્ચય રાજત્વકાલ ૭૨ વર્ષ નોંધવામાં આવે છે; પરંતુ તેની સ્પષ્ટતા કરાયલી ન હોવાથી બહુ જ ઓછાં લાગતાં એ ૭૨ વર્ષ કયી ગણતરીથી નોંધાયાં છે એનો ખુલાસો ત્યાંથી મળતો નથી. આ લેખમાં કરાયલી ગણતરી, કે જે શ્રીમેરુતુંગસૂરિના કથનને અનુસરતી છે, તે મુજબ આ ૬ ગર્દભિલ્લોનો સમુચ્ચય રાજત્વકાલ ૧૪૮ વર્ષ થાય છે, અને જો તેમાં શકોનો ૪ વર્ષ રાજત્વકાલ ઊમેરીએ તો તે બધો મળી ૧૫૨ વર્ષ થાય.[૨૫૨]

'તિત્થોગ્ગાલી પઈન્નય' ની ગાથાઓ 'गद्दभसयमेगं पुण' એ ગાથાચરણથી ગર્દભોનાં ૧૦૦ વર્ષ નોંધે છે. એ નોંધ પ્રમાણે મ. નિ. થી ૫૫૩ વર્ષે ગર્દભિલ્લોનો રાજ્યાન્ત ને શક રાજાની ઉત્પત્તિ આવી પડે છે તે તરફ ધ્યાન ન આપતાં આગળની ગાથાથી શક રાજાની ઉત્પત્તિનો સમય મ. નિ. થી ૬૦૫ વર્ષ અને ઉપર ૫ માસ વીતતાં નોંધે છે.[૨૫૩] ત્યાં ગર્દભિલ્લોના નામે ૧૫૨ વર્ષ લખવાં જોઈએ તેના બદલે ૧૦૦ વર્ષ લખવાથી પરિણામે, કાલગણનામાં ૬૦ + ૧૫૫ + ૧૦૮ + ૩૦ + ૬૦ + ૪૦ + ૧૫૨ = ૬૦૫ વર્ષના બદલે

---

(૨૫૨) જુવો, ટી. નં ૧૪૪ તથા મેરુતુંગીય વિચારશ્રેણિ પત્ર–૩

(૨૫૩) તિત્થોગ્ગાલી પઈન્નયની એ ગાથાઓ આ પ્રમાણે છે:—

૬૦ ૧૫૫ ૧૦૮ ૩૦

पालगरण्णो सट्ठी, पणपण्णसयं वियाणि नंदाणं। मुरियाणं अट्ठसयं, तीसं पुण पूसमित्ताणं

૬૦ ૪૦ ૧૦૦

(स्स) ॥६२१॥ बलमित्त- भाणुमित्ता, सट्ठा चत्ता य होंति नहसेणे गद्दभसयमेगं पुण, पडिवन्नो तो

૬૦ + ૧૫૫ + ૧૦૮ + ૩૦ + ૬૦ + ૪૦ + ૧૦૦ = ૫૫૩ વર્ષે શક રાજાની ઉત્પત્તિનો સમય આવી પડે છે. આ વિરોધ રૂપ આપત્તિને લઈ સમજાય છે કે, 'गद्दभसयमेगं पुण' એ ચરણ ગમે તે સંજોગોમાં અનુચિત રીતે રૂપાન્તર પામ્યું છે. ૧૫૨ વર્ષને જણાવતો પાઠાન્તર અન્ય કોઈ સ્થળે જોવા ન મળે ત્યાં સુધી કેવળ કલ્પનામાત્રથી ઉપરોક્ત ૧૦૦ વર્ષને જણાવતા પાઠને સુધારવાની ધૃષ્ટતા તો કોઈ ભાગ્યે જ કરી શકે.

ચાલુ જૈન સંપ્રદાય ગર્દભિલ્લોનાં શક રાજા સહિત ૧૫૨ વર્ષ નોંધે છે અને તેની ગણુતરી પ્રમાણે મ. નિ. ૬૦૫ વર્ષે ગર્દભિલ્લોનો રાજ્યાન્ત તથા શક રાજાની ઉત્પત્તિ, એ બરાબર બંધબેસતી આવે છે. પરંતુ એ ગણુતરી અને આ લેખની ગણુતરીમાં ૬૦ વર્ષનું અંતર હોવાથી–આ લેખની ગણુતરીમાં ૬૦ વર્ષ ઓછાં હોવાથી ગર્દભિલ્લોનો રાજ્યાન્ત મ. નિ. ૫૪૫ વર્ષે આવતો હોઈ, મ. નિ. ૬૦૫ વર્ષે ઉત્પન્ન થનારા શક રાજાના સમય કરતાં ૬૦ વર્ષ વહેલો આવે છે. આ લેખની માન્યતા છે કે, ગર્દભિલ્લોના રાજ્યાન્ત પછીનાં અને શક રાજાની ઉત્પત્તિ પહેલાંનાં વચગાળાનાં ૬૦ વર્ષ દરમીયાન ઉજ્જયિનીમાં આન્ધ્રવંશીયોનું આધિપત્ય હતું. એ આધિપત્ય, મ. નિ. ૬૦૫ વર્ષે ઉત્પન્ન–અન્ય સ્થળથી આવી અવન્તિ પર વિજય મેળવવા પૂર્વક આધિપત્ય સ્થાપનાર, ચષ્ટનના પૌત્ર શક રુદ્રદામાના હાથમાં ચાલ્યું ગયું હતું વિગેરે હકીકત આગળ પર કહેવાશે. અહિં તો ગર્દભિલ્લોને જ ઉદ્દેશી કહેવાનું હોવાથી તે અપ્રાસંગિક છે.

હવે આપણે જેનું અસ્તિત્વ જ વિવાદગ્રસ્ત બની ગયું છે એવા ગર્દભિલ્લના પુત્ર વિક્રમાદિત્ય (બલમિત્ર)નું આલેખન કરીએ.

---

सगो राया ॥६२२॥ पंच य मासा पंचय, वासा छच्चेव होंति वाससया। परिनिव्वुअस्सरिहतो, तो उप्पन्नो (पडिवन्नो) सगो राया ॥६२३॥

પાલક ૬૦ વર્ષ, નંદો ૧૫૫ વર્ષ, મૌર્યો ૧૦૮ વર્ષ, પુષ્યમિત્રો (પુષ્યમિત્ર) ૩૦ વર્ષ, બલમિત્ર–ભાનુમિત્ર ૬૦ વર્ષ, નભઃસેન ૪૦ વર્ષ, ગર્દભો ૧૦૦ વર્ષ, એમ સર્વ ૬૦+૧૫૫+૧૦૮+૩૦+૬૦+૪૦+૧૦૦=૫૫૩ વર્ષ થાય છે. 'पंच य' ગાથામાં શકોત્પત્તિકાલ લખવામાં આવે છે તે ગર્દભો પછી તરત જ ઘટી શકતો નથી, કેમકે ગર્દભોનો અંત મ નિ. ૫૫૩ વર્ષે આવે છે જ્યારે શકોત્પત્તિ વી. નિર્વાણથી ૬૦૫ વર્ષે લખાય છે. ગર્દભિલ્લોનાં જો ૧૫૨ વર્ષ માનવામાં આવે તો બરાબર મ. નિ. ૬૦૫ વર્ષે ગર્દભિલ્લોનો રાજ્યાંત આવતાં મેળ મળી જાય છે. મૌર્યોનાં ૧૦૮ વર્ષ ઓછાં જણાય છે તે તો નન્દોનાં ૧૫૫ના બદલે ૯૫ વર્ષ માનતાં ઓછાં નહિ જ જણાય, અને તેથી જેઓ નન્દોનાં વધારે મનાતાં ૬૦ વર્ષ મૌર્યોમાં ન નાખતાં ગર્દભિલ્લોનાં જે ૫૨ વર્ષ ઓછાં લખાયાં છે તે ૫૨ વર્ષ મૌર્યોમાં નાખી, મૌર્યોનાં ઓછાં પડતાં વર્ષોમાં ઠીકઠાક કરે છે તે બરાબર હોય એમ, શ્રીમેરુતુંગસૂરિના કથનનું પર્યાલોચન કરતાં, મને તો લાગતું નથી. "तह गद्दभिल्लरज्जं, तेरस वासे सगस्स चउ।" આ પાઠની હકીકત પ્રામાણિક અને જૈન પરંપરામાં સુપ્રસિદ્ધ છે, એને છોડી દઈ 'गद्दभसयमेगं पुण' એમ ગર્દભોનો ૧૦૦ વર્ષ રાજત્વકાલ જણાવતી હકીકતવાળો પાઠ કેવી રીતે ગોઠવાયો હશે તથા "चत्त य होंति नहसेणे," એ ચરણમાં 'नहवहणे'ને સ્થાને 'नहसेणे' કયી રીતે બની ગયું હશે, આ વિષયમાં આપણે સાવ અંધારામાં હોવાથી કાંઇ પણ મનસ્વી કલ્પના કરી શકીએ તેમ નથી.

# વિક્રમાદિત્ય (બલમિત્ર–વિક્રમસેન) ૬૦ વર્ષ.

## મ. નિ. ૪૧૦–૪૭૦

### (વિ. સં. ૦–૬૦, ઈ. સ. પૂ. ૫૭–ઈ. સ. ૩)

આજે ભારતમાં પ્રવર્તમાન–ચાલતા સંવત્સરોમાં સૌથી વધારે વ્યાપક અને મુખ્ય સંવત્સર મહારાજા વિક્રમાદિત્યનો છે. એના સંવત્સરને સંવત–ટુંકામાં સં.–તરીકે બહુધા લખવામાં આવે છે અને તેની સાથે 'વિક્રમ' નામ–ટુંકામાં વિ. જોડવામાં આવે છે. અત્યારે, એટલે કે, આ લખી રહ્યો છું ત્યારે એ સંવતનાં ૨૦૦૩ વર્ષ વીતી ચુકયાં છે અને ૨૦૦૪ મું વર્ષ ચાલી રહ્યું છે. જેની સાથે શાલિવાહનનું નામ જોડાયલું આજે મળી આવે છે, તે રુદ્રદામા વિગેરે શકરાજાઓથી ઉપયોગ કરાયલો શક ચષ્ટનનો શાક સંવત્સર ઉપરોક્ત વિક્રમ સંવત પછીથી પ્રવર્તેલો હોઈ, તેમની બન્નેની વચ્ચે આશરે ૧૩૫ વર્ષનું અંતર છે. જીસસ ક્રાઈસ્ટના નામે ચાલેલો ઈસવી સન સંવત્સર પણ વિક્રમ સંવતની પછી આશરે ૫૬ વર્ષ બાદ જ શરૂ થયેલો છે, કે જે સંવતને કેટલાંક વર્ષોથી આજ સુધી ભારતવર્ષ પોતાની ગુલામીના એક ચિહ્ન તરીકે રીતસર નભાવી રહ્યું હતું અને હજુ ય જેની અસર ચાલુ જ છે. આ ઇસવીસનના જેવા જ ધાર્મિક અને વિદેશી એવા બીજા પણ બે સંવત્સરો–મુસ્લીમોનો 'હિજરી' અને પારસીઓનો 'યઝદેઝરદી' પણ આજે અમુક મર્યાદામાં પ્રચલિત છે. તેવી જ રીતે, મહાવીર નિર્વાણનો સંવત્સર પણ જૈનોમાં આજે વપરાઈ રહ્યો છે. આ સિવાય જેની પ્રવૃત્તિ આજકાલ ઘણી જ ઓછી જોવામાં આવે છે અથવા તો જેની પ્રવૃત્તિ બીલકુલ જોવામાં આવતી નથી એવા પણ કેટલાક સંવત્સરો ભારતમાં પ્રવર્ત્યા છે.

ઉપરોક્ત બધા સંવત્સરો, કોઈના કોઈ વ્યક્તિના અંગે બનેલી મહત્ત્વની ઘટનાથી તે વ્યક્તિના નામે અથવા તેના કાર્યના નામે ઓળખાય છે. સંશોધકો એ વ્યક્તિ વિષે કે એના કાર્ય વિષે ભાગ્યે જ શંકા ઉઠાવે છે; પરન્તુ આશ્ચર્યની વાત છે કે, વિક્રમની વીસમી સદીના ગવેષકો, જેનો સંવત આજે અતિવ્યાપકપણે ચાલી રહ્યો છે અને ભારતવર્ષે જેના વિષેની અનેક અવનવી પરંપરા સાચવી રાખી છે, તે પુણ્યશ્લોક વિક્રમના સંવત ચલાવવામાં જ નહિ, બલ્કે તેના તે સમયે એટલે કે આજથી ૨૦૦૪ વર્ષ પૂર્વે અસ્તિત્વ હોવામાં જ શંકા ઉઠાવી રહ્યા છે. 'જૈન સત્યપ્રકાશ'ના 'વિક્રમવિશેષાંક'–ક્રમાંક ૧૦૦ માં એ શંકા અધુરા અવલોકનના પરિણામે જાગેલી છે એમ દર્શાવવા, તે અંકના મહાનુભાવ લેખકોએ યથાશકય ઠીક ઠીક પ્રયત્ન કર્યો છે. મેં પણ તેમાં કિંચિત્–અન્યોની અપેક્ષાએ નહિવત્ જેવું અને આજે મારા હાલના વિચારો પ્રમાણે દૂષિત જણાતુ–લખ્યું હતું. હાલ ચાલી રહેલા વિક્રમ સંવતની શરૂઆતનાં વર્ષોમાં

વિક્રમાદિત્યનું અસ્તિત્વ જણાવવા એ વિક્રમવિશેષાંકના કોઈ કોઈ મહત્ત્વના મુદ્દાઓને હું અહિં સાભાર નોંધુ છું અને એની સાથે મારું હાલનું સંશોધન પણ રજુ કરું છું.

'**गाहासत्तसइ**'-ગાથાસપ્તશતી નામનો એક સુભાષિતસંગ્રહ રૂપ ગ્રન્થ છે. એ ગ્રન્થના અન્તમાં તેના કર્તાએ, "કુંતલરાજ પેઠણપતિ દ્વીપિકર્ણીના પુત્ર મલયાવતીના પતિ શતકર્ણ અને 'હાલ' ઉપનામવાળા સાતવાહન" આવી રીતે પોતાનો પરિચય આપ્યો છે. [૨૫૪] "મી. વિન્સેન્ટ સ્મીથે 'હાલ' તરીકે ઓળખાવાતા એ રાજાને ઈ. સ. ૬૮ કે ઈ. સ. ૧૦૮ માં મુકયો છે" એમ કોઇ કોઇએ 'અર્લિ હિસ્ટરી ઑફ ઈન્ડિયા'ના નામે ટીપ્પણ કર્યું છે. ડૉ. ત્રિભુવનદાસ. લ. શાહ એ રાજાને ઈ. સ. પૂ. ૪૦ થી ઈ. સ. ૧૫ સુધીમાં મુકે છે. કહે છે કે, 'હાલ' રાજા 'બૃહત્કથા'ના કર્તા ગુણાઢય મહાકવિનો સમકાલીન હતો, મી. વેબર બૃહત્કથાને ઇસુની બીજી સદીની માને છે. આ લેખની ગણતરી પ્રમાણે આન્ધ્રરાજા અરિષ્ટ પછી ગાદી પર આવેલા દ્વીપેના પુત્ર આ હાલ (શાલિવાહન)નો સમય મ. નિ. ૪૪૫ થી ૫૧૭-ઈ. સ. પૂ. ૨૨ ની લગભગથી ઈ. સ. ૫૦ સુધી આવે છે. પ્રાયઃ કોઈ પણ માન્યતાએ હાલ રાજા ઈ. સ. ની બીજી સદીના પૂર્વાર્ધની પછી નહિ, પરંતુ પહેલાં જ થયો છે એ તો નકીજ છે.

ઉપરોક્ત રીતે ઇસુની બીજી સદીના મધ્યથી પૂર્વે થઇ ગયેલા મનાતા હાલ રાજાની રચેલી 'ગાથાસપ્તશતી'ના પાંચમા શતકની ૬૪ મી ગાથામાં '**विक्कमाइच्च**'—વિક્રમાદિત્યનો અને તેણે આપેલા લાખ દ્રવ્યના દાનનો ઉલ્લેખ છે, તે ગાથા આ પ્રમાણે છેઃ—

"**संवाहणसुहरसतोसिएण देंतेण तुह करे लक्खं।**
**चलणेण विक्कमाइच्चचरिअं अणुसिक्खियं तिस्सा**[२५५] ॥६४॥

(૨૫૪) શ્રીમેરુતુંગસૂરિ પ્રબન્ધચિંતામણીમાં સાતવાહન પ્રબન્ધમાં સાતવાહનને સાતસો ગાથા પ્રમાણ સાતવાહન નામના સંગ્રહગાથાકોશના શાસ્ત્રકર્તા તરીકે ઉલ્લેખે છે. જૈન સાહિત્યમાં અન્યત્ર નોંધાયેલી મીનહાસાદિ હકીકત પરથી અહિં લખાયેલો સાતવાહન એ શાલિવાહન (હાલ) જ છે. મહાકવિ બાણે હર્ષચરિત્ર શ્લો૦ ૧૩માં સાતવાહનના સુભાષિતકોશની પ્રશંસા કરી છે તે આ ગાથાસપ્તશતી કે સંગ્રહગાથાકોશની જ છે. આ ગ્રંથમાં રાધાકૃષ્ણ (૧-૮૯) અને મંગળવાર (૩-૬૧)નો ઉલ્લેખ થયેલો છે. રાધિકાનો ઉલ્લેખ પંચતંત્રમાં અને વારનો ઉલ્લેખ ઈ. સ. ૪૮૪ના બુધગુપ્તના એરણવાળા લેખમાં અને કચ્છના અંધાઉ ગામથી મળેલા ક્ષત્રપ રુદ્રદામાના સં. ૫૨ ફા. વ. ૨ ના લેખમાં (ગુરુવાર) થયેલો હોવાથી રાધાકૃષ્ણ અને વારની માન્યતા ઈસુની બીજી સદીની પૂર્વે પણ હોવાથી, આ ગ્રંથ રાધાકૃષ્ણ અને વારની માન્યતા અર્વાચીન હોઇ અર્વાચીન છે એમ કહી શકાય નહિ. આન્ધ્રવંશ ઈસુની ત્રીજી સદીના પૂર્વાર્ધમાં સમાપ્ત થયેલો હોઇ શાલિવાહન તેથી લગભગ પોણા બે સૈકાઓથી પૂર્વે થઇ ગયો હતો.

(૨૫૫) "પગચંપીના સુખથી સંતુષ્ટ, તેણીના ચરણે તારા હાથમાં લક્ષ (લાક્ષારસ-લાખદ્રવ્ય) દેતાં 'વિક્રમાદિત્ય'નું ચરિત્ર શીખ્યું-વિક્રમાદિત્યના આચરણનું અનુકરણ કર્યું." (સંબાહન૦ ગા૦ નો ભાવાર્થ)

આ ગાથામાં કરાયલા મહાદાની વિક્રમાદિત્યના ઉલ્લેખ પરથી એ સ્પષ્ટ સમજાય છે કે, ઈસુની બીજી સદીના મધ્યથી પૂર્વે થયેલા હાલ રાજાથી પહેલાં થઈ ગયેલો વિક્રમાદિત્ય રાજા છે; પરંતુ પછીથી નહિ. અને જો એમ જ છે તો, ઈસુની બીજી સદી પછી થયેલા, જે રાજાઓએ 'વિક્રમાદિત્ય' તરીકે પોતાનો ઉલ્લેખ કર્યો છે, તે તેમનું મુખ્ય નામ નથી; પરંતુ તેમની પૂર્વે થઇ ગયેલા કોઇ ગુણવિશિષ્ટ મનાયલા વિક્રમાદિત્યની અનુકરણ રૂપે ધારણ કરેલી ઉપાધિ જ છે. એ રાજાઓએ 'વિક્રમાદિત્ય' એ ઉપાધિ ધારણ કરતાં પહેલાં વિક્રમાદિત્યની કેટલીક ખાસીયતો; જેમકે, શકોનો-શક જેવી વિદેશી જાતિનો પરાજય, સંવત્સરનું પ્રવર્તન, નવ પુરુષરત્નનું સંયોજન, વિગેરે અમુક રીતે પોતાનામાં સર્જાવી હતી. આ રાજાઓમાંનો એક ગુપ્તવંશીય ચન્દ્રગુપ્ત બીજો પણ હતો. એણે પોતાના રાજત્વકાલમાં લેખ વિગેરે પર એક સંવતને નોંધ્યો છે, ઘણા ભાગે એણે જ એ સંવતને વ્યવહારમાં મુકયો હશે. એ સંવતના મુકાયલા અંકો એના રાજ્યારંભના સમય સાથે બંધબેસતા નથી. સંશોધકો કહે છે કે, 'ચન્દ્રગુપ્ત બીજાએ પોતાના વડદાદા અથવા ખાસ કરીને પોતાના દાદા ચન્દ્રગુપ્ત પહેલાના રાજ્યાભિષેકથી (ઈ. સ. ૩૧૯–વિ. સં. ૩૭૬ થી) એ આંક ગણેલો છે. કારણ કે, ચન્દ્રગુપ્ત બીજાના શિલાલેખોમાં વપરાયલા ૮૨ અને ૯૩ એ અંકો મોટા હોઇ તેના પોતાના રાજ્યારંભથી ગણીને મુકાયલા સંભવી શકતા નથી.' ચન્દ્રગુપ્ત બીજાએ આ સંવતને 'ગુપ્ત' નામથી ઓળખાવ્યો છે. સંશોધકોએ સાચી અથવા ખોટી (મારી સમજ પ્રમાણે સર્વથા ખોટી જ) એવી પણ શોધ કરી છે કે, વલભીના મૈત્રક રાજાઓએ આ ગુપ્ત સંવતની પૂર્વે 'ગુપ્ત'ના બદલે 'વલભી' નામ રાખી તેને વલભી સંવત તરીકે અપનાવી લીધો હતો. આમ ગુપ્ત રાજાઓને વપરાશના માટે સ્વતન્ત્ર પોતાના વંશનો ગુપ્ત સંવત હોતાં છતાં, કેટલાક સંશોધકોએ કોણ જાણે શા કારણથી, "તેની પૂર્વે સદીઓથી ચાલતા એક સંવતની સાથે ગુપ્તવંશના કોઈક 'વિક્રમાદિત્ય' ઉપાધિધારીએ પોતાનું નામ જોડી દીધું." આમ માની લીધું એ સમજી શકાતું નથી. ઈસુની પહેલી અથવા તો કેટલાકોના મતે બીજી સદીમાં સમ્રાટ્ હાલ–શાલિવાહન જેવા દક્ષિણાપથેશ્વરથી 'गाहासत्तसइ' ગ્રન્થમાં ઉલ્લેખ કરાયલા મહાદાની વિક્રમાદિત્યને આજથી ૨૦૦૪ વર્ષ પૂર્વે માનવામાં, "એનો સંવત હાલ ચાલી રહ્યો છે અને એના પછીના એકદમ નજીકના સમયનો એક મહારાજા એને પોતાના ગ્રન્થમાં શ્લેષાલંકારને સાધતાં સ્પષ્ટ રીતે ઉલ્લેખ કરી રહ્યો છે." આવા મજબૂત પુરાવા છે તેને છોડી દઇ, વિક્રમાદિત્યની ઉપાધિને અપનાવતા ગમે તે રાજાની સાથે એ જૂના વિક્રમસંવતને અસંગત રીતે લાગુ પાડી એના ખરા હકદારને એટલે બલમિત્ર (વિક્રમાદિત્ય)ને અંધારામાં ધકેલી દેવો, એ કેટલું બધું અનુચિત અને કૃતઘ્નપણું છે. અર્થાત્; જેના નામનો સંવત હાલ ચાલી રહ્યો છે, જેના નામની ઉપાધિ ધારણ કરવા ઘણા ય મોટા ભૂપાળો લલચાયા છે, પરદુઃખભંજન એ ઉજ્જયિનીનો સુપ્રસિદ્ધ અધિપતિ વિક્રમાદિત્ય ગર્દભિલ્લ વંશનો છે; પરંતુ ગુપ્તવંશીય નથી, અને તેથી તે ગુપ્તવંશીય ચન્દ્રગુપ્ત અથવા અન્ય કોઈ ગુપ્તવંશીય મહારાજા નથી.

જેમ આ વિક્રમાદિત્ય ગુપ્તવંશીય ચન્દ્રગુપ્ત (૨) આદિ નથી તેમ તે, નથી પંજાબ વિગેરે પ્રદેશોમાં રાજ્ય કરતો પાર્થિયન રાજાધિરાજ અઝીઝ કે નથી પુરુષપુર (પેશાવર)ની રાજધાનીવાળો મથુરા વિગેરે પ્રદેશોનો માલીક મહારાજા કનિષ્ક. અઝીઝનો હિન્દના પ્રદેશો પર રાજા તરીકે આવ્યાનો સમય વિક્રમાદિત્ય ગાદીએ આવ્યો તેનાથી ફક્ત એક વર્ષ પહેલાં, એટલે મ. નિ. ૪૬૯-ઈ. સ. પૂ. ૫૮ હોઈ વિક્રમ સંવતના શરૂઆતના સમયની બહુ જ નજદીક છે, એ વાત ખરી; પરંતુ અઝીઝ શકારિ તરીકે પ્રસિદ્ધ નથી, તેમ તેની રાજધાની બહુધા તક્ષશિલા હોઈ તે ઉજ્જયિનીનો અધિપતિ નથી. એવી જ રીતે કુશાનવંશીય કનિષ્ક પણ શકારિ અને ઉજ્જયિનીનો અધિપતિ નથી. વિરુદ્ધ; શકો તેના ક્ષત્રપો–સુબાઓ હતા, એમ કેટલાકો સ્પષ્ટ કહી રહ્યા છે. કુશાનવંશીય આ રાજાનો સમય ઈ. સ. ની બીજી સદીના પહેલા ચરણમાં-વિક્રમસંવતથી આશરે પોણા બસો વર્ષે કહેવામાં આવે છે. એના સંવતને અને વિક્રમસંવતને કાંઈ લાગતું વળગતું નથી.

અઝીઝ અને કનિષ્કની જેમ શુંગ મહારાજા અગ્નિમિત્ર પણ, કોઇ કલ્પના કરે છે તેમ, હાલ જેનો સંવત ચાલે છે તે વિક્રમાદિત્ય નથી. અગ્નિમિત્રે બેક્ટ્રિયનો સાથે યુદ્ધ કરી તેમને હરાવી પશ્ચિમ ભારતની અમુક હદ સુધી પાછા ધકેલ્યા છે; પરન્તુ એ બેક્ટ્રિયનો શક ન હોવાથી તે શકારિ કહેવાય નહિ. તેણે બેક્ટ્રિયન સરદાર ભૂમકને મધ્યમિકામાં હરાવ્યો હોય; પરંતુ તે પણ ક્ષહરાટ હોઈ, શક ન હોવાથી એ રીતે પણ અગ્નિમિત્રને આપણે શકારિ માની શકીએ નહિ. વળી આ અગ્નિમિત્ર ઉજ્જયિનીનો અધિપતિ બન્યો છે; પરંતુ તેણે ઉજ્જયિનીમાં રહી રાજ્ય કર્યું નથી. તેની રાજધાની પૂર્વ અવન્તિની વિદિશામાં હતી. ઉપરાંત, તેનો વિદ્યમાન સમય પણ વિક્રમસંવતના પ્રારંભથી ૯૦ કરતાંય વધારે વર્ષ પહેલાંનો છે. હવે આપણે, આજકાલ ચાલતા ૨૦૦૪ ના સંવતનો પ્રવર્તક કોઈ આન્ધ્રવંશીય રાજા—દ્વીપિ (મેઘસ્વામી સાતકર્ણિ) અથવા અરિષ્ટ (સાતકર્ણિ) કે હાલ (શાલિવાહન) વિગેરેમાંથી કોઈ રાજા હોઈ શકે કે કેમ, એનો વિચાર કરીએ. એ વિચાર કરવા માટે પ્રથમ આન્ધ્રવંશના રાજાઓની વંશાવલી અને તે રાજાઓમાંના પ્રત્યેકનાં રાજત્વકાલનાં વર્ષોની સંખ્યા જાણવી જોઈએ. ભિન્ન ભિન્ન રીતે અને બહુ સ્પષ્ટ ન સમજાય તેમ, તેમનાં નામ અને રાજત્વકાલ પુરાણોમાં નોંધાયો છે, તેમાંના મત્સ્ય-પુરાણમાંની નોંધને[૨૫૬] અને તે પરથી તથા અન્ય સાધનો પરથી સુધારેલી મારી પોતાની નોંધને

(૨૫૬) "काण्वायनं ततो भृत्यः, सुशर्माणं प्रसह्य तम् ।
शुंगानां चैव यच्छेषम्, क्षपित्वा तु बलीयसाम् ॥
शिशुकोऽध्रसजातीयः, प्राप्स्यतीमां वसुंधराम् ।
त्रयोविंशत् समा राजा, शिमुकस्तु भविष्यति ॥
कृष्णो भ्राता यवीयांस्तु, अष्टादश भविष्यति ।
श्रीशातकर्णिर्भविता, तस्य पुत्रस्तु वै दश ॥
पूर्णोत्संगस्ततो राजा, वर्षाण्यष्टादशैव तु ।
स्कं ध स्तं भि स्तथा राजा, वर्षाण्यष्टादशैव तु ॥

અહિં રજુ કરું છું, કે જેથી આન્ધ્રવંશના રાજાઓની સાથે સંબંધ ધરાવતી કેટલીક

पंचाशतं समा षट् च, शातकर्णिर्भविष्यति।
दश चाष्टौ च वर्षाणि, तस्य लंबोदरः सुतः॥
अपीलको दश द्वे च, तस्य पुत्रो भविष्यति।
दश चाष्टौ च वर्षाणि, मेघस्वातिर्भविष्यति॥
स्वातिश्च भविता राजा, समास्त्वष्टादशैव तु।
स्कंदस्वातिस्तथा राजा, सप्तैव तु भविष्यति॥
मृगेंद्रः स्वातिकर्णस्तु, भविष्यति समास्त्रयः।
कुंतलः स्वातिकर्णस्तु, भविताष्टौ समा नृपः॥
एकं संवत्सरं राजा, स्वातिकर्णो भविष्यति।
षट्त्रिंशदेव वर्षाणि, पुलोमाविर्भविष्यति॥
भविता रिष्टकर्णस्तु, वर्षाणां पंचविंशतिः।
ततः संवत्सरं पंच, हालो राजा भविष्यति॥
पंच मंतलको राजा भविष्यति समा नृपः।
पुरींद्रसेनो भविता, तस्मात्सौम्यो भविष्यति॥
सुंदरः शातकर्णिस्तु, अब्दमेकं भविष्यति।
चकोरः शातकर्णिस्तु, षण्मासान् वै भविष्यति॥
अष्टाविंशति वर्षाणि, शिवस्वातिर्भविष्यति।
राजा च गौतमीपुत्र, एकविंशत् ततो नृपः॥
अष्टाविंशत्सुतस्तस्य, पुलोमा वै भविष्यति।
एकोनत्रिंशतीं भाव्यः, शातकर्णिस्ततो नृपः॥
शिवश्रीर्वै पुलोमास्तु, सप्तैव भविता नृपः।
शिवस्कंधः शातकर्णिर्भविताव्यात्मजः समाः॥
नवविंशति वर्षाणि, यज्ञश्रीः शातकर्णिकः।
षडेव भविता तस्मात्, विजयस्तु समा नृपः॥
चंडश्रीः शातकर्णिस्तु, तस्य पुत्रः समा दश।
पुलोमाविः समा सप्त, अन्यस्तेषां भविष्यति॥
एकोनविंशतिर्ह्येते, आंध्राः मोक्ष्यंति वै महीम्।
तेषां वर्षशतानि स्युश्चत्वारि षष्टिरेव च॥"

મત્સ્યપુરાણનો આ ઉપરોક્ત પાઠ છે, તેની ભિન્ન ભિન્ન પ્રતિઓમાં પાઠાન્તર મળી આવે છે. વાયુ વિગેરે પુરાણોમાં રાજાઓના નામ અને રાજત્વકાલના વર્ષોમાં પણ ફેરફાર જોવામાં આવે છે. વળી સમુચ્ચય રાજાઓની સંખ્યા અને રાજત્વકાલમાં પણ ફેરફાર નોંધાયો છે. જેમકેઃ—

इत्येते वै नृपास्त्रिंशत्, आंध्रा भोक्ष्यंति ये महीम्। समा शतानि चत्वारि, पंच षड् वै तथैव च॥

અર્થાત્; મત્સ્યમાં ૧૯ (?) આન્ધ્રરાજાઓનો રાજત્વકાલ ૪૬૦ વર્ષ કહ્યો છે, ત્યારે બીજા પુરાણોમાં આ આન્ધ્રરાજાઓની સંખ્યા ૩૦ની હોય તેમનો રાજત્વકાલ ૪૫૬ વર્ષ કહ્યો છે.

ઘટનાઓનો સામયિક ખ્યાલ આવે અને તે પરથી કોઈ આન્ધ્રરાજા વિક્રમ સંવતનો પ્રવર્તક શકારિ વિક્રમાદિત્ય હોઈ શકે કે કેમ એ વિચારી શકાય.

## (નં. ૧) મત્સ્યપુ.માં આપેલી આન્ધ્ર રાજવંશાવલીમાંની નોંધ.

| નં. | રાજાનું નામ | રાજ્યકાલ | નં. | રાજાનું નામ | રાજ્યકાલ | નં. | રાજાનું નામ | રાજ્યકાલ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | શિશુક (સિમુક) | ૨૩ | ૧૨ | મૃગેન્દ્ર સ્વાતિકર્ણ | ૩ | ૨૨ | શિવસ્વાતિ | ૨૮ |
| ૨ | કૃષ્ણ | ૧૮ | ૧૩ | કુન્તલ સ્વાતિકર્ણ | ૮ | ૨૩ | ગૌતમીપુત્ર | ૨૧ |
| ૩ | શ્રી મલ્લકર્ણિ | ૧૦ | ૧૪ | સ્વાતિકર્ણ | ૧ | ૨૪ | પુલોમા | ૨૮ |
| ૪ | પૂર્ણોત્સંગ | ૧૮ | ૧૫ | પુલોમાવિ | ૩૬ | ૨૫ | શિવશ્રી | ૭ |
| ૫ | સ્કન્ધસ્તમ્ભિ | ૧૮ | ૧૬ | અરિષ્ટકર્ણ | ૨૫ | ૨૬ | શિવસ્કન્દ શાતકર્ણિ | ૭ |
| ૬ | શાતકર્ણિ | ૫૬ | ૧૭ | હાલ | ૫ | ૨૭ | યજ્ઞશ્રી સાતકર્ણિ | ૨૯ |
| ૭ | લમ્બોદર | ૧૮ | ૧૮ | મણ્ડલક | ૫ | ૨૮ | વિજય | ૬ |
| ૮ | અપીલક | ૧૨ | ૧૯ | પુરીન્દ્રસેન | ૫ | ૨૯ | ચણ્ડશ્રી સાતકર્ણિ | ૧૦ |
| ૯ | મેઘસ્વાતિ | ૧૮ | (૦) | (સૌમ્ય) | (૦) | ૩૦ | પુલોમા | ૭ |
| ૧૦ | સ્વાતિ | ૧૮ | ૨૦ | સુંદર સ્વાતિકર્ણ | ૧ | | | ૪૪૯ |
| ૧૧ | સ્કન્દસ્વાતિ | ૭ | ૨૧ | ચકોર સ્વાતિકર્ણ | ૦॥ | | | |

મત્સ્યપુરાણ આન્ધ્રરાજાઓની સંખ્યા ૧૯ ની, જો તે પાઠ અશુદ્ધ માનીએ તો, ૨૯ ની લખી તેમનો સમુચ્ચય રાજત્વકાલ ૪૬૦ વર્ષ જણાવે છે; પરંતુ ગણતરીએ રાજાઓની સંખ્યા ૩૦ની, જો 'સૌમ્ય'ને પણ ગણીએ તો, ૩૧ ની અને તેમનો રાજત્વકાલ ૪૪૯ વર્ષ થાય છે, એ કોઈ ગલતીનું જ પરિણામ છે. મત્સ્ય૦ સિવાયનાં બધાં પુરાણો આન્ધ્રરાજાઓની સંખ્યા ૩૦ જ લખે છે, પરંતુ તેની હસ્તપ્રતિઓમાં ૧૭, ૧૮, ૧૯, ૨૩ યાવત્ ૨૫ નામ જ લખાયલાં મળે છે. લાગે છે આ સંબંધમાં પુરાણો બહુ જ અનિશ્ચિત છે.

## (નં. ૨) મત્સ્યપુ. અને અન્ય સાધનો પરથી સુધારેલી આન્ધ્ર રાજવંશાવલીની મારી નોંધ.

| નં. | આન્ધ્ર રાજાઓ | કુલ વર્ષ | રાજ્યારંભ મ. નિ. | રાજ્યારંભ ઇ.સ.પૂ. | નં. | આન્ધ્ર રાજાઓ | કુલ વર્ષ | રાજ્યારંભ મ. નિ. | રાજ્યારંભ ઇ.સ. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | સિમુક (સાતવાહન) | ૨૩ | ૨૨૯ | ૨૩૮ | ૧૪ | ચકોર (સા૦ ક૦) | ૦॥ | ૫૪૪ | ૭૭ |
| ૨ | કૃષ્ણ | ૧૮ | ૨૫૨ | ૨૧૫ | ૧૫ | શિવ (સા૦ ક૦) | ૨૮ | ૫૪૫ | ૭૮ |
| ૩ | શ્રી મલ્લ (સાતકર્ણિ) | ૧૦ | ૨૭૦ | ૧૯૭ | ૧૬ | (ગૌ૦ પુ૦) યજ્ઞશ્રી (સા૦ ક૦) | ૨૧ | ૫૭૩ | ૧૦૬ |
| ૪ | પૂર્ણોત્સંગ | ૧૮ | ૨૮૦ | ૧૮૭ | ૧૭ | (વાશિષ્ઠીપુત્ર) ચત્રપણ (પુલોમાવી, સા૦ ક૦) | ૨૮ | ૫૯૪ | ૧૨૭ |
| ૫ | સ્કન્ધસ્તંમ્ભિ (સાતકર્ણિ) | ૫૬ | ૨૯૮ | ૧૬૯ | ૧૮ | શિવશ્રી (પુલોમા) | ૭ | ૬૨૨ | ૧૫૫ |
| ૬ | લંબોદર | ૧૮ | ૩૫૪ | ૧૧૩ | ૧૯ | શિવસ્કંદ (સા૦ ક૦) | ૭ | ૬૨૯ | ૧૬૨ |
| ૭ | અપીલક | ૧૨ | ૩૭૨ | ૯૫ | ૨૦ | (ગૌ૦ પુ૦) યજ્ઞશ્રી (સા૦ ક૦) | ૨૯ | ૬૩૬ | ૧૬૯ |
| ૮ | દ્વીપિ (સા૦ ક૦, પુલોમાવી) | ૩૬ | ૩૮૪ | ૮૩ | ૨૧ | વિજય | ૬ | ૬૬૫ | ૧૯૮ |
| ૯ | (ગૌતમીપુત્ર) અરિષ્ટ (સા. ક.) | ૨૫ | ૪૨૦ | ૪૭ | ૨૨ | ચંડશ્રી (સા૦ ક૦) | ૧૦ | ૬૭૧ | ૨૦૪ |
| ૧૦ | હાલ (શાલવાહન) | ૭૨ | ૪૪૫ | ૨૨ ઇ. સ. | ૨૩ | ... ... (પુલોમા) | ૭ | ૬૮૧ થી ૬૮૮ | ૨૧૪ થી ૨૨૧ |
| ૧૧ | મણ્ડલક-મંતલક | ૫ | ૫૧૭ | ૫૦ | | | | | |
| ૧૨ | પુરીન્દ્રસેન-પુરીકસેન | ૨૧ | ૫૨૨ | ૫૫ | | | ૪૫૯ | | |
| ૧૩ | સુંદર (સા૦ ક૦) | ૧ | ૫૪૩ | ૭૬ | | | | | |

ઉપરના (નં૦ ૨) કોષ્ટકમાં મેં નંબરવાર આન્ધ્રરાજાઓની અને તેમના રાજત્વકાલની તથા તેમના રાજ્યારંભના સમયની નોંધ આપી છે. આમાં રાજાઓનાં વિશેષ નામ આપી તેમની ઓળખને દર્શાવતાં ઉપનામ કે વિશેષણ કૌંસમાં મુકયાં છે. ફક્ત છેલ્લા રાજાનું વિશેષ નામ ન જણાયાથી તે આપી શકાયું નથી. મત્સ્ય૦માં રાજાઓની સંખ્યા ૩૦ ની છે તે મારી નોંધમાં ૨૩ ની થઈ છે. મત્સ્ય૦ ના નં૦ ૫ અને નં૦ ૬ એ રાજાઓને એક જ માની, નં૦ ૬ ના નામે ત્યાં ૫૬ વર્ષ રાજ્ય લખાયું છે તે મારી નોંધમાં નં૦ ૫ ના નામે ચઢાવ્યું છે. તેવી જ રીતે મત્સ્ય૦ના નં૦ ૯ થી નં૦ ૧૫

સુધીના રાજાઓને એક જ માની નં૦ ૧૫ ના નામે ત્યાં ૩૬ વર્ષ રાજ્ય લખાયું છે તે મારી નોંધમાં નં૦ ૮ ના નામે ચઢાવ્યું છે. મત્સ્ય૦ હાલના નામે ૫ વર્ષ લખે છે તે ઘણાં જ ઓછાં હોવાથી મારી નોંધમાં ૭૨ વર્ષ લખાયાં છે. આમ મત્સ્યની નોંધમાં કેટલોક સુધારો કરી મારી નોંધ લખાઈ છે, છતાં તે સંપૂર્ણ શુદ્ધ છે એમ તો ન જ કહેવાય. ખરેખર, એને સંપૂર્ણ શુદ્ધ બનાવવાનું કાર્ય અશક્ય જ છે. કારણ કે, આન્ધ્રરાજાઓની અને તેમના રાજત્વકાલની નોંધ લેનારાં પુરાણોમાંથી કોઈ પણ રીતે નિશ્ચિત યાદી તારવી શકાય તેમ નથી. કાંઈક વ્યવસ્થિત અને વિશ્વસનીય ગણાતા એવા મત્સ્ય૦ ને અથવા વાયુ૦ ને પણ આન્ધ્રરાજાઓમાંના કેટલાકોનાં વિશેષ નામનો સુદ્ધાં પત્તો લાગ્યો હોય એમ જણાતું નથી. કેમકે, તેમને કોઈ કોઈ રાજાને નોંધતાં વિશેષ નામને બદલે 'શાતકર્ણિ', 'પુલોમાવી,' 'ગૌતમીપુત્ર,' એવાં સાધારણ નામ નોંધીને જ સન્તોષ માનવો પડયો છે. સંભવ છે કે, તેમાં પાછળના લેખકોના હાથે થઈ ગયેલી અશુદ્ધિએ અને અપભ્રંશે પણ ભાગ ભજવ્યો હશે. તેવી જ રીતે પ્રાકૃતમાંથી સંસ્કૃત રૂપ ઘડતાં પણ કાંઇક વૈકલ્પિક ફેરફાર થયો હોય તો પણ ના નહિ. એ સર્વના પરિણામે જ પુરાણોમાં 'સાત' ના સ્થાને સ્વાતિ, 'કુન્તલરાજ'ના સ્થાને કુન્તલ અને કર્ણિના સ્થાને કર્ણ આવાં આવાં રૂપ જોવા મળે છે. બાકી, સાતવાહન અને સાતકર્ણિના સ્થાને એક દેશ તરીકે સાત અથવા વાહન અને સાત અથવા કર્ણિ લખી ઓળખ અપાય તે તો ઠીક જ છે. આટલું પ્રાસંગિક સૂચન કર્યા બાદ, હવે જો કે મારી સુધારેલી નોંધની વાસ્તવિકતા સાબીત કરવા અને આન્ધ્રવંશમાંનો કોઈ રાજા શકારિ, વિક્રમાદિત્ય, વિક્રમસંવતનો પ્રવર્તક અને ઉજ્જયિનીનો અધિપતિ છે કે નહિ એ સમજવા, આન્ધ્રરાજાઓનો કેટલોક ઇતિહાસ આપવાની આવશ્યકતા ઊભી થાય છે; પરંતુ એ ઈતિહાસ અવન્તિ પર આધિપત્ય ભોગવનારા આન્ધ્રવંશના આગળ પર કરવામાં આવનારા આલેખન પ્રસંગે આપીશ. અહિં તો ફક્ત તેમાંનાં કેટલાંક જરૂરીયાત પુરતાં જ સૂચન કરીશ, કે જેથી સમજ પડે કે, આન્ધ્રરાજાઓમાંનો કોઈ પણ રાજા આ આલેખાઈ રહેલો વિક્રમાદિત્ય નથી.

મારી નોંધના નં૦૧ થી નં૦૫ સુધીના આન્ધ્રરાજાઓના સમય દરમીયાન વિદેશી જાતિના શક આદિ લોકો લાટ સુધી પણ પશ્ચિમ ભારતના દક્ષિણમાં આગળ વધ્યા નથી, તેમ તે આન્ધ્રરાજાઓનું રાજ્ય પણ તાપીનદીના તીરથી ઉત્તરમાં હોય એમ જણાયું નથી, એટલે તેઓમાંનો કોઈ ઉજ્જયિનીપતિ શકારિ હોવાનો સંભવ જ નથી. (નં૦ ૬) લંબોદર શકોથી પરાજિત થયેલો અને મહારાષ્ટ્ર પણ ગુમાવી બેઠેલો હોવાથી તેમજ (નં૦ ૭) અપીલક એ પણ શકોની સામે કોઇ પ્રવૃત્તિ ન કરનાર હોવાથી શકારિ તરીકે નથી. તે બન્ને રાજાઓ બેન્નાકટકમાં જ રહી રાજ્ય કરનારા હતા. આ પછી (નં૦૮) દ્વીપિ (સા૦ક૦ પુલોમાવી) રાજા થયો. તેણે શકોની સામે લડવામાં ગર્દભિલ્લવંશીય વિક્રમાદિત્યને મદદ કરી હતી.

વળી તેણે પોતાના તાબાંના મુલકપર ચઢી આવનાર પ્રતિષ્ઠાનમાં રહી રાજ્ય કરતા શક રાજાને મારી નાખ્યો હતો અને પ્રતિષ્ઠાનના પ્રદેશને પાછો તાબામાં લીધો હતો. આવી રીતે શકોને જીતવાથી તે શકારિ કહેવાય, પરંતુ ઉજ્જયિનીના વિક્રમાદિત્યને મદદગાર અને દક્ષિણ ભારતમાં રાજ્ય કરતા તેને ઉજ્જયિનીપતિ વિક્રમાદિત્ય માની શકાય નહિ.

દ્વીપિ પછી (નં૦૯) અરિષ્ટ (ગૌતમીપુત્ર સાતકર્ણિ) આન્ધ્રરાજા થયો. શ્રીયુત. કે. પી. જાયસ્વાલજીએ આ રાજાને ઉજ્જયિનીનો શકારિ વિક્રમાદિત્ય ઠરાવવા ભારે આગ્રહ રાખી બહુ જ મંથન કર્યું છે. તેમણે પોતાનું મન્તવ્ય સિદ્ધ કરવા આન્ધ્રરાજવંશાવલીને ઉલટસુલટ ગોઠવી છે અને આ રાજાને નાશિકના લેખવાળી રાજમાતા ગૌતમી બાલશ્રીનો પુત્ર માન્યો છે. મને નથી લાગતું કે તેમનો એ પ્રયત્ન બરાબર હોય. આ રાજાએ નાશિક, પુના વિગેરે જિલ્લાઓના શકોને જીતી તાબે કર્યા હતા તેથી તે શકારિ છે, પરંતુ તેનું રાજ્ય દક્ષિણ ભારતની ઉત્તરમાં હતું જ નહિ. તેનું રાજનગર બેન્નાકટક હતું. તે ઉજ્જયિનીપતિ બન્યો જ નથી, તેમ તેની ઉપાધિ વિક્રમાદિત્ય હોય એવો કોઈ પુરાવો પણ નથી; અને તેથી તે કોઈ પણ રીતે ચાલુ વિક્રમસંવતનો પ્રવર્તક વિક્રમાદિત્ય નથી.

(નં૦ ૯) અરિષ્ટ (સા૦૪૦) પછી (નં૦ ૧૦) હાલ (શાલવાહન) આન્ધ્રરાજ્ય પર આવ્યો હતો. પહેલાં વિદેશી જાતિઓમાંના શકલોકો મહારાષ્ટ્રમાં સત્તાધીશ હતા. તેઓમાંના ઘણાખરાઓને દ્વીપિ અને અરિષ્ટે સત્તાવિહીન કર્યા હતા; પરંતુ તેઓ અને ક્ષહરાટો, હાલ રાજા પોતાની ગાદી બેન્નાકટકથી પ્રતિષ્ઠાનમાં લાવ્યો ત્યારે, ત્યાં પથરાયલા પડયા હતા. હાલ રાજાના શૂર અને વફાદાર મન્ત્રી શૂદ્રકે એ સર્વને દબાવી દીધા હતા. આ શૂદ્રકે અપરાન્તકને જીતી લઈ ત્યાંની પણ વિદેશી જાતિઓને તાબે કરી હતી. વળી તેણે વિક્રમાદિત્યના મૃત્યુ બાદ પાછળથી અવન્તિની સત્તાને નહિ ગાંઠતી લાટ વિગેરે દેશોની અને હજુ ઓછાવત્તા પ્રમાણમાં સત્તા પર રહેલી સૌરાષ્ટ્ર વિગેરે દેશોની શકાદિ વસાહત જાતિઓને તાબે કરી લીધી હતી. સિન્ધના શકોને પણ તેણે જીતી લીધા હતા. તેણે એક પાર્થિયન રાજાને પણ જીત્યો હતો કે જે મથુરાનો શાસક હોવા સંભવ છે. કારણ કે, મથુરા જીતવાની પોતાના સ્વામી હાલ રાજાની આજ્ઞા થતાં તેણે લશ્કરના બે વિભાગથી ચઢાઈ કરી એક જ સમયે દક્ષિણ મથુરા (મદુરા) અને ઉત્તર મથુરા પર વિજય મેળવ્યો હતો. વળી તેણે મુલતાનના પ્રદેશમાં કારૂર આગળ શકોને-કુશાનોને હરાવ્યા હતા. અર્થાત્; શૂદ્રકે પશ્ચિમ ભારતના અને મધ્ય ભારતની ઉત્તરના શક, પાર્થિયન, કુશાન, વિગેરે વસાહતી કે આક્રમક વિદેશીઓને જીત્યા હતા. એનો એ વિજય એના સ્વામી હાલ-શાલિવાહનનો જ ગણાય, અને એ વિજિત જાતિઓમાં મોટો ભાગ શકોનો હતો અથવા એ જાતિઓ ભારતવાસીઓથી બહુધા શકો તરીકે ઓળખાતી હતી તેથી એ વિજયને શકવિજય જ ગણાય. આમ હાલ રાજાને શકારિ કહી શકાય, પરંતુ તેના વિક્રમાદિત્ય હોવા વિષે નિશ્ચય નથી. કુન્તલરાજ પૈઠણપતિ આ હાલ સાતવાહન

માટે શિલાલેખ કે સાહિત્યમાં 'વિક્રમાદિત્ય' એવો શબ્દ વપરાયલો વાંચવા મળતો નથી. ફક્ત, બૃહત્કથાનાં સંસ્કૃત રૂપાન્તર કથામંજરી આદિમાં વિષમશીલ-હાલને વિક્રમાદિત્ય લખ્યો છે, તેને પ્રામાણિક માનીએ તો કહી શકાય કે હાલ એ વિક્રમાદિત્ય હતો. આવી રીતે હાલ રાજા શકારિ અને વિક્રમાદિત્ય હોય, પરંતુ તે કોઈ રીતે ઉજ્જયિનીપતિ નથી. કારણ કે, ઉજ્જયિનીના વિક્રમાદિત્યની વૃદ્ધાવસ્થામાં તેની સામે લડનાર તે પ્રતિષ્ઠાનપતિ હતો. તેણે કોઈ સંવત પ્રવર્તાવ્યો હોય એમ પણ જણાયું નથી, અને તેથી મારી ગણના પ્રમાણે વિ. સં. ૩૫ વર્ષે એન્નાકટકની ગાદી પર આવેલો આ હાલ રાજા ચાલુ વિક્રમસંવતનો પ્રવર્તક-વિક્રમાદિત્ય નથી.

હાલ રાજાની પછીના આન્ધ્રરાજાઓમાં વિદેશીજાતિઓને, ખાસ કરીને, ચષ્ટન કે જયદામા નામના શક રાજાને પરાસ્ત કરી વિજય મેળવનાર જો કોઇ હોય તો તે એક (નં૦૧૯) ગૌતમીપુત્ર યજ્ઞશ્રી સાતકર્ણિ છે, બૃહત્કથાનાં સંસ્કૃત રૂપાન્તરોમાં વિક્રમસિંહ કે વિક્રમસેમનો પુત્ર તથા વિક્રમાદિત્યના કાર્યનું અનુકરણ કરનાર, જે ત્રિવિક્રમસેન નામનો રાજા કહ્યો છે તે, સંભવ છે કે, ગૌતમી બાલશ્રીનો પુત્ર આ યજ્ઞશ્રી હોય. તેનું રાજનગર પ્રતિષ્ઠાન હતું, પરંતુ અવન્તિ-ઉજ્જયિની તેના તાબામાં હોઈ તે ઉજ્જયિનીપતિ પણ હતો. આમ આ રાજા શકારિ અને ઉજ્જયિનીનો પતિ તથા કદાચ, વિક્રમાદિત્યની ઉપાધિનો ધારક પણ હતો; પરંતુ તેનો સમય ચાલુ વિક્રમસંવતથી આશરે ૧૬૩ વર્ષ જેટલો પાછળ હોઈ,[૨૫૭] તે ચાલુ વિક્રમસંવતનો પ્રવર્તક આ આલેખાતો વિક્રમાદિત્ય નથી.

ઉપર જણાવ્યા પ્રમાણે, જેમ આન્ધ્રવંશનો કોઈ રાજા ચાલુ વિક્રમસંવતનો પ્રવર્તક વિક્રમાદિત્ય નથી તેમ હાલ-શાલવાહનનો ભૃત્ય, આન્ધ્રભૃત્યોનો પ્રથમ પુરુષ, વિદિશા

(૨૫૭) જેના પર અશોકનાં ચૌદ મુખ્ય શાસનો કોતરાવ્યાં હતાં તે જ ગિરનાર અને જૂનાગઢની વચ્ચે પડેલી શિલા પર શક રુદ્રદામાનો લેખ છે, એમાં લખાયું છે કે, મૌર્ય ચન્દ્રગુપ્તે સુદર્શન તળાવ બંધાવ્યું હતું અને અશોકે તેને નહેરો વગેરેથી શોભાવ્યું હતું. તેને એકવાર ફરીથી પુનરુદ્ધાર કરવાનો પ્રસંગ આવ્યો હતો. કેમકે, રુદ્રદામાના ૭૨મા વર્ષે એ તળાવનો બંધ તૂટી ગયો હતો—એ બંધમાં એક મોટું ગાબડું પડી તેમાંનું પાણી સર્વથા વહી ગયું હતું. રુદ્રદામાએ આનર્ત અને સૌરાષ્ટ્ર પર નીમેલા પોતાના સુબા મારફતે આ તળાવને બહુ જ વિસ્તૃત કરી સુંદર રીતે સમરાવ્યું, આ લેખમાં બંધ તૂટ્યાનો જે "**रुद्रदाम्नो वर्षे द्विसप्ततितम** [**प**] ૭૦ [+] ૨ **मार्गशीर्ष-बहुलप्रत** [**द्**]...૦" આવી રીતે ૭૨નો અંક લખી સમય દર્શાવ્યો છે તે અંક ઈ. સ. ૭૮માં શરૂ થયેલા શકસંવતનો માની સંશોધકો એ સમયને ઈ. સ. ૧૫૦ (વિ. સં. ૨૦૭)માં મુકે છે, અને વળી તેઓ કહે છે કે, એ સમય લેખ કોતરાવ્યાનો છે. રુદ્રદામાના એ લેખમાં લખાયલી બહોળી પ્રવૃત્તિઓનો વિચાર કરતાં અને તેના રાજ્યના ૫૨મા વર્ષમાં લખાયલા અંધાઉ (કચ્છ)ના લેખને જોતાં, લાગે છે કે, રુદ્રદામાનો રાજ્યારંભ એ લેખ લખાયા પૂર્વે આશરે ૨૫ વર્ષે થયો હશે અને તેના રાજ્યારંભથી પૂર્વે આશરે ૧૫ વર્ષે આન્ધ્રરાજા યજ્ઞશ્રીએ તેના પિતામહ ચષ્ટનને કે પિતા જયદામાને હરાવ્યો હશે. હવે જો યજ્ઞશ્રીએ રાજ્ય પર આવ્યા પછી ચારેક વર્ષે એ વિજય મેળવ્યો હોય તો તેના રાજ્યારંભનો સમય ઈ. સ. ૧૦૬-વિ. સં. ૧૬૩ જ આવે, કે જેનો મારી નોંધની સાથે પણ મેળ મળી જાય છે.

(વર્ધમાનપુરી અથવા શોભાવતી)નો રાજા શૂદ્રક, એ પણ ચાલુ વિક્રમસંવતનો પ્રવર્તક હોય એમ લાગતું નથી. શાલિવાહનના એ વિદ્વાન મન્ત્રી અને શૂરા સેનાપતિએ શુંગભૃત્યના છેલ્લા રાજા સુશર્માને મારી તેની રાજધાની આકરદેશની વિદિશાને હસ્તગત કરવા પૂર્વક તેના રાજ્યને જીતી લઈ પોતાના સ્વામી શાલિવાહનના ચરણે ધર્યું હતું. [૨૫૮] તેણે શાલિવાહનના હિતમાં બીજાં પણ કેટલાંક મહત્ત્વનાં કાર્યો કર્યાં હતાં. આ સર્વથી પ્રસન્ન થયેલા શાલિવાહને જ્યારે તેને અર્ધ રાજ્ય આપ્યું, ત્યારે વિદિશામાં રહી રાજ્ય કરતા અને વિદર્ભરાજ તરીકે ઓળખાતા એ શૂદ્રક રાજાએ, 'ગોંડોફેરીસ' નામના પાર્થિયન રાજાના રાજત્વકાલ [૨૫૯] પછીના સમયમાં ઉત્તરભારતમાંના પાર્થિયનોનો અથવા તે પ્રદેશોમાં આક્રમણ કરી મથુરાના રસ્તે આગળ વધવાની ઇચ્છા રાખનારા કુશાનોનો સામનો કરી, તેમને (કદાચ, મુલતાન આગળ) હરાવ્યા હતા [૨૬૦] અને કાશ્મીરને પણ જીતી લઈ ત્યાં તેણે પોતાનો મન્ત્રીગુપ્ત નામનો સુબો નીમ્યો હતો. મહારાષ્ટ્રમાં અને અન્યત્ર વસવાટ કરી રહેલા ઓછી વધતી સત્તા ભોગવતા તથા જોરતલબીથી વર્તતા શકો અને તેમની સાથે સેળભેળ થઇ ગયેલા વિદેશી અન્ય જાતિઓના વિજયમાં પણ આ શૂદ્રકે શાલવાહનના સેનાની તરીકે અથવા સ્વતન્ત્ર રીતે ભારે ભાગ ભજવ્યો છે. કવિ હરિષેણના કૃષ્ણચરિત્રમાં પણ તેને શકોનો જીતનાર કહેવામાં આવ્યો છે.[૨૬૧] આ સર્વ

---

(૨૫૮) મત્સ્યાદિ પુરાણોમાં કણ્વ સુશર્માને મારનાર વ્યક્તિ આન્ધ્રજાતીય સિમુક, શિશુક, સિધુક કે શિપ્રક નામથી ઓળખ વાય છે. અહિં આપેલી આન્ધ્ર વંશાવલીમાં તેને નં-૧ તરીકે મુકયો છે, પણ નાનાઘાટ વિગેરે લેખોના આધારે સાબીત થાય છે કે, સિમુકના રાજ્યની શરૂઆત અને કણ્વોના રાજ્યનો અંત એ બે વચ્ચે બસો વર્ષનું અંતર છે એટલે આન્ધ્રરાજા સિમુકે કણ્વરાજા સુશર્મનને માર્યો એ હકીકત બંધ બેસતી નથી પુરાણોને શૂદ્રકના બદલે સિમુક જેવું અનિશ્ચિત નામાન્તર કણ્વ સુશર્માના ઘાતકના માટે સમજાયું અને તે સિમુક આન્ધ્રવંશાવલીમાંના નં. ૧ વાળો છે એટલે આ આન્ધ્રજાતીય સિમુકે જ કણ્વવંશનો નાશ કર્યો એવી ભ્રાન્તિ થઈ. પરિણામે પુરાણોએ, આન્ધ્રવંશાવલીની શરૂઆતમાં "**काण्वायनं ततो भृत्यः, सुशर्माणं प्रसह्य तम्। शुंगानां चैव यच्छेषं, क्षपयित्वा बलं तदा॥ शिशुको (सिमुको) ध्रान्ध्रजातीयः, प्राप्स्यतीमां वसुंधराम्।**" એ રીતે લખવામાં આવ્યું. અહિં સુશર્માના મારનારને માટે '**भृत्यः**' અને **अंध्रजातीयः** એમ બે વિશેષણ વાપર્યાં છે તે શૂદ્રક આન્ધ્રરાજા શાલિવાહન (હાલ)નો ભૃત્ય હતો અને તે આન્ધ્ર હતો એવી પુરાણોની સ્મૃતિનું પરિણામ છે.

(૨૫૯) ગોંડોફેરીસ આશરે ઇ. સ. ૨૦ માં ગાદીએ આવ્યો હતો. તેનું મૃત્યુ ઈ. સ. ૪૮ ની લગભગ થયું હતું. એ પાર્થિયન રાજવંશી રાજા-હિન્દીરાજા હોઇ બહુ લાંબા વિસ્તાર પર તેનો અધિકાર હતો. તેના રાજત્વકાલનાં છેલ્લાં વર્ષોમાં હિન્દમાંની પાર્થિયન સત્તા નાબુદ થઈ જાય એવી રીતે કામ કરતો સમય હાલ ડોકીયાં કરી રહ્યો હતો.

(૨૬૦) આ સ્થલ તે વખતે 'કારૂર'ના નામે ઓળખાતું હતું.

(૨૬૧) **पुरन्दरबलो विप्रः, शूद्रकः शास्त्रशस्त्रवित्। वत्सरं स्वं शकान् जित्वा, पावर्तयत वैक्रमम्॥**

પરથી આપણે શૂદ્રકને જરૂર શકારિ કહી શકીએ. વળી આ શૂદ્રક વિક્રમ કે વિક્રમાદિત્ય તરીકે કહેવાતો હોય એમ સાહિત્યગત ઉલ્લેખોથી સીધું કે આડકતરી રીતે જાણવા મળે છે. શૂદ્રક એટલે વિક્રમ એમ અમરકોશમાં કહેવાયું છે. શ્રીશત્રુંજયતીર્થ ઉપરના ધાર્મિક કાર્યમાં શાલિવાહનની સાથે વિક્રમાદિત્યનું અસ્તિત્વ હોવા વિષે જૈન સાહિત્યમાં ઉલ્લેખ થયેલો છે. આ ઉલ્લેખાયલો વિક્રમાદિત્ય, કૃષ્ણચરિત્રના કથનાનુસાર, 'શકોને જીતી સંવત્સર ચલાવનાર, ઈન્દ્રના સરખો બલી, શાસ્ત્રશસ્ત્રવિદ્ વિપ્ર શૂદ્રક' જ હોવા સંભવ છે. આમ શૂદ્રકના માટે શકારિ, વિક્રમાદિત્ય અને સંવત્સરપ્રવર્તક, એ સર્વ ઘટી શકે છે; પરંતુ તે શ્રીકાલકાચાર્યે લાવેલા શકસાહિઓની સાથે લડનાર તરીકે શકારિ નથી, તેમ શાલિવાહનની સાથે રહી ઉજ્જયિનીના વિક્રમાદિત્ય (બલમિત્ર)ની સામે લડનાર તે નામથી વિક્રમાદિત્ય નહિ; પરંતુ વિક્રમશક્તિ હોઈ, પાછળના લેખકો ખરી રીતે કે ખોટી રીતે માને છે તેમ, કદાચ ઉપાધિથી વિક્રમાદિત્ય હશે. ધ્યાનમાં લેવા જેવી વાત છે કે, બૃહત્કથાના અનુવાદકોએ વિષમશીલ (હાલ-શાલવાહન)ને વિક્રમાદિત્ય લખ્યો છે જ્યારે તેના આ સેનાનીને તો વિક્રમશક્તિના નામે જ લખ્યો છે.[૨૬૨] આ શૂદ્રકે સંવત્સર પ્રવર્તાવ્યો હોય એ સંભવિત નથી, છતાં તેણે સંવત્સર પ્રવર્તાવ્યો હોય તો, તે સંવત્સરનું નામ 'વિક્રમ' રખાયું હોય, એ સંભવતું નથી. એણે અનુકરણ રૂપે વિક્રમાદિત્યની ઉપાધિ ધારણ કરેલી હોવાથી કૃષ્ણચરિત્રના લેખકે તેના સંવત્સરને કલ્પનામાત્રથી જ 'वैक्रमं' લખી દીધો હશે, એમ લાગે છે. બાકી, ખરી રીતે એ સંવત્સરનું નામ 'વિક્રમ' સિવાય કોઈ અન્ય જ રખાયલું હશે. આ સર્વ ચર્ચા પરથી એ સિદ્ધ થાય છે કે, આન્ધ્રભૃત્ય શૂદ્રક રાજા પણ કોઈ રીતે ચાલુ વિક્રમસંવતનો પ્રવર્તક અને પૃથ્વીને અનૃણ કરનાર વિક્રમાદિત્ય નથી.

ઉપર જણાવેલા કેટલાક મહાન રાજાઓ જેમ વિક્રમાદિત્ય નામના નથી તેમ ઈ. સ. ૫૨૪ થી ૫૩૦ ની વચગાળે હૂણો (મિહિરગુલ)ને હરાવનાર યશોધર્માને પણ ચાલુ વિક્રમસંવતનો ચલાવનાર વિક્રમાદિત્ય કહીએ તો તે પણ ઘટી શકે તેમ નથી. સંશોધકોને માલવાના એ રાજાની પુરતી ઓળખ જ થઈ નથી.[૨૬૩] તેણે વિક્રમાદિત્યની ઉપાધિ

---

(૨૬૨) જુવો, ક૦ સ૦ સા૦ અને બૃ૦ ક૦ મં૦ નો અનુક્રમે ૧૮ મો અને ૧૦ મો વિષમશીલ નામે લંબક.

(૨૬૩) આ યશોધર્મા વિક્રમની છઠ્ઠી સદીનો રાજા છે. અલ્બેરૂનીના લેખ પરથી જેઓ આ યશોધર્માને કારૂર મુકામે હૂણોના જીતનાર તરીકે લખી તેને વિક્રમ સંવતનો પ્રવર્તક માને છે તેઓને જવાબ આપતાં રા. બ. વૈદ્ય કહે છે કે, અલ્બેરૂનીના લેખનું પર્યાલોચન કરતાં સમજાય છે કે, કારૂરનું યુદ્ધ, હૂણો સાથેનું યુદ્ધ, કે જે ઇ. સ. ૫૪૪ માં થયું હતું, તેનાથી બહુ જ પહેલાં થયું હતું. વળી આ રાજા હૂણોની સાથે વિજય મેળવનાર હોવાથી હૂણારિ કહેવાય, નહિ કે શકારિ. પ્રાચીન ભારતવર્ષના લેખક આ રાજાને પરમારવંશનો લખી તેનો સમય ઇ. સ. ૫૩૪-૫૬૫ મુકે છે અને તેની ઉપાધિઓ વિક્રમાદિત્ય અને શિલાદિત્ય લખે છે. તેઓ કહે છે કે, એ પરમારવંશનો પહેલો પુરુષ છે.

મિત્રનું નામ જોડી તેને બલમિત્ર-ભાનુમિત્ર તરીકે લખ્યો છે, જ્યારે બીજા પાછળના બલમિત્રને બલમિત્ર તરીકે જ લખ્યો છે, કે જેથી તેઓને એક બીજાથી અલગ તરીકે ઓળખી શકાય. બીજા બલમિત્રને 'વિક્રમાદિત્ય' એવું અનર્થાન્તર નામ ધારણ કરવામાં પણ આ જ પ્રયોજન છે. હિમવંત થેરાવલી બલમિત્ર-ભાનુમિત્રને અશોકના પુત્ર તિષ્યગુપ્તના પુત્રો જણાવે છે એ સિવાય કોઈ પણ ગ્રન્થમાં આ બન્ને બલમિત્રોના વંશ કે પિતાનું નામ લખાયું હોય એમ લાગતું નથી. 'પ્રભાવકચરિત'કારે બીજા બલમિત્રના નામનો ત્રણ વાર ઉલ્લેખ કરતાં તેને શ્રીમાન્, ધીમાન્, યશસ્વી, કાલકાચાર્યનો ભાણેજ, ધનંજયનો પિતા, ભરૂચનો રાજા, આવી જ રીતે વર્ણવ્યો છે.

થોડા થોડા અંતરે થયેલા ઉપરોક્ત બે બલમિત્રોને અલગ અલગ સમજવા માટે, જૈનગ્રન્થકારોને જ્યાં જ્યાં તેમના નામનો ઉલ્લેખ કરવાનો પ્રસંગ આવ્યો ત્યાં ત્યાં તેમણે પ્રથમ બલમિત્રની સાથે તેના ભ્રાતા ભાનુમિત્રનું નામ જોડાયલું જ રાખ્યું અને જ્યારે તેમને બીજા બલમિત્રના નામનો ઉલ્લેખ કરવાની જરૂર પડી ત્યારે તેમણે તેના નામને ફક્ત 'બલમિત્ર' એવી જ રીતે આલેખવાની પરિપાટી રાખી, આમ છતાં ઠેઠ ચૂર્ણિકારોના સમયથી જ આ બે બલમિત્રોની ઓળખ સંબંધમાં ભ્રાન્તિ જાગતાં મતભેદ પડેલો જોવામાં આવે છે, બીજો બલમિત્ર શરૂઆતમાં ભરૂચનો શાસક રાજા હોઈ કાલકાચાર્યનો ભાણેજ હતો તેના બદલે, શરૂઆતથી જ ઉજ્જયિનીના અધિપતિ બલમિત્ર-ભાનુમિત્ર એ બે ભાઇઓ કાલકાચાર્યના ભાણેજ હતા એવી માન્યતા નિશીથચૂર્ણિકારના સમયમાં પણ હતી, કે જેનો ઉલ્લેખ એ ચૂર્ણિકારે પોતે જ કર્યો છે. ચૂર્ણિકારે એ માન્યતા કેટલાક આચાર્યોના નામે ચઢાવી તે તરફ પોતાની ઉપેક્ષાવૃત્તિ કે તટસ્થતા જ દાખવી છે. પોતાની માન્યતામાં તો તેમણે બલમિત્ર-ભાનુમિત્રને કાલકાચાર્યના ભાણેજ તરીકે નથી જ આલેખ્યા. ચૂર્ણિકારથી નિર્દેશ કરાયલા એ કેટલાક આચાર્યોએ બલમિત્ર-ભાનુમિત્રને ગર્દભિલ્લોચ્છેદક કાલકાચાર્યના ભાણેજ માનતાં, તેઓએ તેમને ભરૂચના રાજા ધનંજયના પિતા બલમિત્રના સ્થાને ગોઠવી દીધા, પરિણામે, બલમિત્ર-ભાનુમિત્રથી નિર્વાસિત કરાયલા શ્યામાચાર્યની નિર્વાસનની ઘટના ગર્દભિલ્લોચ્છેદક કાલકાચાર્યના નામે ચઢી ગઇ. શ્યામાચાર્યનું નિર્વાસન ઉજ્જયિનીથી થયાના બદલે ભરૂચથી થયાની માન્યતા પણ કાલકાચાર્યનો ભાણેજ બલમિત્ર હતો તેના બદલે તેમના ભાણેજ બલમિત્ર—ભાનુમિત્ર હતા, એ માન્યતામાંથી જ ઊભી થયેલી છે. બલમિત્ર-ભાનુમિત્ર અને બલમિત્ર એમની હયાતીનો સમય, જૈન સાહિત્યમાં એમના સંબંધમાં સૂચિત ઘટનાઓના સમયે તેમનું સ્થળ અને ભિન્ન ભિન્ન સમયે આચાર્ય તરીકે વિદ્યમાન બન્ને કાલકાચાર્યોની કેટલીક મહત્ત્વભરી વિશિષ્ટતા, આ સર્વ હોવા છતાં પણ કોણ જાણે શા કારણથી બલમિત્ર-ભાનુમિત્ર અને બલમિત્ર એ બન્નેમાં એકતાની માન્યતા ઊભી થઈ, કે જેથી એ સમયના ઈતિહાસમાં ભારે ગોટાળો થઈ ગયો છે.

જૈન કાલગણનાની 'जं रयणिं'૦ ઈત્યાદિ ગાથાઓ પ્રમાણે બલમિત્ર-ભાનુમિત્ર અને બલમિત્ર, એમની એકતા કોઇ પણ રીતે બંધ બેસતી થતી નથી. કોઈ પણ જાતના પાઠા-

મિત્રનું નામ જોડી તેને બલમિત્ર-ભાનુમિત્ર તરીકે લખ્યો છે, જ્યારે બીજા પાછળના બલમિત્રને બલમિત્ર તરીકે જ લખ્યો છે, કે જેથી તેઓને એક બીજાથી અલગ તરીકે ઓળખી શકાય. બીજા બલમિત્રને 'વિક્રમાદિત્ય' એવું અનર્થાન્તર નામ ધારણ કરવામાં પણ આ જ પ્રયોજન છે. હિમવંત થેરાવલી બલમિત્ર-ભાનુમિત્રને અશોકના પુત્ર તિષ્યગુપ્તના પુત્રો જણાવે છે એ સિવાય કોઈ પણ ગ્રન્થમાં આ બન્ને બલમિત્રોના વંશ કે પિતાનું નામ લખાયું હોય એમ લાગતું નથી. 'પ્રભાવકચરિત'કારે બીજા બલમિત્રના નામનો ત્રણ વાર ઉલ્લેખ કરતાં તેને શ્રીમાન્, ધીમાન્, યશસ્વી, કાલકાચાર્યનો ભાણેજ, ધનંજયનો પિતા, ભરૂચનો રાજા, આવી જ રીતે વર્ણવ્યો છે.

થોડા થોડા અંતરે થયેલા ઉપરોક્ત બે બલમિત્રોને અલગ અલગ સમજવા માટે, જૈનગ્રન્થકારોને જ્યાં જ્યાં તેમના નામનો ઉલ્લેખ કરવાનો પ્રસંગ આવ્યો ત્યાં ત્યાં તેમણે પ્રથમ બલમિત્રની સાથે તેના ભ્રાતા ભાનુમિત્રનું નામ જોડાયલું જ રાખ્યું અને જ્યારે તેમને બીજા બલમિત્રના નામનો ઉલ્લેખ કરવાની જરૂર પડી ત્યારે તેમણે તેના નામને ફક્ત 'બલમિત્ર' એવી જ રીતે આલેખવાની પરિપાટી રાખી, આમ છતાં ઠેઠ ચૂર્ણિકારોના સમયથી જ આ બે બલમિત્રોની ઓળખ સંબંધમાં ભ્રાન્તિ જાગતાં મતભેદ પડેલો જોવામાં આવે છે, બીજો બલમિત્ર શરૂઆતમાં ભરૂચનો શાસક રાજા હોઈ કાલકાચાર્યનો ભાણેજ હતો તેના બદલે, શરૂઆતથી જ ઉજ્જયિનીના અધિપતિ બલમિત્ર-ભાનુમિત્ર એ બે ભાઈઓ કાલકાચાર્યના ભાણેજ હતા એવી માન્યતા નિશીથચૂર્ણિકારના સમયમાં પણ હતી, કે જેનો ઉલ્લેખ એ ચૂર્ણિકારે પોતે જ કર્યો છે. ચૂર્ણિકારે એ માન્યતા કેટલાક આચાર્યોના નામે ચઢાવી તે તરફ પોતાની ઉપેક્ષાવૃત્તિ કે તટસ્થતા જ દાખવી છે. પોતાની માન્યતામાં તો તેમણે બલમિત્ર-ભાનુમિત્રને કાલકાચાર્યના ભાણેજ તરીકે નથી જ આલેખ્યા. ચૂર્ણિકારથી નિર્દેશ કરાયલા એ કેટલાક આચાર્યોએ બલમિત્ર-ભાનુમિત્રને ગર્દભિલ્લોચ્છેદક કાલકાચાર્યના ભાણેજ માનતાં, તેઓએ તેમને ભરૂચના રાજા ધનંજયના પિતા બલમિત્રના સ્થાને ગોઠવી દીધા, પરિણામે, બલમિત્ર-ભાનુમિત્રથી નિર્વાસિત કરાયલા શ્યામાચાર્યની નિર્વાસનની ઘટના ગર્દભિલ્લોચ્છેદક કાલકાચાર્યના નામે ચઢી ગઈ. શ્યામાચાર્યનું નિર્વાસન ઉજ્જયિનીથી થયાના બદલે ભરૂચથી થયાની માન્યતા પણ કાલકાચાર્યનો ભાણેજ બલમિત્ર હતો તેના બદલે તેમના ભાણેજ બલમિત્ર—ભાનુમિત્ર હતા, એ માન્યતામાંથી જ ઊભી થયેલી છે. બલમિત્ર-ભાનુમિત્ર અને બલમિત્ર એમની હયાતીનો સમય, જૈન સાહિત્યમાં એમના સંબંધમાં સૂચિત ઘટનાઓના સમયે તેમનું સ્થળ અને ભિન્ન ભિન્ન સમયે આચાર્ય તરીકે વિદ્યમાન બન્ને કાલકાચાર્યોની કેટલીક મહત્ત્વભરી વિશિષ્ટતા, આ સર્વ હોવા છતાં પણ કોણ જાણે શા કારણથી બલમિત્ર-ભાનુમિત્ર અને બલમિત્ર એ બન્નેમાં એકતાની માન્યતા ઊભી થઈ, કે જેથી એ સમયના ઈતિહાસમાં ભારે ગોટાળો થઈ ગયો છે.

જૈન કાલગણનાની 'जं रयणिं'૦ ઈત્યાદિ ગાથાઓ પ્રમાણે બલમિત્ર-ભાનુમિત્ર અને બલમિત્ર, એમની એકતા કોઈ પણ રીતે બંધ બેસતી થતી નથી. કોઈ પણ જાતના પાઠા-

ન્તરોના મતભેદ સિવાય મૂળ સ્થિતિમાં જ મળી આવતી એ ગાથાઓનો, જે ચાલુ સંપ્રદાય પ્રમાણે અર્થ કરવામાં આવે છે તે મુજબ, બલમિત્ર–ભાનુમિત્રનો સમય મ. નિ. ૩૫૩ થી ૪૧૩ સુધી છે અને ગર્દભિલ્લનો સમય મ. નિ. ૪૫૩ થી ૪૬૬ સુધી છે. આવી સ્થિતિમાં ગર્દભિલ્લના ઉચ્છેદક કાલકાચાર્યનું અસ્તિત્વ મ. નિ. ની પાંચમી સદીનાં વચલાં વર્ષોમાં હોઈ, તેઓ પોતાની સહાયમાં મ. નિ. ૩૫૩ થી ૪૧૩ સુધી વિદ્યમાન બલમિત્ર-ભાનુમિત્રને ન જ લઇ શકે, એ સ્પષ્ટ વાત છે. શ્રી મેરુતુંગાચાર્યે આ બલમિત્ર–ભાનુમિત્રને કાલકાચાર્ય (શ્યામાચાર્ય)ના નિર્વાસક માન્યા નથી. તેઓ શ્યામાચાર્યથી ભિન્ન અન્ય કોઈ કાલકાચાર્યનું નિર્વાસન માને છે અને નિર્વાસન કરનાર રાજાઓ મ. નિ. ની ચોથી સદીમાં વિદ્યમાન બલમિત્ર–ભાનુમિત્ર નહિ, પરંતુ તેથી ભિન્ન કોઈ અન્ય જ બલમિત્ર–ભાનુમિત્ર છે, એમ જણાવે છે. આમ તેઓ બીજા એક બલમિત્ર–ભાનુમિત્રના જોડકાનો નિર્દેશ કરે છે; પરંતુ એ નિર્દેશ કાલકકથા અને ભદ્રેશ્વરસૂરિની 'કહાવલી' જણાવે છે એ ગર્દભિલ્લો સ્થાપક શ્રી કાલકાચાર્યના સહાયક બલમિત્ર-ભાનુમિત્રના જોડકાના અંગે હોય એમ જણાતું નથી. કારણ કે, એમણે એ નિર્દેશ, મ. નિ. ની દશમી સદીના અંતે–મ. નિ. ૯૯૩ વર્ષે વાલભી યુગપ્રધાનપટ્ટાવલીમાંના યુગપ્રધાન કાલકાચાર્યનું નિર્વાસન માનતાં, તેમના નિર્વાસક તરીકે મનાતા તે સમયના જ કોઈ બલમિત્ર–ભાનુમિત્રના જોડકાના અંગે કર્યો છે. બાકી, ખરી રીતે કાલકકથામાં કે કહાવલીમાં બલમિત્ર-ભાનુમિત્રનું સંયુક્ત નામ લખાયલું છે તે સંયુક્ત નામના બે ભાઈઓ છે જ નહિ, પરંતુ તે બલમિત્ર નામનો ભરૂચનો રાજા છે કે જે ગર્દભિલ્લની પાછળ આવેલા શકોને દૂર કરી ઉજ્જયિનીનો અધિપતિ થયો હતો; અને શ્રીમેરુતુંગાચાર્ય કાલકાચાર્યના નિર્વાસનની વાત કરતાં જે અન્ય બલ-મિત્ર-ભાનુમિત્રનો નિર્દેશ કરે છે તે પણ વસ્તુતઃ મ. નિ. ની ચોથી સદીના બલમિત્ર—ભાનુમિત્ર સિવાય અન્ય કોઈ નથી; કારણ કે, મ. નિ. ૯૯૩ની આજુબાજુના સમયમાં ઉજ્જયિનીમાં કે ભરૂચમાં બલમિત્ર–ભાનુમિત્ર નામના રાજાઓ રાજ્ય કરતા હોય તેવો કોઈ પુરાવો નથી વિરુદ્ધ; નિર્વાસિત થયેલા કાલકાચાર્ય પર્યુષણાના સમયે દક્ષિણાપથના પ્રતિષ્ઠાનમાં આવી ગયા હતા ત્યારે ત્યાં આન્ધ્રવંશનો રાજા સાતવાહન (શાતકર્ણી ?) રાજ્ય કરતો હતો એમ જૈન સાહિત્યમાં કહેવાયું છે, તે આન્ધ્રવંશ મ. નિ. ૯૯૩ થી આશરે બસોં, સવા બસોં વર્ષ પહેલાં અહિ–પ્રતિષ્ઠાનમાં અસ્ત પામી ચુકયો હતો. આ સર્વ પરથી સમજાશે કે; સંયુક્ત નામથી ઓળખાતા બલમિત્ર-ભાનુમિત્ર બે ત્રણ નહિ; પરંતુ મ. નિ. ની ચોથી સદીમાં વિદ્યમાન એક જ છે, અને તેથી તેઓ તેમના રાજ્યાન્ત પછી ૫૬ કે ૫૭ વર્ષે ઉજ્જયિનીના સિંહાસન પર આવેલા ગર્દભિલ્લના પુત્ર બલમિત્ર અથવા વિક્રમાદિત્યની અને તેના સંવતપ્રવર્તનની ચર્ચાના વિષયની બહારના છે.

મ. નિ. ૧૫૪ કે ૧૫૫ વર્ષે મૌર્યવંશની શરૂઆત અને મ. નિ. ૪૧૦ વર્ષે વિક્રમ રાજ્યારંભ માનતા હિમવંત થેરાવલી વિગેરેના મતે બલમિત્ર–ભાનુમિત્રનો સમય મ. નિ. ૨૯૪ થી ૩૫૪ કે મ. નિ. ૨૯૩ થી ૩૫૩ આવે છે, એટલે એ મતની ગણતરીએ બલમિત્ર–

ભાનુમિત્ર, ગર્દભિલ્લથી કે તેના ઉત્થાપક કાલકાચાર્યથી કેટલાંક વર્ષ પહેલાં થઈ ગયા હોવાથી અને તેમના જેવા સંયુક્ત નામવાળો મ. નિ. ૪૧૦ સુધી બીજો કોઇ રાજા ન મનાયલો હોવાથી, તેમના રાજ્યાન્ત પછી ભરૂચ પર કે ઉજ્જયિની પર બલમિત્ર કે વિક્રમાદિત્ય તરીકે રાજ્ય પર આવ્યા હોવાની કલ્પનાના વિષય જ નથી. શ્રી ભદ્રેશ્વરસૂરિજીના મતે પણ, તેઓ મૌર્ય રાજ્યારંભ મ. નિ. ૧૫૫ વર્ષે માનતા હોવાથી અને કાલગણનાની ગાથાઓ પ્રમાણે મૌર્યોનાં ૧૦૮ વર્ષ તથા પુષ્યમિત્રોનાં ૩૦ વર્ષ પછી બલમિત્ર-ભાનુમિત્ર આવ્યા હોવાથી, બલમિત્ર ભાનુમિત્રનો રાજ્યારંભ મ. નિ. ૨૯૩ વર્ષે આવે છે. (જૈન કાલગણનાની ગાથાઓમાં મૌર્યકાલ ૧૦૮ વર્ષ કહ્યો છે તેને પાઠભેદથી કે અન્ય કોઈ રીતે ઓછો માનતા કેટલાકો તરફથી કહેવામાં આવે છે તેમ ઓછો માની, તેમાં ૫૨ વર્ષ કે ૬૦ વર્ષ વધારી ૧૬૦ વર્ષ કે ૧૬૮ વર્ષ ગણી ગણતરી કરીએ તો પણ બલમિત્ર-ભાનુમિત્રના રાજ્યારંભનો સમય મ. નિ. ૩૪૫ કે ૩૫૩ આવે; પરંતુ આ માન્યતાને કોઈ આધાર ન હોવાથી લેશ પણ વજુદ આપી શકાય તેમ નથી.) આમ છતાં એ ભદ્રેશ્વરસૂરિ પ્રાકૃત કહાવલીમાં લખે છે કે;–"સાહિ પ્રમુખ રાણાઓએ ઉજ્જયિની પર કાલકસૂરિના ભાણેજ બલમિત્રને અભિષિક્ત કર્યો અને ભાનુમિત્રને યુવરાજ તરીકે સ્થાપ્યો." અહિં પ્રશ્ન ઊઠે છે કે, કાલકાચાર્યના નિર્વાસન પ્રસંગમાં શ્રીમેરુતુંગાચાર્ય અન્ય બલમિત્ર—ભાનુમિત્ર થયા હોવાની વાત લખે છે તેમ ભદ્રેશ્વરસૂરિજી પણ મ. નિ. ૨૯૩ થી ૩૫૩ સુધી વિદ્યમાન બલમિત્ર-ભાનુમિત્રથી અન્ય કોઈ બલમિત્ર—ભાનુમિત્ર માને છે કે શું? શું ગર્દભિલ્લને બલમિત્ર અને ભાનુમિત્ર નામના બે પુત્રો હતા? આનો જવાબ મળતો નથી. મને તો લાગે છે કે, બલમિત્ર-ભાનુમિત્ર અને બલમિત્ર, એમને ભિન્ન ભિન્ન ન સમજવાની ભ્રાન્તિથી જ ઉપરોક્ત લખાણ થયું હશે. કેટલાકો કલ્પના કરે છે કે, બલમિત્ર-ભાનુમિત્રે બલ-વિક્રમ+ભાનુ-આદિત્ય=વિક્રમાદિત્ય નામ ધારણ કર્યું હતું; પરંતુ એક રાજા અને બીજો યુવરાજ, એમ બે મળી એવી રીતે જોડાયલું નામ શા કારણે ધારણ કરે એ એક ખાસ પ્રશ્ન છે. ખરી વાત તો એ જ છે કે, પૂર્વે થઈ ગયેલા બલમિત્ર-ભાનુમિત્રમાંના બલમિત્રની સાથે પોતાના નામનો ગોટાળો ન થાય તે માટે ગર્દભિલ્લના પુત્ર બલમિત્રે બલ-વિક્રમ+મિત્ર-આદિત્ય=વિક્રમાદિત્ય નામ ધારણ કર્યું હતું, કે જે સંબંધી હું પૂર્વે ખુલાસો કરી ગયો છું. એ ખુલાસાનો આધાર ફક્ત મારું અનુમાન જ છે. કારણ કે, ભારતના કોઈ પણ સાહિત્યગ્રંથમાં, સિક્કાઓ કે શિલાલેખોમાં અથવા તો કોઈ પણ દન્તકથાની નોંધમાં, મેં જણાવ્યું છે તેવી રીતે 'વિક્રમાદિત્ય' નામની ઉત્પત્તિનો ઉલ્લેખ મળતો નથી. "સૂર્ય સ્વપ્નથી સૂચવાયલો હોવાથી અને સૂર્યવારે સૂર્યોદયે જન્મ થયેલો હોવાથી ગર્દભિલ્લ રાજાએ પુત્રનું નામ 'વિક્રમાર્ક' પાડયું," એમ શ્રી શુભશીલગણિજી વિક્રમચરિત્રમાં લખે છે; પરંતુ સૂર્યના પર્યાય વાચક અર્ક અને આદિત્ય શબ્દો છે તેમ મિત્ર શબ્દ પણ છે તેથી શુભશીલગણિજીએ દર્શાવેલી રીતે, અર્કાન્ત કે આદિત્યાન્ત વિક્રમાર્ક કે વિક્રમાદિત્ય એવા નામની જેમ મિત્રાન્ત બલમિત્ર એવું નામ પાડયું હોવાની પણ કલ્પના કરી શકાય તેમ છે. સંભવ છે કે, સમયના પ્રવાહમાં બલમિત્ર નામ ડૂબી જતાં ચાલુ રહેલા વિક્રમાર્ક કે

વિક્રમાદિત્ય નામને લઈ ગણિજીને તેવું નામ પાડ્યું હોવાની કલ્પના કરવી પડી હોય; અને તેથી ગર્દભિલ્લના પુત્રનું જન્મ નામ બલમિત્ર હોઈ, પૂર્વે થયેલા બલમિત્ર નામની સાથે ભિન્નતા દર્શાવવા તેણે વિક્રમાદિત્ય નામ ધારણ કર્યું હતુ, એ મારા અનુમાનને ગણિજીના ઉલ્લેખથી વિરુદ્ધ અસર પહોંચતી નથી; સિવાય કે સંવત્સરપ્રવર્તક એ રાજાનું જન્મથી જ બલમિત્ર નહિ, પરંતુ વિક્રમાદિત્ય નામ રાખ્યું હતું, એવો બીજો કોઈ મજબૂત પ્રાચીન પુરાવો મળી આવે. આમ બલમિત્ર-ભાનુમિત્ર અને બલમિત્ર એ જુદા જુદા સમયે થયેલી ભિન્ન ભિન્ન વ્યક્તિ હોઈ કાલકાચાર્યથી રાજ્યભ્રષ્ટ કરાયલા ગર્દભિલ્લનો સંબંધ બલમિત્ર-ભાનુમિત્રની સાથે નહિ, પરંતુ બલમિત્રની સાથે જ ઘટી શકે છે, એનો અહિં કાંઇક વિચાર કરીએ.

કાંઈ પણ કારણ બતાવ્યા સિવાય જૈન સાહિત્યમાં કહેવાયું છે કેઃ—"બલમિત્ર ગર્દભિલ્લથી અપમાન પામેલો હતો." આ અપમાનનાં સંભવિત કારણ તરીકે, કાં તો ગર્દભિલ્લ રાજાએ બલમિત્રના કોઇ હક–અધિકારાદિને હાનિ પહોંચાડી હોય અને તેથી બલમિત્રે ગમે તે કોઇ રીતે તેનો સામનો કર્યો હોય અથવા તો બલમિત્ર ગર્દભિલ્લનો એવી રીતનો સંબંધી હોવો જોઈએ કે ગર્દભિલ્લની નીતિ–અનીતિ સાથે તેને નિસ્બત હોઇ તેણે ગર્દભિલ્લની અનીતિ સામે યોગ્ય પણ જબ્બર વિરોધ કર્યો હોય. આ બન્ને કારણોમાં એકે કારણ કાલગણનાની ગાથાઓના કથન મુજબ ગર્દભિલ્લની પૂર્વે ઉજ્જયિની પર રાજ્ય કરતા બલમિત્ર–ભાનુમિત્રમાંના બલમિત્રને માટે સંભવતું નથી, જ્યારે બીજા બલમિત્રના અપમાનમાં પહેલું કારણ અસંભવિત હોઈ પાછળનું કારણ જ સંભવિત હોય એમ લાગે છે. 'વિક્રમાદિત્ય ગન્ધર્વસેન (ગર્દભિલ્લ)નો પુત્ર હતો. તેનો જન્મ ખંભાત કે ભરૂચમાં થયો હતો. ઉજ્જયિની પર આવ્યા પહેલાં ગન્ધર્વસેન આનર્તમાં–આનંદપુરમાં રહેતો હતો અને ત્યાં રહી રાજ્ય કરતો હતો. ગન્ધર્વસેનના રાજ્યભ્રષ્ટ થયા બાદ વિક્રમાદિત્ય આન્ધ્રપ્રદેશમાં ચાલ્યો ગયો હતો." ગન્ધર્વસેન–ગર્દભિલ્લની સાથે વિક્રમાદિત્યનો સંબંધ જણાવતા આવા પ્રકારના અને બીજા પણ એના જેવા જ અનેક પ્રકારના ઉલ્લેખો આજે મળી આવે છે તે સર્વ ખોટા હોય એમ માનવાને કાંઈ કારણ નથી. ગર્દભિલ્લ અને બલમિત્ર (વિક્રમાદિત્ય) વચ્ચે નિકટનો પિતા અને પુત્ર તરીકેનો સંબંધ હોવાથી જ ગર્દભિલ્લે જ્યારે છેલ્લી હદની અનીતિ આદરી ત્યારે બલમિત્રે તેનો ભારે વિરોધ કરતાં તેને ગર્દભિલ્લથી અપમાનિત થવું પડ્યું. ગર્દભિલ્લની એ જૈનોથી જ નહિ; પરંતુ આખી આર્ય પ્રજાથી પણ તિરસ્કરણીય અસહ્ય અને અનહદ અનીતિનો ઉલ્લેખ કરતાં, જૈન ગ્રન્થો લખે છે કે, "ગર્દભિલ્લે સાધ્વીઓના મધ્યમાં નજરે પડેલી સરસ્વતી સાધ્વીને પકડાવી પોતાના અંતઃપુરમાં મેલી દીધી." કામાન્ધ માણસો ગમે તેવું અપકૃત્ય કરતાં અચકાતા નથી અને તેમાં પણ તેઓ જો રાજસત્તાથી મદોન્મત્ત હોય તો પછી કહેવું જ શું ! ગર્દભિલ્લનું આ અપકૃત્ય અસામાજિક, અનૈતિક અને અધાર્મિક હોઈ જનતામાં અપયશ આપનારું, રાજકારણમાં હાનિ પહોંચાડનારું તથા સંબંધીઓને નીચું જોવરાવનારું હતું, અને તેથી મહાનુભાવ બલમિત્ર પોતાના

પિતા ગર્દભિલ્લના એ અપકૃત્ય સામે વિરોધ ઉઠાવે એ સ્વાભાવિક છે. પરિણામે, તેને પિતા તરફથી અપમાન થયું હોય એ ઘટી શકે છે.

'પ્રભાવકચરિતકાર' કહે છે કેઃ—"શકસાહિઓ પાંચાલ અને લાટ દેશના રાજાઓને જીતી અવન્તિના સીમાડે પહોંચ્યા હતા." આનો અર્થ એવો પણ થાય કે, કાલકાચાર્યનો ભાણેજ બલમિત્ર કદાચ શક—સાહિઓની મદદે ન પણ ગયો હોય અને તટસ્થ જ રહ્યો હોય; પરંતુ જ્યારે તેણે ગર્દભિલ્લના રાજ્યભ્રષ્ટ કે મૃત્યુ થયા બાદ અવન્તિનું રાજ્ય શક-સાહિઓના હાથમાં જતું જાણ્યું, ત્યારે તેણે અવન્તિ પરનો પોતાનો વારસાહક મેળવવાની તૈયારી કરવા ખાતર, પહેલાં કહેવામાં આવ્યું છે તેમ, તે આન્ધ્રરાજાના પ્રદેશમાં ચાલ્યો ગયો હશે. પ્રભાવકચરિતકારના કથન પર વિશેષ આધાર ન રાખીએ અથવા તેમાં રહેલી અસ્પષ્ટતાને લઇ સંદિગ્ધ રહેતા હોઇએ, ત્યારે આપણે વધારે વજનદાર પ્રાચીન ગ્રન્થો શું કહે છે તે તરફ ધ્યાન આપવું જોઈએ. 'નિશીથચૂર્ણિ' વગેરે પ્રાચીન ગ્રન્થોમાં સ્પષ્ટ રીતે કહેવાયું છે કેઃ—"કાલકાચાર્ય ગર્દભિલ્લ સામેના યુદ્ધમાં શકસાહિઓની સાથે લાટના રાજાઓ અને અન્ય રાજાઓને લઈ ગયા હતા." ગેરવાજબી રીતે અપમાનિત થયેલો બલમિત્ર "गुरोरप्यवलिप्तस्य, कार्याकार्यमजानतः। उत्पथप्रतिपन्नस्य, न्याय्यं भवति शासनम्॥" એ ન્યાયે પોતાના પિતાની પણ સામે પોતાનું ક્ષત્રિયવટ દર્શાવે તો તે અનુચિત નથી. અને તેથી એવી શંકા કરવાનું કારણ નથી કે, ગર્દભિલ્લ સામે લડનારો લાટ રાજા બલમિત્ર તેનો પુત્ર નથી. નીતિ, ધર્મ અને આબરૂનો વિષમ પ્રશ્ન ખડો થાય ત્યારે સજ્જનોને લોહીના સંબંધ પર લક્ષ્ય આપવું પાલવતું નથી. અનીચ્છાએ પણ એવો સબંધ બાજુએ મુકવો પડે છે.

બલમિત્રે ગર્દભિલ્લનું ઉત્થાપન કે ઉચ્છેદ કરવામાં મદદ કરી; પરંતુ તે પછી જૈ૦ કા૦ ગ૦ પ્રમાણે ઉજ્જયિનીના તખ્ત પર ત્રણ ચાર વર્ષો સુધી શકસાહિ જ રાજ્ય પર રહ્યો છે તે પરથી સ્પષ્ટ સમજાય છે કે, ગર્દભિલ્લ પછી તરત જ ઉજ્જયિનીની ગાદી પર બલમિત્ર આવ્યો નથી. આમ છતાં 'પ્રાકૃત કથાવલી' કાર કોણ જાણે શા આધારથી લખે છે કે, "સાહિરાણાઓએ બલમિત્રને ઉજ્જયિનીના સિંહાસને અભિષિક્ત કર્યો." સંભવ છે કે, ગર્દભિલ્લનો ઉચ્છેદ થયા બાદ તરત જ બલમિત્રને ઉજ્જયિનીની ગાદી મળી હોય; પરંતુ બલવાન શકોએ અલ્પ બલવાળા સાધનહીન તેને ત્યાં સ્થિર થવા દીધો ન હોય; અને તેથી તેને આન્ધ્ર તરફ ચાલ્યો જતો અને લશ્કરી તૈયારી કરતો આપણે સાહિત્યમાં વાંચીએ છીએ. હું પહેલાં જણાવી ગયો છું કે, આન્ધ્ર તરફ ચાલ્યા ગયા બાદ ત્યાં પુરતી તૈયારી કર્યા પછી, તેણે આન્ધ્ર રાજા હ્રીપિ સાતકર્ણીની મદદ મેળવી શકોને હરાવ્યા અને ઉજ્જયિનીનું આધિપત્ય મેળવ્યું તથા આશરે ૫૬ કે ૫૭ વર્ષ પૂર્વે થઇ ગયેલા બલમિત્ર-ભાનુમિત્રમાંના બલમિત્રથી પોતાને ભિન્ન ઓળખાવવા પોતાનું નામ બલમિત્રના અનર્થાન્તર તરીકે વિક્રમાદિત્ય રાખ્યું. આ સર્વ પરથી સમજાશે કે, બલમિત્ર—ભાનુમિત્રથી ચાલુ વિક્રમાદિત્ય જુદી જ વ્યક્તિ હોઈ, બલમિત્ર-ભાનુમિત્ર શકારિ વિક્રમાદિત્ય નથી.

ઉપર કરેલા વિવેચન પરથી સિદ્ધ થાય છે કે, વિક્રમાદિત્યની ઉપાધિ ધારણ કરનારા ગુપ્તવંશીય ચન્દ્રગુપ્ત વિગેરે સમ્રાટો; તેમ જ અઝીઝ, કનિષ્ક, અગ્નિમિત્ર કે કોઈ આન્ધ્રરાજા; અથવા તો વિક્રમાદિત્ય ઉપાધિનો ધારક આન્ધ્રભૃત્ય શૂદ્રક, મૈત્રક યશોધર્મા કે સંપ્રતિ પછી તરત જ રાજ્ય પર આવેલા બલમિત્ર-ભાનુમિત્ર; તેઓમાંનો કોઈ પણ સમ્રાટ્ ચાલુ વિક્રમ સંવતનો પ્રવર્તક વિક્રમાદિત્ય નથી. ચાલુ વિક્રમ સંવતનો પ્રવર્તક વિક્રમાદિત્ય તે જ છે કે, જે ગર્દભિલ્લ (ગન્ધર્વસેન)નો પુત્ર હોઈ પહેલાં ભરૂચનો શાસક હતો અને પોતાના મામા કાલકાચાર્યે લાવેલા શકોનો, ઉજ્જયિનીના અધિપતિ પોતાના પિતા ગર્દભિલ્લને શિકસ્ત આપી સાધ્વીને મુક્ત કરાવવામાં સહાયક હતો તથા પાછળથી ઉજ્જયિનીમાં આધિપત્ય ભોગવતા શકોને ત્યાંથી દૂર કરી પોતે ત્યાંનો અધિપતિ થયો હતો. તે મૌર્ય તિષ્યગુપ્તના પુત્ર બલમિત્રના પૌત્ર ગર્દભિલ્લનો પુત્ર હોવાથી મૌર્ય હતો તેમ ગર્દભિલ્લવંશીય પણ હતો. પછી તો બહુશ્રુતો કહે તેજ સત્ય અને શ્રદ્ધેય હોઈ શકે.

જૈનેતર અને તેમને અનુસરતા કેટલાક જૈન લેખકો, ગર્દભિલ્લ (ગન્ધર્વસેન) પછી તેણે પુનર્લગ્નથી લાવેલી વિધવા બ્રાહ્મણપુત્રીની આંગળીએ આવેલા અથવા મતાન્તરે પરિણીત રાણીથી જન્મેલા ભતૃહરીને ઉજ્જયિનીના સિંહાસન પર લાવે છે. " આ ભતૃહરીએ બહુ જ ઉદારતાથી ધનનો વ્યય કરતા અને રાજ્યનો ખજાનો કરતા વિક્રમને ઠપકો આપતાં સ્વમાનશીલ તે ઉજ્જયિની છોડીને ચાલ્યો ગયો; પાછળથી પોતાની અત્યન્ત પ્રેમપાત્ર પટરાણીનું અનાચરણ ભતૃહરીએ જાણ્યું ત્યારે તેણે વિરક્ત થઈ રાજપાટ છોડી દીધું અને મન્ત્રીઓએ ઉજ્જયિનીની ખાલી પડેલી ગાદી પર અવનવા લાયક શખ્સો સ્થાપન કરવા માંડ્યા, અને તેઓ જ્યારે કોઈ 'વૈતાલ' જેવી દિવ્ય શક્તિથી મૃત્યુ પામ્યા ત્યારે એ હકીકતથી વિદિત વિક્રમ ઉજ્જયિની પાછો ફર્યો. એણે ઉજ્જયિનીનું સિંહાસન સંભાળી લીધું અને સત્ત્વ તથા બુદ્ધિબળથી વૈતાલને વશ કરી આજ્ઞાંકિત બનાવ્યો." ભતૃહરી પછી વિક્રમાદિત્ય ગાદી પર આવ્યો તે સંબંધમાં ઉપરોક્ત લેખકો આવી રીતે લખી રહ્યા છે; પરંતુ એ સર્વ સત્ય છે કે દન્તકથાઓથી ભેળસેળ થઈ અર્ધસત્ય છે અથવા તો કોઈનું કોઈ જગાએ ગોઠવાયલું હોઈ પાયા વિનાનું છે, એનો નિર્ણય કરવો મુશ્કેલ છે. આમ છતાં સત્ત્વશીલ એ રાજાને 'વૈતાલ' જેવી દિવ્ય શક્તિની સહાય હતી એ વાત તો નક્કી જ છે.

વિક્રમની વાર્તાના લેખકો લખે છે કે, બલિપૂજાથી સંતર્પિત વૈતાલે વિક્રમાદિત્યનું આયુષ્ય ૧૦૦ વર્ષ કહ્યું હતું. દિવ્ય વચન કે ચમત્કારો પર વિશ્વાસ નહિ રાખનારાઓ કદાચ એ પર આધાર ન રાખે, પરંતુ ગણતરીએ પણ એ દિવ્યકથન સત્ય જ લાગે છે. જ્યારે ગર્દભિલ્લ આણંદપુરમાં રાજ્ય કરતો હતો ત્યારે તેણે આશરે ૧૮ વર્ષની વયના વિક્રમાદિત્યને ભરૂચ પર શાસન કરવા નીમ્યો હશે. આ પછી ગર્દભિલ્લ પાંચેક વર્ષ આનર્તમાં અને તે પછી ૧૩ વર્ષ ઉજ્જયિનીમાં રાજ્ય કરતો હતો ત્યારે એટલે અઢારેક વર્ષ વિક્રમાદિત્ય ભરૂચ પર શાસક તરીકે રહ્યો. ત્યાર બાદ ત્રણ વર્ષ એ આન્ધ્રાદિ પ્રદેશોમાં યુદ્ધની

તૈયારી કરતો રહ્યો અને પછી અવંતિને જીતી લઈ ત્યાં તેણે ૬૦ વર્ષ રાજ્ય કર્યું. આમ ૧૮+૫+૧૩+૩+૬૦=૯૯ વર્ષ થયાં. જો શકોનો અમલ ૩ ના બદલે ૪ વર્ષ ગણીએ તો ૧૦૦ વર્ષ થાય. બરાબર ૧૦૦ વર્ષના ચિરંજીવી વિક્રમાદિત્યે શકોના હાથમાં જતા રહેલા અવન્તિદેશ પર વિજય મેળવ્યો ત્યારે તે ૪૦ વર્ષની વયનો હતો. તે એક મહાભાગ્યશાલી બત્રીશ લક્ષણો પુરુષ હતો. ભરૂચના રાજકર્તા તરીકે તેની કારકિર્દી ઘણી જ સુન્દર અને શ્લાઘ્ય હતી. તે પછીના દેશાટન દરમિયાન તેણે વિવિધ અનુકૂલતાઓ અને પ્રતિકૂલતાઓ ભોગવતાં બહુ બહુ અનુભવ મેળવ્યા હતા. આવા ઘડતરના પરિણામે તેનામાં રહેલી સ્વભાવસિદ્ધ શ્રેષ્ઠતા સંપૂર્ણતયા ખીલી ઊઠી હતી. હતો તે એક મોટો સત્તાધીશ; પરંતુ ન હતી તેનામાં રાજસત્તાની લેશ પણ લાલસા, પોતાનો પરંપરાગત વારસાહક મેળવ્યા બાદ તેણે ગર્દભિલ્લના સમયમાં જેટલો રાજ્ય વિસ્તાર હતો ત્યાં પોતાનું પ્રભુત્વ બરાબર સ્થાપી દીધું, અને પછી આર્યરીતિએ રાજ્યનું પાલન કરવામાં જ ઈતિકર્તવ્યતા માનતો તે તેમાં જ લક્ષ્ય આપવા લાગ્યો, નહિ કે લોહીથી ખરડાયલી અધિકાધિક ભૂમિનો વિજય પૂર્વક કબજો કરી રાજ્યનો વિસ્તાર વધારવામાં અને જીતાયલી પ્રજાને જૂલમથી તાબેદાર રાખવામાં. મહાનુભાવ એ રાજાએ પોતાના બલ પરાક્રમનો ઉપયોગ કોઈનું દમન કે વિનાશ નોતરવામાં ન કરતાં, કેવળ જગતમાં સુખ-શાન્તિ વધારવામાં જ કર્યો હતો. એનો રાજ અમલ પ્રતાપી હતો પણ તે પ્રજાનું સર્વ રીતે રક્ષણ કરવા પુરતો જ, નહિ કે પ્રજા પર ધાક બેસાડી તેનું માનસ મુંજાવવા માટે. આ રાજા શકારિ કહેવાયો છે તો પણ શકો પ્રતિ તેની અરિતા-શત્રુતા પોતાને થયેલા પોતાના રાજ્યહક વિષેના અન્યાયને દૂર કરવા પુરતી જ હતી, નહિ કે શકોના ઉપર જૂલમ વર્તાવી તેઓનું સર્વસ્વ નાશ કરીને વૈરની વસુલાત ઉઘરાવવા માટે. ગૃહસ્થને છાજે તેવી મનુષ્યત્વની ઉચ્ચ કક્ષામાં રહેલા એ રાજવીની અંદર કોઈનું સર્વસ્વ નાશ કરવા જેટલી પાશવવૃત્તિ હોય એ સંભવિત જ નથી. વ્યર્થ વૈરવૃત્તિ નહિ રાખનારા એ રાજાએ જૈન સંસ્કૃતિથી સંસ્કૃત થયેલા શક કે ક્ષહરાટ જાતિના લોકોને પણ પોતાના ઉમદા વર્તનથી શાન્ત અને અનુકૂલ કરી લીધા હોય એ બનવા જોગ છે. ભારતની આર્ય ક્ષત્રિય જાતિના લોકો સ્વેચ્છાપૂર્વક તેના રાજ્યને અને રાજત્વને વધાવી રહ્યા હતા. આન્ધ્રરાજાની સાથે બંધાયલી તેની મિત્રતાની ગાંઠ ઘણી જ મજબૂત હતી અને પાછળથી તે આન્ધ્રનૃપતિનો જામાતા બનતાં તેની સાથેનો તેનો સહકાર-સંબંધ પૂર્વના કરતાં ઘણો જ વધી પડયો હતો. યુદ્ધ કે ઉપદ્રવ વિનાનું જીવન જીવવાની ઈચ્છાવાળો મહાપરાક્રમી આ વિક્રમાદિત્ય રાજા અન્ય કોઈ પણ રાજ્યની સાથે અથડામણમાં આવવા રાજી ન હતો. સૌની સાથે સમાધાનથી વર્તવાની વૃત્તિવાળા એને એવો પ્રસંગ જ આવ્યો નથી, એમ તેના વિષે લખાયલાં સાધન પરથી લાગે છે, સિવાય કે, તે તેના જીવનનાં છેલ્લાં વર્ષોમાં અને મૃત્યુની લગભગ આન્ધ્રરાજા સાતવાહન (હાલ-શાલિવાહન) ની સાથે અથડામણમાં આવ્યો હતો અને ભરૂચમાં લડયો હતો.

મહારાજા વિક્રમાદિત્ય પોતે પરિશ્રમી જીવને જીવતો હતો. તેનું સદ્‌ગૃહસ્થ તરીકે અંગત જીવન ઘણું જ સુંદર અને પ્રશંસનીય હતું. તે વિલાસી કે ઐશઆરામી ન હતો.

પ્રજાના કલ્યાણુના માટે આખી રાતના સતત ઉજાગરા વેઠવામાં પણ આનંદ માનતો તે અંધેર પછેડો ઓઢી નગર ચર્ચા નિહાળવા નીકળી પડતો અને શ્મશાનાદિ શૂન્ય સ્થળોમાં રખડતો તથા જુગારખાનાં વિગેરે અનીતિનાં પોષક સ્થાનોમાં પણ ટેલ મારી આવતો. વખતે વેશપલટો કરીને જ્યાં ત્યાં ભળી જઈ પ્રજાને ન્યાય આપવાની ખાતર સત્ય હકીકત મેળવવા પણ તે પુષ્કળ મથતો. પરિણામે, તેના રાજ્યમાંથી ચૌરી, વ્યભિચાર, જુગાર વિગેરે અનીતિ પ્રાયઃ ઊખડી જવા પામી હતી. તેનામાં રહેલા અપૂર્વ સત્વના બળે અગ્નિવૈતાલ વિગેરેની દિવ્ય શક્તિઓ પણ તેને સતત મદદ કરી રહી હતી. આ શક્તિઓનો ઉપયોગ બહુધા તે પરોપકારાર્થે જ કરતો. તે ગમે તેના આર્તસ્વરને સાંભળી તેના દુઃખને દૂર કરવા નિર્ભયપણે તરત જ ત્યાં દોડી જતો. એ એને એક વ્યસન જ હતું. આ વખતે તે ન'તો ગણતો મધરાત, જંગલ, શ્મશાન કે પોતાની એકાકિતા, અને એવા દયાર્દ્ર અન્તઃકરણના પુણ્યબળે જ તેની તરફ 'સિદ્ધ પુરુષ'–સોનાના અખૂટ ખજાના રૂપ પુરુષ ઘસડાઇને આવ્યો હતો. એને પોતાને એનો ખપ ન હતો. પ્રજાનાં દુઃખો કાપવામાં જ તે તેનો ઉપયોગ કરવા ઈચ્છતો હતો. આ અખૂટ સોનાથી અને પુણ્યબળે પ્રાપ્ત અનેક નિધાનોથી એણે પ્રજાના હિતનાં કાર્યો કરવામાં નિરવધિ કરી; પૃથ્વીને અનૃણ (કરજ વગરની) કરી; દીન, અનાથ, વિગેરેનો ઉદ્ધાર કર્યો. "એ અનૃણતાનું કાર્ય કરવા માટે તેણે પોતાના મંત્રીઓને દેશોદેશ મોકલ્યા હતા. એમાંનો એક લિંબા નામનો પ્રધાન વાયડ (ઉ. ગુ.) નગરમાં ગયો હતો. એ લિંબાએ વિક્રમના રાજ્યના સાતમા વર્ષમાં એટલે મ. નિ. ૪૧૭ ઈ. સ. પૂ. ૫૦ માં ત્યાંના જીર્ણશીર્ણ શ્રી મહાવીર સ્વામીના ચૈત્ય ( દેરાસર )નો ઉદ્ધાર કરાવી તેના ધ્વજદંડની પ્રતિષ્ઠા જૈનાચાર્ય શ્રી જીવદેવસૂરિના હાથે કરાવી."[૨૬૪] 'પ્રભાવકચરિત'કારનું આ કથન વિક્રમાદિત્યની અનૃણાદિ પ્રવૃત્તિનો એક પુરાવો હોઇ તેને સમર્થન કરનારા ઉલ્લેખો સાહિત્યમાં ઘણા ય મળી આવે છે. આની વિરુદ્ધમાં જનારી કોઈ હકીકત કે પુરાવો ક્યાં ય નોંધાયલો મળી આવતો નથી તેથી તેને ન માનવાનું કે તેના પર શંકા લાવવાનું કાંઈ કારણ નથી. પ્રજાને કરજ વગરની કરવા સાથે તેણે દેશમાં વિદ્યા અને સૌન્દર્ય વિકસાવવા પણ દ્રવ્યવ્યય પૂર્વકના બહુ બહુ પ્રયત્નો કર્યા હતા. તેણે ધનપ્રાપ્તિ અને સત્તાપ્રાપ્તિનું ધ્યેય પરમાર્થ જ બનાવ્યું હતું. તે સર્વ જાતિની પોતાની પ્રજાને ખૂબ ખૂબ ચહાતો હતો, તેની પ્રજાવત્સલતા અપાર હતી. પ્રજા પણ તેને કૃતજ્ઞપણાથી તેના કરતાં ય વિશેષ ચહાતી હતી. તે તેની છત્રછાયા નીચે પોતાને સર્વથા નિર્ભય માનતી હતી.

---

(૨૬૪) પ્રભાવકચરિતમાંના જીવદેવસૂરિના ચરિતમાં કેટલીક હકીકતો એવી લખાયલી છે કે, એ આચાર્ય વિક્રમાદિત્યના સમકાલીન ન હોય એમ સમજાય છે, જ્યારે ઋણવિમોચન વિષે જણાવેલી હકીકત કહી રહી છે કે એ આચાર્ય વિક્રમાદિત્યના સમકાલીન હતા. આનો અર્થ એ જ થઈ શકે છે કે, જીવદેવસૂરિ નામના બે આચાર્ય હોઈ તે બન્નેની હકીકત એક જ વ્યક્તિના નામે સેળભેળ થઈ ગઈ છે, કે જેવી રીતે નિગોદવ્યાખ્યાતા કાલક અને ગર્દભિલ્લોચ્છેદક કાલકના માટે બન્યું છે. આ વિષયની સ્પષ્ટતા મેં અમુકાંશે મૂળ લેખમાં પણ આગળ જતાં કરી છે.

તેના રાજ્યનાં તેર વર્ષ વીત્યાં એટલા અરસામાં તો તે દૈવાંશી પુરુષ અને પ્રજાના પ્રાણુરૂપ ગણુાવા લાગ્યો હતો; અને તેથી જ પ્રજાએ તેના રાજ્યારંભથો તેના નામ સાથેની વર્ષગણુના એટલે સંવત પ્રવર્તમાન કરી દીધો. અર્થાત્; આ સમયે વિક્રમાદિત્યના ઉપકાર નીચે આવેલી પ્રજા તરફથી, કાલગણુનાપદ્ધતિઓમાંની એક સુપ્રસિદ્ધ અને ચિરસ્થાયી કાલગણુનાપદ્ધતિ શરૂ કરાઈ કે જે આજે 'વિક્રમ સંવત' તરીકે અને '૨૦૦૪'ના અંકથી લખાય છે અને અંકાય છે.

શ્રી મહાવીરનિર્વાણુથી ગણુાતી કાલગણુનાપદ્ધતિ કરતાં વિક્રમના નામે શરૂ થયેલી કાલગણુનાપદ્ધતિનું ક્ષેત્ર વધારે વિશાલ બનતાં ઝાઝો સમય લાગ્યો નહિ. પ્રજાના સામાજિક જીવનના બધા ય વ્યવહારોમાં તેને શીઘ્રતાથી સ્થાન મળ્યું, જ્યારે આ સમય દરમિયાન મ. નિ. થી ગણુાતી કાલગણુનાપદ્ધતિનો આદર કેવળ સાંપ્રદાયિક ધર્મક્ષેત્રમાં જ થતો હતો. અન્યાન્ય સંવત્સરોના પ્રવર્તકોએ, ભલેને, વિક્રમના નામથી શરૂ થયેલા સંવત પર આચ્છાદન નાખવા કે તેને સાવ ભૂંસી નાખવા પ્રયત્ન કર્યો હોય; પરંતુ છેવટે તો તે અમર જ રહ્યો છે, એટલું જ નહિ, બલ્કે એવા થયેલા પ્રયત્ને જ એ મહારાજાના મહાન વ્યક્તિત્વની અનુપમતા પર પોતાની મહોર છાપ મારી છે.

ઉપર વર્ણવેલા વિક્રમાદિત્યના આવા વ્યક્તિત્વને દર્શાવવા સંખ્યાબંધ ઉદાર દિલના લેખકોએ પોતાની લેખિની ચલાવી છે, જેમાંનો એક મોટો ભાગ જૈન લેખકોનો છે. વિક્રમાદિત્ય વિષે લખાયલી હકીકતોમાં કંઈક મતાન્તર પણુ જોવામાં આવે છે અને આજકાલની ઐતિહાસિક દૃષ્ટિએ તેમાં ક્વચિત્ અસંગતતા પણુ દર્શાવવામાં આવે છે, છતાં તેમાંથી તારવણી કરતાં સામાન્ય રીતે સમજાય છે કેઃ—

રાજા વિક્રમ બીજાનાં દુઃખોને ભાગવામાં વીર હોવાથી તે પરદુઃખભંજક વીર વિક્રમ તરીકે ઓળખાતો હતો. તે બીજાનાં દુઃખો ભાગવામાં નિર્ભયતાથી પોતાની જાતને સમર્પવા સદા તત્પર રહેતો. પોતાની પ્રજાને ન્યાય આપવામાં તે ભારે ચીવટ રાખતો. ગમે તેવા પ્રસંગોમાં પણુ તે સમતોલપણું સાચવી રાખતો. ન્યાય મેળવવા સૌ કોઈ તેની મુલાકાત ગમે ત્યારે સુખેથી લઈ શકતાં હતાં. તે વિશ્વાસપાત્ર સંયમી હોવાથી કોઈપણુ—સ્ત્રી સુદ્ધાં તેની પાસે જવામાં સંકોચ ન અનુભવતાં. ઉજ્જયિનીના તખ્તે આવ્યો તે પૂર્વે—ભરૂચમાં શાસન કરતો હતો ત્યારે શરૂઆતમાં, આ બલમિત્ર નામથી પ્રસિદ્ધ રાજા બહુધા બૌદ્ધભક્ત હોઈ પાછળથી આર્યખપુટાદિ જૈનાચાર્યોના અને જૈનધર્મના ઉમદા સિદ્ધાન્તોના પરિચયમાં આવ્યો હતો; પરંતુ તેના ઉજ્જયિનીની ગાદી પર આવ્યા પછી વૈદિક-શૈવસંપ્રદાય તરફ પણુ તેની ભારે સહાનુભૂતિ હોય, એમ આપણુને જાણુવા મળે છે. પ્રજાના પ્રાણુરૂપ એવા તે રાજાની આવી નીતિ રીતિ તેના ઉદાર મહાનુભાવ માનસને આભારી હતી. આવા માનસને લઈ તે, 'મહાકાલ' નામનું જૈનચૈત્ય કે જેને કેટલાક સમયથી જિ૰ મૂર્તિના ઉપર શિવલિંગ સ્થાપન કરવા પૂર્વક શિવાલય તરીકે પરિવર્તિત કર-

વામાં આવ્યું હતું, તેની અંદરના શિવલિંગનું થઈ રહેલું અપમાન સહન કરી શકયો નહિ; પરંતુ અવધૂત વેશમાં રહેલા એ અપમાન કરનાર શ્રી સિદ્ધસેન દિવાકરના આત્મબળથી આકર્ષાઈ તેમની પાસે આવતાં, જ્યારે અંદરનો ભેદ ફૂટી જઈ તેને સમજાયું કે, 'મહાકાલનું ચૈત્ય અવન્તિસુકુમાલના મૃત્યુ–મહાકાલના સ્થળે તેના પુત્ર તરફથી બંધાવવામાં આવ્યું હતું અને તેમાં અવન્તિ નામથી વિશિષ્ટ શ્રીપાર્શ્વનાથની ભવ્ય પ્રતિમા પધરાવવામાં આવી હતી, કે જેના પર સમય વીતતાં બલવાન ધર્માન્ધતાએ શિવલિંગનું આચ્છાદન કર્યું હતું.' ત્યારે તે ઉપરોક્ત આચાર્યના ચરણમાં પડ્યો અને તેણે ધાર્મિક સત્ય સમજવા આચાર્યશ્રીને વિજ્ઞપ્તિ કરી. આચાર્યે તેનામાં પડેલા જૂના જૈન સંસ્કારો સવિશેષ જાગૃત કર્યા અને તે એકવાર ફરીથી વિશેષજ્ઞ અને સુદૃઢ જૈન શ્રમણોપાસક બન્યો. તેણે એક મોટો સંઘ કાઢી જૈનધર્મના એક મુખ્ય તીર્થ શત્રુંજયની યાત્રા કરી-કરાવી, અને ત્યાં જીર્ણોધ્ધારાદિ અનેક ધાર્મિક કાર્યો કર્યાં. જૈનગ્રન્થોમાં એણે કાઢેલા મોટા સંઘનું વિસ્તૃત વર્ણન કરવામાં આવ્યું છે. તે જૈનધર્મમાં ગમે તેટલો ચુસ્ત હતો તો પણ તેણે સ્વપ્નમાં ય ધર્માન્ધતાને ન સેવી હતી. વૈદિકાદિ જનતા તરફથી કરાતાં વેદવિહિતાદિ પવિત્ર ધાર્મિક કાર્યોમાં પણ તેની સહાનુભૂતિ રહેતી. કોઈ પણ જાતના ભિન્નભાવ વગર સર્વને સરખો જ રાજ્યાશ્રય આપવો એવી તેની ઉદાર ભાવના ક્યારે ય અપવાદને ધારણ કરતી ન હતી. એનો વિવેક કદી પણ પરની નિંદા કે પરાભવમાં પડી પલટાય તેવો ન હતો, અને તેથી તેની પ્રજા પણ ધાર્મિક વિવાદ કે ધર્માન્ધતાથી બહુધા બચી ગઈ હતી. પરિણામે, તે સુખશાન્તિ અને આનંદ ઓચ્છવને ભોગવવા ભાગ્યશાળી બની હતી. તેની પ્રજાના પ્રેમ અને આશિર્વાદથી તે અમર થયો, એટલું જ નહિ, પરંતુ તેની પછી થયેલા કેટલાક મહાન સમ્રાટોએ તેના વિક્રમાદિત્ય નામને બિરુદ તરીકે પોતાના નામની સાથે જોડી દેવામાં પોતાનું ગૌરવ માન્યું અને તેઓ તેની બીજી પણ ખાસીયતોનું અનુકરણ કરવા બની શકે ત્યાં સુધી લલચાયા.

ભિન્ન ભિન્ન ભાષામાં લખાયલી વિક્રમની કથાઓમાં [૨૬૫] તેના સાહસ, સત્ત્વ અને ધૈર્ય વિષે પુષ્કળ લખવામાં આવ્યું છે, અને તેમાં ચમત્કારિક દિવ્ય ઘટનાઓનું પણ વર્ણન મળી આવે છે. તેનું સિંહાસન અને પંચદંડનું છત્ર, એ પણ દિવ્ય પ્રભાવથી ભરેલાં હતાં એમ તેની કથાના લેખકો કહે છે. સર્વસંમત થવા માટે એ દિવ્યશક્તિઓનો અર્થ આપણે એવી રીતે કરી શકીએ કે, વિક્રમાદિત્ય ભારે પ્રભાવશાળો અને તેના સમયની

(૨૬૫) વિક્રમાદિત્યના વિષે સળંગ અને છૂટક છૂટક જૈન જૈનેતર લેખકોએ જે લખ્યું છે તે ઘણુંખરું વિક્રમની તેરમી સદીના ઉત્તરાર્ધ પછીનું જ છે. એ વિશાલ સાહિત્યની નોંધ, પ્રો. શ્રીયુત. હી. ર. કાપડીયાએ અને શ્રીયુત અગરચંદજી નાહટાએ જૈન સત્ય પ્રકાશના વિક્રમ-વિશેષાંકમાં તેમણે લખેલા લેખોમાં સામાન્યતઃ લીધી છે, તે પરથી જિજ્ઞાસુઓ જાણી શકશે કે વિક્રમાદિત્ય સાથે જૈનધર્મને કેટલું લાગતું વળગતું છે. આ સાહિત્યમાં કેટલુંક લૌકિક દંતકથામાંથી ઉતરી આવેલું હશે એની ના નથી, પણ તેમાં ઘણું ય ઐતિહાસિક તથ્ય પણ રહેલું છે જ. બહુ જ વિવેકપૂર્વક આની છણાવટ થવાની જરૂરીયાત છે.

પ્રજાના અન્તરમાં ઊંચુ અને ઊંડું સ્થાન પામેલો પ્રજાપાલ સત્ત્વશીલ રાજવી હતો અને તેના યશનો પ્રતિધ્વનિ સદીઓના લાંબા કાળ સુધી સંભળાતો રહ્યો હતો.

ભારે ખેદની વાત છે કે, વિક્રમાદિત્યના સમયનાં અથવા તે પછીના નજદીકના સમયનાં ઉલ્લેખિત સાધનો આજે બીલકુલ મળી શકતાં નથી. આમ છતાં પરંપરાના આધારે લખાયલું જે કાંઈ સાહિત્ય મળી આવે છે તે પરથી પરસ્પર અવિરુદ્ધ ઘટનાઓનો મેળ મેળવી અમુક બાબતોનો નિશ્ચય કરી શકાય તેમ છે. અલબત્ત, એ નિશ્ચયથી આપણે એ ઘટનાઓની ચોક્કસ સાલવારી ગોઠવી શકીએ તેમ નથી તેથી ઘટનાક્રમ જાણી શકીએ નહિ. કોઈ પણ ચરિત્રના લેખકને બને ત્યાં સુધી પોતાના આલેખનમાં ઘટનાક્રમ રાખવો જ પડે; પરંતુ વિક્રમ વિષેના આલેખનમાં તેના લેખકોથી ઘટનાક્રમ સચવાયો છે કે કેમ એ એક પ્રશ્ન છે. આ પ્રશ્નનો સીધો જવાબ મળતો નથી; પરંતુ તેનો આડકતરી રીતે ઓછોવત્તો જવાબ તે સમયની જૈનધર્મને લગતી કેટલીક નોંધાયલી વિગતો પરથી મળી શકે તેમ છે તેથી આપણે તે તરફ વળવું જોઇએ.

વિક્રમાદિત્ય મ. નિ. ૪૧૦-ઇ. સ. પૂ. ૫૭ વર્ષે ઉજ્જયિનીના તખ્ત પર આવ્યો ત્યારે આર્ય શાંડિલ્ય યુગપ્રધાનપદે હતા.[૨૬૬] એમના યુગપ્રધાનત્વકાલમાં સમર્થ વિદ્યા

(૨૬૬) મ. નિ. ની ચોથી સદીમાં માથુરીવાચના પ્રમાણે બલિસ્સહ, સ્વાતિ, શ્યામાર્ય અને સાંડિલ્ય એ યુગપ્રધાનોનું અસ્તિત્વ મનાયું છે. વાલભીવાચના બલિસ્સહ અને સ્વાતિના સ્થાને ગુણસુંદરને યુગપ્રધાન તરીકે નોંધી શ્યામાર્ય અને સાંડિલ્ય (કાલકાચાર્ય અને સ્કંદિલાચાર્ય) ની નોંધ લે છે. યુગપ્રધાન પટ્ટાવલીમાં વાલભીવાચનાનુગત યુગપ્રધાનોનો ગાર્હસ્થ્યાદિપર્યાય આવી રીતે નોંધ્યો છે: –

| વાલભી- યુગપ્રધાન નામ | ગાર્હસ્થ્યપર્યાય વર્ષ | ગાર્હસ્થ્યપર્યાય મ. નિ. સં. | શ્રામણ્યપર્યાય વર્ષ | શ્રામણ્યપર્યાય મ. નિ. સં. | યુગપ્રધાનત્વપર્યાય વર્ષ | યુગપ્રધાનત્વપર્યાય મ. નિ. સં. | સર્વાયુ વર્ષ | સર્વાયુ મ. નિ. સં. |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧૧ આર્ય ગુણસુંદર | ૨૪ | (૨૩૫–૨૫૯) | ૩૨ | (૨૫૯–૨૯૧) | ૪૪ | (૨૯૧–૩૩૫) | ૧૦૦ | (૨૩૫–૩૩૫) |
| ૧૨ આર્ય કાલકાચાર્ય | ૨૦ | (૨૮૦–૩૦૦) | ૩૫ | (૩૦૦–૩૩૫) | ૩૧ | (૩૩૫–૩૭૬) | ૯૬ | (૨૮૦–૩૭૬) |
| ૧૩ આર્યસ્કંદિલાચાર્ય | ૨૨ | (૨૯૬–૩૧૮) | ૫૮ | (૩૧૮–૩૭૬) | ૩૮ | (૩૭૬–૪૧૪) | ૧૧૮ | (૨૯૬–૩૧૪) |

દીર્ઘજીવી આર્ય શાંડિલ્ય એ શ્યામાર્ય (૧૨–આર્ય કાલકાચાર્ય) ના શિષ્ય હતા એમ તપાગચ્છ પટ્ટાવલીમાં શ્રી ધર્મસાગરજી ઉપાધ્યાય અને હિમવંતથેરાવલીમાં આચાર્ય હિમવંત લખે છે, જ્યારે પ્રભાવકચરિતકાર વૃદ્ધવાદિસૂરિચરિતમાં સ્કન્દિલાચાર્યના નામ નીચે તેમની ઓળખ આપતાં લખે છે કે, તેઓ વિદ્યાધરામ્નાયના અને પાદલિપ્તકુલના હતા. આ ત્રણે ઉલ્લેખો આવી રીતે છે:—

"તચ્છિષ્યઃ શ્યામાચાર્યઃ પ્રજ્ઞાપનાકૃત્ । શ્રીવીરાત્ ષટ્સપ્તત્યધિકશતત્રયે ૩૭૬ સ્વર્ગભાક્ ॥ તચ્છિષ્યઃ સાંડિલ્યો જીતમર્યાદાકૃદિતિ નંદિસ્થવિરાવલ્યામુક્તમસ્તિ ॥"

તપાગચ્છપટ્ટાવલી ગા. ૪. ટીકા

"શ્યામાર્યશિષ્યાઃ સ્થવિરાઃ શાણ્ડિલ્યાચાર્યાઃ શ્રુતસાગરપારગા અભવન્ ।"

હિમ. થેરા. પૃ. ૯ (મુદ્રિત)

"પારિજાતોઽપારિજાતો, જૈનશાસનનંદને । સર્વશ્રુતાનુયોગદ્રુ-કન્દકન્દલનામ્બુદઃ ॥૪॥

સિદ્ધ આર્ય ખપુટાચાર્ય અને જ્યોતિષનિમિત્તવેત્તા કાલકાચાર્ય નામના સૂરિવરો વિદ્યમાન હતા. મ. નિ. ૩૭૬-ઈ. સ. પૂ. ૯૧ વર્ષે યુગપ્રધાનપદે આવનાર આ શાંડિલ્યના શિષ્ય વૃદ્ધવાદી અને એ વૃદ્ધવાદીના શિષ્ય સિદ્ધસેન દિવાકરના સંબંધમાં જૈનગ્રંથો આવી રીતે લખે છે:—

---

विद्याधरवराम्नाये, चिन्तामणिरिवेष्टदः। आसीच्छ्रीस्कन्दिलाचार्यः, पादलिप्तप्रभोः कुले ॥४॥

પ્રભાવકચરિત-વૃદ્ધવાદિસૂરિચરિત (સિં. જૈ. ગ્રંથમાલા) પૃ. ૫૪

હિમવદાચાર્ય હિમવંતથેરાવલીમાં પોતાની પૂર્વે થયેલા નજીકના યુગપ્રધાન સ્કંદિલાચાર્ય વિષે આવી રીતે લખે છે:—

"××× आर्यसिंहाख्याः शिष्या अभवन्। ते च ब्रह्मद्वीपिकाशाखोपलक्षिता अभवन्। तेषामार्यसिंहानां स्थविराणां मधुमित्राऽऽर्यस्कंदिलाचार्यनामानौ द्वौ शिष्यावभूताम्। ×××× आर्यस्कंदिलाचार्यसम्बन्धश्चैवम्-उत्तरमथुरायां मेघरथाभिधः परमः श्रमणोपासको जिनाज्ञा प्रतिपालको द्विजोऽभवत्। तस्य रूपसेनाऽभिधा सुशीला भार्याऽऽसीत्। तयोः सोमरथाभिधः सोमस्वप्नसूचितः सुतो बभूव। अथैकदा ते ब्रह्मद्वीपिकशाखोपलक्षिताः सिंहाचार्या विहारं कुर्वन्तः क्रमेणोत्तरमथुरोद्याने समागताः। तेषां धर्मदेशनां निशम्य प्राप्तवैराग्येण सोमरथेन चारित्रं गृहीतम्।" હિમ૦ થેરા૦ પૃ. ૯, ૧૦, (મુદ્રિત)

ઉપર આપેલા હિમવંત થેરાવલીના ઉલ્લેખનો અભિપ્રાય એ છે કે, બ્રહ્મદ્વીપિક શાખાથી ઉપલક્ષિત આર્યસિંહસૂરિએ ઉત્તર મથુરાના ઉદ્યાને વિચરતાં ત્યાંના શ્રાવક મેઘરથના રૂપસેના સ્ત્રીથી જન્મેલ પુત્ર સોમરથને ધર્મનો ઉપદેશ કરતાં તેણે વૈરાગ્યથી ચારિત્ર અંગીકાર કર્યું હતું. આ ઉલ્લેખ પછી સ્કંદિલાચાર્યની માથુરીવાચનાનો પ્રસંગ લખવામાં આવ્યો છે તે પરથી સૂચિત થાય છે કે, આ સોમરથ માથુરી વાચનાના પ્રવર્તક સ્કંદિલાચાર્ય હતા.

નંદિ સ્થવિરાવલી, કે જે માથુરીવાચનાનુસારિણી યુગપ્રધાન પટ્ટાવલી છે, તેમાં ઉપરોક્ત હિમવંત થેરાવલીથી નિર્દિષ્ટ સ્કંદિલાચાર્ય એ ૨૫ મા યુગપ્રધાન છે. તેઓ સુસ્થિત-સુપ્રતિબદ્ધથી નીકળેલા કૌટિક ગણના અને આર્યસિંહગિરિના શિષ્ય આર્યસમિત (મ. નિ. ની પાંચમી સદીના આશરે છેલ્લા ચરણમાં દીક્ષિત અને આર્ય વજ્રના મામા) થી અચલપુર નિકટના બ્રહ્મદ્વીપમાંથી નીકળેલી બ્રહ્મદ્વીપિકા શાખાના હતા. તેઓનો યુગપ્રધાનત્વકાલ હિ૦ થે૦ પ્રમાણે મ. નિ. ૮૨૩-૮૭૨ સુધી હતો, જ્યારે વા૦ વા૦ પ્ર૦ મ. નિ. ૮૨૭-૮૭૫ અને મા૦વા૦પ્ર૦ મ.નિ. ૮૧૩-૮૮૨ સુધી આવે છે. તેઓ તત્ત્વાર્થ મહાભાષ્ય અને આચારાંગાદિ વિવરણના કર્તા સિદ્ધસેન ગન્ધહસ્તિના કાકા ગુરુ અને ગન્ધહસ્તિના ગુરુ મધુમિત્રના લઘુ ગુરુબન્ધુ હતા પ્રભાવકચરિતકાર, જે સ્કંદિલાચાર્યને વિદ્યાધરામ્નાયના, પાદલિપ્તકુલના અને સિદ્ધસેનના ગુરુ વૃદ્ધવાદિના ગુરુ તરીકે લખે છે તેઓ બ્રહ્મદ્વીપિક સ્કંદિલથી ભિન્ન હોઈ ખરી રીતે તેમનું નામ સ્કંદિલ નહિ, પણ શાંડિલ્ય છે કે જેઓ નંદિ સ્થવિરાવલીના ૧૪ મા અને વાલભી સ્થવિરાવલીના ૧૩ મા યુગપ્રધાન છે અને સર્વશ્રુતાનુયોગને પલ્લવિત કરવામાં મેઘસમાન છે.

આમ બ્રહ્મદ્વીપિક સ્કંદિલથી વિદ્યાધરામ્નાયના શાંડિલ્ય એ ભિન્ન હોય, તેઓ પાદલિપ્તકુલના એટલે પાદલિપ્તસૂરિના સંતાનીય છે. મ. નિ. ની ચોથી સદીથી પૂર્વે થઇ ગયેલા એ પાદલિપ્તસૂરિ વિષે

"શ્રી શાણ્ડિલ્યે ગૌડદેશની કોશલાના રહીશ મુકુન્દ નામના બ્રાહ્મણને દીક્ષા આપી હતી. આ મુકુન્દમુનિએ ભરૂચની નાલિકેર વસતિમાં રહેતાં સરસ્વતીનું આરાધન કરી, પોતાના ઊંચ સ્વરે પઠન કરાતા અભ્યાસ પ્રતિ ટોંણો મારનારાઓને આશ્ચર્યમાં ગરકાવ કરે એવી રીતે મુશલ-સાંબેલુ ફૂલાવ્યું હતું. પ્રસન્ન થએલી સરસ્વતીના વરદાનથી તેઓ અજેય-કોઈથી પણ ન જીતાય એવા વાદી બન્યા હતા. આ પછી એમને આચાર્યપદ આપવામાં આવ્યું હતું. તેઓ 'વૃદ્ધ' અને 'વાદી' હોવાથી તેમની પ્રસિદ્ધિ વૃદ્ધવાદી તરીકે જ થઇ. એમણે વિદ્યાથી ગર્વિષ્ટ એક સિદ્ધસેન નામે પ્રસિદ્ધ થયેલા બ્રાહ્મણને વાદમાં હરાવતાં તે તેમનો શિષ્ય થયો. વૃદ્ધવાદીએ એનું મુનિપણાનું નામ 'કુમુદચન્દ્ર' રાખ્યું હતું. મહાબુદ્ધિશાળી વિદ્વાન કુમુદચન્દ્રે અલ્પ સમયમાં જ સર્વ જૈન આગમોનો અને તેના સિદ્ધાન્તનો અભ્યાસ-પરિચય કરી લીધો અને ગુરુએ તેમને આચાર્ય પદવી આપી ગચ્છનો ભાર સોંપ્યો." [२६७]

મ. નિ. ૪૧૪—ઈ. સ. પૂ. ૫૩ વર્ષે આર્ય શાણ્ડિલ્યના સ્વર્ગવાસ થયા બાદ શ્રી વૃદ્ધવાદી ઉજ્જયિનીએ ગયા હતા એટલે સિદ્ધસેનની કે કુમુદચન્દ્રની દીક્ષા પણ એ જ સમયે થઈ હશે. સંભવ છે કે, કુમુદચન્દ્રને આચાર્યપદ ત્યાર બાદ બે વર્ષે એટલે મ. નિ. ૪૧૬-ઈ. સ. પૂ. ૫૧ વર્ષે અપાયું હશે. કેમકે, આચાર્યપદ પામ્યા પછી જ તેમનો વિક્રમાદિત્ય સાથે ભેટો થયો હતો અને તેને પૃથ્વી અનૃણ કરવાનું તેમણે સૂચન કર્યું હતું. એ સૂચન, વિક્રમાદિત્યે પોતાના રાજ્યના સાતમા વર્ષે લિંબા નામના મન્ત્રીને વાયડ મોકલ્યો તેની પૂર્વેનું હતું. સિદ્ધસેન અને વિક્રમાદિત્યના મેલાપનો એ પ્રથમ પ્રસંગ જૈન સાહિત્યમાં આવા પ્રકારે લખાયો છેઃ—

"શ્રીસિદ્ધસેનસૂરિ એક વખતે બાહ્યભૂમિકાએ જતા હતા તેવામાં વિક્રમાદિત્ય રાજાની દૃષ્ટિ તેમના પર પડતાં એ રાજાએ તરત જ સિદ્ધસેનને મનથી નમસ્કાર કર્યો. એવી રીતે કરેલા નમસ્કારને જાણી લઈ સિદ્ધસેને એ રાજાના પ્રતિ 'ધર્મલાભ' શબ્દ ઉચ્ચાર્યો. વગર પ્રણામે ધર્મલાભ કોને દેવામાં આવે છે એવા વિક્રમાદિત્યે કરેલા પ્રશ્નનો ખુલાસો કરતાં આચાર્યશ્રીએ કહ્યું કે; 'તમે મને મનથી નમસ્કાર કર્યો તેના અંગે તમને

---

કોઇપણ જાણવાનું સાધન નથી. તપાગચ્છ પટ્ટાવલિમાં શંડિલ્યને શ્યામાર્યના શિષ્ય કહેવામાં આવે છે, પણ તેઓ શ્યામાર્યના દીક્ષાશિષ્ય નહિ પણ વાચનાશિષ્ય હોવા સંભવ છે. એમના દીક્ષાગુરુ તો પાદલિપ્ત કે તેમની શિષ્ય સંતતિમાં કોઇ હોવા જોઇએ. પાદલિપ્ત એ નામ ગુણ નિષ્પન્ન હોઇ તેમનું મૂળ નામ કાલકાચાર્ય (ગુણસુંદર સૂરિના શિષ્ય વિદ્યાસિદ્ધ કાલકાચાર્ય) કદાચ હોય તો ના નહિ, કે જે કાલકાચાર્યના વિદ્યાશિષ્ય વૃદ્ધવાદી હતા.

(૨૬૭) પ્રભાવકચરિતમાંના વૃદ્ધવાદિસૂરિચરિત વિગેરેમાંથી વૃદ્ધવાદિ અને સિદ્ધસેન સંબંધી ઉલ્લેખોને સંક્ષિપ્ત કરી અહિં અનવર્ટેડ કામામાં લખ્યા છે. તે માટે જુઓ —

પ્રભાવકચરિત પૃ. ૫૪ થી ૬૧ (સિં. જૈ. ગ્રંથમાલા, તથા પ્ર. ચ. ભાષાંતર પૃ. ૮૯-૧૦૧ (આત્માનંદ સભા. ભાવનગર.)

જ ધર્મલાભની આશિષ આપવામાં આવી છે.' શ્રીસિદ્ધસેનની આવી વિશિષ્ટ જ્ઞાનશક્તિને જાણી વિક્રમ રાજા આશ્ચર્ય પામ્યો. ગુરુ તરફથી 'સર્વજ્ઞપુત્ર' એવુ બિરુદ તેમને મળેલું છે એ યથાર્થ છે એમ વિક્રમાદિત્યને લાગ્યું અને તેણે આચાર્યને એક કરોડ સોનૈયા આપવાનો હુકમ કર્યો. પોતે સર્વથા નિષ્પરિગ્રહી હોઈ પોતાને આપવા માંડેલા દ્રવ્યને સ્વીકારી શકે નહિ એમ કહી, આચાર્યે એ અપાતા દ્રવ્યનો વ્યય દુનિયાને અનૃણ કરવામાં વાપરવાનું સૂચન કર્યું, અને તે પછી વિક્રમાદિત્યે પૃથ્વીને અનૃણ કરવાના કાર્યની શરૂઆત કરી." ૨૬૮

"પૃથ્વીને અનૃણ કરવા માટે વિક્રમાદિત્યે પોતાના મન્ત્રીઓને દેશોદેશ મોકલ્યા હતા, તેમાંનો એક લિંબા નામનો પ્રધાન 'વાયડ' આવ્યો હતો અને તેણે વિક્રમના રાજ્યના સાતમા વર્ષમાં એટલે મ. નિ. ૪૧૭ માં શ્રીજીવદેવસૂરિના હસ્તે ત્યાંના શ્રીમહાવીર જિનમંદિરનાં ધ્વજપ્રતિષ્ઠાદિ કાર્ય કરાવ્યાં હતાં." પ્રભાવકચરિતકારના કથનાનુસાર આવા પ્રકારની હકીકત હું પહેલાં ટાંકી ગયો છું. વિક્રમાદિત્યની અનૃણ પ્રવૃત્તિનો તે એક પુરાવો છે એવું પણ સૂચન ત્યાં હું કરી ગયો છું; પરંતુ કેટલાકો આ સમયે જીવદેવસૂરિનું અસ્તિત્વ હોવાનો જ ઇન્કાર કરે છે. તેઓ કહે છે કે, પ્રભાવકચરિતમાં જીવદેવસૂરિનું ચરિત લખતાં શ્રીપ્રભાચન્દ્રસૂરિએ કાન્યકુબ્જના રાજાની પુત્રીના પ્રસંગમાં અને વાયડના બ્રાહ્મણ તથા જૈનોની વચ્ચે સમાધાન થયાના સંબંધમાં જે હકીકત રજુ કરી છે તે પરથી જીવદેવસૂરિનો સમય જણાવવામાં આવે છે તેટલો વહેલો ન હોવો જોઈએ. એ સમય ચૈત્યવાસની જમાવટ થયા પછીનો એટલે વિક્રમાદિત્યથી ૫૦૦, ૬૦૦ વર્ષ પછીનો હોવો જોઈએ. 'જીવદેવસૂરિ પહેલાં દિગમ્બર સાધુ હતા.' એવી ચરિતમાં લખાયલી હકીકત પણ તેમને વિક્રમના રાજ્યારંભથી એક સદી કરતાં ય વધારે છેટે લઇ જાય છે. કેમકે, કોઇ પણ મતે તે પહેલાં જૈનધર્મમાં શ્વેતામ્બર-દિગમ્બર જેવો શાખા વિભાગ હતો જ નહિ, અને તેથી આ રીતે પણ વિક્રમાદિત્યના સમયમાં જીવદેવસૂરિનું અસ્તિત્વ હોઈ શકે નહિ એમ, એ કેટલાકો કહી રહ્યા છે. ખરેખર. તેમનું એ કથન વિચારણીય છે અને તેથી પ્રભાવકચરિતકારે નોંધેલી સામયિક વિરોધવાળી હકીકતોનો વિવેક કરવો જોઈએ.

---

(૨૬૮) **धर्मलाभ इति प्रोक्ते दूरादुद्धृतपाणये।**
**सूरये सिद्धसेनाय, ददौ कोटिं नराधिपः ॥ ६६ ॥**

પ્રભાવકચરિત-વૃદ્ધવાદિસૂરિચરિત પૃ. ૫૬ (સિં. જૈ. ગ્રંથમાલા)

વિક્રમાદિત્યે સિદ્ધસેનને એક ક્રોડ દ્રવ્ય આપ્યું એવો આ શ્લોકમાં ઉલ્લેખ છે. આ દ્રવ્યનો ઉપયોગ દુઃખિ-ખરાબ સ્થિતિના જૈનો અને જૈન ચૈત્યોના ઉદ્ધાર કરવા માટે સાધારણ ભંડાર તરીકે રખાયો હતો એમ તે પછીના શ્લોકોમાં લખવામાં આવ્યું છે. આ એક મતાંતર છે. મને લાગે છે કે, શ્રી સિદ્ધસેને પોતાના વિક્રમાદિત્ય સાથેના આ પ્રથમિક સમાગમ સમયે એ દ્રવ્યનો સાંપ્રદાયિક ઉપયોગ ન કરતાં સાર્વજનિક ઉપયોગ જ કરવાનું વધારે ઉચિત ધાર્યું હશે, અને તેથી મેં એવી જ રીતે હકીકત લખી છે

કોઇ કોઇ વખતે બનવા પામ્યું છે તેમ, ભિન્ન ભિન્ન સમયે થયેલા સમાન નામવાળા આચાર્યોની સાથે સંબંધ રાખતી હકીકતો બધી ય એકાદ કોઈ આચાર્યના નામે ચડી ગઇ હોય તો, એવા પ્રસંગે કેવળ એ અવ્યવસ્થિત નોંધાયલી હકીકતો પરથી જ નહિ, પરંતુ બીજાં પણ નિશ્ચિત સાધનોથી એ હકીકતોના નાયકોનો–આચાર્યોનો અને તેમના સમયનો વિવેકપૂર્વક નિર્ણય કરવો જોઈએ. જ્યાં સુધી એવી રીતે નિર્ણય ન થાય ત્યાં સુધી, પાછળના તે જ નામના આચાર્યની સાથે સંબંધવાળી હકીકતો પૂર્વે થઇ ગયેલા આચાર્યની સાથે જોડાયલી વાંચતાં તે પ્રાચીન આચાર્યને અર્વાચીન ઠરાવવા મથવું અથવા એ પ્રાચીન આચાર્યને અર્વાચીન ઠરાવી તેમની સાથે જોડાયલી હકીકતને શંકાસ્પદ ઠરાવવા મથવું એ સર્વથા અનુચિત છે. એવી જ રીતે, જીવદેવસૂરિ નામના ઘણા આચાર્યો થઇ ગયેલા હોતાં, પ્રભાવકચરિતકારે શ્રીજીવદેવસૂરિના સંબંધમાં લખેલી હકીકતોમાંની કોઈ હકીકત, જો નિશ્ચિત પ્રમાણથી તેમની સાથે સામયિક મેળ ન ખાતી હોય તો, તે હકીકતનો સંબંધ કોઇ પાછળથી થયેલા અન્ય જીવદેવસૂરિની સાથે ઘટાવવો જોઈએ; પરંતુ તેમ ન કરતાં તે હકીકત પરથી વિક્રમાદિત્યના રાજ્યના સાતમા વર્ષમાં બનેલી હકીકત, કે જે તે સમયે વિદ્યમાન જીવદેવસૂરિ અને વિક્રમાદિત્યના મન્ત્રી લિંબા સાથે સંબંધ ધરાવે છે, તેનો ઇન્કાર કરવો એ પણ અનુચિત છે. વિક્રમાદિત્યની જેમ શ્રીજીવદેવસૂરિનું મસ્તક એક કપાલ હતું, તેને મેળવવાની ઈચ્છા રાખનાર યોગીને લગતી હકીકત તથા લિંબા મંત્રીએ કરાવેલાં ધ્વજપ્રતિષ્ઠાદિ સંબંધી હકીકત એ વિક્રમના સમયમાં વિદ્યમાન જીવદેવસૂરિના સંબંધમાં હોય અને લલ્લશ્રેષ્ઠી તથા વાયડના બ્રાહ્મણોના સંબંધવાળી હકીકત કોઇ પાછળના જીવદેવસૂરિને લગતી હોય, એમ માનવામાં મને કોઈ વિરોધ જણાતો નથી.

વિક્રમાદિત્યનું શ્રી સિદ્ધસેનસૂરિને એક ક્રરોડ સોનૈયાનું દાન અને તેની પ્રજાનું ઋણ ચુકવવાની પ્રવૃત્તિ વિગેરેથી સ્પષ્ટ સમજાય છે કે, તે વખતે એ રાજાની આર્થિક સ્થિતિ ગમે તે કારણને લઇ વધારે મજબૂત હોવી જોઇએ. સંભવ છે કે, આ સમય પહેલાં જ તેને 'સ્વર્ણપુરુષ'ની પ્રાપ્તિ થઇ હશે. પૃથ્વીને અનૃણ કરવાની સાથે બીજી પણ અનેક સામાજિક તથા ધાર્મિક પ્રવૃત્તિ આચરી તેમાં પણ એ રાજાએ ઘણા દ્રવ્યનો વ્યય કર્યો હશે. લગભગ છ સાત વર્ષ સુધી સતત ચાલુ રહેલી વિક્રમાદિત્યની આવી આવી ઉદાર પ્રવૃત્તિઓના અંતે તેની પ્રજાએ તેના રાજ્યની શરૂઆતના વર્ષથી સમયગણના કરવાની–સંવત લખવાની શરૂઆત કરી હતી, અર્થાત્; વિક્રમાદિત્યના રાજ્યારંભથી ૧૩ વર્ષે એટલે મ. નિ. થી ૪૨૩ વર્ષે વિક્રમ સંવતને તેના રાજ્યારંભના વર્ષની ગણતરીથી વ્યવહારમાં વહેતો કર્યો હતો. વત્સરનું વર્ષ અને વત્સરની પ્રવૃત્તિનું વર્ષ એની વચ્ચે ૧૩ વર્ષનું અંતર છે. છૂટક ગાથાઓમાં **'તેરसवासेसु वच्छरपवित्ती'** એ ચરણનો અર્થ વિક્રમના રાજ્યથી 'તેર વર્ષે સંવત ચાલ્યો' એમ નહિ; પરંતુ 'તેર વર્ષે રાજ્યારંભની ગણતરીથી સંવત વ્યવહારમાં વહેતો કરાયો' એમ જ થાય છે.

વિક્રમાદિત્યને પૃથ્વી અનૃણુ કરવાનું સૂચન કરનારા સુપ્રસિદ્ધ જૈનાચાર્ય શ્રી સિદ્ધસેન-દિવાકરનો પૂર્વાશ્રમ, તેમનો દીક્ષા લેવાનો હેતુ, તેમની વિક્રમાદિત્ય સાથે પ્રથમ મુલાકાતનો પ્રસંગ, તે પછીની તેમની પ્રવૃત્તિ અને આચારગત શિથિલતા તથા પ્રમાદદશાનો ત્યાગ, જૈનાગમની ભાષા સંબંધી તેમની અવગણના અને તેમને મળેલું પ્રાયશ્ચિત્ત, તેમનાથી થયેલી મહાકાલતીર્થને અને વિક્રમાદિત્યને જૈનત્વની પ્રાપ્તિ, તેમનાથી કરાવાયલું ૐકારપુરના જૈનચૈત્યનું નિર્માણ અને ભરૂચના ધનંજય રાજાને તેમણે કરેલી સહાય, આ પછી દક્ષિણા પથનો વિહાર અને સ્વર્ગવાસ, વિગેરે હકીકતોને જણાવતા અનેક ઉલ્લેખો જૈનગ્રંથોમાં મળી આવે છે, તેનો ભાવાર્થ આ પ્રમાણે છેઃ—

"શ્રી સિદ્ધસેનનું ગોત્ર કાત્યાયન હતું. તેમના પિતા દેવર્ષિ એ ઉજ્જયિનીના રાજા વિક્રમાદિત્યના પુરોહિત હતા. તેમની માતાનું નામ દેવશ્રી હતું. તેમણે કર્ણાટક સુધીના વાદીઓ પર વિજય મેળવ્યો હતો અને એક મહાન વાદી તરીકેની પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી હતી. વાદમાં હારી જતાં એમણે વૃદ્ધવાદીની પાસે દીક્ષા અંગીકાર કરી હતી. એમની બહેન સિદ્ધશ્રીએ પણ ચારિત્ર અંગીકાર કર્યું હતું."

(આ પછી સિદ્ધસેનની વિક્રમાદિત્ય સાથે પહેલ વહેલી મુલાકાત થઇ તે સંબંધી હકીકતનો ઉલ્લેખ હું પૂર્વે નોંધી ચુકયો છું તેથી તેને છોડી દઇ, તે પછીના જૈન ઉલ્લેખોનો ભાવાર્થ નોંધું છું.)

"આ પછી (વિક્રમાદિત્ય સાથે પ્રથમ મુલાકાત પછી) શ્રી સિદ્ધસેનસૂરિ 'ચિત્રકૂટ' તરફ વિહાર કરી ગયા હતા. તેમને ત્યાં સ્વર્ણસિદ્ધિની અને સર્ષપ (સરસવ) થી ઘોડા વિગેરે બનાવવાની, એમ બે વિદ્યાઓ પ્રાપ્ત થઈ હતી. ચિત્રકૂટમાં ઔષધિઓથી બનેલો એક પોલો સ્તંભ હતો તે સિદ્ધસેનસૂરિજીના જોવામાં આવ્યો. આ સ્તંભમાં સિદ્ધ વિદ્યાનાં પુસ્તકો હતાં. સિદ્ધસેને પોતાના બુદ્ધિબળથી એ થાંભલામાંની ઔષધિઓ જાણી લઈ, તેની વિરુદ્ધ ઔષધિઓથી તેમાં છિદ્ર પાડયું અને તેમાંના એક પુસ્તકમાંથી ઉપરોક્ત બે વિદ્યાઓ જાણી લીધી; પરંતુ આ પછી તરત જ શાસનદેવીએ, તેવી પૂર્વગત વિદ્યાઓના અભ્યાસની હવેના જીવોની અયોગ્યતા જોઈ, તેમને એ પુસ્તકોના અવલોકનમાં આગળ વધતા અટકાવ્યા."

"આ પછી ઉપરોક્ત બન્ને વિદ્યાથી યુક્ત આચાર્ય સિદ્ધસેન પૂર્વદેશમાં કર્મારનગરે ગયા. ત્યાં દેવપાલ નામે રાજા રાજ્ય કરતો હતો. સૂરિજીએ એ રાજાને ઉપદેશ કરી અનુ-રાગી બનાવ્યો. એ રાજાના આગ્રહથી આચાર્ય અહિં રહ્યા હતા તેવામાં કામરૂદેશનો રાજા વિજયવર્મા મોટી સેના સાથે દેવપાલ પર ચઢી આવ્યો. આની સામે ટકી શકવા પુરતું દ્રવ્ય અને સૈન્ય પોતાની પાસે ન હોવાની વાત દેવપાલે સિદ્ધસેનને કરી તે પરથી સિદ્ધ-સેને સુવર્ણસિદ્ધિથી દ્રવ્ય અને સર્ષપયોગથી સૈન્ય સર્જાવી તેને સહાય કરી.[૨૬૯] દેવપાલે

(૨૬૯) સિદ્ધસેનાચાર્યે યોનિપ્રાભૃતાદિ વડે ઘોડા બનાવ્યા હતા એવો ઉલ્લેખ નિશીથચૂર્ણિકારે પણ કર્યો છે તે આવા પ્રસંગોનું જ સૂચક હોવું જોઇએ. આ રહ્યો તે ચૂર્ણિનો પાઠઃ—

એ મદદથી વિજયવર્મા પર વિજય મેળવ્યો અને પોતાને આવી પડેલી આફતના અન્ધકારમાંથી બચાવ્યો તેથી તેણે શ્રી સિદ્ધસેનસૂરિને 'દિવાકર'ના બિરુદથી સન્માનિત કર્યા, એટલું જ નહિ; પરંતુ તેમને આગ્રહપૂર્વક પાલખી વિગેરે પણ અર્પણ કર્યાં. તેમને કરાયલા આવા ગૌરવથી તેઓ ઋદ્ધિ આદિ ગૌરવ વિગેરેના પ્રમાદમાં પડી ગયા. શ્રી વૃદ્ધવાદી તેમની આવી સ્થિતિને સાંભળતાં કર્મારનગરે ગયા અને તેમણે યુક્તિપૂર્વક તેમની પ્રમાદદશાનું તેમને ભાન કરાવ્યું. ગુરુએ જાગૃત આત્માને પ્રાયશ્ચિત્તથી શુદ્ધ કર્યો. આ પછી વૃદ્ધવાદી સ્વર્ગસ્થ થયા હતા."

(કર્મારનગરના રાજા દેવપાલે કુમુદચન્દ્રસૂરિને 'સિદ્ધસેન દિવાકર'નું બિરુદ આપ્યું હતું કે કુમુદચન્દ્રમુનિને આચાર્યપદ આપતી વખતે ગુરુએ તેમને સિદ્ધસેનસૂરિ તરીકે જાહેર કરાયલા હોઈ, એ રાજાએ શ્રીસિદ્ધસેનસૂરિને ફક્ત 'દિવાકર'નું જ બિરુદ આપ્યું હતું, એ હું સ્પષ્ટ સમજી શકયો નથી; તેવી જ રીતે સાધનના અભાવે અને મતાન્તર હોવાના કારણે એ પણ સ્પષ્ટ સમજી શકાતું નથી કે, શ્રીવૃદ્ધવાદી કર્મારના પ્રસંગ પછી તરત જ સ્વર્ગસ્થ થયા હતા કે શ્રી સિદ્ધસેનસૂરિને ભરૂચમાં પારાંચિત પ્રાયશ્ચિત્ત અપાયા બાદ કાલાન્તરે સ્વર્ગસ્થ થયા હતા.)

"શ્રીસિદ્ધસેનદિવાકરે એકવાર મૂળ જૈન આગમોને પ્રાકૃતભાષામાંથી સંસ્કૃતભાષામાં ફેરવી નાખવાનો વિચાર દર્શાવ્યો હતો. આ વિચાર પ્રાકૃતમાં આગમ રચનારા મહાપુરુષોના અપમાન રૂપ હતો તેથી તેમને ભારે ઠપકો દેવામાં આવ્યો ત્યારે ક્ષમા માગી ને થયેલા અપરાધ માટે શ્રીશ્રમણસંઘ જે પાયશ્ચિત્ત આપે તે કરવા તેમણે કબૂલ્યું. શ્રીસંઘે તેમને પારાગ્ચિત નામનું પ્રાયશ્ચિત્ત આપ્યું. બાર વર્ષ સુધી જૈનલિંગ-જૈનસાધુનો વેશ ત્યાગ કરે અને જૈનશાસનની કોઇ મોટી પ્રભાવના-ઉન્નતિ કરે ત્યારે એ પ્રાયશ્ચિત્ત પૂર્ણ થાય, એવા એ પ્રાયશ્ચિત્તને શ્રીસંઘની આજ્ઞાથી સ્વીકારી શ્રીસિદ્ધસેને સાત વર્ષ સુધી અવધૂત વેશે જ્યાં ત્યાં ભ્રમણ કર્યું અને તેઓ ફરતા ફરતા ઉજ્જયિનીમાં આવ્યા. અહિં મહાકાલના–કુડંગેશ્વરના મન્દિરમાં શિવલિંગને અપમાન થાય તેવી રીતે તેઓ લિંગ તરફ પોતાના પગ પસારીને સૂતા. આ હકીકત વિક્રમાદિત્યના જાણવામાં આવતાં તેણે આ અવધૂતને બળથી દૂર કરવાનો હુકમ કર્યો. તેમને ફટકારવામાં આવ્યા; પરંતુ સિદ્ધસેનને મારવામાં આવેલા મારની અસર તેમને ન થતી અને પોતાના અંતઃપુરને થતી જાણી ચમત્કાર પામેલો વિક્રમાદિત્ય પોતે મહાકાલના મન્દિરે આવ્યો. તેણે સિદ્ધસેનને મહાકાલ શિવનું અપમાન ન કરતાં તેમની સ્તુતિ કરવાને કહ્યું. પોતે કરેલી સ્તુતિ આ શિવ સહન કરી શકશે નહિ, એમ સિદ્ધસેને કહ્યા છતાં પણ, જ્યારે વિક્રમાદિત્યે આગ્રહ કર્યો ત્યારે તેમણે સુપ્રસિદ્ધ એવા 'कल्याण मन्दिर०' નામના સ્તોત્રથી સ્તવના આરંભી. એ સ્તોત્રના

"अथवा तिसु आइल्लेसु णिव्वत्तणाधिकरणं तत्थ ओरालिये एगिंदियादि पंचविधं तं जोणीपाहुडातिणा जहा सिद्धसेणायरिएण अस्सा पकता" નિ. ચૂ. ઉ. ૪.

તેરમા કે અગીઆરમા કાવ્યને બોલતાં શિવલિંગ ફાટયું અને તેમાંથી ધૂમ્રજ્વાલા–ધુમાડા સાથેની જ્વાળાઓ નિકળવા પૂર્વક શ્રીપાર્શ્વનાથની પ્રતિમા પ્રગટ થઈ. (હું પહેલાં કહી ગયો છું તેમ) આ તીર્થ અસલ જૈનોનું જ હતું અને સિદ્ધસેનના પ્રયત્નથી તે પાછું જૈનોનું થયું. આ પછી વિક્રમાદિત્ય સિદ્ધસેનના ઉપદેશથી ચુસ્ત જૈન બન્યો અને તેણે સંઘયાત્રાદિ ધાર્મિક કાર્યો કર્યાં. ગુપ્તલિંગે અને દુષ્કર તપ આદિએ કરાતા પારાઞ્ચિત પ્રાયશ્ચિત્તની બાર વર્ષની અવધિમાંથી આ સમયે સાત વર્ષ વીત્યાં હતાં, પરન્તુ શાસનની મહાન પ્રભાવના કરવાના કારણે જો કે હજુ એ પ્રાયશ્ચિત્તનાં પાંચ વર્ષ બાકી રહ્યાં હતાં તો પણ શ્રીસંઘે તેમને–શ્રીસિદ્ધસેનસૂરિને ગચ્છમાં લઈ લીધા."

("શ્રીસિદ્ધસેનસૂરિ માટે પ્રાયશ્ચિત્તનો પ્રસંગ તેઓ જ્યારે ભરૂચમાં હતા ત્યારે ઉપસ્થિત થયો હતો અને તે વખતે વૃદ્ધવાદી હયાત હતા તેમણે એ પ્રાયશ્ચિત્ત આપ્યું હતું." એમ કેટલાકો કહે છે, જ્યારે કેટલાકોનું કહેવું એમ છે કે, "તે વખતે વૃદ્ધવાદી સ્વર્ગસ્થ થયા હતા અને શ્રીસંઘે સિદ્ધસેનને પ્રાયશ્ચિત્ત આપ્યું હતું." શ્રીસંઘે–શ્રીશ્રમણસંઘે પ્રાયશ્ચિત્ત આપ્યું એ એક મતાન્તર છે. પ્રાયશ્ચિત્ત આપનાર એ શ્રમણસંઘમાં કયા આચાર્ય આગેવાન હતા એમનું નામ કોઇ લેખકે જણાવ્યું નથી. આ સમયમાં માથુરી વાચના પ્રમાણે આર્ય સમુદ્રસૂરિ યુગપ્રધાન હતા, જ્યારે વાલભીવાચના પ્રમાણે આર્ય રેવતિમિત્ર યુગપ્રધાન મનાતા હતા. એ બન્નેનો યુગપ્રધાનત્વકાલ મ. નિ. ૪૧૪ થી ૪૫૦ સુધીનો છે. જો આ સમયે વૃદ્ધવાદી હયાત ન હોય તો, એ બે યુગપ્રધાનોમાંથી કોઈ એકે સિદ્ધસેનને પ્રાયશ્ચિત્ત આપવામાં આગેવાની લીધી હોય અથવા તો એમની ગમે તે કારણે ગેરહાજરીમાં કોઈ અન્ય જ આચાર્યે શ્રીસંઘની આગેવાની લીધી હોય અને શ્રીસિદ્ધસેનને પ્રાયશ્ચિત્ત આપ્યું હોય; પરંતુ આ સંબંધમાં કોઈ પણ જાતના સ્પષ્ટ ઉલ્લેખના અભાવે અમુક નિશ્ચય પર આપણે આવી શકીએ તેમ નથી. કદાચ, વૃદ્ધવાદી હયાત હોય તો, સંભવ છે કે, તેમણે આગેવાની લીધી હોય ને પ્રાયશ્ચિત્ત આપ્યું હોય. સિદ્ધસેનાચાર્યે ચિત્રકૂટમાં, તે પછીના વિહારમાં ને કર્મારનગરમાં કેટલો સમય વીતાવ્યો હતો, તેનો ઉલ્લેખ ન મળી શકવાને લઈ તેઓ ભરૂચમાં ક્યારે આવ્યા અને ઉપરોક્ત પ્રાયશ્ચિત્તનો પ્રસંગ બન્યો, એનું મ. નિ. ગત વર્ષ ચોક્કસ રીતે દર્શાવી શકાય તેમ નથી. બાકી, એ પ્રાયશ્ચિત્તના પ્રસંગ પછી સાત વર્ષ વીત્યા બાદ તેઓ ઉજ્જયિનીમાં હતા એ તો મહાકાલમંદિરના સંબંધમાં બનેલી ઘટનાથી સ્પષ્ટ થાય છે. સંભવ છે કે, આ પછી તેમણે કેટલોક કાલ ઉજ્જયિની, ૐકારપુર વિગેરેમાં વીતાવ્યો હોય.)

"એક વખતે શ્રીસિદ્ધસેનસૂરિ ચાર શ્લોકો સાથે વિક્રમાદિત્યની મુલાકાતે ગયા હતા. ત્યારે પોતાના વર્ણનાત્મક એ ચાર શ્લોકોને જુદી જુદી દિશામાં મુખ ફેરવવાપૂર્વક સાંભળતો વિક્રમાદિત્ય આચાર્યશ્રીની અદ્ભુત કવિત્વશક્તિથી રંજિત થઈ તેમને રાજ્ય આપવા માંડે છે; પરંતુ નિસ્પૃહ તેઓ તેનો અસ્વીકાર કરે છે ત્યારે, એ રાજાનો તેમના પર અત્યંત આદર થાય છે અને તે તેમને પોતાની રાજસભાના એક પંડિતરત્ન તરીકે

મહાન સન્માન આપે છે. ઑંકારપુરના શૈવો ત્યાંના નાભેય જિનમંદિરને બનાવવામાં વિઘ્નરૂપ થઈ પડયા હતા, તેની ખબર ત્યાંના જૈનોએ શ્રીસિદ્ધસેનને આપી અને એ મંદિરનું કાર્ય પાર પડે તેમ કરવા તેમણે આચાર્યશ્રીને વિનંતિ કરી. સિદ્ધસેનસૂરિએ વિક્રમાદિત્યને કહી તેના હાથે શ્રીઋષભદેવના એ મંદિરને બનાવવાનું કાર્ય પાર પમાડયું."

"ગચ્છમાં લઈ લીધા પછી સિદ્ધસેન દિવાકર વિહાર કરતા અનુક્રમે ભરૂચમાં આવ્યા. આ વખતે અહિં બલમિત્ર (વિક્રમાદિત્ય)નો પુત્ર ધનંજય રાજા શાસન કરતો હતો. આ રાજાએ આચાર્યશ્રીનો બહુ જ આદર સત્કાર કર્યો. સિદ્ધસેન અહિં-ભરૂચમાં બીરાજતા હતા ત્યારે શત્રુઓએ આવી આ નગરને ઘેરી લીધું. ધનંજય પાસે અલ્પ સૈન્ય હોવાથી તે ભયભીત થઈને દિવાકરના શરણે આવ્યો. શ્રી સિદ્ધસેને સર્ષપયોગથી એક મોટું લશ્કર સર્જાવ્યું, તેથી પરાસ્ત થઇ ઘેરો ઘાલનાર શત્રુઓ ભાગી ગયા."

(પ્રભાચંદ્રસૂરિના પ્રભાવકચરિતમાંના ઉપરોક્ત ઉલ્લેખમાં ભરૂચને ઘેરો ઘાલનારા એ શત્રુઓ કોણ હતા તેની ઓળખ આપવામાં આવી નથી; પરંતુ ત્યાં મોઘમ જ 'શત્રુઓ' એમ જણાવ્યું છે, સંભવ તરીકે એ શત્રુઓ કાં તો શક-ક્ષહરાટો હોય અથવા તો આન્ધ્રરાજા (નં. ૧૦) હાલ (શાલવાહન) હોય. આ વિષયમાં એક તરફ એવો સવાલ ઊઠે છે કે, આન્ધ્રરાજા (નં. ૯) અરિષ્ટે (ગૌ. સાતકર્ણિએ) પોતાના રાજ્યના ૧૮ મા વર્ષ પહેલાં નાશિક, પુના, વિગેરે જિલ્લાઓની એના પૂર્વજોએ ગુમાવેલી ભૂમિ શક—ક્ષહરાટો પાસેથી પાછી મેળવી હતી, એમ નાશિકના શિલાલેખોથી અને નહપાણના મહોરા પર તેનું પોતાનું મહોરું મારેલા સિક્કાઓથી સાબીત થાય છે અને વળી અરિષ્ટ પછી રાજ્ય પર આવેલા હાલ (વિષમશીલ) રાજાએ અપરાન્તકને તાબે કર્યો હતો, એમ બૃહત્કથાના સં. અનુવાદોથી સમજાય છે, તો પછી તે તે જિલ્લાઓમાં અને અપરાન્તકમાં શક—ક્ષહરાટો પર થઈ રહેલા ભારે દબાણને લઈ રાજસત્તા વિગેરે ગુમાવી બેઠેલા તેઓના અમુક ભાગે પશ્ચિમ અને અપરાન્તકના રસ્તે ઉત્તરમાં આગળ વધતાં, લાટ અને તેની આજુબાજુના સ્થાનિક અસંતુષ્ટ શક-ક્ષહરાટોની સાથે સમૂહબદ્ધ થઇ ભરૂચને ઘેરો ઘાલ્યો હશે શું ? આની વિરુદ્ધ બીજી તરફ એવો પ્રશ્ન થાય છે કે, વિક્રમાદિત્યના વડીલ પુત્ર ધનંજયની દીક્ષા બાદ ભરૂચના શાસક રાજા તરીકે વિક્રમાદિત્યની આન્ધ્રરાણી સુકોમલાનો પુત્ર વિક્રમચરિત્ર ઉર્ફે નભઃસેન આવ્યો હતો, તેના અમલ દરમિયાન 'સાતવાહને ભરૂચ પર વારંવાર હલ્લાઓ કર્યા હતા અને એક વાર હાલના-શાલિવાહનના હલ્લાથી ભરૂચનું પતન પણ થયું હતું.' એવા જૈન સાહિત્યમાં ઉલ્લેખો મળી આવે છે, તો પછી ભરૂચ પરના એ હલ્લાઓની શરૂઆત શું હાલે સિદ્ધસેનસૂરિની ભરૂચમાં હયાતી દરમિયાન ધનંજય પર કરેલા અને જૈનસાહિત્યમાં નોંધાયલા હલ્લાથી જ થઇ હશે ?

વિક્રમાદિત્યનો પુત્ર ધનંજય ભરૂચનું શાસન કરતો હતો ત્યારે તેના પર આક્રમણ કરે એવી શક-ક્ષહરાટો અને સાતવાહનોની શક્તિ સિવાય ત્રીજી કોઈ શક્તિનું અસ્તિત્વ

નજદીકમાં હોય એમ ઇતિહાસથી જણાયું નથી, એ વાત ધ્યાનમાં રાખતાં ઉપરોક્ત પરસ્પર વિરુદ્ધ જે બે પ્રશ્ન ઊઠે છે તેનો સીધેસીધો જવાબ આપણને જૈનસાહિત્યમાંથી મળતો નથી, પરંતુ ધનંજય પર હલ્લો કરનારાઓને 'શત્રુઓ' કહ્યા છે તેથી તેઓ હાલ રાજા નહિ પણ શક-ક્ષહરાટો હશે એવી કલ્પના થાય છે. જો એ ભરૂચને ઘેરો ઘાલનાર 'હાલ' હોત તો તેની 'સાતવાહન' એવી સામાન્ય રીતે જૈનગ્રંથોમાં અપાતી ઓળખને છોડી દઈ 'શત્રુઓ' એવી અતિ સામાન્ય ઓળખથી તેને ન ઓળખાવાત.

આમ છતાં, એ 'શત્રુઓ' કોણ હતા એનો પ્રભાવકચરિતકારને નિશ્ચય ન હોય અને તેથી જ એમણે 'શત્રુઓ' એવો અતિ સામાન્ય ઉલ્લેખ કર્યો હોય, તથા ઉપરોક્ત ભરૂચના ઘેરાનો સમય, જો હાલે શક-ક્ષહરાટોને સર્વથા જીતી લઈ પશ્ચિમઘાટના પશ્ચિમ પ્રદેશનો સંપૂર્ણ કબજો લેવા પૂર્વક ત્યાં મજબૂત સત્તા જમાવ્યા પછીનો હોય તો, વધારે સંભવિત એ છે કે, ભરૂચપરના એ હુમલાખોરો સાતવાહનો (સાતકર્ણિઓ)-બેન્નાકટકમાંથી પ્રતિષ્ઠાનપુરે રાજધાની લઈ જનાર, અરિષ્ટનો અનુગામી સુપ્રસિદ્ધ સમ્રાટ્ (નં. ૧૦) હાલ-શાલિવાહન હોય. હાલ રાજાનો આ હલ્લો અને બાર વર્ષ સુધી વારંવાર કરાયલા તેના પાછળના હલ્લાઓ એ સર્વ તાપી નદીની દક્ષિણનો પ્રદેશ, કે જે કેટલાક સમય પહેલાં તેના પૂર્વજોના કબજામાંથી શક-ક્ષહરાટોએ ખુંચાવી લીધો હતો અને પાછળથી શક-ક્ષહરાટોના હાથમાંથી વિક્રમાદિત્યના તાબામાં ચાલ્યો ગયો હતો, તેને પાછો મેળવવા માટે હશે એમ નભઃસેન અને હાલની વચ્ચે થયેલી છેવટની સંધિ પરથી અનુમાન થાય છે. ઉપરાંત એ હલ્લાઓનું કારણ, "પોતાનું મૃત્યુ શાલિવાહનના હાથે થશે એમ ભવિષ્યવેત્તાના મુખથી જાણતાં વિક્રમાદિત્યે પ્રતિષ્ઠાનપુર ચઢાઈ કરી હતી અને તેને તેમાં શૂદ્રકથી હાર ખાઈ પાછું નાશી જવું પડયું હતું" એવા મળી આવતા સાહિત્યગત ઉલ્લેખ પરથી કદાચ, વિક્રમાદિત્યે આન્ધ્રરાજ્ય સાથે શરૂ કરેલી અથડામણીના અંગે જાગેલી દુશ્મનાવટ પણ હોય તોપણ ના નહિ. હાલ રાજાના એ હલ્લાઓનું પરિણામ ત્યાં સુધી પહોંચ્યું હતું કે, વિક્રમાદિત્યને પોતાના જીવનના અંત ભાગમાં શાલિવાહનથી પોતાના રાજ્યની સલામતી જોખમાશે એવો ભય સુદ્ધાં લાગ્યો હતો. જ્યારે તેણે ભરૂચ પણ જતું જોયું ત્યારે તે સંપૂર્ણ સાધન શક્તિ વડે હાલની સાથે લાટના પ્રદેશમાં લડયો. આ યુદ્ધમાં તે મરણતોલ ઘવાયો અને પછી લાગેલા ઘાથી કે મતાન્તરે મનાય છે તેમ વ્યાધિથી મૃત્યુ પામ્યો. કહે છે કે, આ પછી વિક્રમાદિત્યના પુત્ર નભઃસેને-જૈન ગ્રન્થકારોથી નહસેણના બદલે લખાતા નરવાહને કે નહવહણે-શાલિવાહન સાથે યુદ્ધ જારી રાખ્યું હતું અને તેને તેમાં વિજય મળ્યો હતો. એ વિજય ખાસ મહત્ત્વનો હોય તેમ લાગતું નથી. કારણ કે, નભઃસેનને તાપી નદીના દક્ષિણ તરફનો પ્રદેશ તો છોડી જ દેવો પડયો હતો, એમ કહેવામાં આવે છે. નભઃસેનની શાલિવાહન સાથેની સંધિનો સમય વિક્રમાદિત્યના મ. નિ. ૪૭૦-ઇ. સ. ૩ વર્ષે મૃત્યુ થયા પછી આશરે એકાદ વર્ષની અંદર હશે, એમ અનુમાન થાય છે; પરંતુ ધનંજય પર થયેલા હલ્લાનો સમય, જ્યાં સુધી એ

હલ્લો કરનાર કોણ હતું એનો ચોક્કસ નિર્ણય ન થાય ત્યાં સુધી, નક્કી થઇ શકે તેમ નથી)

"તેઓ (શ્રીસિદ્ધસેનસૂરિ) પોતાના જીવનનાં છેલ્લાં વર્ષોમાં દક્ષિણાપથમાં વિચર્યા હતા અને ત્યાં પ્રતિષ્ઠાનપુરમાં અનશન પૂર્વક તેમનો સ્વર્ગવાસ થયો હતો. આ વખતે તેમનાં બહેન સાધ્વી સિદ્ધશ્રી ઉજ્જયિનીમાં હતાં, તેમને સિદ્ધસેનના સ્વર્ગસ્થ થયાના સમાચાર મળતાં તેઓ પણ અનશન કરીને સ્વર્ગસ્થ થયાં."

(આ ઉલ્લેખ પ્રભાવકચરિતમાં શ્રી પ્રભાચન્દ્રસૂરિજીએ કર્યો છે.)

"શ્રીસિદ્ધસેન આચાર્યનું રચેલું શાસ્ત્ર 'સમ્મતિ' એ દર્શન પ્રભાવક શાસ્ત્ર [૨૭૦] છે."

(નિશીથચૂર્ણિકારના ઉપરોક્ત કથનથી સ્પષ્ટ સમજાય છે કે, જૈનશાસનના દર્શન પ્રભાવક પ્રાચીન મહાન આચાર્યોમાંના એક શ્રીસિદ્ધસેનસૂરિ પણ હતા.)

ઉપર અનવર્ટેડ કામામાં નોંધેલા ભાવાર્થરૂપ ઉલ્લેખો અને કૌંસમાં કરેલાં ચર્ચાત્મક સૂચનો, એ સર્વ શ્રીસિદ્ધસેન દિવાકરના અંગે જ છે અને તે આજથી ૨૦૦૪ વર્ષ પૂર્વે થયેલા સંવત પ્રવર્તક શકારિ વિક્રમાદિત્યના સમયમાં બનેલી ઘટનાઓને લગતાં જ છે; પરંતુ કેટલાંક વર્ષોથી શ્રી સિદ્ધસેન દિવાકરની વિદ્યમાનતાના સમય અંગે ઊહાપોહ કરનારા લેખકોમાંથી કોઇ કોઈ શ્રીસિદ્ધસેન દિવાકરને તથા તેમના સંબંધમાં નોંધાયલી બધી ય ઘટનાઓને અને વળી, જેનો પ્રવર્તાવેલો સંવત આજકાલ ૨૦૦૪ ના અંકથી લખાઈ રહ્યો છે, તે ખુદ વિક્રમાદિત્યને પણ મ. નિ. ની પાંચમી સદીમાંથી ખોટી કલ્પનાઓના બળે ઉપાડી લઈ ઠેઠ મ. નિ. ની દશમી સદીમાં નાખી દે છે. એમનો વિક્રમાદિત્ય, ચા૦સં૦ની ગણના મુજબ, વિ. સં. ૪૩૨ કે ૪૩૭–ઈ. સ. ૩૭૫ કે ૩૮૦ વર્ષે ગુપ્તોના રાજ્ય પર આવેલો અને પછી કેટલાંક વર્ષે અવન્તિ પર આધિપત્ય જમાવતો ચન્દ્રગુપ્ત બીજો બની જાય છે; જ્યારે એમના સિદ્ધસેન દિવાકર, વિ. સં. ૩૫૩ કે ૩૫૬–ઈ. સ. ૨૯૬ કે ૨૯૯ વર્ષે યુગપ્રધાન પદે આવેલા માથુરી વાચનાના પ્રદાતા શ્રીસ્કંદિલાચાર્યના પ્રશિષ્ય અને વૃદ્ધવાદીના શિષ્ય મનાતા કોઈ સિદ્ધસેન બની જાય છે, કે જે વૃદ્ધવાદી અને તેમના શિષ્ય સિદ્ધસેન દિવાકરનું શ્રીસ્કંદિલાચાર્યના શિષ્ય અને પ્રશિષ્ય તરીકે અસ્તિત્વ જ નથી. એ કોઈ કોઈ લેખકોની ઉપરોક્ત માન્યતાની પાછળ પ્રભાવક ચરિતમાંના કોઇ કોઈ ઉલ્લેખો પણ કામમાં લાગેલા છે, લગાડેલા છે. તે બરાબર છે કે નહિ તેનો હવે વિચાર કરીએ.

પ્રભાવકચરિતમાં, સિદ્ધસેનસૂરિના ગુરુ વૃદ્ધવાદી અને વૃદ્ધવાદીના ગુરૂ સ્કંદિલાચાર્ય વિદ્યાધર આમ્નાયના અને પાદલિપ્ત કુલના હતા એમ ઉલ્લેખ કરાયો છે. આ ઉપરાંત ત્યાં એમ પણ કહેવામાં આવ્યું છે કે, આર્યનાગહસ્તિના ગુરુભાઇ સંગમસિંહસૂરિના શિષ્ય

(૨૭૦) "**दंसणगाहा दंसणणाणप्पभावगाणि सत्थाणि सिद्धिविणिच्छय—संमतिमादि गेण्हंतो**" — નિશીથચૂર્ણિ

"**दंसणणाणेत्ति । अस्य व्याख्या—सुत्तत्थगत तुगाथा । दंसणप्पभावगाण सत्थाण सम्मदियादि सुतणाणेय**" —નિશીથચૂર્ણિ.

પાદલિપ્ત હતા અને, જે વિદ્યાધરવંશમાં કાલકસૂરિ થયા હતા, તે વિદ્યાધર ગચ્છના નાગહસ્તિ હતા. જાકુટી (જાવડ?) શ્રાવકે વિ. સં. ૧૫૦ એટલે આ લેખની ગણતરીએ મ. નિ. ૫૬૦ વર્ષે ગિરનાર પર્વત પરના શ્રીનેમિનાથના મન્દિરનો ઉદ્ધાર કરાવતાં (કરાવતાં કે કર્યા પછી?) ત્યાં વરસાદને લઇ પડી ગયેલા મઠ (?)માંની પ્રશસ્તિના આધારે પાદલિપ્ત અને વૃદ્ધવાદીને વિદ્યાધરવંશીય લખવાની વાત પણ એ ચરિતમાં કરવામાં આવી છે.

પ્રભાવકચરિતમાંનાં ઉપરોક્ત સર્વ કથનોનો એવો અર્થ કરવામાં આવે છે કે; વૃદ્ધવાદીના ગુરુ અને સિદ્ધસેનના પ્રગુરુ સ્કંદિલાચાર્ય વિદ્યાધર આમ્નાયના અને પાદલિપ્તકુલના હતા તેથી તેઓ બ્રહ્મદ્વીપિક આર્યસિંહસૂરિના શિષ્ય અને માથુરી વાચનાના પ્રદાતા શ્રીસ્કંદિલાચાર્ય હોઇ શકે કે જેઓ મહાવીરની નવમી સદીમાં વિદ્યમાન હતા. નાગહસ્તિ અને તેમના ગુરુભ્રાતા સંગમસિંહસૂરિના શિષ્ય પાદલિપ્ત, એમનો સમય પટ્ટાવલીઓ પ્રમાણે મ. નિ. ની સાતમી સદી હોવાથી પાદલિપ્તકુલના સ્કંદિલાચાર્યનું અને તેમના શિષ્ય વૃદ્ધવાદી તથા પ્રશિષ્ય સિદ્ધસેનનું અસ્તિત્વ તેમનાથી–નાગહસ્તિ અને પાદલિપ્તથી પૂર્વે કોઈ પણ રીતે ઘટી શકે નહિ, તો પછી કહેવામાં આવે છે તેમ, મહાવીરની પાંચમી સદીમાં એટલે કે વિક્રમની પહેલી સદીમાં એ સ્કંદિલાચાર્યાદિનું અસ્તિત્વ સંભવે જ શી રીતે? વળી નાગહસ્તિ પછી થયેલા પાદલિપ્તને વિદ્યાધરવંશના કે વિદ્યાધર ગચ્છના અને વૃદ્ધવાદીને વિદ્યાધરવંશના કહેવામાં આવે છે. આ વિદ્યાધરવંશ કે વિદ્યાધર ગચ્છનો સંભવ શ્રીવજ્રસેનના શિષ્ય વિદ્યાધર પછીથી હોય; પરંતુ મ. નિ. ની છઠ્ઠી સાતમી સદીમાં થયેલા વજ્રસેન અને વિદ્યાધરથી પહેલાં હોય નહિ, અને એ રીતે વિદ્યાધરવંશ કે વિદ્યાધર ગચ્છ શ્રીવજ્રસેન પછીથી ઉત્પન્ન થયેલો હોતાં વિદ્યાધરવંશના કે વિદ્યાધરગચ્છના પાદલિપ્ત કે વૃદ્ધવાદી પણ વજ્રસેન પછીથી જ થયેલા આચાર્યો હોઇ શકે, નહિ કે તેમની પૂર્વે મ. નિ. ની પાંચમી સદીના. અર્થાત્; મ. નિ. ની છઠ્ઠી સાતમી સદીમાં ઉત્પન્ન વિદ્યાધરવંશ કે વિદ્યાધરગચ્છના શ્રી વૃદ્ધવાદીના શિષ્ય શ્રીસિદ્ધસેન દિવાકર છે. તેઓ મ. નિ. ની પાંચમી સદીના–વિક્રમની પહેલી સદીના આચાર્ય નહિ; પરંતુ વજ્રસેન કે વિદ્યાધર અને આર્ય નાગહસ્તિ કે પાદલિપ્તની પછી થયેલા હોઇ મ. નિ. ની દશમી સદીના–વિક્રમની પાંચમી સદીના આચાર્ય છે, અને તેથી સિદ્ધસેનના સમયનો વિક્રમાદિત્ય એ વિક્રમાદિત્ય ઉપાધિનો ધારક ગુપ્તવંશીય ચન્દ્રગુપ્ત બીજો છે, કે જે ચા. સં. ની ગણના મુજબ મ. નિ. ૯૦૧ (૧) કે ૯૦૬ (૭)–વિ. સં. ૪૩૧ (૨) કે ૪૩૬ (૭) માં રાજ્ય પર આવ્યો હતો. (આ લેખની ગણના મુજબ એ સમય મ.નિ. ૮૪૧ (૨) કે ૮૪૬ (૭) આવે છે.)

પ્રભાવકચરિતના ઉલ્લેખો પરથી કરાતા ઉપરોક્ત અર્થથી ભિન્ન અર્થ પણ નિકાળી શકાય તેમ છે, કે જેથી સિદ્ધસેન અને તેમના ગુરુ વૃદ્ધવાદીનું અસ્તિત્વ મ. નિ. ની પાંચમી સદીમાં સાબીત કરી શકાય, તે આવી રીતેઃ—

હિમવંત થેરાવલીમાં આપેલા શ્રીસ્કંદિલાચાર્યના સંબંધ પરથી એ નિશ્ચિત છે કે, માથુરી વાચનાના પ્રદાતા સ્કંદિલાચાર્ય સિંહસૂરિના શિષ્ય છે. સિંહસૂરિ નામના બીજા પણ કેટલાક આચાર્યો થયા છે; પરંતુ આ સિંહસૂરિ તે જ છે કે, જેઓ મ. નિ. ની આઠમી અને નવમી સદીના વચગાળે–વિક્રમની ચોથી સદીમાં બહુસમય સુધી વિદ્યમાન યુગપ્રધાન હતા. તેઓ સિંહગિરિના શિષ્ય અને વજ્રસ્વામીના ગુરુભ્રાતા આર્યસમિતથી નીકળેલી બ્રહ્મદ્વીપિકા શાખાના હતા, નંદિસ્થવિરાવલીમાં આ બ્રહ્મદ્વીપિક સિંહસૂરિને અને તેમની પૂર્વેના યુગપ્રધાનો–નાગહસ્તિ અને રેવતિમિત્રને વાચકવંશના જણાવ્યા છે. સ્કંદિલાચાર્યને પણ ત્યાં આડકતરી રીતે વાચકવંશના હોય તેમ સ્તવ્યા છે. જૈનસાહિત્યમાં એમની વિશેષ પ્રસિદ્ધિ પણ વિશિષ્ટ વિદ્યાની સાથે નહિ; પરંતુ વાચનાની સાથે જ છે તેથી તેઓ વાચકવંશના જ છે, નહિ કે વિદ્યાધરવંશના. વળી શ્રીસમિતાર્યથી નીકળેલી બ્રહ્મદ્વીપિકા શાખામાં, વિદ્યાધરવંશના સ્થાને કે સ્વતંત્ર રીતે વપરાતા કોઈ વિદ્યાધર ગચ્છનો ઉદ્દ્ભવ થયો હોય, એનો કોઈ પુરાવો નથી. કલ્પસ્થવિરાવલી પ્રમાણે આર્ય વજ્રસેનના શિષ્ય અને જિનદત્તશ્રેષ્ઠીના પુત્ર શ્રી વિદ્યાધરથી વિદ્યાધરકુલની ઉત્પત્તિ થયેલી છે. એ વિદ્યાધરકુલને અને તેની પૂર્વે ઉત્પન્ન થયેલી બ્રહ્મદ્વીપિકા શાખાને કાંઈ લાગતું વળગતું હોય એમ જણાયું નથી. આ સર્વ પરથી સ્પષ્ટ થાય છે કે, પ્રભાવકચરિતમાં લખાયલા વિદ્યાધરવંશના આચાર્ય સ્કંદિલ એ, વિદ્યાધર વંશાદિના નહિ પણ બ્રહ્મદ્વીપિક શાખાના અને વાચકવંશના લખાયલા યુગપ્રધાન શ્રીસિંહસૂરિના શિષ્ય સ્કંદિલાચાર્ય નથી કે જેઓ મધુમિત્રના ગુરુભ્રાતા અને ગન્ધહસ્તીના કાકાગુરુ હોઇ મ.નિ.ની નવમી સદીમાં માથુરી વાચનાના પ્રદાતા હતા; પરંતુ તેઓ પાદલિપ્તકુલના–પાદલિપ્તસૂરિના કુલના, વિદ્યાધરવંશીય અને જીતમર્યાદાના કરનાર તથા આર્ય કાલક (શ્યામાર્ય) ની પછી યુગપ્રધાનપદે આવેલા શ્રીશાણ્ડિલ્ય છે કે જેમનો યુગપ્રધાનત્વ કાલ મ. નિ. ૩૭૬ થી ૪૧૪ સુધી હતો અને જેમના 'संडिल्ल' નામનો 'खंदिल' નામની સાથે પટ્ટાવલીઓમાં કવચિત્ અક્ષરભ્રમ જાગી શાણ્ડિલ્યના બદલે સ્કંદિલ તરીકે પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. વૃદ્ધવાદી અને સિદ્ધસેન આ શાણ્ડિલ્યના જ શિષ્ય અને પ્રશિષ્ય હતા.

પ્રભાવકચરિતમાં 'વિદ્યાધરામ્નાય' એવો જે શબ્દ છે તેનો અર્થ વિશિષ્ટ વિદ્યાધારકોનો ક્રમભાવી પૂર્વપુરુષપ્રવાહ અથવા સામાન્યતઃ વિદ્યાધરવંશ એવો થાય છે. આવા આમ્નાય કે વંશની આદિ વિષે "श्रीकाल०" એ આગળ લખવામાં આવનારા કાવ્યમાંના ઉલ્લેખથી કદાચ વધારે સ્પષ્ટ ન પણ થવાય, છતાં કલ્પસ્થવિરાવલીના "આર્યસુસ્થિત–સુપ્રતિબદ્ધના શિષ્ય આર્ય ગોપાલ વિદ્યાધરામ્નાયના હતા" આવા પ્રકારના કથનના આધારે સમજાય છે કે, મ. નિ. ની ચોથી સદીની પૂર્વે પણ એ આમ્નાયનું અસ્તિત્વ હતું જ અને દીક્ષા આશ્રયી વ્રતધર મુનિઓની પરંપરામાં અથવા પૂર્વોના વિશિષ્ટ જ્ઞાનની વાચના આશ્રયી શ્રુતધર–અનુયોગધર વાચક મુનિઓની પરંપરામાં જેમ ગુરુ-શિષ્ય વ્યવહાર પ્રવર્તમાન હતો તેમ, મન્ત્રાદિ વિશિષ્ટ વિદ્યા આશ્રયી વિદ્યાધર મુનિઓની પરંપરામાં

પણ તેવો વ્યવહાર પ્રવર્તમાન હતો. આવી હકીકતને દર્શાવતું એક કાવ્ય આવી રીતનું મળી આવે છેઃ—

> "श्रीकालः सूरिराजो नमिविनमिकुलोत्तंसरत्नायमान
> स्तच्छिष्यो वृद्धवादी द्विजकुलतिलकः सिद्धसेनो बभूव।
> बिभ्राणः कूटनिद्रां कपट इति जने विश्रुतो विश्वरूप
> संजातः संगमोऽयं तदनु च गणभृत् पादलिप्तस्ततोऽहम् ॥ [२७१]

શ્રીપાદલિપ્તસૂરિ ઉપરના કાવ્યમાં પોતાની ઓળખ આપે છે કેઃ–

"નમિ–વિનમિ ( વિદ્યાધર )ના કુલ રૂપ મુગટમાં રત્ન સરિખા શ્રીકાલકાચાર્ય મહારાજા થયા. તેમના શિષ્ય બ્રાહ્મણ કુલમાં શ્રેષ્ઠ શ્રી વૃધ્ધવાદી અને ( તેમના શિષ્ય ) સિધ્ધસેન થયા. કૂટનિદ્રાને કરતા વિશ્વરૂપ જે ( સિધ્ધસેન ) લોકોમાં 'કપટ' એવી રીતે પ્રસિધ્ધ થયા. આ પછી સંગમ નામના ગણધારક થયા અને તે પછી હું પાદલિપ્ત થયો છું."

ઉપરોક્ત કાવ્યમાંના પાદલિપ્તનો સમય મ. નિ. ની પાંચમી સદી હોય એમ લાગે છે. તેઓ સંગમગણીના શિષ્ય છે અને એ સંગમગણિને સિધ્ધસેન દિવાકર સાથે સમયનું અંતર નથી. તેમનો અને સિધ્ધસેનનો વિદ્યાધરામ્નાય તરીકે સંબંધ છે. કદાચ, તેઓ વિદ્યાથી સિધ્ધસેનના ગુરુભ્રાતા પણ હોય. શાલિવાહનના મંત્રીના ગુરુ અને શાલિવાહનના હાથે ઉધ્ધાર કરાયલા ભરૂચના શકુનિકાવિહારની ધ્વજપ્રતિષ્ઠા કરનાર પાદલિપ્ત આ કાવ્યમાંના જ પાદલિપ્ત છે. જૈનગ્રન્થોથી જાણવા મળે છે કે, તેમણે આર્યખપુટાચાર્યની પાસે ચમત્કારિક વિદ્યાઓનો અભ્યાસ કર્યો હતો. આર્યખપુટના શિષ્ય ઉપાધ્યાય મહેન્દ્રે દીક્ષિત કરેલા બ્રાહ્મણોના કારણે ભરૂચમાં બ્રાહ્મણોનો વિરોધ થતાં શ્રી સંઘની વિનંતીથી આ આચાર્ય પાટલીપુત્રથી ભરૂચ આવ્યા હતા અને તેમના આગમન માત્રથી જ બ્રાહ્મણો ડરીને નાશી ગયા હતા ( નાશીપાસ થયા હતા ) આ આચાર્ય દક્ષિણાપથમાંના માનખેટના રાજા કૃષ્ણરાજના બહુ માનીતા હતા, અને તેઓ એ રાજાના આગ્રહથી ઘણા સમય સુધી માનખેટમાં રહ્યા હતા. માનખેટમાં રહી તેમણે સંસ્કારયુક્ત સાંકેતિક 'પાદલિપ્તા' ભાષાનું સર્જન કર્યું હતું. એમણે 'तरंगवइ' નામે, હાલમાં ઉપલબ્ધ ન થતી, અદ્‌ભુત પ્રાકૃત કથાની રચના કરી હતી. આ પછી શાલિવાહનના બોલાવ્યાથી તેઓ પ્રતિષ્ઠાનપુરમાં ગયા હતા અને પોતાની વિદ્યાશક્તિથી તે રાજા પર પ્રભાવ પાડી તેને પોતાનો અનુરાગી બનાવી તેની પાસે ધાર્મિક કાર્યો કરાવ્યાં હતાં. તેઓ પોતાના જીવનનાં અંતિમ વર્ષોમાં સૌરાષ્ટ્રમાં વિચર્યા હતા. ત્યાં તેમણે ધાતુર્વાદી નાગાર્જુનને શ્રાવક બનાવી આકાશગામિની વિદ્યાનો યોગ બતાવ્યો હતો. આ નાગાર્જુને પોતાના એ વિદ્યાગુરુના નામથી 'પાદલિપ્તપુર' હાલના પાલીતાણાના સ્થળે વસાવ્યું હતું અને તેણે

(૨૭૧) ધર્મરત્ન પ્રકરણમાં સલબ્ધલક્ષ્ય ગુણ અંગે આપેલી નાગાર્જુનની કથામાં આ કાવ્યનું અવતરણ અપાયલું છે.

ગિરનારની તળેટીમાં કિલ્લાની પાસે શ્રીનેમિનાથને લગતાં કેટલંક શિલ્પનાં ધાર્મિક અને અર્ધધાર્મિક દશ્યો સર્જાવ્યાં હતાં. આ પાદલિપ્તસૂરિજી ૩૨ દિવસના ઉપવાસ પૂર્વક શ્રીશત્રુંજય પર સ્વર્ગવાસ પામ્યા હતા. પ્રભાવકચરિતકાર પાદલિપ્તસૂરિના પ્રાથમિક જીવન વિષે કેટલીક નોંધ લે છે, તે આ પ્રમાણે છે:—

"સરયૂ અને ગંગા નદીના સંગમ પર આવેલી કોશલા નગરીમાં ફુલ્લ નામે શ્રેષ્ઠી રહેતો હતો. તેની સ્ત્રીનું નામ પ્રતિમા હતું. આરાધન કરેલી વૈરોટયા દેવીના કહેવાથી તેણીએ પુત્રપ્રાપ્તિ માટે નમિ–વિનમિ વિદ્યાધરના વંશમાં ઉત્પન્ન આર્ય નાગહસ્તીના પાદશૌચના જળનું પાન કરતાં, જે પ્રથમ પુત્ર થયો, તેનું નામ નાગેન્દ્ર રાખ્યું હતું. એ જ્યારે આઠ વર્ષનો થયો ત્યારે તેને શેઠશેઠાણીએ નાગહસ્તિને સુપ્રત કર્યો. નાગહસ્તિના ગુરુભ્રાતા સંગમસિંહસૂરિએ આ બાલક નાગેન્દ્રને દીક્ષા આપી સંભાળ અને શિક્ષાના માટે મંડનગણીને સોંપ્યા. એક જ વર્ષમાં આ નાગેન્દ્ર અસાધારણ પંડિત થયા. ગુરુમહારાજાએ તેમને કવિત્વ આદિ ગુણોથી પ્રસન્ન થઈ પાદલિપ્તનો આશિર્વાદ આપ્યો. અને તેમની દશ વર્ષની વયે આચાર્ય પદવી આપી પોતાના પટ્ટધર નીમ્યા. આ પછી તેઓને મથુરાનગરીએ મોકલ્યા હતા. ત્યાં કેટલોક સમય રહી તેઓ પાટલીપુત્ર આવ્યા હતા. તેમણે બુદ્ધિના અને વિદ્યાના અનેક ચમત્કારોથી પાટલીપુત્રના રાજા મુરૂણ્ડને પોતાની તરફ આકર્ષ્યો હતો. તેમણે એ રાજાને જૈન મુનિઓની વિનીતતાની અપૂર્વતા દર્શાવતાં તે આશ્ચર્ય પામી પાદલિપ્તસૂરિ પ્રતિ અતિ આદર–ભક્તિવાળો બન્યો હતો."

પ્રભાવકચરિતમાંની ઉપરોક્ત નોંધથી સમજાય છે કે, આર્યખપુટાચાર્ય પાસે ચમત્કારિક વિદ્યાઓ શીખનાર, આર્યખપુટાચાર્યના શિષ્ય ઉપાધ્યાય મહેન્દ્રના બોલાવ્યાથી બ્રાહ્મણોથી થતો ઉપદ્રવ ટાળવા ભરૂચનગરે આવનાર અને કૃષ્ણરાજ, શાલિવાહન, ગુણાઢય, નાગાર્જુન, વિગેરેના સંપર્કમાં અમુક સમયે આવનાર પાદલિપ્તથી ઉપરોક્ત ગૃહસ્થાશ્રમમાં નાગેન્દ્ર નામવાળા પાદલિપ્ત એ ભિન્ન છે. 'શ્રીકાલ૦' કાવ્યમાંના પ્રથમ પાદલિપ્તનો સમય મ.નિ.ની પાંચમી સદી છે. તેમના સમયે પાટલીપુત્રમાં દાહડ નામનો રાજા રાજ્ય કરતો હતો કે જે મિથ્યાદૃષ્ટિ, નાસ્તિકપ્રાયઃ અને તુચ્છબુદ્ધિવાળો તથા ધાર્મિક બાબતોમાં ઉત્પાત મચાવી વિપરીતતા ઉપજાવવા પ્રયત્નશીલ હતો.[૨૭૨] સંભવ છે કે, તે શુંગવંશીય હશે. જ્યારે દ્વિતીય પાદલિપ્તનું અસ્તિત્વ મ.નિ.ની સાતમી સદીના ઉત્તરાર્ધમાં હોઈ તેમના સમયે પાટલીપુત્રમાં કુશાન કનિષ્કે

(૨૭૨) શુંગોના અગ્નિમિત્ર આદિ રાજાઓ અને તેમના પછી આવનારા શુંગભૃત્ય કાણ્વ રાજાઓ, એમની રાજધાની વિદિશામાં હતી, પણ તેમાંના ગમે તેની પેટા શાખાના માંડલિકો પાટલીપુત્રમાં રાજ્ય કરતા હશે, તેમાંનો આ દાહડ રાજા હશે. એ રાજાઓનું જે નીતિપતન થવા માંડયું હતું તે છેવટે સંપ્રદાયોની કદર્થના કરવા સુધી નાસ્તિકતાને પામ્યું હશે એમ લાગે છે. આ સમયે એ રાજા કાણ્વોનો માંડલિક હશે કે સ્વતન્ત્ર હશે યા આન્ધ્રભૃત્યોનો માંડલિક હશે, એ સ્પષ્ટ થઇ શકતું નથી.

નીમેલા સુબેદારની પરંપરામાં આવેલા કોઈ મુરુણ્ડ રાજાનું રાજ્ય હતું કે જે રાજા મહાનુભાવ, ગુણજ્ઞ, શ્રદ્ધાળુ અને વિચારશીલ હતો. ઉપરાંત, તે પાદલિપ્ત પ્રતિ ભક્તિ-આદરવાળો હતો.[૨૭૩]

આમ ભિન્ન ભિન્ન સમયે થયેલા અને ભિન્ન ભિન્ન ઘટનાઓના નાયક પાદલિપ્તસૂરિ નામના બે આચાર્યો થયા હોય એ સ્પષ્ટ જણાય છે, છતાં પ્રભાવકચરિતકાર અને અન્ય પ્રબન્ધકારો બેના બદલે એક જ પાદલિપ્તના નામે ઉપરોક્ત સર્વ ઘટનાઓને ચઢાવે છે. પરિણામે, એ ઘટનાઓનો પરસ્પર સામયિક મેળ મળતો નથી. શ્રીપાદલિપ્તસૂરિનો આર્યખપુટાચાર્યની પાસે ચમત્કારિક વિદ્યાઓનો અભ્યાસ અને ઉ. મહેન્દ્ર પાસે બ્રાહ્મણોથી થઇ રહેલા ઉપદ્રવ પ્રસંગે તેમનું ગમન, એ મ.નિ.ની પાંચમી સદીની ઘટનાઓ છે, કારણ કે, આર્યખપુટાચાર્યાદિનું તે સમયે જ અસ્તિત્વ સિદ્ધ છે; જ્યારે તેમની આર્યનાગહસ્તી અને સંગમસિંહસૂરિથી દેવાયલી દીક્ષા વિગેરેની ઘટનાઓ મ.નિ.ની સાતમી સદીની છે. કેમકે, આર્યનાગહસ્તી વિગેરે તે સમયે જ વિદ્યમાન હતા એમ પટ્ટાવલીઓ પરથી સાબીત થાય છે. આમ લાંબા અંતરે ભિન્ન ભિન્ન સમયે બનેલી ઘટનાઓને પાદલિપ્તસૂરિ નામના એક જ આચાર્યના નામે ચઢાવતાં સામયિક મેળ ન મળે એ સ્વાભાવિક છે. આ અને એવી બીજી અસંગતતાને ટાળવા, સામયિક મેળ ન ખાતી 'અમુક' ઘટનાઓને ભૂલભરેલી રીતે ઉલ્લેખ કરાયલી માનવી એ અનુચિત છે. કેમકે, તેવી માન્યતાનો સમર્થક કોઇ પુરાવો નથી. મહાત્માઓના હાથે ખોટી રીતે ઉલ્લેખો નોંધાયાનું પ્રાયઃ બનતું નથી, પરંતુ એને ઊલટાસુલટી કે એક જ નામ પર નોંધાયાનું કવચિત્ બની જાય છે, એ લક્ષ્યમાં લેતાં સામયિક મેળ ન ખાતી ઘટનાઓને ખોટી ઠરાવવા કરતાં તેને ઘટાવવા એના ઘટક તરીકે એ જ નામની થઈ ગયેલી કે થનારી કોઇ અન્ય જ વ્યક્તિ માની લેવી જોઇએ. અને તેથી પાંચમી સદીના પાદલિપ્ત અને તેમના ગુરુ સંગમને આર્યખપુટાચાર્ય તથા મહેન્દ્ર ઉપાધ્યાયની હયાતીમાં પાંચમી સદીમાં જ રહેવા દ્યો. તેમને સાતમી સદીના આર્ય નાગહસ્તી અને તેમના ગુરુભાઇ સંગમસિંહસૂરિની હયાતીમાં લઈ જવાની કાંઈ જરૂરીયાત નથી. "મુનિ તરીકેની બાલ્યાવસ્થામાં પાદલિપ્તે ગુરુને કહ્યું કે, પૂજ્ય! આપે જે '**पलित्तोसि**' કહ્યું તેમાં '**अ**' ના બદલે '**आ**' કરી આપવાની કૃપા કરો કે જેથી હું '**पालित्त**'-પાદલિપ્ત થઉં. ગુરુએ તેને પાદલિપ્ત થવાનો આશીર્વાદ આપ્યો અને એ બાલ-ક્ષુલ્લક મુનિનું નામ પાદલિપ્ત પડયું." પ્રબન્ધોમાં નોંધાયલી આ હકીકતમાંના 'પાદલિપ્ત' એ પ્રયોગમાં પણ, પાદલિપ્ત અને તેમના ગુરુને પૂર્વે થઈ ગયેલા કોઈ પાદલિપ્તના નામનું સ્મરણ થયું હોય એમ લાગે છે. પાંચમી સદીના પાદલિપ્તની વિહારભૂમિ અને કાર્યક્ષેત્ર મુખ્યતયા લાટ, દક્ષિણાપથ અને સૌરાષ્ટ્ર

(૨૭૩) કુશાનોએ પાટલીપુત્રમાં નીમેલા સુબાની પરંપરાનો આ મુરુણ્ડ રાજા લગભગ સ્વતન્ત્ર હશે. કારણ કે, આ સમયે ભારતના ગંગોત્તર પ્રદેશ પર કુશાન સત્તા નામની જ હોઇ કુશાનોના સુબાઓ જ જ્યાં ત્યાં સર્વસત્તાધીશ બની બેઠેલા હતા. આ રાજાઓ હિન્દી સંસ્કૃતિથી સર્વથા રંગાયલા બની ગયેલા હતા.

છે, જ્યારે સાતમી સદીના પાદલિપ્તનું મગધ અને સૂરસેન છે. આથી પણ બન્ને પાદલિપ્ત ભિન્ન જ હતા એમ સાબીત થાય છે.

ઉપરોક્ત બન્ને પાદલિપ્ત વિદ્યાધર આમ્નાય–સંપ્રદાય–વંશના હતા. જેમનાથી વિદ્યાધરી શાખા નીકળી હતી તે, આર્યસુસ્થિત–સુપ્રતિબદ્ધના શિષ્ય વિદ્યાધર ગોપાલ પણ એ જ આમ્નાયના હતા; પરંતુ તેમની વિદ્યાપરંપરામાં આ પાદલિપ્તસૂરિઓ ન હોઈ, આર્ય સુસ્થિત–સુપ્રતિબદ્ધના ગુરુભાઈ શ્રીગુણસુન્દરસૂરિના શિષ્ય વિદ્યાધર આર્યકાલકની વિદ્યાપરંપરામાં હતા. વિદ્યાધર આમ્નાય–વંશમાં અનેક કુળ કે ગચ્છ હોય એવી સ્થિતિમાં અમુક આચાર્યનું અમુક કુળ કે ગચ્છ છે એની ખાત્રી હોય ત્યારે તો તે આચાર્ય વિદ્યાધર-વંશની સાથે તે કુળ કે ગચ્છના લખાતા હશે, પરંતુ જ્યારે તેમના વિશિષ્ટ કુળ કે ગચ્છનો પત્તો ન લાગે યા ટુંકાણમાં પતાવવું હોય ત્યારે તેમની ઓળખ વિદ્યાધરવંશથી કે વિદ્યાધર-કુળથી અથવા પાછળના સમયમાં વિદ્યાધર ગચ્છથી આપવાની પ્રથા હશે એમ લાગે છે. પુરાવા તરીકે, આર્ય સ્કંદિલ (શાંડિલ્ય)ની ઓળખ 'વિદ્યાધરામ્નાયના અને પાદલિપ્ત-કુળના' એવી રીતે આપવામાં આવી છે, જ્યારે આર્યનાગહસ્તિની ઓળખ વિદ્યાધરામ્ના-યના અને વિદ્યાધર ગચ્છના' એવી રીતે આપી છે, તો વળી ઉપરોક્ત '**श्रीकालः०**' એ કાવ્યમાં 'શ્રીકાલક'ને 'નમિવિનમિકુલના' એટલે નમિ–વિનમિના વિદ્યાધરકુળના કહ્યા છે અને એ કુળ કે, જે સ્પષ્ટ રીતે આમ્નાય જ છે, તેમાં કાલક પછીથી વૃદ્ધવાદી, સિદ્ધ-સેન, સંગમ અને પાદલિપ્ત સુધીની પરંપરા આલેખાઈ છે. સંભવ છે કે, મ.નિ.ની પાંચમી સદીમાં થયેલા પાદલિપ્તના સમયે જૈન શ્રમણોને વંશ કે કુળથી જ ઓળખાવવાની પ્રથા હશે, ગચ્છથી ઓળખાવવાનો વ્યવહાર તે સમયે નહિ જ હશે, જ્યારે સાતમી સદીમાં આર્યનાગહસ્તી અને પાદલિપ્તના સમયે ગચ્છ શબ્દ વપરાશમાં આવ્યો હતો એમ પ્રભાવકચરિતથી સૂચન થાય છે. કારણ કે તે આચાર્યોને ત્યાં વિદ્યાધર ગચ્છના લખ્યા છે. મને તો લાગે છે કે, વિદ્યાધરવંશના સ્થાને જ વિદ્યાધર ગચ્છ લખાયો છે અને વિદ્યાધરવંશના આ નાગહસ્તી વાચકવંશના યુગપ્રધાન નાગહસ્તીથી, જો કે સમકાલીન છે છતાં, ભિન્ન જ છે. કાલજ્ઞાન, નિર્વાણકલિકા, પ્રશ્નપ્રકાશ, વિગેરે ગ્રન્થો પાદલિપ્તસૂરિના બનાવેલા કહેવાય છે. એ ગ્રન્થો કયા પાદલિપ્તે નિર્માણ કર્યા, એ વિષે ચોક્કસ કથન કરી શકાય તેમ નથી. તેમાંનો કોઈ ગ્રન્થ પાંચમી સદીમાં થયેલા પ્રથમ પાદલિપ્તનો હોય તો વળી કોઈ ગ્રન્થ સાતમી સદીમાં થયેલા દ્વિતીય પાદલિપ્તનો પણ હોય એ બનવા જોગ છે.

ઉપરોક્ત રીતે બે પાદલિપ્ત સાબીત થાય છે, છતાં એક જ પાદલિપ્ત થયા હોવાનો, અને તેમાં પણ મ.નિ.ની પાંચમી સદીના આર્યખપુટાચાર્યાદિની સાથે તેમની સમકાલીન-તાની ઉપેક્ષા કરી, મ.નિ.ની સાતમી સદીના આર્યનાગહસ્તિની સાથે સમકાલીનતા હોવાનો જ જો આગ્રહ હોય તો એક જુદી વાત છે; પરંતુ એ રીતે ય '**श्रीकालः०**' એ પદ્યાનુસાર

વૃધ્ધવાદી અને સિધ્ધસેન દિવાકર પાદલિપ્તસૂરિની પહેલાં થઈ ગયેલા હોતાં તેમને કોઈ પણ રીતે મ.નિ.ની નવમી સદીના માથુરી વાચનાના દાતા યુ.પ્ર. શ્રીસ્કંદિલાચાર્યના શિષ્ય અને પ્રશિષ્ય તરીકે માની શકાય તેમ નથી.

'श्रीकालः०' એ કાવ્યમાં વૃધ્ધવાદીને વિદ્યાધરવંશીય કાલકના શિષ્ય કહ્યા છે; પરંતુ પ્રભાવકચરિતમાં તેમને સ્કંદિલના શિષ્ય જણાવ્યા છે કે જે સ્કંદિલ, બ્રહ્મદીપિક સિંહસૂરિના શિષ્ય યુ.પ્ર. સ્કંદિલાચાર્ય નહિ, પરંતુ શ્યામાર્ય પછી યુ.પ્ર. પદે આવેલા-વિદ્યાધરવંશીય અને પાદલિપ્તકુલના ષાંડિલ્ય નામના આચાર્ય છે, એમ હું પૂર્વે સૂચન કરી ગયો છું. હવે અહિં એ વિચાર કરીએ કે, વૃધ્ધવાદી કોના શિષ્ય છે.

મ.નિ.ની ત્રીજી સદીના છેલ્લા ચરણથી લઈ પાંચમી સદીના પૂર્વાર્ધ સુધીમાં કાલકાચાર્ય નામના ત્રણ આચાર્ય જૈન સાહિત્યમાં આગળ પડતા જણાયા છે. જેમકેઃ-(૧) આર્ય સુહસ્તિના શિષ્ય ગુણસુંદરસૂરિના શિષ્ય-વિદ્યાબલિષ્ટ કાલકાચાર્ય. (૨) આર્ય મહાગિરિના શિષ્ય બલિસ્સહના શિષ્ય સ્વાતિના શિષ્ય-દશપૂર્વધર કાલકાચાર્ય અપરનામ શ્યામાર્ય. (૩) ગુણાકરસૂરિના શિષ્ય-ગર્દભિલ્લોત્થાપક જ્યોતિષનિમિત્તવેત્તા કાલકાચાર્ય.

ઉપરોક્ત ત્રણમાં નં. ૧ ના કાલકાચાર્યે ભરુચના શકુનિકાવિહારના અંગે ઉપદ્રવ કરતા મિથ્યાદષ્ટિ વ્યન્તરોને પોતાના વિદ્યાબલથી પચીશ યોજન દૂર કરી દીધા હતા. નં૦ ૨ ના કાલકાચાર્યે મ.નિ. ૩૨૦ વર્ષે ઈન્દ્રની આગળ નિગોદની વ્યાખ્યા કરી હતી. પન્નવણાસૂત્રના કર્તા તથા પાંચમથી ચોથના દિને પર્યુષણાપર્વના પ્રવર્તક પણ આ જ કાલકાચાર્ય હતા. નં. ૩ ના કાલકાચાર્યે ગર્દભિલ્લ રાજાનો નિગ્રહ કરી પોતાની બહેન સાધ્વી સરસ્વતીને તેના અત્યાચારમાંથી મુકાવી હતી. અવિનીત શિષ્યોને અવન્તિમાં છોડી દઈ પોતાના પ્રશિષ્ય સાગર પાસે સુવર્ણભૂમિમાં જનાર પણ બહુધા આ જ આચાર્ય હતા.

'श्रीकालः०' એ કાવ્યમાં અને પ્રભાવકચરિતમાં, જે કાલકને વિદ્યાધરવંશના કહેવામાં આવે છે, તે કાલક ઉપરોક્ત ત્રણ કાલકમાંથી નં૦૧ ના કાલક જ હોવા જોઈએ. આર્ય-સુહસ્તિના શિષ્ય કલહંસસૂરિ જેમ વિદ્યાબલિષ્ટ હતા, તેમ તેમના પ્રશિષ્ય આ કાલક પણ વિદ્યાબલિષ્ટ હતા. એમને એ વિદ્યાઓ 'श्रीकालः०' એ કાવ્યમાં જણાવ્યા મુજબ વિદ્યાધરપરંપરાથી મળેલી હોઇ તેઓ વિદ્યાધર આમ્નાયના હતા. પ્રભાવકચરિતમાં સ્કંદિલ-ષાંડિલ્યને પણ એ જ આમ્નાયના કહેવામાં આવ્યા છે અને ત્યાં તેમને પાદલિપ્ત-કુલના જણાવ્યા છે. ષાંડિલ્યે વિદ્યાનો આમ્નાય કોની પાસે લીધો હતો એ જાણવાનું સાધન નથી. તેમનો નં૦૧ ના કાલક સાથે વિદ્યા આશ્રયી સાંપ્રદાયિક સંબંધ છે, પરંતુ તેમની પાસે વિદ્યાનો આમ્નાય લીધો હોય એમ લાગતું નથી. કારણ કે, 'श्रीकालः०' એ કાવ્યમાં નં૦૧ ના કાલકના વિદ્યાશિષ્ય તરીકે તેમની નોંધ ન લેતાં સીધેસીધી તેમના શિષ્ય વૃદ્ધવાદીની નોંધ લીધી છે. કોઈ કોઇ સ્થળે તેમને શ્યામાર્ય-નં૦૨ ના કાલકા-

ચાર્યના શિષ્ય લખ્યા છે, પરંતુ તેઓ તેમના વાચનાશિષ્ય હશે, દીક્ષાશિષ્ય નહિ. કેમકે તેઓને પાદલિપ્તકુલના કહ્યા છે અને નં૦૨ના શ્યામાર્યનું પાદલિપ્તકુલ હોય એમ જણાયું નથી. આ પાદલિપ્ત, ષાંડિલ્યથી પહેલાં થયા હોવાને લીધે તેમનાથી પાછળ થયેલા પૂર્વોક્ત બે પાદલિપ્તોથી ભિન્ન જ છે, પરંતુ તેઓ કોણ હતા અને ક્યારે થયા એનો ખુલાસો ક્યાંયથી મળતો નથી. વિદ્યાધર આમ્નાયના નં૦૧ ના કાલકાચાર્યનું પાદલેપ શક્તિથી નિષ્પન્ન બીજું નામ 'પાદલિપ્ત' નહિ હોય શું એવો પ્રશ્ન ઊઠે છે. એક જ સમયે વિદ્યમાન બે મહાન કાલકાચાર્યોમાં, સ્પષ્ટ ઓળખ થવાની ખાતર, નં૦૧ ને પાદલિપ્ત અને નં૦૨ ને શ્યામાર્ય નામથી સંબોધન કરાયું હોય એ બનવા જોગ છે. અને જો એમ જ હોય તો ષાંડિલ્યને નં૦૧ ના કાલકાચાર્યના દીક્ષાશિષ્ય હતા એમ માની શકાય; પરંતુ નં૦૧ ના કાલકાચાર્યથી પાદલિપ્ત ભિન્ન જ વ્યક્તિ હોય તો ષાંડિલ્ય કોઈ પાદલિપ્તની પરંપરામાં દીક્ષિત થયેલા હતા એટલું જ કહી શકાય અને એ રીતે તેમના દીક્ષાગુરુ સંબંધી પ્રશ્નનો જવાબ અંધારામાં જ રહેવાનો. ઉપર કરેલા વિવેચનનો સાર એ છે કે, ષાંડિલ્યનો નં૦૧ ના કાલકની સાથે વિદ્યાથી એક સંપ્રદાય તરીકે સંબંધ હતો એ નક્કી છે; પરંતુ વિદ્યા આશ્રયી ગુરુ શિષ્ય સંબંધ નથી, તેમ દીક્ષા આશ્રયી ગુરુ શિષ્ય સંબંધ હોય એ અચોક્કસ છે. નં૦૨ ના કાલકાચાર્ય સાથે તેમનો ગુરુ શિષ્ય સંબંધ હતો, પરંતુ તે વાચના આશ્રયી જ. પ્રભાવકચરિતમાં સિદ્ધસેનના ગુરુ વૃદ્ધવાદીને સ્કંદિલાચાર્યના શિષ્ય કહ્યા છે તે દીક્ષા આશ્રયી જ. બાકી, '**શ્રીકાલ૦**' કાવ્યના કથન મુજબ તેઓ વિદ્યા આશ્રયી તો નં૦૧ ના કાલકના શિષ્ય હતા, અને તેઓનું અસ્તિત્વ મ.નિ.ની ચોથી સદીના ઉત્તરાર્ધથી લઈ પાંચમી સદીના પ્રથમ ચરણનાં કેટલાંક વર્ષો સુધી હતું. આ ઉપરથી સમજાશે કે, વૃદ્ધવાદીના શિષ્ય શ્રીસિદ્ધસેન દિવાકર, કેટલાકો કહે છે તેમ મ.નિ.ની દશમી સદીના આચાર્ય નહિ, પરતુ મ.નિ.ની પાંચમી સદીના આચાર્ય છે, કે જ્યારે સંવત પ્રવર્તક શકારિ વિક્રમાદિત્ય રાજા ઉજ્જયિનીમાં રાજ્ય કરી રહ્યો હતો. આ સમયની જૈન પરિસ્થિતિનો અહિં કંઈક વિચાર કરીએ.

વિક્રમાદિત્ય બહુધા સિદ્ધસેન દિવાકરના સંપર્કમાં જ આવ્યો હોય એમ જૈનસાહિત્યમાં નોંધાયું છે, પરંતુ તે બીજા જૈનાચાર્યોના સંપર્કમાં પણ અમુક અંશે આવ્યો હશે. આપણને જાણવા મળે છે કે, તેણે નિકાળેલા શ્રીશત્રુંજયના સંઘમાં સંખ્યાબંધ આચાર્યો સામેલ હતા. સાહિત્યમાં લેવાતી નોંધો પણ ઘણા ભાગે એક જ મહાન અને મુખ્ય વ્યક્તિને આગળ ધરી હોય છે, એ ભૂલવું જોઈએ નહિ. વિક્રમાદિત્યના ૬૦ વર્ષ જેટલા લાંબા રાજત્વકાલ દરમીયાન જૈન, બૌદ્ધ અને વૈદિક એ ત્રણે ધર્મપંથો ભારતના પોતાને અનુકૂલ પ્રદેશમાં સ્વધર્મનો પ્રચાર કરવા મથી રહ્યા હતા. આ સમયે જૈનશાસનમાં આર્ય-ષાંડિલ્ય, રેવતિમિત્ર, સમુદ્ર અને મંગુ એ યુગપ્રધાનો ઉપરાંત આર્ય-ખપટ વૃદ્ધવાદી, સિદ્ધસેન, સંગમગણી, રુદ્રદેવ, પાદલિપ્ત, મહેન્દ્ર વિગેરે સંખ્યાબંધ વિદ્યાસિદ્ધો

અને સમર્થ વાદીઓ વિદ્યમાન હતા, જેઓએ મથુરા, અયોધ્યા અને પાટલીપુત્રના પ્રદેશથી લઈ દક્ષિણાપથમાં પ્રતિષ્ઠાન, માનખેટ, વિગેરેના પ્રદેશ સુધી અને પશ્ચિમમાં સૌરાષ્ટ્રનાં શહેરોથી લઈ પૂર્વમાં કલિંગાદિનાં બંદરો સુધી વિચરી જૈનધર્મનો પ્રચાર અને પ્રભાવના કરી હતી. તેમને કોઈ સ્થળે બૌદ્ધોની સાથે તો કોઈ સ્થળે વૈદિકોની સાથે ન છૂટકે વાદમાં કે અથડામણુમાં ઊતરવું પડયું હતું, જ્યાં સર્વત્ર તેઓ અન્ય વિદ્યાસિદ્ધો અને વાદીઓના મુકાબલામાં સર્વથા સફળ થયા હતા. આ સમયે આર્યસુસ્થિત–સુપ્રતિબદ્ધ પરંપરાના આર્ય દિન્નસૂરિ ભારતના દક્ષિણ કાંઠાને લગતા પ્રદેશોમાં ધર્મપ્રચાર ને ધર્મપ્રભાવના કરી રહ્યા હતા. જૈનધર્મને માટે આ જળહળતો જમાનો હતો, ભદ્રગુપ્ત અને સિંહગિરિ સમા મહાન પુરુષો વિક્રમાદિત્યના રાજ્યનાં અંતિમ વર્ષોમાં શ્રમણ બન્યા હતા. આર્ય ખપુટે વિક્રમાદિત્યના રાજ્યનાં ઝાઝાં વર્ષ જોયાં નથી. તેઓ મ. નિ. ૪૫૩ વર્ષે થયા હતા એમ પટ્ટાવલી કહે છે, જ્યારે પ્રભાવકચરિત જણાવે છે કે, તેઓ મ. નિ. ૪૮૪ વર્ષે થયા હતા. સમજાય છે કે, ચાલુ સંપ્રદાય પ્રમાણે ૪૫૩ એ તેમના આચાર્ય પદની સાલ અને ૪૮૪ એ તેમના સ્વર્ગવાસની સાલ હશે, કે જે આ લેખમાં સ્વીકારાયલા સંપ્રદાય પ્રમાણે અનુક્રમે ૩૯૩ અને ૪૨૪ ની સાલ છે. એક ગાથામાં સિદ્ધસેન દિવાકરને મ. નિ. થી પાંચસેં વર્ષે થયાનું લખ્યું છે. તે આ લેખની ગણતરીએ તેમના સ્વર્ગવાસની નોંધ હોવી જોઈએ. સિદ્ધસેન દિવાકર વિક્રમાદિત્યના મૃત્યુ બાદ દક્ષિણાપથમાં વિશેષ વિચરતા હશે, કે જ્યાં આન્ધ્રરાજા શાલિવાહન રાજ્ય કરતો હતો. તેઓ દક્ષિણાપથના પ્રતિષ્ઠાનમાં સ્વર્ગવાસ પામ્યા હતા એવી જે હકીકત નોંધાઈ છે તે સર્વથા વિશ્વાસપાત્ર છે. વિક્રમાદિત્યને અને તેના સંવતને જૈનોએ સૌ કરતાં વધારે આદર આપ્યો છે તેનું કારણ એ જ છે કે, વિક્રમાદિત્ય (બલમિત્ર) એક મહાન જૈનાચાર્યનો ભાણેજ હતો અને તે શ્રી સિદ્ધસેન દિવાકરના પરિચય પછી ચુસ્ત જૈન બન્યો હતો–એક સારો જૈન રાજા હોવો જોઈએ તેવો તે હતો. આમ છતાં પોતાની પ્રજાની ભિન્ન માન્યતાઓ પ્રતિ અતીવ સહિષ્ણુ હોઇ રાજધર્મ તરીકે તે તેઓની સાથે સમભાવ અને ઔદાર્યથી વર્તનાર હતો, ભારત કદિ પણ એ પરદુઃખભંજક વીર રાજાને ભૂલી શકે તેમ નથી. જૈનોએ તેના સંબંધી ઘણું સાહિત્ય લખી અને તેના સંવતને અતીવ વહેતો મુકી તેને અમર બનાવ્યો છે. તે સદા ય અમર જ રહેશે એ નિઃશંક હકીકત છે.

## વિક્રમચરિત્ર ૪૦ વર્ષ, મ. નિ. ૪૭૦–૫૧૦

### (વિ. સં. ૬૦—૧૦૦, ઈ. સ. ૩—૪૩)

વિક્રમાદિત્યના જીવન વિષે લખનારા લેખકો, વિક્રમચરિત્રનો જન્મ આન્ધ્ર રાજકુમારી સુકોમલાથી થયો હતો એમ લખે છે. તેઓ કહે છે કે, વિક્રમચરિત્રે પોતાની બાલ્યાવસ્થા પોતાના મોસાળ પ્રતિષ્ઠાનપુરમાં (મારા સંશોધન મુજબ બેન્નાકટકમાં) વીતાવી

હતી. ત્યાં તે દેવકુમાર નામથી સંબોધાતો હતો, પરંતુ ઉજ્જયિનીમાં તેના પિતા વિક્રમાદિત્યની પાસે આવ્યા બાદ તેનું નામ 'વિક્રમચરિત્ર' રખાયું હતું. શ્રીમેરુતુંગની સ્થવિરાવલી અથવા વિચારશ્રેણીમાં તેનું નામ ધર્માદિત્ય લખ્યું છે. એક જગાએ તેને વિક્રમસેન તરીકે પણ આલેખ્યો છે. [૨૭૪] જ્યારે પુરાણોમાં તેનું નામ માધવસેન અથવા માધવાદિત્ય પણ મળી આવે છે. ઉપરોક્ત બધા લેખકોમાંથી કોઈ વિકલ્પ તરીકે પણ 'નભઃસેન' એ નામને સ્પર્શતો નથી.

'**तित्थोग्गाली पइन्नय**'માં બલમિત્ર-ભાનુમિત્ર પછી 'નહસેણ' નામ નોંધવામાં આવે છે. સંભવ છે કે, 'નહવહણ'ને બદલે એ 'નહસેણ' નોંધાયું હોય. જૈન સાહિત્યમાં શાલવાહનને-હાલ સાતવાહનને ભરુયચ્છ (ભરુકચ્છ-ભરૂચ)ના 'નહવાણ'-નરવાહન રાજા પર હલ્લો કરતો જણાવ્યો છે. એ નહવાણ વિક્રમાદિત્યનો પુત્ર હોઈ તે તેના વડિલો ગર્દભસેન અને વિક્રમસેનની માફક સેનાન્ત હશે એવી કલ્પનામાંથી ઉપરોક્ત 'નહસેણ' એ નામ જન્મી ગયું હોય એમ લાગે છે. બાકી સત્ય વાત એ છે કે, શાલિવાહને ભરૂચના રાજા પર હલ્લો કર્યો હતો. તે રાજા નહવાણ નહિ, પરંતુ વિક્રમાદિત્યનો પુત્ર વિક્રમચરિત્ર હતો. '**भरुअच्छे जिणदेवो**' એ નિર્યુક્તિની ગાથામાં અને તેની ટીકામાં પ્રતિષ્ઠાનપુરના સાલવાહણની ભરૂચના રાજા નહવાણપરની ચઢાઈની વાત લખવામાં આવી છે, પરંતુ પ્રતિષ્ઠાનપુરના અને ભરૂચના એ રાજાઓની સ્પષ્ટ ઓળખ થવી મુશ્કેલ છે. સંભવ છે કે, ભરૂચ પર કંઈક કાલ રાજ્ય કરતા, ઉજ્જયિનીના બલમિત્ર-ભાનુમિત્રના પુત્ર નભોવાહન પર અથવા તો ક્ષહરાટ રાજા 'નહપાણ' પર મ. નિ. ની ચોથી સદીનાં મધ્ય બે ચરણોમાં વિદ્યમાન કોઈ પ્રતિષ્ઠાનના સાતવાહન રાજાની એ ચઢાઈ હોય અને તે, પાછળની બલમિત્ર (વિક્રમાદિત્ય) ના પુત્ર વિક્રમચરિત્ર પર શાલિવાહને (હાલે) કરેલી ચઢાઈની સાથે એકમેક થઈ જઈ વિવેક ન કરી ન શકાય તેવી રીતે હકીકતમાં લખાઈ ગઈ હોય. બાકી 'નહસેણ' એ નામ તો આ સ્થળે પણ આપવામાં આવ્યું નથી. આમ છતાં વિક્રમચરિત્રનું નભઃસેન કે માધવસેન એવું સેનાન્ત કોઈ નામ હોય તો ભલે હો; પરંતુ વિક્રમસેન એવું નામ તેના પિતા વિક્રમાદિત્યનું હોવા સંભવ છે, તેનું પોતાનું તો નહિ જ. શુભશીલગણિ પોતાના વિક્રમચરિત્રમાં સ્પષ્ટ રીતે વિક્રમચરિત્ર નામના જ રાજા સાથે શાલિવાહનની સંધિનો બનાવ આલેખે છે. [૨૭૫]

(૨૭૪) પુરાતન પ્રબન્ધ સંગ્રહ—વિક્રમાર્ક પ્રબન્ધમાં વિક્રમપુત્ર- વિક્રમસેન સંબન્ધ પ્રબન્ધ પૃ. ૫ અને પ્રબન્ધકોશ—વિક્રમાદિત્ય પ્રબન્ધ પૃ. ૭૮ (સિં. જૈ. ગ્રંથમાલા) માં વિક્રમાદિત્યના પુત્ર વિક્રમસેનનો વિક્રમાદિત્યની ગાદીએ અભિષેક કર્યાની હકીકત છે.

(૨૭૫) આમ છતાં વિક્રમચરિત્ર એનું નામ વિક્રમસેન પણ હોય તથા વિક્રમાદિત્યનું નામ સેનાન્ત એટલે વિક્રમસેન ન જ હોય, અને આ માટે પ્રબન્ધકારોનો ઉલ્લેખ પ્રામાણિક જ હોય તો તેને માનવામાં પણ કોઇ જાતનો વિરોધ નથી.

રાજા વિક્રમચરિત્ર એ બહુ સમભાવશીલ, ન્યાયી અને ધર્મનિષ્ઠ હશે તેથી શું તે ધર્માદિત્ય નામે ઓળખાતો હશે ? સાધનના અભાવે આપણને તેના વિષે ઝાઝું જાણવા મળતું નથી, પરંતુ વિક્રમાદિત્યના ચરિત્રમાં પ્રાસંગિક તેના વિષે જે થોડો ઘણો ઉલ્લેખ થયેલો જોવામાં આવે છે તે પરથી કહી શકાય તેમ છે કે, એ રાજા બહુ બુદ્ધિશાળી, નિરભિમાની અને પ્રજાપ્રિય હતો. વિક્રમાદિત્યની જેમ તેણે પણ વારસામાં મળેલા રાજ્યને વિસ્તારવા અને લોહી રેડી અન્ય પ્રદેશો પર સત્તા જમાવવા કાંઇપણ પ્રયત્ન કર્યો હોય એમ લાગતું નથી. તે રાજ્ય પર આવ્યો તે દરમીયાન આન્ધ્ર રાજા શાલિવાહન દક્ષિણાપથમાં બરાબર સ્થિર થઈ ચુકયો હતો અને તે વીતતા સમયની સાથે સત્તા તથા બળમાં મજબૂત થતો જતો હતો. શાલિવાહનના વીર યોદ્ધા શૂદ્રકે શુંગભૃત્યો (કાણ્વો) પાસેથી વિદિશાનું રાજ્ય, શાલિવાહન અને વિક્રમાદિત્યનું ભરૂચ આગળ યુદ્ધ થયું તેની પૂર્વે જ લીધું હતું અને તે પછી તેની પૂર્વના પ્રદેશોમાં તેણે મજબૂત પગદંડો જમાવવા માંડયો હતો, એટલે વિક્રમચરિત્રને તે દિશામાં કાંઈ પણ કરવાનું હતું જ નહિ. કેમકે, તે આન્ધ્ર રાજ્યની સાથે સંધિથી બંધાયલો હતો અને તેની સાથે અથડાઅથડીમાં ઊતરવું એ તેની સંતોષવૃત્તિને તથા દીર્ઘદર્શિતાને અનનુકૂલ હોઇ જોખમી પણ હતું. મથુરાથી લઈ હિન્દના વાયવ્ય પ્રદેશ સુધીમાં મજબૂત સત્તા ધરાવતો પાર્થિયન રાજા ગોન્ડોફારનેસ કે ગોન્ડોફેરીસ (ગુદફર્ન યા ગુદુહ્વર) મ. નિ. ૫૧૧ કે ૫૧૨—ઈ. સ. ૪૫ ની લગભગ સ્વદેશમાં ચાલ્યો ગયો તેથી પૂર્વે સો કરતાં પણ વધારે સમયથી, મોઅસ અને એઝેસથી લઈ ગોન્ડોફારનેસ સુધીના પાર્થિયન રાજાઓની સત્તા લગભગ પશ્ચિમ ભારતના આખા ય ઉત્તર ભાગમાં પથરાયલી હતી. આ સત્તા પર વિક્રમાદિત્યે કે વિક્રમચરિત્રે આક્રમણ કર્યું હોય કે તેની સાથે તેઓ કોઈ જાતની અથડામણમાં આવ્યા હોય એમ ઈતિહાસ કહેતો નથી, તેમ એ પાર્થિયન રાજાઓએ પણ અવન્તિના એ રાજાને છંછેડવા ઈરાદો સેવ્યો હોય તેમ લાગતું નથી. શાલિવાહને લાટ, સૌરાષ્ટ્ર, કુકુર વિગેરે દેશોની શક–છહરાટ વિગેરે જાતિઓને દબાવી દીધી હતી તેથી તે તરફથી પણ શાન્તિ હતી. અર્થાત્; વિક્રમચરિત્રની સન્તોષવૃત્તિને અનુકૂલ સર્વ પરિસ્થિતિ હોવાથી તેનું રાજ્ય માનવ સુખશાન્તિના ધોરણને અનુસરી, પરંપરાગત કથાઓ જણાવે છે તેમ, કદાચ તેના પિતાની સરખામણીમાં કેટલીક બાબતોમાં ઊતરતી કળાનું હશે તો પણ, સારી રીતે આબાદી ભોગવી રહ્યું હતું.

રાજા વિક્રમચરિત્ર શ્રીસિદ્ધસેન દિવાકરના પરિચયમાં આવ્યો હતો એમ જાણવા મળે છે, પરંતુ તેનું જૈનત્વ કેટલી હદે આગળ વધેલું હતું અથવા તેણે જૈનધર્મ સંબંધી શી શી પ્રવૃત્તિઓ આદરી હતી એ, તેવાં સાધનના અભાવે આપણે જાણી શકતા નથી. ઉજ્જયિનીની ગાદી પર આવ્યા પહેલાં તેણે વલભી (સૌરાષ્ટ્રમાં ભાવનગરના રાજ્યમાં હાલ જ્યાં વળા નામનું ગામ છે તે પ્રદેશમાં રહેલું પુર)ના રાજાની કુંવરી શુભમતી સાથે લગ્ન કર્યું હતું, એમ શુભશીલગણિ નોંધે છે, પરંતુ તે સમયે વલભીપુર હતું કે કેમ, એ એક પ્રશ્ન જ છે. વિક્રમાદિત્ય પછીનો એક રાજા અરબીસમુદ્રના

કોઈક દ્વીપના રાજાની કુંવરીને પરણ્યો હતો, એમ કહેવામાં આવે છે; પરંતુ એ દ્વીપ, દ્વીપ તરીકે રહેલો વલભીનો પ્રદેશ કે અન્ય કોઈ, એની કોઈ જગાએ સ્પષ્ટતા નથી. મધુમતી (હાલનું મહુવા) ના ભાવડના પુત્ર જાવડના સમયે [૨૭૬] મુગલોએ (આ લોકો મુગલો નહિ પણ આરબો હોવા સંભવ છે) સૌરાષ્ટ્ર પર હલ્લો કર્યો હતો અને તેઓ ધનાદિ લૂંટી ગયા હતા. તેમણે મનુષ્યોનું પણ અપહરણ કર્યું હતું. આ પરથી પ્રશ્ન ઊઠે છે કે, આ વખતે દ્વીપ તરીકે રહેલી વલભીનો પ્રથમ ભંગ થયો હશે શું? અને જે પાછળના સમયમાં એટલે કે વિક્રમની ત્રીજી સદીમાં આભીર રાજાએ વલભી વસાવ્યાની હકીકત મળે છે તે એ ભંગ થયેલી વલભીની ફરી સ્થાપના રૂપ હશે શું? વૈયાકરણ પાણિનીના ગણપાઠમાં વલભીનો ઉલ્લેખ થયો છે વિગેરે કારણોથી ઉપરોક્ત પ્રશ્નોનો જવાબ 'હા' માં હોય તો; ભલેને, હકીકતમાં કંઈક ફેરફાર હશે, પણ વિક્રમચરિત્ર આ તરફના કોઈ રાજાની અને તે, શુભશીલગણિ કહે છે તેમ, વલભીના રાજાની કન્યા સાથે પરણ્યો હતો, એમાં જરૂર કાંઈ વજુદ છે. વિક્રમચરિત્રનો વલભીના રાજાની કન્યા સાથેનો લગ્નપ્રસંગ અને તેના માટે નોંધાયલી અન્ય હકીકતો પરથી એ સ્પષ્ટ સમજાય છે કે, તે દુનિયાદારીમાં બહુ ઘડાયલો અને સહૃદય હતો. તેના રાજ્ય દરમીયાન અવન્તિ દેશ

(૨૭૬) જાવડનો સમય, "વિક્રમ પછી ૧૦૮ વર્ષે તેણે શત્રુંજય પર પ્રતિમા સ્થાપન કરી" એવો વિવિધતીર્થકલ્પમાં ઉલ્લેખ હોવાથી, વિક્રમની પહેલી સદીના અંત ભાગની લગભગ હોવાનું નક્કી થાય છે. ચાલુ સંપ્રદાય પ્રમાણે એ શત્રુંજયોદ્ધારનો સમય મ. નિ. ૫૭૮ અને આ લેખના સ્વીકૃત સંપ્રદાય પ્રમાણે મ. નિ. ૫૧૮ આવે. "જાકુટી નામના શ્રાવકે વિક્રમથી ૧૫૦ વર્ષ વીતતાં ગિરનાર પરના નેમિજિનના ચૈત્યનો ઉદ્ધાર કર્યો હતો" એમ પ્રભાવકચરિતમાં કહ્યું છે. આ 'જાકુટિ'ના સ્થાને 'જાવડી' એવું પાઠાન્તર મળી આવે છે, તેથી આ કાર્ય પણ શત્રુંજયોદ્ધારક જાવડે જ કર્યું છે એમ માનવામાં આવે છે, પણ વિરોધ એ આવે છે કે, જાવડ શત્રુંજયોદ્ધાર કર્યા પછી ૪૨ વર્ષ એટલે વિ. સં. ૧૦૮થી ૧૫૦ સુધી જીવતો રહ્યો નથી. એનું મૃત્યુ એ ઉદ્ધાર પછી તરત જ થયેલું છે એમ લખવામાં આવે છે. એટલે આ બાબતની જેવી જોઈએ તેવી સ્પષ્ટતા થતી નથી.* ઉપરોક્ત બન્ને ઉલ્લેખો આ પ્રમાણે છે:—

"अष्टोत्तरे वर्षशते-ऽतीते श्री विक्रमादिह। बहुद्रव्यव्ययाद् बिम्बं, जावडिः स न्यवीविशत् ॥७१॥

विविधतीर्थकल्प–शत्रुंजयतीर्थकल्प पृ. ३ ( सिं. जै. ग्रंथमाला )

संवत्सरशते पञ्चाशता, श्रीविक्रमार्कतः। साग्रे जाकुटि (जावडि)नोद्धारे, श्राद्धेन विहिते सति ॥१७७
श्रीरैवताद्रिमूर्धन्य-श्रीनेमिभवनस्य च। वर्षास्वत्समठात्तत्र, प्रशस्तेरिदमुद्धृतम् ॥ १७८ ॥

પ્રભાવકચરિત–વૃદ્ધવાદિસૂરિચરિત પૃ. ૬૧ ( સિં. જૈ. ગ્રંથમાલા )

*પ્રાચીન જૈ. સં. પ્રમાણે વિ. સં. ૧૫૦ એ મ. નિ. ૫૬૦ હોઈ તે સમયે જાવડે શ્રીનેમનાથના ચૈત્યનો ઉદ્ધાર કર્યો હશે અને તે પછી ચાલુ જૈ૦ સં. પ્રમાણે વિ. સં. ૧૦૮ માં એટલે મ. નિ. ૫૭૮ (આ. વા. પ્ર. ૫૬૫) માં શ્રીશત્રુંજયતીર્થનો ઉદ્ધાર કર્યો હશે એવા અનુમાન પર જઈએ; અથવા જાકુટીને જાવડી-જાવડનો પુત્ર માની નેમિજિનના ચૈત્યનો ઉદ્ધારસમય ચાલુ જૈ. સં. પ્રમાણે વિ. સં. ૧૫૦ એટલે મ. નિ. ૬૨૦ માનીએ તો વિરોધ ટળી જઈ એ બાબતની સ્પષ્ટતા થઈ જાય છે.

અન્ય દર્શનો કરતાં સવિશેષ જૈનદર્શનના વાતાવરણ નીચે હતો તેથી વિક્રમચરિત્ર એક જૈન રાજા તરીકે ધાર્મિક કાર્યોમાં નિષ્ક્રિય તો નહિ જ રહ્યો હોય. પ્રતિષ્ઠાનના શાલિવાહન અને વિદિશાના શૂદ્રકની જેમ તે પણ જૈનધર્મની પ્રવૃત્તિઓમાં ભાગ લેતો જ હશે, પરંતુ આપણે તે વિષે ઝાઝું જાણતા ન હોવાથી કાંઈપણ કહી શકતા નથી.

વિક્રમાદિત્યના રાજત્વકાલનાં છેલ્લાં વર્ષોમાં અને વિક્રમચરિત્રના રાજત્વકાલનાં પ્રથમનાં વર્ષોમાં ક્રમશઃ આર્યમંગુ અને આર્યધર્મ એ બે યુગપ્રધાનો વિદ્યમાન હતા.[૧૭૭]

(૨૭૭) માથુરીવાચના પ્રમાણે આર્ય સાંડિલ્ય પછી ૧૫ મા યુગપ્રધાન આર્યસમુદ્ર ગણાયા છે, જ્યારે વાલભીવાચનાનુસારે ૧૩ મા ખંદિલ પછી ૧૪ મા યુગપ્રધાન આર્યરેવતિમિત્ર ગણાયા છે. એમનો યુગપ્રધાનત્વકાલ મ. નિ. ૪૧૪ થી ૪૫૦ સુધી હતો. આ પછી બન્ને વાચનાઓમાં આર્યમંગુ, આર્યધર્મ અને ભદ્રગુપ્ત એ યુગપ્રધાનો અનુક્રમે થયેલા માનવામાં આવે છે. આર્યમંગુ અને આર્યધર્મને એક માનનારો પણ મતાન્તર હોઈ તેમનું આયુષ્ય ૧૦૨ વર્ષનું નોંધવામાં આવે છે. યુગપ્રધાન પટ્ટાવલીમાં આર્યરેવતિ અને આર્યમંગુ (આર્યધર્મ) નો ગાર્હસ્થ્યાદિપર્યાય આવી રીતે નોંધાયો છે.

| વા. યુગપ્રધાન | ગાર્હસ્થ્યપર્યાય | | શ્રામણ્યપર્યાય | | યુગપ્રધાનત્વપર્યાય | | સર્વાયુ | |
|---|---|---|---|---|---|---|---|---|
| પટ્ટાવલી | વર્ષ | મ. નિ. | વર્ષ | મ. નિ. | વર્ષ | મ. નિ. | વર્ષ | મ. નિ. |
| ૧૪ રેવતિમિત્ર | ૧૪ | (૩૫૨-૩૬૬) | ૪૮ | (૩૬૬-૪૧૪) | ૩૬ | (૪૧૪-૪૫૦) | ૯૮ | (૩૫૨-૪૫૦) |
| ૧૫ આર્યમંગુ | ૧૪ | (૩૯૨-૪૦૬) | ૪૪ | (૪૦૬-૪૫૦) | ૪૪ | (૪૫૦-૪૯૪) | ૧૦૨ | (૩૯૨-૪૯૪) |
| ૧૬ આર્યધર્મ | | | | | | | | |

આ પછી બન્ને વાચનાઓમાં શ્રી ભદ્રગુપ્તને યુગપ્રધાન ગણ્યા છે, પણ માથુરી વાચના તેમનો યુગપ્રધાનત્વકાલ ૪૧ વર્ષ ગણે છે, જ્યારે વાલભી વાચના ૩૯ વર્ષ ગણે છે. ભદ્રગુપ્ત પછી માથુરીવાચના શ્રી વજ્રને લાવે છે, ત્યારે વાલભીવાચના ૧૫ વર્ષના યુગપ્રધાનત્વકાલવાળા શ્રીગુપ્તને જણાવી પછી શ્રીવજ્રને નોંધે છે. બન્ને વાચનાઓની ગણતરીમાં અહિં ૧૩ વર્ષનું અંતર પડી જાય છે. કેમકે, માથુરી વાચનાએ ભદ્રગુપ્તનાં ૪૧ વર્ષ માન્યાં, જ્યારે વાલભી વાચનાએ ભદ્રગુપ્તના સ્થાને ભદ્રગુપ્ત અને શ્રીગુપ્ત એમ બે યુગપ્રધાનોને ૩૯+૧૫=૫૪ વર્ષ યુગપ્રધાનત્વકાલવાળા માનતાં તેમની ગણતરીમાં ૫૪–૪૧=૧૩ વર્ષ વધારે હોતાં તેટલો સાલવારી નોંધવામાં ફેર પડયો અને તે પછીની ગણતરીમાં એ તફાવત ચાલુ જ રહ્યો. યુગપ્રધાન પટ્ટાવલીમાં ભદ્રગુપ્તાદિનો ગાર્હસ્થ્યાદિપર્યાય નીચે પ્રમાણે જણાવવામાં આવે છે.

| વા. યુગપ્રધાન | | ગાર્હસ્થ્યપર્યાય | | શ્રામણ્યપર્યાય | | યુગપ્રધાનત્વપર્યાય | | સર્વાયુ | | માથુરીવા૦ પ્રમાણે |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પટ્ટાવલી | મા. | વર્ષ | મ. નિ. | વર્ષ | મ. નિ. | વર્ષ | મ. નિ. | વર્ષ | મ. નિ. | |
| ૧૭ ભદ્રગુપ્ત | (૧૮) | ૨૧ | (૪૨૮-૪૪૯) | ૪૫ | (૪૪૯-૪૯૪) | ૩૯ | (૪૯૪-૫૩૩) | ૧૦૫ | (૪૨૮-૫૩૩) | (૪૩૦-૫૩૫) |
| ૧૮ શ્રીગુપ્ત | (×) | ૩૫ | (૪૪૮-૪૮૩) | ૫૦ | (૪૮૩-૫૩૩) | ૧૫ | (૫૩૩-૫૪૮) | ૧૦૦ | (૪૪૮-૫૪૮) | (× ×) |
| ૧૯ આર્યવજ્ર | | ૮ | (૪૯૬-૫૦૪) | ૪૪ | (૫૦૪-૫૪૮) | ૩૬ | (૫૪૮-૫૮૪) | ૮૮ | (૪૯૬-૫૮૪) | (૪૮૩-૫૭૧) |
| ૨૦ આર્યરક્ષિત | | ૨૨ | (૫૨૨-૫૪૪) | ૪૦ | (૫૪૪-૫૮૪) | ૧૩ | (૫૮૪-૫૯૭) | ૭૫ | (૫૨૨-૫૯૭) | (૫[illegible]-૫૮૪) |
| ૨૧ પુષ્યમિત્ર | | ૧૭ | (૫૫૦-૫૬૭) | ૩૦ | (૫૬૭-૫૯૭) | ૨૦ | (૫૯૭-૬૧૭) | ૬૭ | (૫૫૦-૬૧૭) | (૫૩૭-૬૦૪) |

૨૦ મા યુગપ્રધાન આર્યરક્ષિતના યુગપ્રધાનત્વનો અંત વાલભી વાચના પ્રમાણે ૫૯૭ અને માથુરીવાચના પ્રમાણે ૫૮૪ આવે છે. બન્ને વાચનાઓના અનુસારે આ પછીના યુગપ્રધાનો અને તેમનો યુગપ્રધાનત્વકાલ આ પ્રમાણે છે :—

એમનો સમય અનુક્રમે મ. નિ. ૪૫૦ થી ૪૭૦-ઈ. સ. પૂ. ૧૭ થી ઈ. સ. ૩ અને મ.નિ. ૪૭૦ થી ૪૯૪-ઈ. સ. ૩ થી ઈ. સ. ૨૭ હતો. એ બન્ને યુગપ્રધાનો એક જ વ્યક્તિ હતા એવો મતાન્તર છે. વળી આર્યમંગુ મ.નિ. ૪૬૭-ઈ. સ.૦ માં સ્વર્ગસ્થ થયા હતા એવો પણ ઉલ્લેખ મતાન્તર તરીકે મળી આવે છે. આ સમયે જૈનધર્મના પ્રચારનું ક્ષેત્ર દક્ષિણાપથ પણ હતું. શ્રીસિદ્ધસેન દિવાકર સૂર્યની જેમ પ્રકાશતા દક્ષિણાપથના પ્રતિષ્ઠાનપુરમાં જ અસ્ત પામ્યા હતા, એમ પ્રભાવકચરિતમાં કહેવાયું છે. માનખેટના કૃષ્ણરાજના માનીતા વિદ્યાસિદ્ધ પાદલિપ્તસૂરિ પણ આ સમયે દક્ષિણાપથમાં જૈનધર્મની પ્રભાવના કરી રહ્યા હતા. પ્રતિષ્ઠાનપુરના આન્ધ્રરાજા શાલિવાહન અને તેના વિદ્વાન વીર મંત્રી શૂદ્રક પર શ્રીપાદલિપ્તનો પૂર્ણ પ્રભાવ પડયો હતો. શૂદ્રક કે, જે બૃહત્કથાનો રચયિતા ગુણાઢય હોવા સંભવ છે, તે પાદલિપ્તસૂરિનો શિષ્ય-વિદ્યાર્થી હોય એમ પ્રામાણિક અનુમાનથી સાબીત થઈ શકે છે. પાદલિપ્તસૂરિજીએ લાંબાં લાંબાં યમકોવાળી '**तरंगवई**' નામની અદ્ભુત પ્રાકૃત કથાનું સર્જન કરી તથા બીજી ત્રીજી રીતે પ્રાકૃત ભાષાની સર્વતોમુખી બિરુદાવલી બોલાવરાવી હતી. એ સૂરિના પરિચયથી શાલિવાહન (હાલ) રાજા, જો કે બૌદ્ધાદિ અન્ય દર્શનોને યથાયોગ્ય આદર આપતો હતો તો પણ, તે ધાર્મિક શ્રદ્ધામાં ચુસ્ત જૈન જ હતો. આ વાતની સાબીતી તેણે કરાવેલા, જૈન મહાતીર્થ શ્રીશત્રુંજયના ઉદ્ધાર પરથી મળી આવે છે. શત્રુંજયના એ ઉદ્ધારમાં શાલિવાહનની સાથે વિક્રમાદિત્ય પણ હતો. આ વિક્રમાદિત્ય ગર્દભિલ્લવંશીય ન હોઇ શકે. કારણ કે, તે પોતાની ૧૦૦ વર્ષની વયે શાલિવાહનના એક પ્રતિસ્પર્ધિ તરીકે તેની સાથે યુદ્ધ કર્યા બાદ બહુ જ અલ્પ સમયમાં જ મૃત્યુ પામ્યો હતો, અને તેથી શાલિવાહનના સહચારી તરીકે તે હોય એવો સંભવ જ નથી. શાલિવાહને કરેલા એ ઉદ્ધારમાં ભાગ

વાલભી યુગપ્રધાન પટ્ટાવલી

| | વર્ષ | |
|---|---|---|
| ૨૨ આ. વજ્રસેન | ૩ | ૬૧૭-૬૨૦ |
| ૨૩ આ. નાગહસ્ત | ૬૯ | ૬૨૦-૬૮૯ |
| ૨૪ આ. રેવતિમિત્ર | ૫૯ | ૬૮૯ ૭૪૮ |
| ૨૫ આ. સિંહસુરી | ૭૮ | ૭૪૮-૮૨૬ |
| ૨૬ આ. નાગાર્જુન | ૭૮ | ૮૨૬-૯૦૪ |
| ૨૭ આ. ભૂતદિન્ન | ૭૯ | ૯૦૪-૯૮૩ |
| ૨૮ આ. કાલકાચાર્ય | ૧૧ | ૯૮૩-૯૯૪ |

માથુરી યુગપ્રધાન પટ્ટાવલી

| | | |
|---|---|---|
| ૨૧ આ. આનંદિલ | ૩૬ | (૫૭૧-૬૦૭) |
| ૨૨ આ. નાગહસ્તી | ૬૯ | (૬૦૭-૬૭૬) |
| ૨૧ આ. રેવતિનક્ષત્ર | ૫૯ | (૬૭૬ ૭૩૫) |
| ૨૪ આ. બ્રહ્મદ્વીપકસિંહ | ૭૮ | (૭૩૫-૮૧૩) |
| ૨૫ આ. સ્કંદિલાચાર્ય<br>૨૬ આ. હિમવંત<br>૨૭ આ. નાગાર્જુન | ૭૮ | (૮૧૩-૮૯૧) |
| ૨૮ આ. ગોવિંદ | | ૮૯૧— |
| ૨૯ આ. ભૂતદિન્ન | ૭૯ | |
| ૩૦ આ. લૌહિત્ય | ૧૧ | |
| ૩૧ આ. દૂષ્યગણિ | ૯૦ | |
| ૩૧ આ. દેવર્દ્ધિગણિ | | ૯૮૧ |

લેનાર શકારી વિક્રમાદિત્ય નહિ, પરંતુ એના નામની સાથે મળતા નામવાળો અથવા કદાચ વિક્રમાદિત્ય ઉપાધિનો ધારક કોઈ અન્ય જ રાજા હોવો જોઈએ. સંભવ છે કે, તે વિદિશાનો વિજેતા-શાલિવાહનથી અર્ધ રાજ્ય પામેલો-વિદર્ભરાજ તરીકે ઓળખાતો બૃહત્કથાનો વીરવર વિક્રમશક્તિ અથવા પુરાણોનો શૂદ્રક (સિપ્રકનું વાસ્તવિક મૂળરૂપ) છે, કે જે પોતાનું એક નામ ગુણાઢય પણ ધરાવતો હોઈ શ્રીપાદલિપ્તસૂરિના પરિચયથી ચુસ્ત જૈન બનેલો હતો. આ શાલિવાહન અને શુદ્રક વિષે વિશેષ હકીકત આગળ પર લખવામાં આવશે તે પરથી વાચકો તેમની કાંઈક ઓળખ કરી લેશે. હવે વિક્રમચરિત્ર પછી ઉજ્જયિનીના અધિપતિ તરીકે આવેલા ભાઇલ્લાદિ ત્રણ ગર્દભિલ્લવંશીય રાજાઓ વિષે અહિં સૂચન કરી લઈએ.

## ભાઇલ્લાદિત્રિક ૩૫ વર્ષ, મ. નિ. ૫૧૦–૫૪૫

### (વિ. સં. ૧૦૦–૧૩૫, ઈ. સ. ૪૩–૭૮.)

વિક્રમચરિત્ર પછી ઉજ્જયિની પર અનુક્રમે ભાઈલ્લ, નાઇલ્લ અને નાહડ, એ ત્રણ રાજાઓ અધિપતિ તરીકે આવ્યા હતા. તેમનો રાજત્વકાલ અનુક્રમે ૧૧,૧૪ અને ૧૦ વર્ષ છે. ઈતિહાસમાં આ રાજાઓનાં નામ અને રાજત્વકાલ સિવાય બીજી કાંઈ પણ હકીકત લખાયલી ભાગ્યે જ જોવા મળે છે, અને તેથી મેં તેમને અહિં સમુચ્ચય તરીકે જ આલેખ્યા છે. આન્ધ્રરાજા શાલિવાહન વિગેરેના અને આન્ધ્રભૃત્ય રાજા શૂદ્રક (વિક્રમશક્તિ)ના ચારે તરફ દૂર સુદૂર વીંટળાઇ વળેલા મહાન પરિબળ વચ્ચે એ રાજાઓનું ઉજ્જયિની પરનું આધિપત્ય સૌહાર્દથી જ જીવતું રહ્યું હોય તો ના નહિ. ગમે તેમ પણ એ સમય દરમીયાન એમના રાજ્યની પ્રજા શાન્ત અને સ્વસ્થ જીવન વીતાવી રહી હતી.

ગર્દભિલ્લવંશના ઉપરોક્ત ભાઈલ્લાદિ ત્રણ રાજાઓના સમયમાં શ્રીભદ્રગુપ્તાચાર્ય અને શ્રીવજ્રસ્વામી એ ક્રમશઃ યુગપ્રધાનો હતા. તેમનો યુગપ્રધાનત્વકાલ અનુક્રમે મ. નિ. ૪૯૪ થી ૫૩૫ (ઈ. સ. ૨૭ થી ૬૮) અને મ. નિ. ૫૩૫ થી ૫૭૧) (ઇ. સ. ૬૮ થી ૧૦૪) સુધી હતો. આ નોંધ માથુરીવાચના પ્રમાણે છે, પરંતુ તેથી જુદી પડતી વાલભીવાચના ભદ્રગુપ્તાચાર્ય અને વજ્રસ્વામી એ બેના વચ્ચે એક શ્રીગુપ્તનામના યુગપ્રધાનને માને છે અને તેમનો યુગપ્રધાનત્વ કાલ ૧૫ વર્ષ જણાવી, ભદ્રગુપ્તાચાર્યનાં મ. નિ. ૪૯૪ થી ૫૩૫ સુધીનાં ૪૧ વર્ષ ન રાખતાં મ. નિ. ૪૯૪ થી ૫૩૩ સુધીનાં ૩૯ વર્ષ રાખે છે તથા તેમની પછી શ્રીગુપ્તનાં મ. નિ. ૫૩૩ થી ૫૪૮ સુધીનાં ૧૫ વર્ષ જણાવી શ્રી વજ્રસ્વામીનાં મ. નિ. ૫૪૮ થી ૫૮૪ સુધીનાં ૩૬ વર્ષ રાખે છે. પરિણામે, એ બન્ને વાચનાઓની ગણતરીમાં ૧૩ વર્ષનું અંતર પડી જાય છે, કે જેની નોંધ શ્રીદેવાર્ધગણિ-ક્ષમાશ્રમણે શ્રીકલ્પસૂત્રમાં તેનો લેખન સમય જણાવતાં સ્પષ્ટ રીતે લીધેલી આજે આપણને વાંચવા મળે છે. આ સમય દરમીયાન ઉપરોક્ત યુગપ્રધાનો સિવાય તોસલિપુત્રાચાર્ય,

આર્ય સિંહગિરિ વિગેરે બીજા પણ મહાન આચાર્યો પોતાના ઉપદેશામૃતથી ભારતભૂમિને સિંચતા જૈનશાસનની પ્રભાવના કરી રહ્યા હતા. જૈન ધર્મ એ, પ્રતિસ્પર્ધિ બૌદ્ધ અને વૈદિક ધર્મની સાથે હરીફાઇમાં વિશેષ વ્યાપક અને વિજયવંતો હતો. અવન્તિનો પ્રદેશ યુગપ્રધાનોનાં અને જૈન શ્રમણોનાં પગલાંથી સતત પાવન બનેલો જ રહ્યો હતો. શ્રીઆર્યરક્ષિતે શ્રીભદ્રગુપ્તાચાર્યનું અંતિમ નિર્યામણ ઉજ્જયિનીનગરીમાં જ કર્યું હતું. અવન્તિ દેશ જૈનધર્મથી બહુ બહુ જ સંસ્કારિત બનેલો હતો. ચારે વર્ણના મોટા ભાગમાં જૈન સંસ્કૃતિની ખૂબ ખૂબ અસર હતી. ભાઈલ્લાદિ રાજાઓ પોતાને વારસામાં મળેલી જૈન સંસ્કૃતિથી સંસ્કૃત જ હશે એમ આપણે અનુમાન કરી શકીએ, પરંતુ તેને સમર્થક ઉલ્લેખ મળવો મુશ્કેલ છે. વિક્રમચરિત્ર અને ભાઈલ્લાદિ રાજાઓના પરસ્પર સગપણ-સંબંધ વિષે પણ ક્યાંયથી કાંઈ સ્પષ્ટ જાણવા મળતું નથી; તેમ જ ગર્દભિલ્લવંશના છેલ્લા રાજા નાહડનું અવન્તિ પરનું આધિપત્ય કોના હાથે અને કેવા સંજોગોમાં સમાપ્ત થયું એ સંબંધી પણ સ્પષ્ટ ઉલ્લેખ ઈતિહાસમાં મળતો નથી. મ. નિ. ૬૦૫ સુધી ગર્દભિલ્લવંશને લઈ જતો ચાલુ જૈન સંપ્રદાય એ વંશનો અંત અવન્તિમાં શક રાજાની ઉત્પત્તિથી થયેલો માને છે, પરંતુ એ સંપ્રદાયથી ભિન્ન સંપ્રદાયને અનુસરતા આ લેખની ગણતરી પ્રમાણે એનો અંત મ. નિ. ૫૪૫ વર્ષે આવે છે, તેથી એનો અંત લાવનાર શક રાજા નહિ, પણ અન્ય જ કોઈ રાજા છે. આન્ધ્રવંશના આલેખનમાં સાબીત કરવામાં આવશે કે, શક રાજાએ અવન્તિનું આધિપત્ય મેળવ્યું તે ગર્દભિલ્લો પાસેથી નહિ, પરંતુ આન્ધ્રો પાસેથી મેળવ્યુ હતું, અને તેથી શક રાજાની પૂર્વે અવન્તિ પરનું આધિપત્ય ભોગવતા કોઇ આન્ધ્ર રાજાએ જ ગર્દભિલ્લવંશનો અંત આણ્યો હોવો જોઈએ એ સ્પષ્ટ જ છે. એ આન્ધ્ર રાજા મ. નિ. ૫૪૫-વિ. સં. ૧૩૫ (ઈ. સ. ૭૮) વર્ષે ગાદી પર આવનાર (નં. ૧૫) શિવ (સાતકર્ણિ) હતો. એના વંશે અવન્તિ પર ૬૦ વર્ષ આધિપત્ય ભોગવ્યું હોઈ હવે આપણે તેના અવન્તિ પરના આધિપત્યને આલેખીએ.

# આન્ધ્રવંશ ૬૦ વર્ષ, મ. નિ. ૫૪૫–૬૦૫

## ( વિ. સં. ૧૩૫—૧૯૫, ઈ. સ. ૭૮—૧૩૮ )

સાંચીના મોટા સ્તૂપના દક્ષિણી તોરણ પરના લેખમાં રાજા શ્રીસાતકર્ણિના કારીગર વાશિષ્ઠીપુત્ર આનંદે એ તોરણનું દાન કર્યાની હકીકત છે.

ઉજ્જયિનીના વિશેષ ચિહ્નવાળા રાજા શ્રીશાતના બે એક સિક્કાઓ માલવામાંથી મળી આવ્યા છે.

પ્રતિષ્ઠાનપુરના વિક્રમસિંહે કે વિક્રમસેને ઉજ્જયિનીને જીતી હતી અને સર્વ પૃથ્વીનો ઉપભોગ કર્યો હતો, એમ બૃહત્કથાનાં સંસ્કૃત રૂપાન્તરોમાં કહેવાયું છે.

ગૌતમી બાલશ્રીએ પોતાના પૌત્ર વાશિષ્ઠીપુત્ર પુલુમાવીના રાજ્યના ૧૯ મા વર્ષમાં નાશિકના શિલાલેખમાં કોતરાવ્યું છે કે, ગૌતમીપુત્ર સાતકર્ણિ સૌરાષ્ટ્ર આદિ અનેક દેશોની સાથે આકરાવન્તિનો પતિ હતો. ( મારી નોંધ પ્રમાણે આ ગૌ૦ સાતકર્ણિ એ આન્ધ્રવંશાવલીનો નં૦૧૬ યજ્ઞશ્રી નામનો આન્ધ્રરાજા હોઈ, તેનો રાજ્યસમય મ.નિ. ૫૭૩–૫૯૪, ઈ. સ. ૧૦૬–૧૨૭ સુધી હતો. )

શક રાજા રુદ્રદામાના, જૂનાગઢ નજીકની અશોકના લેખવાળી શિલા પર લખાયલા લેખમાં લખાયું છે કે, રુદ્રદામાએ પોતાના બળથી અનેક દેશોની સાથે પૂર્વાપરાવન્તિનું સ્વામિત્વ મેળવ્યું હતું. ( આ લેખનો સમય મ નિ. ૬૧૭, ઈ. સ. ૧૫૦ છે. કેમકે તેમાં ૭૨ નો અંક હોઈ તે શક સંવતની સાથે મેળ ખાય છે. અવન્તિના સ્વામી રુદ્રદામાનો આ લેખ અવન્તિપતિ ગૌતમી બાલશ્રીના પુત્ર યજ્ઞશ્રી સાતકર્ણિના રાજ્યાન્ત પછી ૨૪ મા વર્ષમાં લખાયો હતો. લેખમાં રુદ્રદામાએ સાતકર્ણિને બે વાર ખુલ્લા યુદ્ધમાં હરાવ્યાની હકીકત લખાઈ છે તેથી ફલિત થાય છે કે, એ સાતકર્ણિ નં૦૧૬ યજ્ઞશ્રીનો પુત્ર અવન્તિ-પતિ વાશિષ્ઠીપુત્ર ચત્રપણ પુલોમાવી હતો. )

રુદ્રદામાનો લેખ લખાયા પછી ૨૩૮ વર્ષ કરતાં પણ વધારે સમય શકોનું આધિપત્ય અવન્તિ પર રહ્યું હતું, સિવાય કે ઈશ્વિરદત્ત આભીરે વચગાળે બેએક વર્ષ અવન્તિનો કબજો કર્યો હોય.

ઉપર જે ઐતિહાસિક હકીકત નોંધવામાં આવી છે તે પરથી સાબીત થાય છે કે, શક રુદ્રદામાની નજીકના પૂર્વમાં અવન્તિ પર આન્ધ્રોનું આધિપત્ય હતું. હવે જો ચાલુ જૈ૦ સંપ્રદાય પ્રમાણે વિચારીએ તો કોઈ પણ રીતે તે સમયે અવન્તિ પર આન્ધ્ર-વંશનું આધિપત્ય ઘટી શકતું નથી. કેમકે, એ સંપ્રદાય સ્પષ્ટ કહે છે કે, મ.નિ. ૪૭૦ વર્ષે વિક્રમાદિત્ય ગાદી પર આવ્યા પછી ૧૩૫ વર્ષ ગર્દભિલ્લો અવન્તિ પર રહ્યા હતા અને ત્યાર બાદ તરત જ એટલે મ.નિ. ૬૦૫ વર્ષે અવન્તિમાં શક રાજાની ઉત્પતિ થઈ

હતી. આ લેખમાં સ્વીકારેલા સંપ્રદાય પ્રમાણે વિક્રમાદિત્યનો રાજ્યારંભ મ.નિ. ૪૧૦ વર્ષે હોઈ ગર્દભિલ્લોના રાજ્યનો અંત ત્યારથી ૧૩૫ વર્ષે એટલે મ.નિ. ૫૪૫ વર્ષે આવે છે, અને તેથી ત્યાર બાદ મ.નિ. ૬૦૫ વર્ષે શક રાજાની ઉત્પત્તિ થઈ તેની પૂર્વે વચગાળાનાં ૬૦ વર્ષ ફાજલ પડે છે તે દરમિયાન અવન્તિ પર આન્ધ્ર–આધિપત્ય સુખેથી ઘટાવી શકાય તેમ છે. ફક્ત, શોધવાનું એ જ બાકી રહે છે કે, આન્ધ્રવંશાવલીના કયા આન્ધ્રરાજાએ ગર્દભિલ્લો પાસેથી અવન્તિનું આધિપત્ય મેળવ્યું.

વિક્રમાદિત્યના આલેખનમાં પૂર્વે, ચાલુ વિક્રમસંવતનો પ્રવર્તક અવન્તિપતિ શકારિ વિક્રમાદિત્ય કોઈ આન્ધ્રરાજા હોઈ શકે કે કેમ એનો વિચાર કરતાં, મત્સ્યપુરાણની અને પુરાણોપરથી સંશોધિત મારી આન્ધ્ર વંશાવલીની નોંધ તથા તે અંગે કેટલુંક પ્રાસંગિક લખવામાં આવ્યું છે. એ આન્ધ્રવંશાવલીના અવન્તિ પર આધિપત્ય ભોગવનારા રાજાઓ વિષે લખતાં હવે અહિં આન્ધ્રવંશનો જરૂરીયાત પુરતો કેટલોક ઇતિહાસ આપીએ કે જેથી ક્યારે ને કયો આન્ધ્ર રાજા અવન્તિનું આધિપત્ય મેળવી શક્યો હતો એ સ્પષ્ટ સમજાય.

મત્સ્યપુરાણ આન્ધ્રવંશને લખતાં શરૂઆતમાં શિશુકનું નામ આપે છે, અને પછી શિશુક એ સિમુક છે એમ માની આન્ધ્રરાજાઓનાં પ્રત્યેકનાં નામ અને તેમનાં રાજ્યવર્ષ લખે છે. વાયુ વિગેરે પુરાણોમાં મત્સ્યપુ૦ના શિશુકની જગાએ સિન્ધુક, સિપ્રક આદિ નામ લખાયાં છે. શિશુકના પૂર્વેતિહાસની ખબર પૌરાણિકોને ન હોઇ, તેઓ તેને તેનાથી બસો–સવા બસો કરતાં પણ વધારે પાછળ થનારા કાણ્વાયન રાજા સુશર્માની પાસેથી બળાત્કારે રાજ્ય મેળવનારો લખે છે. કદાચ, એમ પણ બન્યું હોય કે, 'આન્ધ્રજાતીય (આન્ધ્રભૃત્ય) શૈષકે (શૂદ્રકે) કાણ્વાયન સુશર્મા પાસેથી તેનું (વિદિશાનું) રાજ્ય પડાવી લીધું હતું.' એવી મતલબને જણાવનારા શ્લોકમાં લેખકના હાથે શૈષક કે શૂદ્રકના બદલે શિશુક કે સિપ્રક લખાયલું જોતાં અને આન્ધ્રજાતીય એ રાજાને આન્ધ્રજાતીય સિમુક સમજતાં પાછળથી કોઈએ આન્ધ્રભૃત્યની વંશાવલીની શરૂઆતના એ શ્લોકને આન્ધ્રવંશની વંશાવલીની શરૂઆતમાં ઘુસેડી દીધો હોય. બાકી, કાણ્વરાજ્યનો અંત ઇસુની પહેલી સદીની શરૂઆતમાં થયો છે, જ્યારે આન્ધ્રવંશની શરૂઆત ઈ સ. પૂ. ૨૩૮ વર્ષે થઈ છે; એટલે કાણ્વ રાજા સુશર્માને અને આન્ધ્રરાજા સિમુકને, તેમની વચ્ચે સામયિક લાંબુ અંતર હોઈ, પરસ્પર કોઇ રીતે સંબંધ જ નથી.

નાનાઘાટના લેખોમાં સિમુકનું નામ વંચાય છે. ત્યાં તેની ઓળખ 'સાતવાહન' તરીકે આપી છે. સાહિત્યગત ઉલ્લેખોથી જાણવા મળે છે કે, સાતવાહન એ કુલનું નામ છે, સિમુકના પૂર્વજ સાતવાહનથી તે શરૂ થયું હશે. કથાસરિત્સાગરમાં દ્વીપિકર્ણિના પુત્રની ઉત્પત્તિમાં જે સાતવાહનની કથા આલેખાઈ છે તે ઘણી પ્રાચીન હોઇ, તેના એ પુત્ર હાલની ઉત્પત્તિમાં ગોઠવાઇ ગઈ છે. આમ 'સાતવાહન' એ સિમુકાદિ આન્ધ્રરાજાઓનું

કુલ હોઇ બધા ય એ રાજાઓ સાતવાહન તરીકે ઓળખાવી શકાય. જૈનગ્રન્થોમાં ( નં૦૫ ) સ્કંધસ્તમ્ભિને અને ગાથાસપ્તશતીમાં હાલે પોતાને સાતવાહન તરીકે જ લખ્યો છે.

મત્સ્યપુ૦ આન્ધ્રજાતીય રાજા સિમુકથી આન્ધ્રવંશની શરૂઆત કરે છે; પરંતુ તેનું રાજ્ય ક્યાં હતું, તેના રાજ્યનો વિસ્તાર કેટલો હતો, તેનું રાજનગર કયું હતું, વિગેરે સંબંધી તેણે કાંઈ પણ લખ્યું નથી. ગ્રીક એલચી મેગેસ્થનીસના કથન મુજબ, મૌર્ય ચન્દ્રગુપ્તના સમયમાં દક્ષિણ ભારતમાં મજબૂત લશ્કરી બળ ધરાવતું એક આન્ધ્રરાજ્ય હતું એમ જાણવા મળે છે. સમ્રાટ્ અશોકે તેના પર પોતાની અમુકાંશે સર્વોપરીતા સ્થાપી હતી, પરંતુ તેના મૃત્યુ બાદ આન્ધ્રોએ તેને ફગાવી દીધી હતી એમ અશોકના વારસ સંપ્રતિએ આન્ધ્રને ફરીથી જીત્યો હતો એવા જૈન ઉલ્લેખ પરથી સમજાય છે. સંભવ છે કે, મૌર્ય સર્વોપરીતાને ફેંકી દેવાનું એ કાર્ય સિમુકે જ કર્યું હોય.

સિમુક આન્ધ્રજાતિનો હોઈ આન્ધ્રદેશનો રાજા હતો. તેની રાજધાની કૃષ્ણાનદીને મળતી મુશીનદીના પ્રદેશમાં આવેલા મુષિકનગરમાં હતી. તેણે પશ્ચિમમાં પ્રતિષ્ઠાન સુધીનો પ્રદેશ જીતી લઇ પ્રતિષ્ઠાનમાં પોતાનો સૂબો નીમ્યો હતો. આ સર્વ સંભવિત હકીકતની સામે કેટલાકો પ્રતિવાદ કરે છે કે, શરૂઆતના કહેવાતા આન્ધ્રરાજાઓનું કાંઈ પણ ચિહ્ન આન્ધ્રમાંથી મળી આવતું નથી, વિરુદ્ધ; તે મહારાષ્ટ્રમાંથી મળી આવે છે, તેથી સિમુક મહારાષ્ટ્રનો રાજા હોઈ તેની રાજધાની પ્રતિષ્ઠાનમાં હતી. એ રાજા આન્ધ્રજાતિનો કે આન્ધ્રદેશનો ન હતો છતાં એના વંશને આન્ધ્ર તરીકે ઓળખાવાય છે તે પાછળથી એના વંશજોએ આન્ધ્ર જીતી લીધો હતો તેને લઈને જ. નાનાઘાટના આન્ધ્રોના લેખો પર મદાર બાંધીને જ ઉપરોક્ત પ્રતિવાદ કરવામાં આવે છે; પરંતુ એ લેખો સિમુકનો વંશજ (નં૦૩) શ્રીમલ્લ ( સા૦૬૦ ) મહારઠિ સરદારની કન્યા નાયનિકાને પરણ્યો તે પછીના કોતરાયલા હોય તો એ પ્રતિવાદનો કોઇ અર્થ જ નથી. આ સિમુકના રાજ્યનાં છેલ્લાં વર્ષોમાં અથવા તેની પછી આવેલા તેના ભાઈ ( નં૦૨ ) કૃષ્ણના રાજ્ય દરમિયાન મૌર્ય સમ્રાટ્ સંપ્રતિએ આન્ધ્રોને તાબે કરી તેમને મૌર્યોની સર્વોપરીતા સ્વીકારવાની ફરજ પાડી હતી.

( નં૦ ૨ ) કૃષ્ણ પછી ( નં૦ ૩ ) શ્રીમલ્લ ગાદીએ આવ્યો. આન્ધ્ર રાજાઓની નોંધ લેનારાં પુરાણો નં૦ ૩ ના આન્ધ્ર રાજાને શાતકર્ણિ કે શાતકર્ણ તરીકે લખે છે. ફક્ત મત્સ્ય૦ના એક પાઠાન્તરમાં તે 'મલ્લ શાતકર્ણિ' એમ વિશેષ નામ સાથે નોંધાયો છે. શાતકર્ણિનું પ્રાકૃત રૂપ 'સાતકંનિ' છે, એમ હાથીગુફાના ખારવેલના અને નાનાઘાટના શિલાલેખથી જાણવા મળે છે. સંસ્કૃત સાહિત્યમાં 'કર્ણી' શબ્દ 'ખભાથી વહન કરાતા વાહન' ( પાલખી ) ના અર્થમાં વપરાયલો મળી આવે છે. 'સાતવાહન' શબ્દમાં પણ 'વાહન' એવા જ અર્થમાં હોઇ, સાતકર્ણિ એ કુલસૂચક સાતવાહનનો પર્યાય શબ્દ છે, પછી ભલેને, તે શબ્દ કોઈ આન્ધ્ર રાજાની સાથે જોડાયલો મળે કે કોઇની સાથે

ન પણ મળે. ગ્રન્થકારોએ આન્ધ્ર રાજાઓને કુલથી ઓળખાવવામાં યથેચ્છ રીતે જ કામ લીધું છે.

આ શ્રીમલ્લ સા૦ કૃષ્ણનો પુત્ર હતો કે સિમુકનો પુત્ર અથવા પૌત્ર હતો, એ વિવાદનો વિષય છે. નાનાઘાટના શિલાલેખો પરથી હું તેની ઓળખ આવી રીતે આપી શકું છું.

સિમુકની અથવા તેના પુત્રની રાણી (....) નામની હતી. શ્રીમલ્લ તેનો પુત્ર હોઈ તેણે પશ્ચિમઘાટના અને તેની તથા કોંકણના દરિયા કિનારાની વચ્ચેના અમુક પ્રદેશ પર શાસન કરતા અંગિયકુલના મહારઠિ સરદાર 'ત્ર્યણકયિર' ને જીતી લીધો હતો. એ સરદારે પોતાની કન્યા નાગનિકા શ્રીમલ્લને પરણાવી હતી તેનાથી વેદિશ્રી ( પૂર્ણોત્સંગ ) અને હકુશ્રી –શક્તિશ્રી ( કદાચ સ્કંધસ્તમ્ભિ ) નામના બે પુત્રો થયા હતા. વેદિશ્રી દક્ષિણાપથ ( મહારાષ્ટ્ર અને કર્ણાટક ) નું શાસન કરતો હતો. શ્રીમલ્લે કેટલાક યજ્ઞો કર્યા હતા તેમાં તેણે ઘણાં જ દાન–દક્ષિણા કર્યાં હતાં, એમ તેની રાણીએ કોતરાવેલા નાનાઘાટના શિલાલેખના પૂર્વ ભાગથી જણાય છે. લુડર્સે નં. ૧૧૧૨ તરીકે નોંધેલા એ લેખનો ઉત્તર ભાગ પાછળથી કોતરાયલો હોઇ તેમાં લખાયલી અશ્વમેધ યજ્ઞની હકીકત વેદિશ્રી–પૂર્ણોત્સંગ સાથે સંબંધ રાખે છે, નહિ કે શ્રીમલ્લની સાથે. શ્રીમલ્લ મૌર્યોની સર્વોપરીતા નીચે હોઇ સ્વતન્ત્ર સમ્રાટથી જ કરી શકાતો અશ્વમેધ ન જ કરી શકે.

શ્રીમલ્લ સા. ક. પછી (નં. ૪) પૂર્ણોત્સંગ (વેદિશ્રી) રાજ્ય પર આવ્યો; તેના રાજ્ય દરમિયાન, મ. નિ. ૨૯૩–ઇ. સ. પૂ. ૧૭૪ વર્ષે મૌ. સ. સંપ્રતિનું મૃત્યુ થયું અને મૌર્ય સામ્રાજ્ય વિભક્ત થઇ નબળુ પડયું ત્યારે તેણે મૌર્યોની સર્વોપરીતા ફગાવી દઈ દિગ્વિજય કરવા પૂર્વક એ અશ્વમેધ કર્યો હશે એમ લાગે છે. સંભવ છે કે, એણે દિગ્વિજય કરતાં ખારવેલના પિતા કલિંગરાજ વુડ્ઢરાયને જીતી લઈ તાબે કર્યો હોય, અને પાછળથી તેનો બદલો લેવા ખારવેલને આન્ધ્રરાજ્ય પર ચઢાઈ કરવી પડી હોય કે જ્યારે પૂર્ણોત્સંગ પછી આવેલો (નં. ૫) સ્કંધસ્તમ્ભિ ( સા. ક. ) આન્ધ્ર સામ્રાજ્યનું શાસન કરી રહ્યો હતો.

મત્સ્યપુ૦ પૂર્ણોત્સંગ પછી સ્કંધસ્તમ્ભિનું રાજ્ય લખે છે, પરંતુ વાયુ વિગેરે પુરાણો એ નામને છોડી જ દે છે અને 'શાતકર્ણિ' એ સામાન્ય નામને જ લખે છે. અનુમાન થાય છે કે, સર્વ પુરાણો જે સામાન્ય શાતકર્ણિ નામ લખે છે તે સ્કંધસ્તમ્ભિ જ છે, અને તેથી સ્કંધસ્તમ્ભિના નામે મત્સ્યમાં જે ૧૮ વર્ષ લખાયાં છે તે ખોટાં હોઇ, મત્સ્યાદિ૦માં સામાન્ય નામ તરીકે શાતકર્ણિનાં જે ૫૬ વર્ષ લખાયાં છે તે સ્કંધસ્તમ્ભિનાં સમજવાનાં છે. આમ સ્કંધસ્તમ્ભિ અને શાતકર્ણિને એક માનતાં મત્સ્યની નોંધ કરતાં મારી નોંધમાં ૧ નંબર ઓછો થવાનો જ. આ સ્કંધસ્તમ્ભિને વારસામાં એક વિશાળ સામ્રાજ્ય મળ્યું હતું. તેને રાજ્ય મળ્યા બાદ ફક્ત બે વર્ષ વીતતાં જ તેની અવગણના કરવાને સમર્થ એવા હાથીગુફાના લેખવાળા ખારવેલનો કલિંગના રાજ્ય પર અભિષેક

થયો. એ ખારવેલે પોતાના રાજ્યના બીજા જ વર્ષમાં એટલે મ. નિ. ૩૦૨-વિ. સં. પૂ. ૧૦૯ (ઇ. સ. પૂ. ૧૬૬) માં શાતકર્ણિ (સ્કંધસ્તમ્ભિ) ને ન ગણકારતાં એક મોટું લશ્કર મોકલી તેના મુષિક નગરમાં ત્રાસ વર્તાવ્યો હતો. ત્યાર પછી બે વર્ષે એટલે તેના રાજ્યના ચોથા વર્ષમાં તેણે આન્ધ્ર રાજ્યના તાબાના રાષ્ટ્રિકો અને ભોજકોને પણ પોતાના પગમાં નમાવ્યા હતા. આનો અર્થ એ થાય છે કે, ખારવેલે આન્ધ્ર રાજ્યના વધતા જતા બળને અને તેના ચક્રવર્તિત્વને દબાવી દીધું હતું. ખારવેલનું એ દબાણ આન્ધ્ર પર વિશેષ પડતાં સ્કંધસ્તમ્ભિને પોતાની રાજધાની ત્યાંથી કુંતલના પ્રતિષ્ઠાનમાં લઇ જવાની આવશ્યક્તા લાગી હશે એમ અનુમાન થાય છે.

સંપ્રતિએ દક્ષિણમાં જૈનધર્મનો પ્રચાર આરંભ્યો હતો અને ખારવેલે તેને ભારે વેગ આપ્યો હતો. પરિણામે, આન્ધ્ર રાજ્યના તાબાના પ્રદેશોમાં જૈનધર્મનું વાતાવરણ જામ્યું અને તેની અસર સ્કંધસ્તમ્ભિને થતાં, જૈનગ્રન્થો લખે છે તેમ, તે જૈનધર્મોપાસક -શ્રાવક બન્યો હતો. આ રાજા શરૂઆતમાં કયા જૈનાચાર્યના પરિચયમાં આવ્યો હતો. તે જણાયું નથી, પરંતુ તેના રાજ્યનાં છેલ્લાં વર્ષોમાં તે શ્યામાર્ય (કાલકાચાર્ય) ના પરિચયમાં આવ્યો હતો એમ જૈનગ્રન્થો પરથી સમજાય છે. પુષ્યમિત્રો પછી એક વાર ફરીથી અવંતિ પર આધિપત્ય મેળવનાર બલમિત્ર-ભાનુમિત્રથી, તેના જૈનત્વની વધતી જતી લાગવગ પર દ્વેષીલા કાણ્વ મન્ત્રીની દોરવણીના કારણે નિર્વાસિત થનાર શ્રી શ્યામાર્ય ઉજ્જયિનીથી પ્રતિષ્ઠાનમાં, ઉપરોક્ત સાતવાહન (સ્કંધસ્તમ્ભિ) ના રાજ્ય દરમીયાન એટલે મ. નિ. ૩૪૬ થી ૩૫૪, ઇ. સ. પૂ. ૧૨૧ થી ૧૧૩ ના વચગાળામાં જ ક્યારે, એ શ્રાવક રાજાની હયાતિમાં જ આવ્યા હતા. સંભવ છે કે, ખારવેલના મૃત્યુ બાદ તેણે પોતાના રાજ્યને સ્વતન્ત્ર અને સુસ્થ બનાવી તેનો વિસ્તાર પશ્ચિમઘાટને લગતા પ્રદેશમાંથી ઉત્તરે તાપી નદીના દક્ષિણ તટ પર્યન્ત લંબાવ્યો હોય.

મૌર્ય સામ્રાજ્યના પતનથી લઇ ઉપરોક્ત સ્કંધસ્તમ્ભિના રાજ્યાન્ત સુધીના સમય દરમીયાન વિભક્ત થયેલા રાજકર્તાઓના સત્તાલોભને લઈ સંગઠનનો ને એકનેતૃત્વનો અભાવ, એક ચક્ર રાજ્ય સ્થાપવાની હરિફાઇ, ધાર્મિક અસહિષ્ણુતાથી થઇ રહેલી હિંસાખોરી તથા તે સામે થઇ રહેલો બચાવ મૂલક પ્રત્યાઘાત અને અંતે પરસ્પર જાગેલી ઉદાસીનતા તથા અનેક પ્રકારનું મિથ્યાભિમાન, એ સર્વનો લાભ લેવા ભારતના વાયવ્યમાંથી ઊતરી આવેલા બેક્ટ્રિયન ગ્રીકોએ તથા તેમના સરદાર ક્ષહરાટોએ-ડિમેટ્રીયસ, મીનેન્ડર અને ભૂમક, નહપાણ, વિગેરેએ પશ્ચિમ ભારતનો દક્ષિણમાં લાટ સુધીનો પ્રદેશ હસ્તગત કરી લીધો હતો. આક્રમક એ વિદેશી જાતિમાંના ઘણાખરા લોકોએ ભારતીય સંસ્કૃતિ અપનાવી લીધી હતી. તેઓ અલ્પ સમયમાં પણ લગભગ ભારતીય જ બની ગયા હતા. આજ સુધી એટલે સ્કંધસ્તમ્ભિના રાજ્યાન્ત સુધી ઉપરોક્ત એ વિદેશીઓના આક્રમણથી દક્ષિણાપથ બચી ગયેલો હતો; પરંતુ સ્કંધસ્તમ્ભિ પછી આવેલા આન્ધ્રરાજા (નં. ૬) લમ્બોદરના

સમયમાં તે વિદેશી જાતિઓના આક્રમણથી બચવા પામ્યો નહિ. ક્ષહરાટોના–ભૂમકના પુત્ર કે વારસ નહપાણના જમાઈ સેનાપતિ શક ઉસવદાતની દોરવણી પૂર્વકના લશ્કરી દબાણથી દક્ષિણાપથના આન્ધ્રરાજા લમ્બોદરને પશ્ચિમઘાટને લગતો કોકણ અને નાશિક–પુના જિલ્લા સુધીનો પ્રદેશ જતો કરવો પડયો, એટલું જ નહિ, પરંતુ રાજધાની તરીકે પ્રતિષ્ઠાન બરાબર સલામત નહિ લાગવાથી તેને કૃષ્ણાનદીના મુખની નજદીકના પ્રદેશમાં ધેન્નાકટકને રાજનગર બનાવવું પડયું હતું.

લંબોદર પછી મત્સ્ય૦ (નં૦૮) અપીલકને મુકે છે. મારી નોંધમાં તે નં૦૭ છે. આ બે રાજાઓ સંબંધી તેમના નામ સિવાય અન્ય હકીકત જાણવા મળતી નથી. મત્સ્ય૦ અપીલક પછી મેઘસ્વાતિનું નામ લખે છે અને ત્યાર બાદ સ્વાતિ, સ્કંદસ્વાતિ, મૃગેન્દ્રસ્વાતિ, કુન્તલસ્વાતિકર્ણ અને સ્વાતિકર્ણ એ ૫ નામ લખી (નં૦૧૫) પુલોમાવીને લખે છે. મારી નોંધમાં અપીલકથી અરિષ્ટ વચ્ચેના મત્સ્ય૦માં નોંધેલા ૭ રાજાઓ અભિન્ન હોઈ, તેમનું વિશેષ નામ દ્વીપિ હોવાથી એક જ રાજા–(નં૦૮) દ્વીપિ (સા૦ક૦, પુલોમાવી) નોંધાયો છે. તેનું ઉપનામ પુલોમાવી હતું અને કુલ સાતકર્ણિ હતું. તે ધેન્નાકટકનો આન્ધ્રરાજા હતો પણ ગાદી પર આવ્યા પછી ખારવેલના કોઈ (વિદુહરાયના મ.નિ. ૩૯૫, ઈ. સ. પૂ. ૭૨ વર્ષે સ્વર્ગસ્થ થયા પછી આવેલા) વંશજ પાસેથી તેણે કલિંગ જીતી લેતાં કલિંગનો રાજા પણ કહેવાતો હશે. તેના રાજ્યનાં આશરે વીશેક વર્ષ વીત્યા બાદ દક્ષિણના શકોએ તેના પ્રતિષ્ઠાન (કુન્તલ)ના પ્રદેશ પર સત્તા જમાવી ભારે રંજાડ કરવા માંડી હતી. યુગપુરાણે લખેલું પુષ્પપુર એ પ્રતિષ્ઠાન હોઈ ગોપાલ, અમ્લાટ, વિગેરે તેણે લખેલા રાજાઓ ત્યાંના જ શક રાજાઓ હતા. આ સામાન્ય દુશ્મનાવટને લઈને જ તેણે મદદ કરી, અવન્તિના શકો સામે વીર વિક્રમાદિત્યને વિજય અપાવ્યો હતો. આ પછી પ્રતિષ્ઠાનના શક રાજાએ કલિંગરાજ (આન્ધ્રરાજ)ની ભૂમિ પર હલ્લો કર્યો હતો ત્યારે દ્વીપિએ પોતે સ્કન્દ–કાર્તિકેયની જેમ સૈન્યને દોરી તેને મારી નાખ્યો હતો. ત્યાર બાદ પુરતી તૈયારી સાથે તેણે ચઢાઈ કરી પ્રતિષ્ઠાનના પ્રદેશમાંથી શકોને હાંકી કાઢયા અને તે કુન્તલરાજ કહેવાયો હતો. ગુણાઢયની બૃહત્કથાનાં સંસ્કૃત રૂપાન્તરોમાં આપેલાં અને અહિં દ્વીપિના પ્રસંગમાં વિચારણીય અમુક આખ્યાનોનો સાર આ મુજબ છેઃ–

"દક્ષિણાપથનો રાજા સિંહબલ તેના ગૌત્રજોથી હારી જતાં પોતાના સસરાને ત્યાં 'માલવપુર' માં ગયો. તેણે ત્યાંથી થોડીએક મદદ મેળવી અને પછી ગજાનીક (કલિંગરાજ)થી મોટી મદદ મેળવી ગૌત્રજોને હરાવ્યા તથા ગૌત્રજોનાં રાજ્ય સાથે પોતાના રાજ્યને પાછું મેળવ્યું."

"પાટલીપુત્રના રાજા વિક્રમાદિત્યે પ્રતિષ્ઠાનના રાજા નરસિંહને એવી રીતે જીતી લેવા પ્રતિજ્ઞા કરી કે, પોતાના બંદી–માગધોથી તે સેવક તરીકે બિરુદાય. આ પછી તેણે નરસિંહ પર ચઢાઈ કરી, પરંતુ તે તેને જીતી શકયો નહિ. અંતે પ્રેમથી વશીભૂત મદન

માલા નામની વેશ્યાના પ્રસંગથી ગોઠવાયલી બાજી પ્રમાણે તેણે પોતાની પ્રતિજ્ઞા કલ્પિત રીતે પૂર્ણ કરવાનો દેખાવ કર્યો અને મદનમાલાને પણ સ્વાધીન કરી લઈ ગયો.”

“ઉજ્જયિનીના મહેન્દ્રાદિત્ય રાજાને શિવજીની પ્રેરણાથી માલ્યવંત ગણનો અવતાર વિક્રમાદિત્ય અપરનામ વિષમશીલ નામે પુત્ર થયો. એણે વિદર્ભરાજ વિક્રમશક્તિની સરદારી નીચે મોકલેલા સૈન્યથી ઘણા દેશોને જીત્યા હતા અને મ્લેચ્છ શકોનો નાશ કર્યો હતો.”

“દ્વીપિકર્ણિ નામનો એક મોટો રાજા હતો. તેની સ્ત્રી શક્તિમતી સાપ કરડવાથી મૃત્યુ પામી. તેને પુત્રની અભિલાષાથી ચિન્તા થઈ. શિવજીએ તેને સ્વપ્નમાં જણાવ્યું કે, ‘તું મહાઅરણ્યમાં જજે ત્યાં તને સિંહ પર બેઠેલો બાલક મળશે તે તારા પુત્ર તરીકે થશે. બીજે દિવસે એ રાજા મૃગયાએ ગયો ત્યાં જંગલમાં બાલક સહિત સિંહને જોયો અને સિંહને બાણ મારી બાલકપુત્ર મેળવ્યો. દ્વીપિકર્ણિએ એ પુત્રને સર્વ વિદ્યાઓ શીખવી અને પોતે વિરક્ત થઈ ચાલ્યો ગયો. આ બાલકપુત્ર મહાન રાજા થયો.”

ઉપર આપેલાં આખ્યાનોમાં કાંઇક રૂપાન્તર થયું છે. ખરી હકીકત એ છે કે, (નં૦૮) દ્વીપિ (સા૦ક૦,પુલો૦)ને પોતાના રાજ્યની શરૂઆતમાં ગૌત્રજોથી ઉપદ્રવ થયો હતો, પરંતુ સિંહની સ્પર્ધા કરી શકે એવા એ રાજાએ પોતાના મિત્ર કલિંગરાજ વિદુહ-રાયની મદદથી પોતાનું રાજ્ય પાછું મેળવ્યું હતું. આ નરસિંહ રાજાની કન્યા સુકોમલાને મેળવવા ઉજ્જયિનીના ગર્દભિલ્લવંશીય વિક્રમાદિત્યે પોતાની દિવ્યશક્તિનો ઉપયોગ કર્યો હતો અને પ્રપંચપૂર્વક તેને મેળવી હતી. આ દ્વીપિને પુત્ર ન હોતાં ગમે તે રીતે પુત્રને મેળવ્યો હતો કે જે ‘હાલ’ નામનો મહાન રાજા થયો હતો અને જેણે ભારતના શકોને જીતી તેમને તાબે કર્યા હતા.

ઉપર કરેલા વિવેચનથી સમજાશે કે, પુરાણો અને ક૦સ.સા. વિગેરેમાં મૃગેન્દ્ર, સિંહબલ, નરસિંહ અને મેઘસ્વામી (મેઘસ્વાતી કે મેઘસંઘ, સ્વાતી કે સ્વામી એમ લખાયું છે પણ તે અશુદ્ધ લાગે છે), મહેન્દ્ર, એ નામ લખાયાં છે તે અનુક્રમે દ્વીપિ અને તેની ઉપાધિ પુલોમાવીના જ પર્યાયો છે. સાતકર્ણી (સ્વાતિકર્ણ નહિ) એ તેના કુલનું નામ છે, સ્કંદ એ તેનું ઉપમાન છે અને કુન્તલરાજ (કુન્તલ એ દેશનું નામ હોઈ ભ્રાન્તિથી રાજાના નામ તરીકે લખાયું છે.) એ તેનું વિશેષણ છે. વસ્તુતઃ એ સર્વ રીતે ઓળખાતો રાજા દ્વીપિ નામનો એક જ છે. વાયુપુ૦ મારા આ કથનનું સમર્થન કરે છે. કેમકે, તે મત્સ્ય૦ના (નં૦૮) અપીલક અને (નં૦૧૬) અરિષ્ટકર્ણ, એ બેની વચ્ચે મત્સ્ય૦ની જેમ ૭ રાજાઓ નહિ, પરંતુ તેણે લખેલા ૩૬ વર્ષ રાજત્વકાલવાળા એક પુલોમાવીને જ–‘પટુમાવી’ને જ લખે છે. વિષ્ણુપુ૦ અને ભાગવત પણ એ સાત રાજાઓમાં મેઘસ્વાતિ અને પુલોમાવીના સ્થાને મેઘસ્વાતિ અને પટુમાન કે અટમાન લખી ૫ રાજાઓને છોડી દે છે તેથી પણ સમજાય છે કે, મત્સ્ય૦માં વ્યર્થ જ દ્વીપિ (સા૦ક૦, પુલોમાવી)નાં

ઉપાધિ આદિને જણાવનારાં કેટલાંક નામ ઘુસી ગયાં છે અને પુલોમાવીનાં રાજ્યવર્ષ ૩૬ ને ત્યાં ૧૮+૧૮=૩૬, ૧૮+૭+૮=૩૬ એમ અસ્તવ્યસ્ત બેવડાઈ દેવાયાં છે, કે જે બધાં ય ગણતરીમાં લેતાં વિક્રમાદિત્ય અને હાલની સમાનકાલીનતાને જણાવનારાં અન્ય સાધનોથી વિરુદ્ધ જતાં અસંગત છે. વાયુપુ૦ પુલોમાવીનાં ૨૪ વર્ષ લખે છે તે પણ એવી કોઇ ગરબડ થયાનું જ પરિણામ છે.

મત્સ્ય૦ની નોંધની જેમ મારી નોંધમાં પણ દ્વીપિ (સા૦૪૦, પુલોમાવી) પછી (ગૌ૦) અરિષ્ટ (સા૦૩૦) નોંધાયો છે. તેણે ૨૫ વર્ષ રાજ્ય કર્યું છે. દ્વીપિ પછી તેનો પુત્ર હાલ ગાદી પર આવવો જોઇએ, પરંતુ તે રાજા સગીર હોવાને લઇ અરિષ્ટે રાજ્ય કર્યું હોય એમ લાગે છે. અરિષ્ટ દ્વીપિનો કેવી રીતે સગો થતો હતો એ જણાયું નથી. સંભવ છે કે, તે તેનો ભાઈ, ભત્રીજો કે નજીકનો પિતૃવ્ય થતો હશે. મેં ટીપ્પણમાં મત્સ્યપુ૦માંની આન્ધ્રવંશાવલીનો મૂલપાઠ આપ્યો છે, તેમાં આ રાજાનું નામ અરિષ્ટકર્ણ લખાયું છે, પરંતુ મત્સ્ય૦ની અન્ય પ્રતિઓમાં તે રિક્તકર્ણ, રિક્તવર્ણ અને વિકૃષ્ણ નામે નોંધાયો છે. વાયુ વિગેરે પુરાણો તેને નેમિકૃષ્ણ, ગૌરકૃષ્ણ, અરિષ્ટકર્મા, અનિષ્ટકર્મા, વિગેરે નામે પણ નોંધે છે. લાગે છે કે, એ બધાં અરિષ્ટનાં નામાન્તર અને અશુદ્ધ રૂપો છે.

નાશિક જિલ્લાના જોગલથેમ્બીગામમાંથી સત્રપ રાજા નહપાણ ક્ષહરાટના સિક્કાઓ મળી આવ્યા છે તેમાંના ⅔ પર ગૌતમીપુત્ર સાતકર્ણિએ પોતાનું મહોરું માર્યું છે.* વળી નાશિક જિલ્લાની લેણમાં ગૌતમીપુત્ર સાતકર્ણિના રાજ્યના ૧૮ મા વર્ષમાં તેના નામે અને તેના રાજ્યના ૨૪ મા વર્ષમાં તેના અને જીવત્સુતા રાજમાતાના એમ ઉભય નામે, જે બે ફરમાન કોતરાયલાં છે, તેમાં પહેલામાં જણાવ્યું છે કે, "બેન્નાકટકનો રાજા ગૌતમી પુત્ર સાતકર્ણિ વૈજયન્તી (વનવાસી, ઉત્તર કનડા જીલ્લાના સિરસી તાલુકામાં) ની વિજયી છાવણીમાંથી ગોવરધન પ્રાન્ત (નાશિક જિલ્લા) ના અમાત્યને ફરમાવે છે કે, ઉસવદાતની માલીકીનાં 'ખેત' વિગેરેનાં દાનને કાયમ રાખવાં." બીજા ફરમાનમાં પણ પહેલા ફરમાનને લગતી જ હકીકત છે. તેમાં રાજમાતાનું નામ સાથે હોવાથી તે ફરમાન બેન્નાકટકથી કાઢેલું હશે અને તે તેના જીવનના છેલ્લા દિવસોમાં રાજમાતાએ કાઢેલું હશે, એમ લાગે છે. આ ગૌતમીપુત્ર સાતકર્ણિ મારી નોંધમાંનો (નં.૯) અરિષ્ટ છે અને બીજા ફરમાનમાંની મહાદેવી જીવત્સુતા રાજમાતા એ દ્વીપિની રાણી તથા વિદ્યમાન પુત્રવાળી જન્મથી રાજા હાલની માતા છે.

ઉપરોક્ત જોગલથેમ્બીથી મળેલા સિક્કાઓ અને નાશિક જિલ્લાના લેખોથી એ સિદ્ધ હકીકત છે કે, અરિષ્ટની રાજધાની બેન્નાકટકમાં જ હતી અને નાશિક જિલ્લાનો પ્રદેશ તેના તાબામાં હતો. આ રાજાનો એક ત્રીજો લેખ, તેના રાજ્યના ૧૮ મા વર્ષમાં કાઢેલા ફરમાનવાળો, કાર્લેમાં કોતરાયલો મળી આવે છે તેથી તે પુના જિલ્લાના પ્રદેશનો પણ

કબજો ધરાવતો હતો. સમજાય છે કે, તેણે રાજ્ય પર આવ્યા પછી અને રાજ્યના ૧૮ મા વર્ષ પહેલાં ક્યારેક પશ્ચિમઘાટના પૂર્વ પ્રદેશમાં (નાશિક અને પુના વિગેરે જિલ્લાઓમાં) રાજ્ય કરતા શકોને (ક્ષહરાટ નહપાણ અને ઉસવદાતના રાજ્ય પછી ત્યાં રાજ્ય કરતા ઉસવદાતના પુત્ર દેવણકને અથવા તેના અનુગામી કોઈ શક રાજાને) ઉખેડી નાખી ત્યાં પોતાની રાજસત્તા સ્થાપી હતી અને તેનો વહીવટ નીમેલા સૂબાઓ મારફતે ચાલતો હતો.

પશ્ચિમ ભારતમાં રાજપૂતાનાથી લઈ લાટદેશ સુધી પસરેલી ક્ષહરાટોની સત્તા ઉજ્જયિનીના અધિપતિ ગર્દભિલ્લના સમયમાં જ નાશ પામી ચુકી હતી. એ પછી શ્રીકાલકાચાર્યની પ્રેરણાથી આવેલા શક સાહિઓએ ગર્દભિલ્લનો નાશ કર્યો હતો અને તેઓ સોરઠ, ગુજરાત, માલવા વિગેરેના માલીક બની બેઠા હતા. આ શક લોકો (નં.૮) દ્વીપિ (સા૦ક૦)ની મદદ પામેલા વિક્રમાદિત્યના હાથે અવંતિમાં યુદ્ધ ખેલ્યા બાદ નિઃસત્તાક કે પરાધીન થઈ ગયા હતા. ત્યાર બાદ પ્રતિષ્ઠાનના પ્રદેશના શકોની પણ દ્વીપિના હાથે એવી જ દશા થઈ. આમ છતાં હજુ નાશિક, પુના, વિગેરે જિલ્લાઓનો પ્રદેશ શક ઉસવદાતના ધર્મપરાયણ વંશજોના તાબામાં હતો. આશરે પોણોસો વર્ષથી એક સરખા પ્રવાહબંધ આવી આ પ્રદેશોમાં વસવાટ કરી રહેલા ક્ષહરાટ, શક, યવન અને પલ્હવ તથા તે સર્વના રાજકર્તા શક રાજાને જીતી લેવાનું કામ કઠીન હતું, છતાં (ગૌ૦) અરિષ્ટે એ કામ પાર પાડયું તેથી તે લડાયક જુસ્સાવાળો અને પરાક્રમી હશે એની ના નથી; પરંતુ વાશિષ્ઠીપુત્ર પુલોમાવીના રાજ્યના ૧૯ મા વર્ષે રાજમાતા અને રાજપિતામહી બાલશ્રીએ કોતરાવેલા નાશિકજિલ્લાની લેણના લેખમાં, જે ગૌતમીપુત્ર સાતકર્ણિનું મોટા ભાગના દક્ષિણ ભારત ઉપરાંત સૌરાષ્ટ્ર, કુકુર, અવન્તિ વિગેરે દેશોના પતિ તરીકે અને શક, યવન, પલ્હવના નાશક તથા ક્ષહરાટવંશના નિરવશેષકારક તરીકે વર્ણન કરવામાં આવ્યું છે, તે આ અરિષ્ટ છે એમ કેટલાક સંશોધકો જણાવી રહ્યા છે તે કોઈ પણ રીતે સંગત નથી.

ગૌતમીપુત્ર સાતકર્ણિના રાજ્યના ૨૪ મા વર્ષમાં કાઢેલા ફરમાનમાં રાજમાતા પોતાને જીવત્સુતા તરીકે જણાવે છે. હવે જો એ રાજમાતા બાલશ્રી હોય તો, પોતાના નામની સાથે પુત્રનું નામ પણ લખાવે છે તેથી જ તેનો પુત્ર જીવતો હોઇ તે 'જીવત્સુતા' સિદ્ધ હોતાં તેનું 'જીવત્સુતા' એ વિશેષણ વ્યર્થ જ થઈ પડે છે. ખરી રીતે જીવત્સુતા એ વિશેષણ (નં.૧૫) શિવ (સા.ક.)ની રાણી અને (નં.૧૬) ગૌતમીપુત્ર યજ્ઞશ્રી (સા.ક.)ની માતા બાલશ્રીને નહિ; પરંતુ (નં.૮) દ્વીપિ (સા.ક.)ની રાણી અને (નં.૧૦) હાલ (શાલવાહન)ની માતાને લાગુ પડે છે અને સાર્થક પણ છે.

દ્વીપિ (સા.ક.) પોતાના પુત્ર હાલને રાજ્ય પર બેસાડી જંગલમાં ચાલ્યો ગયો. તે સગીર હોવાથી તેની તરફે રાજમાતા-દ્વીપિની રાણી રાજકારભાર ચલાવતી હતી, પરંતુ

થોડા જ મહિનાઓમાં દ્વીપિના કુટુમ્બી સગા (કેવી રીતે એ દાયાદ-ગોત્ર જ હતો તે જાણવા મળતું નથી) અરિષ્ટે આન્ધ્રરાજ્યને પોતાના હાથમાં લઇ લીધું. આ કાંઇ પહેલો પ્રસંગ નથી. આથી પૂર્વે અને પછી પણ આન્ધ્રરાજ્યમાં આવી રીતે દાયાદો તરફથી રાજાઓનાં રાજ્ય પડાવી લેવાનું વારંવાર બનવા પામ્યું છે, એમ બૃહત્કથાનાં રૂપાન્તરોથી જાણવા મળે છે. અરિષ્ટે રાજ્ય પોતાના હાથમાં લીધું, પરંતુ તેણે સંબંધ કે સહૃદયતા ગુમાવી દીધી હોય એમ નથી લાગતું. હાલનું અને તેની માતાનું વર્ચસ્વ પણ અમુક અંશે તેના રાજત્વકાલમાં રહ્યું જ હશે એમ અનુમાન થાય છે. કેમકે, તેના રાજ્યના ૨૪ મા વર્ષમાં અરિષ્ટ (ગો૦પુ૦ સા૦ક૦) અને રાજમાતા એમ બન્નેના નામે સહચારવાળું ફરમાન કઢાય છે. આવી પરિસ્થિતિમાં, રાજ્ય પર આવેલો પુત્ર રાજ્ય પર ન હોતાં તે મૃત્યુ પામ્યો હોય એવા સંભવને વ્યવચ્છેદ કરવા દ્વીપિની રાણીને રાજમાતા શબ્દની સાથે જીવત્સુતાનું સાર્થક વિશેષણ રાખવું પડયું હોય એમ લાગે છે.

(ગૌ૦) અરિષ્ટ (સા૦ક૦)ની પછી હાલ (બૃહત્કથાનો વિષમશીલ) ગાદી પર આવ્યો છે. "તેના સમયમાં શકમ્લેચ્છોનો ઉપદ્રવ ચાલુ જ હતો અને તેણે પોતાના સેનાની વિક્રમશક્તિ દ્વારા ઉપદ્રવ કરતા દક્ષિણના શકોને જીત્યા હતા," આવા પ્રકારના ક૦સ૦સા૦ વિગેરેના ઉલ્લેખથી સાબીત થાય છે કે, (ગૌ૦) અરિષ્ટ (સા૦ક૦) શકાદિનો નિષૂદક અને ક્ષહરાટોનો ઉન્મૂલક નથી અને તેથી તે બાલશ્રીના લેખમાંના વિદેશી જાતિઓના સંહારક (ગૌ૦) યજ્ઞશ્રી (સા૦ક૦)થી જુદો જ છે. શક ઉસવદાત અને શક ચષ્ટન એ બેની વચ્ચે આશરે ૧૫૦ વર્ષનું અંતર હોઇ, અરિષ્ટે ઉસવદાતના વારસ રાજાને જીતી નાશિક, પુના વિગેરે દક્ષિણના જિલ્લાઓના શકોને અને અન્ય વિદેશી જાતિઓને તાબે કરી હતી, જ્યારે યજ્ઞશ્રીએ સૌરાષ્ટ્રમાંના ચષ્ટનના વારસ જયદામાને જીતી સૌરાષ્ટ્ર, કુકુર, અવન્તિ, વિગેરે દેશોમાં વસેલી શકાદિ જાતિઓનો નાશ કે સંહાર કર્યો હતો. આ વસ્તુસ્થિતિને લક્ષ્યમાં ન લેતાં તથા હાલ રાજા અને વિક્રમાદિત્યની સમાનકાલીનતા સાબીત કરતા સાહિત્યગત અનેક ઉલ્લેખોને અવગણતાં, શ્રી જાયસ્વાલજીએ અવન્તિના અધિપતિ તરીકે હાલના રાજ્યારંભથી ૧૨૮ વર્ષે રાજ્ય પર આવેલા બાલશ્રીના પુત્ર (ગૌ૦) યજ્ઞશ્રી (સા૦ક૦) ના બદલે, હાલના પુરોગામી (ગૌ૦) અરિષ્ટ (સા૦ક૦) ને ઠરાવવા પ્રયત્ન કર્યો છે, એ તેમનું સાહસ જ છે. ખરી હકીકત એ છે કે, (ગૌ૦) અરિષ્ટ (સા૦ક૦) ના રાજ્ય સમયે અને હાલ (શાલવાહન)ના રાજ્યનાં ૨૫ અને ૨૩ કે ૨૪ વર્ષ પર્યન્ત અનુક્રમે, અવન્તિ (ઉજ્જયિની) માં ગર્દભિલ્લના પુત્ર વિક્રમાદિત્યનું અને આકર (વિદિશા)માં શુંગભૃત્યોનું જ રાજ્ય હતું. સાંચીના મોટા સ્તૂપના દક્ષિણી તોરણ પર રાજા શ્રી સાતકર્ણિના કારીગર વાશિષ્ઠીપુત્ર આનન્દનો એક નાનો શો લેખ છે તે, હાલ રાજાએ શૂદ્રક દ્વારા શુંગભૃત્યો-કાણ્વાયન સુશર્મા પાસેથી આકર જીતી લીધા બાદનો હોઇ, ઈ.સ.ની પહેલી સદીના પ્રથમ ચરણનો છે અને માલવામાંથી ઉજ્જયિનીના વિશેષ ચિહ્નવાળા સિક્કા મળે છે તે, શિવશ્રી (સા૦ક૦)એ ઉજ્જયિની પર આધિપત્ય મેળવ્યા બાદના એટલે

ઈ.સ. ૭૮ પછીના છે; અને તેથી સાંચીના લેખનું કે ઉપરોક્ત સિક્કાઓનું પ્રમાણ આપી અરિષ્ટને આકર, અવન્તિનો પતિ ઠરાવવા મથવું એ નકામું જ છે. તેનું રાજ્ય દક્ષિણાપથમાં જ મર્યાદિત હતું.

આ અરિષ્ટ (સા૦૭૦) પછી આન્ધ્રવંશાવલી લખનારાં બ્રહ્માંડ સિવાયનાં પુરાણો 'હાલ' રાજાને નોંધે છે. મત્સ્ય પુરાણ તેનો રાજત્વકાલ ફક્ત ૫ વર્ષ જ લખે છે. આ રાજા ગાથાસપ્તશતીમાં પોતાનો પરિચય "કુન્તલરાજ પૈઠણપતિ દ્વીપિકર્ણીનો પુત્ર મલયાવતીનો પતિ શતકર્ણ 'હાલ' ઉપનામક સાતવાહન" આવી રીતે આપે છે. જૈન ગ્રન્થકારો પણ આ રાજાને હાલ કે સાતવાહન તરીકે જ લખી રહ્યા છે. એ 'હાલ સાતવાહન' માંથી જ અનુક્રમે સાલવાહન, સાલિવાહન થઈ છેવટે સંસ્કૃત લેખકોનું 'શાલિવાહન' થઈ ગયું છે. આ રાજાના જન્મની સાથે ચમત્કારિક કથાઓ જોડી દેવાઈ છે. કોઈક તેની ઉત્પત્તિમાં સાત નામના યક્ષને લાવે છે તો કોઈક તેને પ્રતિષ્ઠાનના નાગહ્રદના નાગરાજનું સંતાન બનાવી દે છે, પરંતુ સાતવાહનકુલના પ્રથમ પુરુષની સાથે અને શૂદ્રક કે ગુણાઢ્ય મન્ત્રીની સાથે સંબંધ ધરાવતી એ કથાઓને અને હાલ-શાલિવાહનને કાંઈ લાગતું વળગતું નથી. બાકી, તેના નામ સાથે એ કથાઓના જોડાણ પરથી એમ તો કહી શકાય કે, તે એક મહાન સમ્રાટ્ હોઈ લોકો તેનામાં દિવ્યતા હોવાની માન્યતા ધરાવતા હતા. એના લેખકોએ ગમે તે રીતે એ વાતનો જ પડઘો પાડ્યો છે. સાહિત્યગત ઉલ્લેખો પરથી આ રાજાનું રાજ્ય, પુરાણો લખે છે તેમ, ફક્ત ૫ વર્ષ જ નહિ, પરંતુ ઘણું જ વધારે હોવું જોઈએ એમ સહજ સમજાય છે અને તે નીચે આપેલી હકીકત પરથી સ્પષ્ટ થશે.

શકરાજા ચષ્ટનના પૌત્ર સમ્રાટ્ રુદ્રદામાએ ગિરનારની તળેટીમાં અશોકે કોતરાવેલા લેખવાળી શિલા પર પોતાનો લેખ કોતરાવ્યો છે. તેમાં તેણે પોતાને આકર અને અવન્તિ સહિત ઘણા દેશોનો સ્વામી જણાવ્યો છે. વળી ત્યાં એવો પણ ઉલ્લેખ છે કે, તેણે દક્ષિણાપથપતિ શાતકર્ણીને બે વાર હરાવ્યો હતો. આ લેખમાં ૭૨ નો અંક છે. સંશોધકો કહે છે કે, એ અંક શકસંવતનો હોઈ ઈ.સ. ૧૫૦ (આ લેખની ગણના પ્રમાણે મ.નિ. ૬૧૭-વિ.સં. ૨૦૭)નો એ લેખ છે. ઈ. સ. ૧૩૦ અને ઈ.સ. ૧૬૧ ની વચ્ચે વિદ્યમાન અને ઈ. સ. ૧૩૦ પછી આશરે ૧૦ થી ૧૫ વર્ષ સુધીમાં ભારતમાં આવેલો ગ્રીક ભૂગોલશાસ્ત્રી મી. ટોલેમી લખે છે કે, આ સમય દરમીયાન ઉજ્જયિનીમાં 'ટીઅસ્ટનેસ' અને પૈઠણમાં પુલોમાવી રાજ્ય કરતા હતા. મી. ટોલેમીના કથન પરથી સમજાશે કે, રુદ્રદામાના લેખમાંનો શાતકર્ણી એ પુલોમાવી છે. રુદ્રદામા અને ટોલેમીનો સમકાલીન એ પુલોમાવી સાતકર્ણી, નં. ૧૭ નો આન્ધ્રરાજા કે જેનું નામ 'ચત્રપણ' છે અને જે વાશિષ્ઠીપુત્ર છે તેજ ઘટી શકે છે. રુદ્રદામાના લેખ પરથી અને ટોલેમીના કથન પરથી સ્પષ્ટ સાબીત થાય છે કે, તેમનો સમકાલીન પુલોમાવિશાતકર્ણી (વાશિષ્ઠીપુત્ર

ચત્રપણુ) કોઈ પણુ રીતે ઈ.સ.ની બીજી સદીના બીજા ચરણુથી પૂર્વે ઘણો દૂર મુકી શકાય તેમ નથી.

હવે જો મત્સ્યપુ૦ પ્રમાણે 'હાલ' રાજાનાં ૫ વર્ષ જ માનીએ તો તેની જ નોંધ મુજબ હાલના રાજ્યાન્તથી પુલોમાવીનો રાજ્યારંભ–મણ્ડલક (મંતલક) ૫ વર્ષ, પુરીન્દ્રસેન ૫ વર્ષ, (સૌમ્ય....વર્ષ) સુન્દર ૧ વર્ષ, ચકોર ૦ાા વર્ષ, શિવસ્વાતિ ૨૮ વર્ષ, ગૌતમીપુત્ર ૨૧ વર્ષ, એમ ૫+૫+ (....) + ૧ + ૦ાા + ૨૮+૨૧=૬૦ાા વર્ષે આવે અને તે જૈનગ્રન્થોમાં નોંધાયલી હાલના સંબંધી કેટલીક ઘટનાઓનો સામયિક વિચાર કરતાં અસંગત થઈ પડે છે.

જૈનગ્રન્થોમાં લખાયું છે કે; "હાલે–શાલિવાહને રાજ્ય પર આવ્યા પછી (દક્ષિણાપથ પર મજબૂત સત્તા જમાવ્યા બાદ) પ્રતિષ્ઠાનથી વિક્રમાદિત્યના તાબાના અને તેના પુત્રોથી–ધનંજય (?) અને નભઃસેન (વિક્રમચરિત્ર)થી શાસિત લાટના ભરૂચ પર વારંવાર હલ્લાઓ કર્યા હતા તેમાં નભઃસેનની હાર થયા બાદ વિક્રમાદિત્ય જાતે યુદ્ધમાં ઊતરતાં તેને ઘા લાગતાં કે કોઈ આવી પડેલી આકસ્મિક વ્યાધિથી પીડાતાં તેનું છ માસમાં મૃત્યુ થયું હતું. આ પછી નભઃસેને–વિક્રમચરિત્રે યુદ્ધ જારી રાખતાં અને તેને કાંઈક વિજય મળતાં અંતે તે બન્નેની વચ્ચે સંધિ થઇ અને હાલ રાજા તે પછી એ લાંબા કાળથી ચાલતા વિરોધથી અટકયો હતો."

જૈનગ્રન્થકારો વિક્રમાદિત્યનું મૃત્યુ તેના રાજ્યનાં ૬૦ વર્ષે–ઈ. સ. ૩ વર્ષે લખે છે. હવે જો હાલ રાજાના ભરૂચ પર હલ્લાઓનો સમય વધારે ન માનતાં ઓછામાં ઓછો ૩ વર્ષ જ માનીએ અને વિક્રમાદિત્યના મૃત્યુ બાદ તેના પુત્રની સાથે હાલનું યુદ્ધ અને અંતે સંધિ એનો સમય ૨ વર્ષ ગણીએ તો, ફક્ત ૫ વર્ષ જ રાજત્વકાલવાળા હાલનું મૃત્યુ ઈ.સ. ૫ વર્ષે આવે અને તેનાથી ૬૦ાા વર્ષે રાજ્ય પર આવેલા પુલોમાવીનો રાજ્યારંભ ઈ. સ. ૬૫ાા વર્ષે આવે. પુરીન્દ્રસેનનાં રાજ્ય વર્ષ મત્સ્યપુ૦ પ્રમાણે ૫ વર્ષ ન ગણતાં બ્રહ્માંડપુ. કે વાયુપુ. પ્રમાણે ૧૨ કે ૨૧ વર્ષ ગણીએ તો, પુલોમાવીનો રાજ્યારંભ ૭ કે ૧૬ વર્ષ મોડો એટલે ઈ.સ. ૭૨ાા કે ૮૧ાા વર્ષે આવે; પરંતુ કોઇ પણ રીતે ઈ.સ.ની બીજી સદીના બીજા ચરણમાં, અર્થાત્; ઇ. સ. ૧૩૦ની આજુબાજુનાં વર્ષોમાં આવી શકે નહિ. હાલનું રાજ્ય ફક્ત ૫ વર્ષ માનતાં, મારી નોંધ પ્રમાણે તેનું રાજ્ય ઈ.સ.–પૂ. ૨૨ વર્ષે શરૂ થતું હોવાથી મૃત્યુ ઇ.સ. પૂ. ૧૭ વર્ષે આવે અને ત્યાર બાદ મણ્ડલક વિગેરેનાં ૫+૨૧+૧+૦ાા+૨૮+૨૧=૭૬ાા વર્ષ પછી એટલે ઇ.સ. ૫૯ાા વર્ષે પુલોમાવીનો રાજ્યારંભ આવે. આ આપત્તિ ઉપરાંત, વિક્રમાદિત્યના રાજ્યનાં છેલ્લાં વર્ષોમાં 'હાલનુ' જૈનગ્રન્થોક્ત અસ્તિત્વ કે યુદ્ધાદિ વિગેરે ઘટી શકે જ નહિ.

પુરાણો પ્રમાણે પુલોમાવી (ચત્રપણુ)નો રાજ્યારંભ, ઉપર જણાવ્યું તેમ ઈ.સ. ૧૩૦ ની લગભગનાં વર્ષોમાં પુલોમાવીનો રાજ્યારંભ થયો હતો એ નિશ્ચિત સમય કરતાં

લગભગ ૧૩૦-૬૫ાા=૬૪ાા, ૧૩૦-૭૨ાા=૫૭ાા, કે ૧૩૦-૮૧ાા=૪૮ાા વર્ષ પૂર્વે આવી પડે છે, અને પુરાણો પ્રમાણે હાલનાં રાજ્યવર્ષ ૫ જ માની લેવામાં આવે તો મારી નોંધેલી સાલવારી અને રાજ્યવર્ષ પ્રમાણે પુલોમાવીનો રાજ્યારંભ ઉપરોક્ત નિર્ણિત સમય કરતાં ૧૨૭-૮૧ાા=૪૫ાા વર્ષ પૂર્વે આવી પડે છે તથા વિક્રમાદિત્યની વૃદ્ધાવસ્થામાં હાલનું અનસ્તિત્વ આવી પડે છે. આ સર્વ આપત્તિને ટાળવા મેં મારી નોંધમાં હાલનાં રાજ્ય વર્ષ ૫ ના બદલે ૭૨ નોંધ્યાં છે, કે જે મારી નોંધેલી સાલવારી પ્રમાણે મ.નિ. ૪૪૫ થી ૫૧૭-ઈ.સ. પૂ. ૨૨ થી ઈ.સ. ૫૦ સુધી છે. ત્યાર બાદ મણ્ડલક વિગેરેએ ૭૬ાા (૭૭) વર્ષ રાજ્ય ભોગવ્યું અને તે પછી ઈ.સ. ૧૨૭ વર્ષે પુલોમાવી રાજ્ય પર આવ્યો, એમ ઉપરોક્ત આવી પડતી આપત્તિ ટળી જાય છે.

સંશોધકો ગ્રીક ભૂગોલવેત્તા ટોલેમીએ નોંધેલા ઉજ્જયિનીના રાજા 'ટીઅસ્ટનેસ'ને ચષ્ટન તરીકે સમજી રહ્યા છે, પરંતુ એ સમજ બરાબર હોય એમ લાગતું નથી. સંભવ છે કે, ચષ્ટનવંશીય (રુદ્રદામા)ના સ્થાને એ 'ટીઅસ્ટનેસ' શબ્દ વપરાયો હોય. કારણ કે, ઈ.સ. ૧૩૦ થી ૧૬૧ સુધી વિદ્યમાન ટોલેમી ભારતમાં આવ્યો તે વખતે ઉજ્જયિનીમાં ચષ્ટન નહિ, પરંતુ તેનો પૌત્ર રુદ્રદામા જ ત્યાં રાજ્ય કરી રહ્યો હતો કે જેણે દક્ષિણા-પથપતિ સાતકર્ણિ (આન્ધ્રરાજા પુલોમાવી સા.ક. ચત્રપણ)ને બે વાર ખુલ્લા યુદ્ધમાં હરાવ્યો હતો એમ જૂનાગઢમાંનો તેનો શિલાલેખ કહી રહ્યો છે. મ. નિ. ૬૦૫ વર્ષે એટલે આ લેખની ગણના પ્રમાણે ઈ.સ. ૧૩૮ વર્ષે (વિ.સં. ૧૯૫ વર્ષે) અવન્તિમાં શક રાજાની ઉત્પત્તિ કહેવામાં આવી છે તે ગાથાઓનો અભિપ્રાય અવન્તિમાં આ શક રુદ્રદામાનું આધિપત્ય ઉત્પન્ન થવાના અંગે જ છે.

મ.નિ. ૪૧૦ વર્ષે વિક્રમસંવતની શરૂઆત માનનાર સંપ્રદાયને અનુસરનાર આ લેખ પ્રમાણે આન્ધ્રરાજા (નં. ૧૫) શિવ (સા.ક.), કે જે મ.નિ. ૫૪૫-વિ.સં. ૧૩૫-ઈ.સ. ૭૮ વર્ષે પ્રતિષ્ઠાનની ગાદીએ આવ્યો હતો અને બૃહત્કથાના અનુવાદોમાંનો વિક્રમસિંહ-વિક્રમસેન હોવા સંભવ છે, તેણે ઉજ્જયિનીના ગર્દભિલ્લવંશના છેલ્લા રાજા નાહડ પાસેથી અવન્તિનું આધિપત્ય ખુંચાવી લીધું હતું-નાહડે અલ્પાપરાધ માટે કેદ કરેલા એક ધનાઢ્ય વેશ્યાના પ્રેમપાત્ર બ્રાહ્મણપુત્ર શ્રીધરને, વેશ્યાએ કરેલા ઉપકારના બદલા તરીકે, છોડાવવા ઉજ્જયિની પર ચઢાઈ કરી નાહડને હરાવીને અવન્તિનું આધિપત્ય મેળવ્યું હતું. આ શિવ સા.ક.એ ૨૮ વર્ષ અવન્તિનું આધિપત્ય ભોગવ્યું, તે પછી તેના પુત્ર (નં૦૧૬) યજ્ઞશ્રી સા૦ક૦એ ૨૧ વર્ષ અવન્તિનું આધિપત્ય ભોગવ્યા બાદ (નં૦૧૭) ચત્રપણ (વાશિષ્ઠીપુત્ર પુલોમાવી) અવન્તિનો અધિપતિ થયો. તેણે પોતાના રાજ્યનાં ૧૧ વર્ષ વીતતાં એટલે મ.નિ. ૬૦૫-ઈ.સ. ૧૩૮ વર્ષે, આન્ધ્રવંશના તાબામાં મ.નિ. ૫૪૫-ઈ.સ. ૭૮ થી ૬૦ વર્ષ પર્યન્ત રહેલું અવન્તિનું આધિપત્ય ગુમાવ્યું, અને અવન્તિમાં તેનો વિજેતા શક રાજા રુદ્રદામા ઉત્પન્ન થયો.

મ.નિ. ૪૧૦ વર્ષે નહિ, પરંતુ મ.નિ. ૪૭૦ વર્ષે વિક્રમસંવતની શરૂઆત માનનાર ચાલુ જૈન સંપ્રદાય મ.નિ. ૬૦૫ વર્ષે ગર્દભિલ્લવંશના અંત સાથે શક રાજાની ઉત્પત્તિ માને છે. તેના મતે મ.નિ. ૬૦૫ એ ઈ.સ. ૭૮ હોઈ તે સમયે ૫૦ વર્ષ પાછળ થનારા રુદ્રદામાનું અસ્તિત્વ સંભવી શકે નહિ, અને તેથી અવન્તિમાં ઉત્પન્ન થનાર એ શક રાજા રુદ્રદામા ઘટી શકતો નથી; જ્યારે ચષ્ટન–રુદ્રદામાનો દાદો તે સમયની લગભગમાં વિદ્યમાન હોવાથી અવન્તિમાં ઉત્પન્ન થનાર શક રાજા તરીકે ઘટી શકે છે. પરંતુ ચા૦ જૈ૦ સંપ્ર૦ની ગણના પ્રમાણે અનેક પ્રાચીન ઘટનાઓનો મેળ મળતો નથી એ સંબંધી હું આ લેખમાં તે તે પ્રસંગે બતાવી ગયો છું. વળી સાંચીના તોરણ પરના લેખમાં રાજા સાતકર્ણિના કારીગરના લેખ પરથી તથા ઉજ્જયિનીના વિશેષ ચિહ્નવાળા સાતકર્ણિ રાજાના સિક્કા માળવામાં મળી આવવાથી શકોત્પત્તિ પહેલાં ઉજ્જયિનીમાં આન્ધ્રવંશનું આધિપત્ય સાબીત થઈ તે આપણને એવા નિશ્ચય પર લઈ જાય છે કે, ગર્દભિલ્લવંશનો અંત આન્ધ્રોએ આણ્યો હતો અને આન્ધ્રવંશનો અંત શકરાજાએ આણ્યો હતો. આ હકીકત અવન્તિના આધિપત્યને લગતી હોઇ રુદ્રદામા અને પુલોમાવી (વાશિષ્ઠીપુત્ર સા૦ક૦) સાથે સંબંધ રાખે છે, નહિ કે સૌરાષ્ટ્રના રાજ્યને લગતી હોઈ ચષ્ટન અને શિવ (સા૦ક૦)ની સાથે. રુદ્રદામાના અવન્તિપતિત્વ વિષે તેનો પોતાનો જૂનાગઢનો લેખ જ સાક્ષી પુરતો હોવાથી શંકાનું સ્થાન જ નથી, જ્યારે ચષ્ટનના અવન્તિપતિત્વ વિષે મી. ટોલેમીના ઉલ્લેખ પરથી સંશોધકોએ કરેલા સમયની સાથે મેળ ન બેસે એવા અને સંદિગ્ધ અનુમાન સિવાય બીજો કોઈ પુરાવો જ મળ્યો નથી. આમ છતાં કેટલાકો, "ગૌતમીપુત્ર યજ્ઞશ્રી શાતકર્ણિએ ક્ષહરાટ નહપાણના તાબાના પ્રદેશો જીતી લીધા હતા અને તે પ્રદેશોનો વહીવટ ચષ્ટનને સોંપ્યો હતો અથવા તો તે પ્રદેશો ચષ્ટને આન્ધ્રરાજા પાસેથી જીતી લીધા હતા. વળી પાછા તે પ્રદેશો ચષ્ટનના પુત્ર જયદામાએ ગુમાવ્યા હતા અને તેને જયદામાના પુત્ર રુદ્રદામાએ મેળવ્યા હતા. 'લે દે' થયેલા આ પ્રદેશોમાં અવન્તિ પણ હતો." આવા પ્રકારના કાલ્પનિક વિચારોથી ચષ્ટનને અવન્તિનો રાજકર્તા માનતા હોય તો ભલે માને. બાકી, ખરી હકીકત એ છે કે, નહપાણ અને ચષ્ટન એ બેની વચ્ચે ૧૫૦ વર્ષ કરતાંય વધારે અંતર હોઈ, નહપાણના જમાઈ શક ઉસવદાતના વંશજ પાસેથી નાશિક, પુના, વિગેરે જિલ્લાઓને જીતનાર ગૌતમીપુત્ર સાતકર્ણિ અને શિવ (સા૦ક૦) પાસેથી સૌરાષ્ટ્રને જીતી લેનાર ચષ્ટનના પુત્ર જયદામાને હરાવી સૌરાષ્ટ્ર પાછો મેળવનાર ગૌતમીપુત્ર સાતકર્ણિ એ બે લાંબા અંતરે થનાર ભિન્ન ભિન્ન આન્ધ્રરાજાઓ છે. ક્ષહરાટ નહપાણ કે શક ચષ્ટન, એ બેમાંથી કોઈના તાબામાં અવન્તિદેશ હતો જ નહિ, અને તેથી તેઓમાંના કોઇને હરાવી સાતકર્ણિઓએ તેમની પાસેથી અવન્તિદેશ જીતી લીધો હોય, એ હકીકત જ પાયા વિનાની લાગે છે.

સંશોધકોએ મથુરાના કુશાનવંશીય દેવકુલની એક મૂર્તિ પર 'ષસ્તન' નામ વાંચ્યું છે અને કચ્છના અંધાઉ ગામમાંના લેખોમાં 'ત્સામોતિક (ઝામોતિક) પુત્ર ચષ્ટન જય–

દામપુત્ર રુદ્રદામ' એવા અક્ષરો ઉકેલ્યા છે. આ પરથી તેઓ અનુમાન કરે છે કે, શક ચષ્ટનનો કુશાનવંશ સાથે રાજકીય સંબંધ હશે અને તે શરૂઆતમાં કચ્છમાં 'સત્રપ'-સૂબેદાર હશે, પરંતુ પાછળથી તેણે સૌરાષ્ટ્ર વિગેરે દેશો સાતકર્ણિઓ પાસેથી જીતી લઈ 'મહાસત્રપ' બની ગિરિનગર (જૂનાગઢ)માંથી રાજ્ય કરવા માંડયુ હશે અને અંતે અવન્તિ પણ જીતી લીધો હશે. વળી તેઓ એવા પણ અનુમાન પર આવે છે કે, ચષ્ટનના હાથમાં થોડો સમય અવન્તિ રહ્યા બાદ ગૌતમીપુત્ર સાતકર્ણિએ તેને અથવા તેના પુત્ર જયદામાને હરાવી તેમના બધા ય પ્રદેશો ખુંચાવી લીધા હતા. ફક્ત, ચષ્ટનના પૌત્ર રુદ્રદામાની પુત્રી પોતાના પુત્ર વાશિષ્ઠીપુત્ર ચત્રપણ પુલોમાવીના માટે લીધા બાદ તેણે તેમનો મૂળ પ્રદેશ કચ્છ જ તેમના હાથમાં રહેવા દીધો હતો. ચષ્ટનના રાજ્યના પર મા વર્ષમાં આવી સ્થિતિ હતી. આ પછી રુદ્રદામાએ પોતાના પરાક્રમથી તેના પ્રપિતા કે પિતાએ ગુમાવેલા સર્વ પ્રદેશો સાતકર્ણિને-પુલોમાવીને (ચત્રપણને) બે વાર યુદ્ધમાં હરાવી પાછા મેળવ્યા હતા અને તે અવન્તિનો સમ્રાટ્ બન્યો હતો.

ઉપરોક્ત અનુમાન પ્રામાણિક હોવા સંબંધી સંશોધકોનો આગ્રહ હોય તો કહી શકાય કે, ચષ્ટન અવન્તિનો સ્વામી બન્યો હતો; પરંતુ અવન્તિ પરના આન્ધ્ર આધિપત્ય-મધ્યે તે સમય થોડો જ હોવાથી જૈનગ્રન્થકારોએ તેનો ઉલ્લેખ ન કરતાં, રુદ્રદામાએ જે ચિરસ્થાયી અવન્તિનું આધિપત્ય મેળવ્યું તેનો જ 'મ નિ. ૬૦૫ (ઈ.સ. ૧૩૮) વર્ષે શકરાજા ઉત્પન્ન થયો' આવી રીતે ઉલ્લેખ કર્યો છે. અન્ધાઉના અને જૂનાગઢના લેખમાં અનુક્રમે પર અને ૭૨ નો અંક છે તે તથા અન્યાન્ય શકરાજાઓના સિક્કાઓમાં જે અંકો લખાયા છે તે સર્વ શકસંવતના છે, પરંતુ તેમાં 'શક' શબ્દનો ઉલ્લેખ ન હોવાથી તેની શરૂઆતના સંબંધમાં મતમતાન્તર પ્રવર્તતા હોઈ વિવિધ કલ્પનાઓ કરવામાં આવે છે. મારી સમજ છે કે, ઈ. સ. ૭૮ વર્ષે ચષ્ટનનું કચ્છમાં રાજ્ય શરૂ થયું ત્યારથી અથવા તેથી પૂર્વે ત્યાં તેનું રાજ્ય શરૂ થયું હોય તો, ચષ્ટને ઇ. સ. ૭૮ વર્ષે સૌરાષ્ટ્રને જીતી મહાસત્રપ પદ ધારણ કરી ગિરિનગરમાં રાજ્ય કરવા માંડયું ત્યારથી ઉપરોક્ત અંકોની ગણના કરાયલી છે.

ઉપર જે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે તેમાંની ઘણીખરી અવન્તિ પરના આન્ધ્રવંશના આધિપત્યને લગતી હોઈ અહિં અપ્રસ્તુત જેવી છે, તોપણ તે શક રુદ્રદામા અને તેણે હરાવેલા પુલોમાવીના સમયને વધારે ચોક્કસ કરવામાં ઉપયોગી, અને એ ચોક્કસ સમયથી પુલોમાવીનો સમય વહેલો આવી પડતાં તે આપત્તિને ટાળવા હાલનો રાજત્વકાલ ૫ વર્ષના કરતાં વધારે હતો, એવું મારું કથન કેવી રીતે પ્રામાણિક છે એ સમજવા માટે મહત્ત્વની હોઇ, અપ્રસ્તુત નથી.

હવે આપણે ૭૨ વર્ષ લાંબા રાજત્વકાલવાળા હાલના સંબંધમાં કાંઇક લખીએ.

(નં૦૧૦) હાલ (શાલિવાહન-સાતવાહન) એ, આન્ધ્રરાજાઓમાં સૌથી વધારે શૂર,

પ્રતાપી અને સાહિત્યપોષક હોઈ ઘણો જ પ્રસિદ્ધિને પામ્યો છે. એને જન્મથી જ રાજ્ય મળ્યું હતું અને તેની તરફથી તેની મા રાજવહીવટ કરતી હતી; પરંતુ એકાદ વર્ષ વીતે ન વીતે એટલામાં, તેના રાજ્યાભિષેક પૂર્વે જ, તેનું રાજ્ય (નં. ૯) અરિષ્ટે પોતાના હાથમાં લીધું યા તો તેના રાજ્યનો વહીવટ સંભાળી લીધો.

[અરિષ્ટ જો રાજ્યનો વહીવટદાર પ્રતિનિધિ જ હોય તો, તેના વહીવટનાં ૨૫ વર્ષ હાલનાં રાજ્યવર્ષ ૭૨માં ઉમેરતાં હાલનું રાજ્ય ૯૭ વર્ષ ચાલ્યું હતું એમ કહી શકાય. મેરુતુંગાચાર્યની વિચારશ્રેણીમાં એક ગાથા આવી રીતે છેઃ—

"तो सत्तनवइ ९७ वासा, पालेहि विक्कमो रज्जं ।
अरिणत्तणेण सो वि हु विहइ संवच्छरं नियं ॥ २ ॥"

(તે વાર પછી ૯૭ વર્ષ વિક્રમે રાજ્ય ભોગવ્યું. પૃથ્વીને અનૃણ કરવાથી તેણે પણ પોતાનો સંવત્સર પ્રવર્તાવ્યો.)

આ ગાથામાં 'अवि' (પણ) શબ્દનો પ્રયોગ હોવાથી સમજાય છે કે; પહેલાં કોઈ વિક્રમે અનૃણપણાથી સંવત્સર પ્રવર્તાવ્યો હતો તેનાથી, વિક્રમ નામે લખાયલો આ રાજા જુદો છે અને તે પુરાણોનો હાલ તથા બૃહત્કથાનો વિક્રમાદિત્ય–વિષમશીલ છે. હાલનું રાજ્ય ૯૭ વર્ષ ચાલ્યાનું ઉપર મેં જણાવ્યું છે તેનું વિચારશ્રેણીની ઉપરોક્ત ગાથાથી પણ સમર્થન થાય છે, પરંતુ પુરાણોને અનુસરતાં મેં મારી નોંધમાં તેનો ઉપયોગ કર્યો નથી.]

અરિષ્ટે બરાબર ૨૫ વર્ષ રાજ્ય કર્યું. તેના મૃત્યુ પછી હાલનો બેન્નાકટકમાં રાજ્યાભિષેક થયો અને તે ત્યાં રહીને જ પોતાના તાબાના દક્ષિણાપથનું રાજ્ય કરતો હતો; પરંતુ વિક્રમાદિત્યે પ્રતિષ્ઠાન પર હલ્લો કર્યો અને નાગરાજનો પુત્ર શૂદ્રક, કે જે હજુ બાલ્યવયમાં હતો, તેણે તેને હરાવી ભગાડી મુકયો હતો, ત્યારે મહારાષ્ટ્રનું અવન્તિથી રક્ષણ કરવા અને પોતાની અનેક મહત્ત્વાકાંક્ષાને પૂરવા એ રાજાએ હાલમાં એક ગામડું બની ગયું હતું તે પ્રતિષ્ઠાનને પોતાનું રાજનગર બનાવ્યું. જૈનગ્રન્થોના કથન મુજબ, શાલિવાહને પ્રતિષ્ઠાનથી ભરૂચ પર બાર વર્ષ સુધી હલ્લાઓ કર્યા હતા. એમાંનો છેલ્લો હલ્લો વિક્રમાદિત્યના મૃત્યુની લગભગ પૂર્વે થયો હતો એ હિસાબે મ. નિ. ૪૫૮–ઈ. સ. પૂ. ૯માં એ રાજા પ્રતિષ્ઠાનમાં રહી રાજ્ય કરતો હતો એમ સાબીત થાય છે. સંભવ છે કે આ સમયથી પૂર્વે એક બે વર્ષમાં તેણે પ્રતિષ્ઠાનને રાજનગર બનાવ્યું હશે. અહિં રહેતાં તેને તેના જીવનમાં રાજકીય અને અન્યાન્ય બાબતોમાં મહત્ત્વનો ભાગ ભજવનાર શૂદ્રકનો સહકાર મળ્યો હતો. એ સહકારથી તેણે ભારતના મોટા ભાગનું સ્વામિત્વ મેળવ્યું હતું, સિવાય કે વિક્રમચરિત્રની સાથે કરાયલી સંધિ મુજબ તે અવન્તિની સાથે મિત્રતાથી રહ્યો હતો. આ રાજાના સંબંધમાં કેટલાંક સૂચન પૂર્વે પ્રસંગોપાત થઈ જ ચુકયાં છે. સાહિત્યમાં એના વિષે ઉલટસુલટ અને વિવાદાસ્પદ ઘણુંય લખાયલું મળી આવે છે. વિસ્તારના ભયે તેની અહિં ચર્ચા કરવી અશકય છે.

શાલિવાહને પોતાના મહાન સેનાની શૂદ્રકના સહકારથી ઘણા ય લાભો મેળવ્યા હતા, તેમાંના ઘણાખરાઓનો ચોક્કસ સમય આપવો સાધનના અભાવે મુશ્કેલ છે, તેમજ તેણે શૂદ્રકની વફાદારીભરી પ્રવૃત્તિઓથી પ્રસન્ન થઇ તેને પોતાનું અર્ધ રાજ્ય આપ્યું હતું તેનો સમય પણ ચોક્કસ રીતે આપી શકાય તેમ નથી. સંભવ છે કે, એણે પોતાની અતીવ વૃદ્ધાવસ્થામાં શૂદ્રકને અર્ધ રાજ્ય આપ્યું હશે. શૂદ્રકે કારૂર મુકામે શકોને હરાવી વિજય મેળવ્યો હતો એ વિજય શાલિવાહનનો જ ગણાય એમ વીર વિક્રમાદિત્યના આલેખનમાં મેં સૂચવ્યું છે, પરંતુ મારા સંશોધન પ્રમાણે, ઉપરોક્ત કારૂરનું યુદ્ધ શાલિવાહનના મ. નિ. ૫૧૭—ઇ. સ. ૫૦ વર્ષે મૃત્યુ થયા બાદ ૨૭ વર્ષે એટલે કે મ. નિ. ૫૪૪—ઈ. સ. ૭૭માં લડાયું હતું અને તેમાં શૂદ્રકના હાથે આક્રમણકાર યુચી જાતિનો કડ્ફિસીઝ પહેલો, જેનું વિશેષ નામ 'કુશાણુ' હતું, તે માર્યો ગયો હતો તેથી મેં કરેલું એ સૂચન બીજાઓના મતને આશ્રયી છે.

શાલિવાહન પોતે સર્વ વિદ્યાઓમાં નિષ્ણાત અને બલાઢ્ય હોઇ વિદ્વાન અને શૂર જનોને સાદર આશ્રય આપનારો હતો તેથી તેની રાજસભા વિદ્વાનો અને શૂરોથી શોભતી હતી. તેનું અંતઃપુર પણ વિદ્યાવિલાસી હતું. તે પ્રાકૃતભાષાનો પોષક અને પ્રચારક હતો. શૂદ્રક (ગુણાઢ્યના) ના સહચારથી અને શ્રીપાદલિપ્તસૂરિ વિગેરેના ઉપદેશથી તે જૈનધર્માનુરાગી બન્યો હતો અને તેણે જૈનધર્મનાં કેટલાંક ધાર્મિક કાર્યો કર્યાં હતાં.

"શાલિવાહને ચાતુર્વર્ણ્યમાંથી રૂપવતી કન્યાઓને શોધી શોધીને દરરોજ પરણવા માંડી હતી તેથી લોકમાં કન્યાની અછતનો પ્રશ્ન જાગ્યો હતો. પરિણામે, એક બ્રાહ્મણે પીઠજા દેવીની મદદથી તેનો નાશ કર્યો હતો." લૌકિક કથાઓના આવા પ્રકારના કથનમાં કેટલો તથ્યાંશ છે એ સમજવું મુશ્કેલ છે. કદાચ, કોઇ બ્રાહ્મણના ષડ્યંત્રથી તેનું મૃત્યુ થયું હશે, એમ કહી શકાય.

વિ. સં. ૧૩૫—ઇ. સ. ૭૮થી એક સંવત પ્રવર્ત્યો હતો, તે આ શાલિવાહનથી પ્રવર્ત્યો હોવાની વાત કરવામાં આવે છે; પરંતુ તે વખતે શાલિવાહનની હયાતી ન હોવાથી તે વાતમાં કાંઈ વજુદ નથી. એ સંવતનો પ્રવર્તક કોણ હશે; તેની ચર્ચા આગળ કરવામાં આવશે.

(નં. ૧૦) હાલ રાજાની પછી (નં. ૧૧) મણ્ડલકનું નામ મારી'આન્ધ્રવંશાવલીની નોંધમાં અપાયું છે. મત્સ્ય પુ૦ સિવાયનાં આન્ધ્રવંશાવલીની નોંધ લેનારાં પુરાણો આ રાજાને પત્તલક કે પુત્તલક, ભાવક અને તલકના નામથી નોંધે છે. આમ છતાં જૈન ગ્રન્થોમાં લખાયું છે કે, હાલ-શાલિવાહન પછી તેની ગાદીએ તેનો પુત્ર શક્તિકુમાર આવ્યો હતો સંભવ છે કે, શક્તિકુમાર એ મણ્ડલકથી જુદો નથી. મણ્ડલકની માતાનું નામ શક્તિમતી હોઈ તે શક્તિકુમાર તરીકે ઓળખાતો હશે એમ લાગે છે. આ મણ્ડલકનો રાજત્વકાલ ૫ વર્ષ લખવામાં સર્વ પુરાણો એકમત છે. મત્સ્ય પુ૦ની નોંધમાં

આ રાજાનો નં. ૧૮ છે. આ મણ્ડલક કે શક્તિકુમારના વિષે સાહિત્યમાંથી કાંઇ પણ જાણવા મળતું નથી.

મણ્ડલક પછી આન્ધ્રરાજ્ય પર આવેલા (નં. ૧૨) પુરીન્દ્રસેન (અન્ય-વાયુ વિગેરે પુરાણોની નોંધ પ્રમાણે પુરિકસેન, પ્રવિલ્લસેન, પુરીષભીરુ) નો રાજત્વકાલ મત્સ્યપુરાણ સ્પષ્ટ રીતે લખતું નથી; છતાં પૂર્વાપર અનુવૃત્તિથી તે ૫ વર્ષ અથવા ૧ વર્ષ હોય એમ લાગે છે, જ્યારે બ્રહ્માણ્ડ પુ૦ એનો રાજત્વકાલ ૧૨ વર્ષ અને વાયુ પુ૦ ૨૧ વર્ષ લખે છે. એક લેખકે આ રાજાનું રાજ્ય ૧ વર્ષ જ હોવાનું લખ્યું છે. મેં મારા સંશોધિત કોષ્ટકમાં તેનું રાજ્ય વાયુ પુ૦ પ્રમાણે ૨૧ વર્ષ ચાલ્યાનું માન્ય રાખ્યું છે. કારણ કે, પુલોમાવી (ચત્રપણ સાતકર્ણી) અને રુદ્રદામાની, તેમના રાજ્યની શરૂઆતનાં વર્ષોમાં જે સમકાલીનતા છે તે બંધબેસતી કરવા અને વિક્રમની પહેલી સદીમાં બનેલા અનેક બનાવોનો સામયિક મેળ સાધવા મેં હાલનાં રાજ્યવર્ષ ૭૨ લખ્યાં છે તે, જો પુરીન્દ્રસેનનાં રાજ્યવર્ષ ૨૧ કરતાં ઓછાં એટલે ૫, ૧ કે ૧૨ વર્ષ સ્વીકારાય તો હાલનાં રાજ્ય વર્ષ ૭૨ કરતાં વધારે એટલે ૮૮, ૯૨, કે ૮૧ વર્ષ સ્વીકારવાની આપત્તિ આવી પડતાં, અસંગત થઈ પડે.

પુરીન્દ્રસેન પછી મત્સ્યે સૌમ્ય સાતકર્ણીનું નામ નોંધ્યું છે. આન્ધ્રવંશાવલીની નોંધ લેનારાં પુરાણોમાં એ નામની નોંધ ફક્ત મત્સ્યમાં જ અને તે પણ તેની એક જ પ્રતિના પાઠમાં લેવાયલી છે તેથી એ રાજાને મારી નોંધમાં પડતો મેલી મેં પુરીન્દ્રસેન પછી (નં. ૧૩) સુંદર (સાતકર્ણી) અને (નં. ૧૪) ચકોર (સાતકર્ણી) એ બે રાજાઓને નોંધ્યા છે. એ બન્નેનો રાજત્વકાલ અનુક્રમે ૧ વર્ષ અને ૦॥ વર્ષ જ છે અને તેમાં સર્વ પુરાણો એકમત છે. મણ્ડલકની જેમ તેની પછીના પુરીન્દ્રસેનાદિ ત્રણ રાજાઓના સંબંધમાં પણ સાહિત્ય બહુધા મૂક જ છે.

શાલિવાહને પોતાની રાજધાની આન્ધ્રના બેન્નાકટકમાંથી પ્રતિષ્ઠાનમાં ફેરવી હતી. આ વખતે પ્રતિષ્ઠાન લાંબા કાળના શકોના ઉપદ્રવથી પોતાની સમૃદ્ધતા ગુમાવી બેઠું હતું અને તે એક સામાન્ય ગ્રામ જેવું બની ગયું હતું, તેથી હાલ રાજાએ તેની એકદમ નજીકમાં નવા પ્રતિષ્ઠાનની રચના કરી હતી. શાલિવાહનના અનુગામી મણ્ડલક વિગેરે રાજાઓ એ નવા પ્રતિષ્ઠાનમાં નહિ; પરંતુ જૂના પ્રતિષ્ઠાનમાં જ રહી રાજ્ય કરતા હશે, એમ લાગે છે. "ત્યાર પછી કોઇ પણ રાજા વીરક્ષેત્ર હોવાથી પ્રતિષ્ઠાનમાં પ્રવેશ કરતો નથી" આવા મળી આવતા સાહિત્યગત ઉલ્લેખથી ઉપરોક્ત સંભાવના થાય છે. "શાલિવાહને પ્રતિષ્ઠાન સહિત પોતાનું અર્ધ રાજ્ય શૂદ્રકને આપ્યું હતું" આવો ઉલ્લેખ મળી આવે છે તેની સામે કાંઇ વાંધો ન હોય તો, કહી શકીએ કે, નવું પ્રતિષ્ઠાન 'વીરક્ષેત્ર'—વીરવર શૂદ્રકના કબજાનો વિભાગ હોઇ શાલિવાહનના વારસો જૂના પ્રતિષ્ઠાનમાં રહીને આન્ધ્રરાજ્યનું શાસન કરતા હશે, એ સંભાવના માત્ર જ નહિ પણ સત્ય હકીકત છે. તેમના તાબામાં હવે આન્ધ્ર સામ્રાજ્ય અડધું જ રહ્યું હતું. આન્ધ્ર સામ્રાજ્યના શૂદ્રક અને હાલ વચ્ચે

કેવી રીતે ભાગ પડ્યા હતા તેની વિગત આપણને ક્યાંયથી પણ જાણવા મળતી નથી, સિવાય કે બૃહત્કથાનું રૂપાન્તર બૃહત્કથામંજરી લખે છે કે, રાજાએ-વિષમશીલે (હાલે) વીરવરને-વિક્રમશક્તિને (શૂદ્રકને) નર્મદાના કિનારા સહિત લાટદેશ, સમુદ્ર અને ગૌડ સહિત દક્ષિણાપથ આપ્યો હતો. મને કથામંજરીનો ઉલ્લેખ વ્યવસ્થિત કે સ્પષ્ટ સમજાતો નથી, તેથી શૂદ્રકને આપેલા અર્ધ રાજ્યમાં કયા કયા પ્રદેશો સમાતા હતા એ સમજવું મુશ્કેલ છે. મને લાગે છે કે, બૃહત્કથાનું સંસ્કૃત રૂપાન્તર કરતાં બૃ૦ કથામંજરીકારે મનસ્વી રીતે કામ લીધું છે. પ્રાયઃ ખરી વાત એ હોવી ઘટે છે કે, શાલિવાહને શૂદ્રકને ઉત્તર ભારતના પ્રદેશોનો શાસક નીમી તેને બહારના આક્રમણથી આન્ધ્રરાજ્યના સંરક્ષણની જવાબદારી સોંપી હશે. શૂદ્રકે એ જવાબદારીને વફાદાર રીતે અદા પણ કરી છે. જો શૂદ્રકે ધાર્યું હોત તો તે આખા ય આન્ધ્ર રાજ્યને પચાવી પાડત; પરન્તુ તેણે તેમ કર્યું નથી, એટલું જ નહિ, બલ્કે તે આન્ધ્ર રાજ્યની આંતરિક ખટપટોમાં પણ ઉદાસીનપણે વર્ત્યો હોય એમ જણાય છે. પરિણામે, આન્ધ્ર રાજા શિવને પોતાના ગોત્રજ રાજાઓથી ઉપદ્રવ થતાં રાજ્યભ્રષ્ટ પણ થવું પડ્યું છે. કદાચ, શૂદ્રકની ગેરહાજરીનું એ પરિણામ હોય તો તે એક જુદી વાત છે, કારણ કે, એ વખતે તે કારૂરના યુદ્ધમાં રોકાયલો હતો.

પુરાણોમાં સુંદર (સા. ક.) પછી ચકોર (સા. ક.) ને આન્ધ્રરાજકર્તા જણાવ્યો છે; પરંતુ અનુમાન થાય છે કે, સુંદર રાજા પછી શિવ (સા. ક.) પ્રતિષ્ઠાનની ગાદી પર આવ્યો હશે, કે જેને તેના દાયાદ ચકોરે–ચકોર પર્વતના રાજા ચન્દ્રકેતુએ યુદ્ધમાં હરાવવાથી તે અવન્તિની ઉજ્જયિનીમાં ચાલ્યો ગયો હતો અને જેણે વૈભવવતી કુમુદિકા વેશ્યાની તથા બલવાન મિત્ર રાજાની મદદથી પ્રતિષ્ઠાનને પાછું મેળવ્યું હતું. બૃહત્કથાના રૂપાન્તરોમાં, દાયાદોથી રાજ્યભ્રષ્ટ થયેલા વિક્રમસિંહે કે વિક્રમસેને ઉજ્જયિનીની વેશ્યાની અને બલવાન મિત્ર રાજાની મદદ મેળવી પોતાનું આન્ધ્ર રાજ્ય પાછું મેળવ્યું એમ જે જણાવવામાં આવે છે તથા 'હર્ષચરિત'માં શૂદ્રકે ચકોરના રાજા ચન્દ્રકેતુને કેવી યુક્તિથી દૂર કર્યો એનું જે વર્ણન છે, તે વિક્રમસિંહ કે વિક્રમસેન, બલવાન મિત્ર રાજા (ધવલકીર્તિ) અને ચન્દ્રકેતુ અનુક્રમે આન્ધ્ર રાજા શિવ, આન્ધ્રભૃત્ય રાજા શૂદ્રક અને પુરાણોએ નોંધેલા રાજા ચકોરથી ભિન્ન હોય એમ નથી લાગતું. કારૂર આગળ કુશાણ રાજાની સામેના યુદ્ધમાં વિજય મેળવી પરવાર્યા બાદ વિજયી શૂદ્રકે જ શિવ (સા. ક.)ને પ્રતિષ્ઠાન મેળવવાની યોજના ઘડી આપી લશ્કરી સહાય કરી હતી. પ્રતિષ્ઠાન પર બરાબર સ્થિર થયા બાદ આ આન્ધ્ર રાજા શિવ સાતકર્ણીએ અવન્તિ પરનું આધિપત્ય મેળવ્યું હતું અને તેના વંશના હાથમાં એ ૬૦ વર્ષ સુધી રહ્યું હતું, તેથી હવે અહિં એ આન્ધ્ર રાજાના આલેખનનો પ્રસંગ ઉપસ્થિત થતો હોઈ તેને આલેખીએ.

---

૭૭ વર્ષે પરાજય અને નાશ કરી વિજય મેળવવા પૂર્વક તે મધ્યભારતમાં ચાલ્યો ગયો ત્યારે ચષ્ટને મહાક્ષત્રપ બની કચ્છમાં રાજા તરીકે રાજ્ય કરવા માંડયું હતું. કેટલાકોનું માનવું છે કે, તેના પિતાએ જ ઇ. સ. ૭૮ વર્ષે સ્વતંત્ર થઈ કચ્છમાં રાજ્ય કરવા માંડયું હતું અને તેની પાછળ તેની ગાદીએ ચષ્ટન આવ્યો હતો કે જેણે સૌરાષ્ટ્ર વિગેરે દેશો જીતી લઇ મહાક્ષત્રપ બનવા પૂર્વક ગિરિનગર (હાલના જૂનાગઢની જગાએ રહેલા) માંથી રાજ્ય કરવા માંડયું હતું. ઘણાખરા સંશોધકો તો એમ જણાવી રહ્યા છે કે, ચષ્ટને પશ્ચિમ ભારતના કેટલાક દેશોને જીતતાં અવન્તિ પણ જીતી લીધો હતો અને તે ઉજ્જયિનીમાં રહી રાજ્ય કરતો હતો. હું આની વિરુદ્ધમાં પહેલાં પ્રસંગોપાત લખી ગયો છું કે, ઉજ્જયિનીનો વિજેતા ચષ્ટન હતો જ નહિ. ગમે તેમ હો; પરંતુ એ વાત તો નકી જ છે કે, આન્ધ્રરાજ્યના પશ્ચિમ ભારતની દક્ષિણના કેટલાક પ્રદેશો (દક્ષિણ રાજપૂતાનાથી લઈ લાટ પર્યન્તના) આન્ધ્ર રાજા શિવના હાથમાંથી શક મહાક્ષત્રપ ચષ્ટનના હાથમાં જતા રહ્યા હતા. આ જ સમયે પશ્ચિમ ભારતના વાયવ્ય પ્રદેશોમાં કડફીસિઝ પહેલાનો પુત્ર કડફીસિઝ બીજો (વિમ) આન્ધ્રરાજ્યની સર્વોપરીતાને ફગાવી દેતો પંજાબને જીતી લઈ મધ્યદેશના પ્રદેશોમાં પોતાની સત્તા સ્થાપી રહ્યો હતો કે સ્થાપવા પ્રયત્ન કરી રહ્યો હતો.

આન્ધ્રસમ્રાટ્ શિવ સા૦ ક૦, એ શક ચષ્ટન અને કુશાન વિમના આક્રમણ તરફ સક્રિય હતો કે નિષ્ક્રિય હતો અને, જો સક્રિય હોય તો, તેણે તેમનો કેવી રીતે સામનો કર્યો હતો તથા તેમાં તેને કેવી રીતે નિષ્ફળતા મળી હતી, આ વિષે આપણને ઇતિહાસમાંથી કંઈ પણ જાણવા મળતું નથી. વળી તેને નિષ્ફળતા મળવામાં તેની તથા આન્ધ્ર સામ્રાજ્યની કયી નબળાઈઓએ ભાગ ભજવ્યો હતો, એ વિષે પણ જાણવાનાં સાધન આજે ઉપલબ્ધ નથી. ફક્ત, જૈનગ્રન્થોથી એટલું આપણને જાણવા મળે છે કે, તેના રાજ્યનાં છેલ્લાં વર્ષોમાં લાંબા કાળનો એક ભયંકર અને વ્યાપક દુષ્કાલ પ્રવર્તી રહ્યો હતો, કે જેને લઈ યોગ્ય આહાર મેળવવાની મુશ્કેલી પડતાં પોતાના પટ્ટધર વજ્રસેનને અપરાન્તકમાં-કોકણમાં વિહાર કરાવી શ્રીવજ્રસ્વામીએ અનશન કર્યું હતું. આથી પૂર્વે શ્રીવજ્ર જ્યારે મગધમાં હતા ત્યારે પણ એક દુષ્કાળ પડયો હતો અને જૈનસંઘને ત્યાંથી મહાપુરીમાં લઈ જવાનો વખત આવ્યો હતો. આવા દુષ્કાળથી દેશના અર્થતન્ત્રને ફટકો પડતાં લશ્કરીબળ સાચવવાની મુશ્કેલી પડે; પરંતુ તેથી એક મોટું સામ્રાજ્ય નિષ્ક્રિય બનીને બેસી ન રહે યા તો સામનો કરવા જતાં શત્રુઓથી પાછું ન પડે. મને લાગે છે કે, શૂદ્રક સમો સમર્થ લશ્કરી પુરુષ જતાં આંતરિક અવ્યવસ્થા જાગી હશે અને તેને દૂર કરવા પુરતું ડહાપણ અને તાકાત રાજા શિવમાં નહિ હોવાથી તે પોતાના સામ્રાજ્યનો હ્રાસ થતો અટકાવી શકયો નથી.

રાજા શિવ અવન્તિનો અધિપતિ બન્યો તે સમયે એટલે મ. નિ. ૫૪૫, વિ. સં. ૧૩૫ (ઈ. સ. ૭૮) વર્ષે એક સંવત વહેતો થયો હતો, કે જે હાલ 'શાલિવાહન શાકે'

૭૭ વર્ષે પરાજય અને નાશ કરી વિજય મેળવવા પૂર્વક તે મધ્યભારતમાં ચાલ્યો ગયો ત્યારે ચષ્ટને મહાક્ષત્રપ બની કચ્છમાં રાજા તરીકે રાજ્ય કરવા માંડયું હતું. કેટલાકોનું માનવું છે કે, તેના પિતાએ જ ઇ. સ. ૭૮ વર્ષે સ્વતંત્ર થઈ કચ્છમાં રાજ્ય કરવા માંડયું હતું અને તેની પાછળ તેની ગાદીએ ચષ્ટન આવ્યો હતો કે જેણે સૌરાષ્ટ્ર વિગેરે દેશો જીતી લઇ મહાક્ષત્રપ બનવા પૂર્વક ગિરિનગર (હાલના જૂનાગઢની જગાએ રહેલા) માંથી રાજ્ય કરવા માંડયું હતું. ઘણાખરા સંશોધકો તો એમ જણાવી રહ્યા છે કે, ચષ્ટને પશ્ચિમ ભારતના કેટલાક દેશોને જીતતાં અવન્તિ પણ જીતી લીધો હતો અને તે ઉજ્જયિનીમાં રહી રાજ્ય કરતો હતો. હું આની વિરુદ્ધમાં પહેલાં પ્રસંગોપાત લખી ગયો છું કે, ઉજ્જયિનીનો વિજેતા ચષ્ટન હતો જ નહિ. ગમે તેમ હો; પરંતુ એ વાત તો નકી જ છે કે, આન્ધ્રરાજ્યના પશ્ચિમ ભારતની દક્ષિણના કેટલાક પ્રદેશો (દક્ષિણ રાજપૂતાનાથી લઈ લાટ પર્યન્તના) આન્ધ્ર રાજા શિવના હાથમાંથી શક મહાક્ષત્રપ ચષ્ટનના હાથમાં જતા રહ્યા હતા. આ જ સમયે પશ્ચિમ ભારતના વાયવ્ય પ્રદેશોમાં કડફીસિઝ પહેલાનો પુત્ર કડફીસિઝ બીજો (વિમ) આન્ધ્રરાજ્યની સર્વોપરીતાને ફગાવી દેતો પંજાબને જીતી લઈ મધ્યદેશના પ્રદેશોમાં પોતાની સત્તા સ્થાપી રહ્યો હતો કે સ્થાપવા પ્રયત્ન કરી રહ્યો હતો.

આન્ધ્રસમ્રાટ્ શિવ સા૦ ક૦, એ શક ચષ્ટન અને કુશાન વિમના આક્રમણ તરફ સક્રિય હતો કે નિષ્ક્રિય હતો અને, જો સક્રિય હોય તો, તેણે તેમનો કેવી રીતે સામનો કર્યો હતો તથા તેમાં તેને કેવી રીતે નિષ્ફળતા મળી હતી, આ વિષે આપણને ઇતિહાસમાંથી કંઈ પણ જાણવા મળતું નથી. વળી તેને નિષ્ફળતા મળવામાં તેની તથા આન્ધ્ર સામ્રાજ્યની કયી નબળાઈઓએ ભાગ ભજવ્યો હતો, એ વિષે પણ જાણવાનાં સાધન આજે ઉપલબ્ધ નથી. ફક્ત, જૈનગ્રન્થોથી એટલું આપણને જાણવા મળે છે કે, તેના રાજ્યનાં છેલ્લાં વર્ષોમાં લાંબા કાળનો એક ભયંકર અને વ્યાપક દુષ્કાલ પ્રવર્તી રહ્યો હતો, કે જેને લઈ યોગ્ય આહાર મેળવવાની મુશ્કેલી પડતાં પોતાના પટ્ટધર વજ્રસેનને અપરાન્તકમાં–કોકણમાં વિહાર કરાવી શ્રીવજ્રસ્વામીએ અનશન કર્યું હતું. આથી પૂર્વે શ્રીવજ્ર જ્યારે મગધમાં હતા ત્યારે પણ એક દુષ્કાળ પડયો હતો અને જૈનસંઘને ત્યાંથી મહાપુરીમાં લઈ જવાનો વખત આવ્યો હતો. આવા દુષ્કાળથી દેશના અર્થતન્ત્રને ફટકો પડતાં લશ્કરીબળ સાચવવાની મુશ્કેલી પડે; પરંતુ તેથી એક મોટું સામ્રાજ્ય નિષ્ક્રિય બનીને બેસી ન રહે યા તો સામનો કરવા જતાં શત્રુઓથી પાછું ન પડે. મને લાગે છે કે, શૂદ્રક સમો સમર્થ લશ્કરી પુરુષ જતાં આંતરિક અવ્યવસ્થા જાગી હશે અને તેને દૂર કરવા પુરતું ડહાપણ અને તાકાત રાજા શિવમાં નહિ હોવાથી તે પોતાના સામ્રાજ્યનો હ્રાસ થતો અટકાવી શકયો નથી.

રાજા શિવ અવન્તિનો અધિપતિ બન્યો તે સમયે એટલે મ. નિ. ૫૪૫, વિ. સં. ૧૩૫ (ઈ. સ. ૭૮) વર્ષે એક સંવત વહેતો થયો હતો, કે જે હાલ 'શાલિવાહન શાકે'

૭૭ વર્ષે પરાજય અને નાશ કરી વિજય મેળવવા પૂર્વક તે મધ્યભારતમાં ચાલ્યો ગયો ત્યારે ચષ્ટને મહાક્ષત્રપ બની કચ્છમાં રાજા તરીકે રાજ્ય કરવા માંડયું હતું. કેટલાકોનું માનવું છે કે, તેના પિતાએ જ ઇ. સ. ૭૮ વર્ષે સ્વતંત્ર થઈ કચ્છમાં રાજ્ય કરવા માંડયું હતું અને તેની પાછળ તેની ગાદીએ ચષ્ટન આવ્યો હતો કે જેણે સૌરાષ્ટ્ર વિગેરે દેશો જીતી લઇ મહાક્ષત્રપ બનવા પૂર્વક ગિરિનગર (હાલના જૂનાગઢની જગાએ રહેલા) માંથી રાજ્ય કરવા માંડયું હતું. ઘણાખરા સંશોધકો તો એમ જણાવી રહ્યા છે કે, ચષ્ટને પશ્ચિમ ભારતના કેટલાક દેશોને જીતતાં અવન્તિ પણ જીતી લીધો હતો અને તે ઉજ્જયિનીમાં રહી રાજ્ય કરતો હતો. હું આની વિરુદ્ધમાં પહેલાં પ્રસંગોપાત લખી ગયો છું કે, ઉજ્જ-યિનીનો વિજેતા ચષ્ટન હતો જ નહિ. ગમે તેમ હો; પરંતુ એ વાત તો નકી જ છે કે, આન્ધ્રરાજ્યના પશ્ચિમ ભારતની દક્ષિણના કેટલાક પ્રદેશો (દક્ષિણ રાજપૂતાનાથી લઈ લાટ પર્યન્તના) આન્ધ્ર રાજા શિવના હાથમાંથી શક મહાક્ષત્રપ ચષ્ટનના હાથમાં જતા રહ્યા હતા. આ જ સમયે પશ્ચિમ ભારતના વાયવ્ય પ્રદેશોમાં કડફીસિઝ પહેલાનો પુત્ર કડફીસિઝ બીજો (વિમ) આન્ધ્રરાજ્યની સર્વોપરીતાને ફગાવી દેતો પંજાબને જીતી લઈ મધ્યદેશના પ્રદેશોમાં પોતાની સત્તા સ્થાપી રહ્યો હતો કે સ્થાપવા પ્રયત્ન કરી રહ્યો હતો.

આન્ધ્રસમ્રાટ્ શિવ સા૦ ક૦, એ શક ચષ્ટન અને કુશાન વિમના આક્રમણ તરફ સક્રિય હતો કે નિષ્ક્રિય હતો અને, જો સક્રિય હોય તો, તેણે તેમનો કેવી રીતે સામનો કર્યો હતો તથા તેમાં તેને કેવી રીતે નિષ્ફળતા મળી હતી, આ વિષે આપણને ઇતિહાસમાંથી કંઈ પણ જાણવા મળતું નથી. વળી તેને નિષ્ફળતા મળવામાં તેની તથા આન્ધ્ર સામ્રાજ્યની કયી નબળાઈએએ ભાગ ભજવ્યો હતો, એ વિષે પણ જાણવાનાં સાધન આજે ઉપલબ્ધ નથી. ફક્ત, જૈનગ્રન્થોથી એટલું આપણને જાણવા મળે છે કે, તેના રાજ્યનાં છેલ્લાં વર્ષોમાં લાંબા કાળનો એક ભયંકર અને વ્યાપક દુષ્કાલ પ્રવર્તી રહ્યો હતો, કે જેને લઈ યોગ્ય આહાર મેળવવાની મુશ્કેલી પડતાં પોતાના પટ્ટધર વજ્રસેનને અપરાન્તકમાં–કોકણમાં વિહાર કરાવી શ્રીવજ્રસ્વામીએ અનશન કર્યું હતું. આથી પૂર્વે શ્રીવજ્ર જ્યારે મગધમાં હતા ત્યારે પણ એક દુષ્કાળ પડયો હતો અને જૈનસંઘને ત્યાંથી મહાપુરીમાં લઈ જવાનો વખત આવ્યો હતો. આવા દુષ્કાળથી દેશના અર્થતન્ત્રને ફટકો પડતાં લશ્કરીબળ સાચવવાની મુશ્કેલી પડે; પરંતુ તેથી એક મોટું સામ્રાજ્ય નિષ્ક્રિય બનીને બેસી ન રહે યા તો સામનો કરવા જતાં શત્રુ-ઓથી પાછું ન પડે. મને લાગે છે કે, શૂદ્રક સમો સમર્થ લશ્કરી પુરુષ જતાં આંતરિક અવ્યવસ્થા જાગી હશે અને તેને દૂર કરવા પુરતું ડહાપણ અને તાકાત રાજા શિવમાં નહિ હોવાથી તે પોતાના સામ્રાજ્યનો હ્રાસ થતો અટકાવી શકયો નથી.

રાજા શિવ અવન્તિનો અધિપતિ બન્યો તે સમયે એટલે મ. નિ. ૫૪૫, વિ. સં. ૧૩૫ (ઈ. સ. ૭૮) વર્ષે એક સંવત વહેતો થયો હતો, કે જે હાલ 'શાલિવાહન શાકે'

તરીકે લખાઈ રહ્યો છે. આ સંવતનો પ્રવર્તક કોણ, એ બહુ જ વિવાદનો વિષય છે. તેના પર સંશોધકોએ ચર્ચા કરવામાં અને પોતપોતાનો નિર્ણય આપવામાં મનફાવતું ઘણું ય લખ્યું છે. એ સંવત ક્ષત્રપ ય્સામોતિક કે ચષ્ટનના રાજ્યારંભથી ગણાયલો છે, એવી મારી સમજ છે. ચષ્ટનના પૌત્ર રુદ્રદામાએ અને એ વંશના પાછળના રાજાઓએ 'શક' એવા ઉલ્લેખ વિનાના જે અંકો સેંકડો વર્ષ સુધી વાપર્યા છે, તેનો ગણનાએ સંબંધ ય્સામોતિક કે ચષ્ટનના રાજ્યારંભની સાથે જ ઘટી શકે છે. કેટલાકો ઈ. સ. ૭૮ થી ગણાતા અને હાલ 'શાલિવાહન શાકે' તરીકે લખાતા સંવતને કોઈ આન્ધ્ર રાજકર્તાનો–શાલિવાહનનો સંવત ગણે છે તો કેટલાકો તેને કુશાણ રાજા કનિષ્કનો સંવત ગણે છે, પરંતુ એ માન્યતા બંધબેસતી નથી.

રાજા શિવની પૂર્વેના અને પછીના આન્ધ્ર રાજાઓએ પોતાના લેખોમાં લેખ લખાયાનો સમય દર્શાવતાં પોતાના રાજ્યનાં વર્ષ લખ્યાં છે તેથી સમજાય છે કે, તેમનામાંથી કોઈના નામે તેવો કોઈ સંવત વહેતો કરાયો જ નથી. આથી સ્પષ્ટ થાય છે કે, ચષ્ટનવંશીઓ ઈ. સ. ૭૮ થી શરૂ થયેલો જે સંવત કેવળ અંક તરીકે જ લખતા હતા અને તે પછીના લેખકો જે સંવતને 'શકનૃપકાલ' તરીકે અંક આપી જણાવતા હતા, તે શાક સંવતની સાથે પાછળના લેખકોએ શાલિવાહનનું નામ જોડી દીધું છે અને એ રીતે શાલિવાહનના નામને અમર કરવા પ્રયત્ન કર્યો છે. પાછળના એ લેખકોએ, શાલિવાહનના વંશ જ શિવના રાજ્યારંભના સમયની એટલે ઈ. સ. ૭૮ ની લગભગમાં સંવત ચલાવવાની શકયતાને લાયક શકવિજય અને અવન્તિવિજયના જે મહાન બનાવો બન્યા હતા, તેને લક્ષ્યમાં રાખીને ઉપરોક્ત પ્રયત્ન કર્યો હશે એમ લાગે છે.

બદખ્શાં (હિન્દૂકુશની ઉત્તરે તુખાર દેશનું રાજનગર) થી પુરુષપુર (પેશાવરમાં)માં રાજધાની લઈ જનાર રાજા કનિષ્કના રાજ્યારંભથી શરૂ થયેલી અને તેના વારસોએ અપનાવેલી એક કાલગણના એ સમયના લેખોમાં જોવા મળે છે; પરંતુ તેમાં વપરાયલા અંક ઈ. સ. ૭૮ ને આદિમાં રાખીને નથી. કારણ કે, કનિષ્કનો રાજ્યારંભ ઈ. સ. ૭૮ પછી ૪૦ વર્ષે યા તેથી પણ વધારે વર્ષ પાછળ થયો હતો. કુશાન વિમનો રાજ્યારંભ ઈ. સ. ૭૮ વર્ષે થયો હતો, પરંતુ તેના સમયમાં જૂના કોઇ સંવતનો ઉપયોગ કરવામાં આવ્યો છે અને તેના જ અંક જયાં ત્યાં મુકાયા છે, નહિ કે તેના રાજ્યારંભના સમયની આદિના. વળી તેની પછી આવનાર કુશાણ મહારાજા કનિષ્કે વિમના રાજ્યારંભના સમયથી નહિ, પરંતુ પોતાના રાજ્યારંભના સમયથી જ કાલગણનાના અંક મુકયા છે. આ પરથી સમજાશે છે કે, ઇ. સ. ૭૮ થી ગણાતા સંવતને અને કુશાન રાજાઓને કાંઇ લાગતું વળગતું નથી.

રાજા શિવે ૨૮ વર્ષ રાજ્ય કર્યું હોઈ તે મ. નિ. ૫૭૩ (ઈ. સ. ૧૦૬) વર્ષે

મૃત્યુ પામ્યો હતો. તેના રાજ્ય પર આવ્યા પછી ચષ્ટને અને વિમે તેના રાજ્યનો કેટલોક ભાગ ખુંચાવી લીધો હતો તો પણ તેના મૃત્યુ સમયે તેના તાબામાં ભારતનો ઘણો મોટો ભાગ હતો. શૂદ્રકના અનુગામી આન્ધ્રભૃત્યો (નાગો–નાગવંશીઓ) આ સમય દરમિયાન આન્ધ્ર રાજ્યની સર્વોપરીતાને સર્વથા સ્વીકારતા હશે કે કેમ, એ સમજવું મુશ્કેલ છે. આવી સ્થિતિમાં હવે આન્ધ્ર સામ્રાજ્ય પર શિવરાજાની રાણી બાલશ્રીનો પુત્ર (ગૌતમીપુત્ર) યજ્ઞશ્રી (સાતકર્ણી), કે જેને મેં મારી આન્ધ્ર વંશાવલીની નોંધમાં નં૦ ૧૯ તરીકે નોંધ્યો છે, તે આરૂઢ થાય છે.

# યજ્ઞશ્રી ૨૧ વર્ષ, મ. નિ. ૫૭૩–૫૯૪.

## (વિ. સં. ૧૬૩–૧૮૪, ઈ. સ. ૧૦૬–૧૨૭)

મત્સ્યપુ૦ ની નોંધમાં મેં નં૦ ૨૨ તરીકે શિવસ્વાતિને નોંધી નં૦ ૨૩ તરીકે ૨૧ વર્ષ રાજત્વકાલવાળા ગૌતમીપુત્રને નોંધ્યો છે. મારી નોંધમાં આ રાજાનો નં૦ ૧૯ છે. આન્ધ્ર રાજાઓના લેખોમાં પોતાને સ્વામી તરીકે લખતો એક 'યજ્ઞશ્રી' નામનો રાજા છે, ૨૯ વર્ષ રાજત્વકાલવાળા જેને મેં મત્સ્યની નોંધમાં નં૦ ૨૭ અને મારી નોંધમાં નં૦ ૨૦ તરીકે નોંધ્યો છે. એ ગૌતમીપુત્ર સાતકર્ણીથી રાજાઓનો રાજા આ ગૌતમીપુત્ર સાતકર્ણી જુદો છે. કેમકે; એ બન્નેના રાજત્વકાલમાં ફેરફાર છે. તેવી જ રીતે રાજત્વકાલના ફેરફારથી, નં૦ ૯ તરીકે મારી નોંધમાં નોંધાયલા ગૌતમીપુત્ર સાતકર્ણીથી પણ આ (નં૦ ૧૯) ગૌતમીપુત્ર સાતકર્ણી જુદો જ છે. બ્રહ્માંડપુરાણમાં તે 'યન્ત્રમતિ' નામે લખાયો છે. એ નામ યજ્ઞશ્રીનું અશુદ્ધ રૂપ હશે એવી સંભાવનાથી મેં આ રાજાનું વિશેષ નામ 'યજ્ઞશ્રી' નોંધ્યું છે. તેની માતા બાલશ્રીના નાશિકમાંના વિસ્તૃત લેખમાં 'શ્રી સાતકર્ણી'ની પૂર્વે જે અક્ષરો વંચાયા નથી તે 'યજ્ઞ' હોવા જોઇએ. આમ છતાં, આ રાજાનું વિશેષ નામ કોઈ અન્ય જ હોય તો તે શોધવું રહ્યું. હું તો તેને યજ્ઞશ્રી તરીકે જ આલેખી રહ્યો છું. આમાં 'શ્રી' એ વિશેષ નામનો અંશ ન હોવાથી સિક્કાઓમાં અને લેખોમાં તેનો ઉપયોગ વિશેષ નામની કે બિરુદની પહેલાં યથેચ્છ કરાયો છે.

કથાસરિત્સાગરના બારમા લંબકમાં અવાન્તર કથા પ્રસંગે વેતાળ પચ્ચીશીનું અવતરણ કર્યું છે. ત્યાં પ્રતિષ્ઠાનના રાજા વિક્રમસેનના પુત્ર ત્રિવિક્રમસેને વેતાળને પ્રસન્ન કરી પોતાનાં કાર્ય સાધ્યાં હતાં વિગેરે હકીકત જણાવી, છેવટે ત્રિવિક્રમસેનની કથા કહેતાં તેને મ્લેચ્છ રૂપે અવતરેલા અસુરોને શાન્ત કરનાર વિક્રમાદિત્યનો અવતાર જણાવ્યો છે; અને તેના અવતારનું પ્રયોજન ઉદ્દામ અને દુર્વૃત્ત લોકોનું દમન કરવું એ હતું, એમ ત્યાં કહેવાયું છે. કથાસરિત્સાગરના આવા પ્રકારના કથનનો ભાવાર્થ એ છે કે, દિવ્યશક્તિ ધરાવનાર ત્રિવિક્રમસેન ઉજ્જયિનીને જીતનાર વિક્રમસિંહ–વિક્રમસેન (શિવસાતકર્ણી) નો પુત્ર હોઈ,

તેણે વિક્રમાદિત્ય-વિષમશીલ (શાલિવાહન) ની જેમ વિજય અને મહત્તા આદિ મેળવ્યાં હતાં. તેમાં તફાવત એ હતો કે, વિષમશીલે અસુરો વિગેરેને જીતી તેમને અનુકૂલ કરી પ્રશાન્ત કર્યા હતા, જ્યારે ત્રિવિક્રમસેને અસુરો સાથે દમનથી અને બીજાઓ સાથે અનુકૂલતાથી કામ લીધું હતું. બૃહત્કથાનાં રૂપાન્તરો અને બાલશ્રીના લેખ પરથી આપણને એમ જ જાણવા મળે છે.

ત્રિવિક્રમસેન (ગૌતમીપુત્ર સાતકર્ણી) ના સમયનો તેનો કે અન્ય કોઈનો લખાવેલો લેખ આજે ઉપલબ્ધ નથી. ગૌતમીપુત્ર સાતકર્ણીના નામે લખાયલા જે લેખ મળી આવે છે અને સંશોધકો જેને બાલશ્રીના પુત્ર સાતકર્ણીના માને છે, તે (ગૌ૦) અરિષ્ટ (સા૦ ક૦) ના છે, નહિ કે આ (ગૌ૦) યજ્ઞશ્રી (સા૦ ક૦) ના, એમ હું પૂર્વે જણાવી ગયો છું અને ત્યાં તેનાં કારણ પણ દર્શાવ્યાં છે. આમ છતાં તેની માતાના—બાલશ્રીના, તેના રાજ્યાન્ત પછી ૧૯ મા વર્ષે લખાયલા લેખમાં તેના વિષે જે કાંઈ સ્પષ્ટ લખાયલું છે તે તેને સમજવા માટે બહુ જ ઉપયોગી છે. બાલશ્રી તેને આલંકારિક ભાષાનાં વિશેષણોથી ત્યાં પ્રશંસી રહી છે, તેનો સાર આ પ્રમાણે છે :—

"ગૌતમીપુત્ર....સાતકર્ણી ધીર, વીર, પરાક્રમી, મહાતેજસ્વી અને અદ્વિતીય ધનુર્ધર તથા શૂર હતો; તેણે ક્ષત્રિયોનું અભિમાન ઉતારી નાખ્યું હતું, [શક યવન પલ્હવોને હણ્યા હતા તથા ક્ષહરાટવંશનું નામ-નિશાન મીટાવ્યું હતું; તે સાતવાહન કુલના યશનો પ્રતિષ્ઠાપક હતો; તે અનેક યુદ્ધોમાં શત્રુઓને જીતનાર અને તેમનાથી દુર્ધર્ષ તથા સદા વિજયી હતો; તે અસિક અસક મુલક સુરઠ કુકુર અપરાંત અનૂપ વિદભ આકર અવંતિનો રાજા, વિઝ છવત પરિચાત સહય કણ્હગિરિ મચ સિરિટન મલય મહિદ સેટગિરિ ચકોર પર્વતોનો પતિ અને સુન્દર પુરનો સ્વામી હતો; તેનાં વાહનોએ (સૈન્યે) ત્રણે (પૂર્વ, પશ્ચિમ અને દક્ષિણ) સમુદ્રનું પાણી પીધું હતું. સર્વ રાજમણ્ડલ તેના શાસનને માનતું હોઈ તેના પગમાં પડતું હતું. કુલ-પુરુષ-પરંપરાથી તે રાજા હોઈ રાજાઓનો રાજા હતો; વિક્રમી, મહાબાહુ અને નિર્ભય હાથવાળો તે સદા ય સૌને અભયનો દાતા, યાવત્ કૃતાપરાધ શત્રુઓના પણ પ્રાણ લેવાને અનિચ્છુક હતો; કોમળ અને સૌમ્ય મુખવાળો તથા જેનું દર્શન સૌને પ્રિય છે એવો તે પોતાની જીવતી માતાનો શુશ્રૂષક અને યથાયોગ્ય રીતે ત્રિવર્ગ (ધર્મ અર્થ કામ) નો સાધક તથા દેશ કાલાનુસાર પ્રવૃત્તિ કરવામાં તત્પર હતો; પૌરજનોના સુખમાં સુખ અને દુઃખમાં દુઃખ માનવાવાળા તેણે દ્વિજો અને અવરો (શુદ્રો) ના કુટુમ્બોની ચડતી કરી હતી અને ચાતુર્વર્ણ્યનો સંકર અટકાવ્યો હતો; તેનો ખજાનો ભરપૂર હતો અને તે ધર્મથી ઉપાર્જિત કરોનો વ્યવસ્થિત ઉપયોગ કરનારો હતો; તે આગમવેત્તા, સત્પુરુષોને આશ્રયદાતા અને અદ્વિતીય બ્રાહ્મણ હતો."

શક રાજા ચષ્ટને શિવ શ્રીસા૦ ક૦ ના હાથમાંથી સૌરાષ્ટ્ર વિગેરે દેશો લઈ

લીધા હતા, એમ હું પૂર્વે જણાવી ગયો છું અને ઉપરના બાલશ્રીના લેખમાં ગૌતમીપુત્ર ....શ્રી સાતકર્ણિને સુરઠ (સૌરાષ્ટ્ર) વિગેરેનો રાજા કહ્યો છે, આ પરથી સ્પષ્ટ થાય છે કે, ગૌ૦ પુ૦ યજ્ઞશ્રી સા૦ ક૦ને ચષ્ટન કે તેના પુત્ર જયદામાં સાથે લડીને ઉપરોક્ત એ પ્રદેશો મેળવવા પડયા હશે. એણે એ યુદ્ધમાં શક, યવન અને પલ્હવનો ભારે વિનાશ કર્યો હશે, કે જેનો ઉલ્લેખ બાલશ્રીના લેખમાં થયો છે. સંશોધકોની સાથે સહમત થઇને મેં પહેલાં જણાવ્યું છે કે, ગૌ૦ પુ૦ અરિષ્ટે ક્ષહરાટ નહપાણના સિક્કાઓ પરની છાપ ઉપર પોતાની છાપ મારી છે; પરંતુ મારો સ્વતન્ત્ર મત એ છે કે, એવી રીતે ફરીથી છાપ મારનાર ગૌ૦ પુ૦ અરિષ્ટ નહિ પણ ગૌ૦ પુ૦ યજ્ઞશ્રી સાતકર્ણિ છે. અરિષ્ટે શકોને જીતતાં ક્ષહરાટોને પણ જીત્યા હશે એની ના નથી; પરંતુ ક્ષહરાટવંશને નિરવશેષ કરવાનું-તેનાં સિક્કાદિ અવશેષો નહિ રહેવા દેવાનું કાર્ય તો, બાલશ્રીના લેખમાં લખાયું છે તેમ, યજ્ઞશ્રીએ જ કર્યું છે. અર્થાત્; યજ્ઞશ્રીએ તેના પિતાના હાથમાંથી શક ચષ્ટનના હાથમાં જતા રહેલા પશ્ચિમ ભારતના સૌરાષ્ટ્ર વિગેરે પ્રદેશોને પાછા મેળવવા શક અને તેમને મદદગાર વિદેશી જાતિઓ સામે, જે યુદ્ધ અને ભારે દમન આરંભ્યું હતું, તેમાં તેણે ક્ષહરાટવંશનાં અવશેષો-અવશિષ્ટ ચિહ્નને પણ નાશ કર્યાં હતાં.

ગૌ૦ યજ્ઞશ્રીએ પોતાના શકાદિ વિજયનું કાર્ય ક્યારે શરૂ કર્યું હતું ને તે ક્યાં સુધી ચાલ્યું હતું, એનો ચોક્કસ સમય મેળવવાનું સાધન ઉપરોક્ત બાલશ્રીના લેખમાં છે જ નહિ. અન્યત્ર પણ એવું સાધન હોવાની વાત કોઈએ કરી હોય, એમ જાણવામાં નથી. આવી સ્થિતિમાં સામાન્યતઃ એટલું જ કહી શકાય કે, મ. નિ. ૫૭૩-ઈ. સ. ૧૦૬ વર્ષે રાજ્ય પર આવનાર યજ્ઞશ્રીએ પુરેપુરી લશ્કરી તૈયારી કરવામાં ત્રણેક વર્ષ વીતાવી, ત્યાર બાદ એટલે મ. નિ. ૫૭૬-ઈ. સ. ૧૦૯ વર્ષે તેણે સૌથી પ્રથમ ચષ્ટનના હાથમાં ગયેલા પ્રદેશોને પાછા મેળવવા પ્રયત્ન કર્યો હશે અને તે એકાદ વર્ષમાં ચષ્ટનને કે તેના પુત્ર જયદામાને હરાવવામાં સફળ થયો હશે. કેટલાક સંશોધકો આ સમયમાં એટલે મ. નિ. ૫૭૭-ઇ. સ. ૧૧૦ વર્ષે ચષ્ટનનો રાજ્યાન્ત માને છે, તે બરાબર હોય એમ લાગે છે. ચષ્ટનનું મૃત્યુ એ યુદ્ધમાં લડતાં થયું કે હાર થયાની આગળ પાછળ સ્વાભાવિક રીતે થયું, એ જાણવાનું આજે કાંઈ પણ સાધન નથી.

મહાક્ષત્રપ ચષ્ટનનો પુત્ર જયદામા જૂનાગઢ વિગેરેમાંના લેખોમાં ક્ષત્રપ તરીકે જ લખાયો છે તથા રુદ્રદામાએ મેળવેલું 'મહાક્ષત્રપ' પદ વારસાગત નહિ, પણ તેના પોતાના પરાક્રમથી પેદા કરેલું હતું, એમ તે પોતાના લેખમાં જણાવી રહ્યો છે, વળી સં. ૫૨, ઈ. સ. ૧૩૦ માં રુદ્રદામાના સમયનો લેખ કચ્છના 'અન્ધાઉ'માં મળી આવે છે. એ સર્વ પરથી કેટલાક સંશોધકોનું માનવું છે કે, મ. નિ. ૫૯૭-ઈ. સ. ૧૩૦ પહેલાં ચષ્ટનના વારસો કોઈ મજબૂત સત્તાને આધીન હતા અને એ સત્તા સાતવાહન રાજાની હતી. મારી આન્ધ્રવંશાવલીની સાલવારી પ્રમાણે એ રાજા ગૌ૦ પુ૦ યજ્ઞશ્રી સા૦ ક૦ જ ઘટી શકે છે, કે જે બાલશ્રીના લેખમાં એક મહાન અને પ્રતાપી સમ્રાટ્ તરીકે પ્રશંસાયો છે,

પહેલાં કહેવાયું છે કે, જ્યારે ચષ્ટન પશ્ચિમ ભારતના સૌરાષ્ટ્ર આદિ પ્રદેશો આન્ધ્રો પાસેથી પડાવી રહ્યો હતો, ત્યારે કુશાન રાજા 'વિમ' ભારતના ઉત્તર પ્રદેશોને જીતતો પશ્ચિમી મધ્યદેશ તરફ આગળ વધી રહ્યો હતો. કહે છે કે, તેણે આખો પંજાબ અને પશ્ચિમી મધ્યદેશ જીતી લઈ પોતાના વિશાળ સામ્રાજ્યમાં જોડી દીધો હતો અને તે તેનો વહીવટ પોતે નીમેલા પ્રતિનિધિ (સત્રપો) મારફતે ચલાવતો હતો. આન્ધ્ર સામ્રાજ્યે શિવશ્રીશાતકર્ણીના રાજ્ય દરમિયાન ગુમાવેલા અને વિમના વિજયથી કુશાન સામ્રાજ્યે મેળવેલા ઉપરોક્ત ઉત્તર ભારતના દેશો વિમના મૃત્યુ સમયે કે ત્યાર બાદ કુશાન સામ્રાજ્યમાં રહ્યા હોય એમ લાગતું નથી. કારણ કે, વિમના મૃત્યુ બાદ કેટલાંક વર્ષ (આશરે ૧૨ વર્ષ) સુધી તેની ગાદી ખાલી રહ્યા પછી, જે દેવપુત્ર કનિષ્ક કુશાન રાજ્ય પર આવ્યો હતો તેને એકવાર ફરીથી ઉત્તર ભારત જીતવો પડયો હતો, એમ કહેવામાં આવે છે. કુશાન સામ્રાજ્યના કબજામાંથી પંજાબ અને પશ્ચિમી મધ્ય દેશને પડાવી લેનાર કયી શક્તિ હશે એ સંબંધમાં કોઈ કોઈ સંશોધકો એવું અનુમાન કરે છે કે, આ સમયે ભારતની એવી સમર્થ શક્તિ સાતવાહનો સિવાય અન્ય કોઈ ન હોવાથી તેમણે જ વિમને-શ્રીકફ્સના પુત્ર ઋષિકને મારી નાખી ઉપરોકત પ્રદેશો પાછા મેળવ્યા હતા. તેઓ એ બનાવ ઈ. સ. ૭૮ થી પૂર્વે બનેલો માનતા હોઈ, એ સમયના સાતવાહન રાજાનું નામ વિષમશીલ-વિક્રમાદિત્ય કલ્પે છે. શ્રીયુત જાયસ્વાલજી તેને કુન્તલ સાતકર્ણિ તરીકે ઓળખાવી રહ્યા છે. હું કુશાન રાજા વિમનો મૃત્યુ સમય ઈ. સ. ૧૧૦ પછી લઈ જતો હોઈ મારી નોંધેલી આન્ધ્રવંશીય સાલવારી પ્રમાણે તે સમયે ગો૦ પુ૦ યજ્ઞશ્રી સાતકર્ણિનું અસ્તિત્વ હતું, નહિ કે વિષમશીલ-વિક્રમાદિત્ય (શાલિવાહન)નું; અને તેથી ઉપરોકત અનુમાન કે કલ્પનાની સાથે સહમત થવું એ મારા માટે અશકય છે. વિરૂદ્ધ; મારું અનુમાન એવું છે કે, શિવશ્રીસાતકર્ણીના સમયે આન્ધ્ર સામ્રાજ્યના હાથમાંથી કુશાન વિમના હાથમાં જતા રહેલા ઉત્તર ભારતના પંજાબ આદિ પ્રદેશો સદાયને માટે જતા રહ્યા હતા. કારણ કે, વિમના રાજ્યનાં છેલ્લાં અને તે પછીનાં વર્ષોમાં હયાત-દક્ષિણ અને મધ્યભારતના ઘણાખરા પ્રદેશોના રાજા-યજ્ઞશ્રીશાતકર્ણીના તાબામાં ઉત્તરભારતના પ્રદેશો હોય એમ, તેના તાબાના પ્રદેશોની નોંધ લેતા બાલશ્રીના સારરૂપે ઉપર લખાયલા લેખ પરથી જાણવા મળતું નથી. કનિષ્કને ઉત્તર ભારતના પંજાબ આદિ પ્રદેશો જીતવા પડયા છે તેનું કારણ એમ પણ હોઈ શકે કે, કુશાન વિમ પછીની અરાજકતાના સમયે ત્યાંના પૂર્વે નીમાયલા સત્રપો સ્વતન્ત્ર બનીને રાજ્ય કરતા હોય, અને તેઓ ગમે તે કારણે કનિષ્કના તાબામાં રહેવાને તૈયાર ન હોય. મને લાગે છે કે, કનિષ્ક વિમનો કોઇ રીતે સંબંધી હશે, પણ તે તેનો રીતસર વારસ ન હોવો જોઇએ, અને તેથી તેના રાજ્યની શરૂઆતમાં તેની સત્તાને સ્વીકારવા સૌ કોઈ તૈયાર નહિ હોય. પરિણામે, તેને ઉપરલા હિંદના રાજાની મદદ મેળવી ઉત્તર ભારતને જીતવો પડયો હોય તો ના નહિ. આ પછી કનિષ્કે સાકેત અને મથુરાથી આગળ વધી મગધ વિગેરેને પણ જીતી લીધા હતા, પરંતુ એ હકીકતનું

અહિં વિશેષ ધ્યાન આપવું અપ્રસ્તુત છે. અહિં કહેવાને પ્રસ્તુત ફક્ત એટલું જ છે કે, યજ્ઞશ્રીના રાજ્યનાં છેલ્લાં વર્ષોમાં ભારતના ઘણાખરા પ્રદેશો કનિષ્ક અને યજ્ઞશ્રી એ બન્નેના તાબામાં હતા અને તેમાં યજ્ઞશ્રીના તાબામાં ભારતનો વિશાળ ભાગ હતો.

બાલશ્રીએ પોતાના લેખમાં યજ્ઞશ્રીને જે રીતે વર્ણવ્યો છે તેમાં કદાચ, થોડી ઘણી અતિશયોક્તિ હશે, પરંતુ તે વર્ણન મોટા ભાગે સત્યને અવલંબી કરાયલું હોય એમ લાગે છે; અને તેથી આપણે કહી શકીએ કે, યજ્ઞશ્રી એક સમર્થ રાજકર્તા ઉપરાંત અનેક સદ્‌ગુણથી સંપન્ન પણ હતો. શરૂઆતમાં તે શક આદિ વિદેશી જાતિઓ પ્રતિ, કદાચ, અનિવાર્ય જણાયાથી ઉગ્ર બન્યો હોય, પણ પાછળથી તેની સજ્જનતાએ સર્વત્ર શાન્તિ સર્જાવી હશે, એમ જો આપણે માનીએ તો તે વધારે પડતું નથી. આ આન્ધ્રરાજાના મૃત્યુ બાદ આન્ધ્ર સામ્રાજ્ય પર તેનો પુત્ર ( વાશિષ્ઠીપુત્ર ) ચત્રપણ ( પુલોમાવી સાતકર્ણી ) આવ્યો હતો, અને તેથી હવે આપણે એ આન્ધ્રરાજાને આલેખીએ.

## ચત્રપણ ૧૧ વર્ષ, મ. નિ. ૫૯૪—૬૦૫

### (વિ. સં. ૧૮૪–૧૯૫, ઈ. સ. ૧૨૭–૧૩૮)

(ગૌ૦પુ૦) યજ્ઞશ્રી ( સા૦ક૦ )ની પછી અવન્તિનું આધિપત્ય, જે આન્ધ્ર સમ્રાટના હાથમાં આવ્યું, તેનું વિશેષ નામ સંપૂર્ણ ખાત્રીથી આપવું મુશ્કેલ છે. તે મત્સ્યપુ૦માં 'પુલોમા' નામે અને બ્રહ્માંડપુ૦ માં 'શાતકર્ણિ' નામે નોંધાયો છે. તેની દાદી ( પ્રપિતામહી કે પિતામહી ? ) બાલશ્રી પોતાના લેખમાં તેને વાશિષ્ઠીપુત્ર 'પુલોમાયિ' તરીકે ઉલ્લેખે છે, જ્યારે મહાક્ષત્રપ રુદ્રદામા પોતાના લેખમાં તેનું નામ 'શાતકર્ણિ' આપે છે. મી. ટૉલેમી પોતાના ગ્રન્થમાં તેને 'પુલોમાવી' નામથી ઓળખાવે છે. ઉપર જણાવ્યા પ્રમાણે મળી આવતાં સાધનમાં તેની જે ઓળખ અપાઈ છે તે કુલ અને બિરુદને જ લગતી હોઇ, તેમાંથી આપણને વિશેષ નામ જાણવા મળતું નથી. આવી સ્થિતિમાં આ આન્ધ્ર-રાજાનું નામ મેં 'ચત્રપણ' નોંધ્યું છે અને તે વિશેષ નામ તરીકે, તે ફક્ત નાના ઘાટનો એક લેખ, કે જે વાશિષ્ઠીપુત્ર ચતરપન શાતકર્ણિના ૧૩ મા વર્ષનો છે, તે પરથી ઉપજાવેલા અનુમાનનું પરિણામ છે. રુદ્રદામાએ જેને બે વાર હરાવ્યો હતો તે શાતકર્ણિ, નાનાઘાટના લેખમાં જણાવેલા વાશિષ્ઠીપુત્ર ચતરપ(ફ)ન શાતકર્ણિથી જુદો નથી એમ મારું અનુમાન છે. શ્રી જાયસ્વાલજી એ અંશમાં મારા અનુમાનની સાથે સહમત છે. મી. પાર્જીટર પણ પોતાની સૂચિમાં નં. ૨૨ તરીકે ( વાસિ૦ ) ચતરવટ્ટ શાતકર્ણિને નોંધે છે તેથી તેઓ પણ મારા અનુમાનને અનુકૂલ છે. આમ છતાં મારી નોંધમાંના નં. ૧૭ ના આ આન્ધ્રરાજાનું વિશેષ નામ કોઈ અન્ય સાધનથી અન્ય જ નિશ્ચિત થતું હોય તો તેની સામે વાંધો હોઈ શકે નહિ; પરંતુ એવો નિર્ણય ન થાય ત્યાં સુધી મારે મારા અનુમાનને વળગી રહી આ રાજાને ચત્રપણ તરીકે જ આલેખવાનો રહ્યો. શ્રી. જાયસ્વાલજી આ ચત્રપણને ચકોરથી ભિન્ન માનતા નથી, પરંતુ મારી નોંધમાં

એ ચકોર પછી ત્રીજા નંબરે હોઈ ભિન્ન વ્યક્તિ છે. શ્રી. જાયસ્વાલજીની સંશોધિત આન્ધ્રવંશાવલીના રાજાઓનો ક્રમ અને સાલવારી તદ્દન વિભિન્ન હોઈ તેની સાંગોપાંગ ચર્ચા કરવી અહિં અશક્ય છે.

રાજમાતા બાલશ્રી પોતાના લેખમાં પોતાના પુત્ર ગૌતમીપુત્ર (યજ્ઞ) શ્રીશાતકર્ણિના તાબાના પ્રદેશોની નોંધ લે છે તે સર્વ પ્રદેશો ચત્રપણને વારસામાં મળ્યા હતા; પરંતુ બાલશ્રીનો એ લેખ ચત્રપણ (વાશિષ્ઠીપુત્ર પુલોમાયિ)ના રાજ્યના ૧૯ મા વર્ષે એટલે મ. નિ. ૬૧૩, ઈ. સ. ૧૪૬ માં લખાયો, ત્યારે તેના હાથમાં તેને વારસામાં મળેલા સુરઠ કુકુર અપરાંત અનૂપ આકર અવંતિ વિગેરે દેશો ન રહ્યા હતા. કારણ કે, બાલશ્રીના લેખ પછી ૪ વર્ષે એટલે મ. નિ. ૬૧૭, ઈ. સ. ૧૫૦ (સં. ૭૨) માં લખાયલા રુદ્રદામાના લેખમાં એ દેશોનું સ્વામિત્વ તેનું-રુદ્રદામાનું જ લખાયું છે. એ લેખ પરથી સ્પષ્ટ સમજાય છે કે, રુદ્રદામાએ એ લેખ લખાયો તેથી કેટલાંક વર્ષ પૂર્વે-ઈ. સ. ૧૪૬ થી પણ પૂર્વે ક્યારેક, શાતકર્ણિને-વાશિષ્ઠિપુત્ર ચત્રપણ પુલોમાયિને ખુલ્લા યુદ્ધમાં બે વાર હરાવ્યો હતો અને તેની પાસેથી ઉપરોક્ત સૌરાષ્ટ્ર આદિ દેશો પડાવી લીધા હતા. ગૌતમી બાલશ્રી, તેનો લેખ લખાયો તે સમયથી ૧૯ વર્ષ પૂર્વે થઇ ગયેલા પોતાના પુત્ર શાતકર્ણિને, દક્ષિણાપથનો જેમાં સમાવેશ થાય છે એવા દક્ષિણ ભારતના અને તેની ઉત્તરના સંખ્યાબંધ પ્રદેશોનો પતિ અને રાજા લખે છે; જ્યારે તે લેખ લખાઇ રહ્યો છે તે સમયમાં જ રાજ્ય કરી કરેલા પોતાના પુત્રના પુત્ર કે પૌત્રના માટે ફક્ત '....(દક્ષિણા) પથેશ્વર' એટલું જ લખી રહી છે. પુત્રના માટે અનહદ બિરુદાવલી લખાવનારી તે પૌત્રના માટે બીલકુલ ચુપકીદી જ સેવે છે. બાલશ્રીના આવા પ્રકારના વલણથી પણ એ સ્પષ્ટ થાય છે કે, ચત્રપણે ઉપરોક્ત લેખ લખાયાની પૂર્વે સપરાજય સૌરાષ્ટ્ર આદિ અને અવંતિ આદિ દેશોને ગુમાવી દીધા હતા અને તે તેના પિતાએ મેળવેલી પ્રતિષ્ઠાને પુરેપૂરી સાચવી શકવામાં નિષ્ફળ નીવડ્યો હતો. લેખ લખાયાના સમયમાં તે દક્ષિણાપથનો પતિ અને તે સિવાયના દક્ષિણ ભારતના ઘણાખરા પ્રદેશોનો અધિપતિ હોઇ, બાલશ્રી લખે છે તેમ, 'દક્ષિણાપથેશ્વર' હતો. તે સાથે તેના હાથમાં અવન્તિનું આધિપત્ય ન હતું અને તે સુરઠ વિગેરેનો રાજા પણ ન હતો.

ઉપર જણાવ્યા પ્રમાણે, ચત્રપણે મ. નિ. ૬૧૩, ઇ. સ. ૧૪૬ થી પૂર્વે ક્યારેક સૌરાષ્ટ્ર આદિ દેશો ગુમાવ્યા હતા એ નકી છે; પરંતુ એ દેશો ગુમાવ્યાનો ચોક્કસ સમય આપવાનું સાધન નથી. બાકી, એ વાત નકી છે કે, તેના હાથમાંથી અવન્તિનું આધિપત્ય મ. નિ. ૬૦૫, ઈ. સ. ૧૩૮ (વિ. સં. ૧૯૫) વર્ષે સરી ગયું હતું. આ સમયે જ અવન્તિમાં શક રાજા ઉત્પન્ન થયો હતો કે જેણે ગર્દભિલ્લો પાસેથી નહિ, પણ આન્ધ્રો પાસેથી અવન્તિનું આધિપત્ય મેળવ્યું હતું, એમ હું પહેલાં સમર્થન કરી ગયો છું. રુદ્રદામાનો જૂનાગઢવાળો લેખ જોતાં, એ કહેવાની જરૂરીયાત ભાગ્યે જ હોય કે, જૈન ગ્રંથોમાં જણાવાયેલો એ શક રાજા રુદ્રદામા હતો.

(વા૦ પુ૦) ચત્રપણ (પુલોમાવી શાતકર્ણિ)ને પુલોમા તરીકે નોંધતું મત્સ્ય પુ૦ તેનું રાજ્ય ૨૮ વર્ષ લખે છે, જ્યારે તેને શાતકર્ણિ તરીકે નોંધતું બ્રહ્માંડ પુ૦ ૨૯ વર્ષ લખે છે. વિષ્ણુ પુ૦ અને ભાગવત તેને અનુક્રમે પુલીમાન અને પુરીમાન એમ અશુદ્ધ રીતે નોંધી તેનો રાજત્વકાલ લખતાં નથી. વાયુપુ૦ ૨૧ વર્ષ રાજત્વકાલવાળા ગૌતમીપુત્રને નોંધી તે પછીના પુલોમા અને અન્ય બે રાજાઓને છોડી દઈ, અન્ય પુરાણોમાં નોંધાયેલા ૨૯ વર્ષ રાજત્વકાલવાળા યજ્ઞશ્રી શાતકર્ણિને નોંધે છે. મારી નોંધમાં મત્સ્યપુ૦ ને અનુસરી ૨૮ વર્ષ જ લખાયાં છે. આ ૨૮ વર્ષમાં ૧૧ વર્ષ સુધી તેનું અવન્તિ પર આધિપત્ય રહ્યું હતું. એ આધિપત્ય તેણે શક રુદ્રદામાની સામે એક મોટું યુદ્ધ લડવા પૂર્વક છેવટે પરાજય પામીને ગુમાવ્યું હતું. આ સિવાય એક બીજું પણ યુદ્ધ તે રુદ્રદામાની સામે લડયો હતો, કે જેમાં તેણે અપરાંત આદિ દેશો ગુમાવ્યા હતા. જૂનાગઢના લેખમાં રુદ્રદામાએ બે વાર શાતકર્ણિ (ચત્રપણ પુલોમાવી) ને હરાવ્યો હતો, એમ જણાવ્યું છે; પરંતુ ત્યાં એ બે યુદ્ધનાં સ્થળ કે પૌર્વાપર્યની બાબતમાં સ્પષ્ટતા ન હોવાથી સમજી શકાતું નથી કે, તેમાંથી કયું યુદ્ધ પહેલાં લડાયું હતું અને કયું પાછળથી. બાકી, ચત્રપણના તાબાના સૌરાષ્ટ્રને મેળવવામાં તો રુદ્રદામાને કોઈ યુદ્ધ લડવાની જ જરૂરીયાત પડી નથી. સંભવ છે કે, આનર્ત આદિ મેળવતાં પણ તેને આન્ધ્રો તરફથી મજબૂત સામનો નહિ થયો હોય. આ તરફની પ્રજાની સહાનુભૂતિ આન્ધ્રસામ્રાજ્યને ન હોય એ પણ કારણ આન્ધ્રોને રુદ્રદામાનો મજબૂત સામનો કરવામાં નડયું હશે; જ્યારે રુદ્રદામાને વિજય મેળવવામાં વૃદ્ધો સહિત બધા ય વર્ણોની હાર્દિક સહાનુભૂતિ હોઈ, સામયિક પરિસ્થિતિ બહુ જ અનુકૂલ હશે એમ તેના પોતાના લેખ પરથી સહજ તારવી શકાય છે.

સંશોધકો અંધાઉ (કચ્છ)ના લેખો પરથી માને છે કે, સં. પર, ઈ. સ. ૧૩૦ માં રુદ્રદામા પોતે અથવા ચષ્ટન અને રુદ્રદામા બન્ને કચ્છમાં ક્ષત્રપ તરીકે રાજ્ય કરતા હોઈ, આન્ધ્રસામ્રાજ્યને આધીન હતા. મારી માન્યતા છે કે, આ સમયે રુદ્રદામાના પિતામહ ચષ્ટનની હયાતી હતી જ નહિ, કદાચ, તેનો પિતા ક્ષત્રપ જયદામા હયાત હોય તો ના નહિ. વળી આ સમયે રુદ્રદામાના તાબામાં કચ્છ હતો એ વાત ખરી છે; પરંતુ તે કચ્છમાં રહીને જ રાજ્ય કરતો હતો એમ તે સમયના કચ્છમાં મળી આવેલા લેખો પરથી કહી શકાય નહિ. વધારે સંભવિત વાત એ છે કે, તે આન્ધ્રસામ્રાજ્યના તાબામાં રહી સૌરાષ્ટ્રના ગિરિનગર (જૂનાગઢ) થી પોતાના કબજાના સૌરાષ્ટ્ર અને કચ્છનું શાસન કરતો હશે, કે જે શાસને સૌરાષ્ટ્ર અને તેની સમીપના પ્રદેશોની પ્રજાનાં હૈયાં હરી લીધાં હોવાથી તે રુદ્રદામાને સ્વતન્ત્ર રાજા તરીકે સ્વયં વરવા તૈયાર થઇ રહી હતી. આ સમયે યજ્ઞથી શાતકર્ણિનું પ્રતાપી શાસન અસ્ત થયાને અને તેની જગાએ ચત્રપણનું શાસન શરૂ થયાને બે વર્ષ વીતી ચુકયાં હતાં. આપણે ચોક્કસ સાલ આપી શકતા નથી પરંતુ, સંભવ છે કે, આ પછીનાં બે ચાર વર્ષમાં જ રુદ્રદામાએ પોતાના વીર્ય અને પ્રજાના સહકારથી સૌરાષ્ટ્ર પરની આન્ધ્ર સર્વોપરીતાને ફગાવી દઈ તેને સ્વતન્ત્ર કર્યો

હશે, અને ત્યારબાદ થોડા સમયમાં જ મજબૂત લશ્કરી બળ જમાવી તેણે પોતાની વિજયયાત્રા શરૂ કરી હશે. આ વિજયયાત્રામાં આનર્ત, કુકુર, સૌવીર, સિન્ધુ, મરુ અને શ્વભ્રને તાબે કરતો તે અવન્તિ પર ચઢી આવ્યો. અહિં આન્ધ્રરાજા ચત્રપણે તેનો ખુલ્લા મેદાનમાં સામનો કર્યો પણ તેમાં ચત્રપણની હાર થતાં તેને અવન્તિ અને આકર ગુમાવવા પડયા. આ પછી અવન્તિમાં બરાબર સ્થિર થયા બાદ રુદ્રદામાએ બીજી વિજયયાત્રા શરૂ કરી અનૂપ, નિષાદ અને અપરાંતને જીતતો તે મહારાષ્ટ્ર પર ચઢી આવ્યો. અહિં પણ ચત્રપણની મોટી હાર થઈ. રુદ્રદામાએ ધાર્યું હોત તો તે તેને મહારાષ્ટ્રમાંથી સર્વથા ઉખાડી નાખત; પરંતુ તેણે તેમ ન કર્યું તેનું કારણ, તે પોતાના શિલાલેખમાં જણાવે છે કે, '**संबंघाव् [इ] दूरया**' હતું, કે જેનો અર્થ સંશોધકો તરફથી 'નજીકના સબંધે' એવો કરવામાં આવે છે.

અમાત્ય સતેરક દ્વારા અપાયલા 'પાનીયભોજન'ના દાન સંબંધીનો કાન્હેરીની લેણુમાંનો એક ખંડિત લેખ છે, તેમાં વાશિષ્ઠીપુત્ર શ્રી સાતકર્ણિની દેવી કાર્દમક રાજાઓના વંશમાં ઉત્પન્ન મહાક્ષત્રપ 'રુ'....ની પુત્રીનું નામ છે. સંશોધકો એ લેખમાંનો 'રુ' અક્ષર રુદ્રદામાનો અવશેષ અને વાશિષ્ઠીપુત્ર સાતકર્ણિ એ રુદ્રદામાના લેખમાંનો સાતકર્ણિ હોવાની માન્યતા ધરાવતા હોઈ, તેઓ એ બન્નેના વચ્ચે સસરા-જમાઈનો સંબંધ લખી રહ્યા છે અને કહે છે કે, રુદ્રદામાના લેખમાં સાતકર્ણિને ઉત્સાદન નહિ કરવાનું-ઉખેડી નહિ નાખવાનું કારણ, '**संबंघाव् [इ] दूरया**'-નજીકના સંબંધે લખાયું છે તે ઉપરોક્ત સંબંધના જ અભિપ્રાયમાં છે. મારી સમજ પ્રમાણે, રુદ્રદામાએ શાતકર્ણિને ઉખેડી ન નાખ્યો તે તેની સાથેના જમાઈ તરીકેના સંબંધને લીધે નહિ, પરંતુ રાજદ્વારી કુનેહને લઈને હતું.

પહેલાં કહેવાઈ ગયું છે કે, ચત્રપણ શાતકર્ણીને વારસામાં વિશાલ સામ્રાજ્ય મળ્યું હતુ તેમાં લગભગ આખા દક્ષિણ ભારતનો સમાવેશ થતો હતો. અર્થાત; તેનું રાજ્ય બધી તરફ વધારે દૂર સુધી વિસ્તરેલું હતું, યાવત્ પૂર્વ, પશ્ચિમ અને દક્ષિણ તરફના અતિ દૂરના પ્રદેશો પણ તેના રાજ્યની સાથે સંબદ્ધ-જોડાયલા હતા. રુદ્રદામાએ સાતકર્ણિને સંપૂર્ણ રીતે હરાવ્યો ત્યારે તેની સન્મુખ એ પ્રશ્ન ઉપસ્થિત થાયજ કે આન્ધ્રરાજ્ય ખાલસા કરી તેનો વહીવટ નીમેલા સુબાઓ દ્વારા કરવો અથવા સાતકર્ણિને પદભ્રષ્ટ ન કરતાં તેના પર ઓછાવત્તા પ્રમાણમાં વર્ચસ્વ રાખી તેને જ તેનું શાસન કરવા દેવું. એ પ્રશ્નનો નિકાલ એણે એવી રીતે કર્યો લાગે છે કે, બધી તરફ અતિદૂર સંબદ્ધ એવા અવશિષ્ટ આન્ધ્રરાજ્યને ખાલસા ન કરવું, અર્થાત્; સાતકર્ણિને પદભ્રષ્ટ ન કરવો. તેણે કરેલા ઉપરોક્ત નિકાલમાં અનુકૂલતા અને યશઃપ્રાપ્તિ હોવાથી, આપણને જણાઈ આવે છે કે, સાતકર્ણિને પદભ્રષ્ટ ન કર્યો એ તેની રાજદ્વારી કુનેહનું પરિણામ હતું. રૂદ્રદામા પોતાના જૂનાગઢવાળા લેખમાં, '**संबंघाव् (इ) दूरया अनुत्सादनात् प्राप्तयशसा**' (બધી તરફ વધારે દૂર સંબંધ હોવાથી સાતકર્ણિને ન ઉખાડયો તેથી યશ પ્રાપ્ત

કરનારે ) આવા શબ્દોલ્લેખનથી સાતકર્ણિને તેના પદ પર કાયમ રાખવાનું કારણુ અને લાભ જણાવતો તે તેની રાજદ્વારી કુનેહને જ ધ્વનિત કરી રહ્યો છે, એવી મારી સમજ હોઈ, મને નથી લાગતું કે, સાતકર્ણિ રૂદ્રદામાનો નિકટનો સંબંધી અને તે પણ જમાઈ જ હોય.

રુદ્રદામાના લેખમાં ઉલ્લેખિત 'संबंधाव् [इ] दूरतया' એ શબ્દનો અર્થ, 'સાતકર્ણિ રુદ્રદામાનો નિકટનો સંબંધી હતો' એમ જેઓ જણાવી રહ્યા છે, તેઓ પોતાના કથનના સમર્થનમાં કાન્હેરી લેણુમાંના પૂર્વોક્ત ખંડિત અને અસ્પષ્ટ લેખનો આશ્રય લે છે; પરન્તુ વાશિષ્ઠીપુત્ર સાતકર્ણિ તરીકે ઓળખાતા આન્ધ્રવંશીય રાજાઓ અને 'રુ' અક્ષરની આદિવાળા મહાક્ષત્રપો અનેક થયેલા હોઈ, નિશ્ચયથી કહી શકાય તેમ નથી કે, કાન્હેરી લેણુમાંનો વાશિષ્ઠીપુત્ર સાતકર્ણિ અને મહાક્ષત્રપ 'રુ૦' એ રાજાઓ, અનુક્રમે જૂનાગઢના લેખમાંનો દક્ષિણાપથપતિ સાતકર્ણિ અને ચષ્ઠનપૌત્ર મહાક્ષત્રપ રુદ્રદામા છે. અને જો એમ જ છે તો પછી કાન્હેરીલેણુના લેખ પરથી મનાયલી 'સાતકર્ણિ રુદ્રદામા પહેલાનો જમાઈ હતો' એ અનિશ્ચિત હકીકતના આધારે, જૂનાગઢના લેખાંશ પરથી મનાયલી 'સાતકર્ણિ રુદ્રદામાનો નિકટનો સંબધી હતો' એ અનિશ્ચિત હકીકતને નિશ્ચિત બનાવવા મથવું, એ સ્પષ્ટ અનુમાનાભાસ છે. વળી સંશોધકો કાન્હેરીલેણુના લેખ પરથી 'સાતકર્ણિ રુદ્રદામા પહેલાનો જમાઈ હતો' એવું જે અનુમાન કરે છે તેથી વિરુદ્ધ 'સાતકર્ણિ રુદ્રસિંહ પહેલાનો જમાઈ હતો' એવું અનુમાન પણ કરી શકાય તેમ છે. જેમકે:—

કાન્હેરીલેણુના લેખમાં ઉલ્લેખેલી દેવી–રાણીનો પિતા અને પતિ, અનુક્રમે મહાક્ષત્રપ રુદ્રદામા પ્રથમ અને તેનાથી પરાજિત, નં૦ ૧૬ ( ગૌ૦ પુ૦ ) યજ્ઞશ્રી ( સાતકર્ણિ ) નો પુત્ર ( અમુક ) વાશિષ્ઠીપુત્ર સાતકર્ણિ નહિ; પરંતુ રુદ્રદામા પ્રથમનો નાનો પુત્ર મહાક્ષત્રપ રુદ્રસિંહ પ્રથમ અને તેને જીતનાર નં૦ ૨૦ ( ગૌ૦ પુ૦ ) યજ્ઞશ્રી ( સાતકર્ણિ ) નો પુત્ર ( અમુક ) વાશિષ્ઠીપુત્ર સાતકર્ણિ હતો. કારણ, રુદ્રદામા વિજેતા હોઈ પરાજિત ( વા૦ પુ૦ ) સાતકર્ણિને પોતાની કન્યા આપે એ સંભવિત નથી, જ્યારે પરાજિત રુદ્રસિંહ પોતાના વિજેતાના પુત્ર ( વા૦ પુ૦) સાતકર્ણિને પોતાની કન્યા આપે એ સંભવિત છે. એમ કહેવામાં આવે છે કે, ગૌતમીપુત્ર સાતકર્ણિએ રુદ્રદામા પ્રથમના પિતા જયદામાને હરાવ્યો હતો અને જયદામાએ રુદ્રદામાની પુત્રી ગૌતમીપુત્ર સાતકર્ણિના પુત્ર વાશિષ્ઠીપુત્ર સાતકર્ણિને આપી હતી, પરંતુ આવા કથનમાં કોઈ અસંદિગ્ધ હેતુ ન આપવામાં આવે ત્યાં સુધી તે વ્યર્થ જ છે. 'સાતકર્ણિ રુદ્રદામા પ્રથમનો નિકટનો સંબંધી અને જમાઈ હતો' એ સંદિગ્ધ હકીકતના આધારે જ ઉપરોક્ત કથન કરાયલું આપણને જ્યાં ત્યાં જોવા મળે છે, અને તેથી તે પ્રામાણિક નથી, એટલું જ નહિ, પરંતુ બાલશ્રીના લેખને બારીકીથી તપાસતાં સંભવિત પણ નથી. એ લેખમાં શકાદિના દમનની વીતી ચુકેલી વાતને નોંધવામાં આવે છે તેથી એમ લાગે છે કે, અત્યાર સુધીમાં શક રાજા અને આન્ધ્રરાજા વચ્ચે કહેવામાં આવે છે તેવી કોઈ સગપણની ગાંઠ ન બંધાઈ હોવી જોઈએ. રુદ્રદામા પહેલો સાતકર્ણિની સામે આવી પડેલા યુદ્ધ તરીકે લડયો નથી, પણ એક મહાન આક્રમણકાર તરીકે લડયો છે, એ હકીકત પણ તેમની વચ્ચેના કહેવાતા

સંબંધને શંકાસ્પદ બનાવે છે. ઉપર હું કહી ગયો છું કે, એવો સગપણ સંબંધ મહાક્ષત્રપ રુદ્રસિંહ પ્રથમ અને (નં૦ ૨૦) ગૌતમીપુત્ર યજ્ઞશ્રી સાતકર્ણિના માટે જ સંભવિત છે.

રુદ્રસિંહ પહેલાના સિક્કાઓ પરથી જાણવા મળે છે કે, તે શકરાજા શ.સં. ૧૦૩ થી ૧૧૦–ઈ.સ. ૧૮૧ થી ૧૮૮ સુધી મહાક્ષત્રપ હતો, પરંતુ તે પછીનાં બે વર્ષ દરમિયાન એટલે શ. સં. ૧૧૦ થી ૧૧૨–ઇ.સ. ૧૮૮ થી ૧૯૦ સુધી તેની ઉપાધિ 'મહાક્ષત્રપ' નહિ પણ કોઈની તાબેદારીની સૂચક 'ક્ષત્રપ' હતી. તેના ક્ષત્રપ તરીકેના સમયમાં અને તેની આગળ પાછળના કાળમાં દક્ષિણ ભારતના પ્રતિષ્ઠાનપુરમાં આન્ધ્રરાજા (ગૌ૦પુ૦) યજ્ઞશ્રી સાતકર્ણિનું રાજ્ય હતું. રૂદ્રદામા (૧) એ જે સાતકર્ણિને હરાવ્યો હતો, તેની પછીનો એ ચોથો રાજા હતો. મત્સ્યપુ૦ની યાદીમાં (નં૦૨૭) યજ્ઞશ્રી સાતકર્ણિ તરીકે નોંધાયલા આ રાજાને મેં મારી યાદીમાં (નં૦૨૦) ગૌ૦પુ૦ યજ્ઞશ્રી સાતકર્ણિ તરીકે નોંધ્યો છે. તેનો રાજત્વકાલ મ.નિ. ૬૩૨ થી ૬૬૧–ઇ.સ. ૧૬૫ થી ૧૯૪ સુધી ૨૯ વર્ષ હતો. મી. સ્મિથ પોતાના 'અર્લિ હિસ્ટરી ઑફ ઈન્ડિયા' નામના પુસ્તકમાં આ રાજાના વિષે આવા પ્રકારનું લખી રહ્યા છેઃ–"ગૌતમીપુત્ર યજ્ઞશ્રી સાતકર્ણિ એ પરાક્રમી અને વાશિષ્ઠીપુત્ર પુલોમાવીએ ગુમાવેલા કેટલાક પ્રદેશોનો વિજેતા તથા લાંબા અમલવાળો જાણવાજોગ છેલ્લો આન્ધ્રરાજા હતો." મારું અનુમાન છે કે, આ રાજાએ મહાક્ષત્રપ રુદ્રસિંહ (૧) ને જીતી લઈ બે એક વર્ષ તેને પોતાના તાબે કર્યો હશે અને એ તાબેદારીને લઈને જ રુદ્રસિંહને મહાક્ષત્રપમાંથી ક્ષત્રપ બનવું પડયું હશે. સંભવ છે કે, આ પરાધીનતાના સમયે રુદ્રસિંહ પહેલાએ પોતાની કન્યા (નં૦૨૦) ગૌ૦પુ૦ યજ્ઞશ્રી સાતકર્ણિના પુત્ર (અમુક) વાશિષ્ઠીપુત્ર સાતકર્ણિને આપી હોય અને તેણે, 'પરાજિત થયેલો વિજેતાને પોતાની કન્યા આપે,' એ પ્રાચીન રીવાજનું અનુસરણ કર્યું હોય. અર્થાત્; આ આલેખાતો વાશિષ્ઠીપુત્ર (ચત્રપણ સાતકર્ણિ)એ, રૂદ્રદામા પ્રથમનો જમાઈ હોય એવી સંભાવના ઓછીજ છે, જ્યારે ચત્રપણ પછીનો ચોથો રાજા વાશિષ્ઠીપુત્ર સાતકર્ણિ કે જેનું નામ વિજય છે તે રુદ્રસિંહ પ્રથમનો જમાઈ હોય એવી સંભાવના વધારે છે. આમ છતાં મજબૂત સાધન દ્વારા ચત્રપણ શક રૂદ્રદામા (૧) નો જમાઇ સિદ્ધ થતો હોય તો તેને સ્વીકારવામાં પણ કોઈ જાતનો વાંધો નથી. અસ્તુ.

રૂદ્રદામાથી પરાજય પામ્યા બાદ ચત્રપણે ૧૭ વર્ષ રાજ્ય કર્યું હતું, પરંતુ તે દક્ષિણાપથેશ્વર તરીકે, નહિ કે અવન્તિના અધિપતિ તરીકે. અવન્તિનો અધિપતિ તો હવેથી મહાક્ષત્રપ રૂદ્રદામા જ હતો. એનું અવન્તિપરનું આધિપત્ય મ.નિ. ૬૦૫, વિ. સં. ૧૯૫ (ઈ. સ. ૧૩૮) થી શરૂ થાય છે, પરંતુ એ આ લેખની મર્યાદા બહારનો વિષય હોવાથી તે સંબંધી લખવાનું ભવિષ્ય પર છોડી હાલ અહિં જ વિરમવું પડે છે.

**शिवमस्तु सर्वजगतः, परहितनिरता भवन्तु भूतगणाः।**
**दोषाः प्रयान्तु नाशं, सर्वत्र सुखीभवतु लोकः॥**

## પરિશિષ્ટ ૨

# ભારત પરનાં વિદેશી આક્રમણો

### (૧)

ભારતનો વાયવ્ય પ્રદેશ એ સદાય ભારતને માટે આફતનું જ સ્થળ રહ્યું છે. ઇરાની શહેનશાહતનો સ્થાપક સાઇરિસ, કે જેણે મ. નિ. પૂ. ૯૧ થી ૬૩ (ઇ. સ. પૂ. ૫૫૮-૫૩૦) સુધી ૨૮ વર્ષ રાજ્ય કર્યું હતું, તેનું આધિપત્ય ભારતના વાયવ્યમાં આવેલા ભારતના એક દેશ–ગાન્ધાર પર પણ હતું. ગાન્ધારનો પ્રદેશ ઉત્તર–પશ્ચિમ પંજાબમાં આવેલા રાવલપીંડી તથા વા. સરહદમાં આવેલા પેશાવર જિલ્લાઓનો બનેલો હોઇ, કાબુલ અને સિન્ધુ નદીને લગતો હતો. એની સીમા કયાં કયાં સુધી હતી એ હાલ ચોકસાઇથી કહેવું મુશ્કેલ છે. કારણ કે એ પ્રદેશનું નામ વખતોવખત પલટાયેલું રહ્યુ છે તેમ સીમાઓ પણ પલટાતી રહી હશે એ સ્વાભાવિક છે. હાલનું પેશાવર કે જે ઇસુની બીજી સદીના પૂર્વાર્ધમાં–કુશાન રાજા કનિષ્કના સમયમાં તેની રાજધાની પુરૂષપુર તરીકે તથા ઇસુની પૂર્વે છઠ્ઠી સદીના ઉત્તરાર્ધમાં–સાઇરસ અને દારયવહુ (દાર્યસ–ડેરિયસ) ના સમયમાં 'પૈશિયાહુવાદ' તરીકે બોલાતું હતું, તે પશ્ચિમ ગાન્ધારનું એક શહેર અને કોઇ કોઈ વખત રાજધાનીનું સ્થળ હતું. જ્યારે પૂર્વ ગાન્ધારની રાજધાનીનું સ્થળ તક્ષશિલા નગરી હતી; રાવલપિંડીની વાયવ્યમાં ૨૬ માઇલ ઉપર અને અટક તથા રાવલપિંડીની વચ્ચે આવેલા કાલકાસિરાઇ રેલ્વે–સ્ટેશનથી બે માઇલ દૂર જ્યાં હાલ શાહઢેરી, સિરકપ, સિરમુખ અને કરચકોટ નામનાં ગામો આવેલાં છે ત્યાં આ સુપ્રસિદ્ધ નગરીનાં ખંડિયેરો છે. શ્રેણિક–બિમ્બિસારના સમયથી લઇ ઇસુની પહેલી સદી સુધી તક્ષશિલા એ એક મહત્વની વિદ્યાપીઠના અને ભિન્ન ભિન્ન વંશના રાજાઓની રાજધાનીના સ્થાન તરીકે પંકાયેલી નગરી હતી. વધારે પ્રાચીન કાલમાં ગાન્ધારની રાજધાનીનું શહેર પુષ્કલાવતી હતું. ગ્રીક લોકોના–સીકંદરના સમયમાં અસ્તિસ (હસ્તી) રાજાની રાજધાની આ શહેરમાં હતી એમ કહેવામાં આવે છે. કાબુલ નદીની પેલી બાજુ ઇશાનમા ૧૫ માઇલ ઉપર સિંધુ નદીને કિનારે આવેલું ગ્રીક લોકોથી કહેવાતું પ્યુકેલોઇટિસ, અથવા પેશાવરની ઉત્તરે ૧૮ માઇલ ઉપર સ્વાટ અને પંજકોરા નામનાં બે વેળીઆં એકત્ર થઇને લેંડી નામે ઓળખાતી નદી ઉપર (કાબુલ નદીના સંગમ આગળ) આવેલું અષ્ટનગર યાને હસ્તનગર (ચરસદ્દા), આ બે સ્થળમાંથી કયા સ્થળે પ્રાચીન પુષ્કલાવતી હતી તે ચોક્કસ થવું હાલ મુશ્કેલ છે.

સાયરસ પછી કંબાયસિસ ઇરાનનો શહેનશાહ થયો. તેણે મ. નિ. પૂ. ૬૩ થી ૫૪ (ઈ. સ. પૂ. ૫૩૦–૫૨૧) સુધી ૯ વર્ષ રાજ્ય કર્યું. આ પછી હખામણી ઘરાણાનો ડેરીયસ આવ્યો. કહે છે કે, મ. નિ. પૂ. ૪૯ ની (ઈ. સ. પૂ. ૫૧૬ ની) લગભગમાં આ ડેરીયસનું સામ્રાજ્ય પશ્ચિમી પંજાબ અને સિંધ (કાશ્યપપુર તક)નો સમાવેશ કરતું હતું. ગાન્ધાર અને ઉત્તર પશ્ચિમી પંજાબ એ ડેરીયસના સામ્રાજ્યનો ૭ મો અને પશ્ચિમી પંજાબ અને સિંધ એ ૨૦ મો સત્રપીપ્રદેશ હતો. આ વીસમા પ્રદેશની આમદાની અન્ય પ્રદેશો કરતાં અધિક અને સુવર્ણના રૂપમાં આવતી હતી. કેમકે, તે આબાદ અને સમૃદ્ધ પ્રદેશ હતો. સાતમા પ્રદેશની આમદાની આનાથી અર્ધા કરતાં ય ઓછી હતી, એમ હેરેડોટસના લેખથી જાણવા મળે છે.

ડેરીયસ પછી આવેલા ઇરાની શહેનશાહ ઝેરકસસે (કઝકર્સીઝે) ગ્રીસ પર હુમલો કર્યો ત્યારે

તેની આક્રમણકારી સેનામાં ગાન્ધાર અને ભારતના લોકો પણ હતા એવા હેરેડોટસના લેખ પરથી અનુમાન કરાય છે કે, એ ઇરાની રાજાની સત્તા પણ ડેરીયસે મેળવેલા હિન્દના પ્રદેશ પર ચાલુ રહી હશે; પરન્તુ આ અનુમાન પ્રામાણિક હોય કે ન પણ હોય. ડેરીયસના સમયમાં હિન્દી લોકો ઇરાની સામ્રાજ્યના સૈન્યમાં જોડાયા હશે અને પાછળથી પણ જોડાતા રહ્યા હશે તેથી એમ ન જ કહેવાય કે, એ હિન્દી લોકોનો દેશ એ બધા ય સમયમાં ઇરાની સત્તાને તાબે જ રહ્યો હશે. ઝેરક્સસે મ. નિ. પૂ. ૧૮ (ઇ. સ. પૂ. ૪૮૫) માં ગ્રીસ પર હલ્લો કર્યો તે સમયથી લઇ અલેકઝાંડરે હિન્દુકુશ પાર કરી ભારત તરફની વિજયયાત્રા શરૂ કરી ત્યાં સુધી, ડેરીયસે જીતેલા પ્રદેશોની શી સ્થિતિ હતી? તેમના પર કોઇ સમ્રાટનું આધિપત્ય હતું કે કોઈ કેન્દ્રસ્થ સત્તાના તાબા વગરના પ્રાદેશિક રાજાઓનું ત્યાં રાજ્ય હતું? અલેગ્ઝાંડરની યુદ્ધયાત્રામાં તેનો તાબો સ્વીકારનારા કે સામે થનારા રાજાઓ પહેલાં ઇરાની સત્તાના તાબે હોઇ, ઇરાની સત્તા અલેગ્ઝાંડરના હાથે નષ્ટ થતાં તેઓ સ્વતંત્ર થયા હતા કે ઘણા લાંબા સમયથી એમના પૂર્વજો સ્વતંત્ર થયા હતા? આવા આવા પ્રશ્નોનો જવાબ મેળવવા તે સમયનું જેવું જોઈએ તેવું તે પ્રદેશ પરના વૈદેશિક શાસનનું વૃત્તાંત મળતું નથી તેથી તે વિષે વ્યર્થ અનુમાન કરવાં નકામાં જ છે, બીજી તરફ ગુણાઢયની બૃહત્કથાનો અનુવાદક મહાકવિ સોમદેવભટ્ટ કથાસરિત્સાગરમાં વત્સરાજ ઉદયનને સિન્ધુરાજ ને પારસીકોનો વિજેતા લખી રહ્યો છે. "ઉત્તરાપથના સિન્ધુરાજને તાબે કર્યો, મ્લેચ્છોનો સંહાર કર્યો, પારસીકપતિનો શિરચ્છેદ કર્યો," ઉદયનના નામે આ હકીકતો ચઢાવી હૂણોની હાનિ કરનાર તરીકે કથાસરિત્સાગરે તેને કીર્તિમાન ચીતર્યો છે. હાલના સિંધ, પશ્ચિમી પંજાબ, વાયવ્ય પંજાબ અને કાબુલ નદીની ઉત્તર તથા દક્ષિણનો પ્રદેશ, એ સર્વ તે સમયે સિન્ધુસૌવીર અને ગાન્ધારમાં સમાવિષ્ટ થતા હતા. કથાસરિત્સાગર જેને સિન્ધુરાજ કહે છે તે સિન્ધુસૌવીરનો એટલે હાલના સિન્ધ અને પશ્ચિમ પંજાબનો રાજા અને તે જેને પારસીકપતિ કહે છે તે ગાન્ધારનો એટલે વાયવ્ય પંજાબ અને કાબુલ નદીની ઉત્તર દક્ષિણના પ્રદેશનો પતિ, એવા અર્થમાં હોય એમ લાગે છે. ઉદયનની આ વિજયયાત્રાનો સમય ચોક્કસ રીતે કહી શકાય તેમ નથી, પણ સંભવ છે કે, તે સમય મ. નિ. પૂર્વનાં નજીકનાં વર્ષોમાં એટલે ઇ. સ. પૂર્વ ૪૬૭ થી પૂર્વનાં નજીકનાં વર્ષોમાં હશે. ઉદયનના હાથે જે પારસીકપતિનો શિરચ્છેદ થયો તેનું નામ કથાસરિત્સાગરે આપ્યું નથી તેથી તે ઝેરક્સસ નામનો ઇરાની શહેનશાહ હતો કે તેનો નીમેલો કોઇક સત્રપ હતો તે આપણે નક્કી કરી શકતા નથી. આમ છતાં કથાસરિત્સાગરના લખાણ પરથી એ સાબીત થાય છે કે, મહાવીર નિર્વાણ પછીના કાલમાં એટલે ઇ. સ. પૂ. ૪૬૭ પછીના કાલમાં ભારતના વાયવ્ય અને પશ્ચિમી પ્રદેશમાં ઇરાનીઓની સત્તા નાશ પામી ભારતીય સત્તા સ્થપાઇ ગઇ હતી. સીકંદરની સાથે લડનાર વિતસ્તા (ઝેલમ) અને ચન્દ્રભાગા (ચીનાબ)ના દોઆબમાં રાજ્ય કરનાર ગૌરવવંતો રાજા પોરસ એ પૌરવ હોય તો, કહેવું જોઇએ કે, ઉદયને ઇરાનીઓ પાસેથી જીતી લીધેલા ભારતના વાયવ્ય પ્રદેશ પર તેણે પોતાનો પૌરવવંશી રાજા નીમ્યો હશે, કે જેના વંશમાં પોરસ-પૌરવ ઉતરી આવ્યો હતો. મગધસમ્રાટ્ ઉદાયીના સેનાધિપતિ અને રાજગૃહીના રાજા નંદિવર્ધને વત્સ અને અવન્તિ સર કર્યા ત્યારે ઉદયને સ્થાપેલા પોરસના પૂર્વજોને મગધસમ્રાટ્ ઉદાયી અને તેની પાછળ આવનારા નન્દોના માંડલિકો તરીકે થઇ જવું પડયું હશે, જો કે તેમનું ઉચ્ચ ખમીર હલકી કુલજાતિના નન્દોની શૂદ્રતાને તાબે રહેવામાં નારાજ હશે. આઠમો કે નવમો લોભી મહાપદ્મનંદ-ધનનંદ જ્યારે તેની પ્રજામાં અપ્રિય થઇ પડયો હતો ત્યારે તે પોરસ વિગેરે ભારતના પશ્ચિમ અને વાયવ્ય તરફના રાજાઓ પર શિથિલ સત્તાવાળો થઇ ગયો હશે અને પરિણામે પોરસ વિગેરે નન્દની મદદ વેળાસર ન મેળવી શકતાં સીકંદરના તાબે થયા હશે, નહિ કે સીકંદરે ઇરાન જીતી લેતાં પોતાના માથે રહેલી ઇરાની સત્તા નાશ પામતાં

સર્વથા સ્વતંત્ર થયેલા એ પોરસ વિગેરે હોઇ સીકંદરની સાથે લડતાં જીતાયા હતા કે સંધિથી જોડાયા હતા. આ સર્વ કથનનો સાર એ છે કે, સીકંદરની ભારત પર વિજયયાત્રા શરૂ થઇ તેના પહેલાં દોઢસો વર્ષ સુધીમાં ભારતના પશ્ચિમ અને વાયવ્ય પ્રદેશમાં અનુક્રમે વત્સેશ્વર અને મગધેશ્વરનું આધિપત્ય હતું, નહિ કે તે પ્રદેશમાં ખરોષ્ઠી લિપિ વિગેરેના લાંબા કાળ સુધીના ચાલુ રહેલા પ્રચારના કારણને આગળ ધરી, કેટલાકો કલ્પના કરે છે તેમ, ઇરાની શહેનશાહનું કે તેના કોઈ સત્રપ–રાજાનું. સાઇરસ અને ડેરીયસના સત્તા કાલમાં ગાન્ધારે ખરોષ્ઠીલિપિ વિગેરે અપનાવ્યાં હોય ને પછી એ સત્તા નાશ પામ્યા છતાંય વ્યવહારમાં ચાલુ જ રહ્યાં હોય એ બનવાજોગ હોવાથી ખરોષ્ઠીલિપિ વિગેરે અને ઇરાની સત્તા, એનો વ્યાપ્યવ્યાપકભાવ સંશયિત હોઈ તે આધારે તે પ્રદેશમાં સીકંદરના આગમન પર્યન્ત ઇરાની સત્તા ચાલુ હોવાનું માનવું એ અપ્રામાણિક છે. વિશેષ સંભવ તો એ છે કે, કંદહાર વિગેરેને લગતા પ્રદેશમાં વસતી ક્ષહરાટ જાતિનું જ સૃજનકાર્ય આ ખરોષ્ઠી-ખરોષ્ટ્રી(ક્ષહરાષ્ટ્રી) લિપિ છે. અસ્તુ, હવે આપણે ડેરીયસ પછી સીકંદરને ભારતના વાયવ્ય પ્રદેશનાં પ્રવેશ કરતો, લડતો, વિજય કરતો અને એક જબરા વાવંટોળની જેમ ઉથલપાથલ કરીને બીયાસનદીના તીર સુધી આવી ત્યાંથી પાછો સ્વદેશ તરફ ચાલ્યો જતો અને અંતે બેબીલોનમાં મૃત્યુ પામતો જોઇએ.

અલેકઝાંડર ઉર્ફે સીકંદર (નસીબનો બલવાન), મેસિડોનિયાનો અને પાછળથી ગ્રીસનો (મકદુનિયાનો) પણ રાજા ફિલિપ કરીને હતો તેનો પુત્ર હતો. તેનો જન્મ મ. નિ. ૧૧૧–ઇ. સ. પૂ. ૩૫૬માં થયો હતો. તેણે પોતાની ૧૩ વર્ષની વયમાં પ્રસિદ્ધ દાર્શનિક એરિસ્ટોટલ પાસે શિક્ષણ લેવા માંડયું હતું અને તે ૧૬ વર્ષની વયે પિતાના રાજકાજમાં ભાગ લેવા માંડયો હતો. એક મેસિડોનિયા નિવાસીના હાથે તેના પિતાનું મૃત્યુ થતાં તે ૨૦ વર્ષની વયે મ. નિ. ૧૩૧–ઇ. સ. પૂ. ૩૩૬ માં મેસિડોનિયા ને ગ્રીસનો શહેનશાહ બન્યો. એક જ વર્ષમાં એણે શત્રુઓને દબાવી પોતાના રાજ્યની સુવ્યવસ્થા કરી દીધી. આ પછી એશિયા પર અધિકાર સ્થાપવાનો એના પિતાનો ઇરાદો પાર પાડવા એણે આશરે ૬૦ હજાર કસાયલી સેના લઇ એશિયાની તરફ કૂચ કરી. અનુકૂલતાની દૃષ્ટિથી વિદેશી લેખકોએ આલેખેલા, પણ ભારતીય લેખકોએ જેના નામનો ઇશારો સુદ્ધાં પણ નહિ કરાયલા આ કહેવાતા મહાન સીકંદરે આશરે સાતેક વર્ષ સુધીમાં ફારસ, સીરિયા, ઇજિપ્ત, ફિનીસિયા, પેલેસ્ટાઇન, બૅબિલોન, બૅક્ટ્રિયા આદિ દેશોને જીતી લીધા અને તે બૅક્ટ્રિયાની જીત પુરી કર્યા બાદ મ નિ. ૧૪૦–ઇ. સ. પૂ. ૩૨૭, મે માસની શરૂઆતમાં હિંદુકુશને ખાવક અને કાઓશાનના ઘાટોના રસ્તે પાર કરી, બે વર્ષ પહેલાં પોતે વસાવેલા અલેકઝાંડિયા (સિકંદરીયા) નગરે આવી પહોંચ્યો. આગળ વધતાં પોતાના પાછલા વ્યવહારમાર્ગને સલામત રાખવા સિકંદરીયા નગરના સ્થાનને બધી રીતે વ્યવસ્થિત અને મજબૂત બનાવી તથા કાબુલ નદી અને હિંદુકુશના ઘાટ વચ્ચેના મુલકમાં વહીવટ કરવા ટીરિયાસ્મીર નામના સુબાને નીમી અલેકઝાંડર અહિંથી હિંદ અને કાબુલના રસ્તા પર જલાલાબાદથી પશ્ચિમે આવેલા નિકૈયા તરફ પોતાના લશ્કર સાથે આગળ વધ્યો. અહિં પોતાના સૈન્યના બે ભાગ કરી એક ભાગની સરદારી હિફેસ્ટિઓન તથા પર્ડિકાસ એ બે સરદારોને આપી, તેમને સીધા હિંદ તરફ વધવાનો અને સિંધુ નદીએ પહોંચી હાલ યુસુફઝાઇને તાબેના મુલકમાં પ્યુકેલોઇટિસ હાથ કરવાનો તથા સિંધુ નદી ઉતરી શકાય તેવી સર્વ વ્યવસ્થા કરવાનો હુકમ આપી, આ ગ્રીક વિજેતાએ કુનાર કે ચિત્રાલ નદીની ખીણમાં ઘણા અંતર સુધી ઘુસી જઈ ત્યાંની ઝનુની જાતોને વશ કરવાનું કામ કર્યું. અહિં તેણે ફરીથી પોતાના લશ્કરને વિભક્ત કરી એક ભાગની સરદારી નિમકહલાલ સરદાર ક્રેટિરોસને આપી, તેને કુનારની ખીણમાં વસતી જાતોને તાબે કરવાનું કામ પુરું કરવાને સોંપ્યું અને તે પોતે પોતાના ચુનંદા માણસો સાથે એસ્પેસિયનો પર ચઢાઈ લઇ ગયો

અને તેણે એસ્પેસિયનોને હરાવી તેમની જબરી કતલ કરી. આ પછી પર્વતોને ઓળંગી તે બાજોરની ખીણમાં ઉતરી પડયો. પોતાને સોંપેલુ કામ પુરું કરી ક્રેટિરોસ અહિં સિકંદરને આવી મળ્યો. આ પછી સિકંદરે એક બીજા મોટા યુદ્ધમાં એસ્પેસિયનોને હરાવી મોટી સંખ્યામાં કેદીઓ અને બળદો મેળવ્યા અને ત્યાંથી આગળ વધી ન્યાસાને ઘેરો ઘાલતાં ત્યાંના રહીશો તેના તાબે થયા. હવે અલેગ્ઝાંડર આસાકીનોઇ નામની બળવાન પ્રજાને તાબે કરવા તેમના મુલકના મોટામાં મોટા અને રાજધાનીના શહેર મસાગા પર હલ્લો લઇ ગયો. મસાગાના કિલ્લાને જીતી લીધા બાદ ઓરા (નોરા) અને બઝિરા ગામોને કબજે કરતો તે અઓરનોસના અભેદ્ય કિલ્લાને જીતી લેવા આગળ વધ્યો. આ કિલ્લો સિંધુ નદીના પાણીથી પખાળાતો હતો, એને જીતી લઇ આસાકેનિયનોના અન્ય પ્રદેશને જીતતો તે જંગલોમાંથી ધીરે ધીરે માર્ગ કરતો છેવટે ઓહિંદને માથે આવી પહોંચ્યો. હિંદુકુશની દક્ષિણખીણોથી અહિં સુધી આવતાં તેને ૯ માસ (મે થી જાન્યુઆરી) લાગ્યા હતા.

બીજી તરફ હિફેસ્ટિઓન અને પર્ડિકાસના હાથ નીચેનો લશ્કરી વિભાગ પણ કાબુલ નદીની ખીણોના રસ્તે આગળ વધ્યો. ખીણોને લગતા પ્રદેશની ઘણી ખરી ટોળીઓના સરદારોએ તાબે થવાનો વિકલ્પ પસંદ કર્યો, પણ હસ્તિ (એ ટીસ) રાજાએ અલેગ્ઝાંડરના લશ્કરનો સામનો કર્યો. તેનો કિલ્લો એક માસ ટકી રહ્યો પણ ઘેરો ઘાલનાર લશ્કરે છેવટે તેનો કબજો લઇ નાશ કર્યો. આ પૂર્વ તરફની કુચમાં ગ્રીક સરદારોની મદદમાં તક્ષશિલાનો રાજા–આમ્ભિનો પિતા જોડાયો હતો. તક્ષશિલાનો રાજા નિકૈયા મુકામે અલેગ્ઝાંડરને મળ્યો હતો અને તેણે પોતાનું રાજ્ય આ ચઢાઇ કરનારના ચરણે ધર્યું હતું. તક્ષશિલાના રાજાની જેમ સિંધુને પશ્ચિમ કિનારે આવેલા બીજા સરદારોએ પણ ચઢી આવનારની તાબેદારી સ્વીકારી લીધી. પોતાના સમ્રાટે સિંધુનદી પર પુલ બાંધવાનું કામ સોંપ્યું હતું તેમાં એ સરદારો વિગેરેની મદદથી સંતોષકારક પ્રગતિ કરવા ઉપરોક્ત તે ગ્રીક સરદારો શક્તિમાન થયા.

"ગ્રીક સરદારોએ બાંધેલો આ નાવડીઓવાળો પુલ, કે જે પરથી અલેગ્ઝાંડર સિંધુને પાર કરી તક્ષશિલા તરફ આગળ વધ્યો હતો, તેના સ્થાન વિષે મતભેદ છે. ઘણાખરા લેખકોનું વલણ તે પુલને અટકની આગળ મુકવાનું જણાય છે, કેમકે, ત્યાં નદીનો પટ સાંકડામાં સાંકડો છે. પણ મ. ફુશરની શોધખોળોથી સિદ્ધ થયું છે કે, ઘણા ભાગે એ પુલ અટકની ઉપરવાડે ૨૬ માઇલ દૂર આવેલા ઓહિંદ કે ઉન્ડ આગળ હશે." જેના આધારે અલેગ્ઝાંડરની હિન્દ પરની વિજયયાત્રા વિષે હું લખી રહ્યો છું, તે હિન્દના પ્રાચીન ઇતિહાસના લેખક મી. સ્મીથની આવા પ્રકારની વિચારસરણી છે. તક્ષશિલાના થોડા સમય પહેલાં એટલે આશરે બેચાર માસમાં જ મૃત રાજાના પુત્ર આંભિનું એલચીમંડળ ઉપરોક્ત ઓહિંદમાં અલેગ્ઝાંડરને મળ્યું અને તેણે પોતાના રાજાની સેવા તેને ચરણે ધરવા એકવાર ફરીથી કબુલ્યું. તક્ષશિલાના રાજાઓની આવી નિર્બળતાનું કારણ, તેમને અભીસારના પહાડી રાજ્ય સાથે અને જેલમ તથા ચીનાબ નદીઓના વચ્ચે હાલના જેલમ, ગુજરાત, શાહપુર જિલ્લાઓના પ્રદેશમાં રાજ્ય કરતા ગ્રીકોથી ઓળખાવાતા પોરસ રાજા જોડે શત્રુતા હતી, અને તેઓ અલેગ્ઝાંડરની મદદથી એ પાડોશી શત્રુઓને દબાવવા માગતા હતા.

અલેગ્ઝાંડર ઓહિંદમાં એક માસ આરામ લઇ સિંધુને પાર કરી તક્ષશિલા પહોંચ્યો. તક્ષશિલાના રાજા આંભિએ સસૈન્ય સિકંદરની સરભરા કરી અને ઘણી ભેટ ધરી તાબેદારી સ્વીકારી. ગ્રીક શહેનશાહે એ ભેટમાં સુવર્ણમુદ્રાદિનો ઉમેરો કરી તેને પરત કરી. અહિં અભિસારના રાજદૂતે આવી સિકન્દરની તાબેદારી સ્વીકારી લીધી.

હવે અલેગ્ઝાંડરે તક્ષશિલાની છાવણીમાં આરામ લેતાં પોરસને તાબે થવા કહેણ મોકલ્યું, પણ માની પોરસે તેનો સગર્વ ઇન્કાર કરવા પૂર્વક યુદ્ધથી જ ભેટવાનું જણાવ્યું તેથી તેણે તક્ષશિલાથી જેલમ તરફ જવા પૂર્વ–દક્ષિણ ભણી કુચ કરી અને આશરે એક પખવાડીયામાં તે હાઇડેસ્પીસ (વિતસ્તા–જેલમ) નદી પર આવેલા જેલમે આવી પહોંચ્યો, જ્યાં પોરસ યુદ્ધને માટે સજ્જ થઇ જેલમ નદીના પેલેપાર છાવણી નાખી પડયો હતો. વિદેશીઓની કપટજાલભરી સાવધતાથી અને સ્વપરની સ્થિતિની વાસ્તવિકતાના ઊંડા અવલોકનપૂર્વક આદરેલા ઝનૂનથી નીતિ અને બળના ઘમંડી ભારતીય રાજાઓને માટે નિરંતર બનવા પામ્યું છે તેમ પોરસના માટે પણ બન્યું. અલેગ્ઝાંડરે જેલમ નદીને ઉપરવાડે જઇ પાર કરી. તેનો વ્યૂહ સફળ થયો ને પોરસનો નિષ્ફળ ગયો. પોરસના ૩૦૦૦ સવાર અને ૧૨૦૦૦ પાયદળ આ યુદ્ધમાં મરાયા અને ૯૦૦૦ સિપાહી કેદ પકડાયા. વીર પોરસ જે છેવટ સુધી પોતાની સેનાને લડાવી રહ્યો હતો, તે નવ જગાએ ઘાયલ થયેલો બેહોશ હાલતમાં પકડાયો. પોતાની સન્મુખ લાવવામાં આવતાં અલેગ્ઝાંડરે તેને પૂછયું કે, "બોલો, હવે તમારી સાથે કેવી રીતે વર્તાવ કરવો જોઇએ." આ વખતે પોરસે મૃત્યુ અથવા કષ્ટોની જરા ય પરવા કર્યા વગર નિર્ભય થઇ ગર્વની સાથે જવાબ આપ્યો કે, "જેવી રીતે એક બાદશાહ બીજા બાદશાહની સાથે કરે." આ ઉત્તર સાંભળી અલેગ્ઝાંડર એટલો બધો પ્રસન્ન થયો કે, એણે આવા નિર્ભય અને સાચા વીરની સાથે મૈત્રી કરવી ઉચિત સમજી અને તેને તેનું રાજ્ય પાછું સોંપી દીધું, એટલું જ નહિ, પરન્તુ સ્વદેશ તરફ પાછા ફરતાં જેલમ અને વ્યાસ નદીઓનો વચલો પ્રદેશ, જેમાં ૨૦૦ શહેર અને સાત જાતિઓના લોક રહેતા હતા, તે પણ સોંપી દીધો. જો કે આમાં સીંકદરની ગુણજ્ઞતા કરતાં અન્ય જ કારણો હશે.

આ પછી અલેગ્ઝાંડરે સૈનિકોને માનચાંદ અર્પવા પૂર્વક વિજયોત્સવ મનાવ્યો અને આ વિજયની યાદગીરીમાં 'નિકઇઅ'–નિકૈયા અને 'બડકેફલ'–બુકેફલા નામનાં બે શહેરો અનુક્રમે યુદ્ધભૂમિ પર અને જ્યાંથી જેલમ પાર કરવા ગયો હતો તે સ્થલ પર વસાવ્યાં. હવે તેણે અહિં વ્યવસ્થા ખાતર ક્રેટિરોસને રોકયો અને પોતે પોરસના રાજ્યની નજીકના ગ્લોસાઇ અથવા ગ્લોકેનિકોઇ જાતિના દેશ પર હલ્લો લઇ ગયો. ત્યાંના ગામોને જીતી તેણે પોરસના રાજ્યમાં ભેળવી દીધાં. અબિસેરિસ, હારેલા પોરસનો ભત્રીજો પોરસ અને બીજી કેટલીક સ્વતંત્ર જાતિઓએ પણ સિકન્દરની તાબેદારી સ્વીકારી લીધી. હવે અહિંથી વધારે પૂર્વ તરફ આગળ વધી 'નકી' ટેકરીઓની પાસેની કોઇક જગાએ એકેસીનિસ (ચન્દ્રભાગા–ચીનાબ) નદીને પાર કરી, આ ગ્રીક સમ્રાટ્ સિઆલકોટના પ્રાચીન કિલ્લા પાસે થઇને આગળ વધ્યો અને હીડ્રેઓટીસ (ઇરાવતી–રાવી) નદીને પાર કરી. નદીને પાર કર્યાને બીજે જ દહાડે અષ્ટાઇ નામની ટોળીએ તેનો તાબો સ્વીકારી લીધો. આ પછી તેણે કથૈરાઇ ટોળીની સરદારી નીચે એકઠી થયેલી રાવીની ડાબી બાજુ અથવા પૂર્વકાંઠે વસતી કેટલીક યુદ્ધ કુશલ જાતિઓના મંડળને તલવારથી સાફ કરવા તેમના બચાવસ્થલ સાંગલા દુર્ગને ઘેરો ઘાલવા આગળ કુચ કરી. અહિં મદદને માટે મોટો પોરસ આવી પહોંચ્યો. દુર્ગનું ભંગાણ પડે તે પહેલાં જ ગ્રીક સૈનિકોએ કોટ પર ચઢી ઉતરી દુશ્મનોને હરાવી દુર્ગને સર કર્યો અને સાંગલાને જમીનદોસ્ત કર્યું. હવે તે અહિંથી આગળ વધી હાઇફેસિસ (વિપાશા–બીયાસ–વ્યાસ) નદીના જમણા કિનારે અથવા પશ્ચિમમાં આવી પહોંચ્યો. તેનો ઇરાદો નદીને પાર કરી પૂર્વમાં વસતી સામંતચક્રની પદ્ધતિનું રાજતંત્ર ભોગવતી, ઉત્તમ હાથીઓની વસાહત વાળી રસાળ ભૂમિની બહાદુર ખેડૂ પ્રજાને તાબે કરવાનો હતો; પણ હવે તેનું લશ્કર અગ્નિકોણમાં નદીની પેલીપાર આગળ વધવાને પહેલાંના જેવું સ્ફુર્તિવાળું ન હોઇ મંદોત્સાહી જણાતું હતું. તેણે અનેક પ્રકારની લાલચોની વાતો કરી લશ્કરના ઉત્સાહને ઉત્તેજવા પ્રયત્ન કર્યો, પણ તેના એક વિશ્વાસુ સરદાર કોઇનોસે હિંમત ધરી લશ્કરની

મહેનત અને ભયોની મર્યાદાનો વિચાર કરવાની વિનંતી કરી તે સિવાય લશ્કર તરફથી કાંઈપણ પ્રત્યુત્તર મળ્યો નહિ. "દેશને છોડયાં આઠ વર્ષ થયાં તે દરમીયાન સેનામાંના ઘણાએ યુદ્ધ કે રોગથી મૃત્યુ પામ્યા છે, ઘણાએ ઘાયલ થઈ નકામા થઇ ગયા છે અને બચેલાઓની માર્ગના કષ્ટોથી બુરી દશા થઈ રહી છે તથા રાતદિનના પરિશ્રમથી તેઓનું સ્વાસ્થ્ય બગડી ગયું છે. એમનાં વસ્ત્ર અને શસ્ત્ર પણ કાલના પ્રભાવથી નકામાં થઈ રહ્યાં છે. ઓ રાજા! ફત્તેહમાં વિનીતપણું એ ઉમદામાં ઉમદા ગુણ છે, કારણ કે આવા બહાદુર સૈન્યની સરદારી હોવાથી આપને દુન્યવી દુશ્મનોથી તો બીવા જેવું છે જ નહિ, પણ દેવોના માર ગેબી હોય છે અને માણસનું તેની સામે કાંઇ જ ચાલતું નથી." કોઇનોસે સમ્રાટની આગળ બોલેલા આવા પ્રકારના શબ્દો લશ્કરે સહર્ષ વધાવી લીધા. સિકન્દર પાછું ફરવાને નારાજ હોઇ ત્યાંથી પોતાના તંબુમાં ચાલ્યો ગયો. કહે છે કે, હાઇફેસીસ નદી પાર કરવાને સારા શકુનો ન હતા એમ સમય વરતનાર જોશીઓને જણાયું હતું.

ખરી હકીકત એ હોવા સંભવ છે કે, સાહસી બનતા અલેગ્ઝાંડરના સલાહકારોને એ સમજાયું હતું કે, હવે આગળ વધવું એ મગધ સામ્રાજ્યની સાથે યુદ્ધ ખેલવાનું છે. એક ભાગલ અથવા ભાગેલા અથવા તો બઘેલ નામના રાજાએ અલેગ્ઝાંડરને ગંગાના કિનારે આવેલા ગંગરાઇડી અને પ્રાસી પ્રજાના રાજાનું નામ—અપરિચિત ઉચ્ચાર પરથી ગ્રીકો જે સમજ્યા તે મુજબ—ગ્ઝંડ્રેમિસ અથવા અંગ્રેમીસ કે કસૈણ્ડ્રમસ કહેલું હતું. લાગે છે કે, ધનનંદનું એ xandrames—ગ્ઝંડ્રમેસ થયેલું છે. ૨૦૦૦૦ ઘોડેસ્વાર, ૨૦૦૦૦૦ પાયદલ, ૨૦૦૦ રથ અને ૩૦૦૦ કે ૪૦૦૦ હાથીના સૈન્યને ધરાવનાર એવા એ પ્રાસી—પ્રાચ્ય પ્રજાના રાજાના અસ્તિત્વનું પોરસે પણ સમર્થન કર્યું હતું. ગ્રીક લેખકો હાઇફેસીસ પારની પ્રજાની વીરતા અને સભ્યતા વિષે તારીફ કરી રહ્યા છે તે પરથી અનુમાન થાય છે કે, સિકન્દરની ચઢાઇને આગળ વધતી અટકાવવા અહિંની પ્રસિઓઇ કે પ્રાસી પ્રજાને તેમના રાજા નંદે એકત્રિત કરી રાખી હશે, અને તે વિષેની માહિતી ભિન્ન ભિન્ન રસ્તે મળી જતાં સિકંદરે બે દીવસ વિચાર કર્યા બાદ ત્રીજા દિવસે પોતાના લશ્કરને પાછા ફરવાનો હુકમ કર્યો.

હાઇફેસીસથી પાછા ફરવા પહેલાં અલેગ્ઝાંડરે બાર યજ્ઞવેદીઓ ઊભી કરાવી. અહિં સુધી જીત અપાવનાર દેવતાઓની સ્તુતિ તરીકે અને પોતાના પરાક્રમોનાં સ્મારક તરીકે એણે એ કામ કર્યું. કેટલાકો કહે છે કે, તેનું એ માત્ર મિથ્યાભિમાન હતું. મુસાફરો કહે છે કે, એ સ્મારકો લાંબા કાળ સુધી સચવાઇ રહ્યાં હતાં. પ્રારંભના મૌર્ય રાજાઓ તેના પૂજન માટે નદી પાર કરી આવતા હતા, પણ બીયાસના ધોવણે એનું કાંઇ ચિન્હ રહેવા દીધું નથી.

અલેગ્ઝાંડર મ. નિ. ૧૪૦ ઇ. સ. પૂ. ૩૨૭ મે માસમાં હિંદુકુશથી કુચ કરી ૯ મહિને મ. નિ. ૧૪૧—ઇ. સ. પૂ. ૩૨૬ જાન્યુઆરી માસમાં સિંધુ નદી સુધી આવ્યો. અહિં ૧ માસ ગાળી સિંધુ નદી પાર કરી તે તક્ષશિલા થઇ જેલમ આવ્યો અને પોરસ સાથેનું યુદ્ધ પુરું કરી, હાલના પંજાબની છેક ઉત્તરના રસ્તે સિઆલકોટ આગળ થઇ, ગુરદાસપુર જિલ્લાની લગભગમાં વહેતી ગ્રીકોથી ઉચ્ચરાતી હાઇફેસીસ—બીયાસ નદીની જમણી બાજુએ—પશ્ચિમમાં આવી પહોંચ્યો. સિંધુ નદી પાર કરી ત્યારથી અહિં આવતાં સુધીમાં ૭ મહિના લાગ્યા હતા, એટલે કે ફેબ્રુઆરીના છેલ્લા દિવસોમાં સિંધુ પાર કરી સપ્ટેંબરમાં બીયાસ કાંઠે આવ્યો હતો. તેણે આ પછી થોડા જ દિવસમાં પાછાં પગલાં ભર્યાં અને કોઇ જાતના અકસ્માત વગર તે જે રસ્તે આવ્યો હતો તે જ રસ્તે પાછો હઠતો અકીસીનિસ—ચીનાબના કાંઠે આવી પહોંચ્યો, જ્યાં પોતાના કાકા તથા દુશ્મન પોરસ રાજાને અપાતા હદ બહારના માનથી

ગુસ્સે ભરાઈ સામે ફરી બેઠેલા નાના પોરેસને તાબે કરવા અલેગ્ઝાંડરે પાછા મોકલેલા તેના સરદાર હિફેસ્ટિયનને એક કિલ્લેબંધી ગામ બાંધ્યું હતું. પાસેના પ્રદેશમાંથી રાજીખુશીએ આવનાર લોકો અને ચાલુ યુદ્ધમાં નોકરી કરવા અશક્ત એવા પગારદાર સીપાઇઓને હિફેસ્ટિયને બંધાવેલા ગામમાં વસાવ્યા અને નદીઓમાં થઇ મહાસમુદ્ર તરફ સફર કરવાની આ ગ્રીક સમ્રાટે વ્યવસ્થા કરવા માંડી. અહિં એણે અભિસાર (હાલ કાસ્મીર રાજ્યમાં ગણાતા રજૌરી અને ભિંભાર)ના રાજાના તથા ઉરસા (હજારા) ના રાજાના એલચીઓને મુલાકાત આપી તેમની તાબે થવાની માગણી સ્વીકારી અને અભિસારના રાજાને પોતાનો સુબો નીમી તેને ઉરસાના રાજાનો ઉપરી બનાવ્યો. અહિં તેને ગ્રેસથી કેટલીક લશ્કર અને લશ્કરી સરંજામની મદદ મળી હતી.

આ પછી અલેગ્ઝાંડર અહિંથી કુચ કરી હાઇડેસ્પીસ–જેલમના ડાબી તરફના પૂર્વ દિશાના કિનારે આવી પહોંચ્યો. ઓકટોબરની આખર સુધી અહિં સ્થિરતા કરી તેણે નદીઓના નીચેવાડે સફર કરવા જોઈતી સાધનસામગ્રી–વહાણો, તરાપા, નાવડીઓ વિગેરે તૈયાર કરાવ્યાં, તેના લશ્કર જોડે આવેલી વહાણવટુ કરનારી જાતિઓમાંથી ખલાસીઓ પણ ઊભા કર્યા અને સફર શરૂ કરતાં પહેલાં અમલદારો તથા આજુબાજુના પ્રદેશોના રાજાઓનો એક મોટો દરબાર ભર્યો. આ દરબારમાં પોરસને ગ્લોઝાઈ, કથૈઓઈ, વિગેરે સાત જાતિઓથી વસાયલા અને ૨૦૦૦ ગામવાળા જેલમ અને બીયાસ વચ્ચેના જીતાયલા પ્રદેશનો રાજા નીમાયાની જાહેરાત કરાઇ અને તક્ષશિલાનો રાજા અને પોરસ એમનો આપસમાં વિરોધ હતો તે દૂર કરાવી–તેમની વચ્ચે મૈત્રી ઊભી કરી, જેલમ અને સિંધુનદીના વચ્ચેના પ્રદેશ પર તક્ષશિલાના રાજાની સત્તાનો વિધિસર સ્વીકાર કરવામાં આવ્યો.

આ પછી પીઠ અને પાંખોના રક્ષણમાં તથા મૂળ સુધીના પાછળ મુકેલા પ્રદેશના વ્યવહારની અખંડતા રાખવામાં સદાય સાવચેત એવા અલેગ્ઝાંડરે જેલમથી સિંધુ સુધી લંબાતા મીઠાના પહાડોની હારના દુર્ગોના સ્વામી સૌભૂતિની રાજધાની બનતી ઝડપે હાથ કરવા માટે પોતાના સરદાર હિફેસ્ટિયન અને ક્રેટીરોસને મોકલ્યા. જરા પણ સામે થયા વગર સૌભૂતિ તાબે થયો.

મ. નિ. ૧૪૧–ઇ. સ પૂ. ૩૨૬ ઓકટોબરની આખરમાં અલેગ્ઝાંડરના કાફલાએ લંગર ઉપાડી જેલમના નીચેવાડે થઇને આગળ વધવા પ્રયાણ આરંભ્યું, કાફલાના રક્ષણ માટે બન્ને કિનારે સમાંતર કુચ કરતું ૧૨૦૦૦૦ આદમીનું લશ્કર રોકવામાં આવ્યું હતું. નદીને જમણે એટલે પશ્ચિમ કિનારે કુચ કરતું લશ્કર ક્રેટીરોસના હાથ નીચે હતું અને ડાબે એટલે પૂર્વ કિનારે કુચ કરતું બસોં હાથી સહિતનું મોટું લશ્કર હિફેસ્ટિયનની દોરવણી નીચે હતું. સિન્ધુના પશ્ચિમ પ્રદેશના સત્રપ ફિલિપોસને પીઠની રક્ષાનું કાર્ય સોંપ્યું હતું. ત્રણ દિવસ રોકાઈ એ પ્રયાણ કરી ફિલિપોસ લશ્કર સાથે આવી પહોંચ્યો ત્યારે તેને આગળ ચાલવાનો હુકમ અપાયો હતો. આ સ્થળ છોડયા પછી કાફલો પાંચમા દહાડે જેલમ અને ચીનાબનો સંગમ થાય છે ત્યાં આવી પહોંચ્યો. તે વખતના ત્યાં આગળના સાંકડા પટને લઈ ઊઠતી ભમરીઓથી એ કાફલાનાં બે લશ્કરી જહાજો ડુબી ગયાં અને કાફલામાં ભારે અવ્યવસ્થા થઇ ગઈ, પણ પરિશ્રમથી છેવટે એ કાફલાને સહીસલામત રીતે નાંગર્યો અને ત્યાં જોઇતું સમારકામ કરી લીધું. અલેગ્ઝાંડરે પાસેની વસવાટવાળી જાતિઓને તાબે કરવા અહિં નદી કાંઠે લશ્કર ઉતાર્યું. સિબોઈ જાતિ તાબે થઇ ગઇ, પણ અગલઓઈ જાતિ મોટું સંખ્યાબળનું લશ્કર ધરાવતી હોઇ સામે થઇ તેની ભયંકર ખાનાખરાબી કરવામાં આવી. એક ગ્રામે ગ્રીકોથી આચરાતા અસહ્ય જૂલમ સહેવા કરતાં શહેરને સળગાવી બૈરાંછોકરાં સહિત તેમાં બળી મરવાનું વધારે પસંદ કર્યું. નિર્દય રીતે બૈરાંછોકરાંની કતલ અને પશુની જેમ વેચાણ એ, ૨૦૦૦૦ની વસ્તીવાળા એ ગામે પસંદ ન કર્યું.

આ પછી સિકંદર બહુજ ઝડપથી કુચ કરી લશ્કર અને કાફલાને રાવી અને ચીનાબના સંગમ સ્થળે લઇ ગયો અને કાંઠે ઉતરી મોટું લશ્કર ધરાવનારી તથા બહુ જ બલવાન, પણ બરાબર એકત્રિત નહિ થયેલી એવી મલોઇ (માલવ તરીકે કહેવાતી) જાતિ પર તૂટી પડયો. મોટી કતલ થતાં છિન્નભિન્ન થયેલા મલોઇઓ કિલ્લેબંધી શહેરોમાં ભરાયા. મલોઇનાં અનેક કિલ્લેબંધી ગામોનું પતન થયું. અહિંના રહેવાસીઓ અને રાવીના પેલે પાર સુધી પાછા હઠતા મલોઇઓની ભારે કતલ થઇ. મલોઇઓને પાછા ધકેલતો સિકંદર એક કિલ્લાની પાસે પહોંચ્યો અને કોટ પર ચઢી અંદર કૂદી પડયો. પાછળથી એના ત્રણ સાથીઓ પણ અંદર કૂદી પડયા. એક સાથી મરાયો અને સિકંદરને છાતીમાં તીર પેસી જવાથી તે મૂર્છિત થઇ નીચે પડયો. એની રક્ષાની ખાતર એના બીજા બે સાથીઓ લડી રહ્યા હતા ત્યારે કિલ્લાની દીવાલ ઓળંગી તથા દરવાજા તોડી તેનું લશ્કર વખતસર ત્યાં આવી પહોંચતાં તેના પ્રાણ બચી ગયા. શત્રુઓના નાશ કર્યા બાદ તેને તંબુમાં લાવી તેની છાતીમાંથી તીર નિકાળ્યું ત્યારે એટલું બધું વધારે લોહી વહી ગયું કે તેની બચવાની આશા ન રહી, પણ તે આયુષ્યબલથી બચ્યો. અહિંથી સિકંદરને રાવી પર લાવી નાવ મારફતે રાવી અને ચીનાબના સંગમ સ્થાન પરની છાવણીમાં લઇ જવામાં આવ્યો. મલોઇ અને એની પડોશની ઓગ્ઝીડ્રેકાઇ વિગેરે જાતિઓએ અહિં આવી તેની તાબેદારી સ્વીકારી લીધી અને કીંમતી ભેટોના ઢગ તેના ચરણે ધરી દીધા. સિકંદરે ફિલિપોસને એ જાતિઓના પર સુબા તરીકે નીમ્યો અને ત્યાંથી તે આગળ વધતો હાઇફેસીસ (બીયાસ) જ્યાં ચીનાબને (એક રીતે જેલમને) મળે છે તે ત્રીજા સંગમ સ્થળ પર થઇને, જ્યાં ચીનાબ (એક રીતે જેલમ) સિંધુને મળે છે એ ચોથા સંગમ સ્થળ પર આવી પહોંચ્યો. ફિલિપોસના તાબાના પ્રદેશની દક્ષિણ સીમા અહિં સુધી ગણવામાં આવી હતી. એક નગર પણ અહિં વસાવવામાં આવ્યું હતું. પરોપનીસદૈઇ એટલે કાબુલ પ્રાંતનો અમલ નિષ્ફળ નીવડતાં ત્યાંના સુબા ટીરિએસ્પીસના સ્થાને અલેગ્ઝાંડરે એ પ્રાંતમાં પોતાની પત્ની રોગ્ઝાનાના પિતા, બેક્ટ્રિયાના ઉમરાવ ઓગ્ઝીઆર્ટિસને મોકલ્યો. આ પછી તેણે આજુબાજુમાં વસતી કેટલીક જાતિઓને તાબે કરી અથવા તો તે તેને સ્વયં તાબે થઇ ગઇ. એ જાતિઓ એબેસ્ટેનોઇ, ગ્઱ેથ્રોઇ કે ઓગ્ઝેથ્રોઇ, ઓઝેડિઓઇ, મલિ, સબાર્સી અથવા સંબસ્ટાઇ, વિગેરે નામોથી ઓળખાવવામાં આવે છે, પણ ચોક્કસ રીતે તેમનાં નામ અને સ્થાન નક્કી કરી શકાય તેમ નથી. કહે છે કે, સબાર્સી એ પ્રજાસત્તાકતંત્રવાળી બળવાન જાતિ હતી. તેમના લશ્કરમાં ૬૦૦૦૦ પાયદળ, ૬૦૦૦ ઘોડેસ્વાર, ૫૦૦ રથ હોઇ તેની સરદારી ત્રણ પ્રખ્યાત સરદારોના હાથમાં હતી. સિકંદરે અહિં સુધી જમણે અથવા પશ્ચિમ કિનારે કૂચ કરતા ક્રેટીરોસને, તે કિનારા તરફ સગવડ અને ઓછી દૂશ્મનાવટવાળી જાતિઓને લઇ ત્યાંથી ખસેડી હવેથી વધારે હીલચાલને અનુકૂલ ડાબે અથવા પૂર્વ કિનારે બદલ્યો.

બહુધા હાલના સક્કર જિલ્લામાં જેની રાજધાની હતી એવા મૌસિકિનોસ રાજા પર ઓચિંતો છાપો મારવા હવે અહિંથી અલેગ્ઝાંડરે ઝડપી કુચ આરંભી. ઓચિંતા છાપાથી મલોઇજાતિની પેઠે મૌસિકિનોસ ગભરાઇ ગયો અને તેણે હાથીઓ તથા ઉત્તમોત્તમ ભેટો ધરી તાબેદારી સ્વીકારી, પણ પાછળથી બ્રાહ્મણ મન્ત્રિઓની ઉશ્કેરણીથી તેને એ કાર્ય માટે પશ્ચાત્તાપ થતાં તેણે બળવો કર્યો. આ પ્રદેશમાં નીમેલા સુબા પીથને પીછો લઇ મૌસિકિનોસને પકડયો. તેનો તથા તેના બ્રાહ્મણ મન્ત્રિઓનો શિરચ્છેદ કરવામાં આવ્યો, દરમિયાન અલેગ્ઝાંડરે મૌસિકિનોસનાં કેટલાંક ગામોનો નાશ કર્યો, કેટલાંકમાં થાણાં બેસાડયાં. આ વિજય પછી એણે એક ઝડપી ટુકડી લઇ ઓગ્ઝીકેનોસ નામના રાજા પર ચઢાઇ કરી તેને કેદ કર્યો તથા તેનાં બે ગામ કબજે કર્યાં. બીજાં પાસેનાં ગામ પણ સામે થયા સિવાય તાબે થયાં. સિંદીમાનનો રાજા સેંબોસ પણ ભયથી નાશી ગયો હતો તે આવી તાબે થયો. અહિં કોઇ એક ગામના લોકોને બળવો કરવા

ઉશ્કેરનાર બીજા વધારે બ્રાહ્મણોને કતલ કરવામાં આવ્યા હતા. અહિં એવું કહેવાય છે કે, નીચલી સિંધુની આ ચઢાઇ દરમિયાન ૮૦૦૦૦ કેદીઓને મારી નાખવામાં આવ્યા હતા અને ટોળાબંધ લોકોને ગુલામગીરીમાં વેચવામાં આવ્યા હતા.

કહે છે કે, આ સમયે બિકાનેર, ભાવલપુર અને સિંધના રણને જીવન અને ધન અર્પતી હક્રા અથવા વાહિંદા નામની નદી લુપ્ત થયેલી નહોતી. સિંધુ સમેત પંજાબની બધી ય નદીઓ તેમાં ઠલવાઈ જતી હતી અને તેનું નામ 'સિંધના મિહરાન' તરીકે બોલાતું હતું. મને લાગે છે કે, હક્રા નદી આ સમયે વિદ્યમાન નહોતી. તે દોઢસો કરતાં ય વધારે વર્ષ પહેલાં લુપ્ત થઇ ગઇ હતી. સિંધુ–સૌવીરના વીતભયપટ્ટણના રાજા ઉદાયનના સ્વર્ગસ્થ થયા પછી તરત જ એ નદી લુપ્ત થઇ હશે એમ લાગે છે. ધૂળના વરસાદથી એ સમયે જેમ વીતભયપટ્ટણ દટાયું તેમ એ નદી પણ દટાઇને લુપ્ત થઇ હશે, સિવાય કે આ સમયથી પહેલાં પણ તે લુપ્ત થઇ ગઇ હોય.

હવે અહિંથી દક્ષિણમાં સિંધુના દોઆબમાં આવેલા પટલ કે પાતાલ તરફ આગળ કુચ કરવાની હતી. પાતાલનો રાજા અહિં આવ્યો હતો. તેણે અલેગ્ઝાંડરને મળી તેના ચરણે પોતાનું રાજ્ય ધર્યું હતું અને જ્યારે પોતાના રાજ્યમાં અલેગ્ઝાંડર આવે ત્યારે તેની ને તેના લશ્કરની સેવા–સરભરા કરી શકે માટે તે પાછો ચાલ્યો ગયો હતો. આ દરમિયાન અલેગ્ઝાંડરે ક્રેટીરોસને હાથીઓ અને લશ્કરના મોટા ભાગ સાથે કંદહાર અને સીસ્તાનના માર્ગે કરમાનીઆ પહોંચી જવાનો હુકમ કર્યો. ક્રેટીરોસની જગ્યાએ પીથનને નીમ્યો. નદીની પૂર્વ બાજુના પ્રદેશોમાં સત્તા જમાવવાની અને બળવાઓ સમાવી વ્યવસ્થા સાચવવાની કાર્યવાહી બજાવ્યા બાદ તેને પાતાલમાં આવી મળવાનો હુકમ હતો.

અલેગ્ઝાંડર કુચ કરી પાતાલ પહોંચ્યો અને તેણે હિફેસ્ટિયન પાસે ત્યાં એક કિલ્લો બંધાવ્યો અને નજીકમાં કુવા ખોદાવ્યા તથા સિંધુની બે શેરો જુદી પડે છે ત્યાં નાવોના માટે ઘાટ બંધાવ્યો. દરમિયાન તે સિંધુની બન્ને શેરોમાં થઇ દરિયા કિનારા સુધીની વ્યવસ્થા કરી પાછો પાતાલ આવ્યો. બધી વ્યવસ્થા કરી નાખ્યા બાદ હવે તેણે જેલમથી અહિં સુધી ૧૦ માસ પર્યન્ત નૌકા કાફલાની દોરવણી કરનાર નિઆર્કોસને દરિયાના કિનારે કિનારે ઇરાની અખાતમાં યુફ્રેટિસ નદીના મુખ સુધી આવવાની અને મુસાફરીનાં અવલોકનો નોંધવા કાળજી રાખવાની સૂચના કરી, અને પોતે હાલમાં મકરાન નામથી તથા તે વખતે ગેડ્રોઝિયા નામથી ઓળખાતા જંગલી મુલકમાં થઇ ઇરાન તરફ ચાલ્યા જવા મ. નિ. ૧૪૨–ઇ. સ. પૂ. ૩૨૫ ઓક્ટોબરની શરૂઆતમાં પોતાની કુચ શરૂ કરી. હવામાન અનુકૂલ ન હોવાથી નિઆર્કોસને એક બારામાં કેટલાક દિવસ રોકાવું પડ્યું હતું. એ બારાનું, અલેગ્ઝાંડરનું સ્વર્ગ' એવું નામ રાખવામાં આવ્યું હતું. નિઆર્કોસની દરિયાઇ સફર અને અલેગ્ઝાંડરની જમીન પરની કુચ લગભગ સમાંતર થાય એવી વ્યવસ્થા હતી. મુશીબતોનો ભારે સામનો કરતાં અને કષ્ટ ઉઠાવતાં બન્ને દળો આગળ વધ્યાં. અનુક્રમે ગેડ્રોઝિયામાં થઇ અલેગ્ઝાંડર કરમાનીયામાં પહોંચ્યો ત્યાં તેને ખબર મળી કે, સિંધુ અને જેલમના સંગમથી ઉપરવાડેના પ્રદેશમાં નીમાયેલા પોતાના સુબા ફિલિપોસનું તેના પગારદાર સીપાઇઓના હાથે દગાથી ખુન થયું છે. આથી ચિંતાતુર થયેલા તેણે તક્ષશિલાના રાજા આંભિ અને એક થ્રેસ ટુકડીના સરદાર યુડીમોસ પર એક પત્ર લખી, ફિલિપોસના તાબાના પ્રદેશ પર નવો સુબો ન નીમાય ત્યાં સુધી તે પ્રદેશનો વહીવટ તેમણે સંભાળવો એમ જણાવી સંતોષ માન્યો.

અહિંથી એટલે કરમાનીઆથી કુચ કરી અલેગ્ઝાંડર એપ્રીલ–મેના વચલા દિવસોમાં 'સુસા'એ

આવી પહોંચ્યો. નૌકાધ્યક્ષ નિઆર્કોસ પણ અહિં તેને આવી મળ્યો. મ. નિ. ૧૪૨–ઇ. સ. પૂ. ૩૨૫ ના ઓકટોંબરથી મ. નિ. ૧૪૩—ઇ. સ. પૂ. ૩૨૪ ના એપ્રીલની આખર સુધીની અલેગ્ઝાંડરની આ સિંધુના દોઆબથી સુસા સુધીની કુચ બરાબર સાત મહિનાની હતી. આ પછી એ ગ્રીક બાદશાહ ૧૩ મહિનાથી કાંઇક દિવસ અધિક જીવી મ. નિ. ૧૪૪-ઇ. સ. પૂ. ૩૨૩ ના જૂનમાં પોતાની ૩૩ વર્ષની ઉમ્મરમાં બેબિલોન આગળ મૃત્યુ પામ્યો, અને તેથી તેના સર્વ કર્યા કારવ્યામાં ગરબડ મચી ગઇ. તેના સરદારોએ મકદુનિયા, ઇજિપ્ત અને સીરિયા એમ ત્રણ વિભાગથી મેસિડોનિયાના સામ્રાજ્યને વહેંચી લીધું, સેલ્યુકસ નિકેટરના ભાગમાં સીરિયા આવ્યું, જેમાં પશ્ચિમ એશિયાના ગ્રીક પ્રદેશોનો સમાવેશ થતો હતો. પશ્ચિમ એશિઆની સર્વોપરી સત્તામાં સેલ્યુકસનો પ્રતિસ્પર્ધી એન્ટિગોનસ નામનો એક અલેગ્ઝાંડરનો સરદાર હતો. તેણે પોતાના પ્રતિપક્ષી સેલ્યુક્સને દેશમાંથી ભાગી જવાની ફરજ પાડી હતી; પણ ૩ વર્ષ પછી એટલે મ. નિ. ૧૫૫—ઇ. સ. પૂ. ૩૧૨ માં સેલ્યુકસે બેબીલોનનો કબજો મેળવી લીધો અને તે ત્યાં સ્થિર થયો. આ પછી તેણે રાજપદ ધારણ કરી સિલ્યુકેડી વંશની સ્થાપના કરી. ભારતમાંથી ગ્રીક સત્તા કયારની ય ફગાવી દેવાઇ હતી તેને ફરીથી સ્થાપવાનો તેનો ઇરાદો હતો તેથી તેણે વારંવાર ભારતના વાયવ્ય પ્રદેશ પર હુમલા કરવા માંડયા હતા. તેણે ગંગાનાં મેદાનો સુધી કે કયાં સુધી પગ મેલ્યો હતો એની કોઇ પ્રામાણિક માહિતી મળતી નથી, પણ એટલું ચોક્કસ છે કે, આશરે મ. નિ. ૧૬૨—ઇ. સ. પૂ. ૩૦૫ માં ભારત પર કરેલી ચઢાઇમાં તેને ચંદ્રગુપ્ત મૌર્યના હાથે સખ્ત હાર પામી સંધિ કરવાની ફરજ પડી હતી. એણે પોતાની પુત્રી ચંદ્રગુપ્તને પરણાવી અને હિંદુકુશ તથા ઇરાનની આ પાર સુધીનો લગભગ બધો ય પ્રદેશ તેને આપી દીધો, કે જે હકીકત ચંદ્રગુપ્ત મૌર્યના આલેખનમાં જણાવાઈ છે. એ સંધિ મ. નિ. ૧૬૪—ઇ. સ. પૂ. ૩૦૩માં થઇ હતી.

એમ કહેવામાં આવે છે કે, અલેકઝાંડરના મૃત્યુ બાદ થોડા જ મહિનાઓમાં એટલે મ. નિ. ૧૪૫—ઇ. સ. પૂ. ૩૨૨ ની શરૂઆતમાં, યુડીમોસ જેને વળગી રહ્યો હતો તે પ્રદેશાંશ સિવાય, ભારતમાંથી ગ્રીક સત્તાનો અંત આવ્યો હતો. પરદેશીઓની જડ ઉખેડી નાખવા કરાયલા બળવાનો નેતા ચન્દ્રગુપ્ત મૌર્ય હતો, કે જેને ગ્રીક લેખકો 'સેંડ્રોકોટસ' તરીકે ઉચ્ચારે છે અને જે મ. નિ. ૧૪૧ કે ૧૪૨—ઇ. સ. પૂ. ૩૨૬ કે ૩૨૫ માં અલેગ્ઝાંડર જ્યારે પંજાબ કે સિંધમાં હતો ત્યારે તેના સમાગમમાં આવ્યો હતો, એમ તે લેખકો લખે છે. ચાણકયની સાથે ફરતા ચન્દ્રગુપ્તે બીયાસના તટ પર અલેગ્ઝાંડરની મુલાકાત લીધી હોય એ સંભવિત છે, પણ તેણે કહેવામાં આવે છે એ સમયે એક નેતા તરીકે કોઇ બળવામાં ભાગ લીધો હોય એ બનવાજોગ નથી. "મ. નિ. ૧૪૬—ઇ. સ. પૂ. ૩૨૧ માં ટ્રિપેરેડિસોસ મુકામે ગ્રીક સામ્રાજ્યના બીજી વાર ભાગલા પડયા ત્યારે, એન્ટિપેટરે સિંધુની ખીણ તથા પંજાબ દેશી રાજા પોરસ અને આંભિને હવાલે કર્યાં હતા અને સિંધુના દોઆબમાં નીમેલા સુબા પિથન (પિથોન)ને સિંધુ નદીની પશ્ચિમે એરેકોઝિયા જેવા મુલકોમાં ફેરબદલ કર્યો હતો. ફક્ત યુડીમોસને કાંઇક અધિકાર સાથે સિંધુની ખીણમાં રહેવા દીધો હતો અથવા યુડીમોસ પોતે ગમે તે રીતે ત્યાં મ. નિ. ૧૫૦—ઇ. સ. પૂ. ૩૧૭ સુધી પોતાની કાંઇક સત્તા રાખી રહ્યો હતો. એણે દગો દઇ પોરસનું ખૂન કર્યું હતું, કે જે પોરસને સિકંદરે પંજાબમાં લગભગ સ્વતંત્ર જ રાખ્યો હતો અને જેની સાથે રહી કામ કરવાની સત્તા તક્ષશિલાના રાજા આંભિને આપી હતી. આ યુડીમોસ મ. નિ. ૧૫૦ ઇ. સ. પૂ. ૩૧૭ સુધી ટકી રહી પછી દગાથી મારેલા પોરસ પાસેથી કદાચ મેળવેલા ૧૨૦ હાથી, અને અન્ય લશ્કર સાથે એન્ટિગોનોસ સામે યુમિનિસની મદદે ચાલ્યો ગયો હતો." ગ્રીક લેખકોના આવા પ્રકારના ઉલ્લેખો

પરથી એમ સમજાય છે કે, અલેગ્ઝાંડરના મૃત્યુ બાદ થોડા જ મહિનાઓમાં સિન્ધુના પૂર્વ પ્રદેશોમાં સહીસલામત રીતે ગ્રીક સત્તાને ટકાવી રાખવાનું કાર્ય મુશ્કેલ બન્યું હતું. સિંધુના દોઆબથી ઠેઠ ફિલિપોસને સોંપેલા પ્રદેશ સુધીની અલેગ્ઝાંડરથી જીતાયલી દેશી જાતિઓ અને તેમના સરદારો કે રાજાઓ તરફથી ઊંડી વૈરવૃત્તિને લઇ ગ્રીક સત્તાને ઉખેડી નાખવાના થતા પ્રયત્નને જ કારણે, એન્ટિપેટરે ગ્રીક સામ્રાજ્યના ભાગલાની વ્યવસ્થામાં હિંદના પ્રદેશોને જતા કરવા જેવી બેદરકારી બતાવી છે. કદાચ, આ સમયે સિંધુ અને પંજાબની નદીઓના સંગમની નીચેના પ્રદેશે ગ્રીક સત્તાને ફેંકી દીધી પણ હશે. એ સંગમના ઉત્તર પ્રદેશોમાં સર્વથા સ્વતંત્ર જેવા જ પોરસ ને આંભિ રાજ્ય કરી રહ્યા હતા. તેમના પર યુડીમોસનું–ગ્રીક સરદારનું પ્રતિનિધિત્વ કે દેખરેખ નામની જ હતી, એટલે અહિં પણ ગ્રીક સત્તા લગભગ સમાપ્ત જ થઈ ચુકી હતી. આવી સ્થિતિમાં એટલે કે પોરસ ને આંભિના હાથ નીચે બીયાસથી સિંધુની ખીણ સુધી રહેલો પંજાબ હોય તો પછી આ પ્રદેશમાં બળવો જાગે અને તેનો નેતા ચંદ્રગુપ્ત મૌર્ય હોય એ અસંભવિત છે. સંભવિત વાત તો એ હોઈ શકે કે, યુડીમોસે પોતાની સત્તા વધારવાના માટે પોરસનું ખૂન કરતાં ગ્રીકોની સામે ઉશ્કેરાયલી દેશી જાતિઓએ અને તેમના સરદારોએ તકને શોધતા ચંદ્રગુપ્તના નેતૃત્વ નીચે મ. નિ. ૧૫૦–ઇ. સ. પૂ. ૩૧૭ માં એક મોટું બંડ જગાવી ગ્રીકોને સિન્ધુના પૂર્વમાંથી સર્વથા નિર્મૂળ કર્યા હોય. જો કે આ હકીકતનું સમર્થન ચંદ્રગુપ્ત વિષે આલેખતા ભારતીય સાહિત્યથી લેશ પણ કરાતું નથી; પણ ચાણકયે પાર્વતીય રાજાની મદદ ઉપરાંત, મગધ સામ્રાજ્યને હસ્તગત કરવા પંજાબના સત્તાધીશ તરીકેનું ચંદ્રગુપ્તનું બળ વધારવા પ્રયત્ન કર્યો હોય અને તેમાં તેણે સફળતા મેળવી હોય તો કાંઇ નવાઇ નથી. આ સ્થળે મારે કહેવું જોઇએ કે, જે મહાશય મી. સ્મીથ જેવાના ઉલ્લેખોના આધારે હું આ લખી રહ્યો છું, તેમનાં સંશોધનોના મૂળભૂત પાયા અસ્તવ્યસ્ત, સંદિગ્ધ અને અવિશ્વસનીય પણ હોવા સંભવ છે. આપણી દૃષ્ટિએ અલેગ્ઝાંડરની ચઢાઇનું વૃત્તાંત એકતરફી છે. મૂળ લેખકોએ તેમાં ઊજળી બાજુ દર્શાવી હશે કે અતિશયોક્તિ કરી હશે એ સમજવું મુશ્કેલ છે, પણ તે એક બની ગયેલી બીના છે એમાં કાંઇ શક નથી.

હાલનો સરહદ પ્રાંત, બીયાસથી જમણી તરફનો પંજાબ અને ઘણેખરો સિંધ, એ પ્રદેશોમાં લોહી અને આંસુની નદીઓ વહેવડાવનાર, તેનું સર્વસ્વ લૂંટનાર અને નાશ કરનાર તથા સદાની લૂંટ કાયમ રાખવા ભયપૂર્વક સત્તા સ્થાપી ટકાવી રાખવાની ઈચ્છા ધરાવનાર એક મહાન લૂંટારા વિષે ભારતીય લેખકોએ કાં તો કાંઇ પણ લખ્યું નથી અથવા લખ્યું હોય તો તે કાળના મોટા પ્રવાહમાં સચવાઇ રહેવા પામ્યું નથી. સંશોધકો કહે છે કે, "ભારતમાંથી અલેગ્ઝાંડરનાં પગલાં થોડાંક વર્ષોમાં જ ભુંસાવા માંડયાં હતાં. આજે એમાંનું કાંઇ પણ નિશાની રૂપે જોવા પામીએ તેમ નથી."

( ૨ )

સીરિયાના બાદશાહ સેલ્યુકસ નિકેટરે મ. નિ. ૧૬૪–ઇ. સ. પૂ. ૩૦૩ માં થયેલી સંધિ મુજબ વાયવ્ય હિંદમાં સિંધુની પેલી પાર, જે મુલક મગધ સમ્રાટ્ ચંદ્રગુપ્ત મૌર્યને આપ્યો હતો તેના પર મૌર્ય રાજાઓની લગભગ ૯૭ વર્ષ સુધી એક સરખી બિન ઉપદ્રવી સત્તા રહી. સેલ્યુકસ નિકેટર મ. નિ. ૧૮૭–ઇ. સ. પૂ. ૨૮૦માં મૃત્યુ પામ્યો. તેના પછી સીરિયાની ગાદીએ એન્ટિઓકસ (એન્ટિઓચસ) આવ્યો. 'સોટર' તરીકે ઓળખાવાતા, બિન્દુસારને અંજીરાદિ મોકલનાર એનો રાજઅમલ મ. નિ. ૧૮૭ થી ૨૦૬–ઇ. સ. ૨૮૦ થી ૨૬૧ સુધી હતો. આ પછી 'થીઓસ' તરીકે ઓળખાવાતો એન્ટિઓકસ બીજો સીરિયાના તખ્તે આવ્યો.

ખજાનો તથા અસંખ્ય હાથી આપવાની ફરજ પાડી." લડાઇનો દંડ ઉઘરાવવાનું કામ પોતાના સરદારને સોંપી તે અહિંથી પોતાના મુખ્ય લશ્કર સાથે એરેકોઝિયા, ડ્રેન્જિઆના થઈ કર્માનીઆ ચાલ્યો ગયો હતો. એના રાજત્વકાલનાં છેલ્લાં વર્ષોમાં રોમનલોકોએ મેસિડોનીઅન સત્તાની સાથે યુદ્ધ આરંભી મ. નિ. ૨૯૯–ઇ. સ. પૂ. ૧૬૮ સુધીમાં તેને ધુળભેગી કરી દીધી હતી. આ સમયની લગભગમાં રોમન સામ્રાજ્યની હદ યુફ્રેટીસ નદી પર્યન્ત પહોંચી હતી અને સિલ્યુકિડી સામ્રાજ્યમાંથી નીકળી જઈ પશ્ચિમ ઇરાનનો પ્રદેશ પાર્થિયન સામ્રાજ્ય તરીકે બની ગયો હતો. મિથ્રોડેટસ (મિથ્રિડેટિસ)ના રાજત્વકાલમાં આ ઘટનાઓ બની હોય એમ લાગે છે. અર્સેક્સ નામના ચાર રાજાઓનો રાજત્વકાલ મ. નિ. ૨૧૭ થી ૨૮૬–ઇ. સ. પૂ. ૨૫૦થી ૧૮૧ સુધી ૬૯ વર્ષ હતો. તે પછી ફ્રેટસ પહેલાએ મ. નિ. ૨૮૬ થી ૨૯૩ (૨૯૬)—ઇ. સ. પૂ. ૧૮૧–૧૭૪ (૧૭૧) સુધી ૭ કે ૧૦ વર્ષ રાજ્ય કર્યું અને પછી મ. નિ. ૩૩૧–ઇ. સ પૂ. ૧૩૬ સુધી ૩૮ કે ૩૫ વર્ષના રાજત્વકાલવાળો ઉપરોક્ત મિથ્રોડેટસ આવ્યો હતો, કે જે છઠ્ઠો આરસેકસ અને મિથ્રોડેટસ નામવાળા રાજાઓમાં પહેલો હતો. આ પાર્થિયન રાજા ગાદીએ આવ્યો તેની પૂર્વે કેટલાં ય વર્ષોથી બેક્ટ્રિયન રાજા ડિમેટ્રીયસ ભારત પર ચઢાઇઓ કરી રહ્યો હતો. તેણે મ. નિ. ૨૭૭ થી ૨૯૨—ઇ. સ. પૂ. ૧૯૦ થી ૧૭૫ સુધીમાં કાબુલ, પંજાબ અને સિંધ પર પોતાની સત્તા સ્થાપી દીધી હતી. તે જ્યારે હિંદ પરની ચઢાઇઓમાં ગુંથાયો હતો ત્યારે બેક્ટ્રિયા પરની તેની પકડ શિથિલ થતાં યુક્રેટાઇડિસ નામના એક શખ્સે સફળ બળવો કરતાં તેને બેક્ટ્રિયા ગુમાવવું પડ્યું. યુક્રેટાઇડિસ બેક્ટ્રિયાનો સ્વામી થયો અને ડિમેટ્રીયસ તાબે કરેલા ભારતના પ્રદેશોનો રાજા રહ્યો. કદાચ એની રાજધાની સાકલમાં (સીઆલકોટમાં) હોય. યુક્રેટાઇડિસે ડિમેટ્રીયસના ભારતના રાજ્ય પર પણ ચઢાઇ કરી અને મ. નિ. ૩૦૭ થી ૩૧૨—ઇ. સ. પૂ. ૧૬૦ થી ૧૫૫ સુધીના સમયમાં તેણે હિંદને પણ પોતાના કબજે કર્યું હતું, પણ મહાપ્રયત્નથી મેળવેલી એની એ જીતો ટુંક મુદતની જ નીવડી. ડિમેટ્રીયસ સામે વિજયવંત કારકીર્દી ભોગવનાર એ રાજાને એના પુત્ર એપોલોડોટસે જ ઘર તરફ પાછા ફરતાં રસ્તામાં મારી નાખ્યો હતો. યુક્રેટાઇડિસનું મૃત્યુ તેના પુત્ર હેલિઓકલેસ દ્વારા થયું હતું એમ મી. રૌલિનસનનું મતાંતર છે. એપોલોડોટસના સિક્કાઓ એવા મળી આવે છે કે જેના પર યુક્રેટાઇડિસે પોતાની છાપ મારી છે. આ પરથી નક્કી થાય છે કે, એપોલોડોટસ યુથીડિમોસ શાખાનો હતો અને તેના હાથમાંથી કાબુલ–કંદહાર-યુક્રેટાઇડિસે લઇ લીધાં હતાં. આ એપોલોડોટસ બીજાએ યુક્રેટાઇડિસનું ખૂન કર્યું હોવું જોઇએ અને એના કરેલા એ ખૂનનું વૈર વાળવા યુક્રેટાઇડિસ પછી બેક્ટ્રિયાની ગાદીએ આવેલા તેના પુત્ર હેલિઓકલેસે એનું–એપોલોડોટસનું ખૂન કરેલું હોવું જોઇએ. આ એપોલોડોટસ પછી કાબુલ–કંદહાર પર મીનેન્ડર આવ્યો હતો. એના રાજ્યની શરૂઆત મ. નિ. ૩૦૭—ઇ. સ. પૂ. ૧૬૦ થી થઈ હતી અને તેનું મૃત્યુ મ. નિ. ૩૨૭—ઇ. સ. પૂ. ૧૪૦ માં થયું હતું. એનું જન્મસ્થાન અલસંદ (અલેગ્ઝાંડ્રિયા) હતું. મી. સ્મીથને એ યુક્રેટાઇડિસના કુટુંબનો લાગે છે, પણ યુથીડિમોસના કુટુંબનો એ હતો એવી અન્યોની માન્યતા છે. સંભવ છે કે, તે ડિમેટ્રિયસનો સરદાર હોઈ એનો અને એપોલોડોટસ (૨)નો નજીકનો સગો હશે. એના રાજ્યની શરૂઆતથી લઈ અંત સુધીમાં બેક્ટ્રિયામાં હેલિઓકલસ અને ઇરાનમાં મિથ્રોડેટસ (૧) રાજાઓ હતા. વીર અને વિદ્વાન ગણાતા મીનેન્ડરે એ તરફ લક્ષ્ય ન આપતાં ભારતને જીતવા તરફ જ પ્રયત્ન કર્યો. મ. નિ. ૩૧૨—ઇ. સ. પૂ. ૧૫૫ થી પૂર્વની નજીકના સમયમાં મીનેન્ડરે ભારત પર ચઢાઈ કરી ડિમેટ્રિયસના પ્રાંતો પર કાબુ મેળવી લીધો અને પછી સિંધુનો દોઆબ, કચ્છ, સૌરાષ્ટ્ર અને રાજપૂતાના પણ જીતી લીધાં. મથુરા (સુરસેન) પરના હલ્લામાં ડિમેટ્રિયસને સફળતા નહિ મળી હતી એમ લાગે છે, પણ તેની પછી ત્યાં આક્રમણ લઇ જનાર આ મીનેન્ડરે મથુરા નગરીને જીતી લીધી હતી અને તે ઠેઠ પાટલીપુત્ર સુધીના પ્રદેશને ભયજનક થઇ પડયો

ખજાનો તથા અસંખ્ય હાથી આપવાની ફરજ પાડી." લડાઇનો દંડ ઉઘરાવવાનું કામ પોતાના સરદારને સોંપી તે અહિંથી પોતાના મુખ્ય લશ્કર સાથે એરેકોઝિયા, ડ્રેન્જિઆના થઈ કર્માનીઆ ચાલ્યો ગયો હતો. એના રાજત્વકાલનાં છેલ્લાં વર્ષોમાં રોમનલોકોએ મેસિડોનીઅન સત્તાની સાથે યુદ્ધ આરંભી મ. નિ. ૨૯૯–ઇ. સ. પૂ. ૧૬૮ સુધીમાં તેને ધુળભેગી કરી દીધી હતી. આ સમયની લગભગમાં રોમન સામ્રાજ્યની હદ યુફ્રેટીસ નદી પર્યન્ત પહોંચી હતી અને સિલ્યુકિડી સામ્રાજ્યમાંથી નીકળી જઈ પશ્ચિમ ઇરાનનો પ્રદેશ પાર્થિયન સામ્રાજ્ય તરીકે બની ગયો હતો. મિથ્રોડેટસ (મિથ્રિડેટિસ)ના રાજત્વકાલમાં આ ઘટનાઓ બની હોય એમ લાગે છે. અર્સેક્સ નામના ચાર રાજાઓનો રાજત્વકાલ મ. નિ. ૨૧૭ થી ૨૮૬–ઇ. સ. પૂ. ૨૫૦થી ૧૮૧ સુધી ૬૯ વર્ષ હતો. તે પછી ફ્રેટસ પહેલાએ મ. નિ. ૨૮૬ થી ૨૯૩ (૨૯૬)—ઇ. સ. પૂ. ૧૮૧–૧૭૪ (૧૭૧) સુધી ૭ કે ૧૦ વર્ષ રાજ્ય કર્યું અને પછી મ. નિ. ૩૩૧–ઇ. સ પૂ. ૧૩૬ સુધી ૩૮ કે ૩૫ વર્ષના રાજત્વકાલવાળો ઉપરોક્ત મિથ્રોડેટસ આવ્યો હતો, કે જે છઠ્ઠો આરસેકસ અને મિથ્રોડેટસ નામવાળા રાજાઓમાં પહેલો હતો. આ પાર્થિયન રાજા ગાદીએ આવ્યો તેની પૂર્વે કેટલાં ય વર્ષોથી બેક્ટ્રિયન રાજા ડિમેટ્રીયસ ભારત પર ચઢાઇઓ કરી રહ્યો હતો. તેણે મ. નિ. ૨૭૭ થી ૨૯૨—ઇ. સ. પૂ. ૧૯૦ થી ૧૭૫ સુધીમાં કાબુલ, પંજાબ અને સિંધ પર પોતાની સત્તા સ્થાપી દીધી હતી. તે જ્યારે હિંદ પરની ચઢાઇઓમાં ગુંથાયો હતો ત્યારે બેક્ટ્રિયા પરની તેની પકડ શિથિલ થતાં યુક્રેટાઇડિસ નામના એક શખ્સે સફળ બળવો કરતાં તેને બેક્ટ્રિયા ગુમાવવું પડ્યું. યુક્રેટાઇડિસ બેક્ટ્રિયાનો સ્વામી થયો અને ડિમેટ્રીયસ તાબે કરેલા ભારતના પ્રદેશોનો રાજા રહ્યો. કદાચ એની રાજધાની સાકલમાં (સીઆલકોટમાં) હોય. યુક્રેટાઇડિસે ડિમેટ્રીયસના ભારતના રાજ્ય પર પણ ચઢાઇ કરી અને મ. નિ. ૩૦૭ થી ૩૧૨—ઇ. સ. પૂ. ૧૬૦ થી ૧૫૫ સુધીના સમયમાં તેણે હિંદને પણ પોતાના કબજે કર્યું હતું, પણ મહાપ્રયત્નથી મેળવેલી એની એ જીતો ટુંક મુદ્દતની જ નીવડી. ડિમેટ્રીયસ સામે વિજયવંત કારકીર્દી ભોગવનાર એ રાજાને એના પુત્ર એપોલોડોટસે જ ઘર તરફ પાછા ફરતાં રસ્તામાં મારી નાખ્યો હતો. યુક્રેટાઇડિસનું મૃત્યુ તેના પુત્ર હેલિઓક્લેસ દ્વારા થયું હતું એમ મી. રૌલિનસનનું મતાંતર છે. એપોલોડોટસના સિક્કાઓ એવા મળી આવે છે કે જેના પર યુક્રેટાઇડિસે પોતાની છાપ મારી છે. આ પરથી નકી થાય છે કે, એપોલો-ડોટસ યુથીડિમોસ શાખાનો હતો અને તેના હાથમાંથી કાબુલ-કંદહાર-યુક્રેટાઇડિસે લઇ લીધાં હતાં. આ એપોલોડોટસ બીજાએ યુક્રેટાઇડિસનું ખૂન કર્યું હોવું જોઇએ અને એના કરેલા એ ખૂનનું વૈર વાળવા યુક્રેટાઇડિસ પછી બેક્ટ્રિયાની ગાદીએ આવેલા તેના પુત્ર હેલિઓક્લેસે એનું–એપોલોડોટસનું ખૂન કરેલું હોવું જોઇએ. આ એપોલોડોટસ પછી કાબુલ-કંદહાર પર મીનેન્ડર આવ્યો હતો. એના રાજ્યની શરૂઆત મ. નિ. ૩૦૭—ઇ. સ. પૂ. ૧૬૦ થી થઈ હતી અને તેનું મૃત્યુ મ. નિ. ૩૨૭—ઇ. સ. પૂ. ૧૪૦માં થયું હતું. એનું જન્મસ્થાન અલસંદ (અલેગ્ઝાંડ્રિયા) હતું. મી. સ્મીથને એ યુક્રેટાઇડિસના કુટુંબનો લાગે છે, પણ યુથીડિમોસના કુટુંબનો એ હતો એવી અન્યોની માન્યતા છે. સંભવ છે કે, તે ડિમેટ્રિયસનો સરદાર હોઈ એનો અને એપોલોડોટસ (૨)નો નજીકનો સગો હશે. એના રાજ્યની શરૂઆતથી લઈ અંત સુધીમાં બેક્ટ્રિયામાં હેલિઓક્લેસ અને ઇરાનમાં મિથ્રોડેટસ (૧) રાજાઓ હતા. વીર અને વિદ્વાન ગણાતા મીનેન્ડરે એ તરફ લક્ષ્ય ન આપતાં ભારતને જીતવા તરફ જ પ્રયત્ન કર્યો. મ. નિ. ૩૧૨—ઇ. સ. પૂ. ૧૫૫ થી પૂર્વની નજીકના સમયમાં મીનેન્ડરે ભારત પર ચઢાઈ કરી ડિમેટ્રિયસના પ્રાંતો પર કાબુ મેળવી લીધો અને પછી સિંધુનો દોઆબ, કચ્છ, સૌરાષ્ટ્ર અને રાજપૂતાના પણ જીતી લીધાં. મથુરા (સુરસેન) પરના હલ્લામાં ડિમેટ્રિયસને સફળતા નહિ મળી હતી એમ લાગે છે, પણ તેની પછી ત્યાં આક્રમણ લઇ જનાર આ મીનેન્ડરે મથુરા નગરીને જીતી લીધી હતી અને તે ઠેઠ પાટલીપુત્ર સુધીના પ્રદેશને ભયજનક થઇ પડયો

હતો. રાજપુતાનામાં અને ઉત્તર હિંદમાં આગળ વધતાં તેનાં લશ્કરોએ, વ્યાકરણ ભાષ્યકાર પતંજલી કહે છે તેમ, રાજપુતાનામાં ચિતોડ પાસે આવેલી નગરી–પ્રાચીનકાલની મધ્યમિકાને અને સાકેત (અયોધ્યા)ને ઘેરો ઘાલ્યો હતો. પરિણામે મીનેન્ડર અને શુંગ રાજાઓ વચ્ચે ઘોર સંગ્રામ થયો હતો અને મીનેન્ડરને મગધ તરફ આગળ વધતાં અટકાવાયો હતો. આ પછી તે બેક્ટ્રિયન રાજા હિંદમાંની રાજધાની સાકલ (સીઆલકોટ)થી કાબુલ ચાલ્યો ગયો હતો. એણે ભારતમાં બે ત્રણ વર્ષ ગાળ્યાં હતાં. મ. નિ. ૩૧૪—ઈ. સ. પૂ. ૧૫૩ ની આખરમાં તે કાબુલના અંગે વારંવાર ઉપસ્થિત થતા ભયોને પહોંચી વળવા ભારત છોડી ગયો–તેને છોડવાની ફરજ પડી, ત્યારે તેણે પોતે તાબે કરેલા પ્રદેશો પર સુબાઓ નીમ્યા હતા. તેમાંનો એક સુબો 'ભૂમક' હોવાની સંભાવના છે. ભૂમક એ 'ક્ષહરાટ' જાતિનો હતો. મધ્યમિકાને ઘેરો ઘાલનાર આ જ સરદાર–છત્રપ હોવો જોઇએ અને એ નગરી લીધા બાદ મીનેન્ડરે તેને સિંધ, કચ્છ, સોરઠ અને રાજપુતાનામાંના કેટલાક ભાગનો છત્રપ–સુબો નીમેલો હોવો જોઇએ. એ ડિમેટ્રિયસનો સરદાર હોઈ તેની સાથે હિંદ આવ્યો હશે અને સિંધને જીત્યા બાદ ત્યાંનો છત્રપ–સુબો નીમાયો હશે, પણ પાછળથી મીનેન્ડરની સત્તા તળે આવી તેની સૂબાગીરી કરતો હશે એમ અનુમાન થાય છે. તેણે રાજાનો ઇલ્કાબ ધારણ કર્યો નથી. તે ઠેઠ સુધી છત્રપ કે મહાછત્રપ જ રહ્યો છે. આશરે મ. નિ. ૩૨૭—ઈ. સ. પૂ. ૧૪૦ માં મીનેન્ડરના મૃત્યુ બાદ આ ભૂમક મીનેડર પછી આવનારા સ્ટ્રેટોને તાબેદાર હશે પણ એ તાબેદારી નામની જ હોવા સંભવ છે.

મધ્યમિકામાં સુબા (છત્રપ–ક્ષત્રપ) તરીકે જેમ ભૂમક નીમાયો હતો, તેમ મથુરામાં રાજુવુલ અને તક્ષશિલામાં 'જીઓનિસિઅસ' નીમાયા હતા. રાજુવુલ કે રંજુવુલ છત્રપ તો કોઈ જગાએ મહાછત્રપ પણ લખાયો છે. તેના પુત્ર ષોડાસના લેખમાં ૪૨ નો અંક છે, તે મ. નિ. ૩૦૭—ઈ. સ. પૂ. ૧૬૦ થી શરૂ થયેલો મીનેન્ડર સંવત હોવા સંભવ છે; એટલે એ લેખ મ. નિ. ૩૪૯—ઈ. સ. પૂ. ૧૧૮ માં લખાયો હશે. આ ષોડાસનો રાજત્વકાલ આથી થોડાંક વર્ષ પહેલાં શરૂ થયેલો હોઇ, મ. નિ. ૩૭૨–ઈ. સ. પૂ. ૯૫ સુધી રહ્યો હતો. તક્ષશિલામાં જીઓનિસિઅસ પહેલાં 'એન્ટિઆલ્કિડસ' હતો. યુક્રેટાઇડિસના સમકાલિન એ રાજાને ડિમેટ્રિયસે નીમ્યો હોવો જોઇએ. એણે પોતાના અમલના ૧૪ મા વર્ષે બેસનગરના શાસકની પાસે તક્ષશિલા નિવાસી–દિયકે પુત્ર–હેલિઓદોરને રાજદૂત તરીકે મોકલ્યો હતો, એમ ભિલસા નજીકના બેસનગર સ્થાનમાંથી મળી આવેલો, હેલિઓદોરે બનાવેલા વિષ્ણુના ગરુડધ્વજ સ્તંભ પરનો લેખ કહી રહ્યો છે. આ લેખમાં એ દૂત પોતાને યોન–બેક્ટ્રિયન રાજદૂત તરીકે જણાવે છે. આ પરથી અનુમાન થાય છે કે, ડિમેટ્રિયસે યુક્રેટાઇડિસના સમકાલીન મનાના એ એન્ટિઆલ્કિડસને તક્ષશિલાનો સુબો નીમ્યો હશે, પણ ડિમેટ્રિયસની પછી જ્યારે મીનેન્ડરે કાબુલમાં રાજપદ ધારણ કર્યું ત્યારે ડિમેટ્રિયસના કુટુંબના આ સુબાએ પણ પોતાને રાજા તરીકે મનાવવા માંડયું હશે. આ હિસાબે બેસનગરના સ્તંભલેખનો સમય મ. નિ. ૩૨૧—ઈ. સ. પૂ. ૧૪૬ માં આવે, પણ મી. સ્મીથ આ લેખનો સમય મ. નિ. ૩૨૭ થી ૩૩૭—ઈ. સ. પૂ. ૧૪૦ થી ૧૩૦ વચ્ચેનો અનુમાન કરે છે. મીનેન્ડરે રાજપદ ધારણ કર્યું ત્યારે નહિ પણ જ્યારે તેણે મ. નિ. ૩૧૪—ઈ. સ. પૂ. ૧૫૩ ની આખરે હિંદ છોડયું તે વખતે કદાચ એન્ટિઆલ્કિડસે પોતાને રાજા તરીકે મનાવ્યો હોય તો એ સ્તંભલેખનો સમય મ. નિ. ૩૨૮—ઈ. સ. પૂ. ૧૩૯ માં આવે, કે જે અલ્પાંશે મી. સ્મીથના કરેલા અનુમાન સાથે સંગત થાય છે. લેખનો સમય મ. નિ. ૩૨૧—ઈ. સ. પૂ. ૧૪૬ અથવા તો મ. નિ. ૩૨૮—ઈ. સ. પૂ. ૧૩૯ આ બન્નેમાંથી ગમે તે હો પણ એ એન્ટિઆલ્કિડસનું રાજ્ય મ. નિ. ૩૨૮—ઈ. સ. પૂ. ૧૩૯ ની લગભગ સુધી લંબાયું હતું એમ માનવાને કારણ છે. ઓરોસિયસ લખે છે કે, "ડેમીટ્રીઓસના સરદારની હાર અને બેબીલોન પડયા પછી પહેલા મિથ્રિડેટિસે

સિંધુ તથા ઝેલમ વચ્ચેના બધી પ્રજાઓના મુલકોને ખાલસા કરી પોતાના રાજ્યમાં જોડી દીધા." પહેલાં નોંધવામાં આવ્યું છે, કે મિથ્રિડેટિસ કે મિથોડેટસ (૧)નો રાજત્વકાલ મ. નિ. ૨૯૩ (૨૯૬) થી ૩૩૧–ઇ. સ. પૂ. ૧૭૪ (૧૭૧)થી ૧૩૬ હતો. આ સમયે સિંધુ ને ઝેલમ વચ્ચે રાજ્ય કરતો તક્ષશિલાનો શાસક એન્ટિઆલ્કિડસ હતો કે જે ડિમેટ્રિયસનો સરદાર હતો. ઓરોસિયસના લખાણમાં આ સરદારની જ હારનું સૂચન છે; કેમકે ઓરોસિયસે નિર્દિષ્ટ કરેલા જીતાયલા પ્રદેશનો આ સમય દરમિયાન તે જ શાસક હતો. 'ભારત કે પ્રાચીન રાજવંશ'ના લેખક મિથ્રોડેટસની ઉપરોક્ત જીતનો સમય મ. નિ. ૩૨૯—ઇ. સ. પૂ. ૧૩૮ ની નજીકનો લખે છે; અર્થાત્ મીનેન્ડરના મૃત્યુ બાદ અથવા બેસનગરના સ્તંભ પરનો લેખ કોતરાવ્યા બાદ (જો એ લેખ મ. નિ. ૩૨૧—ઇ. સ. પૂ. ૧૪૬ માં નહિ પણ મ. નિ. ૩૨૮—ઇ. સ. પૂ. ૧૩૯ માં કોતરાવ્યો હોય તો) એક બે વર્ષમાં જ એન્ટિઆલ્કિડસની હાર થઇ સિંધુ અને ઝેલમ નદી વચ્ચેનો પ્રદેશ પાર્થિયન સામ્રાજ્યમાં જોડાયો હતો. સંભવ છે કે, મિથોડેટસના હાથે બેબીલોન પહેલાં પડયું હશે પણ હિંદમાં ઝેલમ સુધીની તેની સત્તા પશ્ચિમ ભારતના વિજેતા સુપ્રસિદ્ધ મીનેન્ડરની હયાતીમાં નહિ, પરન્તુ 'ભારત કે પ્રાચીન રાજવંશ'ના લેખક કહે છે તેમ, તેના મૃત્યુ બાદ જ સ્થપાઇ હોવી જોઈએ.

મિથ્રોડેટસની ઉપરોક્ત ઝેલમ સુધીની સત્તા હોવાની વાત ઓરોસિયસ કરે છે તે પરથી કેટલાકો સિક્કાઓ કે લેખોમાં છત્રપ કે મહાછત્રપ ઇલ્કાબવાળા વંચાતા જીઓનિસસ, ખરઓસ્ટ, લિઅક અને પાટિક કે પતિક એ તક્ષશિલાના શાસકોને તથા રાજુવુલ અને ષોડાસ એ મથુરાના શાસકોને મિથ્રોડેટસે હિંદમાં સ્થાપેલી પાર્થિયન સત્તાના શક જાતિના સુબાઓ માને છે. તેઓ એવો અભિપ્રાય ધરાવે છે કે, "'સત્રપ' એ શુદ્ધ ઇરાની ઇલ્કાબ ધારણ કરવાને લીધે, આ જ અરસામાં રાજા તરીકે દેખાતા અને લાંબી વંશાવલીવાળા પાર્થિયન રાજાઓના જ તેઓ—સિક્કાઓ કે લેખોમાં વંચાતા જીઓનિસસ આદિ કે રાજુવુલ આદિ–સુબાઓ હોવા જોઇએ." મને ઉપરોકત માન્યતા કે અભિપ્રાય બરાબર હોય એમ નથી લાગતું, અને એ સકારણ પણ છે.

ઓરોસિયસના કહેવા પ્રમાણે, મિથ્રોડેટસે ઝેલમ સુધી પાર્થિયન સત્તા સ્થાપી હોય તો પણ એ સત્તા સ્થાપ્યાનો જે સમય મ. નિ. ૩૨૯—ઇ. સ. પૂ. ૧૩૮ માનવામાં આવે છે તે પછી તેનો રાજત્વકાલ બે વર્ષ જ રહ્યો છે. એના રાજ્યાન્ત પછી ફ્રેટસ (૨) આવ્યો એનો રાજત્વકાલ મ. નિ. ૩૩૧ થી ૩૩૯—ઇ. સ. પૂ. ૧૩૬ થી ૧૨૮ સુધી ૮ વર્ષ તથા ફ્રેટસ પછી આર્ટાબેનસ આવ્યો એનો રાજત્વકાલ મ. નિ. ૩૩૯ થી ૩૪૪—ઇ. સ. પૂ. ૧૨૮ થી ૧૨૩ સુધી ૫ વર્ષ હતો. એ બન્ને રાજાઓએ શક અથવા એવા પ્રકારની ભટકતી ધસી આવેલી જાતિઓ સાથેના ઝઘડામાં પોતાના પ્રાણ ગુમાવ્યા હતા. એ વિષમ સમયે મિથ્રોડેટસે જીતેલા હિંદના પ્રદેશ પર પાર્થિયન સત્તાનો કાબુ નષ્ટ થઇ જતાં ત્યાં—તક્ષશિલામાં જીઓનિસસ નામનો છત્રપ આવ્યો છે. પાર્થિયનોનો એ પ્રદેશ પર દાબ શિથિલ થયાની હકીકત મી. સ્મીથ પણ લખી રહ્યા છે. તેમનો અભિપ્રાય આ પ્રમાણે છેઃ—

"એ નવા જીતેલા પ્રાંતનો સીધો વહીવટ ટેસિફનની સરકારને હાથ થોડાં વર્ષ જ રહ્યો હશે એવો સંભવ છે. ઇ. સ. પૂર્વે ૧૩૦ થી ૧૨૦ સુધીમાં ભટકતી જાતો સાથેના ઝઘડામાં બીજા ફ્રેટીસ તથા આર્ટેબેનસે જીંદગી ખોઇ તે પ્રસંગમાં હિંદી સરહદનાં રાજ્ય જેવાં દૂર આવેલાં તાબાનાં રાજ્ય પરનો મધ્યસ્થ સરકારનો દાબ શિથિલ થઈ ગયો હશે; અને સંભવ છે કે આવી રીતે મળેલી તકનો

લાભ લઇ મોઅસ, કે જે ઘણું કરીને શક હશે, તેણે પંજાબની ગાદી પર પોતાની સત્તા જમાવી અને તાત્વિક રીતે કદાચ તે સ્વતંત્ર નહિ હોય પણ વ્યવહારમાં તે તદ્દન સ્વતંત્ર જ બની રહ્યો."

પાર્થિયન સરકારનો દાબ શિથિલ થઈ હિંદી સરહદ કોઇ અન્યની સત્તામાં ચાલી ગઇ એ વાત બરાબર છે, પણ મી. સ્મીથ એ સત્તાને પચાવી પાડનાર જે 'મોઅસ' તરીકે જણાવે છે તે અસંગત છે એમ તો નહિ, પણ જરૂર પાઠફેર છે.

આર્ટાબેનસ પછી પાર્થિયાની ગાદી પર મહાન મિથ્રોડેટસ બીજો આવ્યો હતો. એનો રાજત્વકાલ મ. નિ. ૩૪૪ થી ૩૭૯—ઇ. સ પૂ. ૧૨૩ થી ૮૮ સુધી ૩૫ વર્ષ હતો. એણે ભારે પ્રયત્નથી પાર્થિયન સત્તાને બહુ જ મજબૂત બનાવી, કે જે તેની પૂર્વના બે રાજાઓના સમયમાં અસ્તવ્યસ્ત અને નબળી પડી ગઇ હતી. કહે છે કે, એણે વિખરેલી શક્તિને એકઠી કરી બલુચિસ્તાન અને પંજાબ પર પોતાની સત્તા જમાવી. આ મિથ્રોડેટસ બીજાએ પોતે જીતેલા પંજાબ પર 'મોઅસ'ને સુબો નીમ્યો હતો. એ મોઅસ પાર્થિયન હતો. એની સરદારી નીચે જ પ્રથમ પાતિક પાસેથી તક્ષશિલા અને પછી તરત જ રાજુવુલના પુત્ર-ષોડાસ પાસેથી મથુરા જીતી લેવાયું હતું; પરિણામે તે બન્ને ય રાજ્યોના સર્વ પ્રદેશનો શાસક નીમાયો હતો. ઉપરાંત, મહાન મિથ્રોડેટસ બીજાએ સીસ્તાન અને કંદહારના પ્રદેશમાં બીજી પણ એક શાખા સ્થાપી હતી. અહિં તેણે પોતાના રાજવંશીને નીમવાની પ્રથા રાખી હતી. મિથ્રોડેટસ મૃત્યુ પામે ત્યારે રાજવંશી નહિ પણ તેની જાતિના મોઅસે રાજાધિરાજ પદ ધારણ કર્યું અને તે કદાચ સર્વથા સ્વતંત્ર નહિ તો પણ સ્વતંત્ર જેવો જ થઇ ગયો. કારણ કે; મિથ્રોડેટસ બીજાનો પ્રબલ હાથ જતો રહ્યો હતો અને તેના પછી આવેલા બે ત્રણ રાજાઓના સમયમાં, એટલે કે મ. નિ. ૩૭૯ થી ૪૦૭—ઇ. સ. પૂ. ૮૮ થી ૬૦ સુધીના ૨૮ વર્ષના કાલમાં, પાર્થિયાની અને સીસ્તાન–કંદહારની એમ મુખ્ય અને પેટા બન્ને શાખાઓ શકો સાથેના ઝઘડાઓમાં ગુંચવાયલી હોઈ, હિંદ તરફ ઝાઝું લક્ષ્ય આપે તેમ ન હતી. ખરી વાત તો એ હોવા સંભવ છે કે, મિથ્રોડેટસ બીજાએ સીસ્તાન અને કંદહાર વિગેરે પ્રદેશના શાસન માટે જેમ વોનોસસથી એક રાજવંશી શાખા શરૂ કરી હતી તેમ હિંદમાંના જીતેલા પ્રદેશોના શાસન માટે 'મોઅસ'થી બીજી શાખા ચલાવી હતી અને તે પણ રાજવંશી જ હતી. જોકે સીસ્તાન–કંદહારની શાખાના અને તક્ષશિલા કે પશ્ચિમ પંજાબની શાખાના પાર્થિયન શાસકો વોનોસસ વિગેરે તથા મોઅસ પોતાને મહારાજ, રાજાધિરાજ વિગેરે વિશેષણોથી નવાજે છે અને તેઓ અનુક્રમે પોતાના તાબાના શક સાહીઓ તથા શક કે ક્ષહરાટ ક્ષત્રપોના વડા હતા, તો પણ તેમણે સર્વથા સ્વાતંત્ર્ય ધારણ નહોતું કર્યું. તેમને માથે સાહાણુસાહી–શહેનશાહ હતો, કે જે પાર્થિયન સામ્રાજ્યનો સાર્વભૌમ–સમ્રાટ્ હતો. 'મહરજસ' એ 'મહાછત્રપ' જેવો સાહાણુસાહીથી ઊતરતો ઇલ્કાબ હશે, અને તેનાથી ઊતરતો ઇલ્કાબ સાહી કે રાજા એ છત્રપ જેવો ઇલ્કાબ હશે, એમ વોનોસસ વિગેરેના તે સમયના સિક્કાઓ પરથી સહજ અનુમાન થાય છે. 'મહરજસ' ઇલ્કાબ માટે થતું અનુમાન 'રજદિરજસ' કે 'રજરજસ' ને પણ લાગુ પડે છે. મોઅસ (મોગ) અને અયસ (ઍજાસ કે એઝીઝ) વિગેરે હિન્દી પ્રાંતના શાસકોએ જે 'રજદિરજસ' કે 'રજરજસ' ઇલ્કાબ પોતાના સિક્કાઓમાં કોતરાવ્યો છે તે પણ 'મહાછત્રપ' ના જ અર્થમાં છે. આથી સમજાશે કે, મોઅસે મધ્યસ્થ પાર્થિયન સરકારની નબળાઇનો કે અગવડનો લાભ લઇ 'રાજાધિરાજ' પદ ધારણ કર્યું નથી.

મી. સ્મીથ મોઅસનો હિંદ પરની સત્તાનો સમય મ. નિ. ૩૭૨—ઇ. સ. પૂ. ૯૫ની લગભગ

નોંધે છે અને એનો અનુગામી એઝીઝ હતો એમ તેઓ લખે છે. તેઓનું કહેવું છે કે, મિથ્રિડેટિસ ( મિથ્રોડેટસ કે મિથ્રોડોટસ ) બીજાએ સીસ્તાન-કંદહારવાળી પાર્થિયન શાખાને બંધ કરી એ પ્રદેશનો વહીવટ સીધેસીધો પોતાના હાથમાં લઈ લીધો હતો અને સત્રપ એઝીઝ, કે જે વોનોસસના ભાઇ સ્પલિરિસસનો પુત્ર હોઇ પોતાના પિતાને રાજકાર્યમાં મદદ કરી રહ્યો હતો, તેને સીસ્તાન-કંદહારના પ્રદેશમાંથી ફેરબદલી કરી હિંદી પ્રદેશમાં મોઅસની જગાએ મુકયો હતો. આ ફેરબદલીનો સમય મ. નિ. ૪૦૯—ઇ. સ. પૂ. ૫૮ હતો.

મી. સ્મીથ એક બાજુ "( આશરે ઇ. સ. પૂ. ૧૨૩ ) પાર્થિયન સત્તા મહાન મિથ્રિડેટિસ બીજાના પ્રબલ અમલ નીચે પાછી પગભર થઈ." એમ લખે છે, ત્યારે બીજી બાજુ "ઇ. સ. પૂ. ૫૮ માં તે ( અઝીઝ ) મોઅસના અનુગામી તરીકે આવ્યો અને મિથ્રિડેટીસના તાબાના રાજા તરીકે તેણે તે પ્રાંત પર રાજ્ય કર્યું." આવી રીતે મિથ્રોડોટસ બીજાના નામે જ હકીકત ચઢાવી રહ્યા છે. મ. નિ. ૩૪૪ થી ૩૭૯—ઇ. સ. પૂ. ૧૨૩ થી ૮૮ સુધી રાજત્વકાલવાળો મહાન મિથ્રોડોટસ બીજો મ. નિ. ૪૦૯—ઇ. સ. પૂ. ૫૮ માં કે તે પછીના સમયમાં એઝીઝના ઉપરી તરીકે કયી રીતે હોઇ શકે ? મિથ્રોડોટસ ત્રીજો મ. નિ. ૪૦૭ થી ૪૧૧—ઇ. સ. પૂ. ૬૦ થી ૫૬ સુધી ૪ વર્ષ પાર્થિયાના સામ્રાજ્ય પર હતો તેના સમયની તેના હાથે બનેલી ઘટનાને—સીસ્તાન-કંદહારની શાખા બંધ કરી એઝીઝને મોઅસના અનુગામી તરીકે પાર્થિયન હિંદી પ્રદેશમાં ફેરબદલ કર્યો એ ઘટનાને—મી. સ્મીથ મહાન મિથ્રોડોટસ બીજાના નામે ચઢાવી રહ્યા છે, કે જે મિથ્રોડોટસ બીજો આજથી ૩૦ વર્ષ પહેલાં દુનિયાને છોડી ગયો હતો. આ હકીકત જેમ પાઠફેર થઈ ગઈ છે તેમ મી. સ્મીથની નોંધેલી, "પહેલા મિથ્રોડોટસ પછીના સમયમાં મધ્યસ્થ સરકારનો દાબ કમી થતાં મોઅસ તકનો લાભ લઈ પશ્ચિમ હિંદની સત્તા પચાવી પડયો," એવા પ્રકારની હકીકત પણ ખરેખર પાઠફેર છે. પહેલા મિથ્રોડોટસ પછી હિંદના જીતેલા પ્રદેશ પર મધ્યસ્થ સરકારનો દાબ કમી થયો હતો ( ખરી વાત એ છે કે જતો જ રહ્યો હતો ) એ, પ્રબલ શક્તિશાળી હોવાથી મહાન ગણાતા મિથ્રોડોટસ બીજાના રાજ્ય પર આવ્યા પહેલાંની ક્રેટીસ અને આર્ટેબેનસના સમયની હકીકત છે; જ્યારે મોઅસ પશ્ચિમહિંદનો રાજાધિરાજ બન્યો એ, તેના રાજ્યનાં અંતિમ વર્ષોમાં બનેલી હકીકત છે. મિથ્રોડોટસ બીજાએ જીતેલા હિંદી પ્રદેશ પર મોઅસને નીમ્યો એ હકીકત, પાઠફેરથી "મિથ્રોડોટસ પહેલાએ જીતેલા પ્રદેશ પર તે નીમાયો હતો કે આવ્યો હતો અને પાછળથી તકનો લાભ લઈ સ્વતંત્ર થઈ ગયો હતો." આવા પ્રકારે મી. સ્મીથના હાથે નોંધાઇ ગઇ છે. ઇ. સ. પૂ. ૧૭૪ થી ઇ. સ. પૂ. ૫૮ સુધીમાં મિથ્રોડોટસ નામના ત્રણ રાજાઓ થઈ ગયા હતા તેના બદલે બે જ માની લેવાથી આ ગોટાળો થઇ ગયો લાગે છે. આનું પરિણામ એ આવ્યું કે, મ. નિ. ૩૭૨—ઇ. સ. પૂ. ૯૫ લગભગમાં મોઅસ હિંદના પ્રદેશોનો રાજાધિરાજ બન્યો તે પહેલાંના, તક્ષશિલાના જીઓનિસસ વિગેરે, મથુરાના રાજુવુલ વિગેરે અને મધ્યમિકાના ભૂમક વિગેરે જે બેક્ટ્રિયન સરદારો હતા, તે સર્વને પાર્થિયન સરદારો માની લેવામાં આવ્યા, કે જે માન્યતા નીચે આપેલી હકીકતથી પણ અસંગત ઠરે છે.

મ. નિ. ૩૦૭ થી ૩૧૨—ઇ. સ. પૂ. ૧૬૦ થી ૧૫૫ ના વચ્ચે હેલિઓકલેસ બેક્ટ્રિયા પર ગાદીએ આવ્યો અને તે મ. નિ. ૩૨૭ થી ૩૩૭—ઇ. સ. પૂ. ૧૪૦ થી ૧૩૦ ના વચગાળા સુધી રહ્યો હતો. આ હેલિઓકલેસનો સમકાલીન સ્ટ્રેટો (૧) હતો. એ કાબુલ અને પંજાબનો શાસક હતો. હેલિઓકલેસના રાજ્યનાં શરૂઆતનાં વર્ષોમાં યાવત્ મ. નિ. ૩૨૭—ઇ. સ. પૂ. ૧૪૦ સુધી કાબુલ અને પંજાબ વિગેરેનો શાસક મહારાજા મીનેન્ડર હતો એટલે હેલિઓકલેસનો સમકાલીન સ્ટ્રેટો કાબુલ અને પંજાબના શાસક તરીકે મ. નિ. ૩૨૭—ઇ. સ. પૂ. ૧૪૦ પછી જ હોઇ શકે. કહે છે કે, આ સ્ટ્રેટો (૧)નું રાજ્ય લાંબા સમય

સુધી ચાલ્યું હતું અને એની પછી એનો પૌત્ર સ્ટ્રેટો બીજો કાબુલ અને પંજાબનો મહારાજા બન્યો હતો. પાર્થિયન સત્રપોએ આ બીજા સ્ટ્રેટોના હાથમાંથી તક્ષશિલાનું (પશ્ચિમ પંજાબની રાજધાનીનું) રાજ્ય ખુંચાવી લીધું હતું. આ કથન ઉપરથી અનુમાન થાય છે કે, સ્ટ્રેટો પહેલો અને સ્ટ્રેટો બીજો એમની સત્તા તક્ષશિલા (પશ્ચિમ પંજાબ) પર ૪૫ વર્ષ જેટલી રહ્યા બાદ મ. નિ. ૩૭૨—ઈ. સ. પૂ. ૯૫ ની લગભગમાં પાર્થિયન સત્રપ મોઅસે તે ખુંચાવી લીધી હતી. સ્ટ્રેટો (૧) કાબુલના રાજ્ય પર આવ્યો ત્યાર બાદ તક્ષશિલાના એન્ટિઆલ્કિડસ પર પાર્થિયન શહેનશાહ મિથ્રોડોટસે ચઢી આવી સિંધુ અને ઝેલમની વચ્ચેના પ્રદેશનો કબજો લીધો હોય તો પણ, જો કે એ હકીકત બીજા મિથ્રોડોટસના બદલે પહેલા મિથ્રોડોટસના નામે ચઢી ગઈ છે અને તે મને શંકાસ્પદ લાગે છે, સ્ટ્રેટોના રાજ્યની શરૂઆતનાં થોડાંક વર્ષ તે પ્રદેશમાં પાર્થિયનોનો તાબો રહ્યો હશે, પરંતુ પછીથી સ્ટ્રેટો પહેલાએ ત્યાંથી પાર્થિયનોને ખસેડી મુકી પોતાની સત્તા સ્થાપી હશે અને ત્યાં સત્રપ જીઓનિસસને અથવા તો પાર્થિયનોને ખસેડવામાં અગ્રભાગ લેનાર રાજુવુલ હોઇ તેના યુવરાજ ખરઓસ્તને નીમ્યો હશે, કે જે ખરઓસ્ટ પછી કુસૂલક–લિઅક અને પાતિક નામના સત્રપો આવ્યા હતા. લિઅકકુસૂલકના પુત્ર પાતિકનો એક લેખ મળ્યો છે તેમાં, કહેવામાં આવે છે કે, મોઅસનું નામ છે અને ૭૮ નો અંક છે. આનો અર્થ એવો કરવામાં આવે છે કે, તે પાર્થિયન મોઅસને આધીન હતો. આ અર્થ બરાબર છે, પણ એ અંક શક સંવત તરીકે કલ્પાય છે તે બરાબર નથી. પહેલાં એ રાજા મીનેન્ડરના વંશજ સ્ટ્રેટો બીજાને આધીન હતો અને તેથી તેણે મીનેન્ડરના રાજ્યારંભના સમયથી એટલે મ. નિ. ૩૦૭—ઇ. સ. પૂ. ૧૬૦ થી શરૂ થયેલા સંવતનો ઉપયોગ કરેલો છે. એ ગણતરીએ એનો લેખ લખાયાનું વર્ષ મ. નિ. ૩૮૫—ઇ. સ. પૂ. ૮૨ આવે છે કે જે, પાર્થિયન મોઅસે હિંદના જીતેલા પ્રદેશ પર સત્તા સ્થાપી તે વર્ષથી એટલે મ. નિ. ૩૭૨—ઇ. સ. પૂ. ૯૫ થી તેરમું વર્ષ છે.

ઉપરોક્ત સર્વ હકીકતથી, મ. નિ. ૩૭૨—ઇ. સ. પૂ. ૯૫ થી પહેલાં પંજાબમાં બેક્ટ્રિયન વડી સત્તા નીચે સત્રપોની સત્તા હતી, એમ સ્પષ્ટ સમજાય છે. મથુરાના સત્રપો પણ એ સમય પૂર્વે બેક્ટ્રિયન સત્તાને જ તાબે હતા. પંજાબમાં અને સૂરસેનમાં પણ પાર્થિયન સામ્રાજ્ય પથરાયું હતું એ વાત સાચી છે, પણ તે મ. નિ. ૩૭૨—ઇ. સ. પૂ. ૯૫ પછીના સમયમાં જ. સંભવ છે કે, મ. નિ. ૩૭૨–ઇ. સ. પૂ. ૯૫ ની લગભગમાં વિદ્યમાન પાતિક અને ષોડાસ એ અનુક્રમે તક્ષશિલા અને મથુરાના સત્રપો, અને તેમની પછી આવનારા અન્ય સત્રપો અચોક્કસ સમયપર્યંત મોઅસ વિગેરેની પાર્થિયન સત્તાને તાબે રહી ટકી રહ્યા હશે, પણ આ વિષે નિશ્ચયાત્મક કાંઇ પણ કહી શકાય તેવું સાધન નથી.

તક્ષશિલાના અને મથુરાના એ ઉપરોકત સત્રપો કયી જાતિના હતા એનો સર્વથા નિશ્ચય થઇ શકે તેમ નથી. 'પ્રાચીન ભારતવર્ષ' ના લેખક ડો. ત્રિભોવનદાસ. શાહ તો સાફ સાફ લખે છે કે, એ સત્રપો ક્ષહરાટજાતિના હતા. પરંતુ ભૂમક અને નહપાનના માટે 'ક્ષહરાટ' શબ્દ લખાયલો આપણને વાંચવા મળે છે તેમ તક્ષશિલા કે મથુરાના સત્રપો માટે મળતો નથી, તેથી તેઓ ક્ષહરાટ હતા કે, જેમ કેટલાંકો કહે છે તેમ, 'શક' હતા, એ નકકી કરવું મુશ્કેલ છે. બાકી ભૂમક અને નહપાણ એ શાસકો તો ક્ષહરાટ જ હતા એ વિષે શંકા જ નથી.

ક્ષહરાટ ભૂમક એ પહેલાં 'છત્રપ' હતો, પછી 'મહાછત્રપ' બન્યો હશે અને 'રાજા' નો ઇલકાબ તેણે પોતાના જીવનમાં ધારણ કર્યો હશે. એ સત્રપ હતો તેથી તેને પાર્થિયન સૂબો માની લેવાની ભૂલ ન કરવી જોઇએ. તે બેકિટ્રયન સૂબો હતો. ડેરિયસના વિશાલ સામ્રાજ્યમાં વપરાઈ રૂઢ થઈ ગયેલો, બેક્ટ્રિયા અને સીસ્તાન--કંદહાર વિગેરેમાં પણ વ્યાપક બનેલો એવો સત્રપ કે છત્રપ અને મહાસત્રપ કે

મહાછત્રપ શબ્દ પાર્થિયન રાજાઓની જેમ બેક્ટ્રિયન રાજાઓ પણ જો પોતાના સુબાઓ અને સર-સુબાઓના માટે વાપરતા હોય અથવા તો બેક્ટ્રિયન સુબાઓ બેક્ટ્રિયન જાતિથી પોતાની જાતિને જુદી ઓળખાવવા પોતાના મૂળ વતનમાં વ્યાપક બનેલા એ છત્રપાદિ શબ્દોનો ઉપયોગ કરતા હોય તો તે બનવાજોગ છે.

ભૂમક છત્રપમાંથી મહાછત્રપ ક્યારે બન્યો એ નિશ્ચયથી કહી શકાય તેમ નથી. સંભવ છે કે, તક્ષશિલાના મહારાજા એન્ટિઆલ્કિડસના મૃત્યુ બાદ તે મહાછત્રપ બન્યો હોવો જોઈએ, કે જે સમય દરમિયાન મથુરાનો છત્રપ રાજુવુલ પણ મહાછત્રપ બન્યો હોવાનો સંભવ છે. ભૂમક, તેની પાછળ આવનાર નહપાણની જેમ, પોતાના પર કોઈની સત્તા નહિ એવો સ્વતંત્ર સ્વામી બન્યો નથી; પણ તેના માથે નામની જ બેક્ટ્રિયન સત્તાની તાબેદારી હોઈ તે બહુધા સ્વતંત્ર જ હતો. તેણે મધ્યમિકામાં રહી તેની બરાબર પશ્ચિમના પ્રદેશમાં સિંધુના દોઆબને લગતા પ્રદેશ સુધી, સૌરાષ્ટ્રમાં અને રાજપુતાનાના દક્ષિણમાં અમુક અનિશ્ચિત પ્રદેશ સુધી અધિકાર ભોગવ્યો હોય એમ લાગે છે. તેના પાછળના જીવનમાં ક્ષહરાટ નહપાણે પોતાના સગા શક સરદાર ઉસભદાતની સહાય વડે લાટથી લઈ યાવત્ પશ્ચિમ ઘાટના પૂર્વમાં આવેલા દક્ષિણના કેટલાક પ્રદેશ સુધી એ અધિકારને વિસ્તાર્યો હતો.

ક્ષહરાટ ભૂમક બહુ લાંબા કાળ સુધી સત્તા ભોગવતો રહ્યો હોય એમ લાગે છે, પણ મહાવીર નિર્વાણની ચોથી અને ઇસવીસનની પૂર્વે બીજી સદીમાં તે ક્યાં સુધી હયાત હતો એ બહુ ચોકસાઈથી કહી શકાય તેમ નથી; છતાં ઉસવદાતના નાસિકના એક લેખમાં નહપાણને 'રાજા ક્ષત્રપ' તરીકે ઓળખાવ્યો છે ત્યારે અયમના જુન્નેરના લેખમાં તેને 'રાજા મહાક્ષત્રપ સ્વામી' કહી બિરૂદાવ્યો છે, અને તેના જમાઈ તથા અમાત્યના એ લેખોમાં કોઈક સંવતના '૪૨' અને '૪૬' અંક લખાયા છે, એ પરથી અનુમાન થાય છે કે, નહપાણ '૪૨' થી '૪૬' ના વચગાળે સત્રપ મટી મહાસત્રપ બન્યો હતો અને જ્યારે એ મહાસત્રપ બન્યો ત્યારે નજીકના જ પૂર્વ સમયમાં તેનો પૂર્વગામી ભૂમક મૃત્યુ પામ્યો હોવો જોઈએ. આ '૪૨' અને '૪૬' ના અંક કયા સંવતના હશે—મીનેન્ડરના રાજ્યારંભથી ચાલેલા તેના સંવતના હશે કે મીનેન્ડર અને એન્ટિઆલ્કિડસના મૃત્યુ બાદ મહાસત્રપ બનેલા ભૂમકના તે સમયથી ગણાતા સંવતના હશે—એ બહુ જ ખાત્રીથી કહેવું મુશ્કેલ છે. મ. નિ. ૩૦૭ માં ચાલેલા મીનેન્ડર સંવતના એ અંકો હોય તો, મ. નિ. ૩૪૯ થી ૩૫૩—ઇ. સ. પૂ. ૧૧૮ થી ૧૧૪ ની વચગાળે ભૂમકનું મૃત્યુ અને નહપાણનું મહાસત્રપ પદ થયું ગણાય; પણ જો લગભગ સ્વતંત્ર અને મહાસત્રપ બનેલા રાજા ભૂમકે મીનેન્ડર અને એન્ટિઆલ્કિડસના મૃત્યુ બાદ મ. નિ. ૩૨૮ કે ૩૨૯—ઈ. સ. પૂ. ૧૩૯ કે ૧૩૮ માં ચલાવેલા સંવતના એ અંકો હોય તો, મ. નિ. ૩૭૦ કે ૩૭૧ થી ૩૭૪ કે ૩૭૫—ઇ. સ. પૂ. ૯૭ કે ૯૬ થી ૯૩ કે ૯૨ ની વચ્ચગાળે ભૂમકનું મૃત્યુ અને નહપાણની મહાસત્રપ પદની પ્રાપ્તિ થયેલી ગણાય. આમ ભૂમકનું મૃત્યુ અને નહપાણની મહાસત્રપ પદની પ્રાપ્તિ, એનો સમય ઉપરોકત એ ભિન્ન ભિન્ન ગણતરીએ આશરે ૨૫ વર્ષ જેટલો આગળ પાછળ આવે છે. મને લાગે છે કે, મ નિ. ૩૭૨—ઇ. સ. પૂ. ૯૫ લગભગ પાર્થિયનોએ પંજાબ વિગેરે પ્રદેશો પર પોતાની સત્તા જમાવી તે દરમિયાન ભૂમકના મૃત્યુ વિગેરેની ઘટના બની હશે. નભોવાહનના આલેખનમાં મેં એ જ માન્યતાને આલેખી છે, છતાં ભૂમકનો રાજત્વકાલ વધારે લંબાવાયો ન હોય અને ઉપરોકત ભૂમકના મૃત્યુ વિગેરેની ઘટના એથી આશરે ૨૫ વર્ષ પહેલાં બની હોય તો તે પણ કદાચ ઘટી શકે. પણ એ રીતે નહપાણ

અને નભોવાહનના રાજત્વકાલનો આરંભ લગભગ એક જ સમયમાં આવી જતાં તે બંને એક જ હોવાની કલ્પના કરવી, એ નભોવાહનના આલેખનમાં દર્શાવેલાં અનેક કારણોથી અસંગત હોઇ નકામી છે.

ક્ષહરાટ ભૂમક પછી આવેલો ક્ષહરાટ મહાક્ષત્રપ નહપાણ એ પહેલાં ક્ષત્રપ હતો. ક્ષત્રપ હતો ત્યારે એ પોતાને 'રાજા' તરીકે લખે છે તેથી અનુમાન થાય છે કે, તેનો પિતા રાજા હશે અને વળી મહાછત્રપ હશે, તથા તેના સમય પહેલાં જ વિદ્યમાન તેનો પુરોગામી ભૂમક હોવાથી તે જ તેનો પિતા હશે. ભૂમક પોતાના સિક્કાઓમાં, કે જે શરૂઆતના હશે તેમાં, પોતાને છત્રપ લખે છે પણ રાજા તરીકે લખતો નથી, કારણ કે તેનો પિતા મહાછત્રપ, કે જે રાજા તરીકેનો હક ધરાવે તે, નહિ હોય. પોતાની કામગીરીથી મહાછત્રપ (રાજા) બન્યો હોય તેનો વારસ તેના જીવતાં છત્રપ (રાજા) અને તેના મૃત્યુ બાદ મહાછત્રપ (રાજા) પોતાને લખી શકે. પણ જે છત્રપ હોય અથવા છત્રપનો વારસ છત્રપ હોય તે પોતાને રાજા તરીકે લખી શકે નહિ એવો કોઇ નિયમ આ સમયે પ્રવર્તતો હશે એમ લાગે છે. એના નામનો નિર્દેશ કરનાર જો કોઇ તાબેદાર શાસક હોય તો તે એ નામ સાથે રાજાનું બિરૂદ ને સ્વામી તરીકેનું વિશેષણ પણ પોતાના લેખમાં લખે છે. છત્રપોના સિક્કાઓમાં પણ 'સ્વામી' વિશેષણ વપરાયલું જોવામાં આવે છે, તે પણ કદાચ આવા જ નિયમને આભારી હોય.

ઉપરોક્ત રીતે છત્રપો કે મહાછત્રપો રાજા કે સ્વામી તરીકે લખાયા છે, પણ રાજાધિરાજ, મહારાજા કે મહારાજાધિરાજ તરીકે લખાયા નથી. એ શબ્દો પાર્થિયન રાજવંશી કે બેક્ટ્રિયન રાજવંશી શાસકોને માટે જ બહુધા અનામત રહ્યા છે, એમ મળી આવતા સિક્કાઓ પરથી સમજાય છે.

(૩)

અર્સેકસવંશનો પાર્થિયન રાજા મિથ્રોડેટસ (૩) મ. નિ. ૪૦૭ (ઇ. સ. પૂ. ૬૦) વર્ષે ઇરાનની ગાદી પર આવ્યો હતો. એણે સિસ્તાની પેટાશાખા બંધ કરી ત્યાંના શાસક સ્પલિરિસસના મદદગાર પુત્ર એજસને મ. નિ. ૪૦૯ (ઇ. સ. પૂ. ૫૮) વર્ષે તક્ષશિલામાં નીમ્યો. આ સ્થળે પૂર્વે મોઅસ—મોજસ (મોગ)ની શાસકતા હતી. મોઅસ અને એજસ બંને પાર્થિયન હતા પણ તફાવત એ હતો કે, મોઅસ જ્યારે સામાન્ય રીતે પાર્થિયન હતો ત્યારે એજસ પાર્થિયન રાજવંશનો હતો. તક્ષશિલાના હાથ નીચેનો શાસિત પ્રદેશ ઠેઠ મથુરા સુધી લંબાતો હતો. મિથ્રોડેટસે એજસને તક્ષશિલામાં નીમ્યો તેની પૂર્વે, એટલે મ. નિ. ૪૦૭ (ઇ. સ. પૂ. ૬૦) વર્ષે શ્રી કાલકાચાર્યે સીસ્તાનના પ્રદેશથી લાવેલા સાહિશકોએ, સોરઠથી લઇ ઉજ્જયિનીના પ્રદેશ સુધી પોતાની સત્તા સ્થાપી દીધી હતી. આ સમયે; સિંધુના દોઆબમાં પૂર્વે આવેલા શકો, કે જેઓ ત્યાં વસાહત સ્થાપી સ્થિર થઇ રહ્યા હતા તેઓ શાસન કરી રહ્યા હતા, અને તેમનામાંનો દિનિકનો પુત્ર ઉસવદાત, કે જે પોતાના સસરા નહપાણના હાથ નીચે શાસન કરતો ઠેઠ નાશિક અને પુના જીલ્લાના પ્રદેશ સુધી સત્તા જમાવી બેઠો હતો તે નહપાણનું મૃત્યુ થયા બાદ તેના વિશાલ પ્રદેશ પર રાજ્ય કરતો હતો. પુરાણો ભારે બળાપાપૂર્વક મ્લેચ્છોને ઉદ્દેશી જે ભવિષ્યવાણી ઉચ્ચારે છે તેને બંધબેસતા સમયોમાં હાલનો પણ એક સમય હતો, કે જ્યારે લગભગ આખા પશ્ચિમભારત અને ઉત્તર ભારતના પશ્ચિમ વિભાગ પર શકોની અને પાર્થિયનોની સત્તા જામી હતી. ગર્દભિલ્લના પુત્ર વિક્રમાદિત્યે આન્ધ્રોની સહાયપૂર્વક જામેલી શક સત્તાને ઉખેડવા પ્રારંભ કર્યો, તેણે ઉજ્જયિનીનો પ્રદેશ તાબે કર્યો અને લાટ તથા આનર્ત જીતી લીધાં તથા તાપી નદીના દક્ષિણ પ્રદેશમાં પણ પગપેસારો કરવા માંડ્યો, દરમિયાન શક—ક્ષહરાટોના દબાણથી પ્રતિષ્ઠાનપુર (પૈઠણ—ઔરંગાબાદ જીલ્લો)થી ઠેઠ બેઝવાડાના પ્રદેશ

જેટલે દૂર રાજનગર લઇ ગયેલા આન્ધ્રરાજાઓએ પણ તક સાધી લીધી. દીપિસાતકર્ણિએ પ્રતિષ્ઠાન સુધીના અને તેની પછી આવેલા ગૌતમીપુત્ર અરિષ્ટ સાતકર્ણિએ પશ્ચિમઘાટો સુધીના પ્રદેશમાંથી શક ક્ષહરાટોની સત્તાને ખતમ કરી નાખી. તેની પછી આવેલા સાતવાહન હાલે ( શાલિવાહને ) પોતાના સેનાધિપતિ શૂદ્રક ( વિક્રમશકિત ) દ્વારા સોરઠ, સિંધ અને પશ્ચિમ પંજાબ ( મારી સમજ મુજબ ઉત્તરાપથ ) પર પણ વિજય મેળવ્યો. એ વખતે પશ્ચિમ પંજાબની તક્ષશિલામાં પાર્થિયન રાજા ગોન્ડોફારનેસ શાસન કરી રહ્યો હતો, કે જે મિથ્રોડેટસે (૩) નીમેલા એજસ પછીનો તૃતીય અનુશાસક હતો. તક્ષશિલામાં એજસે ૧૭ વર્ષ ( મ. નિ. ૪૦૯—૪૨૬, ઇ. સ. પૂ. ૫૮—૪૧), પછી એઝીલીસે ૨૮ વર્ષ ( મ. નિ. ૪૨૬—૪૫૪, ઇ. સ. પૂ. ૪૧—૧૩), ત્યાર બાદ એજસે ૩૨ વર્ષ ( મ. નિ. ૪૫૪—૪૮૬, ઇ. સ. પૂ. ૧૩-ઇ. સ. ૧૯) રાજ્ય કર્યું હતું. આ પછી મ. નિ. ૪૮૬ ( ઇ. સ. ૧૯ ) વર્ષે ગોન્ડોફાર્નેસ ગાદી પર આવ્યો હતો. તેનો એક લેખ તખ્તેવાહીથી મળ્યો છે તે તેના રાજ્યના ૨૬ મા વર્ષે એટલે મ. નિ. ૫૧૨ ( ઇ. સ. ૪૫ ) વર્ષે કોતરાયલો છે. એ લેખમાં ૧૦૩ નો સંવત નોંધ્યો છે. આ સંવત એજસ (અઝીઝ પહેલો)ના તક્ષશિલામાં રાજ્યારંભથી શરૂ થયેલો ઘટી શકે છે. એજસ તક્ષશિલામાં મ. નિ. ૪૦૯ ( ઇ. સ. પૂ. ૫૮ ) વર્ષે ફેરવાયો ત્યારથી ગણતાં ગોન્ડોફારનેસ (ગાણ્ડોફારસ–ગુદફરસ)ના રાજ્યના ૨૬મા વર્ષે—મ. નિ. ૫૧૨ (ઇ. સ. ૪૫) વર્ષે બરાબર ૧૦૩ની સાલ આવે છે. આ વખતે સિન્ધુનો દોઆબ પણ ગોન્ડોફારનેસના તાબામાં હતો. આ ગોન્ડોફારનેસનું મૃત્યુ મ. નિ. ૫૧૫ (ઇ. સ. ૪૮) વર્ષે થયું હતું. તેનો રાજત્વકાલ ૨૯ વર્ષ હતો. તેના મૃત્યુ બાદ તેનું હિન્દી રાજ્ય બે ટુકડામાં વહેંચાઇ ગયું હતું. પશ્ચિમ પંજાબ તેના ભત્રીજા અબ્દગસસના તાબામાં અને સિન્ધ તથા કંદહાર ઔર્થેગ્નસના કબજામાં ગયાં. અબ્દગસસનો ઉત્તરાધિકારી કોણ હતો તે જણાયું નથી, જ્યારે ઔર્થેગ્નસનો ઉત્તરાધિકારી પૈકોરસ (પકુરસ) જણાયો છે. હિંદુકુશને ઓળંગી કાબુલને મ. નિ. ૫૧૭ (ઇ. સ. ૫૦)ની લગભગમાં જીતી લેનાર યુચી જાતિની કુશાન શાખાના સરદાર કડફિસિઝ પહેલાએ ( કફ્સ કુષાણે ) ગોન્ડોફારનેસના હિન્દી પાર્થિયન રાજ્યને તેના વારસો પાસેથી જીતી લેવાની શરૂઆત કરી અને કડફિસીઝ બીજાએ (વેમે) એ કાર્ય સમાપ્ત કર્યું. યુચી જાતિને સંગઠિત કરનાર કડફિસિઝ પહેલો મ. નિ. ૫૦૭ ( ઇ. સ. ૪૦ )ની લગભગમાં રાજ્ય પર આવ્યો હતો. તેનું મૃત્યુ ૮૦ વર્ષની ઉમ્મરે મ. નિ. ૫૪૪ (ઇ. સ. ૭૭) વર્ષે થયું હતું. એણે કાબુલ જીત્યું ત્યારે ત્યાં હર્મિયસ રાજા રાજ્ય કરી રહ્યો હતો. મીનેન્ડરની પછી સ્ટ્રેટો (૧) સોટર, સ્ટ્રેટો (૨) ફિલોપેટર, ડાયોડોટસ (૧). ડાયોડોટસ (૨). એન્ટિમેકસ (૧), એન્ટિમેકસ (૨), પૌલિકસેનસ, એ રાજાઓ કાબુલ પર આવ્યા હતા, ત્યાર બાદ હર્મિયસ કાબુલનો શાસક થયો હતો. કુશાનોએ મિનેન્ડરની એ બેક્ટ્રિયન સત્તાને અને એજસ (૧) ની પાર્થિયન સત્તાને અનુક્રમે લગભગ ૨૧૦ વર્ષ અને ૧૦૮ વર્ષ કરતાં ય વધારે વર્ષ ચાલ્યા બાદ તેનો સર્વથા અંત આણ્યો હતો. સિન્ધુની પશ્ચિમનો હિન્દી પાર્થિયન પ્રદેશ કડફિસીઝ પહેલાએ અને સિન્ધુની પૂર્વ તરફનો હિન્દી પાર્થિયન પ્રદેશ કડફિસીઝ બીજાએ જીતી લીધો હતો. એ જીતોનો સમય ચોકસાઇથી જણાવી શકાય તેમ નથી. મ. નિ. ૫૧૭ થી ૫૬૭ વચ્ચેના સમયમાં એટલે ઇસવીસનની પહેલી સદીના ઉત્તરાર્ધમાં એ જીતો મેળવાઈ હશે એટલું જ સામાન્યથી કહી શકાય. કહે છે કે, કડફિસિઝ બીજો ગંગાની ખીણોમાં બનારસ સુધી આગળ વધ્યો હતો.

યુચીઓના પાંચ સમૂહોનું સંગઠન સાધી આશરે મ. નિ. ૫૦૭ ( ઇ. સ. ૪૦ ) માં તેના મુખ્ય નેતા બનેલા કડફિસિઝ પહેલાએ (કુષાણે) હિંદુકુશ પાર કરી ઇરાનના પાર્થિયન રાજ્યને ભયમાં મુકાય એવી સ્થિતિ ઊભી કરી. આ સમય દરમિયાન, એટલે મ. નિ. ૫૧૨ (ઇ. સ. ૪૫ ) વર્ષે, હિન્દી પાર્થિયન રાજા ગોન્ડોફારનેસ (ગુદફરસ) ભારતને છોડી પોતાના વતન–ઇરાનમાં ચાલ્યો ગયો હતો એમ

કહેવાય છે. તેના હિંદમાંથી ચાલ્યા જવાનું કારણ, હિન્દની ગાદીને સંકેલી ઈરાનની ગાદી સાથે જોડી દેવાનું જણાવવામાં આવે છે. કહે છે કે, એ રાજાનું મૃત્યુ મ. નિ. ૫૨૭ (ઈ. સ. ૬૦) વર્ષે, ઈરાનની મુખ્ય ગાદી પર મ. નિ. ૫૧૨ થી ૫૨૭ (ઇ. સ. ૪૫ થી ૬૦) સુધી ૧૫ વર્ષ રાજ્ય ભોગવ્યા બાદ થયું હતું. મી. સ્મીથ વિગેરે ગોન્ડોફારનેસનું મૃત્યુ મ. નિ. ૫૧૫ (ઇ. સ. ૪૮) વર્ષે લખી તેના હિન્દી પાર્થિયન પ્રદેશના ભાગલા થયાનું જણાવે છે, કે જે હકીકત હું પૂર્વે લખી ગયો છું. બાકી એ વાત સંભવિત છે કે, મ. નિ. ૫૨૭ (ઇ. સ. ૬૦) વર્ષે કડફિસિઝ પહેલાએ સિન્ધુ અથવા જેલમ સુધીનો ઈન્ડો–પાર્થિયન પ્રદેશ જીતી લેતાં ઇરાનની પાર્થિયન સત્તાની સર્વોપરીતાનો સંબંધ સિંધ, પંજાબ વિગેરેના લાબાના રાજકર્તા ક્ષત્રપોથી છુટી ગયો હોય અને તેઓ–પાર્થિયન કે શક ક્ષત્રપો–સ્વતન્ત્ર થઇ ગયા હોય. મી. સ્મીથનું કહેવું તો એમ છે કે:—"આશરે ઇ. સ. ૨૦ માં એઝીઝ બીજાની પછી ગોંડોફેરિસ ગાદીએ આવ્યો. પાર્થિયન સત્તાથી સ્વતન્ત્ર રહી તે વિશાળ મુલકનો ધણી થયો. તેણે સિંધ અને એરેકોઝિયા જીત્યાં જણાય છે. આશરે ઇ. સ. ૪૮ માં તે મરી ગયો ત્યારે તેના રાજ્યના ભાગ પડી ગયા. પશ્ચિમ પંજાબ તેના ભાઈ અબ્ડાગાઝીઝને ભાગે ગયું; અને એરેકોઝિયા અને સિંધ ઓર્થેગ્નીઝના અમલ નીચે ગયાં × × × પહેલા સૈકાના મધ્યના અરસામાં પંજાબને કુશાન રાજા કુજલ–કાર–કડફિસીઝે ખાલસા કર્યો. એરેકોઝિયા તથા સિંધની પંજાબ જેવી જ વલે થઇ." (હિં. પ્રા. ઇતિહાસ. ગુ. વ. સો. મુદ્રિત) મી. સ્મીથના આ કથનમાંથી પણ એવો જ અભિપ્રાય નીકળે છે કે, ગોન્ડોફારનેસનું વિભક્ત થયેલું રાજ્ય કુશાનોએ જીતી લીધું હતું. મી. સ્મીથ લખે છે તેમ, આ કાર્ય કડફિસિઝ પહેલાનું જ નહિ પણ તેનું અને તેના વારસ વેમ કડફિસિઝ બીજાનું એમ બન્નેનું છે. કડફિસિઝ પહેલાએ તો સિન્ધુ કે જેલમના પશ્ચિમ પ્રદેશને જ જીત્યો હતો, અને એ પ્રદેશ જીતવાથી કેન્દ્ર સત્તા નષ્ટ થતાં અનેક સત્રપીઓ સ્વતન્ત્ર બની ગઇ હશે, કે જેનો મેં પૂર્વે ઇસારો કરી દીધો છે.

આ વાતનું મી. સ્મીથના નીચેના કથન પરથી પણ સમર્થન થાય છે:—

"ઈ. સ. ૭૦ના અરસામાં લખતાં 'પેરિપ્લસ ઑફ ધી ઇરીથ્રેઇયન સી'ના લેખકે સિથિયા નામે વર્ણવેલી સિંધુના નીચલા પ્રદેશની ખીણ પાર્થિયન સરદારોની સત્તા નીચે હતી, અને તેઓ માંહોમાંહેના ઝઘડાઓમાં નિરંતર રોકાયલા રહેતા."

ઉપરના ઉતારા પરથી સાબીત થાય છે કે, ઇ. સ. ૭૦ પહેલાં તક્ષશિલા તરફની પાર્થિયન મધ્યસ્થ સત્તા નાશ પામી ચુકી હતી. સંભવ છે કે, એ પાર્થિયન મધ્યસ્થ સત્તા નાશ પામતાં પાર્થિયન ક્ષત્રપો જ નહિ, પરન્તુ હિંદી શકસ્થાનના જૂના હકદારો પણ એ માંહોમાંહેના ઝઘડામાં ભાગ લઇ સ્વતન્ત્ર બનવાને મથતા થયા હશે.

એ જૂના હકદારો શકલોકો હતા. તેમણે મ. નિ. ની ચોથી સદીના વચગાળાનાં વર્ષોમાં એટલે ઇ. સ. પૂ. ૧૨૦ની આજુબાજુનાં વર્ષોમાં સિન્ધુના દોઆબમાં પોતાની વસાહત સ્થાપી હતી કે જે ઇન્ડોસ્કુથિયા (હિન્દી–શકસ્થાન) તરીકે ઓળખાતી હતી. એ વસાહત સ્થાપતાં તેમને બેક્ટ્રિયન નાના નાના સરદારોનો નજીવો જ સામનો કરવો પડયો હશે. કારણ કે, કાબુલમાં રહી રાજ્ય કરતા મિનેન્ડરના અનુગામી સ્ટ્રેટો પ્રથમના પૌત્ર સ્ટ્રેટો બીજાનો મધ્યસ્થ સત્તાવાહી દાબ શિથિલ થઇ જતાં સ્વતંત્ર જેવા બનેલા અને વિખરાયલા એ સરદારો (સત્રપો) સ્વયં નિર્બળ હશે અને દૂર પડેલી મધ્યસ્થ સત્તા તેમના તરફ બેદરકાર રહી હશે.

આ સ્થપાયલી શક વસાહત તક્ષશિલાની પાર્થિયન પેટા સત્તાના તાબામાં ચાલી ગઇ હશે એમ 'પેરિપ્લસ ઓફ ધી ઇરીથ્રેઇયન સી'ના લેખકના કથનથી સમજાય છે, પણ પાર્થિયન મહારાજાધિરાજ મોઅસથી લઇ ગોન્ડોફારનેસ સુધીના પાંચ રાજાઓમાં કોણે તેને જીતી લીધી હશે એ નિશ્ચયથી કહેવું મુશ્કેલ છે. મી. સ્મીથને જણાય છે કે, ગોન્ડોફારનેસે સિંધ જીતી લીધો હતો. આ ઉપર જો આપણે ધ્યાન આપીએ તો એમ કહી શકાય કે, ગોન્ડોફારનેસે સિંધુના દોઆબમાં પોતાના સત્રપો નીમ્યા હશે, કે જેઓ અંદરોઅંદર અને કદાચ નબળાઇના અવસરનો લાભ લેવા માગતા જૂના શક હકદારોની સાથે ઝઘડી રહ્યા હશે.

જ્યારે સિન્ધુના દોઆબના પાર્થિયન નાના નાના સત્રપો ઝઘડી રહ્યા હતા, ત્યારે ચષ્ટન નામનો એક શક ક્ષત્રપ કચ્છમાં પોતાના ભાવી ઉદયનું ઘડતર કરી રહ્યો હતો. એનો પિતા ધ્સામોતિક કે ય્સામોતિક અથવા હાલની છેલ્લામાં છેલ્લી શોધખોળ પ્રમાણે ઝામોતિક નામનો ક્ષત્રપ હતો. ઝામોતિક અને ચષ્ટન એ બન્ને પિતા–પુત્ર કયી સત્તાના ક્ષત્રપો હતા એ પ્રશ્ન કોઈ પણ જાતના ઉલ્લેખના અભાવે અનિશ્ચિત હોઈ બહુ જ વિવાદાસ્પદ બન્યો છે. મેં એ પિતા–પુત્રને શકજાતિના અને કચ્છમાં પ્રાથમિક પ્રયત્ન કરતા ઉપર જણાવ્યા છે, પરન્તુ એ વિષેનો પણ અધુરાં અનુમાનો સિવાય કોઈ ખાસ પુરાવો નથી, એમ કહેવાય છે. મહાવીર નિર્વાણની ચોથી સદીના છઠ્ઠા–સાતમા દશકામાં, એટલે ઇસવી સનની પૂર્વે પહેલી સદીની શરૂઆતની લગભગમાં, વિદ્યમાન ક્ષત્રપ અને મહાક્ષત્રપ રાજા નહપાણની જાતિ ક્ષહરાટ હતી અને તેની સત્તા દક્ષિણ રાજપૂતાનાથી લઈ નાશિક–પુના જીલ્લા સુધી હતી, એમ તેના સિક્કાઓ તથા તેના અયમ પ્રધાન અને શક જામાતા ઉસવદાત સેનાધિપતિના લેખોથી જાણવા મળે છે; પણ એ નહપાણ પછી ૧૫૦ કરતાંય વધારે વર્ષ બાદ થયેલા ચષ્ટનની જાતિનો ઉલ્લેખ તેના કે તેના વંશજોના સિક્કાઓમાં કે લેખોમાં થયેલો જોવામાં આવતો નથી. આમ છતાં અવન્તિના અધિપતિઓના અનુસંધાનમાં મ. નિ. ૬૦૫ વર્ષે '**ता उपन्नो सगो राया**' એવા પ્રકારના જૈન ઉલ્લેખોથી સિદ્ધ થાય છે કે, આ સમયે ઉજ્જયિનીને જીતી લેનારા શકજાતિના હતા. એ જીત મેળવનાર રૂદ્રદામા હતો એમ તેના સંવત ૭૨ માં કોતરાવેલા જૂનાગઢના શિલાલેખથી જાણવા મળે છે. આ રૂદ્રદામા ચષ્ટનનો પૌત્ર હતો, અને તેથી ચષ્ટન અને તેનો પિતા ય્સામોતિક એ શક જાતિના હતા એમ સહજ સાબીત થઈ જાય છે. વળી કચ્છ અને કાઠિયાવાડમાંથી મળેલા ક્ષત્રપોના ૫૨ થી લઈ ૧૪૩ સુધીના અંકવાળા લેખોમાં અને ૧૦૦ થી લઈ ૩૦૪ સુધીના અંકવાળા તેમના સિક્કાઓમાં એ અંકની સાથે 'શક' શબ્દ જોડ્યો નથી, તોપણ એ ક્ષત્રપોના રાજ્યાંત પછી થોડાંક વર્ષો વીતયા બાદ વરાહમિહિરે પંચસિદ્ધાન્તિકામાં શકકાલ ૪૨૭ નોંધ્યો છે; આથી સમજાય છે કે, ક્ષત્રપોના લેખો અને સિક્કાઓમાં લખાયલા અંકો સાથે 'શક' શબ્દ નથી તોપણ એ શકકાલના જ અંકો છે, અને એ લેખોમાં તથા સિક્કાઓમાં નોંધાયલા ક્ષત્રપ–મહાક્ષત્રપ રાજાઓ–રૂદ્રદામા વિગેરે–શકજાતિના છે.

કેટલાકો અનુમાન કરે છે કે, ચષ્ટન કુશાન રાજા કનિષ્કનો સગો અને તેની જાતનો હતો; કેમકે મથુરા પાસેના માટગામના દેવકુલમાંથી મળી આવેલાં પુતળાંઓમાં કનિષ્કની સાથે ચષ્ટનનું પણ પુતળું છે. હું તો કહું છું કે, કનિષ્ક અને ચષ્ટનનાં પુતળાં એક જગાએ મળી આવવા માત્રથી જ તેમનો યથેચ્છ સંબંધ કલ્પી લેવો એ વ્યર્થ જ છે. ગમે તે રીતે ચષ્ટન કનિષ્કનો માનનીય હોય, જડપુતળાંની ગમે તે રીતે હેરફેર થઈ હોય, એવાં એવાં અનેક કારણોથી કોઇ કલ્પનાને, અન્ય પ્રામાણિક સાધનથી સમર્થન ન મળે ત્યાં સુધી, પ્રામાણિક માની શકાય નહિ. વળી કદાચ, શક ઉસવદાત નહપાણનો સગો હતો તેમ,

ચષ્ટન વેમ કડફિસિઝ અને કનિષ્કનો સગો હોય અને તેથી ચષ્ટનનું પુતળું કનિષ્કની સાથે ગોઠવાવા પામ્યું હોય, પણ તેથી તે કનિષ્કની જાતનો એટલે યુચી જાતિનો અથવા કુશાનવંશનો હતો એમ કેમ કહી શકાય ? મુનિરાજ શ્રી દર્શનવિજયજી આ ય્સામોતિક, ચષ્ટન વિગેરે ક્ષત્રપોને પારદ-શક તરીકે જણાવી રહ્યા હોય એમ લાગે છે. અને એમનું કથન, જો એને હું બરાબર સમજ્યો હોઉં તો, સંભવિત પણ છે, સિવાય કે મોઅસ વિગેરે પણ પારદ-શક હતા.

યુચીઓના દબાણથી શક લોકો અનુક્રમે સરદરિયા તથા બેક્ટ્રિયાને છોડતા પારદ પ્રદેશમાં કાંઇક સ્થિર થયા હતા તેથી તેઓ પારદ-શકથી ઓળખાતા હશે. પરન્તુ આ પારદ-શકોને મહાન મિથ્રીડેટસ બીજાના રાજ્યની શરૂઆતમાં આ પ્રદેશમાંથી ખસવું પડ્યું હતું અને તેઓ ત્યાંથી ઉદ્ઘાંગિરિ કરી સિન્ધુના દોઆબમાં વસાહત સ્થાપી રહ્યા હતા. તેઓ આ વખતે સ્વતન્ત્ર હોઇ પોતાના મુખિયાને તેમણે રાજા સ્થાપ્યો હશે. એમની રાજધાની સિન્ધુ નદી પરના મીનનગરમાં હતી. તેમના અધિકાર નીચે કચ્છ પણ હશે, કે જ્યાં એ રાજાએ પોતાનો સત્રપ નીમ્યો હશે. એ સત્રપની પરંપરામાં ય્સામોતિક હોઇ તે હવે પારદ-શક નહિ પણ હિંદમાંના જૂના વસવાટને લઇ હિન્દી-શક તરીકે ઓળખાતો, પોતે તો શક તરીકે પણ ઓળખાવવાને તૈયાર નહિ હોય. પાર્થિયનોએ સિન્ધુ-દોઆબના હિન્દી શકોને જીતી લઈ ત્યાં પોતાની સત્તા સ્થાપી ત્યારે કચ્છનો પ્રદેશ પાર્થિયનોને તાબે ગયો હતો કે કેમ એ જાણવાનું સાધન નથી, છતાં સંભવ છે કે, તે સ્વતન્ત્ર નહિ રહ્યો હશે; પરંતુ જ્યારે તક્ષશિલાની મધ્યસ્થ પાર્થિયન સત્તાનો કડફિસિઝ પહેલાના હાથે નાશ થયો ત્યારે ય્સામોતિક અથવા ય્સામોતિકનો પુત્ર ચષ્ટન સ્વતંત્ર થઇ કચ્છમાં રાજ્ય સ્થાપવા અને પાછળથી ચષ્ટન સૌરાષ્ટ્રને જીતી લેવા લલચાયો હશે. એમની એ મહત્ત્વાકાંક્ષાને પૂર્ણ કરવા અત્યારે યોગ્ય સમય પણ હતો. કેમકે, સિન્ધમાં પાર્થિયન સત્તા અવ્યવસ્થિત બની ગઇ હતી, અને સોરઠમાં આન્ધ્ર સત્તા પણ, શાલિવાહનના મૃત્યુથી તેનો મજબૂત હાથ ઊઠી જતાં અને તેની પછી ૨૮ વર્ષમાં ચાર પાંચ રાજપલટા થતાં તથા ત્યાર બાદ જેની ભારે શેહ પડતી હતી એ આન્ધ્રભૃત્ય શૂદ્રકની વૃદ્ધાવસ્થા અને વ્યાધિગ્રસ્તતા થઇ જતાં, શિથિલ રાજતંત્રવાળી થઇ ગઇ હતી કે જેને અહિં સ્થપાયાને લગભગ ૬૨ થી વધારે વર્ષ વીતી ચુક્યાં હતાં. આન્ધ્રોથી પહેલાં અહિં સીસ્તાનથી આવેલા શાહી-શકો રાજ્ય કરતા હતા.

સૌરાષ્ટ્ર એ પશ્ચિમભારતના પશ્ચિમ સીમાડે આવેલો પ્રદેશ છે. બહુ જૂના કાલમાં શૂરસેનના યાદવોએ અહિં આવી દ્વારિકામાં રહી રાજ્ય કરવા માંડ્યું હતું. તેમનું રાજ્ય દ્વિરાજન્ય—બે રાજાઓ મળીને રાજ્યવહીવટ કરતા હોય તેવી પદ્ધતિનું હતું. આ સમયથી લઇ નન્દ પહેલાના સમય સુધીની સૌરાષ્ટ્રની શાસનપદ્ધતિ વિષે, સૌરાષ્ટ્ર પવિત્ર ભૂમિ હતી તે સિવાય તેની અન્ય બાબતોમાં પણ, ઘણું જ ઓછું જાણવા મળે છે. એ વાત સંભવિત છે કે, નન્દ પહેલાના સમયે ત્યાં સંઘરાજ્ય—ગણરાજ્ય હતું. નન્દ પહેલાએ એ સંઘરાજ્યને જીતી લઇ સોરઠનો પ્રદેશ મગધસામ્રાજ્યમાં જોડી દીધો હતો. ૨ થી ૯ સુધીના નન્દો અને ચન્દ્રગુપ્તથી સંપ્રતિ સુધીના મૌર્યોના સમયમાં સૌરાષ્ટ્ર મગધસામ્રાજ્યનો જ એક ભાગ હોઇ, ત્યાં સામ્રાજ્ય તરફથી નીમાયલા સૂબાઓ મારફતે શાસન થતું હતું. બિન્દુસારના રાજત્વકાલનાં અને અશોકના રાજત્વકાલનાં છેલ્લાં વર્ષોમાં સૌરાષ્ટ્રની ભૂમિએ મગધ સામ્રાજ્યથી સ્વતન્ત્રતા ધારણ કરી હોય અથવા સ્વતન્ત્ર થવા પ્રયત્ન કર્યો હોય એમ લાગે છે; કારણ કે, હિમવંત થેરાવલીકાર "અશોકે સૌરાષ્ટ્રને સ્વાધીન કર્યો" અને ચૂર્ણિકારો "સંપ્રતિએ સૌરાષ્ટ્રને સ્વાધીન કર્યો." એમ લખી રહ્યા છે. સંપ્રતિના મૃત્યુ બાદ મગધસામ્રાજ્ય વિભક્ત અને નિર્બળ થઇ જતાં મ. નિ. ૩૦૪ (ઇ. સ. પૂ. ૧૬૩)

વર્ષે પાટલીપુત્રમાં શુંગરાજ્યનો ઉદય થયો. આ પછી આઠ વર્ષ વીત્યા બાદ કાબુલના રાજા મિનેન્ડરે ચઢાઇ કરી પંજાબ, સિંધ, સિંધુના દોઆબને જીતવા પૂર્વક રાજપુતાના અને સૌરાષ્ટ્રને પણ જીતી લઇ ત્યાં પોતાની સત્તા સ્થાપી યોન અને ક્ષહરાટ ક્ષત્રપોની મારફતે શાસન કરવા માંડ્યું હતું. મિનેન્ડરના મૃત્યુ પછી પણ એ ક્ષત્રપોમાંનો ક્ષહરાટ ભૂમક તેના અનુગામીઓના તાબે મધ્યમિકામાં રહી સૌરાષ્ટ્રનું શાસન કરતો હતો, પણ જ્યારે પાર્થિયનોએ કાબુલના રાજા સ્ટ્રેટો બીજા પાસેથી તક્ષશિલા લઇ લીધી ત્યારે એના વારસ ક્ષહરાટ નહપાણે પોતાનો સંબંધ મધ્યસ્થ સત્તા સાથે છુટી જતાં સ્વતંત્રતા સ્વીકારી લીધી અને સૌરાષ્ટ્ર ક્ષહરાટોના સ્વતંત્ર અમલ નીચે આવ્યું. આ નહપાણ રાજા મૃત્યુ પામ્યો ત્યારે તેના રાજ્યનો વારસ તેનો જમાઇ શક ઉસવદાત આવતાં સૌરાષ્ટ્રની ભૂમિ શકોના હાથમાં ગઈ. આમ દેખીતી રીતે સૌરાષ્ટ્ર ઉસવદાતના શાસન નીચે ગયો, પણ સૌરાષ્ટ્રમાંના ક્ષહરાટ વિગેરે જાતિના ક્ષત્રપો અને સત્તાહીન થયેલા જૂના વખતથી ચાલ્યા આવતા મૌર્ય જાગીરદારો નહપાણના અંકુશને ગણકારતા હતા તેવી રીતે બદલાયલી પરિસ્થિતિમાં ઉસવદાતના અંકુશને ભાગ્યે જ ગણકારતા હશે. ગર્દભિલ્લ રાજાની બલવત્તર સત્તાની ફાચડ લાટ અને આનર્તના પ્રદેશમાં નડતાં શક્તિશાળી છતાં ય સેનાધિપતિ ઉસવદાત રાજા પોતાની રાજધાની જુન્નેરમાં રહી, જેવી રીતે પશ્ચિમઘાટના પૂર્વ અને પશ્ચિમ પ્રદેશમાં અંકુશ રાખી શકે તેવી રીતે સૌરાષ્ટ્રમાં ન જ રાખી શકે એ સ્વાભાવિક છે. અર્થાત્; સૌરાષ્ટ્રના ક્ષત્રપો આશરે પચાસેક વર્ષથી હિંદી-શકસ્તાનમાં વસવાટ કરી રહેલા અને હિંદી સંસ્કૃતિથી સંસ્કારિત થયેલા શકોમાંના ઉસવદાતથી સર્વથા સ્વતંત્ર કે લગભગ સ્વતંત્ર જેવા રહીને પોતપોતાના જિલ્લાઓમાં વિભક્ત રીતે સૌરાષ્ટ્રનું શાસન કરતા હશે. આવી સ્થિતિમાં થોડાંક વર્ષો વીત્યા બાદ, એટલે મ. નિ. ૪૦૭ ની ગ્રીષ્મઋતુના છેલ્લા દિવસોમાં (ઇ. સ. પૂ. ૬૦ માં), સીસ્તાનના ૯૬ શાખી (શાહી) રાજાઓ શ્રી કાલકાચાર્યની દોરવણી નીચે પોતાના સમૂહો સાથે સમુદ્રના માર્ગે પ્રયાણ કરતા સૌરાષ્ટ્રના કીનારે ઉતર્યા અને એમણે સૌરાષ્ટ્રના વિભક્ત નાના નાના શાસકો પાસેથી સહજમાં જ આખા સૌરાષ્ટ્રને જીતી લઇ ત્યાં ૯૬ વિભાગમાં, શ્રી કાલકાચાર્ય સીસ્તાનમાં જે શાહીના ત્યાં રહ્યા હતા તેને પોતાનો વડો નીમવા પૂર્વક, શાસન કરવા માંડયું. આ શાહી શકોની સત્તા સૌરાષ્ટ્રમાં આશરે ૭૬ વર્ષ રહ્યા બાદ પ્રતિષ્ઠાનપુરના આંધ્રરાજા શાલિવાહને સૌરાષ્ટ્રને જીતી લઇ પોતાના તાબે કર્યો. હું પૂર્વે જણાવી ગયો છું તેમ, એ અતીવ સમર્થ એવી પણ આંધ્રસત્તા શિથિલ બની જતાં, તક સાધક ક્ષત્રપ ચષ્ટને મ. નિ. ૫૪૮ (ઇ. સ. ૮૧) પછીનાં વરસોમાં કયારેક સૌરાષ્ટ્રને જીતી લઇ તેણે તે પ્રદેશમાંથી રાજ્ય કરવા માંડયું હતું. તેની રાજધાની હાલના જૂનાગઢ શહેરની જગાએ આવેલા ગિરનગરમાં રખાઇ હતી. એનો રાજ્યવિસ્તાર કયાં સુધી લંબાયો હતો, એ વિવાદગ્રસ્ત વિષય હોઇ તે સંબંધમાં નિશ્ચયથી કહી શકાય તેમ નથી. જો કે તેનો પૌત્ર મહાક્ષત્રપ રુદ્રદામા જૂનાગઢના શિલાલેખમાં આનર્ત, શ્વભ્ર, વિગેરેને પોતાના વીર્યથી મેળવેલા લખે છે, નહિ કે પાછા મેળવેલા; તો પણ સંભવ છે કે ચષ્ટનનો રાજ્યવિસ્તાર લાટ અને દક્ષિણ રજપૂતાના સુધી-ભૃગુકચ્છ અને મધ્યમિકા સુધી-લંબાયો હોય અને તે પાછળથી કદાચ, પોતાની રાજધાની ગિરિનગરથી મધ્યમિકામાં લઇ ગયો હોય. મથુરાની પાસેના માટની દેવકુલિકામાંથી મળી આવેલા ચષ્ટનના પુતળા ઉપરથી આવી સંભાવના થઇ શકે છે, આમ છતાં એ ચષ્ટનના પુતળાનું નિર્માણ ગમે તે સંબંધથી રુદ્રદામાના રાજત્વકાલમાં થયું હોય તો તે એક જુદી વાત છે. આમ ચષ્ટનના રાજ્યાધિકારને હું મધ્યમિકા સુધી પણ લંબાવવામાં અનિશ્ચિત છું, જ્યારે કેટલાક સંશોધકો આ મહાક્ષત્રપને ઉજ્જયિનીમાં તેના વંશની સ્થાપના કરતો લખી રહ્યા છે.

મિ. વિન્સેન્ટ સ્મીથ લખે છે કેઃ—"શક રાજા ચષ્ટાને માળવામાં ઉજ્જયિનીમાં ઘણુ પછીના પહેલા સૈકાના અંત ભાગમાં બીજા ક્ષત્રપવંશની સ્થાપના કરી હતી". ભારતકે પ્રાચીન રાજવંશના

લેખક મહાશય પણ લખે છે કેઃ—"ચષ્ટનકા અધિકાર માલવા, ગુજરાત, કાઠિયાવાડ ઔર રાજપૂતાનેકે કુચ હિસ્સે પર થા. ઇસીને ઉજ્જૈનકો અપની રાજધાની બનાયા; જો અન્ત તક ઉસકે વંશજોંકી રાજધાની રહી." પરન્તુ મહાક્ષત્રપ રુદ્રદામાનો ગિરનારની તલેટીમાં પડેલી અશોકના શિલાલેખવાળી મશહૂર શિલા પરનો લેખ જે રીતે વંચાયો છે તે વાંચન અને તેનો અર્થ જે રીતે કરાય છે તે બરાબર હોય તો કહેવું જોઇએ કે, અવન્તિદેશનો જીતનાર રુદ્રદામા છે, નહિ કે તેનો દાદો ચષ્ટન, અને જો એમજ છે તો પછી ચષ્ટને માળવાને જીતી લઇ ઉજ્જયિનીમાં પોતાના વંશની સ્થાપના કરી હતી એ વાત જ અસંગત થઇ પડે છે. વળી આ રુદ્રદામાના શિલાલેખ પરથી, તિત્થોગ્ગાલી પઇન્નય, મહાવીરચરિત્ર, ત્રિલોકસાર વિગેરે ગ્રંથોમાં મ. નિ. ૬૦૫ વર્ષ અને ૫ માસે જે શકરાજાની ઉત્પત્તિ લખવામાં આવી છે તે, અવન્તિને જીતી ત્યાં આધિપત્ય સ્થાપનારા રુદ્રદામાના અંગે જ છે એમ સિદ્ધ થાય છે. ભૂલવું ન જોઇએ કે, જૈનકાલગણનાના લેખકોને અવન્તિ પર આધિપત્ય કોનું હતું અને તે કેટલા વર્ષ હતું એનું જ સૂત્રાત્મક સૂચન કરવાનું હોઇ, તેમણે અવન્તિને લક્ષ્યમાં રાખીને જ ઉલ્લેખો કર્યા છે.

શક સંવતની ઉત્પત્તિ ય્સામોતિકના રાજત્વકાલની શરૂઆતથી કે ચષ્ટનના રાજત્વકાલની શરૂઆતથી થઈ હોય એ વિવાદાસ્પદ અને તેથી અનિશ્ચિત હોય; પરંતુ એ વાત તો નિશ્ચિત છે કે, મ. નિ. ૫૪૫ (ઇ. સ. ૭૮) ની મર્યાદાથી એ સંવત પ્રવર્તમાન થયો છે અને એ સંવતનો ૭૨ અંક રુદ્રદામાના શિલાલેખમાં લખાયો છે. આ લેખ લખાયો તેથી ૧૨ વર્ષ પહેલાં એટલે મ. નિ. ૬૦૫ (ઇ. સ. ૧૩૮) વર્ષે અવન્તિ પર રુદ્રદામાનું આધિપત્ય સ્થપાઈ ચુકયું હતું. અર્થાત્; મ. નિ. ૬૧૭ (ઇ. સ. ૧૫૦) માં એ શિલાલેખ કોતરાવ્યો હતો તેથી પહેલાં રુદ્રદામાનો અવન્તિવિજય અને તેના હાથે દક્ષિણાપથના રાજા સાતકર્ણીની બે વાર હાર થઇ ચુકી હતી. રુદ્રદામાનો રાજત્વકાલ આશરે મ. નિ. ૫૯૭થી ૬૧૭ (ઇ. સ. ૧૩૦ થી ૧૫૦) સુધી ૨૦ વર્ષનો ગણવામાં આવે છે. તેના શિલાલેખમાં સંખ્યાબંધ દેશોના પોતે જ કરેલા વિજયની અને તેની વ્યવસ્થાની કામગીરીનું જે પ્રદર્શન કરવામાં આવ્યું છે તે પરથી અને શિલાલેખમાંની સાલ ૭૨ (ઇ. સ. ૧૫૦)થી પૂર્વે ૧૨ વર્ષે તેણે અવન્તિના વિજય સુધી કરેલી પ્રગતિ પરથી તેનો ૨૦ વર્ષનો રાજત્વકાલ હોય એ અસંભવિત નથી રુદ્રદામા પોતાના લેખોમાં જે અંક નોંધે છે તે પ્રમાણે તેના રાજ્યારંભનો અંક ૫૨ (મ. નિ. ૫૯૭—ઇ. સ. ૧૩૦) આવે, અને તે પછી ૮ વર્ષે કરેલા અવન્તિ વિજયનો એ અંક ૬૦ (મ. નિ. ૬૦૫—ઇ. સ. ૧૩૮) આવે. ક્ષત્રપોથી નોંધાતા આ અંકો ૩૦૪ સુધી સ્પષ્ટ અને તે પછી ૩૧ × (અમુક એક અંક) સુધી અસ્પષ્ટ પહોંચ્યા છે અને તે મ. નિ. ૫૪૫ (ઇ. સ. ૭૮) વર્ષે શરૂ થયેલા મનાતા સંવતના છે. સમય વીતતાં 'શકકાલ, 'શકનૃપકાલ' કે 'શાલિવાહનશાકે'થી ઓળખાવાયેલો એ સંવત, વેમ (કડફિસિઝ બીજા)ના રાજ્યારંભથી માનવો કે ય્સામોતિકના અથવા ચષ્ટનના રાજ્યારંભથી માનવો એ વિવાદાસ્પદ છે. મેં એ સંવતને ચષ્ટનના (અથવા તો કદાચ તેના પિતા ય્સામોતિકના) રાજ્યારંભથી શરૂ થયેલો માન્યો છે; અને આ પછી બરાબર ૬૦ વર્ષે તેના પૌત્ર રુદ્રદામાએ અવન્તિનો વિજય કરી, ગિરિનગર કે મધ્યમિકામાંથી પોતાની રાજધાની તે દેશની સુપ્રસિદ્ધ નગરી ઉજ્જયિનીમાં ફેરવી હતી. આ ઉપરથી સમજાશે કે, શક સંવત્સરની શરૂઆતનો મર્યાદાકાલ અને અવન્તિમાં–ઉજ્જયિનીમાં શકરાજાની–રુદ્રદામા નામના શકરાજાની ઉત્પત્તિનો કાલ–આધિપત્યકાલ એ બેની વચ્ચે ૬૦ વર્ષનું અંતર છે.

આચાર્ય શ્રી મેરુતુંગસૂરિ મ. નિ. ૬૦૫ વર્ષે શકરાજાની ઉત્પત્તિ નહિ, પણ શકસંવત્સરની ઉત્પત્તિ કહે છે. તેમનું એ કથન 'મ. નિ. ૪૭૦ વર્ષે વિક્રમરાજ્યારંભ અને તે પછી ૧૩૫ વર્ષે શકારંભ એટલે શકસંવત્સરારંભ' એવી ચાલુ જૈન કાલગણનાના સંપ્રદાયની માન્યતાને અનુસરતાં બરાબર છે. એ

અંક માત્ર લખવાથી કરવામાં આવી છે. કેટલાક લેખક મહાશયો ચષ્ટનનો રાજત્વકાલ ૮૦થી ૧૧૦ સુધી લખે છે તે ૮૦ ની સાલ ઉપરોકત ૭૮ ની લગભગ છે. હવે આપણે સમજી શકીશું કે, ટોલેમી ઇ. સ. ૧૨૮ થી ઇ. સ. ૧૫૧ સુધી વિદ્યમાન પોલોમાવીના સમકાલીન, જે ટીઅસ્ટનેસને કહી રહ્યો છે તે ટીઅસ્ટનેસ ચષ્ટન નહિ, પણ ચષ્ટનવંશી–તેના સમયમાં ઉજ્જયિનીમાં રાજ્ય કરતો ચષ્ટણનો પૌત્ર–રુદ્રદામા હતો. ટોલેમીએ પોતાની ભૂગોળ રુદ્રદામાનું અવન્તિ પર રાજ્ય સ્થપાયા બાદ જ લખેલી હોવી જોઇએ, નહિ કે ઇ. સ. ૧૩૮ થી પહેલાં ઇ. સ. ૧૩૦ ની લગભગમાં. ટોલેમીની ભૂગોળને ચષ્ટનના સમય સુધી લઈ જવામાં, મને નથી લાગતું કે કોઇ પ્રામાણિક પુરાવો હોય. અસ્તુ.

ચષ્ટનનો પિતા સ્સામોતિક ક્ષત્રપ હતો. તે મહાક્ષત્રપ બન્યો નથી, પણ ચષ્ટન પહેલાં ક્ષત્રપ હોઈ પછી મહાક્ષત્રપ થયો છે. ચષ્ટનના વંશમાં ક્ષત્રપ અને મહાક્ષત્રપનો જે ઇલ્કાબ લખવામાં આવે છે તે કોઇના તાબેદાર સૂબા અને સરસૂબા જેવો નહિ, પણ યુવરાજ અને સ્વતંત્ર રાજા જેવો છે. આમ છતાં ચષ્ટને કે તેના વંશજ રુદ્રદામા જેવાએ પણ હિંદી સ્વતંત્ર રાજાને માટે લખી શકાય તેવો મહારાજાધિરાજનો ઇલ્કાબ લખ્યો હોય એમ જણાતું નથી. ક્ષહરાટો અને શકોમાં ક્ષત્રપ, મહાક્ષત્રપ અને સાહી તરીકે જ પોતાની ઓળખાણ આપવાની ખાસીયત હોય એમ તેમના લેખો અને સિક્કાઓથી સમજાય છે, પછી ભલેને, તેઓ કોઇની સૂબેદારી કરતા હોય કે સર્વથા સ્વતંત્ર હોય. ભૂમક, નહપાણ, જિઓનિસિઅસ રાજુવુલ, વિગેરે; પાર્થિયનો યા ગ્રીકો કે કુશાનોની જેમ પોતાને મહારાજા, રાજરાજા, રાજાધિરાજ, વિગેરે ન લખતાં રાજા ક્ષત્રપ, રાજા મહાક્ષત્રપ સ્વામી એવી રીતે જ પોતાને લખી રહ્યા છે. ચષ્ટનવંશી ક્ષત્રપોમાં એવી પણ ખાસીયત જણાય છે કે, પિતાની પાછળ વડીલપુત્ર વારસ થાય પણ તેને નાના ભાઇઓ ન હોય તો. જો નાના ભાઇઓ હોય તો વડીલપુત્રથી પહેલાં તેઓ જ ગાદી પર આવતા હતા.

મહાક્ષત્રપ ચષ્ટન રાજા પછી તેની ગાદી પર જયદામા આવ્યો હતો. ચષ્ટનનો પુત્ર અને રુદ્રદામાનો પિતા આ રાજા લેખ અને સિક્કામાં ક્ષત્રપ લખાય છે તે પરથી અને રુદ્રદામા જૂનાગઢના શિલાલેખમાં પોતાના હાથે જ મહાક્ષત્રપ પદ મેળવવાની વાત લખે છે તે પરથી સંશોધકો એવું અનુમાન બાંધે છે કે, જયદામા એ ચષ્ટન કે રુદ્રદામા જેવો પરાક્રમી નહિ, પણ નિર્બળ રાજા હોઇ તે તેના પિતાએ જીતેલા અને તેને વારસામાં મળેલા પ્રદેશો પર સ્વતંત્ર રહી શકયો નથી, તેને આન્ધ્રોની આધીનતા સ્વીકારવી પડી હશે. કહે છે કે, આ જ કારણથી તેના પુત્ર રુદ્રદામાને આન્ધ્રરાજાને બે વાર હરાવવાની ફરજ પડી હતી. આ ઉપરથી સૌરાષ્ટ્ર વિગેરે પ્રદેશોની, શકો અને આન્ધ્રો વચ્ચે લે દેની પરંપરા ચાલી હતી એવો અર્થ થાય છે. શકો પાસેથી શાલિવાહને એ પ્રદેશો જીતી લઇ તાબે કર્યા હતા તે ચષ્ટને શાલિવાહનના અને શૂદ્રકના મૃત્યુ બાદ આન્ધ્રરાજા શિવશ્રીસાતકર્ણિ પાસેથી જીતી લઈ પોતાને તાબે કર્યા. આ પછી તે પ્રદેશોને ચષ્ટનના પુત્ર જયદામા પાસેથી આન્ધ્રરાજા શિવસ્વાતિ પછી આવેલા ગૌતમીપુત્ર યજ્ઞશ્રી સાતકર્ણીએ જીતી લઇ તાબે કર્યા હતા તે રુદ્રદામાએ ગૌતમીપુત્ર યજ્ઞશ્રી સાતકર્ણી પછી આવેલા વાશિષ્ઠીપુત્ર પુલોમાવી પાસેથી પડાવી લીધા. રુદ્રદામાએ સા. ક. વા. પુ. ચત્રપણને બે વાર ખુલ્લા યુદ્ધમાં હરાવી આન્ધ્ર અને આન્ધ્રભૃત્યોના પાસેથી તેના પિતામહના તાબામાં નહિ એવા અપરાંત, નિષાદ, અનૂપદેશ, આકરાવન્તિ, વિગેરેને જીતી લઇ તેમને એવા તો નિર્બળ બનાવી દીધા કે તેઓ ફરીથી પાછા ઊભા જ થઈ શકે નહિ. ગર્દભિલ્લો પછી મ. નિ. ૫૪૫ (ઇ. સ. ૭૮) વર્ષે અવન્તિનો તાબો મેળવી ત્યાં આન્ધ્રોએ ૬૦ વર્ષ રાજ્ય કર્યું. આ પછી રુદ્રદામાએ મ. નિ. ૬૦૫ (ઇ. સ. ૧૩૮) વર્ષે અવન્તિનું આધિપત્ય મેળવ્યું તે તેના વંશજોના હાથમાં અઢીસો કરતાં ય વધારે વર્ષ રહી, અંતે મ. નિ. ૮૫૭ થી ૮૬૨ (ઈ. સ. ૩૯૦ થી ૩૯૫) ના અરસામાં ગુપ્તવંશીય ચંદ્રગુપ્ત બીજાના હાથમાં ગયું. આ સમય દરમિયાન સૌરાષ્ટ્ર, હાલનો કાઠિયાવાડ શકો અને તેમના માંડલિક આભીરોના હાથમાં હતો.

અંક માત્ર લખવાથી કરવામાં આવી છે. કેટલાક લેખક મહાશયો ચષ્ટનનો રાજત્વકાલ ૮૦થી ૧૧૦ સુધી લખે છે તે ૮૦ ની સાલ ઉપરોક્ત ૭૮ ની લગભગ છે. હવે આપણે સમજી શકીશું કે, ટોલેમી ઇ. સ. ૧૨૮ થી ઇ. સ. ૧૫૬ સુધી વિદ્યમાન પોલોમાવીના સમકાલીન, જે ટીઅસ્ટનેસને કહી રહ્યો છે તે ટીઅસ્ટનેસ ચષ્ટન નહિ, પણ ચષ્ટનવંશી-તેના સમયમાં ઉજ્જયિનીમાં રાજ્ય કરતો ચષ્ટણનો પૌત્ર-રુદ્રદામા હતો. ટોલેમીએ પોતાની ભૂગોળ રુદ્રદામાનું અવન્તિ પર રાજ્ય સ્થપાયા બાદ જ લખેલી હોવી જોઇએ, નહિ કે ઇ. સ. ૧૩૮ થી પહેલાં ઇ. સ. ૧૩૦ ની લગભગમાં. ટોલેમીની ભૂગોળને ચષ્ટનના સમય સુધી લઈ જવામાં, મને નથી લાગતું કે કોઇ પ્રામાણિક પુરાવો હોય. અસ્તુ.

ચષ્ટનનો પિતા ય્સામોતિક ક્ષત્રપ હતો. તે મહાક્ષત્રપ બન્યો નથી, પણ ચષ્ટન પહેલાં ક્ષત્રપ હોઈ પછી મહાક્ષત્રપ થયો છે. ચષ્ટનના વંશમાં ક્ષત્રપ અને મહાક્ષત્રપનો જે ઇલ્કાબ લખવામાં આવે છે તે કોઇના તાબેદાર સૂબા અને સરસૂબા જેવો નહિ, પણ યુવરાજ અને સ્વતંત્ર રાજા જેવો છે. આમ છતાં ચષ્ટને કે તેના વંશજ રુદ્રદામા જેવાએ પણ હિંદી સ્વતંત્ર રાજાને માટે લખી શકાય તેવો મહારાજાધિરાજનો ઇલ્કાબ લખ્યો હોય એમ જણાતું નથી. ક્ષહરાટો અને શકોમાં ક્ષત્રપ, મહાક્ષત્રપ અને સાહી તરીકે જ પોતાની ઓળખાણ આપવાની ખાસીયત હોય એમ તેમના લેખો અને સિક્કાઓથી સમજાય છે, પછી ભલેને, તેઓ કોઇની સૂબેદારી કરતા હોય કે સર્વથા સ્વતંત્ર હોય. ભૂમક, નહપાણ, જિઓનિસિઅસ રાજુવુલ, વિગેરે; પાર્થિયનો યા ગ્રીકો કે કુશાનોની જેમ પોતાને મહારાજા, રાજરાજા, રાજાધિરાજ, વિગેરે ન લખતાં રાજા ક્ષત્રપ, રાજા મહાક્ષત્રપ સ્વામી એવી રીતે જ પોતાને લખી રહ્યા છે. ચષ્ટનવંશી ક્ષત્રપોમાં એવી પણ ખાસીયત જણાય છે કે, પિતાની પાછળ વડીલપુત્ર વારસ થાય પણ તેને નાના ભાઇઓ ન હોય તો. જો નાના ભાઇઓ હોય તો વડીલપુત્રથી પહેલાં તેઓ જ ગાદી પર આવતા હતા.

મહાક્ષત્રપ ચષ્ટન રાજા પછી તેની ગાદી પર જયદામા આવ્યો હતો. ચષ્ટનનો પુત્ર અને રુદ્રદામાનો પિતા આ રાજા લેખ અને સિક્કામાં ક્ષત્રપ લખાય છે તે પરથી અને રુદ્રદામા જૂનાગઢના શિલાલેખમાં પોતાના હાથે જ મહાક્ષત્રપ પદ મેળવવાની વાત લખે છે તે પરથી સંશોધકો એવું અનુમાન બાંધે છે કે, જયદામા એ ચષ્ટન કે રુદ્રદામા જેવો પરાક્રમી નહિ, પણ નિર્બળ રાજા હોઇ તે તેના પિતાએ જીતેલા અને તેને વારસામાં મળેલા પ્રદેશો પર સ્વતંત્ર રહી શકયો નથી, તેને આન્ધ્રોની આધીનતા સ્વીકારવી પડી હશે. કહે છે કે, આ જ કારણથી તેના પુત્ર રુદ્રદામાને આન્ધ્રરાજાને બે વાર હરાવવાની ફરજ પડી હતી. આ ઉપરથી સૌરાષ્ટ્ર વિગેરે પ્રદેશોની, શકો અને આન્ધ્રો વચ્ચે લે દેની પરંપરા ચાલી હતી એવો અર્થ થાય છે. શકો પાસેથી શાલિવાહને એ પ્રદેશો જીતી લઇ તાબે કર્યા હતા તે ચષ્ટને શાલિવાહનના અને શૂદ્રકના મૃત્યુ બાદ આન્ધ્રરાજા શિવશ્રીસાતકર્ણિ પાસેથી જીતી લઈ પોતાને તાબે કર્યા. આ પછી તે પ્રદેશોને ચષ્ટનના પુત્ર જયદામા પાસેથી આન્ધ્રરાજા શિવસ્વાતિ પછી આવેલા ગૌતમીપુત્ર યજ્ઞશ્રી સાત-કર્ણીએ જીતી લઇ તાબે કર્યા હતા તે રુદ્રદામાએ ગૌતમીપુત્ર યજ્ઞશ્રી સાતકર્ણી પછી આવેલા વાશિષ્ઠીપુત્ર પુલોમાવી પાસેથી પડાવી લીધા. રુદ્રદામાએ સા. ક. વા. પુ. ચત્રપણને બે વાર ખુલ્લા યુદ્ધમાં હરાવી આન્ધ્ર અને આન્ધ્રભૃત્યોના પાસેથી તેના પિતામહના તાબામાં નહિ એવા અપરાંત, નિષાદ, અનૂપદેશ, આકરા-વન્તિ, વિગેરેને જીતી લઇ તેમને એવા તો નિર્બળ બનાવી દીધા કે તેઓ ફરીથી પાછા ઊંભા જ થઈ શકે નહિ. ગર્દભિલ્લો પછી મ. નિ. ૫૪૫ (ઇ. સ. ૭૮) વર્ષે અવન્તિનો તાબો મેળવી ત્યાં આન્ધ્રોએ ૬૦ વર્ષ રાજ્ય કર્યું. આ પછી રુદ્રદામાએ મ. નિ. ૬૦૫ (ઇ. સ. ૧૩૮) વર્ષે અવન્તિનું આધિપત્ય મેળવ્યું તે તેના વંશજોના હાથમાં અઢીસોં કરતાં ય વધારે વર્ષ રહી, અંતે મ. નિ. ૮૫૭ થી ૮૬૨ (ઈ. સ. ૩૯૦ થી ૩૯૫) ના અરસામાં ગુપ્તવંશીય ચંદ્રગુપ્ત બીજાના હાથમાં ગયું. આ સમય દરમિયાન સૌરાષ્ટ્ર, હાલનો કાઠિયાવાડ શકો અને તેમના માંડલિક આભીરોના હાથમાં હતો.